ઑક્ટોબર - ૨૦૦૪
અંક ક્રમાંક : ૧૦
વર્ષ ૭૭મું
સળંગ અંક ૯૨૨

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

# કુમાર

સંસ્થાપક : ર.મ.રા.

તંત્રી
**ધીરુ પરીખ**



'કુમાર ટ્રસ્ટ' સહુને નૂતન વર્ષાભિનંદન પાઠવે છે.

[ચિત્રકાર] દેવદૂતની વંદનમુદ્રા [એલબ્રેખ્ત ડ્યૂરર



છલાંગો મારતા અશ્વોને દર્શાવતી જાહેર ખબરના પાટિયા સાથે લંડનના રસ્તા પર અવરજવર કરનાર માટેના રસ્તા પરના લાલ પ્રકાશના આયોજનથી સર્જનાત્મક છબીકલાનો સુંદર નમૂનો પૂરો પાડતી તસવીર ('ઈન્ટિમેટ સિટીસ્કેપ્સ'માંથી)

તસવીરકાર : અશ્વિન મહેતા

સાહિત્ય, સંસ્કાર અને જ્ઞાનની લહાણી કરતું 'કુમાર' સામયિક તેની સ્થાપનાના ૮૦મા વર્ષમાં પ્રવેશી ચૂક્યું છે. ઈ.૧૯૨૪માં કલાગુરુ રવિશંકર રાવળે બચુભાઈ રાવતના સહયોગથી શરૂ કરેલું 'કુમાર' માસિક આજેય કલા અને સાહિત્યના ક્ષેત્રમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ઊગતી પ્રજાને જ્ઞાન અને ચારિત્ર્ય-સંપન્ન બનાવવાના સંકલ્પને વરેલું આ સામયિક વિધ વિધ માહિતી અને સુંદર કલાકૃતિઓનો ખજાનો છે એ આમજનતાની પ્રતીતિ છે. દિન પ્રતિદિન વધતી ગ્રાહકસંખ્યા તેની લોકપ્રિયતાની દ્યોતક છે. ગ્રાહકોની માગ અને ઉત્સાહને ન્યાય આપવા સારુ 'કુમાર' ડિજિટલ ક્ષેત્રે પણ હવે પ્રવેશ્યું છે. ટૂંક સમયમાં જ 'કુમાર' સી.ડી. રૂપે મળશે તેમ જ તેની વેબસાઈટ ચાલુ થતા તે ઑનલાઈન પણ વાંચી શકાશે. 'કુમાર' આટઆટલું સમૃદ્ધ હોવા છતાં વ્યાવસાયિક નથી કારણ કે તેનો હેતુ સાહિત્ય, સંસ્કાર અને જ્ઞાનવારસાને બને તેટલાં વધુ લોકો સુધી પહોંચાડવાનો છે.

તંત્રીશ્રી,
'કુમાર'
૧૪૫૪, રાયપુર ચકલા, બઉવાની પોળ સામે,
અમદાવાદ-૩૮૦૦૦૧

સ્નેહીશ્રી,

☞ અમે 'કુમાર' માસિકના ગ્રાહક થવા ઈચ્છીએ છીએ. ☐

☞ 'કુમાર' અમારા તરફથી આ વ્યક્તિને ભેટ આપવા ઈચ્છીએ છીએ. ☐

☞ અમે 'સી.ડી'ના આગોતરા ગ્રાહક થવા ઈચ્છીએ છીએ. ☐

નામ: ____________________

સરનામુ : ____________________

____________________

____________________ પિન : ☐☐☐☐☐☐

આ સાથે 'કુમાર'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવાર્ષિક લવાજમની રકમ અને સી.ડી.ની રકમ ચેક / ડ્રાફ્ટ / રોકડેથી મોકલી આપીએ છીએ. તો ગ્રાહક તરીકે નામ નોંધી અંક રવાના કરશો તેવી વિનંતી.

લિ. ____________

| | હાલના દર | જાન્યુઆરી ૨૦૦૫થી લવાજમના નવા દર |
|---|---|---|
| → વાર્ષિક લવાજમ | ☐ રૂ. ૧૫૦ | રૂ.૨૦૦ |
| → ત્રિવાર્ષિક લવાજમ | ☐ રૂ. ૪૦૦ | રૂ.૫૦૦ |
| → પંચવાર્ષિક લવાજમ | ☐ રૂ.૬૭૫ | રૂ.૮૦૦ |
| → પરદેશમાં વાર્ષિક લવાજમ હવાઈમાર્ગે ૨૫ ડૉલર અથવા ૧૫ પાઉન્ડ અથવા | ☐ રૂ.૧૦૦૦ | રૂ.૧૦૦૦ |

☞ ચેક કે ડ્રાફ્ટથી રકમ મોકલતી વખતે 'કુમાર ટ્રસ્ટ' ના નામનો જ તે લખવો. બહારગામની બૅન્ક પરનો ચેક હોય તો રૂ.૩૦ ઉમેરી મોકલશો.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

સ્થાપના : ૧૯૨૪

**કુમાર** વર્ષ ૭૭મું અંક ૧૦



સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહી.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

ઑક્ટોબર ૨૦૦૪ ○ ૭૭મું વર્ષ ○ અંક ૧૦

'કુમાર' સળંગ અંક ૯૨૨



કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૨૧૪૩૬૩૫
- વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
- અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
- આ અંકની છૂટક કિંમત રૂ. ૫૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૧૦-૦૦

## વાચકો લખે છે

ઑગસ્ટ ૨૦૦૪ના 'કુમાર'ના અંકમાં-બંગાળી લિપિના અક્ષરો, એ જ પાનાનો વન્દેમાતરમ-ધ્વજ આપેલ આકારમાં તે સમયને અનુકૂળ ત્રણ મહાન વિભૂતિઓની છબીઓ, તેમાં પણ રેખાંકન તેમજ ગળી જેવો વાદળી રંગ-મેજેન્ટા રંગ પરફેક્ટ દીપી ઉઠાવા દે છે. અભિનંદન. *-ગજેન્દ્ર શાહ, જી/૨, સમર્થેશ્વર ફલૅટ, પરિમલ ગાર્ડન સામે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬*

*

ઑગસ્ટ ૨૦૦૪ના 'કુમાર'માં સારી રીતે 'ડેકોરેશન' આપ્યું જોઈ ઘણો આનંદ થયો ('મારા કાવ્યમાં મળો સ્વર્ગે 'વ્હાલી છે' તમે સ્વપ્રે છાપ્યું છે. તે અયોગ્ય છે; હું સુન્દરમ્ જેવો રંગીલો નથી.) નવું સ્વરૂપ 'કુમાર'તેના યોગ્ય અધ્યાસ પ્રમાણે લઈ રહ્યું છે, છતાં પુરાણી વિભૂતિનાં ચરિત્રો, કલાના નવાજૂના અભિગમો - ફિલ્મકથાઓ, પસ્તીનાં પાનાં તે આજે ગંભીર રીતે યોગ્ય દેખાય છે. *-તનસુખ ઓઝા, આર.ડી.જે. નિર્ણયનગર, મધુબાગ, મ્યુ.બસ સ્ટૅન્ડ સામે, અમદાવાદ.*

*

'કુમાર'ના કાવ્યવિભાગમાં લગભગ પદ્યનો દરેક પ્રકાર-'ગઝલ-હાઈકુ, સૉનેટ-મુક્તક-ગઝલ' વગેરે માણવા મળે છે. ત્યારે તેના વિષયો જીવનલક્ષી-પ્રેરણાદાયક, માનવીને માનવ થાય તો પણ સારું-નું ચિંતન કરવા પ્રેરણા આપે છે. ' લેપ્યો હરિ-મલમને' કાવ્ય ગાગરમાં સાગર સમાન વિવિધ વિષયોવાળું છે. જિંદગીમાં કાળાંધોળાં-પાપનું ઔષધ 'હરિ-મલમ' છે એમ કહીને જીવનસાર્થક્યનો સંદેશ સમાયેલો છે તો વળી પાના નંબર-૫૯૦ ઉપર-વન્દેમાતરમ્-! બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાયનો ગુજરાતી અનુવાદ બૅરિસ્ટર નૃસિંહ વિભાકર (૧૯૧૭) દ્વારા વાંચી રાષ્ટ્ર-પ્રેમનો સાર તેમાં સમાયેલો અને તે 'માં તુઝે સલામ' રૂપે વન્દેમાતરમ્ - માતા ને વંદન જન્માવે એવો ભાવાર્થ - ભાવિ નાગરિકોમાં હોય છે. 'સ્મરણોત્સવ'નું અશોક ચાવડાના અવલોકન દ્વારા નવોદિત ગઝલકારોને માટે સુરત ફરી ગઝલનું મક્કા સાબીત કરવા કવિ કિરણ ચૌહાણ કાફી છે. *-મહંમદ અઝીમખાન પઠાણ, વડવા-બાપસરા-જમાતખાના, ભાવનગર-૧*

*

ઑગસ્ટ ૨૦૦૪નો અંક મળ્યો 'સર્જક-સૃષ્ટિ : વ્યંગ દૃષ્ટિ' મુ.શ્રી. જયંતભાઈ કોઠારીનું શ્રી નિર્મિશ ઠાકરે દોરેલું કેરિકેચર જોઈ આનંદ થયો. શ્રી. જયંતભાઈ મારે ઘરે આવી ગયા છે. તેમના પુત્ર શ્રી રોહિતભાઈ મળે જ છે. શ્રી જયંતભાઈનાં ચશ્માંમાંથી તો 'ઇ' અને 'ઉ'જ દેખાયને ! 'કુમાર' અંજાર-કચ્છમાં લાઈબ્રેરીમાં (વિદ્યાર્થી અવસ્થામાં) ઘણાં વર્ષો વાંચ્યું છે. બધા લેખો વાંચવાની મજા આવે છે. શ્રી કમલાબહેનની સ્મૃતિકથા 'શૈશવથી સંધ્યા સુધી' વાંચતી વખતે અમારું બાળપણ પણ યાદ આવતું જાય છે. શ્રી કમળાબહેને લેખ બદલ અભિનંદન. આવા લેખો તેઓ આપતા જ રહે એવી અભિલાષા.- *ડૉ. ભાલચન્દ્ર હાથી, ૬૭૭, વાસ્તુ નિર્માણ, સેક્ટર-૨૧ ગાંધીનગર-૩૮૨૦૨*

*

સૌથી પહેલાં તો લાખ લાખ અભિનંદન. આજના મુંબઈ સમાચારમાં 'કુમારે રસ્તો બતાવ્યો છે'ની 'બિયૉન્ડ ધ બુકની' કટારમાં આવેલ સમાચાર-કણિકા (આને તો સાહિત્ય જગતનો હિમાલય કહેવો જોઈએ) વાંચીને મન આનંદથી નાચી ઊઠ્યું - ૧૯૨૪થી ૨૦૦૪સુધીના અંકોને CD-ROM પર અંકિત કરવાના આપના આયોજન વિષે વાંચીને ઘણો જ આનંદ થયો. સમાચાર જણાવે છે કે આ CD-ROM જાન્યુઆરીમાં વિતરણમાં મુકાશે. આવું ભગીરથ કાર્ય ઉપાડ્યું છે તો CD-ROMમાં વિષયવાર-Indx . (જેમ અત્યારની એન્સાઇક્લો પીડિઆ બ્રિટાનિકા આપે છે તેમ) આપશો તો આપના આ શુભ કાર્યમાં ચાર ચાંદ લાગી જશે. એ જ ફરી એક વાર અભિનંદન.

'કુમાર' લગભગ દરેક વિષયની માહિતીઓનું એટલું બધું સમૃદ્ધ ભંડોળ ધરાવે છે કે એના વિષયોની વિગતવાર ' Index' આ CD-ROMને ગુજરાતી ભાષાનો સૌથી મહાન સંદર્ભગ્રંથ બનાવી દેશે.- *રમણીક કોઠારી, ગુજરાતી સોસાયટી, વીલે પારલે(પૂ), મુંબઈ-૫૭*

*

'કુમાર' ૯૨૦ : ઑગસ્ટ,૨૦૦૪ : કાવ્યવિભાગ : હાઈકુ. કવિ નાનાલાલની ડોલનશૈલી ઊગી એવી આથમી ગઈ પણ હાઈકુ એવું કાચુંપોચું નથી. હાઈકુ છે નાનકું પણ ભારે બળૂકું હોય. નાનો પણ રાઈનો દાણો. પરાગ વિનાનું પુષ્પ નહીં. પુષ્પમાં જેમ પરાગ હોય તેમ હાઈકુમાં પ્રાણ હોય, દૈવત હોય. પરાગ વિનાનું પુષ્પ તે બનાવટી ફૂલ તેમ નિષ્પ્રાણ હાઈકુ નર્યું બનાવટી. હાઈકુ યાદ રહી જાય તેવું સરળ પણ વેધક હોય. વીંધી ન શકે તે તીર તીર ન કહેવાય, થોથું કહેવાય. સ્નેહરશ્મિએ હાઈકુની ખેડ આરંભી, ખાતર-પાણી સિંચ્યાં ને ઉત્તમ ફાલ ઉપજાવ્યો. એવો એ ફાલ નિપજ્યા કરે તેવી ગુજરાતી પ્રજાની અપેક્ષા છે જ. એવી અપેક્ષા પૂરી પાડવાની મથામણ ભાઈ પરાગ ત્રિવેદી બહુ ઉત્તમ રીતે કરે છે તેમ આ ચારેય હાઈકુ માણતાં કહી શકાય. શ્રદ્ધા ત્રિવેદીની 'ઝાંઝર' લઘુકથા દાંપત્ય જીવનમાં ઉમળકાભર્યા વિધાનનું પુનઃ સ્થાપન કેવું પરિવર્તન લાવી કાયમી પ્રેમભરી પ્રસન્નતાનું સ્થાપન કરી શકે તેના ઉત્તમ નમૂનારૂપ છે. તેમના તરફથી આવી લઘુકથાનું નામ સાર્થક કરતી સમર્થ લઘુકથા મળ્યા કરે તેવી અપેક્ષા અસ્થાને નથી.

જનીન વિજ્ઞાન અને માર્ક્સની વિચારધારામાંના છેલ્લા બેઉ ફકરા ખાસ યાદ રાખવા જેવા છે. રાજકરણીય જુલમગારો, ધર્માંધ ઝનૂનીઓ, સત્તા અને સામ્રાજ્યના વિસ્તારવાદીઓ, મદથી છકેલાં અજ્ઞાન ઝનૂની ટોળાંઓ પોતાને માફક ન હોય તેવું કશું સહી શકતાં નથી. તેમને સતાવતો ડર , તેમને જુલમ વરસાવવા , ત્રાસ ફેલાવવા પ્રેરે છે અને વિજ્ઞાનવીરો ને ક્રાન્તિવીરોને, નવો વિચાર ધરાવનારને ત્રાસ આપવા, મોતને હવાલે કરવા પ્રેરે છે. પ્રાચીન વિદ્યાપીઠો, ગ્રંથાલય, શિલ્પસ્થાપત્યો પર પણ તેમનો પંજો ફરી વળેલો છે.

ડાર્વિનવાદ, મેન્ડેલવાદ પ્રત્યેનો

સ્તાલિનનો ડર ભ્રમણાજનિત હતો. સત્યવીરોનાં બલિદાનથી સત્ય સિંચાતું આવ્યું છે અને રાખમાંથી પણ ઊપજી આવવાની તાકાતવાળું તે છે. સત્યો અને તથ્યોનો નાશ થઈ શકતો નથી. સ્તાલિનનો પાઠ્યપુસ્તકો બદલી નાખવાનો સિલસિલો આપણે ત્યાં આજે વકરી રહ્યો છે.

વનસ્પતિ જનીન વિજ્ઞાની વેવિલોવની શહાદત સ્મરણીય અને વંદનીય છે.

આ જ અંકમાનો 'સ્મૃતિ' વિષેનો લેખ સ્મૃતિ-વિસ્મૃતિનું વિશ્લેષણ ઉત્તમ રીતે રજૂ કરે છે. સ્મૃતિના પાયામાં રસ છે. રસ વિના સ્મૃતિ નહિ. સ્મૃતિને બીજું શું જોઈએ? અવલોકન જોઈએ, એકાગ્રતા વિના અવલોકન નહિ. એમાં ક્રિયાશીલતા ઉમેરાવી જોઇએ . સક્રિય અનુભવ સ્મૃતિને દૃઢ કરે છે. પાંચે ઈંદ્રિયો અને હાથપગ જેવા અવયવો દ્વારા લીધેલો અનુભવ મન દઈને લેવાયો હોવો જોઈએ. મન વિના થતી ક્રિયા દુઃખદ છે, વેઠ છે, સ્મૃતિ જ્ઞાનનું અંગ છે, બુદ્ધિનું ઘટક છે, જ્ઞાન અને બુદ્ધિ વિના ઉત્કર્ષ નથી, વિકાસ નથી. પ્રગતિ નથી.

સ્મૃતિનો લોપ એટલે જાગૃતિનો અભાવ-અજંપો, ઉદ્વેગ. બેચેની સ્મૃતિ પર અવળી અસર કરે છે. મનના આવેગો, વાસના, સ્વાર્થજન્ય મોહ, એ ત્રણેયનો અવરોધ કરનાર પર ક્રોધ એ સઘળું સન્માર્ગેથી વિચલિત કરી ઉન્માર્ગે દોરે છે. તે વખતે સુખદ લાગતું આપણું વર્તન પરિણામે ભારે દુઃખ નોતરનારું બને છે. એનો ખયાલ રાખવાનું કામ જાગૃતિનું છે. જાગૃતિ પળે પળે જાળવવા જેવી બાબત છે. તે આપણો સ્વભાવ બની જવી જોઈએ. *-લલિત શાહ, જલિબંદુ, ૫૪ સર્વોદય જ. પૂ. માર્ગ, સુરેન્દ્ર નગર ૩૮૦ ૦૦૧.*

*

કુમારમાં 'શૈશવથી સંધ્યા સુધી' વાચીને ખૂબ આનંદ થાય છે : 'સાંભળે રે બાળપણનાં 'સંભારણા'. હું નડીઆદ ગવર્નમેન્ટ હાઈ સ્કૂલમાં ૧૯૩૦થી ૧૯૩૬ અભ્યાસ કરતો હતો. મિડલ સ્કૂલ અને હાઈ સ્કૂલ સ્કૉલરશિપનો રીસિપન્ટ હતો. કમળાબહેન મારાથી થોડાક વર્ગ પાછળ હશે. પણ એક રીતે અમે સહાધ્યાયી. શનિવારે સવારે સ્કૂલમાં હું ' પ્રભો અંતર્યામી' પ્રાર્થના સ્કૂલના કૉમ્પાઉન્ડમાં ગવરાવતો. (પાછળથી શ્રી દેવદાસ પંડ્યા).

ફરી એક વાર કમલાબહેનને અભિનંદન, 'કુમાર' લાંબા સમય સુધી વાચકોને જ્ઞાનગોષ્ઠિનો લાભ આપતું રહે એ પ્રાર્થના. *- વાસુદેવ પરીખ, ૧૩૪, જૂપીટર ઍપાર્ટમેન્ટ, કફ પરેડ, મુંબઈ-૪૦૦ ૦૦૫*

*

હું 'કુમાર'નો છેલ્લાં કેટલાંયે વર્ષોથી વ્યસની રહ્યો છું. ગ્રંથાલયમાં દર મહિને 'કુમાર'નો રસાસ્વદ માણું છું. કુમાર હાથમાં આવે એટલે બધા વિભાગ ધીરે-ધીરે વાંચવાનું શરૂ કરું, કોઈ બાળક ચૉકલેટ કે પિપરમીટને લાંબો સમય ચગળીને તેનો રસાસ્વાદ માણે તેમ. ખરેખર! 'કુમાર' સાહિત્યના એ ઊંચા શીખર પર છે, જ્યાં કોઈ જ પહોંચી શકે તેમ નથી. *-યોગેશ કવીશ્વર મુ. લાપાળીયા તા.જી. અમરેલી-૩૬૫૬૦૧*

*

સહકુટુંબ પરિવાર સાથે બેસીને વાંચી શકાય, ચર્ચાઓ કરી શકાય તેવું કિશોરોને સંસ્કાર સ્વરૂપે શિક્ષણ આપતું, યુવાનોને શિક્ષણની સાથે સંસ્કાર સિંચતું ઉત્તમ પ્રકારના માર્ગદર્શક સંસ્કારસભર અભ્યાસપૂર્ણ લેખો, મહાત્ત્વાકાંક્ષા અને સાહસિકતાના વિચારોને પ્રોત્સાહન અને પ્રેરણા આપતું સચોટ માહિતીના ભંડારસમા લેખો અને લખાણો 'કુમાર'માં ઉપલબ્ધ હોવાથી તેના વાચન અને મનનથી વાચકને હિંમત મળે છે. સાચો રાહ દર્શાવતું, સંસ્કારવારસાને સજીવન રાખતું 'કુમાર' પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે.

ગુજરાતી ભાષામાં પ્રગટ થતું 'કુમાર' એક જ એવું માસિક છે કે જેમાં સંસ્કારસભર અભ્યાસપૂર્ણ લેખોના કારણે 'કુમાર' માસિકને ૯૪/૯૫ની સાલનો શ્રેષ્ઠ માસિકનો અવૉર્ડ મળ્યો છે તે તેની શક્તિ અને પ્રગતિની સાથે ઉચ્ચ વિચારસરણી ધરાવતા લેખોના પ્રકાશનની પ્રતિષ્ઠા કારણભૂત છે. 'કુમાર'આ માનસન્માનનું મહિને મહિને રટણ કરતું નથી!

દેશભરમાં કોઈ પણ ભાષામા આવું માસિક પ્રસિદ્ધ થતું નથી આવાં ઉચ્ચ પ્રકારના લેખો અને લખાણો જેમાં પ્રસિદ્ધ થાય છે તે માસિકની આજે અંદાજે ૩૫૦૦ની આસપાસ ગ્રાહક સંખ્યા છે તે ખેદજનક હકીકતનો દરેક ગુજરાતીએ વિચાર કરવાનો છે. ગુજરાતમાં સ્થાનિક ધોરણે અને દેશભરમાં વ્યાપારી ધોરણે વિશાળ પ્રમાણમાં ધંધાકીય રીતે અને શક્તિશાળી ગુજરાતી કુટુંબોનો વસવાટ છે જેઓના વ્યાપારિક અને કૌટુંબિક સંબંધો ગાઢ રીતે સંકળાયેલા છે તેઓને વિનંતી કરવામાં આવે છે કે તમે સહુ જેમ બને તેમ વહેલી તકે ગુજરાતી ભાષામાં પ્રગટ થતા 'કુમાર' માસિકના ગ્રાહક બનો અને તે સાથે મિત્રોને ગ્રાહક બનવા તૈયાર કરો. ભલામણ કરો.

'કુમાર'ની ગ્રાહકસંખ્યા દસ હજાર સુધી પહોંચાડવાનું લક્ષ્ય ધારવામાં આવ્યું છે. તમારા સહકાર અને સહાય વિના આ આંકડા સુધી પહોંચી શકાય તેવું નથી. તમો 'કુમાર'નાં ગ્રાહક બનો. તેની દરેક કુટુંબમાં હાજરી અવશ્ય હોવી જરૂરી છે. ગુજરાતી માસિક 'કુમાર' તમારું છે એવી ભાવનાથી 'કુમાર'ના ગ્રાહક બની મદદરૂપ બનો. આપના સહકારની આશા અને ઈચ્છા સહ નમ્ર વિનંતી.*-ન્યાલચંદભાઈ શાહ, ૬૭, લાવણ્ય સોસાયટી, જીવરાજ મહેતા હૉસ્પિટલની બાજુમાં, વાસણા, અમદાવાદ.*

*

આપના તરફથી 'કુમાર'ના સળંગ અંકોની સી.ડી. બહાર પાડવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે, તે ખરેખર ગુજરાતી સાહિત્ય, સંસ્કૃતિ અને અસ્મિતા માટે એક ગૌરવશાળી પગલું છે. તે માટે મારા અભિનંદન સ્વીકારશો અને મારી શુભેચ્છા પણ.

આ સાથે પાંચ સીડી.નું મૂલ્ય રૂ. ૧૦૦૦ ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલું છું. તો નીચેના સરનામે મને તે પાંચ સી.ડી. જ્યારે બહાર પડે કે તરત જ મોકલશો અને તે સાથે કોઈ માર્ગદર્શિકા હોય તો તે પણ મોકલવા વિનંતી છે. સી.ડી.નું ટપાલ માટેનું પૅકિંગ ખાસ કાળજી લઈને કરાવશો (કારણ કે આ પાંચ સી.ડી. ખરેખર અમૂલ્ય હશે.) *જિતેન આર. મહેતા, ૧૩, ગણપતિ સોસાયટી, સિંધવાઈ માતા રોડ, પ્રતાપનગર, વડોદરા-૩૯૫૦૪*

### ઘરને આંગણ/રાજેન્દ્ર શાહ

ઘરને આંગણ ઝૂલણે - ગળે ગુઝ્જ-ગભીર ગાન;
આગળ પાછળ હીંચની એમાં તાલની મધુર તાન.
ઉપરને આભ ધવલ કાળાં વાદળ આવે જાય;
ઘડીક કોમળ તેજ તો ઘડીક સૂરજ સૂની ઝાંય.
આવતીને અળપાતી, એવું ખેલતી નાજુક લહર,
મ્હનેય તે હું વીસરું, ઢાળ્યાં પોપચે એવો પ્રહર.
ધૂળમાટીની ગન્ધ વાવડ વરસાદના લાવે;
જલની ઝીણી ઝર્મર ત્યાં મન્દ-ચરણ આવે.
કુઝ્જ-પરણપુઝ્જ મહીં અલ્લડ ઉલ્લાસ,
ઝૂલણે ઝૂલું, સઙે અવની અમ્બર અવકાશ,

### આ ભૂમિ/રામચંદ્ર પટેલ

(વસંત-મૃદંગ)

આ ભૂમિ જંગલની કેમ રહી રહીને
ખેંચેઃ ન જાણું પરખું રૂપ એનું તોયે
ઊંડાણમાં ડગ ભરી ધપું એકધારો...
આવે વળાંક, પથ હોય ન હોય ભાસે,
પાછો પડું વળી ચઢું-ઊતરું ચાલું દોડું...
-દેખાય રાત, જમણે ઢળતો દહાડો
ડૂબે ધબાક; ધૂળ ધુમ્મસના પહાડો
ઊભા થતાં તરુવરો બની જાય પીંછાં.

વાગોળ એકલી ફરે, ખગ બોલ ના અડે
પાણી વિનાનું સઘળું પણ વાયુ વ્હેતો
વ્હેતો રચે સુંદર વાદળસૃષ્ટિ સામે-
-કોર્યા કરે કહીંક ઝાંઝવું ચન્દ્ર આગિયો.

અંધારું ચાલતું રહે લઈ આભતારા,
સોહાય સંત પગલાંમહીં દીપક્યારા.

### મંન બહુ છે પાજી/લાલજી કાનપરિયા

મંન બહુ છે પાજી સંતો! મંન બહુ છે પાજી;
કદીક મુખ મરડીને ફરતું, કદીક રાજી રાજી!

ઘડીક રમતું આભ-ઝરૂખે, ઘડીક ધરતી માથે
પળપળ સેવે મનસૂબા, પણ કશું ન આવે બાથે !
ધરાર મુરબ્બીવટ ધરીને થૈ જાતું જગ-કાજી!
મંન બહુ છે પાજી સંતો! મનં બહુ છે પાજી.

ફૂલ મળે તો રાજી રાજી, કંટકથી નારાજ
ખુદ સરજે છે નવલી દુનિયા, ખુદ કરે તારાજ !
અમથી અમથી વણસાડી દે હાથ આવેલી બાજી!
મનં બહુ છે પાજી સંતો! મનં બહુ છે પાજી.

### ગતિ બસ જતી/ઉશનસ્

(હરિણી-સૉનેટ)

બધી જ પગદંડીઓ અંતે પહોંચી જતી તને,
શરત બસ છેઃ આગે આગે પદેપદ ચાલવું,
અટકવું નહીં ક્યાંયે વચ્ચે, મળ્યે મન, મ્હાલવું,
ગતિ બસ જતી જ્યાં હો ત્યાંથી તહારી કને કને...

પૃથ્વી પર મેં આવી જોયું : પ્રતીક બધું હતું,
કુતુક; ફૂલ ખોલ્યું તો એમાં અનંતનું દર્શન!
ક્ષણ જરી ખણી, ખોલી ત્યાં તો ખૂલ્યો જ સનાતન!
કણકણમહીં દ્યૌ-તારાનું ઝમંત મધુ હતું!
રૂપ થકી કીધી પ્રીતિ, પ્રીતિ લઈ ગઈ ગીતિમાં!
લય-રય મને રાગાવેગે ગયો વહીં ક્યાં? કહું?
વણવિષયને તારે દેશે! રહ્યો પછી જ્યાં ન હું !
રૂપ પણ ન'તું સામે કોઈ અતીન્દ્રિય પ્રીતિમાં !

રતિ જ તરભેટો છે, જ્યાંથી જવાય ગમે ત્યહીં,
પ્રથમીથી પ્રીતિ, ત્યાંથી ગીતિ, ગીતિ પછી તો તુંહીં !

### અંધાર/અશોક ચાવડા 'બેદિલ'

છે વાત સાથી કોઈકોઈને ફળે અંધાર,
અસ્તિત્વ મારું ખોલતા જોવા મળે અંધાર.
હું મીણબત્તી જેમ ઓગળતો જઉં કાયમ,
તું ઝળહળાવે છે મને, પણ ઝળહળે અંધાર.
અજવાસનું ઓછું થવું એની નિશાની છે,
વધતો રહ્યો છે ક્યાંક પોતાના બળે અંધાર.
મારું બધું અજવાળું છે મારા સુધી સીમિત,
મારે જવું તો ક્યાં જવું છે હર સ્થળે અંધાર.
મારા જીવનનો મર્મ સમજાઈ જશે પળમાં,
જોઈ લે, એકાદી વખત દીવાતળે અંધાર.

### હાઈકુ/પરાગ ત્રિવેદી

૧

પાણી નદીનું
દોડતું, ચંદ્ર ત્યાંનો
ત્યાં - પ્રતિબિંબે!

૨

પાય ખેતર
આખાને કૂવો, કાંઠે
બેડલું ખાલી.

### પ્રતીક્ષા/હરદ્વાર ગોસ્વામી

મનની ધારે ચાલતા, વિચાર સઘળા તંગ;
તારા વિના રાતની, ચંદા સંગે જંગ.
નાડ્યું તૂટે નેણની, છાતી ફાટફાટ...
જીવ બની ગ્યો બારણું, આવી કોની વાટ!

### ક્યાં ગઈ?/ભગવતીકુમાર શર્મા

જાન ઊઘલ્યા પછી પાલખી ક્યાં ગઈ?
એક શરણાઈ થઈ ગળગળી ક્યાં ગઈ?

વાળ આવી ઝરૂખે જે સૂકવી જતી,
સોળ-સત્તરની એ છોકરી ક્યાં ગઈ?

હું કિનારા સમો કેમ સુક્કો બન્યો?
મારી નાડમાં વહેતી નદી ક્યાં ગઈ?

પતઝડે હાથ ઊંચા કરી પણ દીધા;
તો પછી લીલીછમ ડાળખી ક્યાં ગઈ?

હું તો દીવાનખંડે જ બેઠો હતો;
ભીંત પરની એ મારી છબી ક્યાં ગઈ?

આંખમાં આંસુ આવે એ દુર્લભ બન્યું;
ખારાં પાણીની બે માછલી ક્યાં ગઈ?

મેં કવિતાના પુસ્તકમાં મૂકી હતી,
ફૂલની એ સૂકી પાંખડી ક્યાં ગઈ?

સૂત્રસાર

## ત્યાં મૂલ્યોનાં માપ ટાંચાં પડે!

રાધેશ્યામ શર્મા

લોકોને જીવન જીવતાં તો આવડતું નથી પણ મરતાંયે નથી આવડતું. જીવતાં આવડે તો મરતાં આવડે ને? જે ઉત્તમ રીતે જીવી જાણે છે એ જ શ્રેષ્ઠ રીતે મરી જાણે છે. એથી ભિન્ન રીતે કેટલાંક અધમ અને મધ્યમ રીતે જીવ્યાં હોય પણ મરતી વખતે ઉત્તમ રીતે મરી જાણે એટલે મધ્યમ જીવનને જગત વીસરી જાય.

કોઈક એવા વીરલા પણ પાકે છે જે કેવી રીતે મર્યા એનું મૂલ્યાંકન કરતાં વાર લાગે. અવઢવમાં પડી જવાય વિમાસણમાં મુકાઈ જવાય. સંગતિમાં સંવાદિતાનાં મૂલ્યોનાં માપ પણ ત્યાં ટાંચાં પડે ! વાંચો કવિતા-

યાકુસાનની મરવાની રીત
એની જિંદગી સાથે સુસંગત હતી.
જ્યારે તે મરવાનો થયો
કે બૂમ પાડી ઊઠ્યો,
સભાખંડ હેઠો પડે છે!
સભાખંડ હેઠો પડે છે!'
સાધુઓ દોડ્યા તત્કાલ
વસ્તુઓ લાવ્યા તત્ખેવ
ટેકા મેલવા માંડ્યા
સભાખંડને ઉગારવા.
યાકુસાને નિરાશામાં હાથ ઉછાળ્યાં. બોલ્યો,
'મારે શું કહેવું છે એનો મરમ તમારામાંથી કોઈ પામ્યો નહીં'
- અને તે ગુજરી ગયો.

હવે આ ઘટના કૃતિ પર 'કમેન્ટરિ' પણ કવિતારૂપે આલેખાઈ છે તે વાર્તિક- યાકુસાનના કથ્યનું તાત્પર્ય શું હતું?

બધી વસ્તુઓ હેઠી પડે છે; બધી ચીજો ખડી પણ થાય છે. જે પડવાનું જ છે એને ટેકો દેવો એ મૂર્ખતા છે. ખરેખર તો મદદ કરવી જોઈએ. ધક્કો મારીને, જ્યારે કોઈ સંસ્કૃતિની કળ- સ્થાપત્ય -કૃતિ નૈસર્ગિક રીતે નષ્ટ થતી હોય ત્યારે આપણે યાકુસાને કર્યું તે કરવું ઘટે- ચિત્કારવું અને ગુજરી જવું.

કવિતા અને એની 'કમેન્ટરિમાં' સુચવાયેલો બોધ બધાંને સ્વીકારવો બહુ ભારે પડે એવો છે. પડતાને ટેકો દેવાની વાતને આધાર આપીને સભાખંડને ઉગારવાની બાબતને સમજી સ્વીકારી શકાય, પણ પડતાને એક ઓર ધક્કો મારી પાડી નાખવાની બીનાને કેટલા અનુમોદન આપશે? અહીં સંપૂર્ણ વિસર્જન દ્વારા જ સંપૂર્ણ સર્જનનો સંદેશ છુપાયેલો છે. ❑

લઘુકથા

## કીડીનો ચટકો

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજૂઆ ક્યારેક ક્યારેક માર્મિકત્યંજનાગર્ભ લઘુકથાઓ સંભળાવીને શિષ્યોને ભારે દ્વિધામાં મૂકી દેતાં, અને એ રીતે શિષ્યોની બૌદ્ધિકતાને સંપ્રજ્ઞ બનાવી તેમના અચેતનને તાગવા-જાગૃત કરવા પ્રયત્નો કરતાં રહેતા. એ રીતે આજે તેમણે શિષ્યોને એક લઘુકથા સંભળાવવી શરૂ કરી:

એક ગાઢ જંગલમાંથી એક હાથી પસાર થતો હતો, ત્યારે એક કીડી તેના પગ ઉપર ચોંટી ગઈને પર ઉપર જોરથી ચટકો ભર્યો. આથી હાથી પગ ઊંચો-નીચો કરવા લાગ્યો. કીડીને થયું, હાથી ક્યાંક પોતાને જ ચગદી નાખશે તો... એટલે તે ધીમે ધીમે હાથીની પીઠ તરફ આગળ વધી. પછી પીઠ ઉપર સવાર થઈને ઉપરા ઉપર તે હાથીને ચટકાં ભરવા લાગી ચટકાંથી વ્યગ્ર થઈને નાસીપાસ થતો હાથી ચારે તરફ દોડવા લાગ્યો ને રસ્તામાં આવતાં વૃક્ષોને મૂળમાંથી ઉખેડીને ચારે તરફ ફંગોળવા લાગ્યો આખરે થાકીને તે જમીન ઉપર ઢળી પડ્યો. ને હાથીની પીઠ ઉપર સવાર કીડી હાથીને ફોલી ખાતી, તેનું લોહી ગટગટાવવા લાગી !'

ગુરુએ આ લઘુકથાના અનુસંધાને શિષ્યોને કેટલાક પ્રશ્નો પૂછ્યા. ગુરુના પ્રશ્નોના જવાબ ઉડાવી દેતાં કેટલાંક શિષ્યો બોલ્યા : 'સાવ વાહિયાત અને એબ્સર્ડ અર્થહીન કહી શકાય એવી આ લઘુકથા છે. એટલે આપે પૂછેલા પ્રશ્નોના પણ અમારી પાસે કોઈ જવાબ નથી.' ગુરુ બોલ્યા : 'તમે લોકો આખે આખી આ લઘુકથાને જ સાંભળવાનું ચૂકી ગયા છો, એટલે વિશેષ તમને શું કહું ?' પછી ગુરુએ આપાજીને જવાબો આપવાનું જણાવ્યું : 'હવે તું મારા પ્રશ્નોના જવાબ આપી શકશે ?' આપાજી બોલ્યા : 'હું તરત જ આપના પ્રશ્નોના જવાબો કે મારો પ્રતિભાવ નહીં આપી શકું. કીડી અને હાથીના સંદર્ભો તેના ચોક્કસ અર્થોમાંથી બહાર નીકળીને મારા ચિત્તમાં વિસ્તરી શકે તો જ હું મારો જવાબ-પ્રતિભાવ આપી શકું. આ માટે મને એક રાત વિચારવાનો સમય આપો.'

'ભલે આવતી કાલે સવારે જવાબ આપજે.'

આપાજીએ આખી રાત કીડી અને હાથીના વિચારોમાં પસાર કરી. સવારના ગુરુ બજુવા અને અન્ય શિષ્યોને પોતાનો જરા સોજી ગયેલો હાથ બતાવતા આપાજી બોલ્યા : 'રાત્રે કીડીએ મને સપનામાં મારા હાથ ઉપર ચટકો ભર્યો, ને તેનું આ પરિણામ!

શિષ્યો આશ્ચર્ય વ્યક્ત કરતાં બોલ્યા : 'સપનામાં કીડીના ચટકાથી આ રીતે થોડો હાથ ઉપર સોજો આવી જાય ?'

'સોજો આવે કે નહીં એની મને ખબર નથી. પણ સપનામાં મને કીડીએ ચટકો તો ભરેલો. એ બરાબર યાદ છે. પછી હાથી અને કીડીના વિચારોમાં હું એટલો બધો ઊંડો ઊતરી ગયો કે.... હાથીએ મને સૂંઢમાં પકડીને એવો ફંગોળ્યો કે જમીન ઉપર પછડાટ ખાધાની સાથે જ મારું મન સાવ ખાલીખમ.. જાણે એક જ ઝાટકે જાત વિચારોનું બાષ્પીભવન !'

શિષ્યો તરફ વેધક નજરે જોતા ગુરુ બજુ બોલ્યા : 'તમે આપાજીની તીવ્ર સંવેદનશીલતાને હવે સમજી શકો છો ? સપનાની કીડીનો ચટકો પણ તેના હાથ ઉપર કેવો જીવતો થઈ ગયો ! ને કીડી અને હાથીના? વિચારોની આંત્યતિકતાએ તેના મનને સાવ બનાવી દીધું કોરા પડદા જેવું !' ને ગુરુએ શિષ્યોને પૂછ્યું : 'હવે તમને સમજાય છે કીડી અને હાથીની ઍબ્સર્ડ કથા ?' ❑

## જેમની જન્મશતાબ્દીનું આ વર્ષ છે તે




એકાંકી ક્ષેત્રમાં ભોંય ભાંગનાર

# યશવંત સવાઈલાલ પંડ્યા

પ્રફુલ્લ રાવળ

ગુજરાતી એકાંકીની પ્રારંભની સર્જક ત્રિપુટી એટલે સર્વશ્રી બટુભાઈ ઉમરવાડિયા, યશવંત પંડ્યા અને પ્રાણજીવન પાઠક. એમાં યશવંત પંડ્યાનો આયુષ્યકાળ માત્ર પચાસ વર્ષનો અને સર્જનકાળ તો વળી માત્ર પંદર-વર્ષનો અને એમાંય નાટ્ય-સર્જનકાળ તો માત્ર દાયકાનો. છતાં ય એકાંકીક્ષેત્રે એમનું પ્રદાન ન ભુલાય તેવું, ન ઉવેખી શકાય તેવું માતબર અને જીવન તો વળી એથીય માતબર ભર્યુંભર્યું. સતત કાર્યરત અને સંસ્કાર-પ્રેરક. સાહિત્ય પ્રીતિઅપાર અને મનુષ્ય પરત્વેનો ભાવ અપરંપાર -- વ્યક્તિત્વ ભદ્ર અને આચાર સવાયો ભદ્ર. અનાયાસ છતું થતું તળ ગોહિલવાડનું આભિજાત્ય એ વધારાનું છોગું. દેખાડા વગરનું વ્યવહારકૌશલ એમના જીવનનું સાચું 'ઓજસ' જે 'આપોઆપ અજવાળું' આપતું. એ જ એમના નામને સાર્થક કરતું. જીવનપટ દીર્ઘ નહીં છતાંય જીવનધર્મમાં ક્યાંય કંજૂસાઈ રાખી દેખાઈ નથી. સાહિત્યનું સેવન ધર્મ માનીને કર્યું. આવા જીવનધર્મી-સાહિત્યધર્મી યશવંત પંડ્યાનો જન્મ ૨૮ ફેબ્રુઆરી ૧૯૦૫માં પચ્છે ગામમાં થયો હતો. જ્ઞાતિએ પ્રશ્નોરા નાગર. પિતાનું નામ સવાઈલાલ. એ વ્યવસાયે ઈજનેર હતા. કુટુંબ સંસ્કારી ને વત્સલ. એમનું વતન ભાવનગર, પરન્તુ શિક્ષણ માત્ર ભાવનગરમાં લેવાનું બન્યું નહોતું. ઈ.સ. ૧૯૧૧ અર્થાત્ એમની છ વર્ષની વયે એ મુંબઈની પ્રાથિમક શાળામાં દાખલ થયા હતા. પછી માધ્યમિક શિક્ષણ અડધું ન્યૂ ભરડા હાઈ સ્કૂલમાં અને બાકીનું ભાવનગરની વિખ્યાત આલ્ફ્રેડ હાઈ સ્કૂલમાં લીધું હતું. માધ્યમિક શિક્ષણ પૂરુ થતાં જ ઈ.સ. ૧૯૨૧માં સોળ વર્ષની વયે ભાવનગરના નીલકંઠ મહાદેવમાં લગ્ન થયું. ત્યારે સાહિત્ય પ્રતિ રુચિનો ઉદ્‌ભવ થઈ ચૂક્યો હતો. લગ્ન પછી અભ્યાસ તો ચાલુ જ રહ્યો. એ વર્ષ એ કાળે વિખ્યાત અમદાવાદની ગુજરાત કૉલેજમાં અભ્યાસ કર્યો. ત્યારે જયંતિ દલાલ એમના સહાધ્યાયી હતા. અને પ્રિન્સિપાલ સિરાઝ સામે પડેલી હડતાલમાં કૉલેજમાંથી જે વિદ્યાર્થીઓ બરતરફ થયા તેમાં યશવંત પંડ્યા પણ હતા. ત્યારે એમના પિતા સવાઈલાલ કલેક્ટર કચેરીમાં સિવિલ ઇજનેર હોઈ એમની વગથી પુનઃ પ્રવેશ મળ્યો. પરન્તુ અમદાવાદ રહેવાનું ઝાઝું ન બન્યું. અલબત્ત, સાહિત્યરુચિ જરૂર કેળવાઈ. લેખનનો મહાવરો થયો એટલું જ નહીં, સર્જનની દિશા ખૂલી. ગુજરાત કૉલેજના વર્ગમાં પાછલી પાટલી પર બેસીને લીલી શાહીથી લખતા યશવંત પંડ્યાનું સ્મરણ જયંતિ દલાલે ભાવથી કર્યું છે તે સાથે જે સંસ્મરણોએ એમને ઝંકૃત કર્યાં તેને એમણે 'બેફિકર નઘરોળ' કહ્યાં છે. ગુજરાત કૉલેજ સાથે બે વર્ષ નાતો રહ્યો. પછી વતન ભાવનગરની શામળદાસ કૉલેજમાં દાખલ થયા. ત્યાંથી વડોદરા અને પછી સુરતની એમ.ટી.બી. કૉલેજમાં ભણવાનું બન્યું. આમ, વિવિધ સ્થળે એમણે અભ્યાસ કર્યો.

અમદાવાદમાં રહ્યા ત્યારે સાહિત્યરુચિને વેગ મળ્યો હતો. વાતાવરણ પણ લભ્ય બન્યું હતું. લખવાનું પણ શરૂ થઈ ચૂક્યું હતું. પરન્તુ એમની લેખનપ્રવૃત્તિ પ્રતિ પિતા સવાઈલાલને કોઈ ઉત્સુકતા નહોતી. વળી, થોડોક અણગમો પણ હતો. આથી, એમનો સાહિત્યિક પત્રવ્યવહાર ઘરના સરનામે નહીં પણ ગાંધીરોડ પર આવેલી 'લક્ષ્મી વિલાસ હૉટલ'ના સરનામે થતો. ત્યાં મિત્રમંડળી જામતી. સંગાથી હતા જયંતિ દલાલ. લગભગ ૧૯૨૧ની આસપાસથી લખવા તરફ વળ્યા હોવાથી ધીમેધીમે લેખનમાં પ્રૌઢિ તો આવી જ હતી. અને ઈ.સ. ૧૯૨૫માં તો એમનું 'ઝાંઝવા' એકાંકી 'સાક્ષર' એ સહીથી 'સાહિત્ય' સામયિકમાં પ્રસિદ્ધ થયું હતું. અલબત્ત, એ પૂર્વે વાર્તાઓ-રેખાચિત્રો લખ્યાં હતાં. 'ચેતન' પહેલાંના 'વિનોદ'માં એમણે 'યશ' નામે વાર્તાઓ લખી હતી. આથી બ.ક. ઠાકોર પત્રમાં ક્યારેક 'યશ' સંબોધન લખતા. 'સાહિત્ય' સામયિકમાં એમણે 'જગજીવન શિવશંકર પાઠક'ના ઉપનામે 'સાહિત્યસેવકોની મૅચ' એ કૉલમ લખી ત્યારે એ વિશેષ જાણીતા થયા હતા.



પંડ્યા દંપતી : યુવાન વયે



પંડ્યા દંપતી : પ્રૌઢ વયે

'ઊગતા તારા' રૂપે લેખકોનાં રેખાચિત્રો પ્રસિદ્ધ થયેલાં. વળી 'સમાજજીવન', જેના સંપાદક નારાયણ ગો. ડોસાણી હતા, તેમાં 'જયવિજય' એ નામે કાવ્યો પ્રસિદ્ધ થયેલાં. 'કૌમુદી'માં 'તુલિકા પાટવ' લખનાર જૂથમાં યશવંત પંડ્યાનો સમાવેશ હતો.

સાહિત્યક્ષેત્રે કશુંક કરવું એ એમનો તરવરાટ હતો, જે આજીવન રહ્યો. સતત અવનવી યોજનાઓ એમના મનમાં રમતી રહેતી. શિષ્ટ સાહિત્યકૃતિઓનું પ્રકાશન થાય તે એમની ભીતરી ઉમેદ હતી. આથી 'વીણા' નામે વાર્ષિક અંકનું ઈ.સ. ૧૯૨૬-૨૭ એ બે વર્ષ પ્રકાશન કર્યું હતું. અને સરસ કૃતિઓ આપીને વાચકને શિષ્ટ વાચનનું ભાતું પૂરું પાડ્યું હતું. વળી, 'શરદ'ના અંકોમાં પણ એ જ અભિગમ રહ્યો હતો. એ સમયે એમણે કૃતિદીઠ ચાર રૂપિયાનો પુરસ્કાર લેખકને આપીને નવો ચીલો પાડ્યો હતો. એ પૂર્વે સામયિકોમાં લખનાર કવિ-લેખકને પુરસ્કાર આપવાની પ્રથા નહોતી. યશવંત પંડ્યાની આ પહેલ હતી. એનો સારો પડઘો પડ્યો હતો. ૨૧-૮-૧૯૩૬ના રોજ બ.ક. ઠાકોરે યશવંત પંડ્યાને પત્ર લખ્યો હતો તેમાં પુરસ્કારની વાતનો નિર્દેશ આમ મળે છે - '' 'ઑનરેરિઅમ કે કંઈ બદલાનું શું વારું ?' જેટલાનાં નિમંત્રણ આવશે તેટલાને આ જ સામો સવાલ કરવાનું ધોરણ હવેથી મ્હારૂં તો કાયમી સમઝવું. વળી આ વિષે જ્યાં બને ત્યાં લેખકો સાથે ચર્ચા પણ કરૂં છું. આઠદશ લેખક આમ માગતા થશે ત્યાં તો બધા જ તંત્રીઓને કંઈક કરવું પડશે અને એ રસ્તે જ 'શરદ' જેવા પ્રયાસને નડતું unfair competition દૂર થઈ શકશે. ત્હમે તો વળી એક વધુ સંગીન દલીલ પણ આગળ કરી શકશો 'હું પોતે આપું છું, કોઈ તંત્રી ધારે તો આપી શકે એ મ્હારો તો અનુભવ છે' '' વળી બ.ક. ઠાકોર પત્રના સરનામે એમને 'શરદસુકાની' તરીકે નોંધતા. 'વીણા'ના વિ.સં. ૧૯૯૧ના અંકમાં એમણે 'અમે' નામક સૉનેટ પૃથ્વી છંદમાં લખ્યું હતું. કવિનું નામ 'હું' હતું. આ 'હું' એટલે યશવંત પંડ્યા. કૃતિની નીચે આમ ટીપણું આપ્યું હતું : ''વરસેક દિવસ થયાં 'ભેળમંડળ' નામની, ધારણાધોરણ કે કાયદાકાનૂનથી પર એવી, એક સંસ્થા મુંબઈ મધ્યે ચાલી રહી છે. બરાબર બાર એના સભ્યો છે અને તેરમો એટલે અપશુકનિયાળ એવા પાશ્ચાત્ય અને પરતંત્ર કારણે નવો કોઈ ઉમેરાતો નથી. અસ્તુ... કહેવાય છે કે ગોવાળિયા તળાવની જળ વિનાની જમીન પર એક સાંજે ભેળ ખાતાં ખાતાં ૩-૪ સભ્યોને આ સંસ્થાને જન્મ આપવાનો આપોઆપ વિચાર સ્ફુરેલો. એટલે એનું નામ 'ભેળમંડળ', જમીન પર આયાઓની આંખ હેઠળ જ બિચારાં બાળકો જુદી જુદી નાનીનાની રમતો રમી શકે છે ત્યાં એકલહાથ આવું મહાન કાર્ય થાય એ અદૃશ્ય અભિનંદન-નંદન કે વંદન? - ને પાત્ર છે. (અહીં એટલું ઉમેરવું આવશ્યક છે કે સભ્યસંખ્યા ૩ થી ૪ ને બદલે ૩ x ૪ થયા બાદ એકે વેળા ભેળ માટે ભેળા થઈ શક્યા નથી. એનું કારણ? હિંદની આર્થિક અવનતિ ? કોણ જાણે)'

આ 'ભેળમંડળ' એ જ 'કલમમંડળ'. યશવંત પંડ્યા આ 'કલમમંડળ'ના સક્રિય સભ્ય હતા. કૃતિ તદ્દન કાચી છે પરન્તુ એમાં તે કાળના સર્જકોની વાત ગૂંથાઈ છે અને યશવંત પંડ્યાની રમૂજસભર કટાક્ષવૃત્તિ પણ છતી થાય છે. વળી, એમની ભાષાનો પરિચય મળે છે.

કૉલેજકાળ દરમિયાન યશવંત પંડ્યાનો જેમ સાહિત્ય પરત્વે લગાવ હતો તેમ અન્ય પ્રવૃત્તિઓમાં પણ એમનો રસ જીવંત હતો. કૉલેજમાં વકતૃત્વસ્પર્ધા હોય કે ટૅનિસ સ્પર્ધા હોય, યશવંત પંડ્યાએ અવશ્ય ભાગ લીધો હોય. વળી, કૉલેજના મુખપત્રના સંપાદકમંડળમાં પણ એ હોય જ. એમનો કૉલેજકાળ ભારે રોમાંચક હશે તેની પ્રતીતિ એમના એકાંકીમાંથી મળી રહે

છે. 'મદનમંદિર' (૧૯૩૦) અને 'રસજીવન' (૧૯૩૬) એ સંગ્રહોની પ્રસ્તાવનાના અભ્યાસે એમની રંગદર્શી રુચિ છતી થાય છે. એમનું વ્યક્તિત્વ પ્રભાવશાળી હતું. ગુલાબદાસ બ્રોકરે એમનું અક્ષરચિત્ર આમ આપ્યું છે -- 'એ મીઠું હાસ્ય, રણકતો અવાજ, આનંદિત ચહેરો અને ગુલાબી સ્વભાવ વારંવાર નજરે ચડે છે.' આ રંગદર્શિતાને લીધે કે નાટ્યવૃત્તિ-સાહિત્યપ્રવૃત્તિને લીધે અભ્યાસને અસર પડી હશે ! પિતા સવાઈલાલની અને ખુદ યશવંત પંડ્યાની મનીષા તો શિક્ષણક્ષેત્રે સક્રિય રહેવાની હતી. મનની મુરાદ અધ્યાપક થવાની હતી પણ વિધિનો ખેલ જુદો હતો. અનુસ્નાતક કક્ષાએ ખાસ્સી મહેનત કરવા છતાં ઊંચો વર્ગ ન આવ્યો અને પરિણામે અધ્યાપક થવાની ઇચ્છા અધૂરી જ રહેવા પામી. બૉમ્બે લાઇફ ઍશ્યોરન્સ કંપનીમાં જોડાવવાનું બન્યું. પગાર સવાસો રૂપિયા. અલબત્ત, આજીવિકા જરૂર હાથ લાગી ગઈ !

નાટ્યપ્રવૃત્તિ યશવંત પંડ્યાની પ્રથમ રુચિ હતી. ઈ.સ. ૧૯૩૩માં એમણે 'નૂતન રંગમંડળ'ની સ્થાપના કરી હતી. એ રંગમંડળ અમદાવાદ તેમજ અન્ય સ્થળે નાટકો ભજવતું. એમાં યશવંત પંડ્યા સાથે જયંતિ દલાલ, જયશંકર ઓઝા, પ્રદ્યુમ્ન ભટ્ટ, નરોત્તમ ઝવેરી, સૂર્યકાન્ત શાહ, જનાર્દન શર્મા, કાન્તિલાલ પટેલ, ધનંજય ઠાકર, માધવલાલ ભટ્ટ ઈત્યાદિ હતા. ઈ.સ. ૧૯૩૧માં અમદાવાદમાં 'અ.સૌ. કુમારી' ભજવાયું ત્યારે શ્રીમાનની ભૂમિકામાં જશવંત વૈદ્ય હતા, પરન્તુ તે ન આવતા યશવંત પંડ્યાએ શ્રીમાનની ભૂમિકા ભજવી હતી. અને વિભૂતિની ભૂમિકામાં જયંતિ દલાલ હતા. આ એકાંકીની ભજવણી ટાણે છેલ્લી ઘડીએ યશવંત પંડ્યાએ શ્રીમાનની ભૂમિકા ભજવી હોવાથી જ્યાં 'હા' પાડવાની હતી ત્યાં 'ના' પડાઈ ગઈ! જયંતિ દલાલે પીઠ ફેરવીને ડોળા કાઢ્યા એથી 'ઠીક ત્યારે તને યોગ્ય લાગે તો બોલાવ' એમ કહીને ભૂલ સુધારી લીધી હતી. આ જ નાટ્યજીવની સૂઝ.

વીમા કંપનીમાં જોડાયા પૂર્વે ક.મા. મુનશીના સામયિક 'ગુજરાત'માં થોડો સમય સહતંત્રી તરીકે કામ કર્યું હતું. ઈ.સ. ૧૯૩૭માં મુંબઈથી એમની બદલી દિલ્હી થતાં જીવન નવા વળાંકે આવીને ઊભું. સર્જનવહેણ જાણે અદૃશ્ય થઈ ગયું ! થોડો સમય એ વ્યવસાયમાં મગ્ન થઈ ગયા. વીમા કંપનીમાં સંચાલક-વિસ્તારક તરીકે એમની કામગીરી યશસ્વી રહી હતી. એમની વ્યવહાર શક્તિ અને સૌજન્ય કંપનીને પૂરાં ખપ લાગ્યાં હતાં. ટૂંકા ગાળામાં એ કંપનીના મહત્ત્વના કર્મચારી બની ગયા.

વ્યવસાયમાં સ્થિર થતાં સર્જન તરફ ગતિ થવી જોઈતી હતી, પરન્તુ વળી નવો વળાંક આવ્યો. એમની કાર્યશૈલી થકી દિલ્હીમાં વસતાં ગુજરાતીઓમાં એ છપાઈ ગયા. જાણે ત્યાંનાં


યશવંત પંડ્યા પરિવાર

ગુજરાતીઓને વિશાળ વડલો મળી ગયો ! ગુજરાતી સમાજના ઉત્કર્ષ માટે એમણે અથાક પ્રયત્નો કરી મોટું ભંડોળ ભેગું કર્યું. સમાજ માટે મોટું મકાન ખરીદ્યું. 'ગુજરાતી સમાજ'ના પ્રમુખ તરીકે એમની કામગીરી દીર્ઘકાળ લગી ન ભુલાય તેવી હતી. વ્યવસાયમાં સંપૂર્ણ નિષ્ઠા સાથે વ્યક્તિત્વના વિકાસની ગતિનો આલેખ એટલે યશવંત પંડ્યા. દિલ્હીમાં રહ્યા ત્યારે જાહેરજીવનની અનેક વ્યક્તિઓ સાથે સંપર્ક થયો હતો. ક.મા. મુનશી એમને પુત્ર જેવા ગણતા. યશવંત પંડ્યાના પુત્ર કપિલભાઈના લગ્નનો સત્કાર-સમારંભ મુનશીના નિવાસ-સ્થાન ૧, ઔરંગઝેબ રોડ પર યોજાયો હતો. દુષ્કાળનો સમય હોઈ મર્યાદિત ભોજન ગોઠવાયું હતું. એ સહુ સાથે આજીવન મીઠો નાતો રહ્યો હતો. એ સંબંધો ખપમાં લીધા તે અન્ય માટે. માત્ર ઉપયોગી થવાની ભાવના. ચંદ્રવદન મહેતાએ નોંધ્યું છે કે--'ત્યારે દિલ્હીનું વાઇસરૉયનું થાણું એટલે શું ! અને એમાં લઢાઈ પછી પહેરેગીર અને ખાસ મારો ખાદીનો કફિનયા પોષાક, છતાં વેવલ નીકળે ત્યાં ખડો કરી દીધો. અને વેવલ જોડે મારા આંખના વ્યાધિ વિશે દીધે રાખ્યું. અલબત્ત, વેવલે તરત મારી ખબર પૂછી અને ત્યારે ઑલ ઇન્ડિયા રેડિયોમાં છું જાણતાં તો ખુશ થઈ ગયો અને ડૉક્ટરનો મેળાપ કરાવી દીધો. આ બધું પતી ગયા પછી હું બહાર નીકળ્યો. ત્યાં યશવંત લટાર મારે.' આવા હતા યશવંત પંડ્યા. ચં.ચી.એ ત્યાર બાદ યશવંત પંડ્યાએ જે કહ્યું તે એમના શબ્દોમાં નોધ્યું છે -- 'હા...શ, ચન્દ્રવદન, કોઈને માટે આટલું ન રખડું -- રખડ્યો જ નથી. પણ આંખનું નામ પડે છે અને હું નર્વસ થઈ જાઉં છું. એટલે આકાશપાતાળ એક કરી ડૉક્ટરનો પત્તો મેળવ્યો. જાણે છે ? ત્રણ દિવસમાં ત્રીસ ટેલિફોન ફટકાર્યા હશે ! આમ તો ભિખારીનેય ન આપું, પણ આંધળો દેખું ને ગળગળો થઈ જાઉં છું. અને કંઈનું કંઈ આપી દઉં છું. આંખના વ્યાધિને માટે હું

કોઈને માટે જે બને તે કરી છૂટું અને એમાં તમે...' આ સાંભળી ચંદ્રવદનની આંખમાં પાણી આવી ગયાં ! યશવંત પંડ્યાના આવા વ્યક્તિત્વને અનુલક્ષીને રવિશંકર રાવળે એમને દિલ્હીમાં રહેતા ગુજરાતના 'દિક્પાલ' તરીકે ઓળખાવ્યા છે અને નોંધ્યું છે કે -- 'દિલ્હીવાસી બનીને તેમણે દિલ્હીનાં સહકારી અને સંસ્કારી કેન્દ્રો સાથે એક ભદ્ર જન તરીકે નાતો જમાવ્યો હતો. તેથી અનાથ-સનાથ દરેક નાના-મોટા ગુજરાતી માટે કંઈ ને કંઈ સેવા કે માર્ગદર્શન આપવાની તેમનામાં વિભૂતિ પ્રકટી હતી. દિલ્હી ખાતે કોઈને કંઈ કામ હોય, મુશ્કેલી હોય, ઠેકાણું ન હોય, તે બધાંનું વિશ્રામસ્થાન ભાઈ યશવંત પંડ્યા હતા. કોઈ અદનો વિદ્યાર્થી, કલાકાર, કવિ કે લેખક હોય અથવા ઉચ્ચ કોટિની રાજદ્વારી કે સરકારી વ્યક્તિ હોય લોકનેતા હોય, -- યા દરેક ભાઈ યશવંતને સ્વજન કે મિત્રદાવે મળતા અને તેમની સહાય કે સૂચનાનો લાભ પામતા'. સહુ પ્રત્યે સરખો ભાવ. આતિથ્ય તો એમનું જ. રેશનિંગ ટાણે પણ સહુને ભાવથી જમાડતા. એમની પ્રત્યેક પ્રવૃત્તિમાં એમનાં પત્ની હીરાલક્ષ્મીબહેન સભાગી બનતાં. એ કુશળ ગુજરાતી સન્નારીએ એમના કામને સદા દીપાવ્યું. અંગત યાતનાઓ વેઠીને પણ આ 'માણસભૂખ્યા'નું ઘર સહુના માટે ખુલ્લું રહેતું હતું. ક્રિકેટ રમવા દિલ્હી આવનાર વિજય અને વિનુ માંકડ એમના જ અતિથિ બનતા.

યશવંત પંડ્યા ભલે વીમા કંપનીમાં જોડાયા, ભલે એમની સર્જનગતિ રોકાઈ ગઈ, પરન્તુ સાહિત્ય અને સાહિત્યકાર પરત્વેનો લગાવ જરાય ઓછો નહોતો થયો. રવિશંકર રાવળે 'કુમાર' સામયિક શરૂ કર્યું ત્યારથી એ એમના ચાહક અને પ્રોત્સાહક રહ્યા હતા. ૧૯૪૨માં જ્યારે 'કુમાર' રવિશંકર રાવળે બંધ કરવાનું વિચાર્યું અને બચુભાઈ રાવતે એને ટકાવી રાખવા લિમિટેડ કંપની બનાવી ત્યારે એને ટેકો આપવામાં યશવંત પંડ્યાનો ફાળો સાવ નોખો હતો. 'કુમાર'માં પ્રસિદ્ધ થતી કૃતિ પૈકીની ઉત્તમ કૃતિને પ્રતિવર્ષ 'કુમાર ચંદ્રક' આપવા એમણે આર્થિક સહયોગ આપ્યો હતો. અલબત્ત, ત્યારે બ.ક. ઠાકોરને ઇનામ માટે 'કુમાર' 'પૂરતું ક્ષેત્ર' લાગ્યું નહોતું. પરન્તુ એ તો છેક ઈ.સ. ૧૯૪૮ની વાત. 'કુમાર'ની જેમ જ ભાવનગરની શામળદાસ કૉલેજ, જ્યાં એમણે અભ્યાસ કર્યો હતો ત્યાંના ગુજરાતીના અભ્યાસ-ખંડમાં એમણે નર્મદ, કલાપી, કાન્ત, ગોવર્ધનરામ, નરસિંહરાવ, ગાંધીજી, આનંદશંકર ધ્રુવ, નાનાલાલ, ક.મા. મુનશી અને બળવંતરાય ઠાકોરની તૈલરંગી તસવીરો રવિશંકર રાવળ પાસે ખાસ ચિતરાવીને ક્રમશઃ કૉલેજને ભેટ આપી હતી, જે આજે પણ એમની સાહિત્યાનુરાગી વૃત્તિની સાક્ષી સમ છે. એ હરોળમાં પાછળથી ૧૯૫૭માં યશવંત પંડ્યાની પણ તસવીર ઉમેરાઈ હતી !

યશવંત પંડ્યા સાહિત્યના, સાહિત્યકારના ચાહક હતા તો મનુષ્યમાત્રના ચાહક હતા. વ્યક્તિ કોઈ પણ ક્ષેત્રની હોય, કોઈ પણ વર્ગની હોય એમની ચાહનામાં ક્યાંય ઓટ આવતી નહીં. આથી જ એ સહુના પ્રિય હતા. શિષ્ટતાના ભારે અનુરાગી. નવા વર્ષનું કાર્ડ પણ મનભર હોય. એમની દૃષ્ટિ વેધક. થોડા ટીખળી પણ ખરા; પરન્તુ ક્યાંય કોઈને દુભવવાની વાત નહીં. સારું શોધવાનું, કહેવા ટાણે કહે પણ એ માર્મિક ટકોર હોય. પાછળથી ડંખ નહીં. એ અજાતશત્રુ હતા. સત્તર વર્ષ દિલ્હીમાં એમણે પસાર કર્યાં. નિવૃત્તિની વય આવી નહોતી ને મોટી બિમારી પણ નહોતી આવી; માત્ર સ્વાસ્થ્ય થોડું કથળ્યું અને ઝબકારા સાથે જીવનરંગભૂમિ પરથી વિદાય લીધી -- નાટ્યાત્મક ઢબે જ સ્તો! એમની સાથે એમણે કલ્પેલી અનેક યોજનાઓ સંગાથી બની. ૧૪ નવેમ્બર ૧૯૫૫ - આસો વદ અમાસ, દીપોત્સવીનો દિન એમનો આ લોક પરનો છેલ્લો દિવસ. કાળ લઈ ગયો એમને. રહી માત્ર સુવાસ, રહ્યાં સ્મરણો, રહ્યો એમનો અક્ષરદેહ. જ્યારે પણ ગુજરાતી સાહિત્યમાં એકાંકીની જિકર થશે ત્યારે યશવંત પંડ્યાનું સ્મરણ અચૂક થવાનું. આંગળીના વેઢે ગણી શકાય તેટલી એકાંકીરચનાઓ હોવા છતાં 'ઝાંઝવાં', 'શરતના ઘોડા', 'રસજીવન', 'ઝાકળનું મોતી' જેવાં એકાંકીઓ અને 'સાકરનો શોધનાર' જેવી બાળનાટ્યકૃતિ એમને એકાંકીકાર તરીકે ઓળખાવવા પૂર્ણ ખપ લાગે તેવી રચનાઓ છે. જયંતિ દલાલે યોગ્ય નોંધ્યું છે : 'યશવંતની સાચી દેણગી એકાંકીના ક્ષેત્રમાં ભોંય ભાંગનારની છે. ભાષાના ઉપયોગમાં સાહસવૃત્તિ હતી અને એનો યશવંતે મન મૂકીને ઉપયોગ કર્યો છે. યશવંતનું મૌગ્ધ્ય અને નાટકનું મૌગ્ધ્ય બન્ને જાણે સ્થળ-કાળમાં એક થયાં !'

# 'રિમઝિમ'

હરીશ નાગ્રેચા

'માઈ ગૉડ, તું?' ફોન પર શર્મનનો અવાજ સાંભળી રિમઝિમનાં રોમરોમમાં આનંદના ફુવારા ફૂટ્યા, 'પૂનાથી તું ક્યારે આવ્યો? મળે છે ને સાંજે! યુઝઅલ, છ વાગે, જહાંગીર આર્ટ ગૅલેરિ પર. ઓ. કે.! ડોન્ટ બિ લેટ, સ્વિટુ.' ફોન મૂકતા રિમઝિમથી ચુંબનનો ચાળો થઈ ગયો. ક્ષોભમાં એ શરમાઈ : નફ્ફટ.

બપોરે ઑફિસમાં શર્મનનો અણધાર્યો ફોન આવ્યો ત્યાર પછી રિમઝિમનો દેહ, બૉય-ફ્રેન્ડ હોવાના અહેસાસમાં રણઝણવા માંડ્યો હતો. છેલ્લા દસ દિવસથી ચાતકની જેમ શર્મન માટે ઝૂરતું એનું મન અચાનક 'હેલો'થી મેઘધનુષથી કૉળી ઊઠ્યું હતું. અજાણ્યા ઉમળકામાં રિમઝિમ સામે ટેબલ પર પડેલા કાગળ પર ભીંસીને બે-ચાર ચોકડીઓ મારીઃ મળવા દે સાલાને સાંજે,ગૂંદી નાખીશ.

આનંદના અતિરેકમાં બેકાબૂ મલપતી રિમઝિમ, જાગેલી ઊર્જાને સંકોરવા ઊભી થઈ, વૉટર-કૂલર તરફ ગઈ. રશ્મિને ત્યાં જોઈ રિમઝિમે મસ્તીમાં એને પાછળથી ઊંચકી લીધી. રશ્મિ અકળાઈ: 'કેમ રે બહુ ખુશ છે ! આવી ગયો શું તારો રોમિયો પાછો મુંબઈ?'

રિમઝિમે આંખ મીચકારતાં 'હા'-માં માથું ધુણાવ્યું. રશ્મિએ એના ગાલે ચૂંટી ખણી.

'ડોન્ડ બિ નૉટિ. બિ અ ગૂડ ગર્લ. ક્યારે મળવાના છો?'

'સાંજે.' જીભથી રિમઝિમે પોતાના હોઠ પસવાર્યા.

'મારું નામ લઈ કંઈ જૂઠું બોલવાની હોય તો કહેજે મને,' રશ્મિ આંખ મીંચકારતી ચાલી ગઈ, 'ઑલ ધ બેસ્ટ!'

રિમઝિમને થયું એનું મન ફૂટબોલની જેમ કૂદે છે, ઝાલ્યું ઝલાતું નથી. ફોન આવ્યો તે પહેલાં સાવ શબવત્ હતું. ઘરે જઈને થતું ક્યારે સવાર પડે ને ઑફિસે જાઉં. ઑફિસ પહોંચીને થતું ક્યારે સાંજ પડે ને ઘરે જાઉં. પણ હવે....!

રિમઝિમે સમય નોંધ્યો. પાંચ. ક્લૉકરૂમમાં જઈ, એણે મોઢું ધોઈ લિપસ્ટિક લગાડી વાળ છોડી નાખ્યા-શર્મનને છૂટા જ ગમે છે. સુધ્યાં જ કરશે. એને બ્લાઉઝ ટાઈટ લાગ્યું, ભીંસાતું. બ્લાઉઝના છેલ્લા બટન પાસે મારેલી સેફ્ટિ-પિન કાઢી રિમઝિમે રાહત અનુભવી. ત્યાં આરસીમાં એણે ચાંપલી લતાને જોઈ. લતા એને પૂછે, આવવું છે ને ચર્ચગેટ સાથે, એ પહેલાં 'બાઈ' કહેતી રિમઝિમ છટકી.

ફાઉન્ટનથી કાલાઘોડા તરફ જતા રિમઝિમના થનગનતા પગ વિન્ડો-શૉપિંગ માટે અટક્યા. સફેદ, લિસ્સી ઘાટીલી મેનેક્વિન પર કાળી રેશમી, પારદર્શક નાઈટિ જોઈ રિમઝિમને પહેરવાની ઇચ્છા થઈ : કેવી લાગું ! ભૂંડીભખ. દાદીમાના શબ્દોએ રિમઝિમને ઝબકાવી. દાદી છે જ ડખો, જૂનવાણી. જે કંઈ કરવાનું મન થાય, બધાંનો એક જ જવાબઃ એ તું તારે ઘરે જઈને કરજે. બસ, બધું લગ્ન પછી. પણ લગ્ન ક્યારે? આજે તો શર્મનને પૂછી જ નાખવું પડશે.

પૂછવાના વિચારમાં ફૂટપાથનું ઠેબું ખાતા રિમઝિમે ગૅલરિના પગથિયાં પાસે શર્મનને ઊભેલો જોયો; ઊંચો,ટટ્ટાર,બ્રાઉન લહેરાતા વાળ, મર્ક્યુરાઈઝ્ડ ગૉગલ્સ, ઝીણી મૂછ, ગૉટિ-બિઅર્ડ. એને ભેટી પડવાનું મન થયું. પણ ઠેબાથી સમતુલા ખોઈ બેઠેલી રિમઝિમને જાળવવા શર્મન જ સામે ધસ્યો : 'આસ્તે રશ્મિ!'

'થૅંક યૂ,' શર્મનના સ્પર્શની ઉષ્માથી સ્થિર થતાં રિમઝિમ હસી, 'શું કરવું છે?'

'પિક્ચરમાં જઈએ, રિગલમાં, ચાલ.'

'અત્યારે! મેં મમ્માને કહ્યું નથી.'

'પ્લીઈ...ઝ..'

'તું દર વખતે આમ કરગરી ફોસલાવી જાય છે મને, નૉટિ!' રિમઝિમે આંખો મીચકારી, સેલ ફોન જોડ્યો.

'મૉમ, રિમ હીઅર, મૉમ, તને કહેતા ભૂલી ગઈ, આજે રશ્મિની બર્થ-ડે પાર્ટી છે. મોડું થશે. સ્નેહા છે સાથે. ચિંતા ના કરતી. બાઈ' રિમઝિમે જવાબ સાંભળ્યા વગર તરત ફોન ઑફ કરી દીધો.

'કેમ ખોટું બોલી ?' શર્મને રિમઝિમને ચીડવી. રિમઝિમે ગિલ્ટ ઉડાડવા, ખોટી ચીડમાં શર્મન સામે જીભ કાઢી.

તેઓ જ્યારે થીએટર પર પહોંચ્યાં ત્યારે ત્યાં કાગડા ઊડતા હતા. ટિકિટ કઢાવતાં રિમઝિમ અકળાઈ: 'પિક્ચર બંડલ લાગે છે.' 'તું પિક્ચર જોવા આવી છે?' શર્મને મસ્તીમાં રિમઝિમનો હાથ દબાવ્યો. હસી પડી. બંને થીએટરમાં પ્રવેશ્યાં. ક્યારના દૂરથી એમને તાક્યા કરતા બે પુરુષો તરત એમને અનુસર્યા. રિમઝિમને ગમ્યું નહીં.

થીએટરમાં અંધારુ હતું. ટાઈટલ્સ શરૂ થઈ ગયાં હતાં. ટૉર્ચ મારતો ઉસર બબડ્યો : સબ ખાલી હૈ, કિધર ભી બેઠો. શર્મન અને રિમઝિમ એક્ઝિટ પાસે ખૂણાની સિટ્સ શોધી ગોઠવાયાં. આસપાસ કોઈ ઓળા દેખાતા નહોતા. રિમઝિમને થયું, એમને તાક્યા કરતા પેલા બે પુરુષો ક્યાં જઈ બેઠા હશે?

શર્મને જમણો હાથ રિમઝિમના ખભે મૂક્યો. એની નિરાવરણ બાંયની માંસલતા સ્પર્શતાં, એણે ઝૂકીને રિમઝિમના વાળ સૂંઘ્યાં-'આજે ખૂબ સરસ લાગે છે તું.'

'તને શું એકલાં ને જ ? લગ્નનું બોલતો કેમ નથી?'

'જો રિમ,' શર્મને ગાલથી ગાલ ચાંપ્યો, 'સારું, સ્વતંત્ર

ઘર અને સારા પગારની જૉબ મળ્યા સિવાય તું ઉતાવળ ન કરાવતી.'

'ગ્રૅજ્યુએશન પછી, પપ્પાએ મને બે વર્ષ આપ્યાં હતાં. પૂરાં થઈ ગયાં. હવે દાદીમા છોકરા જોવાનું વધુ ઠેલવા નહી દે; નહી પપ્પા દાદીમાને વધુ નારાજ કરે. એવું બને એ પહેલાં...!'

'આપણે જાહેર કરી દઈશું, બસ...!'

'તારે હજી જૉબ નથી. તારું ઘર કાંદિવલીની ચાલમાં છે, તું પટેલ છે. પપ્પા કોઈ દિવસ નહીં માને. દાદી મારું જીવવું હરામ કરી નાખશે.' બંને વચ્ચે સોપો પડી ગયો. શ્વાસ હાંફવા લાગ્યા. શર્મનનો હૂંફાળો અવાજ કરગર્યો.

રવિવારે મળશે, મારા મિત્રના ઘરે? મને ચાવી આપીને તેઓ વિક-એન્ડ માટે માથેરાન જાય છે. આખો દિવસ આપણે ઘરમાં એકલાં નિરાંતે બેસીને બધું નક્કી કરી નાખીશું, બસ! પણ અત્યારે.....'

શર્મને પોતાના કંપતા હોઠ વચ્ચે રિમઝિમના હોઠ ભરી લીધા. રક્ત-વેગે માઝા મૂકી. હોઠોમાં ઝનૂન જન્મ્યું. એની હથેળી મસૃણતાથી ઊભરાઈ. ભીંસમાં કણસી ન પડાય એ બીકે રિમઝિમે શર્મનનો હાથ પકડ્યો, ને નકારમાં માથું ધુણાવવા જતાં, હોઠની નાગચૂડ છૂટી ગઈ. આમ રહી રહીને થયાં કર્યું.

પિક્ચર પૂરું થવાના અનુમાનમાં રિમઝિમે અંધારામાં જ વાળ સમર્યા, છેડો સરખો કરી લિપ-સ્ટિક લગાડી.

એકાએક પ્રકાશ થયો. રિમઝિમે જોયું, બાલકનિમાં છૂટાંછવાયાં બે-ચાર યુગલ એકબીજાંથી નજર ચોરતાં ઊભાં થઈ એકઝિટ તરફ સરી રહ્યાં હતાં. પેલા બે પુરુષો છેલ્લી હરોળમાં બેઠા એને અને શર્મનને તાકી રહ્યા હતા. ઈડિયટ્સ. રિમઝિમને એમનું તાકવું ખટક્યું.

થીએટરમાં જે થયું, એ નહોતું થવું જોઇતું એવા વસવસામાં માથું ધુણાવતી રિમઝિમ આ વખતે પણ બહાર આવી. નૉટ નેક્સ્ટ ટાઈમ. જાતને ચેતવતા, એણે શર્મનનો હાથ છોડી ધા નાખી:ટૅક્ષી!

'વ્હાઈ ટૅક્ષી રિમ? ચાલ, યુનિવર્સિટીની પાછળથી ચર્ચગેટ જતાં રહીએ. હજી તો સાડા આઠ જ થયા છે.!'

રિમઝિમનો હાથ પકડી શર્મન રસ્તો ક્રૉસ કરી ગયો. રિમઝિમ ઢસડાઈ. 'અત્યારે એ રસ્તો સાવ સૂમસામ અને અંધારો હશે.' દહેશતમાં રિમઝિમે આમતેમ જોયું. બે પુરુષો ક્યાંય ન દેખાયા. 'કેમ ડરે છે? સાથે છું ને હું!' સિ.જે.હૉલ પાસેથી પસાર થઈ, બંને વાતો કરતાં યુનિવર્સિટી તરફ ચાલવાં લાગ્યાં. અચાનક આર્મિ-ઍન્ડ-નેવિ બિલ્ડિંગ પાસે પેલા બે પુરુષોને જોઈ, રિમઝિમ ઠીંગરાઈ ગઈ. શર્મનને ધકેલતા એણે ઝડપ વધારી.

ઑવેલ મેદાન પાસે તેઓ પહોંચ્યાં ત્યારે બધે સૂનકાર હતો. દૂર ઈરોઝ અને ચર્ચગેટ પાસેની ચળકતી નિયૉન-સાઈન્સ જોઈ રિમઝિમના જીવમાં જીવ આવ્યો. વળીને એણે પાછું જોયું. બે પુરુષો અનુસરતા હતા. રિમઝિમે શર્મનનું ધ્યાન દોર્યું

'આપણા જેવા રાહદારીઓ હશે, એ ય ચર્ચગેટ જતા હશે.' શર્મન હજી વાક્ય પુરુ કરે એ પહેલાં ચિત્કારતી એક લાલ મારુ તિવૅન ફૂટપાથ પાસે આવી અટકી, અને ફટાક કરતું બારણું ખૂલ્યું.

શું-થયું એની શર્મન અને રિમઝિમને સમજ પડે એ પહેલાં એમને અનુસરતા પુરુષો દોડી આવ્યા. એમાનો એક પુરુષ શર્મનને ઊંચકી, વૅનમાં ધકેલતો ચડી ગયો. રિમઝિમે હેલ્પની ચીસો પાડતાં પકડવા ઝાવું માર્યું. વૅન દોડી ગઈ. રિમઝિમે બીજા પુરુષનો હાથ પકડ્યો. પુરુષે રિમઝિમની છાતી પર ઝપટ મારી પાલવ ખેંચ્યો. હેબતાઈ ગયેલી રિમઝિમ ચિત્કારતી બેસી પડી. પુરુષ ઝાડી કુદાવી ઑવેલમાં ઊભરાતાં અંધારામાં ઓગળી ગયો.

*

રિમઝિમને હીબકમાંથી કળ વળી છતાં, વાડ કૂદતો પેલા પુરુષનો ઓળો એની નજરમાંથી ખસતો નહોતો. સાડીછેડો કસી, કેડે ખોંસતા એ ઊભી થઈ, લથડતી, ચર્ચગેટ તરફ ચાલવા લાગી. હડકાયા કૂતરા જેવા સો સવાલો એની પાછળ પડ્યા હતા.

એ લોકો કોણ હતા? શર્મનને કેમ કિડનૅપ કરી ગયા? ભૂલથી મારા બદલે શું શર્મનને ! માઈ ગૉડ! શર્મને આવા લોકો જોડે કેમ પનારો પાડ્યો હશે? શર્મન શું કરે છે? એ કોણ છે? ઘરે જઈને શું કહીશ? મમ્માએ રશ્મિને ફોન કર્યો હશે ને જુઠાણું પકડાઈ ગયું હશે તો? શર્મનના ઘરે કેમ ખબર પડશે? પોલીસ પાસે [illegible] ને પૂછશે હું કોણ છું, તો? ડેડી હાર્ટ પેશન્ટ છે, આઘા [illegible] રિમઝિમ કમકમી ગઈ. મમ્મા પૂછશે શર્મન કોણ [illegible] કહીશ-બૉયફ્રેન્ડ! નાલેશીની બીકમાં ઘુમરાતી એ ક્યારે ચચંગેટ પહોંચી, ક્યારે સાંતાક્રુઝ ઊતરી, ક્યારે ડોર-બેલ વગાડી એની એને ખબર ન પડી.

ઘટના પછી શર્મન માટે એ કશું કર્યા વગર ઘરે આવતી રહી હતી, એનો અપરાધ-બોજ રિમઝિમના મનમાં એટલો બધો હતો કે બારણું ખોલતા પ્રમથેશના સહજ સવાલ - કેમ આટલું મોડું થયું દીકરા-ની સામે એણે વડચકું ભર્યું : તો શું મને ફાંસી દેશો? અને ત્રાગામાં મોં ચડાવી રિમઝિમ પોતાના રૂમમાં જતી રહી. કોઈ કાંઈ બોલ્યું નહીં.

સવારે દાદીમાએ રિસાયેલી રિમઝિમને લાડ કરવાનો પ્રયત્ન કર્યોઃ બેટા, એ તારો બાપ છે, એને ચિંતા તો થાય ને ! પપ્પાએ મમ્માના સમ કહી નાસ્તો કરાવ્યો. સૉરી ડાર્લિંગ લખી

પ્રમથેશ રિમઝિમના હાથમાં ચિઠ્ઠી આપી ગયો. રિમઝિમનો જીવ હણાઈ ઊઠ્યો. એને થયું આ ત્રણમાંથી કોઈ પણ વધુ લાડ કરશે તો એ કબૂલાતમાં ધ્રૂસકે ધ્રૂસકે રડી પડશે. એ ક્ષણને ટાળવા એકાએક રિમઝિમ પર્સ ઉપાડી ઑફિસ જવા દોડી.

રીસ-રોષમાં હાંફતી એ સાંતાક્રુઝ સ્ટેશને પહોંચી. ડૂમો ભરાયેલો હતો. એને કોઈ જોડે વાત કરવાનો મૂડ નહોતો. એ ઓલવાઈ ગઈ હતી. અંધેરીથી આવતી એની ફ્રેન્ડ્ઝ, જે ટ્રેનમાં એના માટે બેસવાની જગ્યા રાખતી હતી એ ૯-૧૦ની ટ્રેન રિમઝિમે છોડી દીધી, ને ૯-૨૫ની દરવાજે લટકતાં પકડી. બાંદ્રા સુધીમાં રિમઝિમને દરવાજાની અંદર અઢેલીને ઊભા રહેવાની જગ્યા મળી ગઈ. મોં પર અફળાતા હવાના ફરેરાએ ભૂતકાળમાં ફંગોળી.

રશ્મિ જ જવાબદાર છે. અપરાધભાવ ઓછો કરવા રિમઝિમે વિનાકારણે રશ્મિને દોષ દીધોઃ નકામી એ પાછળ પડી ગઈ હતી 'સાલી, આપણા ગ્રૂપમાં સૌને બૉયફ્રેન્ડ છે. તું જ છો એક સાવ કોરીમોરી. બાયલી છોકરી થઈને બૉયફ્રેન્ડ નથી? શેમ ઑન યૂ. રિસેપ્સનિસ્ટ છો, વિઝિટરને જોતો ખરી! રશ્મિનું બિન્ધાસ્ત મહેણું એને ખટક્યું હતું. ઊણું અનુભવતાં એણે કરવા ખાતર છાશિયું કર્યું હતું 'એંગેજ્ડ છે તોય શરમાતી નથી!'

મહિના પછી શર્મન પાછો ઑફિસમાં દસ્તુર સરને મળવા આવ્યો ત્યારે રિમઝિમે બે-ત્રણ વાર એને જોઈ લીધો હતો. એને થયું હતું શર્મન ન તો કાકડી હતો, ન તો કૅડબરી, પણ કંઈક હતું એમાં ગમી જાય એવું. ગૌરવ આપતું. જતી વખતે શર્મન એને 'થૅંક યૂ. મૅમ' કહેતો ગયો હતો. એનો અવાજ મીઠો હૂંફાળો હતો, સાંભળવો ગમે એવો. પ્રતિસાદમાં એ 'યૂ આર વેલકમ' જેવું કંઈક રણકી હતી. સાંજે ઘરે જતાં શર્મનનું નામ લઈ રશ્મિ ખૂબ ચગી હતી. સૌની હરોળમાં પહોંચી ગયાનાં સંતોષમાં એ મલકી હતી.

બે મહિના પછી દસ્તુર સરને મળી પાછા જતા શર્મન રિમઝિમના ટેબલ પર ચિઠ્ઠી મૂકતો ગયો હતો-'મને મૈત્રી કરવી ગમશે. તમને?' કોને ખબર ક્યારે, કેમ ફોન પર વાત કરતાં થઈ ગયાં, સાંજે સાથે કૉફી પીતાં થઈ ગયાં, રોજ ફાઉન્ટથી બસમાં સાંતાક્રુઝ સાથે જતાં થઈ ગયાં. એક દિવસ રશ્મિએ બહુ ચીડવી, તે એણે ઝટકો દઈ દીધોઃ'હા છે, અફેઅર, તે શું?'

'ચલો, બીચ મેં ખંભે કી તરહ ક્યું ખડી હો!' ચર્ચગેટ સ્ટેશન આવતાં ઉતાવળિયાં મુસાફરોના ધક્કાએ રિમઝિમને ડબ્બાની બહાર ફંગોળી. અડબડિયું ખાતાં એને ધ્રાસકો પડ્યોઃ આજે મને કોઈ પૂછે તો નામ સિવાય શર્મન વિશે હું બીજું શું જાણું છું? બસ, બૉયફ્રેન્ડ! માઇ ગૉડ!

ઑફિસમાં કાગડોળે રશ્મિ રિમઝિમની રાહ જોઈ રહી હતી, પૂછવા કે ગઇ કાલે સાંજે એણે કેવાં પરાક્રમ કર્યાં. પણ ધોળી પૂણી જેવી, પગ ઢસડતી રિમઝિમને આવતી જોઈ એનો મશ્કરી કરવાનો મૂડ ઊડી ગયો. એણે તરત પૂછ્યું : 'રિમ, શું થયું, આર યૂ ઑલ રાઈટ!'

ટેબલ પર પર્સ પડતી મૂકી, રશ્મિનો હાથ પકડી રિમઝિમ એને ક્લૉકરૂમમાં ઘસડી ગઈ, ને ગઈ કાલે સાંજની રશ્મિને વાત કરતાં એ ધ્રૂસકે ચડી ગઈઃ શું કરું રશ્મિ, મને કંઈ સૂઝતું નથી, હું શું કરું? શર્મન ક્યાં હશે, કેમ હશે? એને કેમ ઉપાડી ગયા હશે? એ લોકો કોણ હતા? કોને પૂછું, ક્યાં જાઉં? કોને કહુંઃ મમ્મી-ડૅડીને? શર્મનના મા-બાપને? પોલીસને?

એકધારું ગાંડાની જેમ રિમઝિમ બબડતી રહી, જ્યાં સુધી રશ્મિએ પવાલું ભરી એના મોં પર પાણી ન છાટ્યું.

'ચૂપ, એકદમ ચૂપ થઈ જા. વાતનું વતેસર ન કર.' રશ્મિએ રિમઝિમને વારી, 'વિચારવા દે. લંચમાં બહાર જશું ત્યારે વાત.'

મનોરમાને ક્લૉકરૂમમાં આવેલી જોઈ, રશ્મિ રિમઝિમને ક્લૉકરૂમની બહાર લઈ ગઈ.

લંચટાઈમમાં રશ્મિ અને રિમઝિમથી, ચિંતા અને રડવા સિવાય કંઈ થઈ શક્યું નહીં. ઊઠમણામાંથી પાછાં ફર્યાં હોય તેમ સોગિયલ મોંએ બંને ઑફિસે આવ્યાં. રિમઝિમના પેટમાં વમળો ઘોળાતાં હતાંઃ શર્મન સેફ તો હશેને ? કાંદિવલી ઘરે પહોંચી ગયો હશે?

ફોન રણકતાં રિમઝિમ ઝબકી. એણે એમ ઝાવું માર્યું જાણે ફોન શર્મનનો હોય.

'હેલો, શર્મન?'

'તમે કોણ? રિમઝિમ! હું શર્મનની બહેન છું બિન્દુ.'

'બિન્દુ !' રિમઝિમ થોથવાઈ.

'ભાભી, શર્મન ગઈકાલ રાતથી ઘરે નથી આવ્યો. તમને ખબર છે. ક્યાં છે? હેલો...ભાભી, બોલોને...હેલો..' રડમસ હેલો ફોનમાં ગૂંજતો રહ્યો.

ભાભી! સ્તબ્ધ થઈ ગયેલી રિમઝિમે રીસિવર ક્યારે ટેબર પર મૂકી દીધું એની એને ખબર ન રહી. શર્મન ઘરે નથી પહોંચ્યો! ડૂમો વછૂટતાં રિમઝિમની આંખો ઝરવા લાગી. એ ઊભી થઈ ગઈ. એને થયું, ઑફિસમાં બીજા ત્રણ કલાક નહીં નીકળે. દસ્તુર સર પાસે વહેલા જવાનું કન્સેશન લઈ બાવરી જેવી રિમઝિમ ઑફિસમાંથી તરત નીકળી ગઈ.

*

ક્યાં ગઈ હશે? ઑફિસમાં ફોન કરતા પદ્માએ જ્યારે જાણ્યું રિમુ વહેલી નીકળી ગઈ છે ત્યારે તે ચિંતામાં બબડીઃ 'માંડ્યું છે શું આ છોકરીએ? રાતે સામે બેસાડીને પૂછવું પડશે એને, છે શું?'

'શું હોય? ખોળિયાના અજંપાના ઉધામા, દેખાતા નથી?'

પદ્માનો બબડાટ સાંભળી, સોપારી કાતરતાં દાદીમાએ ટપકું મૂક્યું,'રતિલાલનો પીયૂષ અમેરિકાથી આવે છે, દેખાડી, છોડીને ઘરભેગી કરી દે. એના લેવટું જન્મશે તે થઈ જાશે ટાઢી બોળ.'

દાદીમા સામે કંઈ તોછડું બોલાઈ ન જવાય એ બીકમાં પગ પછાડતી પદ્મા રૂમની બહાર નીકળી ગઈ.

'જાવ,' દાદી તાડૂક્યાં,' અત્યારે ઓંઝુ લાગે છે, પણ કાલે રાતે પાણીએ રોશો ત્યારે ડોશીને યાદ કરશો.'

*

ટ્રેનમાં બેઠાં બેઠાં શર્મનની વાતો યાદ કરીકરીને રિમઝિમને એના ઘરનું સરનામું કાગળ પર ગોઠવ્યું: હુસનાબાઈની ચાલ, રૂમ નંબર નવ, છેડા સ્ટોરની પાછળ, સ્ટેશન રોડ, કાંદિવલી વૅસ્ટ.

સ્ટૅશનની બહાર નીકળી રિમઝિમે રિક્ષા પકડી. છેડા સ્ટૉર પાસે રિમઝિમને ઉતારવા રિક્ષાવાળાએ ગલીમાં ચાલને ચીંધી.

ગલીમાં પ્રવેશતાં જ રિમઝિમને સ્ત્રીસહજ સ્ફુરણ થયું. લોકો એને હેરતમાં જોઈ રહ્યાં છે. એને ટાઈટ જિન્સ અને ટિ-શર્ટનો ક્ષોભ થયો. ચાલ શોધતા એણે આમતેમ જોવા માંડ્યું, દહેશતમાં.

કેવું હશે શર્મનનું ઘર? એની બહેન, એનાં મા-બાપ? શું કહીશ એમને હું કોણ છું ? કહી શકીશ શર્મન મારી નજર સામે ...! મને આવકારશે, કે ધુત્કારશે? સાડી પહેરીને ન આવ્યાંનો એને અફસોસ થયો. અજાણ્યા વિસ્તારમાં, અજાણ્યાં લોકો વચ્ચે સાવ એકલી...! એણે ગૉગલ્સ કાઢી નાખ્યાં. ચાલના ભોંયતળિયાના ઘરની બારીમાંથી મૂંઝાયેલી નજરે એને તાક્યાં કરતી મેલીઘેલી સ્ત્રીને રિમઝિમે પૂછયું: 'શર્મન પટેલ ક્યાં રહે છે?'

સ્ત્રીની આંખો ફાટી ગઈ. ખિખિયારીમાં ડાચિયું કરતી એ પડદા પાછળ સંતાઈ ગઈ. ધૂળમાં રમતા ત્રણચાર ગોબરાં ટાબરિયાં દોડી આવ્યાં, ને ટગર ટગર રિમઝિમને જોતાં, અનુસરવા લાગ્યાં.

હાંફળાંફાંફળાં નવ નંબરની રૂમ શોધી રિમઝિમે ડોર-બેલ વગાડી. ચાલમાં બે-ત્રણ બીજા દરવાજા ખૂલ્યા, અડધા, ચહેરા ડોકાયા, ઘૂરકતા, ક્ષોભમાં ફરી ડોર-બેલ વગાડતા રિમઝિમનું ધ્યાન ગયું. બારણે તાળું હતું. ભોંઠપમાં એણે આમતેમ જોયું: કોને પૂછું? ચારેકોર અભાવગ્રસ્ત આંખો જોઈ એ ડઘાઈ ગઈ. શર્મન આવામાં રહે છે? હું ખોટી જગ્યાએ નથી આવીને? કે પછી સાચું સરનામું શર્મને આપ્યું જ નથી! ફફડતી રિમઝિમે ગલીની બહાર નીકળવા દોડવા માંડ્યું : મમ્માઆ...!

*

ઘરે પહોંચી ત્યારે રિમઝિમનું માથું ફાટફાટ થતું હતું. પગ ગળતા હતા. પદ્માએ દરવાજો ખોલ્યો કે કાંદિવલીથી દોડતી આવી હોય તેમ હાંફતી રિમઝિમ એના હાથમાં ઢળી પડી.

'તને તો તાવ છે, રશ્મિ!' પદ્માને ફાળ પડી. રિમઝિમ ધ્રૂજતી હતી, 'શું થાય છે, બચ્ચા?'

કપડાં બદલી પદ્માએ રિમઝિમને સુવડાવી, ડૉ. પુષ્પાને ફોન કર્યો. રાત આખી પ્રમથેશ, પદ્મા અને દાદીમા રિમઝિમની પથારી પાસે ચિંતાતુર ટીંગાતાં રહ્યાં. વિચારમાં કણસતી રિમઝિમ સામે હુસનાબાઈની ચાલ ડણકતી રહી.

ત્રીજે દિવસે પણ તાવ ન ઊતરતાં ડૉ. પુષ્પા મૂંઝાઈ ગઈ. શું કરવું ? રિમઝિમ ઓગળી જઈ રહી હતી. ડૉ. પુષ્પાનું માનવું હતું કે છોકરી કોઈ વાતની શેહ ખાઈ ગઈ છે. એને સેફ, સુરક્ષિત ફીલ કરાવવાની જરૂર છે. રિમઝિમના પલંગની પાંગતે બેઠાં દાદીમાએ રાત-દિવસ હનુમાન-ચાલિસાના પાઠ શરૂ કરી દીધા.

સગાંવ્હાલાં, આડોશીપાડોશી, મિત્રો જે કોઈ રિમઝિમને જોવા આવતાં, એને જોઈ લેવાઈ જતાં : અચાનક આ શું થઈ ગયું રિમુને? વિઝિટરોની આંખોમાં રિમઝિમ એક જ પ્રશ્ન વાંચતી : તને ખબર છે શર્મનનું શું થયું છે, તો ય તું બોલતી કેમ નથી? પેલો રિબાતો હશે, ને તને એની પડી નથી, સ્વાર્થી! પ્રેમ ખાતર નહીં, ફ્રેન્ડશિપ ખાતર નહીં, તો માણસાઈ ખાતર કોઈને કહે, કંઈક કરે.

વિચારોની કાગારોળ જ્યારે સહેવાતી નહીં ત્યારે હવામાં હાથ લંબાવી ગિલ્ટ ખાળવા, છળી મરતી રિમઝિમ, નકારમાં ચીસો પાડતી.

સાતમે દિવસે તાવ ઊતરતાં, ઊંઘમાં રિમઝિમના મોંમાંથી ત્રૂટક સરકેલાં, શર-મન, શબ્દો સાંભળી પદ્માએ જ્યારે ડૉ. પુષ્પાને કહ્યું ત્યારે એક આશાનું કિરણ ફૂટ્યું, પણ તાળો ન મળ્યો. શર-મન એટલે શું? સર, ઑફિસમાં બૉસ, એની જોડે અનબન કે અફેઅર? ધૂંઆંપૂઆં પ્રમથેશે પૂછયાં વગર તરત રિમઝિમનું રાજીનામું ઑફિસમાં મોકલી આપ્યું.

રિમઝિમની તબિયતને વધુ લથડતી અટકાવવા પ્રમથેશે મહામૃત્યુંજયના પાઠ શરૂ કરી દીધા. જુહુથી પ્રભાદેવી સુધી ઉઘાડે પગે ચાલતા જઈ પદ્મા વિઘ્નકર્તા સિદ્ધિવિનાયકની પૂજા કરાવી આવી. દાદીમાએ દોરા-ધાગા કરવા ભૂવા ધુણાવ્યા. કોયડો ઊકલ્યો નહીં.

ત્રણેને ચિંતામાં એની આસાપાસ ફરતાં જોઈ, હિણભાવમાં રિમઝિમ પોતાને ના-લાયક સમજતી. ઘણી વખત વિચારમાં જ શું-થયું-હતું એનું મનોમન બધાને બયાન કરતી: મમ્મા-ડૅડીના દ્રોહ માટે માફી માગતી. શર્મનનાં મા-બાપને કંઈ-કરો એમ કરગરતી. રશ્મિ જોડે પોલીસ સ્ટેશને જતી. ક્યારેક

શર્મનનો સ્પર્શ યાદ આવતાં નૅપકિનથી પોતાના હોઠ ભીંસીને લૂછયાં કરતી, છાતી અને સાથળ પર અળસિયાં સળવળતા હોય તેમ આંગળીઓના સ્પર્શને સૂગમાં ખંખેર્યા કરતી. પોતીકાંને આમ આઘાત પહોંચાડવા કરતાં....!

રિમઝિમ દુણાતી રહેતીઃ તું ક્યાં સુધી મૂંગી રહેશે? ઉઘાડી પડી જવાની બીકે તું શર્મનને દગો દેશે? કહી નાખ રિમ, કહી નાખ! કહી નાખું અને પપ્પાથી જિરવાય નહીં, કંઈ અણઘટતું બને તો?

દગા અને દોષ વચ્ચે રહેંસાતી રિમઝિમ નિશ્ચેષ્ટ પડી રહેતી. ક્યારેક પાપભાવમાં ઘૃણા જન્મતી ત્યારે, ચામડી પરના સ્પર્શને ઉખેડવા શરીરને ખુન્નસમાં ઊઝરડી નાખતી- લોહી લોહી. હિસ્ટરિક થતી જતી રિમઝિમને જોઈ ડૉ. પુષ્પા અતિશય અપસેટ હતીઃ મસ્ટ કન્સલ્ટ અ સાઈકોલોજિસ્ટ, ડૉ.શ્રોફ.

*

દસમે દિવસે સાંજે રશ્મિ રિમઝિમને મળવા આવી. એ થોડી ગભરાયેલી હતી. રશ્મિને જોઈ પદ્મા ખુશ થઈ ગઈ.

'સારું થયું તું આવી. રિમ પાસે બેસ, હું ચા લઈ આવું.' પદ્મા રૂમની બહાર ગઈ. રિમઝિમને જોઈ રશ્મિ ભડકી.

'અરે, શું હાલ કર્યા છે તેં તારી તબિયતના, જો તો ખરી.! શર્મન કિડનૅપ થયો એનો દોષ તેં તારા માથે કેમ લઈ લીધો છે, પાગલ? એ કરતો હશે એવા કામો તે ભોગવે ! સમજ, તું છૂટી. ભૂલી જા એને. બૉય-ફ્રેન્ડઝ આર ફોર ફન. ડૉન્ટ ફિલ કમિટેડ. રાત ગઈ બાત ગઈ. ફર્સ્ટ યૂ ગેટ વેલ સૂન, ઓ.કે! નાવ ચીઅર અપ!'

રિમઝિમને ઉત્સાહિત કરવા રશ્મિએ પ્રયત્નો કર્યા. પણ રિમઝિમની સૂની આંખોમાં એક જ પ્રશ્નનું શબ લટકતું હતુંઃ શર્મનની કંઈ ખબર? રશ્મિએ નારાજ થઈ, નછૂટકે ન્યૂઝ પેપર ખોલી ફોટો દેખાડ્યો. ફોટો જોઈ રશ્મિ આંચકા સાથે બેઠી થઈ ગઈઃ શર્મન !

શર્મન શબ્દ કાને પડતાં, ચા લઈને આવતી પદ્મા ચમકી એ ઘડિક ઊંબરા બહાર અટકી. પછી રહીને સાયાસ હસતી રૂમમાં પ્રવેશી. પદ્માને જોઈ રશ્મિએ હાંફળાફાંફળાં પેપર ખેંચી, વાળીને મૂકી દીધું.

'થૅંક યૂ આન્ટિ!' રશ્મિ વીલુ હસી.

'મમ્મા, રશ્મિને નાસ્તો આપને!' રિમઝિમે પદ્માને બહાર મોકલવાનું બહાનું શોધ્યું.

'શ્યૉર તું પણ કંઈક ખાશેને રશ્મિ સાથે!' રિમઝિમે માથું ધુણાવ્યું. પદ્માએ બહાર જતાં સહજતાથી રશ્મિને પૂછયું :

'પેપર જોવા લઈ જાઉં?'

પેપર લઈ જતાં પદ્માને રશ્મિ કે રિમઝિમ રોકી શકી નહીં. ઉતાવળે રસોડામાં જઈ, પ્લૅટફૉર્મને અઢેલી, પદ્માએ અંધીરા અનુમાનમાં પાનાં ફેરવવાં માંડ્યાં. સર-મન! બેઉ જણીઓ શું જોતી હતી ? અચાનક સાતમે પાને પદ્માની નજર એક ફોટા પર પડી. ગુમ-થયો-છે. એણે વાંચ્યું : વ્હાલા શર્મન, માંનું છેલ્લે મોં જોવું હોય તો તરત પાછો ફર-રમેશ પટેલ!

કોઈ રહસ્ય ઊકલી ગયાંની રાહતમાં પદ્મા ફૂટડા યુવાનની તસવીરને તાકી રહી. લો આ શર્મન છે!

*

અડધી રાતે બાથરૂમ જઈ પાછા વળતાં, ઊંઘમાં જ ચૂંથાતા રિમઝિમના ચહેરાને જોઈ પદ્માનો જીવ કપાઈ ગયો. પદ્મા રિમઝિમ પાસે જઈ બેઠી. એનો હાથ પોતાના હાથમાં લઈ પસવારવા લાગીઃ ગાંડી, મા પર એટલો જ વિશ્વાસ ! બચુ, તારે મને કહેવું તો હતું ! તું ગભરાઈને માંદી પડી ગઈ ને એ બીને ભાગી ગયો? શું કામ? પ્રેમ કર્યો હતો, પાપ તો નહીંને? ગમે તે કોઈ વ્યક્તિ. બસ, ગમે એટલે ગમે. તને ગમે અમને તો ગમે જ ને, બચુ! જો વિરોધ કરીએ તો પારખાં કરવાં પરિસ્થિતિનાં, વ્યક્તિનાં, પરિવારનાં, સંગતિનાં. તારું સુખ તે અમારું સુખ, પણ પપ્પા-મમ્મીનો આમ જીવ ઉરાડી નાખવાનો? તારા સિવાય છે કોણ અમારું ? પદ્માની આંખમાંથી આંસુ ખરવા માંડ્યાં. હુંય હતી છોકરી. હું ય ઝૂરી હતી પ્રમથેશ માટે. થાય પ્રેમ. થાય કોઈકને જાત સોંપી દેવાની ઇચ્છા થાય. કેમ ન થાય? તનેય થઈ હશે. પણ...'

પદ્માએ મૂઠીમાં ભીડી રાખેલું પેપર-કટિંગ રિમઝિમની બંધ આંખો સામે ધર્યું : શોધી કાઢીશ આને હું. આજ છે ને શર્મન!

*

આ-જ-છે-શર્મન? ક્રાઈમ બ્રાન્ચ કાંદિવલીના ઈન્સ્પેક્ટર પરમારે સવાલ સાથે, રમેશ પટેલ સામે ન્યૂઝ-પેપર ફેંક્યું.

'હા, મારો દીકરો.' પટેલ ગળગળો થઈ ગયો,' દસ દિવસથી ગુમ છે.'

'પટેલ,જો તું ભૂલ તો નથી કરતોને ઓળખવામાં?'

'મારા દીકરાને ઓળખવામાં હું ભૂલ કરું?'

ઈન્સ્પેક્ટરે ફાઈલમાંથી બીજો એક રંગીન ગ્લૉસી ફોટો કાઢી પટેલ તરફ ફેંક્યો.

'બોલ, તો આ કોણ છે?'

'મારો શર્મન. તમારી પાસે આ ફોટો ક્યાંતી આવ્યો?'

'પટેલ,' ઈન્સ્પેક્ટરે એને ડારવા માંડ્યો,'કાં તને ખબર નથી તારો દીકરો શું કરે છે, કાં તું બેખબર હોવાનું નાટક કરે છે; કોઈને છેતરવા તેં આ ફોટો પેપરમાં છપાવ્યો છે અથવા તને તારો દીકરો જ છેતરી રહ્યો છે. બોલ, શું છે?'

સમાચારપત્રમાં છપાયેલા શર્મનના ફોટાને અને ઈન્સ્પેક્ટરે આપેલા ફોટાને રમેશ પટેલ ઝીણી નજરે સરખાવતો

જોઈ રહ્યો.

'સાહેબ, તમે માનો, આ બંને ફોટા મારા શર્મનના જ છે'

'અમારી ક્રાઈમ બ્રાન્ચની ફાઈલમાં,' ઈન્સ્પેક્ટર પટેલની નજીક ગયો, ' આ ફોટો મુનીર માછલીનો છે, મુલુંડના નામચીન હપ્તા ઉઘરાવનાર ડૉનનો. બોલો ક્યાં મળશે એ 'ભાઈ'?'

રમેશ પટેલ ધ્રૂજવા લાગ્યો.

'સાહેબ તમારી ભૂલ થાય છે.'

'અમારી ભૂલ ન થાય એટલે જ ફોટો જોઈ કમિશનરે તપાસ કરવા મને ખાસ તમારે ઘરે મોકલ્યો છે.'

'સાહેબ, આ શર્મન છે, મારો દીકરો દસ દિવસથી ગુમ છે.'

'એ ગુમ નથી થયો. લાગે છે, એનું અપહરણ થયું છે.'

'અપહરણ'! પટેલ ઘા ખાઈ ગયો, 'શું કામ?'

'અમારું અનુમાન છે, પુલીસને અને અંડરવર્લ્ડ બંનેને છેતરવા કાં મુનીર મછલીએ પોતે જ શર્મનનું અપહરણ કર્યું છે, અથવા મુનીરને રાઈવલ ગેંગે ફસાવવા એને ઉપડાવી લીધો છે.'

'શર્મન નિર્દોષ છે, એના પાસે એવું કશું જ નથી, જે મેળવવા એનું કોઈ અપહરણ કરે!' પટેલે ઝાવું માર્યું.

' છે, પટેલ, છે; એના પાસે સિકલ છે, મુનીર મછલીને મળતી આવતી સિકલ. ચહેરો શર્મન મુનીરનો હમસકલ, ડુપ્લિકેટ દેખાય છે.'

રમેશ પટેલ ફાટી આંખે બંને તસ્વીરોને જોઈ રહ્યો : આટલી હૂબહૂ?

*

પદ્માને ઑફિસમાં આવતી જોઈ રશ્મિ વિચારમાં પડી ગઈ.

'આન્ટિ તમે! રિમઝિમ કેમ છે? કંઈ કામ છે?'

'તને જ મળવા આવી છું,' પદ્માએ પર્સમાંથી શર્મનનું પેપરકટિંગ કાઢી રશ્મિ સામે ધર્યું.

'સાચું કહે, આના વિશે તું શું જાણે છે?'

નિર્દોષતાનો ડોળ કરતાં રશ્મિએ ઘણાં ગલ્લાંતલ્લાં કર્યા, પણ દીકરીની દાઝમાં વલવલતાં માના હૈયા સામે હારી જઈ રશ્મિએ અથથી ઈતિ સુધીની, શર્મન-રિમઝિમના સંબંધની વાત પદ્માને કરી દીધી. પદ્મા ડઘાઈ ગઈ: રિમ શું એવા યુવાન પર મોહી પડી હતી જેને કોઈ જોબ નહોતી, સરખું રહેવા ઘર નહોતું, પરિવારની ખબર નહોતી, પાછો પટેલ! પટેલો વિશે સાંભળેલી વાતો, ઘરે પહોંચી ત્યાં સુધી પદ્માને કોચતી રહી.

સાંજે મૂંઝારો અસહ્ય થઈ પડતાં પદ્માએ રિમઝિમને પૂછયું : 'જુહુ જઈશું? ખુલ્લી હવામાં ફરવા?'

થોડી આનાકાની પછી રિમઝિમ તૈયાર થઈગઈ.મા-દીકરી ગાડી લઈ નીકળ્યાં. પદ્માને સૂઝ નહોતી પડતી વાત કેમ ઉખેળવી.

સેન્ટુર હૉટેલની ગલીમાં ગાડી પાર્ક કરી બંને ઊતર્યાં. બાજુમાં જ લાલ મારુતિ વૅનને જોઈ રિમઝિમ ચમકી. પદ્માએ એનો હાથ પકડીને ખેંચી. બંને ઉઘાડા પગે, રેતી ખૂંદતા પાણી તરફ ચાલવા લાગ્યાં.

'મમ્મા, તું વૉક કરી આવ, હું બેઠી છું.'

રિમઝિમ બેસી ગઈ. રેતીથી રમતાંએ પદ્માને જતાં જોઈ રહી. આથમતા સૂરજની આડશમાં રિમઝિમને પદ્માના ઓળામાં આસ્થાનું હૂંફાળું, ઝળહળતું પ્રેમ સ્વરૂપ દેખાયું. એ અવાક રહી ગઈ.

આ મમ્માથી હું બધું સંતાડું છું! શર્મનના મિત્રને ઘરે રવિવારનો દિવસ એકલી એની સાથે ગાળવાની હતી, શું એ પણ છુપાવત! સામે ઊછળતાં સાગરમાં જાતદ્રોહની નાલેશીમાં રિમઝિમને પોતાનું શરીર ફંગોળી દેવાનું મન થયું. એના પગ સળવળવા માંડ્યા. ત્યાં પદ્મા આવી એની બાજુમાં બેઠી. રિમઝિમ એને વળગી પડી. પદ્મા આ જ ક્ષણની રાહ જોઈ રહી હતી. રિમઝિમે રડવા માંડ્યું.

'રશ્મિએ બધું કહી દીધુંને તને! મને એનો ફોન આવેલો. આઈ ઍમ સૉરી. મમ્મા, મારે જ તને કહી દેવું જોઈતું હતું.'

પદ્માએ રિમઝિમની પીઠ પસવારવા માંડી.

'તને થાય છે ને હું ખરાબ છું, વિશ્વાસઘાતી, જુઠ્ઠી, તને છેતરું છું. ગંદી છું. શર્મન જોડે ફરું છું, છાની છાની.'

કબૂલાતનો ધોધ વહેતા પદ્માનો ખોળો રિમઝિમના હીબકાં અને ક્ષમાયાચનાથી છલકાવા લાગ્યો.

'મમ્મા ફ્રેન્ડઝમાં મારું કોઈ માન નહોતું હું બાયલી હતી-બૉયફ્રેન્ડ વિના. હું પરવશ હતી. શર્મનના આકર્ષણને ખાળી નહોતી શકતી. એનું અચાનક અપહરણ થયું ત્યારે સમજાયું: હું મારી ઘેલછામાં બધું સમર્પિત કરી બેઠી હોત, ને પછી એ જો મને છોડી અલોપ થઈ ગયો હોત તો હું શું કરત? કોની પાસે ધા નાખત? તમને તો મેં કહ્યું નહોતું. શર્મનના ઘરને, પરિવારને,હું ઓળખતી નહોતી. મમ્મા, આજે મને અમારો સંબંધ સાવ અ-નાથ લાગે છે. આઈ ઍમ સોરી, મમ્મા, મારી સામે જુઓ, જો તમારી નજરમાંથી હું ઊતરી જઈશ તો મારાથી કેમ જિવાશે? કહોને મમ્મા, હું શું કરું?'

'બેટા' પદ્માનો અવાજ કંપ્યો,'તું મને કહે હું શું કરું, હવે.'

'મમ્મા, મારા મન પર ભાર છે. તમે જઈને શર્મનનાં મા-બાપને ખબર આપો, શર્મન ગુમ નથી થયો, મારી સામે એનું અપહરણ થયું છે. એ લોકો કંઈક કરે. જશોને મમ્મા, કહેવા કાંદિવલી?

માથું ધુણાવતાં પદ્મા ઊઠી ત્યારે એનું મન હલકું, ને પગ ભારે થઈ ગયા હતા. બંને ઘરે પહોંચ્યાં ત્યારે પ્રમથેશ ચિડાયો હતો.

'માંડ્યુ છે શું તેં, પદ્મા? સવારથી ક્યાં ભટકે છે? કેટલા

વાગ્યા?'

'પ્લીઝ પપ્પા,' રિમઝિમે રડવા માડ્યું. પ્રમથેશ મૂંઝાઈ ગયો. રડીરડીને આ છોકરી મને ગાંડો કરી મૂકશે.

*

બીજે દિવસે બપોરે પદ્મા કાંદિવલી પહોંચી. હુસનાબાઈ ચાલના દીદાર જોઈ, ખળભળી ગઈ: નથી શક્ય. બહુ અંતર છે- ઉચ્છેર' આદત, સંજોગ, મોભામાં. કેમ નભશે સંબંધ? વસવસામાં માથું ધુણાવતાં પદ્માએ ડૉરબેલ વગાડી. બાર બાય પંદરની અંધારી ઓરડીનું બારણું ખૂલ્યું. બિન્દુ ડોકાઈ.

'કોનું કામ છે, આન્ટિ?'

'હું રિમઝિમની મા છું'

ચાવી ખતમ થઈ જાય ત્યાં સુધી એકધારી તાળી વગાડી વાંદરાનું રમકડું બંધ થઈ જાય તેમ, રિમઝિમનું મન રાખવા આવેલી પદ્મા ઊંબરે ઊભાં એકસામટું બોલી જઈ, ચાલવા માંડી. જાજરમાન સ્ત્રીની ઉપસ્થિતિથી અંજાઈ જઈ, બિન્દુને રમેશ પટેલ પદ્માને ન આવો કહી શક્યા, ન આવજો.

પોદળામાં પગ પડતાં રહી ગયો હોય તેમ મનથી લંગડાતી પદ્મા ઘરે પહોંચી ત્યારે રિમઝિમ એની રાહ જોતી બેઠી હતી.

'શું થયું, મમ્મા?'

'કહી આવી'. ટૂંકો જવાબ આપતાં પદ્મા એની રૂમમાં ચાલી ગઈ.

'મમ્મા, મને તું તરછોડશે તો..,પ્લીઝ મમ્મા!' રિમઝિમ અનુસરી.

'આજકાલ તમને છોકરીઓને થઈ શું ગયું છે, બૉયફ્રેન્ડના નામે..!' પદ્મા વિફરી,'શરીરમાં આનંદ છે-ક્ષણનો, જીવનો નહીં. આઈ-લવ-યૂ પછી ત્રેવીસ કલાક જીવવાના હોય છે-ખુશહાલ ક્યારે સમજશો?'

'આઈ ઍમ સૉરી, મમ્મા.' બંને ભેટી પડ્યાં.

*

ડોરબેલ વાગી. પદ્મા ચમકી: અત્યારે કોણ હશે? પદ્માએ જઈને બારણું ખોલ્યું : યસ!

'પ્રમથેશ પુરોહિત છે?'

'નથી. હું મિસિસ પુરોહિત છું. બોલો!'

'ઉંબરા પર જ!' અવાજમાં સત્તાની છાંટ હતી.

આંગતુક પદ્મા સામે ઝીણી આંખે જોઈ રહ્યો. પદ્માને આવકાર આપવો રુચ્યો નહીં, છતાં ન છૂટકે એ અતિથિને ડ્રૉઈંગ રૂમમાં દોરી ગઈ. પ્રકાશમાં વ્યક્તિનો ચહેરો જોઈ પદ્માથી હેરતમાં આંગળી ચીંધાઈ ગઈ.

'તમને ક્યાંક જોયા છે મે!'

'અફકોર્સ, ૧૯૭૩, મીઠીબાઈ કૉલેજમાં મિસ પદ્મા વકીલ'

'ઇન્સ્પેક્ટર પરમાર, મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ. અત્યારે વરદીમાં નથી પણ ફરજ પર છું. એમાં તમારું ઘર નીકળ્યું. વેલ..!'

'શું થયું?'

'એક ક્રિમિનલની તપાસ કરતાં એના મિત્રોના લિસ્ટમાં તમારી રિમઝિમનું નામ મળ્યું છે. કોઈ શર્મન નામના છોકરાની એ ગર્લફ્રેન્ડ છે.'

પદ્મા નીચું જોઈ ગઈ. પદ્માના મનમાં પડેલી ગૂંચોનું અનુમાન કરતાં પરમારે શર્મનના અપહરણની, એના મુનીર મછલી નામના ગુંડાના હમસકલ હોવાની, રિમઝિમના જોખમની વાત કરી

'વીરેન્દ્ર, છોકરો ડ્રગ-પેડલર તો નથીને?'

'એનો કોઈ ક્રિમિનલ રેકૉર્ડ લાગતો નથી. ફસાયો છે.'

'વીરેન્દ્ર,'પદ્મા બબડી,'છોકરો સીધો, સંસ્કારી હોય તો એના ખરાબ સંજોગો તો સુધારી શકાય. પણ...'

'પદ્મા, હું જે કહું છું એને ધ્યાનથી સાંભળો. શક્ય છે, શર્મન પાસે ધાર્યું કરાવવા, મુનીર મછલી, રિમઝિમનો ઉપયોગ કરવા લલચાય. તમારે સાબદા રહેવું પડશે. જોઈએ તો પ્રોટેક્શનનો બંદોબસ્ત કરું.'

'શર્મનના જાનને કેટલું જોખમ છે?' પદ્મા કાળી પડી ગઈ.

'સો ટકા.'

'અમે શું કરીએ?'

'પ્રાર્થના.'વાતની ગંભીરતાનો બેઉ પર સોપો પડી ગયો.

'હવે જાઉં, કોન્ટેક્ટમાં રહીશ. જરૂર પડે તો આ મારો નંબર છે.'

કાર્ડ આપી પરમાર જતો રહ્યો. ક્યાંય સુધી પદ્માના હાથમાં એનું કાર્ડ કંપતું રહ્યું. આભ ફાટ્યું હતું. પદ્માને સૂઝતું નહોતું ક્યાં થીંગડું દેવું.

*

રાતે ચેન્નાઈથી ધીમંતનો ફોન આવ્યો. પદ્માએ લીધો.

'મમ્મા, હું અને સ્વાતી કાલે સવારે ફ્લાઈટમાં મુંબઈ આવીએ છીએ. બાકી મળશું ત્યારે. બાય મૉમ!'

મોટા દીકરાના આવવાના સમાચારથી પદ્માનું મન રાહતમાં રેલાવા માંડ્યું.

જમી પરવારી રાતે સૌ ડ્રૉઈંગરૂમમાં આવ્યાં. રિમઝિમે ટી.વી. શરૂ કર્યું. 'આજ તક' ચૅનલ પર કોઈ ગોલીબારના વિઝ્યુઅલ્સ જોડે વૉઈસ-ઓવર સંભળાતો હતો.

'આજ સામ મુંબઈ કે મુલુંડ ઈલાકે મેં ફિરોઝ ગંજોડી ઓર મુનીર મછલી કે બીચ ગેંગ-વૉર છીડ ગઈ. પોલિસ પહોંચી તબ ઉન્હે હાઈ-વે કે પાસ તીન લાશે મીલી.'

રિમઝિમ સ્ક્રિનને તાકી રહી. ક્લોઝ-અપ લેતો કૅમરા એકાએક ઝૂમ થઈ એક લાશના ચહેરા પર ઝળૂંબ્યો. સ્ક્રિન તરફ આંગળી ચીંધતી રિમઝિમ ઢળી પડતાં ચિત્કારીઃ શ...ર્મ...ન.!

*

પ્રમથેશ અને દાદીમાને નછૂટકે પદ્માએ રિમઝિમ અને શર્મન વિશે વિગતે વાત કરવી પડી. પ્રમથેશ ધ્રૂજવા લાગ્યો. શૂળ ભોંકાયું હોય તેમ એનું મોં ખુલ્લુ રહી ગયું. પદ્માએ સોર્બિટ્રેટની બે ગોળી એના મોમાં મૂકી. તરત ડૉ. પુષ્પાને ફોન કર્યો.

રિમઝિમ સવાર સુધી દિંગ્મૂઢ પથારીમાં બેસી રહી. ભૂવો ધૂણતો હોય તેમ એના મનમાં દોષભાવ એકધારો હુંફાટતો હતોઃ તારે પાપે! 'તારે પાપે! રિમઝિમ જેમ જેમ શર્મનનો ચહેરો ભૂલવા ઇચ્છતી હતી તેમ તેમ શર્મનનો ચહેરો એની આંખમાં વધુ ને વધુ ડણકતો હતો. એ થાકી ગઈ હતી. એને શાંતિ જોઈતી હતી.

ૐ શાંતિઃ શાંતિઃ ! ક્યાંક ઊંડેથી ઘેરો, ઘુમરાતો ઓમકાર હવામાં ગુંજવા લાગ્યોઃ આ વિષાદ, આ વેદના, આ વિરહ તમારાં પોતાનાં ઊભાં કરેલાં છે -- 'આ-મારું-છે' એવી તમારી માલિકીની ભાવનાએ. મેઘધનુષ 'મારું' કેમ હોઈ શકે? એને જોઈને થતો ફક્ત આનંદ જ તમારો છે. ૐ શાંતિઃ જીવન પણ એક મેઘધનુષ છે. સથવારા-સંબંધો એના રંગો છે. એમને છૂટાછૂટા ના સ્વીકારાય. સમગ્રપણે સૌને સાથે સ્વીકારો તો જ પ્રસન્નતા અનુભવાય. ૐ શાંતિઃ કોઈની મરજી પ્રમાણે કશું જ ચાલતું નથી. ચાલે છે રામની મરજીનું. એને કેમ પડકારી શકાય? જીવનમાં જે થાય છે એને વિના આસક્તિ, પ્રતિકાર, એની મરજી સમજી, સહજતાથી સ્વીકારી લ્યો તો ન કોઈ રાવ રહે, ન ફરિયાદ. ન પાપ, ન દોષ. ન વેદના, ન વિષાદ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઘેરો, ગૂંજતો, સહાનુભૂતિભર્યો અવાજ ધીરે ધીરે ઓસરવા લાગ્યો. એને પકડવા રિમઝિમ ઝબકીને જાગી ગઈ. ટી.વી.ની 'આસ્થા' ચૅનલ પર ચાલતા સ્વરૂપાનંદ સ્વામીના વ્યાખ્યાનનું વૉલ્યૂમ દાદીમાએ ધીમું કરી નાખ્યું હતું. રિમઝિમ અકળાઈ.

'કેમ, દાદીમા?'

'મને એમ કે તું ઊંઘી ગઈ છો.'

'હમણાં જ તો જાગી છું હું!'

રિમઝિમ જોડે જીભાજોડી ટાળવા દાદીમા જઈ એની પાસે બેઠાં. રિમઝિમ એમને વળગી પડી. એને થયું જેની સોડમાં ન બીક લાગે, ન શરમ આવે એને શું કહેતા હશે? પ્રેમ ! મને મારી શરમ અને શર્મનની બીક કેમ લાગે છે?

*

'નો ડૅડ, નો મૉમ...' ધીમંતનો ઊંચો વ્યગ્ર અવાજ કંપતો હતો. રિમઝિમ ચમકીઃ શું ધીમંતભાઈ આવી ગયો?

'આટલું બધું થઈ ગયું મમ્મા, તો ય તમે મને કોઈ કંઈ કહેતાં નથી?' ધીમંત મનદુઃખથી અકળાયો હતો, 'ડૅડ, હું છૂટો રહેવા ગયો છું. તમને છોડી નથી ગયો. આ તો હું મારા કામે મુંબઈ આવ્યો હતો ત્યારે કહો છો!'

પ્રમથેશે ધીમંતને સમજાવતા હાથ ઊંચો કર્યોઃ 'બેટા, જો.'

'નો ડૅડ, હું મુન્નીને મારી સાથે ચેન્નાઈ લઈ જાઉં છું. શિ નિડ્ઝ ટુ બી અવે ફ્રોમ ધિસ સ્ટિંગકિંગ સિટી.'

મુન્નીને સાદ પાડતો ધીમંત રિમઝિમના રૂમમાં જઈ એને ભેટી પડ્યો. રિમઝિમ પણ બે હાથે ધીમંતને બાઝી પડી. રડવા લાગી.

'ડૉન્ટ હેટ મિ ભૈયા, પ્લીઝ. આઈ ઍમ સૉરી..'

'ઈટસ્ ઑલ રાઈટ, ડાર્લિંગ. એવ્રિ થિંગ વિલ બિ ફાઈન!'

હિબકતી રિમઝિમને ધીમંતે સધિયારામાં પસવારવા માંડી.

'લિસન મુન્ની, યુ આર કમિંગ ટુ ચેન્નાઈ વિથ મી, ઓ કે!'

ભાઈની પનાહમાં રિમઝિમે માથું ધુણાવ્યું. વા-વંટોળની જેમ ધીમંત ડૅડીના રૂમમાં જતો રહ્યો.

'ડૅડી, ઈટ ઈઝ ઑલ ફિક્સડ્. ડૉન્ટ વરિ મૉમ. અત્યારે મીટિંગમાં જાઉં છું. સાંજે આવીશ. સ્વાતિ, મુન્નીની બૅગ તૈયાર કરાવી લેજે. લાસ્ટ ફ્લાઈટ છે.' ધીમંત ચાલ્યો ગયો.

*

બપોરે પદ્મા અને પ્રમથેશને ઢીલાંઢસ, બેઠેલાં જોઈ સ્વાતિએ સધિયારો આપવા માંડ્યો : ' હું છું ને મમ્મી, ડૉન્ટ વરિ, મુન્ની મુંબઈથી દૂર રહેશે તો ...' ફોન વાગતા સ્વાતિ વાક્ય પૂરું ન કરી શકી.

સવારથી આવતા બ્લૅન્ક કૉલથી પદ્મા ફફડતી ત્રાસી ગઈ હતી : પાછું કોણ હશે? ફોન સ્વાતિએ લીધો, ને કોર્ડલેસ રિમઝિમના રૂમમાં લઈ ગઈ : તારો ફોન છે, મુન્ની. ગભરાતાં રિમઝિમે ફોન લીધો.

'હે..લો..'

'હું દિવ્યા ભટ્ટ છું. મધુરિમા મૅગેઝિનની એડિટર.'

'બોલો..'

'તમે કહેશો મુનીર મછલીને તમે ક્યારથી ઓળખતાં હતાં, એ તમારા મિત્ર કેમ બન્યા, એના ધંધા વિશે તમે શું જાણતાં હતાં?'

રિમઝિમને ફાળ પડી. રોજ ટ્રેનમાં ચર્ચગેટ સાથે આવતી મનિષા ભટ્ટનું આ કામ છે, એણે જ એની બહેનને કહ્યું હશે. હવે પેપરમાં વગોવાશે એ બીકમાં રિમઝિમ અવાક રહી, ફિક્કી પડી ગઈ.

ચહેરા પરથી ઊડતા રંગ જોઈ સ્વાતિએ રિમઝિમ પાસેથી રિસીવર આંચકી લઈ, રૉંગ નંબર કહી, ફોન ઑફ કરી દીધો.

ડોર-બેલ વાગતી સાંભળી, ખોલું છું મમ્મી, એમ મોટેથી કહેતી સ્વાતિએ જઈ દરવાજો ખોલ્યો. એક રિપોર્ટરબાઈ કૅમરામેન જોડે ઘરમાં ઘૂસવા લાગી. સ્વાતિએ મક્કમતાથી એને રોકી.

'વેઈટ અ મિનિટ, મૅડમ.'

'મૅં રેખા વર્ગિઝ હું. 'આજ તક' ન્યૂઝ ચૅનલકી રિપોર્ટર,' એણે પોતાનું આઈડી-કાર્ડ ધર્યું, 'મુઝે રિમઝિમ સે મિલના હૈ.'

'આપ ગલત જગા પર આઈ હૈં. બહાર ચલિયે, પ્લીઝ.'

રકઝક સાંભળી પદ્મા અને દાદીમા બહાર ધસી આવ્યાં, તેઓની મદદથી ટી.વી.વાળાઓને ઘરની બહાર કાઢતાં સ્વાતિ અકળાઈ. 'ફ્રોમ વેર વિઝ ડૉગ્સ ગેટ ધ સ્મેલ? હારિબલ. મમ્મી આ મિડીઆવાળા મુન્નીને ચૂંટી ખાશે. શિ મસ્ટ કમ ટૂ ચેન્નાઈ.'

રિમઝિમની બૅગ તૈયાર કરાવવા સ્વાતિ એની રૂમમાં ગઈ.

*

શું કરવું-ની અવઢવમાં પદ્માએ કલાક સુધી બારી બહાર જોયાં કર્યું. અંતે કંઈ ન સૂઝતાં એણે કોર્ડલેસ પર છાનો ફોન જોડ્યો.

'વીરેન્દ્ર પદ્મા છું, શર્મનનું શું થયું?'

'તમને હું પછી ફોન કરું ? બાઈ!'

વીરેન્દ્રની ઠંડી ઉતાવળ પદ્માને દહેશતભરી લાગી. એ વિચારમાં પડી ગઈ: એને શર્મનની ચિંતા કેમ થવા માંડી છે?

મોડી બપોરે ફોન કરીને રિમઝિમે રશ્મિને જણાવ્યું હતું કે એ ચેન્નાઈ જઈ રહી છે, એટલે સાંજે જ એ એને મળવા આવી.

'રશ્મિ તું! રિમઝિમને ગમ્યું.

'મને માર ગોલી, ને સાંભળ : આપણા ટ્રેનના મિત્રોમાં, ઑફિસમાં હો-હા થઈ ગઈ છે. તું તો જાણે છે મનિષાને, લાઉડ-માઉથ. ગામપંચાત શરૂ કરે એ પહેલાં ચેન્નાઈ જતી રહે. કોઈને કંઈ કહેતી નહીં. ઘેર ગયો બૉયફ્રેન્ડ. તું શર્મનને મળી નહોતી, ઓળખતીયે નહોતી.'

'પણ..' રિમઝિમમાં દોષભાવે ઊથલો માર્યો.

'નો, હિ ઈઝ નો મોર. હિ ઈઝ ડેડ, એન્ડ ગૉન.'

રશ્મિ ગઈ પછી ક્યાંય સુધી ભૂતિયા મહેલ જેવા રિમઝિમના મનમાં શબ્દો પડઘાતા રહ્યા : ડેડ એન્ડ ગૉઅન..ગૉઅન...

પપ્પા-મમ્મીને ઍરપોર્ટ પર આવવાની જરૂર નથી એવું પદ્માને સમજાવી, મોડી સાંજે ધીમંત અને સ્વાતિ મુન્નીને લઈને નીકળી ગયાં. જતાં રિમઝિમને ડૂમો ભરાઈ આવ્યો. એને પદ્માને કહેવું હતું કે : શર્મનના સમાચાર મળે તો ફોન કરજે. એ બોલી નહીં. એની આંખો કરગરતી રહી.

*

'શું જોઈ રહ્યો છે, કરગરતો?' ઈન્સ્પેક્ટર પરમારે પોલીસ સ્ટેશને આવેલા રમેશ પટેલને પૂછ્યું. કંપતા હોઠે એ ત્રૂટક બોલ્યો:

'સાહેબ, મારા, શર્મનની, લાશ...'

ઈન્સ્પેક્ટરે પટેલને સોડમાં બોલાવ્યો.

'મરી ગયો એ કદાચ સાચો મુનીર મછલી પણ હોઈ શકે, કદાચ.'

'મારો શર્મન!'

'ખબર પડી છે, જે રાતે શર્મનનું અપહરણ થયું'તું, એ જ રાતે પનવેલ પાસે એક લાલ મારુતિ વૅનનો અકસ્માત થયો હતો. ગાડી ભડકો ને બે શખ્સો ભડથું થઈ ગયાં હતાં. ત્રીજાને મૉંસૂઝણે બે-ચાર મજૂરો પનવેલની હૉસ્પિટલમાં મૂકી ગયા હતા, જે હજી ભાનમાં નથી આવ્યો, કોમામાં છે. હું પનવેલ જાઉં છું. આવવું છે તારે ? તો જીપમાં બેસ.'

ઈન્સ્પેક્ટરે જીપ સ્ટાર્ટ કરી ત્યારે પટેલ 'દીકરા માટે પ્રાર્થના કરતો હતો. નમઃ શિવાય, નમઃ શિવાય નમઃ

*

નમસ્કાર. ઍરહોસ્ટેસે ફ્લાઈટ એનાઉન્સ કરી, સીટ બેલ્ટ બંધાવ્યા, ઑક્સિજન માસ્કની પ્રક્રિયા વર્ણવી.

રિમઝિમે કશું સાંભળ્યું નહીં. એ તો નાનકડી બારીમાંથી બહારના જગતને જોઈ રહી હતી. રન-વે, હાઈ-વૅઝ, વસ્તી, વસાહત, ઈમારતો, દરિયો સોસવાવા માંડ્યા. બે મિનિટમાં ટેક-ઑફ સાથે, મુંબઈ સંકોચાઈ ઝળહળતાં ટપકાં ને લિસોટો થઈ ગયું-બારીમાં જો રહી ગયું તો ભૂરું આકાશ, નવું આકાશ, અસીમ આકાશ, અંધારિયું આકાશ.

આકાશમાં ફરી ઘેરો, ઘુમરાતો એ ગેબી ઓમકાર ગૂંજવા લાગ્યો: આ વિષાદ, આ વેદના તમારામાં માલિકીની ભાવના ઊભી કરે છે, મેઘધનુષને 'મારું' કેમ કહી શકાય? તમારો તો છે ફક્ત એને જોઈને જન્મતો આનંદ. જીવન મેઘધનુષ છે. સંબંધો એના રંગો, જેને છૂટા છૂટા નહીં સમગ્રપણે સાથે સ્વીકારો, પ્રતિકાર વિના, તો જ પ્રસન્નતા અનુભવાય. પછી ક્યાં રહે રાવ-ફરિયાદ, વિષાદ-વેદના. ૐ...

બારી બહારની અસીમતા તાગતા, ગેબમાં ઘૂમતી ગૂંજને સાંભળતા રિમઝિમ ક્યારની અનેક સંભાવનાઓના આકાશમાં ખોવાઈ ગઈ હતી.

ઍરહૉસ્ટેસ ડિનર લઈને આવી : એક્સક્યુઝ મી, મૅમ! રિમઝિમને જગાડતા સ્વાતિએ એને રોકી.

'પ્લીઝ, ડોન્ટ ડિસ્ટર્બ હર.'

# જનીન ઇજનેરી : ભાગ-૨

## પારજનીનિક છોડ / પાક

ડૉ. જે.પી. ત્રિવેદી

પ્રચલિત જૂનો શબ્દ 'કલમ' કરવી ખૂબ જાણીતો છે. અન્ય સજીવના જનીનને છોડ કે પાકમાં દાખલ કરવાને પારજનીનિક (Transgenics) વિદ્યા કહે છે. આને માટે જનીનીય રીતે સુધારેલા (Genetically modified GM) એવો શબ્દ મીડિયામાં વધુ પ્રચલિત છે. હજારો વર્ષોથી માનવ પાક માટે 'પ્રયત્ન અને ભૂલ'ના ધોરણે પસંદગીય પ્રજનન દ્વારા નવા છોડ કે પાકનો વધુ ઉતાર મેળવાતો આવ્યો છે. ખેતીના જુદા જુદા પાક માટેની નીતિઓ આજે આપણે જનીનવિજ્ઞાનની મદદથી સુધારી શક્યા છીએ.

૧૯૬૦ દરમ્યાન મોટા ભાગના પાકની ઊપજ જનીન વિજ્ઞાનની મદદથી (જનીન ઈજનેરી નહિ) બમણી કરી શકાઈ, જેને હરિત ક્રાન્તિ કહેવાતી. તેમાં પશ્ચિમ યુરોપનો વિશ્વમાં સૌથી વધુ અનાજ આયાત કરતો પ્રદેશ સ્વાવલંબી બની શક્યો. ભારતમાં પણ આવી હરિત ક્રાંતિ થઈ. નૉર્મન બોરલૉગની ઘંઉનો મબલખ પાક આપતી નીતિ વડે ભારતમાં આ થઈ શક્યું હતું. આજે કૃષિપાક જનીન ઈજનેરીની મદદથી સુધારવાનું શક્ય બન્યું છે. કૃષિપાક તથા શાકભાજી કે ફળફળાદિની સુધારણા માટેનાં શક્ય લક્ષ્યાંકો નીચે દર્શાવ્યાં છે :

| લક્ષ્ય | | ફાયદો |
|---|---|---|
| રોગ<br>લીલોતરી-નાશકો<br>કીટકો<br>વિષાણુઓ | સામે<br>પ્રતિકાર<br>ક્ષમતા | પાકની ઊપજ વધે તથા જીવાતો દ્વારા તેમને થતું નુકસાન અટકી શકે |
| ઠંડી<br>દુષ્કાળ<br>ક્ષાર | સામે<br>વધુ<br>સહનશક્તિ | જે પ્રદેશો હાલ પાક માટે અનુકૂળ ન હોય ત્યાં પાક વાવી શકાય |
| પ્રકાશપ્રેરિત શ્વસનમાં ઘટાડો | | ઊર્જા ફેરફારની કાર્યદક્ષતા વધારવા |
| નાઈટ્રોજનનું સ્થિરીકરણ | | પાકની વધુ જાતિઓમાં વાતા-વરણમાંના નાઈટ્રોજનનું સ્થિરીકરણ થઈ શકે. |
| પોષણ-મૂલ્ય | | પ્રોટીન ઍન્જિનીઅરિંગની મદદ દ્વારા સંગૃહીત પ્રોટીનનું પોષણ-મૂલ્ય વધારવા |
| સંગ્રહ-ગુણ | | ફળ તથા શાકભાજીને લાંબા સમય સુધી તાજાં રાખવાની ક્ષમતા |
| ગ્રાહકની જરૂરિયાત | | ફળ તથા શાકભાજીને તેમના રંગ, આકાર વગેરેથી વધુ આકર્ષક બનાવવાં. |

ખેતરમાંના પાકનો મોટો અવરોધ છે નકામું ઘાસ (અપતૃણ, નિંદામણ) ઊગી નિકળવું. આ માટેના અપતૃણનાશકો (Weed Killer) માટે વિશ્વના ખેડૂતોને દર વર્ષે ૧૨૦ કરોડ ડૉલર ખર્ચવા પડે છે તેમ છતાં પણ પાકના ૧૦ % આ અપતૃણને લીધે વેડફાઈ જાય છે. આનું મુખ્ય કારણ એ છે કે અપતૃણનાશકો તંદુરસ્ત તથા રોગગ્રસ્ત છોડ વચ્ચેનો ફરક પારખી શકતા નથી. આમ ખેડૂત માટે અપતૃણ એક મોટો ઉપદ્રવ હોવા છતાં ખૂબ મોંઘા પડતા પાકના દુશ્મનો છે : (૧) કીટકો તથા ગોળકૃમિ / રજ્જૂકૃમિ (૨) ફૂગજન્ય રોગો જેવા કે ફૂગ, સુકારો, ગેરુ વગેરે (૩) પાકના વિષાણ્વીય રોગો.

જનીન ઇજનેરીની મદદથી ખોરકમાં ઉપયોગમાં લેવાતા પાકને GM કહે છે, જે પારજનીનિકથી બનાવેલા હોય છે. પાક ઉપર આપણે જંતુનાશકો છાંટીએ તેને બદલે છોડને જ રાસાયણિક શસ્ત્ર વડે સજ્જ કરી શકીએ, જેથી તે જાતે જ પ્રતિકારક્ષમતા દર્શાવે. આ માટે અનેક જીવાણુઓની મદદ જરૂરી છે. અનેક જીવાણુઓ એવા વિષાણુ પ્રોટીન ઉત્પન્ન કરી શકે છે, જે કીટકોને મારી નાખે છતાં કરોળિયા, ઉપયોગી જંતુઓ તથા મોટાં પ્રાણીઓ માટે બિનહાનિકારક હોય. આનું ઉત્તમ ઉદાહરણ છે Bacillus Thuringiensis (B.T.) જીવાણુ જેનામાં રહેલા આવિષ (toxin) માટે જવાબદાર જનીનોને ક્લોન કરી શકાયા છે તેમજ તેના જનીનઈજનેરી દ્વારા સુધારા પણ થઈ શક્યા છે. આવું ક્લોન કરેલું આવિષ જ્યારે ટામેટાના છોડમાં દાખલ કરવામાં આવ્યું ત્યારે તે વિવિધ પ્રકારની ઈયળો સામે સુરક્ષિત રહ્યો. છોડવાઓ આ પ્રકારના આવિષ ખૂબ ઓછા પ્રમાણમાં બનાવી શકતા હોઈ તેમનામાં સુધારો કરવાની આવશ્યકતા ઊભી થઈ. ઉપર દર્શાવ્યું તે BT એક નિર્દોષ જૈવ-કીટનાશી છે જે કીટકોને મારી નાખે છે જ્યારે પશુઓ તથા માનવી ઉપર તેની કોઈ માઠી અસર થતી નથી.

સંશોધનાર્થે છોડ સાથે કામ કરવાનો મોટો ફાયદો એ છે કે તેઓ માત્ર એક જ કોષમાંથી પુનર્જનન પામી વધી શકે છે. આથી છોડના કોષને પેશીય સંવર્ધન (tissue culture)માં ઉગાડીને, જનીનીય ફેરફાર કરીને, તેમને ઍન્જિનીઅર કર્યા બાદ સંવર્ધનમાં જ પાછા મૂળ છોડમાં રોપી શકાય છે. આવું

પ્રાણીજ કોષોમાં કરવું શક્ય નથી. જનીન ઈજનેરી દ્વારા ૧૯૮૯થી આજ સુધીમાં લગભગ ૨૦૦૦ પારજનીનિક પાક/છોડ વિકસાવાયા છે.

૧૯૯૪માં કૅલિફોર્નિયાની Calgene કંપનીઓ Flavr-savr ટામેટાની પેટન્ટ મેળવી, જેમાં આ પારજનીનિક ટામેટાં બગડ્યાં વગર લાંબા સમય સુધી રહી શકે છે.

૧૯૯૫માં ટૅક્સાસની એ.ઍન્ડ એમ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ બાયોસાયન્સ ઍન્ડ ટેક્નોલોજી, હ્યુસ્ટન તથા ટૂલેનની ન્યૂ ઑર્લિયન્સ યુનિવર્સિટીએ એવાં છોડ વિકસાવ્યા છે જે માનવી માટે રસી (વેક્સીન) બનાવી શકે. બોઈસ થૉમસન ઇન્સ્ટિટ્યૂટ ઑફ પ્લાન્ટ રિસર્ચ, ઈથાકા,ન્યૂ યૉર્ક એવાં કેળાં ઉછેર્યાં છે જેના (D.N.A) માંથી હિપેટાઈટીસ B (કમળો)ની રસી બની શકે. ટૅક્સાસની એગ્રીસ્ટાર ઇન્ડસ્ટ્રી લેટ્ટુસ (કોબીજની જાત) તથા ટામેટાંમાંથી રસી વિકસાવી રહી છે. મોટા પ્રમાણમાં વપરાતાં અનાજમાં કુદરતી રીતે જ આંતર-નિર્મિત (built-in) ખાતરો હોય તેનો અભ્યાસ થઈ રહ્યો છે. વાલ, ચણા તથા મગફળી (શિંગી, legume) ના છોડના મૂળમાં મૈત્રીભર્યા જીવાણુઓ હોય છે. જે હવામાંથી નાઈટ્રોજન ખેંચી છોડ/પાકના લીલાં પાંદડાનાં વિકાસ માટે તેમને પૂરો પાડે છે. ઘઉં, ચોખા, મકાઈ, વગેરે શિંગી નથી તેથી ખેડૂતને તેમાં નાઈટ્રોજનયુક્ત ખાતરો નાખવા પડે છે. આ ખાતરનું દૂષણ છે (પાણીમાં) બિનજરૂરી છોડ ઊગવા તથા માછલી વિષમય બની જવી. સંશોધકોએ નાઈટ્રોજન સ્થિરીકરણ કરે તેવા ઍન્જિનીઅર કરેલા જીવાણુઓના અનેક પ્રકારો વિકસાવ્યા છે.

૧૯૯૬ ડિસેમ્બરમાં યુરોપિયન કમિશન દ્વારા પારજનીનિક (GM) મકાઈના વેચાણની મંજૂરી અપાઈ. જેનામાં લીલોતરી નાશક-પ્રતિકાર ગુણ ઉપરાંત. તે કુદરતી રીતે જ જંતુઘ્ન હતી.

૧૯૯૭માં આવી (GM) નીપજો સામે ઑસ્ટ્રેલિયા, ન્યૂઝિલૅન્ડ દ્વારા પ્રતિબંધો મુકાયા અને પૂરતી ચોકસાઈ બાદ જ તેનું વેચાણ માન્ય કરવામાં આવ્યું.

અમેરિકાની બીજ-ઉત્પાદક મોન્સેન્ટો કંપની મબલખ પ્રમાણમાં સારી ગુણવત્તાવાળું મકાઈ, ઘઉં, ચોખા, સોયા વગેરેનું બિયારણ મળી રહે તે ઉદ્દેશથી જાતજાતના વનસ્પતિ પાકોનાં બીજ તૈયાર કરીને ખેડૂતોને વેચે છે

૧૯૯૮માં આ કંપનીએ કપાસના જિંડવાં ઉપર આક્રમણ કરતાં કીટકોથી પાકને બચાવવા B.T. જીવાણુમાંથી કીટરોધક પદાર્થના નિર્માણ સાથે સંકળાયેલ જનીનને અલગ કરી તેને કપાસના બીજમાં ઉમેર્યું . શરૂના વર્ષોમાં પરિણામો સારાં આવ્યાં.

૨૦૦૨માં ભારત સરકારે Mayco-Monsanto કંપનીને B.T. કપાસના બીજના વાવેતર માટે મર્યાદિત પ્રમાણમાં તેને ભારતમાં વેચવાની મંજૂરી આપી. આ કંપનીએ બિયારણનું વિતરણ ઉત્તરગુજરાતમાં પણ કર્યું. જેના પરિણામો ધારણા કરતાં ઉતરતી કક્ષાનાં આવ્યાં. ૨૦૦૩નાં પરિણામો તો સાવ નિરાશાજનક રહ્યાં છે. દરમ્યાન જુદા જુદા સંશોધકોએ બટાટા, મકાઈ, ટામેટા જેવા ૪૨ પાકનું વાવેતર કર્યું. પરંતુ જિવાતોએ આ પાકને અડ્યા વગર બીજા સામાન્ય પાકો ઉપર આક્રમણ કર્યું હાલમાં આનો મોટો વિવાદ ચાલી રહ્યો છે.

બ્રિટનની શેફીલ્ડ યુનિવર્સિટીના સંશોધકોએ વનસ્પતિમાં પીતદ્રવ્ય (ઝેન્થાફિલ)ના ઉત્પાદન માટે જવાબદાર જનીનને અલગ પાડી, તેની વધારે પ્રતિકૃતિઓ બનાવીને તે જ પ્રજાતિના કોષોમાં ઉમેરવાની સિદ્ધિ હાંસલ કરી છે. પીતદ્રવ્યને લીધે વનસ્પતિ પ્રતિકૂળ પર્યાવરણ સહન કરવાની ક્ષમતા ધરાવે છે

પાંચેક વર્ષની વિચારણા બાદ ભારત સરકારે મર્યાદિત પ્રમાણમાં સરસવના વાવેતર માટે GM બીજની મંજૂરી આપી છે; પરંતુ ખેડૂતોના વિરોધને કારણે આનું વાવેતર હાલ મુલતવી રખાયું છે.

પારજનીનિક (GM) પાકના ઉત્પાદન સાથે ઍલર્જિઆવિષનું નિર્માણ તથા પ્રતિકાર-શૂન્યતા જેવી ક્ષતિઓ સંકળાયેલી છે. ૨૦૦૨ મેમાં શ્રીલંકાની સરકારે GM પાકના બિયારણની આયાત ઉપર પ્રતિબંધ મૂક્યો છે. તથા GM ઉત્પાદિત સોયા, ટામેટાં, બીટ-શર્કરા જેવી ખોરાકી ચીજો ઉપર લેબલ મૂકવાનો આદે[illegible] છે.

નજીકના ભવિ[illegible] પાક, ઉછેરવામાં સફળ થશે જ પરંતુ સમય અને અ[illegible] એ તે પોષાય કે કેમ તે પ્રશ્ન ઉકેલવાનો રહેશે જ.

# જળ-ઝળિયાં

રિદ્ધિ દેસાઈ

હમણાં ગયા અઠવાડિયે જ મેં 'ઉષ:પાનના ફાયદા' નામનું એક પુસ્તક ખરીદ્યુ હતું. એના મૂળમાં મારી વાચનભૂખ કરતાંય પાન-ભૂખ સવિશેષ હતી. હાફ નાગર હોવાના કારણે જાણે ધર્મોપદેશને અનુસરતી હોઉં એટલા અધિકારપૂર્વક હું દિવસના સાત-આઠ પાન તો સ્હેજેય આરોગી જઉં છું, જેનાં નાણાં મહદંશે મારી સાથે વિહરનાર જીવે ચૂકવાના હોય છે. છેવટે હું હાફ વાણિયણ પણ ખરી ને ?

'ઉષ:પાનના ફાયદા' નામધારી એ મહાન પુસ્તકમાં સવાર સવારમાં વિવિધ મશાલાનાં પાન ખાવાથી થતા ફાયદા અંગે પ્રેરક માહિતી હશે એવું ધારીને મેં ગાંઠનું ગોપીચંદ-સૉરી, ગાંઠનું કૉલકાતી પાન કર્યું હતું. પરંતુ જેમ જેમ હું એ પુસ્તકનાં ધોળમીંઢ પૃષ્ઠો ઉથલાવતી ગઈ તેમ તેમ આઘાતના આંચકાવશ પાને પાને એક એક પાન ખાવાની તાતી જરૂર ઊભી થઈ હતી. એમાં પાનની દુકાનના કુશળ, સિદ્ધહસ્ત, લાલ-હસ્ત, પાનપટુ ભૈયાઓનાં પ્રોત્સાહક અને જ્ઞાનવર્ધક અવતરણોને સ્થાને મહિષાસુરના જમાનાના વૈદોના એક ભયંકર અખતરાની વાત હતી - તંદુરસ્ત જીવન જીવવા ઇચ્છતા દરેક મનુષ્યે મફતની કોકાકોલા પીતા હોય એટલા ઉમળકાપૂર્વક (આ અમારું ઉમેરણ છે.) સવારમાં ઊઠતાંવેંત બે મોટા ગ્લાસ ભરીને પાણી પી જવું જોઈએ. પુસ્તક વાચ્યાં બાદ એક વાત તો અમને દીવા જેવી નહીં, બલકે ફલડ લાઈટ જેવી ચોખ્ખી દેખાઈ. આવું બધું લખનાર તમામ આયુર્વેદ નંગો (નંગ ને રત્ન બધું એક જ કહેવાય ને ! )ના ઘરની આજુબાજુ છૂટક છૂટક ખાબોચિયાંઓ ઉપરાંત કમ સે કમ પાંચ-સાત કૂવાઓ તો હશે જ, જેના કંઈક આવા વૈવિધ્યસભર વિભાગોય હશે. (૧) 'કેવળ પરિવારજનો માટે' પીવાના પાણીનો કૂવો (૨) દેડકા, માખી, મચ્છર, જીવાત તેમજ કચરાથી ભરપૂર ઢોરો તેમજ મહેમાનો માટેનો કૂવો (૩) વસ્ત્રધારીઓ માટે નહાવા તેમજ નીચોવવાનાં પાણીનો કૂવો (૪) દિશાએ જવા માટે-માંહે કરડતા કીડાઓ ન હોય તેવો જંતુમુક્ત પાણીનો કૂવો અને (૫) હત્યા કે આત્મહત્યા સારું ખાસ અલગ ફાળવેલો ભૂતિયો કૂવો.

જેમના ઘરઆંગણે આવા બહુહેતુક કૅમ્પો નહી હોય એ નદી-કિનારે ઝૂંપડું-બૂંપડું બાંધીને રહેતા હશે એ નક્કી. બાકી આખા અઠવાડિયાના ક્વોટાને આમ એક ધડાકે પીને વેડફી નાખવાના ખતરનાક વિચારો કંઈ એમ ને એમ ન આવે ! બે..પ્યા..લા પાણી એટલે શું કહેવાય ?-એ તો કોઈ કાઠિયાવાડી માણહને પૂછવાનું.

ભૂલેચૂકે માથે પગ પડી જાય તો જીવનના શબ્દકોષમાંથી 'ઊભા રહેવું', 'ચાલવું', 'દોડવું' કે 'વાઈફને લાત મારવી' જેવા શબ્દો કાયમ માટે નીકળી જાય એવા જાલિમ કાંટાની વાડ હોય, વાડની લગોલગ ગીરના ખૂંખાર સાવજોને દડો બનાવીને 'સિક્સર' ફટકારતી હોય એવી શિંગડાંળી ભેંસું હોયં, બારણે આંબા આસોપાલવને બદલે ખંજરગુપ્તીના તોરણું લટકતાં હોય, ઘર માંહે વાઘ-સિંહની બોડ જેવા ખતરનાક અંધારિયા ઓરડા હોય-ઓરડાની દીવાલ પર કળાત્મક ચિત્રને સ્થાને ચાર ફૂટની કરાલ બંદૂક શોભતી હોય, ઓરડા હેઠે એક ગેબી ભોંયરું હોય, જેના બારણે બે ચોકડિયાળ હાડકાં પર દાઢી ટેકવેલી ખોપરીનું ભયંકર ચિત્ર હોય, ચિત્રની નીચે ચારેક ભાષામાં ચોખ્ખું લખ્યું હોય 'સાવધાન-અગણિત વૉલ્ટ ! ! ' - ભોંયરામાં આઠેક નાગી તલવારોનો સજ્જડ ઘેરો હોય, એની વચ્ચોવચ એક દુર્ભેદ્ય પોલાદી તિજોરી હોય, તિજોરી પર ઈલેક્ટ્રિકના ખુલ્લા વાયરો ડાચા ફાડતા હોય ને તિજોરી માંહે............? ?

જી હા ! અણમોલ, દુર્લભ, કિંમતી ને લાખેણાં એવાં પાણીના ભરેલા બે પ્યાલા હોય !

સલામતીના સંપૂર્ણ બંદોબસ્ત સાથે એને રોજ સવારે બાઅદબ બહાર લાવવામાં આવે. આખું ફૅમિલિ નજરો વડે એને ધરાઈને પી લે. કલ્પનામાં એના વડે સ્નાનાદિ પતાવી લ્યે પછી એને એટલી જ સલામતી સાથે પુનઃ તિજોરીના હવાલે કરી દેવામાં આવે !

આવું ગોઝારું વર્ણન વાંચીને ઘણાંને લાગતું હશે કે બહેને ધોમધખતા ઉનાળામાં સહરાના રણની વચ્ચોવચ જીન્સ પેન્ટ અને લેધર જૅકેટ પહેરીને ગાંડી તૃષાતુર અવસ્થામાં આવું બધું લખી નાખ્યું હશે. પણ ના ! હકીકત તો આનીય મા છે! ધગધગતી ભોં પર જળ વિનાં તરફડતા જીવોની વ્યથા જોવી હોય તો કાં તો સમ્પ્રતાપન નરકમાં જવું પડે કાં તો આજના સૌરાષ્ટ્રમાં ! એમાં પહેલીવાળી જગ્યાએ તો હું તમને ન લઈ જઈ શકું. ત્યાં તો તમારે તમારાં કર્મ-કૌશલ્ય થકી જ જવું પડે. પણ હા, બીજી-વાળી જગ્યાએ હું તમને અવશ્ય લઈ જઈ શકું, હોં ! તો ચાલો, આપણે વગર ટિકિટે સૌરાષ્ટ્ર જઈએ !

મારાં સગાં-સંબંધીઓના મુખે એક ઉક્તિ મેં ઘણી વાર સાંભળી હતી. 'મહાભારત'ના જેમ કર્ણ, તમે ભારતના વેલુભા. વેલુભા એટલે કાઠિયાવાડના કર્ણ ! કહે છે કે આ વિશાળ હૃદયી વેલે ઝંઝાવાતમાં ઘણાં વૃક્ષોને ટેકો આપ્યો હતો. એક વાર એમણે પત્નીનો દાંત ખેંચી કાઢીને એક ભિખારીને આપી દીધો હતો. પોતની પત્નીનો દાંત ખેંચીને કોઈકને આપી દેવા માટે કેવળ હિંમત જ નહીં; અસાધારણ દિલેરી પણ જોઈએ. કેમ કે દાંત

શુદ્ધ સોનાનો હતો. આવો ફાટાફાટ હૃદયનો માણસ કદીક અમારા થકીય યજમાનગીરીનું પુણ્ય લાભે એવી અંતરેચ્છા હતી એટલે એકવાર એમને ગામ જવાનું થતા અમે એમને ઘેર ગયાં.

'ઠંડું લેશો કે ગરમ??' એમના ઘરના ત્રણ ઈંચ અંદર ખૂંપી જવાય એવા પોચા સોફામાં હજી તો અમે ખૂંપી જઈએ એ પહેલાં જ એમની આતિથ્યસત્કારની ભાવના છલકાઈ.

'બોલો મારી બે'ન ! ઠંડું કે ગરમ?'

રઝળપાટ કરીને આવ્યાં હતાં એટલે ઈચ્છા તો બંનેની હતી અને ભરપૂર હતી. ઠંડા અને ગરમ ઉપરાંત કંઈક કોકર વર્ણાનીય હતી ને હાંરે હાંરે સ્વાદિષ્ટ નાસ્તાનીય હતી. પરંતુ લાજશરમ પણ કોઈ ચીજ હોય છે કે નહીં ! અમારા મધર-ફાધરે સારા સંસ્કાર આપ્યા હતા એટલે દરેકને ઘેર દાખવીએ છીએ. એવો ખોટો વિવેક દાખવતા અમે કહ્યું : 'થૅંક્સ અત્યારે કાંઈ ઈચ્છા નથી.'

'અરે ! એવું તે હોય?' વેલુભાના આગંણેથી જે દિ કોઈ ખાલી પેટે જાશે ઈ દિ સૂરજદાદા પશ્ચિમમાંથી ઊગશે ! કાઠિયાવાડની આ ધીંગી ધરા રસાતળ માંહે જાશે ! રણુજાના રાયની આંખ્યુંમાંથી આંહુડાં ખરશે !'

'પણ ખરેખર વેલુભા....અત્યારે કાંઈ ઈચ્છા નથી.' અમે હસુ હસુ થતા ચહેરા અને ચળુ ચળુ થતાં મન પર પરાણે સંયમ જાળવતા કહ્યું . 'એમ તે કેમ ચાલે ? તમને ઈમ ને ઈમ જાવા દઈએ તો અમારો ધરમ ના લાજે ? જગડુશા ને ભામાશાની આ ભોમકા ન લાજે ? બોલો મારી બેન....ઠંડું લેશો કે ગરમ ....ના બોલો તો મારા ગળાના હમ છે !'

આખરે એમના હેતાળ હુમલા સામે અમે હાર્યાં. હાર્યાં નહી બલકે અમારે હારવું પડ્યું કેમ કે આવા હુમલાઓ અમને પહેલેથી જ બહુ ગમતા આવ્યા છે.

'ઓ. કે. ગરમ ચાલશે ! અમે કહ્યું. આમેય કૉફી એ અમારું પ્રિય પીણું છે.આપણા સાધુ-સંતો કહી ગયા છે ને કે હરિભક્તના કોઈ મૂરતા ન હોય, કોઈ ટાણાં ન હોય....ઈ તો ગમે ત્યાં ને ગમે ત્યારે કરી શકાય.'- અમે કૉફી-પાન બાબતે આ ધોરણ સ્વીકારી લીધેલું. જો કે અમારા 'ગરમ ચાલશે'વાળા ઈકરાર બાદ પણ યજમાને 'ચા કે કૉફી ?' એવો રસપ્રદ પ્રશ્ન પૂછયો નહીં એટલે અમે સમજી ગયાં કે આ દિલાવર માણસ કાંઇ એમ ને એમ જાવા દેશે નહીં. એ તો ચા અને કૉફી બંને પાઈને જ જંપશે. પહેલા ચા પીવી કે કૉફી ? કે પછી અડધી ચા પતાવ્યા બાદ અડધી કૉફી.....? અથવા તો એક ચુસ્કી ચાની ને પછી એક ચુસ્કી કૉફીની....?- ચા-કૉફીના આવા મધુર વિચારોમાં અમે ખોવાયેલાં હતાં, ત્યાં તો એમના ધર્મપત્ની મુખ પર માયાળુ સ્મિત સાથે હાથમાં ટ્રે લઈને ઝાંઝર ઝણકાવતાં આવી પહોંચ્યાં. ટેબલની છાતી પર કે અમારા કાન પર વીતે નહીં એમ હળવેકથી પાણીનો પ્યાલો મૂકતાં ગયાં ને સાથે મીઠો ટહુકોય કરતાં ગયાં-'લ્યો ! તમે કીધેલું એવું જ ગરમ છે. કૂવાનું અસલ છે હોં ! તબિયત ખુશ થઈ જાશે !'

-ને અમારી ચમકી. શરીરના અણુએ અણુમાં પોખરણ જેવા ધડાકાઓ થયા. વેલુભાએ 'ઠંડુ કે ગરમ' - વાળા પ્રેમાળ આગ્રહો પાણીના સંદર્ભે કર્યા હતા એ વાત સમજતા અમે તો ધૂંઆં-પૂંઆં થઈ ગયાં. પણ ના. આ ધૂંઆં કે પૂંઆં થવાની વાત નહોતી. ત્યાની અતિવિકટ પરિસ્થિતિ જોતા કોઈને અતિશય મૂલ્યવાન એવું પાણી આપવું એ ય અસાધારણ દિલેરી જ ગણાય. બાકી પાણીની તંગીના આ યુગમાં ત્યાંની પ્રજાની સાઈકોલૉજીયું એવી થઈ ગઈ છે કે કોઈને શરદી થાય તો ય જીવ બળે. -આ તો માંહે હતું ઈ ય ગ્યું !

આપણા આ કાઠિયાવાડી કર્ણ (વેલુભા)ને સ્થાને 'મહાભારત'વાળા કર્ણ જો આજની તારીખમાં કાઠિયાવાડમાં રહેતા હોત તો બ્રાહ્મણના છદ્મ વેશે આવેલા ઈન્દ્રને કંઈક આવું જ કહેત. - 'ભૂદેવ બાપ્પા ! માંગવું હોય તો રાજપાટ માગી લ્યો ! મારા જીવના જંતર જેવા આ કવચ-કુંડળ પણ માંગી લ્યો... પણ મે'રબાની કરીને પાણી ના માગશો બાપા ! મહિનાથી ના'યો નથી. માથે ટોલાં ને મુગટમાં જીવાતું પડી છે પણ ધોવા હાટું પાણી નથી !' ને વળી મારા આ કવચ-કુંડળ તો એવા ગંધાય છે કે હૂંઘે તો હાવજ હૌં ભોં ભેળા થઈ જાય !' દેવરાજનું ભવન ફરી ગયું હોય જો એ કવચ-કુંડળી માગે તો....!

કહેવાય છે કે સૌરાષ્ટ્રનાં ચાતકોએ હવે આકાશ ભણી ઊંચું જોવાનું છોડી દીધું છે ને ઝાડ ભણી ઊંચુ જોવાનું શરૂ કરી દીધું છે. ઝાડ માથે કોક રૂપાળી (માદા ચાતક) બેઠી હોય એ સિવાય હવે તેઓ ડોકને તકલીફ આપતાં નથી. અહીંના મગરોએ દિગંબર જૈનધર્મ અંગિકાર ન કર્યો હોવા છતાં તેઓ હવે જાહેરમાં નગ્ન દેખા દે છે. એમની પાસે તન ઢાંકવા પૂરતું બે લહેર પાણી પણ નથી ! અહીંની ભેસું જ્યારે એમના નાનકડા ડોબાને એમના સુવર્ણયુગની રંગીન ગાથાઓ સુણાવતા કહે છે કે બેટા, એક જમાનો હતો જ્યારે કાઠિયાવાડની ધરતી સોનાની ધરતી હતી. ઠેર-ઠેર કીચડનાં ખાબોચિયાં હતાં ને અમને તો બાપા એ..ય લીલા લે'ર હતા ! માથે સૂરજદાદાને બળવું હોય એટલું બળે પણ અમે તો અમારાં કીચડદાદાના ખૉળેથી ઊભા નો થઈએ. રજવાડી ઠાકરો એમના મખમલી ગાલીચે તારા ગદ્ધુકાકાની પેઠે આળોટતા હોય...આપણાય ઈ જ ઠાઠ હતા ! - ત્યારે મુગ્ધ ડોબું અત્યંત અહોભાવપૂર્વક માની આ વાત

સાંભળી રહે છે.

સૌરાષ્ટ્રમાં પાણીની અછતને પ્રતાપે આજે સાબુ-ઉદ્યોગે પોતાના જ સાબુઓ વડે નાહી નાખ્યું છે. તો એથી ઊલટું ત્યાંની ગુટકાકંપનીઓ પ્રજાને વગર સાબુ-પાણીએ નવડાવી રહી છે. ભોળા કાઠિયાવાડીઓએ જ્યારથી છાપામાં વાંચ્યું છે કે ગુટકા ખાવાથી લોહીનું પાણી થઈ જાય છે, ત્યારથી એ બિચારાઓ જમવાના ધોરણે ગુટકા ખાય છે. અહીં યદિ કોઈ સોનીની દુકાને પાટિયું લગાડેલું દેખાય કે - 'સોનું ...પાણીના ભાવે !' તો એ તરફ આંધળી દોટ મૂકવાની નહીં બલકે એમ જ સમજવાનું કે ત્યાં સોનું બજારભાવ કરતાંય મોંઘું હશે.

આમ, સૌરાષ્ટ્રવાસીઓ પાસે આજે પાણી નથી તેમ છતાંય તેઓ જોરશોરથી એમનું પાણી દાખવી રહ્યાં છે. - સૌરાષ્ટ્રની વસ્તી મારી બહેનના માથાના સફેદવાળની પેઠે કૂદકે ને ભૂસકે વધતી જાય છે. (આખરે બહેન કયા દા'ડે કામ આવવાની હેં ?) એના મૂળમાંય આ જળ-સમસ્યા જ છે. એક જમાનો હતો જ્યારે અહીંનાં નદી-તળાવ-વાવ-કૂવાઓ પાણીથી છલકાતાં ને નિષ્ફળ પ્રેમીઓ, નિષ્ફળ પતિ-પત્ની, નિષ્ફળ માતા-પિતા, નિષ્ફળ લીડરો, નિષ્ફળ ચીટરો, નિષ્ફળ કળાકારો, નિષ્ફળ ધીંગાણાં કારો...

સંક્ષેપમાં કહીએ તો દરેક પ્રકારના 'નિષ્ફળ'ને એમાં પડીને જાન દેવામાં સુગમતા રહેતી ને અહીં વસ્તીનું પ્રમાણ ઠીક ઠીક જળવાતું. પરંતુ આજે તો ત્યાં એવી વિકટ પરિસ્થિતિ સર્જાણી છે કે ડૂબીને આત્મહત્યા કરવી હોય તો માપસર પાણીય ન મળે !

પ્રજાની આ મુશ્કેલી નિવારવા હવે આપણી સરકાર માઈબાપ એમની વહારે ધાઈ છે. લોકો સરળતાપૂર્વક ડૂબી શકે એ સારુ આજે ગામેગામ 'ચુલ્લુભર' પાણી પહોંચાડવામાં આવે છે. છતાંય લોકોની લાલચ તો જુઓ ! અધમ જળલાલસા ધરાવતા લોભિયાઓ આજે ડોલભર પાણીની અઘટિત માગણીઓ કરી રહ્યા છે ને પાણીની એ પ્રાકૃત વાસના પૂર્ણ કરવા સરકાર વિરુદ્ધ નારાઓ, ભાષણો, મોરચાઓ, રેલીઓ ને સરઘસો જેવા ગેરમાર્ગો અપનાવી રહ્યાં છે. આવા જળ-લોલુપોને ટીઅરગૅસના ટોટે કે બંદૂકની ગોળીએ વીંધવાને બદલે આપણી પ્રજાવત્સલ સરકારે એમને એક સુંદર અને બોધદાયક પ્રવચન આપ્યું હતું, જેના કેટલાક અંશો અહીં રજૂ કરું છું :

મારાં વહાલાં પ્રજાજનો ! પાણીની સમસ્યા આજે જ છે એવું નથી. સતયુગમાંય પાણીના અકાળો પડતા. મહિનાઓ લગી ન નહાવાને કારણે લોકોની ચામડી પર દોઢ દોઢ ઈંચ મેલના થર જામતા, જેને પ્રતાપે સમાજમાંથી કાળા-ગોરાનો ભેદભાવ આપોઆપ નાબૂદ થઈ જતો. મેલના મજબૂત સુરક્ષાકવચને કારણે લોહી-તરસ્યા મચ્છરો માણસજાતનું ખાસ કાંઈ બગાડી શકતાં નહીં. પાણીની ઘાતવાળા મનુષ્યો સુખેથી સો સો વરસનું આયુષ્ય ભોગવતાં. જો કે હા, પાણીથી તરસ બુઝાવવાના આદીઓ- પાણીના વ્યસનીઓને જરૂર અવગડ પડતી. પણ એવે વખતે પ્રાચીનકાળની આપણી સંસ્કારી પ્રજા આકરા વ્રત-ઉપવાસો કરતી. બાધાઓ રાખતી. પેટજણ્યાઓનાં બલિદાન દેતી. સંગીતજ્ઞો 'કોઈ ગળું દબાવી દેશે તો ?' એવી ચિંતા કર્યા વિના મેઘ-મલ્હાર જેવા રાગ ગાતા. યોગીઓ-તપસ્વીઓ પત્ની-બાળકોને રામભરોસે છોડીને કઠિન તપશ્ચર્યા કરતા. ઋષિમુનિઓ એમની લાંબી-હાઈ-ફ્લેમેબલ દાઢીની પરવા કર્યા વિના હોમ-હવનો કરતા ને વરુણદેવને રીઝવતા. પરંતુ આજની આપણી અધીર પ્રજા પ્રાણીપ્રાપ્તિ માટે અધ્યાત્મના આવા સંસ્કારી માર્ગો અપનાવવાને બદલે સરઘસો, મોરચાઓ ને રેલીઓ કાઢીને સરકારના કાર્યમાં વિક્ષેપ પાડે છે, એ ખરેખર નીંદનીય છે.

આપણી રુષ્ટ રૈયત આયે દા'ડે ફરિયાદ કરતી રહે છે કે વરસાદ નથી. નદી-તળાવો સુકાઈ ગયાં છે, પાણી નથી...પાણી નથી..હકીકતમાં એમણે આવી શિકાયતો કરવાને બદલે એમનાં આંતરચક્ષુ ઉઘાડવાની જરૂર છે. આપણા મહાન સંતો સદીઓથી કહેતા આવ્યા છે કે ઈશ્વર તો તારી અંદર જ છે એને બહાર શીદને શોધે છે ? પાણી બાબતેય આમ જ છે. વિજ્ઞાન કહે છે કે માનવશરીરમાં પંચ્યાસી ટકા જેટલું તો પાણી જ છે, બોલો ! પછી 'પાણી..પાણી' કહીને બહાર ફોગટ ફાંફાં શીદને મારવાના ? હજી ગઈકાલે જ કચ્છનું એક અબુધ લોકજૂથ મારી પાસે 'પાણી નથી' -- વાળી સનાતન ફરિયાદ લઈને આવ્યું હતું ને એ વખતે મેં મારી સગ્ગી આંખે જોયેલું કે એ જૂથના દરેક માણસની આંખોમાં પાણી હતું !

આપણે આપણાં પાપ ધોવાને બદલે શરીર ધો ધો કરીએ છીએ એ ખરેખર અયોગ્ય છે. આ વાત અત્રે એટલા માટે યાદ આવી કે વચમાં કેટલાંક અસંતુષ્ટ પ્રજાજૂથોએ 'અમારી પાસે નહાવા માટેય પાણી નથી!' એવી ખોટી કાગારોળ મચાવી મૂકી હતી. મારા કાનના રૂનાં પૂમડાં ફાટી જાય એટલા પ્રચંડ સાદે એમણે મને કહ્યું હતું કે - ન નહાવાને પ્રતાપે અમારાં તેમજ અમારાં પરિવારજનોનાં શરીરમાંથી એટલી બધી દુર્ગંધ આવે છે કે ઘરમાં પેસતી વખતે જાણે વાઘ-સિંહની બોડમાં પ્રવેશતાં હોઈએ એવું લાગે છે. મારા ભોળા પ્રજાજનોની આ વાત સાંભળીને વાસંતી કુસુમની પેઠે ડોલી ઊઠતા મેં એમને સમજાવ્યું હતું કે હે યંત્રયુગીય માનવીઓ ! તમે તો ખરેખર નસીબદાર છો કે તમને વાઘ-સિંહ જેવું કુદરતી જીવન જીવવા મળ્યું છે. આપણા સુજ્ઞ પર્યાવરણવાદીઓ શું કહી ગયા છે કે બને એટલું

પ્રાકૃતિક જીવન જીવો. શું તમે વાઘ-વરુ-દીપડા-ચિત્તા-રીંછ કે જાયન્ટ પાન્ડાને સાબુ ચોળીને લોટે લોટે નહાતા જોયા છે ખરા ? વડલા કે પીપળાનું ઝાડ પર્ણરૂપી વસ્ત્રો ત્યજીને કદી શાવર બાથ લ્યે છે ખરું ?કાગડા, કોયલ કે ચામાચીડિયાંને તમે કદી સ્વીમિંગપુલમાં તરતાં જોયાં છે ખરાં ? ઊંટ, શિયાળ કે કાંગારું વગેરે કદી કૂવામાં ધુબાકા મારે છે ખરાં ? ના ને ? તો પછી તમેય એમનાં જેવું પ્રાકૃતિક જીવન જીવો. કળિયુગના પ્રભાવે કરીને કદીક નહાવાની કુબુદ્ધિ સૂઝે તો પાણી વિના નહાવાની આદત કેળવો. ખુલ્લી ચાંદનીમાં ન્હાવ, સૂર્યસ્નાન કરો, હવા-સ્નાન કરો, ક્યારેક ટ્રાફિક પોલીસની માફક ધુમાડામાં ન્હાવ, ધનિકો ધન-ધારામાં તેમજ ગરીબો અશ્રુધારામાં ન્હાવ, શરાબીઓ શરાબમાં અને શ્રમિકો પરસેવામાં ન્હાવ, સંગીતપ્રેમીઓ સંગીતના સૂરોમાં અને સાહિત્યકારો કલ્પનામાં ન્હાવ. આ બધાં સ્નાન પરમતત્ત્વ જેવાં છે, પ્રત્યક્ષ દેખાય નહીં કિન્તુ અનુભવાય જરૂર !

નટવરનાગર પ્રભુ શ્રીકૃષ્ણે યમુનામાં બેફામપણે નહાતી ગોપીઓનાં ચીર સંતાડ્યાં હતાં - એ વાત જાણ્યા બાદ આપણી ઘણીખરી શ્રદ્ધાળુ બહેનોને નદી-તળાવોમાં નહાવાના કોડ જાગ્યા છે. કિન્તુ એમની એક જલદ શિકાયત છે કે નદી-તળાવોમાં હવે પાણી નથી...પાણી નથી ! મારી ભોળી બહેનોની જાણ ખાતર અત્રે જણાવવાનું કે આ તો ઘોર કળિયુગ છે મારી બ્હેન ! કાળા રંગના હિસાબે કૃષ્ણના વહેમમાં ફરતા આધુનિક નરો જો એક વાર તમારાં ચીર હરશે તો પ્રભુ મુરલીધરની પેઠે તમને એ પાછાં નહીં આપે બલકે શુક્રવારી ગુજરીમાં જઈને વેચી આવશે ! એના કરતાં તો આપણાં પાણી વિનાનાં નદી-તળાવો શા ખોટાં? એમાં તમે નિરાંતે સવસ્ત્ર સ્નાન કરી શકશો. આમ કરવાથી તમારાં મોંઘા ભાવનાં વસ્ત્રો તો સહી-સલામત રહેશે જ ને ઉપરથી પાણીની બચત થશે એ નફામાં. અમારી આ જ લાગણીનો જાણે પડઘો પાડતાં હોય એમ કવિ ઈન્દુ પુવાર કહે છે -

'હવે તો થાય છે કે ક્યાંક...
પાણી વગરની નદીમાં નાહી લઉં !'

વાહ ભાઈ વાહ ! કેટલા ઉચ્ચ વિચારો છે ! બહેન યદિ યુવાન હશે- આય મીન, સક્ષમ કાર્યશક્તિ ધરાવતાં હશે તો એમને પાણી પુરવઠા ખાતામાં કોક સારી જગ્યા આપવા અમે બંધાયેલા છીએ, એટલું જ નહીં, પાણી વગરની નદીમાં એમની સાથે અમેય દિલોજાન પૂર્વક સ્નાન કરીને પ્રજામાં સુંદર દાખલો બેસાડીશું .

આપણી ગુજરાતી ભાષામાં એક બહુ જ સુંદર અને પ્રેરક કહેવત છે - નાગા ને નહાવું શું ને નિચોવવું શું ...? વાહ ભાઈ ! કહેવત લખનારે કેવળ ચાર-પાંચ શબ્દોમાં આપણી જળસમસ્યાનો ઉકેલ બખૂબી રજૂ કરી દીધો છે. આપણામાંનાં ઘણાં બેખબરોને કદાચ ખબર નહીં હોય કે નહાવા-નિચોવવામાં પાણીનો સૌથી ઓછો દુર્વ્યય આપણા પૂજ્ય દિગંબર સાધુઓ કરે છે.

એમના પવિત્ર જીવન પરથી આપણે પ્રેરણા લેવી ઘટે. કમ સે કમ ઘરમાં એકલા હોઈએ ત્યારે તો વસ્ત્રનો મોહ ત્યજી દેવો જોઈએ. 'મનુષ્યનું સાચું આવરણ એનાં વસ્ત્ર નથી પરંતુ એના સદ્‌ગુણો છે', એ સુવાક્ય યાદ રાખવાથી વસ્ત્રત્યાગ માટે નૈતિક બળ મળી રહેશે. એ જ પ્રમાણે જાહેર પહેરવેશ અંગે અમારાં ત્રણ સરકારી સૂત્રો યાદ રાખો : (૧) બે વસ્ત્રો બસ (૨) કપડે દો હી અચ્છે, અને (૩) વધુ વસ્ત્રો વધુ સંતાપ. અમારાં આ સોનેરી સૂત્રો અનુસાર યથાશક્તિ ઓછાં વસ્ત્રો ધારણ કરવાથી પાણીની બચત તો થશે ને તદુપરાંત આપણે પણ પાશ્ચાત્ય દેશોની પ્રજાની માફક સુધરેલાં લાગીશું.

આપણી પુરાણકથાઓમાં 'તન્વી શ્યામા' નામના સુંદર શબ્દોનો ઉલ્લેખ આવે છે. પૌરાણિક સ્ત્રીઓમાં સૌથી સુંદર ગણાયેલી દ્રૌપદી 'તન્વીશ્યામા' અર્થાત્ પાતળી અને શ્યામવર્ણી હતી. તદુપરાંત આપણી મિસ ઈન્ડિયા, મિસ વર્લ્ડ, મિસ યુનિવર્સ...જેવી ઘણી ખરી 'મિસો' પણ તન્વીશ્યામાઓ જ છે. પરંતુ આપણા દેશની કરોડો ગ્રામીણ મહિલાઓને આવું પરમ સદ્‌ભાગ્ય સાપડ્યું નથી. આપણી ગ્રામનારીઓ છાશવારે 'અમારે પાણી ભરવા ચચ્ચાર કિલોમીટર આઘે જવું પડે છે.' એવો કકળાટ કરે છે પરંતુ એમણે જો આ રીતે પાણીડાં ભરવા દૂરસુદૂર સુધી જવું પડતું હોય તો એ અમારી સરકારની નિષ્ફળતા લેશમાત્ર નથી, બલકે ભારતીય નારીઓને તન્વીશ્યામા બનાવવાનું એક સુચારુ અભિયાનમાત્ર છે. સૂર્યદેવતાનાં પ્રખર કિરણોની છત્રછાયામાં જો આપણી બહેનો આ રીતે પાણી ભરવાને બહાને દૂ...ર સુધી જશે તો એ દિવસ દૂર નથી જ્યારે પ્રત્યેક ભારતીય નારી ગર્વપૂર્વક કહી શકશે કે હા, અમે પણ તન્વી શ્યામા છીએ !

આવી સુંદર તન્વીશ્યામાઓ ઉપરાંત જો દેશમાં રખાસૂકા દાતણિયા દેહવાળી, મોં પર ખારેક જેવી કરચલીઓવાળી, પોતાના વજન કરતાં ત્રણ ગણાં ભારે બેડાં ઊઠાવીને બેવડ વળી ગયેલી ને ધોમધખતા તાપમાં પરસેવે રેબઝેબ થઈને ફાટેલા જોડે દૂર સુધી પાણીડાં ભરવા જતી મરિયલ જળભરણાં વૃદ્ધાઓ નહીં રહે તો ભારતીય ચિત્રકારોનું શું ? ભારતીય ફોટોગ્રાફરોનું શું ? એમના ભવિષ્યનું શું ? એમને ઈનામો-અકરામો અપાવે એવી છબીઓનું શું ? (આપણાં સામયિકોના મે માસના મુખપૃષ્ઠનું શું, ખરું ને ?) વિશ્વના વિચારકો, સુધારકો, સાક્ષરો

ને પત્રકારો ભારતમાં આવીને લખશે શાની ઉપર ? દેશ-વિદેશના ધુરંધર દિગ્દર્શકો અહીં આવીને ડોક્યુમેન્ટરીઓ શેના પર બનાવશે ? દેશમાં જો આ રીતે ઝૂઝતું નારીધન ન હોય તો વિશ્વના નકશામાંથી ભારતદેશનું નામ સાવ ભુલાઈ જાય ! હવે તમે જ કહો..દેશનું ભવિષ્ય વધારે મહત્ત્વનું કે પછી પાણી ?

તો હે મારા પ્યારા દેશવાશીઓ ! 'પાણી નથી...પાણી નથી'નું રટણ કરવાનું છોડી દો. ધરતીમાંથી પાણીડાં સુકાય તો એમાં અમારો કોઈ દોષ નથી, એ તો કાલદેવતાના નૃત્યની ભંગિમામાત્ર છે. અને વળી આપણે તે કંઈ માછલાં છીએ કે પાણી પાણી કર્યા કરીએ ? માછલાંના મુખમાં હજીયે આવી શિકાયત શોભે. કેમ કે પાણી એ જ એમનું ઘર છે, ઘરની દીવાલો છે. એમાં પડેલાં કે પાડવામાં આવતાં બાકોરાંય પાણી જ છે. પાણી જ એમનું ઘરઆંગણ છે, સમરાંગણ છે, ગુલિસ્તાં છે, બિયાબાઁ (રણ) છે. સંક્ષેપમાં કહીએ તો એમના મૅટરનિટી હોમથી લઈને મસાણ સુધીનું બધું જ પાણી છે.

હા, એક પણ ભારતીય માછલું અહીં પત્ર લખશે અથવા 'પાણી નથી'ની ફરિયાદ કરશે તો તે જ ઘડીએ અમે એમને પાણી પૂરું પાડવા બંધાયેલા છીએ. આ અમારું એક આદર્શ અને જાગ્રત સત્તાધીશ તરીકેનું વચન છે. અમે પ્રાણના ભોગેય (પ્રાણ અમારો પટાવાળો છે. જો કે એ વાત અલગ છે પાછી.) એ વચન પાળીશું. પ્રાણ જાય પર બચન ન જાય હોં. ! જય હિન્દ !

## કવિઓ અને પ્રકાશકોને વિજ્ઞપ્તિ

પ્રતિવર્ષ પ્રગટ થતા કાવ્યસંગ્રહોની સંપૂર્ણ સૂચિ કાવ્યરસિકોને, અભ્યાસીઓને ઉપલબ્ધ થાય એ ઉદ્દેશથી એની ઉચિત નોંધ લેવાવાની સાથે વાર્ષિક સમીક્ષા અને ઉત્તમ છ સંગ્રહોનાં અવલોકનો કાવ્યસમીક્ષકો પાસે કરાવી પ્રગટ કરવાની યોજના કવિલોક ટ્રસ્ટે સન ૨૦૦૪થી અમલમાં મૂકવાનું નક્કી કર્યું છે. આ માટે સર્વ કવિઓ અને પ્રકાશકોને સન ૨૦૦૪માં પ્રગટ થયેલ કાવ્યસંગ્રહની એક નકલ કવિલોક ટ્રસ્ટ (C/o. કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર, અમદાવાદ - ૩૮૦૦૦૧) પર મોકલી આપવાનો અનુરોધ છે. પ્રાપ્ત થયેલ કાવ્યસંગ્રહની સંક્ષિપ્ત માહિતી 'કવિલોક'માં 'સાભાર સ્વીકાર' અંતર્ગત પ્રગટ કરવામાં આવશે.

ટ્રસ્ટીઓ :
કવિલોક ટ્રસ્ટ

લોકકથા

# 'વરુ બન્યું રાજા'

ડૉ. એમ. એ. સૈયદ

પથ્થરનો એક નાનકડો ચબૂતરો બનાવીને તેનાં પર છાણ લીંપીને બે નાની દેડકીઓને પોતાના કાનમાં લટકાવીને, વરુ જંગલનો રાજા બની બેઠો. જો કોઈ પણ જાનવર ત્યાં પાણી પીવા જતું તો તેને પોતાની પ્રશંસામાં આ પ્રમાણે હુકમ કરતો :

'ચાંદીનો તારો ઓટલો, સોને લીંપ્યો છે
કાનમાં ગજરાજજી, રાજા બેઠો છે.'

જંગલના નાનાં-નાનાં જાનવર જેમ કે સસલાં, હરણ જેવાં, અથવા તો ડરીને કે પોતાની તરસ છિપાવવા એની શાનમાં આ શબ્દો બોલીને તેના ઘમંડને તૂટવાથી બચાવી લેતો.

એક વાર દૂરથી એક શિયાળ હાંફતાં હાંફતાં પાણી પીવા ત્યાં આવ્યું. જેવું તે પાણી પીવા નમ્યું કે તરત જ વરુ બરાડ્યો.

'એય મગતરા, તું પાણી કેમ પીએ છે ? શું તને અહીંના કાયદાની ખબર નથી ?'

'ના, ના સરકાર, હું તો અહીં પહેલી વાર આવ્યો છું' સાદર પ્રત્યુત્તર આપ્યો.

'જોતું નથી હું આ વિસ્તારનો રાજા છું. અને અહીંનો કાયદો છે કે અહીં કોઈ પણ જાનવર ત્યાં સુધી પાણી ના પી શકે જ્યાં સુધી આ લખેલાં વાક્યો મારી શાનમાં નહીં ઉચ્ચારે,' વરુએ શિયાળને ત્યાંના કાયદાથી અવગત કરાવ્યો.

'પણ હજૂર, મને એટલી તો તીવ્ર તરસ લાગી છે કે, હું કાંઈ પણ બોલવા સક્ષમ નથી, ગળું તરસથી સુકાઈ રહ્યું છે,' શિયાળના અવાજમાં નમ્રતા હતી.

'ના, પહેલાં મારી શાનમાં આ બોલ, પછી જ પાણી પીવા દઈશ.' વરુએ હુકમ કર્યો.

'હજૂર, પહેલાં પાણી તો પીવા દો ત્યાર બાદ આપ જે પણ હુકમ કરશો તે શિરે ચઢાવવા હું તૈયાર છું.'

વરુએ શિયાળની વાત સ્વીકારી લીધી.

પાણી પીધા પછી જ્યારે શિયાળ જવા તૈયાર થયું કે તરત વરુએ એનું વચન યાદ અપાવ્યું.

'શું તારું વચન ભૂલી ગયો ?'

'અરે ના સરકાર, હું મારું વચન ભૂલી શકું ?'

'પણ સરકાર જો હું થોડો દૂર જઈને તમારા માનમાં જોરથી કંઈક કહીશ તો જંગલનાં બીજાં જાનવર પણ સાંભળશે, જેથી આપની આબરું વધશે,' વરુને શિયાળનું સૂચન ખૂબ જ ગમ્યું.

થોડે દૂર જઈને શિયાળે પોતાની પૂરી તાકાત સાથે જોરજોરથી આ શબ્દો ઉચ્ચાર્યા :

'પથ્થરનો તારો ઓટલો, છાણે લીંપ્યો છે,
કાનમાં તારે દેડકી, વરુ બેઠું છે.'

અને તરત જ ત્યાંથી ભાગી ગયું. વરુએ તેનો પીછો કર્યો, પણ બધું જ વ્યર્થ.

બોધ : વગર માગ્યે મોતી મળે, માંગે મળે ન માન.

# ટૉરન્ટો-દર્શન

ડૉ. જયકુમાર ર. શુક્લ

મા ર્ચ, ૨૦૦૦માં મારો પુત્ર અમિત ટૉરન્ટો (કૅનેડા) ગયો ત્યારે પશ્ચિમના દેશમાં જવાની તેની ખ્વાહેશ ફળીભૂત થઈ. આ અગાઉ તે ૧૯૯૭માં કિસુમુ (કેન્યા, પૂર્વ આફ્રિકા) સર્વિસ માટે ગયો હતો, અને તે બે વર્ષ ત્યાં રહ્યો પણ હતો. ટૉરન્ટો ગયા બાદ, દોઢેક વર્ષ પછી અમને ત્યાં બોલાવવાનો તેનો આગ્રહ હતો અને જુલાઈ ૨૦૦૨માં સુશીલા તથા હું ત્યાં જઈ શક્યાં. કૅનેડા જઈએ ત્યારે થોડાં સપ્તાહ યુનાઈટેડ સ્ટેટ્સ પણ ફરવા - જોવા જવાનો ઈરાદો હતો, એટલે અમે અમેરિકા તથા કૅનેડા બંને દેશોના વિઝા લઈને જુલાઈની પાંચમીએ વહેલી સવારે અમદાવાદથી ઊપડ્યાં અને કૅનેડાનો સમય આપણાથી સાડ દસ કલાક પાછળ હોવાથી, લંડન થઈને પાંચમી જુલાઈની સાંજે ટૉરન્ટો પહોંચી ગયાં. ત્યાં ઉનાળામાં દિવસ ઘણો લાંબો હોવાથી, રાતના ૯-૩૦ વાગ્યે અંધારું થયું.

ટૉરન્ટો કૅનેડાના ઑન્ટારિયો પ્રાન્તનું પાટનગર તથા કૅનેડાનું સૌથી મોટું શહેર છે. ટૉરન્ટો ત્યાંનું મુખ્ય ઔદ્યોગિક કેન્દ્ર છે. તે લેક ઑન્ટારિયોની ઉત્તર -પશ્ચિમે (વાયવ્ય) આવેલું છે. ગ્રેટ લેઈકનું તે સૌથી વધુ મહત્ત્વનું બંદર છે. તે વસ્તુઓનું ઉત્પાદન, નાણાંકીય બાબતો અને વાહનવહેવારનું કૅનેડાનું મુખ્ય મથક છે. કૅનેડાના ૩૫ ટકા જેટલા ઉદ્યોગો ટૉરન્ટોની આસપાસ ૧૬૦ કિ.મી.ના અંતરે આવેલા છે. ટૉરન્ટોનું સ્ટૉક એક્ષચેન્જ દેશમાં સૌથી મોટું છે. ત્યાં ટેલિવિઝન અને સિનેમા ઉત્પાદન, છાપકામ તથા પ્રકાશનનું કામ કૅનેડાનાં અન્ય શહેરોની તુલનામાં સૌથી વધુ થાય છે. દેશનાં મહત્વનાં પુસ્તકાલયો તથા સંગ્રહાલયો ત્યાં આવેલાં છે. તે મહત્ત્વનું સાંસ્કૃતિક કેન્દ્ર છે.

ઈ.સ.૧૬૦૦ અને ૧૭૦૦ વચ્ચેના સમયમાં ત્યાંનાં આદિવાસીઓ લેક ઑન્ટારિયો અને લેક હુરોન વચ્ચે જવા-આવવાના માર્ગમાં ટૉરન્ટો આવતું. બ્રિટિશ કૉલોનીના લેફ્ટેન્ટ ગવર્નરે ૧૭૯૩માં ત્યાં વસવાટ શરૂ કર્યો અને તેને યૉર્ક નામ આપ્યું. ઈ.સ. ૧૮૩૪માં તે નામ બદલીને 'ટૉરન્ટો' રાખવામાં આવ્યું. ત્યાંની હુરોન ભાષામાં તેનો અર્થ 'મિલનસ્થળ' થાય છે.

ટૉરન્ટો ૬૩૦ ચોરસ કિ.મી.ના વિસ્તારમાં ફેલાયેલું છે. ઑન્ટારિયો પ્રાન્તનાં ૨૫ ટકા તથા કૅનેડા દેશનાં ૧૦ ટકા લોકો, માત્ર આ શહેરમાં વસે છે. ત્યાં ભારતીયોનાં કેટલાંક મંદિરો છે. તેમાં ગણેશમંદિર, વિષ્ણુમંદિર, શિવમંદિર, સનાતનમંદિર, સ્વામિનારાયણમંદિર વગેરેનો સમાવેશ થાય છે. સનાતન મંદિર તથા સ્વામિનારાયણ મંદિરનો વહીવટ ગુજરાતીઓ સંભાળે છે.

એક દિવસ અમિત સાતે, ડાઉનટાઉન જવા માટે અમે ત્યાંની બસ તથા સબવે (અન્ડર ગ્રાઉન્ડ ઈલેક્ટ્રિક ટ્રેન) મારફતે ગયાં. ત્યાં બસમાં કંડક્ટર હોતા નથી. મુસાફરો ખાનગી દુકાનોમાંથી બસની ટિકિટો ખરીદીને પાસે રાખતાં હોય છે. બસમાં બેસતી વખતે, ડ્રાઈવરની સીટ પાસેની નાની પેટીમાં ટિકિટ નાખવાની અથવા તેમાં નાણાં નાખવાનાં. બધાં પોતાની જાતે, લાઈનમાં આવીને બેસે. કોઈ આગળ જતા રહેવા બીજાને ધક્કો મારે નહિ. એ જ રીતે સબવે-લોકલ ટ્રેનમાં પણ આપણા જેવી ધક્કામુક્કી અને દોડાદોડી એ લોકોને ન ફાવે ! બસ અને ટ્રેન વગેરે સ્વચ્છ તથા લોકોમાં આત્મશિસ્ત. ટ્રેનના દરવાજા સ્વયં સંચાલિત હોય છે. ટ્રેન ઊભી રહે, પછી દરવાજા ખૂલે અને ટ્રેન ઊપડતાં અગાઉ બંધ થઈ જાય. સ્ટેશનમાં બધાં પ્લૅટફૉર્મ સ્વચ્છ અને બધી સૂચનાઓ લખી હોય. તેથી અજાણ્યા માણસે પણ ઘણું ખરું પૂછવું ન પડે.

૧૪ મી જુલાઈ, ૨૦૦૨ને રવિવારે અમે ડાઉનટાઉનમાં, યંગ સ્ટ્રીટ પર આવેલ ઈટન સેન્ટર જોવા ગયાં. તે ત્રણ માળનું ટૉરન્ટોનું સૌથી મોટું શૉપિંગ કૉમ્પ્લેક્ષ છે. તેમાં આશરે ૩૦૦ દુકાનો તથા ઑફિસોની ત્રણ ઈમારતો આવેલી છે. તેમાંની એક ઈમારત ૩૬,બીજી ૩૫ તથા ત્રીજી ૨૬ માળની છે. તેમાં એસ્કેલેટર તથા લિફ્ટની વ્યવસ્થા પૂરતાં પ્રમાણમાં છે. ત્યાંથી અમે ડાઉનટાઉનમાં આગળ ગયાં. ત્યાં વિશ્વની સૌથી ઊંચી ૫૦ ઈમારતોમાંની ત્રણ આવેલી છે. તેમાંની એક 'કૅનેડિયન પ્લેસ'-તે ૭૨ માળની બૅંક અને ઑફિસ-ટાવર છે. તેની ઊંચાઈ ૨૯૦ મીટર ૯૫૧ ફીટ છે. બીજી ૬૮ માળની ઈમારત'સ્કોશિયા પ્લાઝા' ૨૭૫ મીટર( ૯૦૨ ફીટ) ની ઊંચાઈ ધરાવે છે. ત્રીજી ઈમારત ૫૧માળની 'કૅનેડા ટ્રસ્ટ ટાવર'ની ઈમારત ૨૬૧ મીટર (૮૫૬ ફીટ)ની ઊંચાઈ ધરાવે છે. તેની પાસે આવેલ કૅનેડિયન નૅશનલ - 'સી.એન.ટાવર' વિશ્વની સૌથી ઊંચી ફ્રી-સ્ટેન્ડિંગ ઈમારતોમાંની એક છે. તે કોન્ક્રીટ અને સ્ટીલની બનાવેલી તથા ૫૫૩ મીટર (૧૮૧૫ ફીટ)ઊંચી છે. તેમાં ઉપર જવા માટે ઝડપી લિફ્ટ અને ભોંયતળિયે વિવિધ વસ્તુઓ વેચતી વિશાળ દુકાનો છે. અમે ટિકિટો ખરીદીને ઉપર ગયાં. ત્યાં મુલાકાતીઓની લાંબી લાઈન હતી. તેમાં ઑબ્ઝર્વેશન ડેક-નિરીક્ષણ કક્ષ પરથી જોતાં - ચારે બાજુથી સમગ્ર ટૉરન્ટો શહેરનું વિહંગાવલોકન કર્યું. તેના વિશાળ લાંબા માર્ગો સાપના લિસોટા જેટલા નાના, તથા ત્યાંની ભવ્ય ઈમારતો દેખાવ માટે ગોઠવેલાં મોડેલો જેવી દેખાતી હતી. સી.એન.ટાવરના એક માળનું તળિયું જાડા પારદર્શક કાચનું બનાવેલું છે.

સી.એન.ટાવરની પાસે આવેલ 'સ્કાઈ ડેમ' સ્પોર્ટસ સ્ટૅડિયમ છે. તેનું છાપરું ખોલી શકાય એવું રીટ્રેક્ટેબલ છે. તે આઠ એકર (૩.૨ હૅક્ટર) જમીનમાં પથરાયેલું છે. તેમાં એક હોટલ, મનોરંજનનો હૉલ, કેટલીક રેસ્ટોરાં, સભાખંડો તથા

હેલ્થ ક્લબનો સમાવેશ થાય છે.

એક દિવસ અમે ડાઉનટાઉન પાસે સરોવરની આગળ આવેલ, સાંસ્કૃતિક, મનોરંજન તથા વિશ્રાંતિના સંકુલ 'ઑન્ટારિયો પ્લેસ' જોવા ગયાં. તેમાં એક નાટકશાળા, પ્રદર્શન કક્ષ, બાળકો માટેનો વૉટર પાર્ક, પર્યટન-સ્થળ, આઈમૅક્સ થીએટર વગેરે આવેલાં છે. તેની પૂર્વમાં હાર્બર ફ્રન્ટ કેન્દ્ર આવેલું છે. તેમાં અનેક આર્ટ ગૅલરીઝ, દુકાનો, રેસ્ટોરાં, પ્રદર્શન માટેનાં ક્ષેત્રો અને નાટકો, સંગીત તથા નૃત્યના કાર્યક્રમો માટેનાં થીએટરો આવેલાં છે. સરોવરની આગળ 'એક્ઝિબિશન પ્લેસ' આવેલ છે. તેમાં કૅનૅડિયન નૅશનલ એક્ઝિબિશનનું સ્થળ છે. ત્યાં પ્રતિ વર્ષ ઑગસ્ટ-સપ્ટેમ્બરમાં મોટો મેળો ભરાય છે, ત્યારે હજારો લોકો ત્યાં ભેગાં થાય છે.

ટૉરન્ટોના ડાઉનટાઉનની ઉત્તરે ક્વીન્સ પાર્કમાં ઑન્ટારિયો પાર્લામેન્ટ બિલ્ડિંગ્ઝ આવેલાં છે. તે પાર્કની પશ્ચિમે યુનિવર્સિટી ઑફ ટૉરન્ટોનું વિશાળ કૅમ્પસ જોઈને અમે આગળ વધ્યાં.

ટૉરન્ટો શહેરની આજુબાજુ આવેલ ગ્રેટર ટૉરન્ટો એરિયામાં ઉત્તરે મારખમ અને અરોરા, પૂર્વમાં ઓશાવા તથા વ્હિટબી અને પશ્ચિમે બ્રેમ્પટન તથા મિસિસાગા આવેલાં છે. ઍંસી તથા નેવુંના દાયકાઓમાં ગ્રેટર ટૉરન્ટો એરિયાનો વિકાસ ખૂબ ઝડપથી થયો છે. તે દરમિયાન ખેતીની વિશાળ જમીનોમાં અનેક મકાનો, શાળાઓ, હૉસ્પિટલો અને વ્યાપારી સંકુલો નવાં બાંધેલાં જોવા મળ્યાં.

કૅનૅડામાં ટૉરન્ટો અનેક વંશીય જાતિઓ ધરાવતું શહેર છે. આ શહેરમાં ૧૫૦ વંશીય જૂથો વસે છે, જે ૧૦૦ કરતાં વધારે ભાષાઓ બોલે છે. ટૉરન્ટો એરિયામાં સૌથી મોટાં વંશીય જૂથ ઈંગ્લિશ, સ્કૉટિશ અને આઈરિશ કુળનાં છે. વીસમી સદીની મધ્યમાં, અનેક યુરોપિયનો ખાસ કરીને ઈટાલિયનો તથા પોર્ટ્યુગીઝો ટૉરન્ટોમાં આવ્યા હતા. બીજાં મોટાં વંશીય જૂથોમાં ચાઈનીઝ, જર્મન અને ભારત, પાકિસ્તાન તથા શ્રીલંકાનાં લોકોનો સમાવેશ થાય છે. વિવિધ સંસ્કૃતિઓના સંમિશ્રણને લીધે સમગ્ર ટૉરન્ટો શહેરમાં વિવિધ પ્રકારની ખોરાકની વાનગીઓ તથા વૈવિધ્યપૂર્ણ મનોરંજન વગેરે ઉપલબ્ધ છે. બીજા દેશોમાંથી તથા કૅનૅડાના અન્ય પ્રદેશોમાંથી ટૉરન્ટોમાં મોટી સંખ્યામાં વસાહતીઓ આવતાં હોવાથી, ત્યાં હવે રહેઠાણનાં મકાનોની તંગી પડે છે. અને મકાનમાલિકો પ્રતિવર્ષ ભાડાં વધારે છે.

ટૉરન્ટોમાં ત્રણ યુનિવર્સિટીઓ છે : યુનિવર્સિટી ઑફ ટૉરન્ટો. યૉર્ક યુનિવર્સિટી અને રાયર્સન પૉલિટેક્નિક યુનિવર્સિટી. આ ત્રણેમાં યુનિવર્સિટી ઑફ ટૉરન્ટો ૧૮૨૭માં સ્થપાઈ હતી, તે સૌથી જૂની તથા સૌથી મોટી યુનિવર્સિટી છે. ટૉરન્ટોની અન્ય શિક્ષણ સંસ્થાઓમાં-નૅશનલ બેલે સ્કૂલ, ધી ઑન્ટારિયો કૉલેજ ઑફ આર્ટ અને ધ રોયલ કૉન્ઝર્વેટરી ઑફ મ્યૂઝિકનો સમાવેશ થાય છે.

ટૉરન્ટો એક વિશાળ શહેર છે. તે જોતાં ત્યાં-અમેરિકાનાં અન્ય શહેરો જેવાં કે ન્યૂ યૉર્ક, શિકાગો, ડેટ્રોઈટ વગેરેની સરખામણીમાં હિંસક ગુનાઓનું પ્રમાણ ઘણું ઓછું છે. તેથી પરદેશીઓ મોટી સંખ્યામાં ટૉરન્ટોમાં વસવાનું પસંદ કરે છે. ટૉરન્ટોનાં લોકોનું જીવનધોરણ ઊંચું છે. ત્યાંનાં સૌથી વધુ ગરીબ લકોમાં ઘરવિહોણાં લોકોની સંખ્યા થોડાં વરસોથી વધતી જાય છે. તેથી રોજ રાત્રે હજારો લોકો આશ્રયસ્થાનો અથવા શહેરની શેરીઓમાં ખુલ્લામાં સૂઈ જાય છે. આવા ઘરવિહોણાં લોકોમાં બેકારો, માનસિક અસ્થિરતાવાળા અને ઘરમાંથી નાસી ગયેલા યુવાનોનો સમાવેશ થાય છે.

ટૉરન્ટો પ્રમાણમાં ઘણું સ્વચ્છ અને સુંદર શહેર હોવા છતાં ત્યાંના સરોવરનું પાણી અને કેટલાક વિસ્તારોમાં હવાનું પ્રદૂષણ વધવા લાગ્યું છે.

ત્યાંની આર્ટ ગૅલરિ ઑફ ઑન્ટારિયોમાં બ્રિટિશ શિલ્પી હેન્રી મૂરે કરેલો સૌથી મોટો સંગ્રહ છે. આ આર્ટ ગૅલૅરિમાં કૅનૅડાના કલાકારો દ્વારા કરવામાં આવેલો ચિત્રોનો સંગ્રહ પણ છે. સૌથી મોટો કલાકૃતિઓનો સંગ્રહ પાટનગર ઓટાવામાં આવેલ નેશનલ ગૅલરિ ઑફ કૅનૅડામાં સાચવવામાં આવ્યો છે. કૅનૅડાનો સૌથી મોટો સંગ્રહાલય રૉયલ ઑન્ટારિયો મ્યૂઝીઅમ ટૉરન્ટોમાં આવેલ છે. અમે એક દિવસમાં તે પૂરેપૂરો જોઈ શક્યા નહિ તેમાં પુરાતત્ત્વ, નૃવંશવિદ્યા, ખનીજવિદ્યા અને પ્રાચીન પ્રાણીશાસ્ત્રને લગતા અનેક નમૂના પ્રદર્શિત કરવામાં આવ્યા છે. તેમાં ચીનના નમૂનાનો સૌથી મોટો સંગ્રહ છે. તેમાં મરીન મ્યૂઝીઅમ ઑફ અપર કૅનૅડાના વિભાગમાં ત્યાંના ગ્રેટ લેક્સ અને સેન્ટ લૉરેન્સની નદી પરના વહાણવટાનો વિકાસ કઈ રીતે થયો તે દર્શાવેલ છે.

ઑન્ટારિયો સાયન્સ સેન્ટર ત્રણ ઈમારતોમાં નવ મુખ્ય ખંડોમાં સમાવવામાં આવેલું છે. તેમાં વૈજ્ઞાનિક તથા ટેક્નોલોજિક્લ વિષયોને લગતાં નમૂના ઘણી મોટી સંખ્યામાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. ટૉરન્ટો પબ્લિક લાઈબ્રેરીની શાખાઓ શહેરના દરેક વિસ્તારમાં આવેલી છે. હું સ્કારબરોની પબ્લિક લાઈબ્રેરીમાં વારંવાર જતો, કારણ કે તે અમારા રહેઠાણની નજીક આવેલ છે. તેમાં ઈંગ્લિશ, ફ્રેન્ચ, ચાઈનીઝ,ગુજરાતી, હિંદી વગેરે ભાષાઓનાં પુસ્તકો, ઑડિયો-વિડિઓ કસેટો, સી.ડી. વગેરે મોટી સંખ્યામાં ઉપલબ્ધ છે. તેમાં કમ્પ્યૂટર વડે ઈન્ટરનેટનો ઉપયોગ કરવાની, ઈ મેઈલ કરવાની તથા બાળકોને કમ્પ્યૂટર પર રમતો રમવાની સુવિધા છે. ❐

# સ્થાપત્યનાં સીમાચિહ્નો-૧૦

ચૈતાલી શાહ

## *સેન્ટર જ્યોર્જ પોપીડું* -પૅરિસ


આશરે સન ૧૯૫૦થી સ્થાપત્યમાં અર્વાચીન યુગ શરૂ થયો. આ યુગના સ્થાપત્યમાં 'ઉપયોગિતાવાદ'ને સૌથી વધુ મહત્ત્વ અપાયું. આ પહેલાં પણ મકાનની રચનામાં 'ઉપયોગિતા' મહત્ત્વની બનતી, પણ જ્યારે ઉપયોગિતા અને દેખાવ વચ્ચે પસંદગી કરવાની આવતી ત્યારે દેખાવને વધુ મહત્ત્વ અપાતું. જો કે અર્વાચીન સ્થાપત્ય માટે એમ ન કહી શકાય કે અહીં દેખાવ ગૌણ બની ગયો -- આ સ્થાપત્યમાં પણ દેખાવ તો મહત્ત્વનો જ હતો, પણ તે દેખાવ તે મકાનની ઉપયોગિતાને અનુરૂપ બનાવતો. અર્થાત્ મકાનના ઉપયોગનો પ્રકાર તેના દેખાવમાં પ્રતિબિંબિત થાય તે પ્રકારનો પ્રયત્ન કરાતો થયો. જેમ કે તે પહેલાં તો બૅંકના મકાન કે પુસ્તકાલયના મકાનના દેખાવમાં ફરક હોય તે બાબત જ સ્વીકારાતી ન હતી. અર્વાચીન સ્થાપત્યમાં હવે મકાનના ઉપયોગ થકી તેનો દેખાવ નિર્ધારિત થતો ગયો અને સ્થાપત્યમાં એક નવી જ પરિભાષા વિકસી. આ પરિભાષાનું મહત્ત્વનું પાસું હતું 'જેમ છે તેમ' સ્વીકારવાનું.

પહેલાં મકાનનો દેખાવ સારો બનાવવા બાંધકામની ઘણી બાબતો ઢાંકી દેવાતી, હવે તે બાબતો જ એવી બનાવાતી થઈ કે જેથી દેખાવ વિશિષ્ટ તેમ જ સારો લાગે. હવે મકાનના પ્રમાણમાપમાં 'અણમાનીતા' ભાગો માટે પણ સ્થપતિ કાળજી લેતો થયો અને તેમને એ રીતે ગોઠવતા કે જેથી મકાનની સમગ્ર અનુભૂતિની સમૃદ્ધિમાં ખોટ ન આવે. સ્થાપત્યમાં આ પ્રકારનો અભિગમ પાછળથી અભિવ્યંજનાવાદમાં પરિણમ્યો, જેમાં 'જે છે તે' બાંધકામમાં દૃશ્ય-અનુભૂતિ સર્જવા પ્રયત્ન થયો. આવા પ્રયત્નના એક સીમાચિહ્ન તરીકે સન ૧૯૭૬માં પૅરિસમાં બનાવાયેલ સેન્ટર જ્યોર્જ પોપીડું ખાસ ઉલ્લેખનીય છે - આ મકાનથી સ્થાપત્યમાં અભિવ્યંજનાવાદ ખૂબ પ્રચલિત થયો હતો.

એક રીતે જોતાં આ મકાન વિશાળ યંત્ર જેવું દેખાય છે, એવું યંત્ર કે જેમાં એક મ્યૂઝીઅમ સમાયું હોય. અહીં બાંધકામના કોઈ પણ પાસાને છુપાવવામાં નથી આવ્યું. અહીં લોખંડનું માળખું તો સ્પષ્ટ દેખાય જ છે, પણ સાથેસાથે વાતાનુકૂલતાની ડક્ટ વીજળીય ઉપકરણોનાં દોરડાં, લિફ્ટ કે એસ્કેલેટરને ટેકા આપતા ભાગ...આ બધું જ દેખાય તેમ 'જેમ છે તેમ' રખાયું છે. (હા, મકાનની કુલ રચના નિર્ધારિત કરતા પહેલાં તે જેવા દેખાશે તેવા સ્વીકાર્ય હશે કે કેમ તે ચકાસાયું હશે.) પછી તેની દૃશ્ય-અનુભૂતિ વધારવા તેને રંગથી સજાવાયાં છે.

આ મકાનની રચના માટે એક આંતર-રાષ્ટ્રિય હરીફાઈ પ્રયોજાઈ હતી, જેમાં પૅરિસના જ બે સ્થપતિ - પિયાનો તથા રોજરની રચના પસંદગી પામી હતી. આ પસંદગી સામે વિરોધ પણ ઘણો ઉઠેલો, કારણ કે જૂના પરંપરાગત પૅરિસની વચમાં આવું 'યંત્ર' જેવું મકાન ગોઠવી દેવું તે ઘણાંને અયોગ્ય લાગતું હતું ; પણ મકાન સંપૂર્ણ થયાં બાદ તેની આવી રચનાને કારણે જ તે સ્થાપત્યનો 'અમૂલ્ય' નમૂનો બની ગયું.

આ મકાનમાં હંમેશાં 'હમણાં કંઈ થશે' તેવી અનુભૂતિ થાય છે. વળી, ઘણી વાર મકાનની અંદર હોવા છતાં અંદર ન હોવાની અનુભૂતિ પણ થતી હોય છે. યંત્ર જેવા લાગતાં આ મકાનમાં નિર્ધારિત બધી જ જરૂરિયાતો તો સંતોષાય જ છે.



સેન્ટર જ્યોર્જ પોપીડુંના મ્યુઝીઅમ ભાગનું એક દૃશ્ય


અર્થાત્ મ્યૂઝીઅમ તરીકેની જરૂરિયાતો તો અહીં સંતોષાય જ છે; પણ સાથેસાથે મકાન સ્વયં મ્યૂઝીઅમના નમૂના જેવું બને છે. એક રીતે જોતાં મકાનમાં જે હોય તેમાંથી ઘણું આમાં નથી, પણ અન્ય રીતે જોતાં આમાં એવું ઘણું છે જે સામાન્ય મકાનમાં નથી હોતું. આવાં કારણોસર જ આ મકાન પૅરિસનું ઍફિલ ટાવર જેટલું જ મહત્ત્વનું પર્યટન સ્થાન બની રહ્યું છે. તે યોગ્ય રીતે સ્થાપત્યના ઈતિહાસનું એક સીમાચિહ્ન છે; કારણ કે અહીંથી અર્વાચીન સ્થાપત્ય તેની 'ઉપયોગિતાવાદની' પરાકાષ્ઠાએ પહોંચ્યું. ❐

# ચંદ્રયાન-૧

પ્રહ્લાદ છ. પટેલ

વર્તમાન વિજ્ઞાન અને ટેક્નોલોજિના વિકાસ સાથે બ્રહ્માંડનાં કેટલાંક રહસ્યોનો આછો-પાતળો ખ્યાલ આવતો જાય છે જ્યારે ઘણી બધી ઘટનાઓનું રહસ્ય ઘૂંટાતું પણ જાય છે; ચંદ્ર, સૌરપ્રણાલીનાં સામ્યો અને તેની બહારના અંતરિક્ષની ખોજ હવે વધુ ને વધુ રસપ્રદ બનતી જાય છે. વિશ્વ અને જીવનની ઉત્પત્તિ તથા ઉત્ક્રાંતિ પ્રત્યે વધુ ને વધુ ધ્યાન કેન્દ્રિત થતું જાય છે. મૅસેન્જર (શુક્ર ભણી), કેસીની (શનિ ભણી), વાઈકિંગ સૌર પ્રણાલીના છેડા (પ્લૂટો સુધી) વૉયનેર સૌર પ્રણાલીની બહાર, તથા આવાં અન્ય યાનો વિવિધ હેતુલક્ષી અભ્યાસ માટે વૈજ્ઞાનિક ઉપકરણો સાથે રવાના થઈ ચૂક્યાં છે તેમાં નાસા, ઈ.એસ.એ. (યુરોપિયન સ્પેસ એજન્સી) અને રશિયા તથા અન્ય રાષ્ટ્રો - કેટલાંક મિશન ભાગીદારીમાં તો કેટલાક પોતપોતાના રાષ્ટ્ર થકી સંશોધન-વિકાસ કરી રહ્યાં છે.

અવકાશ, સંશોધન, અને ઉપયોગમાં ભારત પણ વિકસિત રાષ્ટ્રોની હરોળમાં રહી પોતાના કાર્યક્રમોને ગતિ આપી રહ્યું છે. હવે તો ઈસરો (ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઑર્ગેનિઝેશન) પણ ચંદ્રના અભ્યાસ માટે સક્રિય છે. ચંદ્રયાન-૧નું પ્રમોચન ૨૦૦-૦૮ દરમ્યાન સતીશ ધવન સ્પેસ સેન્ટર (હરિકોટા) ઉપર કરવામાં આવનાર છે. આ પ્રયાસ ભારતની વૈજ્ઞાનિક પરિપક્વતા અને ટેક્નોલોજિકલ શ્રેષ્ઠતાનું પ્રતીક હશે. સીમાંત સંશોધન માટે તે અદ્વિતીય તકો પૂરી પાડશે ઉપરાંત તે લૉંચ-પૅડ તરીકેની કામગીરી બજાવશે. આવનાર સમયમાં તેના ઉપરથી ચંદ્ર સુધી રોબો મોકલવામાં આવશે તથા બીજા ગ્રહોની મુલાકાત માટે ભારમાય સ્પેસક્રાફ્ટને મંચ પૂરો પાડશે. ચંદ્રયાન - ૧નો ગતિમાર્ગ આકૃતિમાં દર્શાવાયો છે. નવી દૂર-સંવેદન પદ્ધતિથી ચંદ્રની સપાટી તથા અન્ય ઉપકરણો વડે તેના અંતર્ભાગનો અભ્યાસ કરવાના હેતુથી ચંદ્રયાન મોકલવાની યોજના ઘડાઈ રહી છે. ચંદ્રયાન-૧ ધ્રુવીય કક્ષામાં પરિભ્રમણ કરતો ઉપગ્રહ છે. તેના દ્વારા એકસાથે કેટલાક વૈજ્ઞાનિક હેતુલક્ષી અભ્યાસનો ખયાલ રહેલો છે. જેમકે, ચંદ્રની સપાટીનો એકસાથે ભૂરાસાયણિક, ખનિજીય અને ફોટોભૂસ્તર-શાસ્ત્રીય અભ્યાસ કરવો. અર્ધવર્ણપટીય ઈમેજર વડે ખનિજીય, x-કિરણ પ્રસ્કુરણ વર્ણપટમાપક વડે તત્ત્વોનાં, નિમ્ન ઊર્જા ગેમા કિરણ વર્ણપટમાપક વડે રેડિયોઍક્ટિવ તત્ત્વોના અને કૅમેરા વડે શૈલ-પ્રદેશના માનચિત્રણ (mapping) તૈયાર કરવાં લેસર ઊંચાઈમાપક તથા સમગ્ર હેતુ માટે પૂરક




ચન્દ્રયાન-૧ના મિસનની રેખાકૃતિ

બને તેવાં અન્ય ઉપકરણોનો સમાવેશ થાય છે.

તેને (ચંદ્રયાન-૧ને અવકાશમાં મોકલવા માટે ધ્રુવીય ઉપગ્રહ પ્રમોચન વાહન (PSLV)નો ઉપયોગ કરવામાં આવશે, અપોલો, લ્યુના અને અન્ય મિશનો દરમ્યાન મેળવેલા ચંદ્રના ખડકો તથા માટીના નમૂનાઓનો વિવિધ પ્રયોગશાળાઓમાં અભ્યાસ કરવામાં આવ્યો છે. ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા (પી.આર,એલ,અમદાવાદ)માં પણ આવો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ નમૂનાઓની વિશ્લેષણાત્મક માહિતીને આધારે ચંદ્રની રાસાયણિક અને ભૂસ્તરીય ઉત્ક્રાંતિ સમજવા નવી દિશા હાથ લાગી છે. આ બધાં પરિણામોને એકસાથે જોતાં જાણવા મળે છે કે O.I ME (ME = પૃથ્વીનું દળ) વજનનાં રાક્ષસી વિકલિન ગ્રહાણું પૃથ્વી સાથે અથડાતાં તેના દ્રવ્ય અને નિષ્કાષકમાંથી ચંદ્રનું નિર્માણ થયું હોવાનું મનાય છે. એ પણ છે કે આવી અથડામણ ૪.૫ અબજ વર્ષ પૂર્વે થઈ હોવી જોઈએ.

ચંદ્રના પૃષ્ઠમાં રહેલી અસમાનતા તથા પૃથ્વી તરફના અને તેનાથી દૂરના અર્ધગોળાકાર ભાગોની અસમમિતિને લગતો વિવાદ તો ચાલુ જ છે. ચંદ્રના ઠંડા પડવાનો દર તથા છાયાવાળા ધ્રુવીય પ્રદેશમાં બરફનું અસ્તિત્વ ધ્યાન ખેંચે તેવા પ્રશ્નો છે. ધ્રુવીય પ્રદેશો પણ રસપ્રદ છે. આવા તથા ભવિષ્યમાં ઊભઆ થનારા નવા પ્રશ્નોનું નિરાકરણ મેળવવાના આ મિશનનો હેતુ છે તે માટે, ઈ.એસ.એ.નું (SMART-1) ચંદ્રભણી પ્રયાણ કરી ચૂક્યું છે. જપાનનાં SELENE y™u LUNAR-A તથા યુ.એસ. અને ચીનનાં મિશનો આ બધાના જવાબ કંઈક અંશે આગામી દસકામાં આપે તેવી ધારણા છે. ઈસરોના મિશન પ્રમાણે યાન ચંદ્રની આસપાસ કક્ષામાં ભ્રમણ કરે, તેના ઉપર ઉત્તરે તથા પસંદ કરાયેલ વિસ્તારોમાં નમૂના ભેગા કરે તેવી ગણતરી છે. ચંદ્રયાન - ૧ પ્રથમ મિશન ૧૦૦ કિમી અંતરે

આવેલી કક્ષામાં બે વર્ષ ભ્રમણ કરે તેમ છે. પ્રગન દૂર સંવેદન ટૅક્નોલૉજિને કારણે પૂર્વે મળેલી માહિતી કરતાં વધારે ગુણવત્તાવાળી અને અર્થસભર માહિતી પૂરી પાડે તેમ છે.

ચંદ્રની ઉત્પત્તિ કેવી રીતે થઈ તે બાબતની સમસ્યા હજુ તો વિવાદમાં ઘેરાયેલી છે. તે સમજવા માટે ચંદ્રના નમૂનાઓનો કેટલાય સમયથી અભ્યાસ થઈ રહ્યો છે. પૃથ્વી આવડો મોટો ઉપગ્રહ ન તો દ્વિઅંગી ગ્રહીય (binary planetary) પ્રણાલી (પૃથ્વી-ચંદ્ર)ની સૌર નિહારિકાના સંઘનનથી સીધેસીધો બન્યો હોય કે ન તો જ ઝડપથી ભ્રમણ કરતી પૃથ્વીમાંથી વિખંડિત થયો હોય. જેની સંભાવના અત્યંત ઓછી છે તેવા વિકસિત નાનો ગ્રહ નામે થયા (Theia) બાળ-પૃથ્વી સાથે અથડાવાથી ચંદ્ર અસ્તિત્વમાં આવ્યો હોય. ચંદ્રના ખડકોના વિવિધ અભ્યાસને આધારે તૈયાર કરવામાં આવેલા નમૂના (મોડેલો)થી પણ ચંદ્રના અંતર્ગાભના બંધારણ વિષે અચોક્કસતા પ્રવર્તે છે.

ચંદ્રયાન-૧ દૂર સંવેદન ઉપગ્રહ છે. તેને આધારે ચંદ્ર ઉપરથી સપાટીનું ભૂસ્તરશાસ્ત્રીય, રાસાયણિક અને ખનિજીય માનચિત્રણ તૈયાર કરવાનું આયોજન છે. ચંદ્રનું વિકિરણી પર્યાવરણ તથા વિવિધ હેતુઓ સિદ્ધ કરવા તેમને અનુરૂપ ઉપકરણોની પસંદગી કરવામાં આવી છે. ચંદ્રની આસપાસનું વિકિરણ અને કણો ચંદ્રમાં જ થતી રેડિયો-ઍક્ટિવ ક્ષયની પ્રક્રિયાને લીધે અથવા કૉસ્મિક કિરણો વડે પેદા થતા રેડિયો સમસ્થાનિકો (જેવા કે આલ્ફા-કણો, ગેમા-કિરણો, x-કિરણો) અથવા તો સૂર્યના વિકિરણથી પ્રેરિત થતાં દૃશ્ય, અલ્ટ્રાવાયૉલેટ ને x-કિરણો છે. સૂર્ય અને તારાવિશ્વોના કણો- ખાસ કરીને પ્રોટોન આલ્ફા કણો - ચંદ્રની સપાટી સાથે આંતરક્રિયા કરીને વિકિરણ (x-કિરણો, ગેમા-કિરણો, ન્યૂટ્રોન વગેરે) પેદા કરે છે. તે ચંદ્રની સપાટીના રસાયણ (કેમિસ્ટ્રી)ની ઓળખ આપે છે. આ બધી પ્રક્રિયાઓનો ફાયદો ઉઠાવી અને પ્રમોચન વાહનની ક્ષમતાને ધ્યાનમાં રાખતાં, ચંદ્રયાનના જુદાજુદા નીતભાર (પેલૉડ) વિચારવામાં આવ્યા છે.

x-કિરણ પ્રસ્ફુરક વર્ણપટમાપક વડે ચંદ્રના બંધારણનાં મુખ્ય તત્ત્વો જેવાં કે મૅગ્નેશ્યમ, એલ્યુમિનિઅમ, સિલિકોન, કૅલ્શ્યમ, ટાઈટેનિઅમ, આયર્નનો અભ્યાસ કરીને ભૂરાસાયણિક માનચિત્રણ તૈયાર કરવામાં આવશે. ચંદ્રમાંથી મળતું x-કિરણ પ્રસ્ફુરણ ફ્લક્સ તેના ઉપર આપાત થતાં સૌર x-કિરણોના ફ્લક્સ ઉપર આધારિત છે.

સૌર અને ગૅલેક્ટિક કૉસ્મિક કિરણોની ન્યૂક્લિઅર આંતરક્રિયાઓથી ચંદ્રની સપાટીથી એકાદ મીટર અંદર રહેલાં તત્વોને ઉત્તેજિત કરે છે. આ ન્યૂક્લિઅસ વ્યુત્તેજન (de-exaitation)થી અને રેડિયોઍક્ટિવ ન્યૂક્લિઅસના ક્ષયથી ગેમા-કિરણો પરિણમે છે. તેને આધારે વિવિધ ન્યૂક્લિઅસની વિપુલતાનો ખયાલ મેળવી શકાય છે. ઉપરાંત દીર્ઘજીવી રેડિયોઍક્ટિવ ન્યૂક્લિઅસ-પોટેશયમ (K), યુરેનિયમ ()અને થોરિયમ (m) ચંદ્રની અંદરના ભાગમાં ઉષ્માના ઉદ્ગમ તરીકે કાર્ય કરે છે. અલ્પાંશે બીજાં તત્વો પણ જાણી શકાય છે. આ રીતે ગેમા-વિકિરણ વર્ણપટવિજ્ઞાન કેટલાંક તત્ત્વોની વિપુલતા નક્કી કરવા (જે x-કિરણ પ્રસ્ફુરક વર્ણપટમાપક વડે શક્ય નથી.) માટેનું યથાર્થ સાધન છે. એક રીતે તો આ બંને ઉપકરણો એકબીજાંનાં પૂરક છે.

રેડોન એને યુરેનિઅમની વાયુમય વિઘટન (daughter) જ છે. ચંદ્રના અંદરના ભાગમાંથી ઉષ્મીય વિસરણ તરીકે રેડોન છટકે છે. અથવા તિરાડમાંથી તેનું ગળતર થાય છે. ભૂકંપ-પ્રવૃત્તિઓ તથા નાની ઉલ્કાઓની અથડામણો દરમ્યાન હિલિયમ, આર્ગન, કાર્બન ડાયોક્સાઈડ, નાઈટ્રોજન જેવા વાયુઓની સાથે રેડોને પરમાણુ-પરપોટાના સ્વરૂપે છટકીને બહાર આવે છે. રેડોનના ગલનબિંદુ અને ઉત્કલનબિંદુ ઘણાં નીચાં હોઈ, ચંદ્રની સપાટીનું તાપમાન - ૧૭૦ $^0$C થી + ૧૩૦ $^0$C વચ્ચે રહેતું હોઈ, રેડોન દિવસ, ઊંડાઈ અને સ્થાન ઉપર આધાર રાખીને ઘન, પ્રવાહી કે વાયુ સ્વરૂપે મળે છે. રેડોન ચંદ્રના વાતાવરણમાં આલ્ફાકણના ઉત્સર્જન સામે ક્ષય પામી અન્ય ન્યૂક્લિયસ પેદા કરે છે. તેમાં સીસુ (Pb) અને પોલોનિયમ (Po) અગત્યની ન્યૂક્લિઅસ છેં ચંદ્રયાન-૧ મિશનમાં નિમ્ન ઊર્જા ગેમા-કિરણ સંસૂચકનો ખયાલ કરવામાં આવ્યો છે. તે $^{210}$Pb ના ગેમા-કિરણોનું માપન કરી શકે છે.

ચંદ્રની સપાટી ઉપરનાં ખનિજો ગલન, વિકલન, સ્ફટિકીકરણ અને તેની સપાટીના જ્વાળામુખીય ઈતિહાસ પ્રત્યે દિશા અને દૃષ્ટિ ખુલ્લી કરે છે. ઉપરાંત આ બધી પ્રક્રિયાઓ ક્યારે બની તેને લગતા સમયનો પણ અંદાજ આપે છે. જેમકે,મેગ્મા-સમુદ્ર અને ભૂપૃષ્ઠીય-નિર્માણ પ્રક્રિયાઓ વિષે માહિતી આપે છે. ચંદ્ર ઉપર ઍનઑર્થૅસાઈટ, ક્રીપ બેસાલ્ટ, ફેરોએનોર્થોસાઈટ, નોરાઈટ, ગ્રેબ્રોનોરાઈટ અને ટ્રોક્ટોલાઈટ અગત્યના ખડકો છે. રાસાયણિક, રેડિયોઍક્ટિવ અને ખનિજોના માનચિત્રણથી મળતી સ્થળાકૃતિક નકશા ઉપર અધ્યારોપિય કરીને અમુક વિસ્તારોને ઓળખી શકાય છે. શૈલપ્રદેશના માનચિત્રણ માટે ચંદ્રયાન-૧માં કૅમરાનો સમાવેશ કર્યો છે.

લેસર ઊંચાઈમાપક પ્રેષણ અને ગ્રાહી વ્યવસ્થા ધરાવે છે. તે બંનેને આધારે ઊંચાઈની માહિતી મળે છે. ઉપરાંત રડાર સપાટીની નીચેના બરફ અને બીજા ઘટકો જાણવા મદદ કરે છે.

ચંદ્રયાન-૧ માટે તૈયાર કરવામાં આવેલાં ઉપકરણોની

(અનુસંધાન પૃ.૭૪૨૫૨)

# રામબાણ ઈલાજ

રમેશ ર. દવે

'મારી કૂખે આ પથરો કેમ પાક્યો? એના કરતાં તો એના જનમ વખતે હું મરી કેમ નો ગઈ ? મોટો થઈને ઈ આવું કરશે એવી જો ઈ વખતે ખબર હોત તો...'

'તો તું શું એને ગળે ટૂંપો દઈ દેત એમ? જો એક વાત સાંભળ, જે કાંઈ થયું છે ઈ ભૂંડું જ થયું છે- એની કાંઈ ના નથી પણ ઈ ભૂંડાને ભૂંડું કીધા કર્યાનોય કાંઈ અરથ છે? કાલ બપોરની તું એક જ રઢ લઈને બેઠી છો...તારો પેટનો જણ્યો આવું પાપ કરે ઈ તારાથી મનાતું જ નથી, સાંખવાની વાત તો પછી...પણ હવે ઈ જે થાવાનું હતું ઈ થઈ ગયું છે અને ઈને પાસું વાળ્યું વાળી હકાવાનું ય નથી ...પશી..'

'પશી કાંઈ નહીં. તમારે ભાયડાવને તો આગળ હાથ, પાછળ હાથ, ભલું કરે ગોરખનાથ ! પણ એક વાર બાય માણાં થઈ જોવો એટલે ખબર પડશે, મારા આ કકળતા હૈયાના સંતાપની ! મનમાં તો થાય છે..કે..કે..'

'શું થાય છે મનમાં ? બોલતા અટકી કાં ગઈ ? હવે સરાપવા જ બેઠી છો તંયે પછી બાકી શું કામ મેલ છ?'

'મને મનમાં થાય છે ઈ અમથું જીભે આણીશ ને તોય ભોં ભારે પડશે ! પાંચ પાંચ પેઢીથી જગ્યાધારી સાધુનાં ધગતો ધૂણો ને ઊજળી પછેડી છે અમારે માથે ! આજ ઈ બેય વાનાં ગૂમૂતરથી ય ગોબરાં કરી મેલ્યાં ને આ ક્પાતરે ?'

'પણ જુવાનીના જોરમાં ને જોરમાં ઈનાથી થતાં કાળો કામો થઈ ગયો છે તે શું એને લાઠીની શૂળીએ ચડાવી દેવો ? માણાથી ભૂલેય નો થાય ? ને ભૂલ્યો માણા ફરીથી ગણે નહીં ? ને પાછો આ તો દીકરો !'

'દીકરો ને પાછો એકનો એક, લડાવો લાડ તમતમારે પણ હું પૂછું છું આ આપણા કુંવરના કોડે ઓલી પારેવા જેવી કુંવાશીને તો માણામાં મોઢું બતાવવા જેવીય નો રાખી ને ? હવે નૈ એનાં મા-બાપ હંઘરે નૈ ઝાલે કોઈ હાથ એનો ! કોઈ શું કામ ? લ્યો, આ તમને જ પૂસું - દીકરાની જાન જોડીને તમે લઈ આવશો અને વહુ દીકરા કરીને ? હું તો તમને પેલાંથી કે'તી'તી બારમું પાસ થઈ ગ્યો તે બહું થયું - ઘણું ભણ્યા. હું ને તમે ક્યાં વધુ ભણ્યાં છે? પણ તમારે તો તમારા પાટવીને મોરબીની ગાદીએ બેહાડવો હશે તે શેરમાં ભણવા મોકલ્યો ! તમારું હાલત ને હાથમાં જંઈ હોત તો તો તમે એને વેલાત જ મોકલત, પણ હું પૂછું છું શું કાંદા કાઢ્યા ? ભણી-ગણીને દીકરે આ ઈકોતેરેય કુળ તારી દીધાં ને એકહાંમટાં ! '

'તારે જે કહેવું હોય ઈ કહે, પણ એક વાર એને પોલીસથાણેથી છોડાવવો તો પડશે ને ? એકનો એક દીકરો છે કાંય ભૂખ્યો તરસ્યો થાણે પડ્યો રે'વા દેવાશે આમનેમ ? ને આ પોલીસના માણા તો...'

'તે પાલખી લઈન જાવ ને લઈ આવો વાજતેગાજતે ઘર્યે કુંવરને ! હુંય ઓશરીએ ઊભી રહીશ આંબાનાં બે પાન લોટામાં નાખીને, વધાવવો તો પડશે ને દીકરાને ! '

'તારે આમ વાંકું જ બોલ્યા કરવું હોય તો હું હાલતો થાવ દુકાને ! દીકરો કાંય મારા એકલાનો થોડો સે ? ક્યારની આડું અવળું મનમાં આવે એમ ભરડ્યા કરછ. આબરૂની તને એકલાને પડી હશે ? પણ આપણું લોઈ આમ કરી બેહશે એની થોડી કાંઈ ખબર હતી ? ક્યારનો હમજાવવા મથું છું પણ વાત કાને ધરતી જ નથી તે...'

'તે મેં વાત સાંભળવાની ના ક્યારે પાડી છે ? તમેય ખરા છો...મને હૈયું બળે તે ઊભરો તમારી પાંહે નો ઠાલવું તો કોને ગામને કે'વા જાઉં ? ક્યો તમારે શું કે'વું છે ?'

'જો હું એમ કહું છું કે પોલીસવાળા તો સાવ જમ જેવા હોય. એમને તો સાચોખોટો ગુનો કબુલાવવો હોય, ઈ હાળુ ઈ બધા ભેગા થઈને જે ગડદાપાટુ કરે તે માણાને લોહીની ઊલટી થઈ જાય ! હવે તું જ કે કાંક આમાં કરવું નો જોવે ? મને તો એમ થાય છે કે તું મોટા ભાય પાંહે જા ને ખોબો પાથરીને એમને કહે કે એક વાર આ પોલીસથાણેથી તો બચાવો...ને મારું મન ક્યે છેઃ એક દાણ મોટા ભાય ક્યે તો પછી કોઈની મગદૂર નથી એમનો બોલ ઉથાપવાની ! તે દી નો'તું જોયું - આપડે એમની હાર્યે આવતાં'તાં ને સામી પરધાનની ગાડિયું સાયરનું વગાડતી નીકળી'તી તે મોટા ભાયની કેસરી ધજાવાળી મોટર જોઈને ઓલું આખું હાલરું જડબેસલાક ઊભું રહી ગયું 'તું ! આમે ય મોટા ભાઈ પરભુનું માણા ને પાછી એમની ભગતિ... '

'તમારું તો કાંય ફટકી ગયું છે ? આવા ગોબરવેડામાં તે કાંય મોટાને નખાતા હશે ? પંથક આખામાં ઈમના જેવું પવિતર મનેખ ગોતી તો ધો પેલા ! એમનો આશરમ ભલે નાના પણ માણા કાંય થાવા સે એમની જેવા ?'

'પણ ઈમના વિના છૂટકો. જ નથી. એક વાર આ કૂંડાળામાંથી અમરતને બારો તો કાઢવો પડશે ને ? ને કહું છું કે કામ એવું કરી બેઠો છે તે ગાંધીનગર હુધી લાંબા થયા વિના કાં ય વળવાનું નથી ! ને ગાંધીનગરમાં તો મને કે તને કોઈ ઊભું ય રેવા દેવાનું નથી, તું જ કહે શું કરવું છે ? ને કહેતા પેલા એવું વિચારજે હું એનો બાપ છું ને તું એની... '

'મા મૂઈ છું એની તો આ બધી મોકાણ છે ને ! મારી બળતરા તમને કેમ કરીને સમજાવું ? ના પાડું તો નાક કપાય

છે ને હા પાડું તો હાથ !'

'ઈ તારે જે કહેવું હોય એ કહે પણ એક ફેરા મોટા ભાઈને મોઢામોઢ થઈને પકડવા પડે તો પગ પકડીનેય કહેવું તો પડશે - કહળશંગ તો કહેતો હતો કે ઓલી છોકરીનાં લૂગડાં ને એવી બધી તપાસ થઈ ગઈ છે ! ને ગુનોય નોંધાઈ ગયો છે. હવે મોડું એટલું મોડું જ છે ને બધા કહે છે : મોટાભાઈનું વેણ પાછું નહીં ઠેલાય. ઈ રામબાણ ઈલાજ છે !'

*

મંગળદાસ ગોમૂત્રમાં રૂનું પોતું બોળીબોળીને કૂતરાના ગળે પડેલું ઘારું સાફ કરતા હતા. ઘડીક વાર મેરા પાંચાએ એ જોયા કર્યું પણ પછી લાગ્યું કે એમનું ધ્યાન નથી એટલે પૂછવાની રાહ ન જોતાં કહ્યું : 'બાપજી મા'રાજ સખવદરથી બોન આવ્યાં સે. મેં કુટિયે બેહાડ્યા સે. ઈ તો આયાં આવાતાં'તાં.'

'સારું ! તું જા અને મહેમાનઘરેથી ઠંડું પાણી લાવીને એમને પા. પછી ચાનું કહેજે. હું આ થોડુંક બાકી છે એ પૂરું કરીને આ આવ્યો, કહી એમણે પાછું ઘારું સાફ કરવા માંડ્યું. ઘારું બરાબર સાફ થઈ ગયા પછી લીમડાનાં પાનની રાખની પોટલીમાંથી ચપટો ભરીને રાખ હથેળીમાં લીધી અને ઘારા ઉપર દાબી દીધી. લાલુરામને પકડીને ઊભેલા છોકરાએ એમને કહ્યું: બાપજી હવે બૌ વાર કરો મા, નૈતર આ લાલુરામ ભાગી જાશે.' મંગળદાસે બીજી વાર એ જ રીતે ઘારા ઉપર રાખ દાબીને કહ્યું: બસ હવે છૂટા, લાલુરામ તમે !' પછી એની પીઠ થાબડી અને મોઢા ઉપર વ્હાલથી હાથ ફેરવ્યો. લાલુ પૂછંડી પટપટાવતો ઘડીક એમ જ ઊભો રહ્યો અને પછી પેલા છોકરાની જોડે પહેલાં ઢેકી અને પછી મોં ઘસીને ચાર પગે ભાગી ગયો. એ બંનેને હેતની નજરે જોતાં જોતાં મંગળદાસ પાણીની અવેડીએ જઈ ગોમૂત્રથી માટી ભીની કરી, ઘસીને હાથ ચોળ્યા ને પછી પાણીથી ધોઈ નિતારતા નિતારતાં પોતાની કુટિર તરફ ચાલ્યા. એ કુટિરે પહોંચે ન પહોંચે ત્યાં જ તુલસી દોડતી આવી અને એમને વળગી પડી રડવા માંડી. એને આમ ધ્રુસકે ધ્રુસકે રડતી જોઈ મંગળદાસે એને બાથમાં લીધી, છાતીએ વળગાડી અને માથેમોંએ પંપાળતા રહ્યા. દોઢ-બે મિનિટ એમ જ વીતી. પાણી લઈને આવેલા મેરા પાંચાના હાથમાં લોટો-પ્યાલો એમ જ ઠહ્યા રહ્યા. પછી તુલસીના ડૂસકાં અને કંપ ધીમે ધીમે શમ્યાં એટલે મંગળદાસે તુલસીનું મોં ઊંચુ કરી, એની આંખ શું આંખ મેળવી અને તુલસીથી રડતાં રડતાં પણ મલકી જવાયું.

'હં... હવે મારી બેનાં સાચી, મારી નાની તો કદી રડતી હશે ? લે, જો આ મેરો ક્યારનો પાણીનો પ્યાલો ભરીને ઊભો છે, બે ઘૂંટડા પાણી પી લે એટલે રૂંગું શમે ! તુલસીએ મેરાના હાથમાંથી લોટો લઈ પહેલાં છાલકે છાલકે મોં ધોયું પછી નાના ઘૂંટડે પાણી પીધું અને વધેલાં પાણીએ લોટો વીંછળીને પાછો આપ્યો.'

'કઈ,નવની બસમાં આવી ?'

'હા, પણ હમણાં જ આવી. મોડી પડી.'

'હોય ઈ તો, વગડિયાનું તો એવું મારા ભાય ! એ મેરા, જો હાંભળ, બેની બપોરા આયાં કરશે, રસોડે કહી દઈશ ને ?'

'ના, મોટા ! મને તાણ્ય નો કરશો. મારે વળતી એસ. ટી.માં વયા જાવું છે. ઈમાં નો નીકળું તો સાંજે સાત વાગ્યે પત્તો ખાય ને મોડું થાય...'

'પણ તારે ઘરે ક્યાં પાંચપંદર હથવાર્ય ભૅશ્યું છે તે દોયા વિનાની રહી જાશે ! પણ પહેલાં એ તો કહે ઘેર બધાં સાજાં નરવાં તો છે ને ! અમરતનું ભણવાનું કેમ ચાલે છે ? ઓણના વરસે તો એનું પૂરું થશે ને ? ટી.વાય.માં છે ને ? આમ તો સારું ભણે છે ખરું ને ?'

મંગળદાસ બોલતાં રહ્યાં ને તુલસી તો નીચું જોઈ ફરી હીબકે ચડી ગઈ.

'કાંઈ નહીં, હમણાં રહેવા દે. તું એક વાર હાથપગ ધોઈ-પરવારીને હળવી થા ને પછી અહીં ખાટલે બેસ. મેરો હમણાં ચા-નાસ્તો લાવતો જ હશે.'

'ના, મોટા ! એક વાર મન કાઠું કરીને વાત તમને કહી નહીં દઉં ન્યાં સુધી મને...મને..'કહેતાં પાછું તુલસીનું ગળું ભરાઈ આવ્યું. એટલામાં તો મેરા પાંચા ચા-નાસ્તો લઈને આવ્યો. તુલસીને કપ આપતાં પૂછ્યું : 'બાપજી મા'રાજ, તમારી હારુય લાવ્યો છું પીશો ને ?'

'હા, હા, તું લાવ્યો છો ને બોની આવી છે તે કેમ નહીં પીઉં ? પણ આદુ નાખ્યું છે ને ? નાનીને આદુવાળી ચા બહુ ભાવે છે. ખોટું કહું છું. નાની ? પણ તું તારી ચા કેમ નથી લાવ્યો ? લે આમાંથી અરધી કર. તને કપ આપું કે રકાબી ?' હાનાહાના કરતાં મેરાએ રકાબીમાં ચા લીધી પછી આંગળી બોળીને અંજલિ આપવા ભોંય પર ચાસકી કર્યા. અને સૂડુક સૂડુક ચા પીવા માંડ્યો. પછી ખાલી બેય કપરકાબી લઈ મંગળદાસ આજ્ઞા કરે એની રાહ જોતો ઊભો રહ્યો.

'મેરામણજી ! તમે કપરકાબી લઈને પધારો અને પાછાં કાંઈ કામ ન હોય તો અહીં આવીને બેસજો. બેનાં કાંઈક વાત કરવા આવી છે તે હું એની સાથે બેઠો છું....'

'હમજી ગ્યો, બાપજી મા'રાજ ! હંધું હમજી ગ્યો. હવે કાંય જાટલી મૅન આવે તોય આડો ઊભો રૈ જાશ ને તોય નૈં માને તો ઈમને પગે માથું મેલી દઈશ...'

ઓશરીમાંથી કુટિરમાં લઈ જતા મંગળદાસે કહ્યું : 'હવે કહે નાની, વાત શું છે ? આમ રોયા કરીએ તો હૈયું કેવું હીજરાય? ઈ કાંય થોડું સમજે છે ? આટલું બધું રૂંગું કેમ આવે

છે ?'

'મોટા, વાત જ એવી છે ને....એવી છે ને કે ...આપણો અમરત છે ને એનાથી કાળો કામો થઈ ગયો છે...ભારે ભૂંડું કમ ઈ કરી બેઠો છે...સાત જલમારેય એનું આ પાપ ધોયું ધોવાવાનું નથી. ઈની હાર્યે ભણતી કો'ક સારા ઘરની, રૂપાળી અપસરા જેવી છોકરીને આપણા અમરતે મારી જીભ ન ઊપડે મોટા...ઈને જીવતાં જીવડાં પડજો...'

'પાછી ગાંડી થઈ ગઈ ? કોચવાવ મા, એક ફેરા વાત કર માંડી ને...પછી અમરતને...'

'હા ઈ જ થાય ને ? ઓલ્યાં કાંઈ માથે હાથ દઈને થોડાં બેહી રે ? પોલીસ પકડી ગઈ છે વચાળે પાછા બે દી' રજાના હતા તે પૂરી રાખ્યાં સે થાણે...' કહેતાં પાછો એણે સાડલાનો છેડો મોંમાં ઠૂંસ્યો.

'એટલે નાની, તું અહીં.....'

તુલસી મૂંગી મૂંગી નીચું જોઈ રહી. પળેક વાર કોઈ કશું બોલ્યું નહીં પછી ભારે અવાજે તુલસીએ કહ્યું : મા મૂઈ છું ને તે હું ક્યાં જાઉં ? અને જાઉં તોય મારે બીજું જાવા ઠેકાણું ક્યાં છે? વાત સાંભળી ત્યારે તો થયું' તું : આ પાણો મારા પેટે...'

'ના, એમ ન બોલાય. બાળક તો ભગવાનની દેણ-કૃપા છે. પણ ચાલ, પહેલાં રોટલા ખાઈ લઈએ પછી તું મારા માથે નાની હતી ત્યારે નાખતી હતી એમ તેલ નાખજે અને બેય ભાઈબોન નિરાંતે સુખ દુઃખની વાતું કરશું !'

*

'તે હું તમને પૂછું છું કે દીકરો જેમની પુન્યાઈથી સાજોહમો ઘરે આવ્યો છે ઈમનો પાડેય માનવાનો નૈ ?'

'મોટાની વાત કરે છે ને ? મોટા તે કાંય થાવા છે ? જીવતી ચામડી ઉતડાવીને જોડા શિવડાવું તોય ગણપાડ ઓછો ન થાય'

'તમને બોલ્યે કાંઈ નો પોગે પણ ઈમ મોઢાની મોળ્ય ઉતારો છો ઈને કોરાણે મૂકીને હું કહું છું ઈ પેલાં હાંભલી લ્યો : આ વાઘ લોઈ ચાખી ગયો છે તે અટાણે ભલે, પોલીસે ડંડા માર્યા છે તે દરમાં જાતા સરપ જેવો સીધો હાલે મણ ઈનાં લખણ કાંય ઈમ નહીં બદલાય. તે હું કંવ છું કે મોટાને પગે લગાડીને આગ્ના અપાવીએ તો કેમ ?'

'તું કહે છે એમ જ કરીએ. બોલ ક્યારે જાવું છે ?'

'હું તો કંવ છું સારી વાતે મૂરત શું જોવરાવવાનું ? તમે ક્યો ઈ ભેગી હું તો સાડલો બદલીને તૈયાર. સાંજે તો પાછાં વયાં આવશું ને ?'

'પણ તું 'તરત ઘા ને જીવડાં'વાળી વાત નો કર. અમરતને એક ફેરા વાત તો કરું ...'

'હવે ઈમાં નવી નવાઈની એવી કઈ મોટી વાત કરવાની છે ? દુન્યા આખી મોટાને પગે લાગીને આગના લ્યે છે ને સીધે રસ્તે હાલે છે ...ને અમુને તમારે કઈ કઈ ને બીજું શું કેવાનું છે? તમે માર ખાતો બચાવ્યો છે તે મામાને પગે લાગવા જાવાનું છે તે હાલ્ય, મોર્ય થા-એટલું જ ને ?'

*

ત્રણેય જણા આશ્રમમાં પહોચ્યાં ત્યારે આશ્રમ માખીઓ ઊડી ગયા પછીના મધપુડા જેવો લાગતો હતો. બધાં પોતપોતાનાં કામ કરતાં હતાં તોય કોણ જાણે એકબીજાંમાં અટવાતાં હોય એવું લાગતું હતું. કુટિરે જઈને તુલસીએ પૂછયું તો મેરો તો હમણાં રોયો કે રોશે-એવો નિમાણો થઈને બોલ્યો : 'બોની એઠ ફેરા બેહો તો ખરાં, પશી હંધી વાત કરું.'

'પણ છે શું ?' ને તું આમ માણા થઈને...મોટા ક્યાં કેમ દેખાતા નથી ?'

'એ જ કંવ શું પણ એક ફેરા પાણીબાણી તો પીવો, જરાક પોરો ખાવ પશી કંવ ને ? અમારે માથેથી તો રોગું સત્તર જ ઊડી ગ્યું'- કહેતાં કહેતાં એને ગળે ખરેરી બાઝી.

ખાટલો ઢાળી, માથે ગોદડું પાથરી, પાણી આપીનેય મેરાને આઘોપાછો આઘોપાછો થતો જોઈ તુલસીએ કહ્યું : 'તને શું થઈ ગયું છે ? મોટા ક્યાં છે ? તું કાંઈ કે'તો કેમ નથી ? ખોટું બોલે તો તને મોટાના સોગન છે...'

'ના, ના; એમ શોગન નો દેશો ને હું ખોટું શું કામ બોલું?; પણ હું જાવ છું ને કોઠારીજીને મોકલું છું - ઈ સંધી વાત કરશે- અબઘડી હું કોઠારીજીને બોલાવ્યાવું સું'- કહેતો ઊપડતા પગલે મેરો ભાગી છૂટ્યો

'ક્યો નો ક્યો પણ કાંક ઊંધુંચત્તું આંયા થયું લાગે છે.'

'આંયા ભગવાનના ધામમાં ને પાછું મોટાના બેઠા ઊંધું ચત્તું તો શું થાય ? તું નકામી અમથી ખોટા વચાર કરે છે'

'ખોટા કે સાચા હમણાં કોઠારીજી આવશે એટલે સંધો સોખ થઈ જશે ને ? બાકી કાંય હશે તો મોટા કે'શે, ઈમને તો અંદરબાર બધું એકસરખું જ છે ને !'

એટલામાં કોઠારી આવ્યા અને રામકબીર કર્યા, હાથ જોડીને. પછી પહેરણના, છાતી ઉપરના, ખલતા જેવા ખીસામાંથી નાની ડાયરીની ભેગો કાગળનો નાનો થોકડો કાઢીને અંદર કાંઈક શોધવા માંડ્યા. તુલસીએ ઊંચા થઈને એ શું ગોતે છે એ જોયા કર્યું પણ કોઠારી તો જાણે કાગળિયામાં ખોવાઈ ગયા હતા.

'શું ગોતો છો તમી એમાં ? ને મોટા ક્યાં ? બાર ગ્યા છે?'

'ઈ જ....ઈ જ કહું છું પણ એક વાર આ કાગળ મળે તો ને ! તમને આપવા મોટાએ ઓશિકા હેઠે દબાવીને મૂક્યો હતો.

'મને આપવા ? કાગળ ? તમીં આમ મોંમાથા વનાનું શું બોલો છો ? કાંક સમજાય એવું ....મેં તમને પૂછયું છે કે મોટા

ક્યાં ?'

'મોટા ને ? મોટા તો...મોટા...તો કાલ સવારના ક્યાંક જડતા નથી...અમે બધે બહુ ગોત્યા પણ...'

તુલસીને ઊભા થઈને, આ ખીજડા જેવા માણસને અડબોથ મારવાનું મન થઈ ગયું. પોતે શું બોલે છે ઈનુંય આ અકલમઠાને ભાન છે ? મારા મોટા તે કાંય નાનું છોકરું છે તે ખોવાઈ જાય ને પાછા ગોત્યા જડેય નહીં ? પણ એ કંઈ આઘું -પાછું બોલે એ પહેલાં કોઠારીને મોઢે હાશકારો થયો ને વળતો જ એમણે એક કાગળ તુલસીને આપવા લંબાવ્યો.

તુલસીએ કાગળ લઈને આમતેમ ફેરવ્યો પછી ઘડી ખોલીને જોયું તો મોટાના જ અક્ષર ને કાગળ એમણે લખ્યો હતો એ તુલસીને જ. તુલસીએ કાગળમાંથી નજર હટાવીને એક વાર અમરતના બાપુ સામે તો બીજી વાર કોઠારી અને સ્હેજ આઘા ઊભેલા મેર સામે ફેરવી. કોઠારી સાનમાં સમજી ગયા ને એમણે મેરાને કહ્યું : મેરા, બેનની હારુ, ચા બનાવરાવીને લઈ આવ અને હું રસોડે કહેવરાવી દઉં છું : 'મેમાન બધા બપોરા આપણી સાથે જ કરશે.' એ બંનેને જતા જોઈને તુલસીએ કાગળ અમરત સામે ધર્યો.

'પણ હવે આમ સલકસલાણું શીદને કરે છે ? તને વાંચતા નથી આવડતું તે...ને વાંચીને કહેવા જેવું હોય ઈ કહે તો કાંક સળ સૂઝે...આંયા તો બધા સાવ અડબંગ જ... '

તુલસીને સ્હેજ ગભરાટ જેવું થઈ આવ્યું. મોટા નથી મળતાં ને એમણે મને કાગળ લખ્યો છે....એનાથી એમ જ કાગળની ઘડી બંધ કરી દેવાઈ. પછી મનને ધક્કો મારીને કાગળમાં ધકેલ્યું અને વાંચવા માંડી :

વહાલી નાની,

તું આજકાલમાં જ આવીશ એમ, આ લખું છું ત્યારે, મારું મન કહે છે. બીજું કંઈ નહીં તો થાણેથી છૂટીને અમૃત ઘેર આવશે ત્યારે પગે લગાડવાય તું આવવાની, હું તને ઓળખું છું ! કેવડી હતી તું સાવ નાનકડી ? ઘાઘરી-પોલકું પહેરીને પતદા રમતી ત્યારે તને ખંધોલે બેસાડીને મેળે લઈ ગયો છું ભાદરવી અમાસના અને નદી-તળાવે મગરમાછલીની જેમ શેલારામ માર્યા છે તને ખભે બેસાડીને !

પણ તું આવી હોઈશ અને આશ્રમમાં હું નહીં હોઉં. કોઠારીજી તને મારો આ કાગળ કદાચ આપશે, જો એમને, મને શોધતાં, ઓશિકા નીચેથી મળ્યા હશે તો...

તુલસી અટકી ગઈ. એનું માથું ભમવા માંડ્યું. શ્વાસ લેવામાંય જાણે વખો પડતો હતો. પણ એને થયું હવે આગળ વાંચ્યા વિના છૂટકો નથી. વાંચીશ તો જ કંઈક ગમ પડશે...

ધારું છું અમૃતને હવે સારું હશે. પોલીસથાણે એ હેરાન તો થયો જ હશે પણ તારો અમીભર્યો હાથ એને માથેમોઢે ફરતાં એ તાજો થઈ ગયો હશે ને તારા હૈયેય ટાઢક વળી હશે. એને આ ઉંમરે આવો અનુભવ થયો એ આગળ ઉપર, ભવિષ્યે ખપ લાગશે. જોને મનેય આ અનુભવ કામ લાગ્યો જ ને ?

નાની, અમૃતની વાત તો ડી.આઈ.જી.ને કહેતાં જ પતી ગઈ હતી. એમણે તો કહી દીધું હતું - સો મણની તળાઈમાં સૂઈ જાવ જઈને -- હું બેઠો છું ને ! પણ આશ્રમમાં આવી નાહીધોઈને જમવા બેઠો. ટેવ મુજબ શ્લોક બોલવા ગયો. : સર્વે સુખીનો સંતુ..સર્વે સંતુ નિરામયા, પણ નાની જીભ જાણે ઝલાઈ ગઈ હતી- બોલું પણ બોલાય જ નહીં ! આવું તો સોળમે વરસે બાપુનો મોકલ્યો કાશી ભણવા ગયો હતો ત્યારેય નહોતું થયું !

બસ, આ ભાણે બેઠો ત્યારથી અજંપો ઘેરી વળ્યો છે, નાની ! એમ નહીં કહું કે ખાધુંપીધું નથી પણ મન કોઈ વાતે એકધ્યાન થવા જાય છે કે તરત અંદર બેઠું કોઈ પૂછે છે : 'કથામાં તો કાયમ કહો છો કે પક્ષાપક્ષી ત્યાં નહીં પરમેશ્વર ! ને તમે જાતે-પોતે ઊઠીને આ મારુંતારું કર્યું ?તમારી બહેને ખોળા પાથરીને રડી દીધું ને તમે જીવ્યુંજાણ્યું બધુ ભૂલીને, સારાસારનો વિવેક કોરાણે મૂકીને તમારા ભાણેજને છાનાછપના છોડાવી લાવ્યા પોલીસથાણેથી! ધન્ય છે મંગળદાસજી, ધન્ય છે તમને !

તુલસી અટકી ગઈ. અમૃતના બાપુ સામે એકીટશે જોઈને, ઊંડો નિસાસો નાખીને વળી, કાગળ વાંચવા માંડી :

તમારા એ ભાણેજે એની સાથે ભણતી છોકરી પર શા કારણે પણ બળાત્કાર કર્યો અને એ ભલું થજો પોલીસનું કે પકડાયો; પણ એ આખી વાતમાં બાપજી મહારાજ તમારે કૂદી પડવાની જરૂર ક્યાં હતી? એ છોકરાની મા તમારી નાની બહેન એટલે શું એ, અધમ કૃત્યનો આચરનારો છોકરો નિર્દોષ ? ગોસાંઈજી મહારાજે કહ્યું છે એ 'સમરથ કો નહીં દોષ ગુંસાઈ' - તમે આમ સાચું પાડી બતાવ્યું ?'

નાની આ અંદરથી કોઈ 'બાપજી મહારાજ' એવું બોલે છે ને કાળજે ચીરા પાડીને કોઈ દાનો દુશ્મન મીઠું ભરતો હોય માંહ્ય એવી બળતરા ઊઠે છે ! કાંઈ કરતાં કાંઈ ન સૂઝ્યું - મન કેમ કરતાંય ઠાર નો પડ્યું ત્યારે થયું હમણાં તો દેશાટને નીકળી જવું. મનની સ્થિતિ ધોબીના કૂતરા જેવી છે - એ ઘાટે રહી શકતો નથી ને ઘર સંઘરતું નથી. મને એય ખબર છે કે અંદર જે આંધી ફૂંકાઈ છે એનો ઈલાજ કંઈ આમ ભાગી જવાથી જાવાનો નથી. એમ તો વચ્ચે એવું ય નક્કી કર્યું હતું કે અમરતનો ગુનો ફરીથી કબૂલ કરાવી, પેલી દીકરી પાસે ક્ષમા મગાવી કોર્ટ એને માફી આપે એમ કરું પણ સાંચુ કહું તો મને મારામાં જ શ્રદ્ધા રહી નથી. કદાચ હું હવે મારાથી જ મૂંઝાઉં-બીઉં છું. કાલે સાંજે ડૂબતા સૂરજને જોતો નેહરને કાંઠે બેઠો હતો ને મન ચકરાવે

ચડી ગયું હતું : કથાકીર્તન કરતી વખતે જાણે નરસિંહ મહેતા ને મીરાંબાઈ, કબીર અને નાનકનાં ભજનો ગાઈ ગાઈને આપણે સૌ એક જ માબાપનાં સંતાન છીએ, રામરહીમના બંદા છીએ એવું એવું, સામે બેસીને, એકકાન થઈને મારો સદુપદેશ સાંભળતી ભોળી-ભાવુક જનતાને સમજાવું છું અને અચાનક શ્રોતાગણમાંથી પેલા, ખાખી વરદીવાળા ડી.આઈ.જી. પોલીસ ઑફિસર ઊભા થઈ જઈ મને પૂછે છે : 'મંગળદાસજી મહારાજ, પેલો, નિર્દોષ છોકરી ઉપર બળાત્કાર કરનારો અમૃત તમારો ભાણેજ થાય છે એટલે તમે એને પાછલે બારણેથી છોડાવી લીધો ને ? પણ જેનું જીવતર એણે રગદોળી નાખ્યું છે તે સાવ નિર્દોષ છોકરી તમારી કંઈ થતી નથી ? એનાં અને તમારાં માબાપ, તમે હમણાં કહ્યું તેમ એક જ નથી ?'હજું આટલું એ બોલે-પૂછે છે અને હું કંઈક વિચારી-ગોઠવીને એનો જવાબ આપું એ પહેલાં તો સ્ત્રીઓના વિભાગમાંથી, વેરવિખેર વાળ, રડીરડીને સૂજી ગયેલી લાલ આંખો ને ગાલ-છાતી ઉપર નહોરના ઉઝરડાવાળી પેલી છોકરી ઊભી થાય છે....ને....ને.....હું આંખ મીંચી જાઉં છું.

પણ આમ, શાહમૃગ થઈ જવાથી પણ ચાલવાનું નથી. કારણ કે પેલાં બંને : ડી.આઈ.જી. અને અમૃતની હવસખોરીનો ભોગ બનેલી દીકરી બહાર કશે નથી, મારી અંદર જ બેઠાં છે. નાની, મૂળ વાત, બહાર બધાંને શો જવાબ, કયો ખુલાસો આપવો એની નથી. વાત મુદ્દે મારી જ છે. અને એટલે કહું છું - હું મારાથી જ મૂંઝાઉં છું - ડરું છું આજકાલ ! અંદર બેઠું કોઈ તેજાબી ચાબખા માર્યા જ કરે છે અહર્નિશ. એ ચાબખા મારનાર અને એને મૂંગે મોઢે સહન કરનાર ક્યાં જુદા છે ? આરોપીના પાંજરામાંય હું છું અને ઊલટતપાસના, જીવતી ચામડી ઊતરડી નાખે એવા સવાલ પણ હું જ પૂછું છું !

એટલે અહીં આશ્રમમાં રહું કે કશે બહાર ભાગી જાઉં - કશો ફરક પડવાનો નથી. આ પડછાયા જેવી જાત મને ક્યાંય રેઢો-વેગળો મૂકવાની નથી. પડછાયાનું એક પાનું તો સુખ કે અંધારું થતાં તો પીછો છોડે ! પણ આનું તો ઊલટું, રાતે દીવો રામ કરીને પડખું ફર્યા નથી અને હાજર થઈ જ ગયું છે ઉઘરાણીદાર આરબ સમું ! નાની, તને ખરાબ લાગશે. ઓછુંય આવશે. તારો મોટો હારી ગયો તે તનેય હારી ગયાની હીણપત અનુભવાશે. આપણે એકબીજાંના ટેકે ઊભાં હતાં, મને ખબર છે ! પણ નાની, વાત હવે તારા કે મારા હાથની રહી જ નથી. થતાં થઈ ગયું છે એનો કોઈ કરતાં કોઈ ઈલાજ નથી, એક વાર ચૂક્યા એટલે બસ ચૂક્યા ! મનના સમાધાન માટે પારાવાર મથું છું પણ પગ માંડીને ઊભા રહેવાની બે વેંત જમીન ક્યાં મળે છે ? હવે તો આ જિંદગીભર....

અનુસંધાન) ચન્દ્રયાન-૧ (પૃ. ૭૩૭ થી

ક્ષેત્ર-કસોટી અત્યંત આવશ્યક છે. તે માટે ભારતમાં બે સાનુકૂળ સ્થળો છે. એક, મહારાષ્ટ્રના બુલ્ડાના જિલ્લામાં લોનાર ગર્ત. અથડામણને કારણે તૈયાર થતો પૃથ્વી ઉપરનો તે એક ગર્ત છે. ચંદ્રના સમુદ્ર જેવાં (mare) વિસ્તારમાં મળી આવે છે તેવા ખડકપ્રદેશનાં બેસાલ્ટ છે. આ ગર્તનો વ્યાસ ૧.૮કિમી અને ઊંડાઈ ૧૩૦-૧૫૦ મીટર છે. આજુબાજુના વિસ્તારથી તેની ધાર ૨૦ મીટર ઊંચી છે. તે ૫૦ ka જૂનો છે. તેને પ્રમાણમાં ઓછો ઘસારો લાગ્યો છે. તેનાં બાહ્ય લક્ષણો સારી રીતે જળવાયેલાં છે તેથી ચંદ્રયાન-૧ના કેટલાક નીતભાર (પેલૉડ) ચકાસવા માટે આ સ્થળ આદર્શ ગણાય છે.

બીજું સ્થળ, રાજસ્થાનના બરન જિલ્લામાં આવેલ રામગઢ- ગર્ત છે. તેનો વ્યાસ ૪ A મી અને ૨૫૦ મીટર ઊંડો છે. થોડીક અચોક્કસતા સાથે તેને સંધાન-ગર્ત તરીકે ગણવામાં આવે છે. ચંદયાન-૧નાં ઉપકરણોની ચકાસણી માટે આ બીજું આદર્શ સ્થળ છે. ચંદ્રની સમગ્ર સપાટીનો અભ્યાસ કરતાં કરતાં, તેના કેટલાક વિસ્તારો ખાસ ધ્યાન ખેંચે તેવા છે. ખાસ કરીને ચંદ્રની દૂરની સપાટી અને ધ્રુવીય વિસ્તારો જે કાયમ માટે છાયામાં છે. આ વિસ્તારનું તાપમાન - $230^0$C છે. ઉત્તર અને દક્ષિણ ધ્રુવના પ્રદેશો પણ અભ્યાસ માટે નોંધપાત્ર છે. દક્ષિણ ધ્રુવ એટકીન(SPA) એ જૂનામાં જૂનું થાળું (બેસિન) છે. તે આશરે ૪.૨ અબજ વર્ષ જૂનું અને સૌર પ્રણાલીમાં મોટામાં મોટું છે. એવું મનાય છે કે જ્યારે ચંદ્ર પૃથ્વીથી દૂર જતો હતો ત્યારે ભૂકેન્દ્રીય કક્ષામાં લઘુચંદ્રના સંધાનથી તે રચાયેલો હોય. આ બેસિનમાં બીજાં કેટલાંક ક્ષેત્રો જેવાં કે ઑલિવિન હિલ, ભાભા અને બોઝ ગર્ત બેસિનમાં સંભવતઃ ચંદ્રના ઊંડાણનાં દ્રવ્યો માટે મહત્ત્વનાં ગણાય છે.

ધ્રુવીય વિસ્તારોમાં બાષ્પશીલ પ્રદાર્થો હોવાને કારણે તે વધુ રસનો વિષય છે. દક્ષિણનો-ધ્રુવ નજીક શૅકલેટોન ગર્તમાં જળ-બરફ હોવાનું મનાય છે માટે તે મહત્ત્વનો છે. દક્ષિણ ધ્રુવ નજીક માલાપળાની ગિરિમાળા જેને વર્ષના મોટા ભાગ માટે સૂર્યનો પ્રકાશ મળી રહે છે તેને ચંદ્ર ઉપરની કાયમી પ્રયોગશાળાના સ્થાન તરીકે સૂચિત કરવામાં આવેલ છે.

SMART-1, SELENE, LUNAR-A, CHARGE-1 અને ચંદયાન-૧ બીજાં મિશન ચંદ્રનું સતત પાંચ વર્ષ માટે અવલોકન કરે તેવું આયોજન છે. ચંદ્રના અભ્યાસ માટે આટલાં બધાં મિશનો સાથે કદાચ આ સમય સૌથી વધારે હશે. તેનાથી ચંદ્રની સપાટીની રાસાયણિક, ખનિજીય અને ભૂસ્તરશાસ્ત્રીય ઉત્ક્રાંતિ,. દૂર અતીતમાં થયેલી પૃથ્વી-ચંદ્ર આંતરક્રિયાઓ તથા ગ્રહીય પિંડની કદ-આધારિત ઉત્ક્રાંતિને લગતા મહત્ત્વના સવાલોનો જવાબ મળવાનો સંભવ છે. ❐

# લાલા સઈ

નવનીત જાની

'ભાલાવાળા મારી ભેળ્યે રે'જો,
રામ રણુજાવાળા જી રે !,

હવે લાલા સઈનો સંચો ચાલુ થશે. એમનું 'લાંબું ડીલ' પત્યું જ છે તો...એ...પનો વેતરવા લીધેલી કાતરનો અવાજ આવ્યો...ચરર ચરર ચરરરર ચર્ખખ...કાતરનાં પાંખિયાં ઢીલાં હોવાં જોઈએ. 'એ...એ...જોને જોને...રામા ક્વ કે રામદે, હીરા ક્વ કે પીર...' આટલા લાંબા સાદે ગવાય છે, કાળીભાભી ઘરે નહીં હોય.

હું મારા ઘરના ફળિયામાં નેવાંના છાંયડે ખાટલો નાખી પડ્યો હોઉં. ખુલ્લી ખડકીમાંથી ફાગણ-ચૈત્રનો વાયરો કટી ગોરના લીમડા ઉપરથી દડીને આવતો હોય. સૂતો સૂતો સાંભળું તો લાલા સઈને જ સાંભળું એવો ઊહું ઊહું ને જઈ બેસું લાલા સઈ પાસે : 'તમે એલું નૉ'તું કીધું - હઈ, હુથારને ભૂવા, ઈને નો હોય સૂવા. એટલે ?'

એ મારી સામે જોઈ થોડી વાર હસી લે. ઉંમર મારા બાપુજી કરતાંય વધુ, સાઠ ઉપરની. આંખો ચૂંચી, કંઈક ફાંગી પણ ચમેલીનાં ફૂલ જેવી. મૂંડન પછીના ચાર દિવસનું માથું. ચોખાની કણકી ઊગી હોય ને વચ્ચે કોઈ કોઈ રાખોડી ધનેડાં પડ્યાં હોય એવા વાળ. તંગ ચોરણી પહેરે. બાંડિયાના ખિસ્સામાં 'ચાર ભાઈ બીડી' નગં ચાર-પાંચ હોય. બાક્સ ગોતવું નથી.

એમના ઘરની પાછળની ખડકીએ બેઠો હું, પેલો સઈ, સુથાર ને ભૂવા....વાળો અર્થ જાણવા ઉત્સુક મને ચમકાવી દે લાલા સઈ ' આમ જો...ગાડ'ડાં ભાળેસને પણે ?' એમના ઘર પાછળ ભરવાડનો નેસ. ફૂવંળ કાઢી ગયેલાં દાંતિયાં ભીંતડાં ને અડબંગ મોભિયાં. વાડો વાળેલો બાવળનાં ડાંળખાંનો. પીળચટ્ટાં પાંદડાં ખરી ગયેલાં હોય ને કાંટા નજરને રોકે ન રોકે ત્યાં...દેખાય સોંસરું બધું. હું ઘેટા-બકરાંને જોઉં. 'હા' ભણું.

'તમારા માસ્તરુ આ રોખા કે'વાય, ક'વું સે તારે !' આ લાલા સઈનો ચૂંટિયો. સીધો શિક્ષણની જાંઘે.

'કેમ ? ' હું જરાક ડરી ગયો હોઉં. એમણે કાતર હાથમાં લીધી હોય. કપડું વેતરતાં જાય...ચરર ચરર...બોલતાં જાય : 'આટલુંક નો આવડે પાંસમીમાં ભણતાને ! માસ્તરુ જ મોળા 'ડસે.' પછી એ કહેવતનો અર્થ કહે : સૂવા એટલે ચૂવા. એ મનાં ખોરડે ન થતા હોય અર્થાત્ સુખ-નિરાંત-નિશ્ચિંતતા હોય, એવા લોકોમાં સઈ (દરજી) સુથાર અને ભૂવા આવે, ગામમાંથી કોઈ ને કોઈ કામ એ લોકોને મળી જ રહે.

પણ લાલા સઈના ખોરડે ચૂવા થતા મેં જોયા છે-સાંભળ્યા છે.

કાળીભાભી દેખાય છે, શાકની તાંસળી લાલા સઈ તરફ હડસેલતાં, લાલા સઈ ચૂપ છે.

રોટલાનો પાટલો કાળીભાભી ઠબે છે.

લાલાસઈ ચૂપ છે.

પાતળી છાશના છાલિયામાં પછડાટનું પ્રતિબિંબ હલમલે છે. લાલા સઈ ચૂપ છે.

ક્યારેક તો આખી શેરી સાંભળે. લાલા સઈ ન સાંભળે. પાછલી ઉંમરમાં માત્ર એમના કાન જ નહોતા ગયા...

'ડોઝું ભરી લે, અભાગ્યા.'

લાલા સઈ ચૂપ.

કહેવાય છે કે, એક દિવસ આ લાલા સઈના હાકલાએ સીમની સીમ જગાડી દીધેલી. વાત જાણે એમ બનેલી કે, ગામના માસ્તરનો છોકરો બાજુના ગામમાં ભણવા જાય. રેલવેમાં અપ-ડાઉન કરે. રાત્રિના ગાડીમાં ઊંઘી ગયેલો તે જાગેલો છેક બોટાદ!

અહીં માસ્તર બેચેન. એમનાં પત્ની રડે : 'મારો છોકરો...કોઈ ઉપાડી ગ્યું હશે...તમે એના મગજને કોરી ખાધું રોજેરોજ...ક્યાંક આડું-અવળું...એમના વલોપાતમાં સૂઝે એવું આવે. માસ્તરને સૂઝે નહીં તે ઘરમાં છોકરાંને ભણાવવા કાળું પાટિયું રાખ્યું હશે, એની પાસે જઈ જઈ પાછા વળે ને એકડો-બગડો ભૂંસતા આવે.'

પછી નક્કી થયું કે ગામના સ્ટેશનેથી બોટાદ સુધી તપાસ કરતાં જવું...ક્યાંક ભરઊંઘમાં ભાઈ ઊતરી પડ્યા હોય-બેઠા હોય પગથિયે તે...કોઈએ ચાલુ ગાડીએ ધક્કોય દીધો હોય તે ક્યાંક બાવળ-બોરડી-ખાડા-પાંદડાંમાંથી જડી આવે !

પણ સાથે ? સાથે કોણ જાય ? એક, છોકરાના બાપા, બીજું ? બોટાદ કાંઈ આંહી પડ્યું છે ?આઠેક ગાઉ આધું . રાતના સાડા નવ-દશ થઈ ગયા હોય ને ગામ આખું પોતપોતાની તાવડીનો રોટલો ટટકાવી સુખરાત કરી ગયું હોય ત્યારે...

હડપ દઈ લાલા સઈ તૈયાર થઈને ઊભા રહ્યાં. હાથમાં લાકડી લીધી એ વૃદ્ધે.

'-પણ તમને હૂજશે (દેખાશે) ?-કાળીભાભીથી બોલાયું.'

'નઈ હૂઝે તો હુઝાડીશ...'-મૂળે આ લાલા સઈ.

ગાડીના પાટે-પાટે ઠેઠ બોટાદ સુધી માસ્તરની ફડફડ ફડક સાથે ચાલેલા સાથીઓ લાલા સઈના 'વિનુ ! વિ..નુ ! 'ના પોકારોએ સીમના રખોપિયા અને સાથીઓ પાટે ચડી આવેલા. થોડે સુધી એમણેય પોકારોમાં સાદ પુરાવેલો. બોટાદથી

વિનુભાઈ મળી ગયેલા એક બાંકડા નીચેથી !

વિનુભાઈ ઘરે આવ્યા ત્યારે માસ્તર-પત્નીનાં હરખબિંદુ અને માસ્તરના હાશકારાને જોયાં છે.

આજે અઠ્ઠોતેર વર્ષની ઉંમરેય માસ્તરને એ પ્રસંગની યાદ આપો જોઈ , તરત કહેવાના -'એક લાલો હતો ગામમાં તે'દી.'

લાલ સઈનો અવાજ કંઈક ખોખરો, બીડીની ગંધવાળો, નાના-મોટા બખિયા જેવો મારી સ્મૃતિમાં પડઘાયા છે - લજિયા રાખી તમે સુધનવાની ને તેલક્ડાની માંય લજિયા રાખજો...

રામદેવપીરના હાડોહાડ ભક્ત ! સવાર-સાંજ પૂજા-આરતી પાકાં. પછી જ જમવાનું.

સંચા નીચે લયબદ્ધ ચડ-ઊતરના તાલે હાલતા પગ....સિવાઈને સરતું કપડું....'રામો...રામો...' ઉચ્ચારતી જીભ...સ્હેજ અટકે. મને સ્લેટમાં લખતો જોઈ એમના ચહેરા ઉપર કશીક રમૂજ આવી જાય. કહે,'લઈખ જોઈ —લીમડી ગામે ગાડી મલી.' હું લખું.

'ઊંધેથી વાંશ'- એમના પગ અટકે. પછી સિવાયેલું કપડું આંખ સામે પથરાય. ડોક જરા નીચી નમે. મેજરટેપ પકડેલી આંગળીઓ જરાંતરાં કંપીને આપોઆપ કુશળતા ધારણ કરી લે. અધખુલ્લા મોંમાથી, બહાર ડોકાતા નાકના બે'ક વાળને ફરકાવતો ઉચ્છ્વાસનો અવાજ આવતો હોય અને આંખોમાં શરીરનું સમગ્ર ચેતન આવી ગયું હોય એવા દેખાય.

સ્લેટમાં લખેલું વાંચીને હું નવાઈ પામી જાઉં - ' અરે, આ તો ઊંધેથીય ઈવડું ઈ જ.'

'ઈમ તારે...બોલ્ય જો, નેવું ન પાંસડે?'

'પંસાણું'

એ કાને હાથ દઈ મારી તરફ નમે.

'પનૂનૂસાણું' -હું મોટેથી બોલું. મને એમ કે લાલા સઈ આમાંથી હમણાં કોઈ બિલાડું કાઢશે, પણ એ તો 'પાકો પાકો' કહેતા હર્ષ ઠાલવે.

'હાંઈઠ - (સાઠ) ને હાત (સાત) ?' - એમનો બીજો પ્રશ્ન તો ઊભો જ હોય. હું ઘડીક માથું ખંજોળું. એમના કાનમાં બરબર સંભળાય એ માટે એ દોરા-કોકડી-ની ખાલી ભૂંગળી આપે. ખચકાતો હું, 'સણ્યસંટ ?' સામે પૂછું ,ભૂંગળીમાં.

'ખોંખારીને....હાંસુ (સાચું) હોય ઈને દબાવીને ક્યોને તો ઈનો મરમ જ અડધો જાતો રે'તો હોય સે. હોની (સોની) વીંટીયું-વેઢિયા ખંસકાયને દે તો વેપલો થઈ ર્યો માનો. ફટ દઈને કે'વાનું - સણ્યસઈઠ!

શાળામાં શિક્ષકો જે નહોતા કરાવતા એ લાલા સઈ કરાવતાં. ઘણી વાર કહેતાં : ' આ અમે નો ભણ્યાં તે જોવેસ્ ને ?' અને ચાલું સંચો અટકી જતો...દોરો જ ટૂટી જાય સે, હાળો...' સંચા સાથેની એમની મથામણને હું જોઈ રહેતો.

આમ જુઓ તો મારો ને લાલા સઈ વચ્ચેનો નાતો પાડોશનો જ માત્ર. ફળિયાની સહિયારી દીવાલને બાદ કરતાં, મારા ઘરના ચૂલાનો ને એમના ઘરના ચૂલાનો ધુમાડો મળી જતો. મારાં બાએ આપેલી દાળ-ઢોકળીનાં એ બે મોંઢે વખાણ કરતાં, ' કાકીના હાથની દાળ-ઢોકળી એટલે અમરત...

'હા, હું તમને વખ ઘોળીને પાવ સું ને ?'-કાળીભાભી.

પાછલી ઉંમરમાં મેં એમને બહુ હેરાન થતાં જોયા છે. પહેલી-બીજી પત્નીનાં થઈને કુલ ચાર દીકરા એમને. બધા વરાવેલા-પહટાવેલા. એમને અમારી શેરી ગોતતાં દિવસો લાગી જતા ને લાલા સઈનું ઘર ગોતતા મહિના !

જે માણસ પરદુઃખે સાથેસાથ થઈ આઠ-આઠ ગાઉનો પલ્લો કાપી નાખે...એક દિવસ એમના પગય એમને મૂકીને ચાલ્યા !

જળઝીલણી અગિયારશે એમને એમના ઘરની પાછળની ખડકીએ બેઠેલાં જોયેલાં. ઊભાં થવાની મથામણે ઢીંચણ ઉપર દબાયેલા એમના હાથ લાચાર બની જોઈ રહ્યા હતા એમનાં સજળ નેત્રોને. બજારમાં-ફૂલ-ગુલાબ મઢી પાલખીમાં બિરાજીને નીકળ્યા હતા વિષ્ણુ ભગવાન ભક્તજનો પાલખી ઊંચકી પોરસાતાં હતાં કાંઈ ! મંજીરા - ઢોલક - તબલાં - કરતાલના ધ્વનિએ - 'શેરી વળાવી સજ કરું ઘર્યે આવોને....'ની ધૂન મચી હતી.

લાલા સઈના પગ આગળ લાં..બી શેરી પડી હતી. બકરાં-ઘેટાંની લીંડીઓ વેરાયેલી...વાડામાં ધૂળના ગુબ્બાર સાથે બેંબેં-કારાનું મિશ્રણ. કાળીભાભી ભગવાનનાં દર્શન કરવા ઘરેથી નીકળી ગયેલાં. ભક્તોમાં ભળી ગયેલાં. લાલા સઈને ભગવાનનાં દર્શન જ કરવાં હશે કે કોઈ ફરિયાદનાં પત્રમ્ પુષ્પમ્....ફરિયાદ શી ? શેરીવાળી ખડકીએ નહીં ખસતાં આગળિયાની ? જાજરુ જતી વખતે સમા નહીં મુકાતા પાણીના ડબલા વિશેની ? વાંરવાર સોય બટકી જાય છે એની ? ટેભા ટેભા વચ્ચેનું અંતર ઉકેલવામાં હવે આંખો કામ નથી આપતી - એની ?

મને કેટલાક પ્રશ્નો ઉદ્ભવે છે, વિચારોની ખરલમાં ઘૂંટાય છે, કેટલીય વાર, એમના સ્મરણે...

'હાલો , હું તમને બજાર લગી લઈ જાવ' - હું એમની પડખે જઈ ઊભેલો. એ મને જોઈ રહેલાં. મેં એમના કાનમાં જોરથી કહેલું, ' હાલો.'

'પાલખી ?' - એમણે ઘોઘરા અવાજે પૂછેલું. ઉધરસ ઊઠેલી. હું કંઈ કહું એ પહેલાં ઉધરસથી બેવડાતાં, એમના ઘરને જોઈ રહેલાં.

'વઈ ગઈ ને ?' - એમના આ પ્રશ્ને હું કાળીભાભી સમજેલો પણ એમણે 'પાલખી' કહેલું. દડું દડું થતું, પણ ડોક-ગરદનના સંબંધે ટકી રહેલું એમનું માથું ધ્રૂજી રહ્યું હતું, દલપતને જોયો, તબલાં વગાડતો ? ખિમજી હતો ઘેરામાં ?' ને એમનાં પહેલાં-બીજી પત્નીના હયાત પુત્રો. મેં હકારમાં માથું હલાવેલું. ' મારા 'વા'લાની મરજી તો જોવો !' એ ખસડાતાં, ઉધરસ ખાતાં ખડકીનો ઉંબરો ચડવા લાગેલાં...

કટ્ખટ્ કટ્ખટ્ કટ્ખટ્ - સોયની સિલાઈલીલા ટક્ ટક્ ટક્ ટક્....કટ્ કટ્ ન ગાંઠતી સોયને સમજાવવા આંગળી કરતાં વધુ તો એમની આંખો-એમની નજર સંચા ઉપર વધુ ને વધુ દોડધામ કરતી જણાતી, 'આ એક હારા (સારા) માયલી હોય (સોય) - બેયમાંથી એકાદોય આવે તો આ હોય (સોય)નું દખ તો મેલાય...' 'બેય' એટલે ચારમાંથી હયાત બે પુત્રો-દલપત-ખિમજી.

લાલ સઈના સિલાઈસંચાનો અવાજ ઊંઘી ગયો છે. નસકોરાંનું સામ્રાજ્ય સમેટાઈ ગયું છે. વર્ષોજૂનો ડામચિયો જોયો છે? જેને કોઈ ધ્યાન ઉપર નથી લેતું, નથી હોતો એની સાથે કોઈની ઊંઘનેય કશો મતલબ....મતલબ કે સૌએ પોતપોતાની ધડકી સેરવી લીધી હોય છે ડામચિયા પરથી.

રાત્રિ મોં ફેરવી ગઈ છે અથવા ચાંદા અને તારાએ રિસામણાં લીધાં છે.

'એ ઈ હાંભળતી નથી ! ક્યાં મરી સો ?' બે-ત્રણ મિનિટ, 'એલી તને ક્વ સું, નીસની...' પાછી દોઢેક મિનિટ 'ક્યાં ટળી સો, નપાવટની મા, રાંડ....'

જી, આ લાલા સઈનું જ બોલવું છે. મિજાજનોય એક સમય હોવો જોઈએ, જે ભર્યાભર્યા ભોળાં પારેવાં ઉડાડે ને આકાશનેય ઉપેક્ષે. સમયની ગતિ વર્તુળમાં હશે ? કે સમય બધાંયને મોકાની ખેરાત કરતો હશે ?

લાલા સઈના ધૂંધળા-ધૂંધળા શ્વાસમાં બીડીની તલપ જોઈ છે. જોઈ છે એમનાં સહધર્મચારિણીની હઠીલાઈ : 'બીડા વગરનો મરી જાસ તે બીડીના જંઈ કાહું કે રોટલાના ? (લાલા સઈને કાનનું સુખ પાછું !) કાળીભાભીની વાતય વિચારવા જેવી છે. લોકનાં ગોદડાં-ગાદલાંના ટેભા ઉપર રોટલો ઢૂંઢવાનો છે એમને.

લાલા સઈ સાંભળતાં નથી. નકાર સમજે છે. ભલીભાંતિ સમજે છે. માથું નમી જાય છે, પરિસ્થિતિના પરમેશ્વર આગળ. ગારનાં ઊખડી ગયેલા પોપડા ઉપરથી બીડીનાં ઠૂંઠાં ક્યારનાંય વળાઈ ગયાં છે. છતાંય દેખાય છે એ -- લંબાઈને ખાટલા નીચે ડાફોળિયાં મારતાં, પટારા નીચે હાથફેરો કરતાં, વણવપરાયેલા ખાંડણિયામાં નખ ઘસાઈ જાય એમ હાથથી બીડીનું ઠૂંઠું તો ઠૂંઠું શોધતાં. એમને એમ પણ હોય કે વાંહો વાળી ગયેલી વેળા એમ કરતાં જડી આવે. લીરું તો લીરુંય....

શી ખબર કેમ, એ સમયે મને મળતા ખિસ્સાખર્ચીના દશ-પંદર પૈસામાંથી એમની માટે બીડી લેવાનું કેમ ન સૂઝ્યું ? પીપરમેંટ ચગળતો કે બિસ્કુટ ભચડતો કે બરફગોળો ચૂસતો જોઈ રહ્યો હોઉં એમને એવા સમયે...

ધપતાં-ધપતાં...ધ્રૂજતી આંગળીઓને સહિયારી બનાવી, નેજવા જેવું કરી, ધપતી નજરે આભ જોતાં...

હા, એમને અજવાળાની ખેપ કરવી હતી. ક્યું અજવાળું એ તો એમનો રામ જાણે ! પણ, એમને - રોકાઈ જતા શ્વાસને કોઈ દર-બોડ-રાફડો-દેરું-મકાન-મધ્યે જોઈ રહ્યા હોય ઊંડે ને અતલ, એમ આંખો બંધ કરીને બોલતાં સાંભળ્યાં છે - ' એઈન્ આમ લાંમ્બે લાંબી કેડી હોય ઝગમગ !' એમના લંબાયેલા હાથ પાસેથી કોઈ દિશાનો સંકેત મળે ન મળે ને હાથને વિમાસતો જાયો છે, ' ઢોરા-ટેકરા ભલે હોય કાંટા ધૂળ્યના ધબ્ફા દળોદળ કળણ્ય માથોડા ને અડખેપડખે કોઈ બોલાશ : આઈ આ પધાર ..આઈ લાલા...પણ નઈ એટલે નઈ જાવાનું મારે ...કેડી નો પતી હોય ને આડા અવળા ઊતરી જાંઈ તો ભરમાંય નો હંઘરે.'

લાલા સઈ સંઘરાઈ ગયાં- એમ કહું કે પછી પેલી કેડીએ ચડી ગયાં - એમ કહું ?

એ દિવસે એમનાં જણ્યાં-ગણ્યાં એમની નજીક હતા સાવ. રડતાં, સંબંધ-સાંભરણને ખોતરતાં. કાળીભાભી શું રુવે શુ રુવે ! - મને મેકીને તમે ક્યાં....

લાલા સઈ કશીક શોધમાં....

યાદ આવે છે...એક એંશી વરસની જિંદગીનો ભાર ઝોળી જેવી ખાટલીમાં પડ્યો છે. સંભળાય છે. ' ભાલાવાળા મારી ભેળ્યે રે'જો.' ❐

## ડૉ. જયન્ત પાઠક કવિતા પુરસ્કાર

શ્રી જયન્ત પાઠક કવિતા પુરસ્કાર બે વર્ષના સમયગાળામાં પ્રગટ થયેલા ઉત્તમ કાવ્યસંગ્રહને આપવાનો છે. અમે કવિઓ, પ્રકાશકો અને કાવ્યરસિકોને વિનંતી કરીએ છીએ કે ૨૦૦૨ અને ૨૦૦૩માં પ્રગટ થયેલા કાવ્યસગ્રહોની બે નકલો નીચેના આપેલા સરનામે સત્વરે મોકલી આપશો જેથી નિર્ણય કરવા માટે અનુકૂળતા રહે.

મંત્રી

શ્રી જયન્ત પાઠક પુરસ્કાર સમિતિ

એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ અઠવાલાઈન્સ,

સુરત-૩૯૫ ૦૦૧

જગપ્રસિદ્ધ ખગોળવિજ્ઞાની અને બ્લેકહોલના વાદ માટે મશહૂર થયેલા ડૉ. સ્ટીફન હૉકિંગની તે સંબંધિત એક શક્યતાનું ખંડન કરતા અથવા જરા જુદી રીતે કહીએ તો જ્યાંથી હૉકિંગે પૂરું કર્યું ત્યાંથી આરંભનાર ભારતના અને તે પણ એક ગુજરાતી સૈદ્ધાંતિક ખગોળભૌતિકવિજ્ઞાની:


# ડૉ.પંકજ જોશી અને આકાશી 'ફાયર બૉલ'ની વિસ્ફોટક શોધ-કથા

ડૉ.સુશ્રુત પટેલ

વિજ્ઞાનમાં સહેજ પણ રસ હોય તેણે ઇંગ્લેન્ડના કેમ્બ્રિજ યુનિવર્સિટી સાથે સંકળાયેલા ડૉ. સ્ટીફન હૉકિંગનું નામ ન સાંભળ્યું હોય તેવું ભાગ્યે જ બને. નામ તો ઠીક કમ્પ્યૂટર સંચાલિત એક વિશિષ્ઠ વ્હીલચૅર સાથે તેમનો ફોટો પણ ક્યાંક તો જોયો હોય. તેનું એક કારણ એ છે કે તેમની ગણના આઇન્સ્ટાઇન પછીના બીજા તેજસ્વી સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી તરીકે થાય છે. તેમનો જન્મ ૧૯૪૨માં થયો હતો. યોગાનુયોગ ગેલિલિયોની તે ૩૦૦મી પુણ્યતિથિનું વર્ષ પણ છે. બ્રહ્માંડનાં રહસ્યો, તેની ઉત્પત્તિ અને ખાસ તો બ્લૅકહોલની એમની થીઅરીએ તેમને જગતના ટોચના ખગોળશાસ્ત્રીઓની પંક્તિમાં મૂકી દીધા છે. તેમને પ્રચાર માધ્યમોમાં સતત રહેવા માટેના અન્ય કારણોમાંનું એક છે આયુષ્યની વીસીથી લાગુ પડેલો શરીરના સ્નાયુઓને ધીરે ધીરે કામ કરતા બંધ પાડી દેતો 'એમ્યોટ્રૉફિક લેટરલ સ્કલેરોસીસ' (ALS) નામનો એક મહારોગ. આ વ્યાધિને 'મોટર ન્યૂરોન ડીસિઝ' પણ કહે છે. પાછળથી એક ઑપરેશનમાં તેમની વાચા પણ હણાઇ ગઇ. એટલે તે સામાન્ય વાતચીત કરે કે પછી દુનિયાભરના સેમિનારોમાં જાય ત્યાં કે પછી જાહેર સ્થળોએ વ્યાખ્યાન આપે ત્યારે એક ખાસ વૉઇસ-સિન્થેસાઇઝર અને કંપ્યૂટરની મદદ લે છે. આ માટે તે ખાસ તૈયાર કરેલી વ્હીલચૅરમાં જ ફરે છે. આવી શારીરિક મજબૂરી સામાન્ય જન માટે કુતુહલનો વિષય બની છે. જ્યારે આવી તકલીફ હોય ત્યારે બોલવાનું ઓછું અને તે પણ બધું ખૂબ વિચારીને. પરંતુ તેમના એક એક શબ્દને વૈજ્ઞાનિકો અને પ્રચાર માધ્યમો કાન ધરીને સાંભળે છે. સંશોધનોની બધી ભારેખમ ગણતરીઓ પણ મનમાં જ કરવાની. તેમને લોકોમાં જાણીતા કરનાર એક બીજું કારણ તેમણે લખેલું, અથવા કહો કે બોલીને લખાવેલું ૧૯૮૮માં પ્રસિદ્ધ થયેલું "બ્રીફ હિસ્ટરી ઑફ ટાઇમ" નામનું લોકભોગ્ય પુસ્તક છે. સાચા અર્થમાં તે લોકો માટે લખાયું છે કારણ કે તેમાં વિજ્ઞાનની ઘણી અઘરી બાબતો ગણિતના એક પણ સમીકરણ કે ગણતરી વગર સમજાવી છે. ચાલીસથી વધુ ભાષામાં અનૂદિત આ પુસ્તકની આજ સુધીમાં એક કરોડ કરતાં પણ વધુ નકલો ખપી ગઇ છે! આવી જ રીતે "ધ યુનિવર્સ ઇન અ નટશૅલ", "બ્લૅકહોલ્સ ઍન્ડ બેબી યુનિવર્સીસ" (૧૯૯૩) વગેરે જેવા પુસ્તકો પણ હૉકિંગે લખ્યા છે.

આવું એક વિદ્વતાસભર પુસ્તક હૉકિંગે સંશોધક જ્યૉર્જ એલિસ સાથે મળીને લખ્યું. ૧૯૭૩માં પ્રસિદ્ધ થયેલા આ ગ્રંથનું શીર્ષક છે: "ધ લાર્જ સ્કેલ સ્ટ્રકચર ઑફ સ્પેસ-ટાઇમ". આનો અર્થ કાંઇક આવો થાય: "સમય અને અવકાશનું વિશાળ-સ્તરી બંધારણ". આ પુસ્તક સરસ રીતે લખાયું છે અને છેલ્લાં વીસથી પણ વધુ વર્ષોથી સંશોધકોએ તેનો પુષ્કળ ઉપયોગ કર્યો છે, તો ઘણાં સંશોધકો તેને આધારે સંશોધન કરીને પીએચ.ડી.પણ થયા. આ પુસ્તક કેમ્બ્રિજ યુનિવર્સિટીનું. એટલે ઑક્સફર્ડ યુનિવર્સિટી કે જે તેનાથી માંડ ચાલીસ કિલોમીટર અંતરે આવેલી છે અને તેના જેટલી જ પ્રતિષ્ઠિત છે, તેણે પણ આવું એક પુસ્તક પ્રસિદ્ધ કરવાનું નક્કી કર્યું. આ રીતે હૉકિંગ-એલિસના પુસ્તક પછી લાંબા ગાળા સુધી તે કક્ષાના પુસ્તકના અભાવે ઊભો થયેલો શૂન્યાવકાશ પૂરવા ઑક્સફર્ડ યુનિવર્સિટીએ દુનિયાભરમાંથી ડૉ. પંકજભાઇ જોશી ઉપર પસંદગી ઉતારી અને ગ્રંથ લખવા માટે વિધિસર આમંત્રણ આપ્યું.

આ પુસ્તકની હસ્તપ્રત વાંચીને પ્રકાશકના પરામર્શકોએ 'કેટલેક સ્થળોએ માવજત હૉકિંગ-એલિસ કરતાં પણ બહેતર છે', એવી નોંધ મૂકીને તેને એવી ઉચ્ચ કક્ષા બક્ષી કે ઑક્સફર્ડ યુનિવર્સિટી પબ્લિકેશનની એક અતિ પ્રતિષ્ઠિત શ્રેણીમાં તે છપાયું. આ શ્રેણીનું નામ છે: International Series of Monographs on Phys-



૧૯૯૩માં પ્રસિદ્ધ થયેલું ડૉ.પંકજ જોશીનું પુસ્તક

સ્ટીફન હૉકિંગ — જ્હૉન વ્હીલર — ડૉ.પંકજ જોશી — કિપ થોર્ન — રોજર પેનરોઝ — ગ્લોબલ આસ્પેક્ટ ઇન ગ્રેવિટેશન ઍન્ડ કૉસ્મોલૉજી

...ક વિજ્ઞાનમાં નવા સંશોધનોને પ્રસિદ્ધિ આપતા ઑક્સફર્ડના ક્લેરેન્ડન ...સ દ્વારા નિબંધ શ્રેણી (મોનોગ્રાફ સિરીઝ) હેઠળ પ્રસિદ્ધ થયેલા આ ...બંધ શ્રેણીના ચાર તંત્રીમાંથી ત્રણ તો નોબેલ પારિતોષિક વિજેતા ...). સિત્તેરેક વર્ષ જૂની આ શ્રેણીમાં આ અગાઉ સુબ્રહ્મણ્યમ ચંદ્રશેખર, ...ૉ. ડિરાક તથા સર નેવિલ મોટ (Nevill Frncis Mott) જેવા નોબેલ પારિતોષિક વિજેતા વૈજ્ઞાનિકોના પુસ્તકો પણ પ્રસિદ્ધ થયા છે. મૂળ ભારતના, પણ પછીથી અમેરિકામાં સ્થાયી થયેલા ચંદ્રશેખરે આ શ્રેણીમાં બ્લૅકહોલ અંગે પુસ્તક લખ્યા પછી આ શ્રેણીમાં પુસ્તક લખનાર પંકજભાઇ બીજા આવા ભારતીય છે. આ પુસ્તકનું નામઃ "ગ્લોબલ આસ્પેક્ટ ઇન ગ્રૅવિટેશન ઍન્ડ કૉસ્મોલૉજી" છે, જેનું ગુજરાતી કાંઇક આવું થાયઃ 'ગુરુત્વાકર્ષણ અને વિશ્વરચનામાં વ્યાપક દૃષ્ટિકોણ' આ પુસ્તક ૧૯૯૩ માં પ્રસિદ્ધ થયું અને હવે ૧૯૯૭ ની તેની પેપરબૅક આવૃત્તિ પણ મળે છે. આ પુસ્તકમાં તેમણે તારાઓના ગુરુત્વીય ભંગાણ અને વિલય વિશેનું તેમનું તથા તેમના સાથીઓ દ્વારા થયેલું સંશોધન રજૂ કર્યું છે.

પંકજભાઇનું ૩૭૭ પાનાનું આ પુસ્તક કે જે આજથી લગભગ ૧૧ વર્ષ પહેલાં પ્રસિદ્ધ થયેલું તેમાં એવું તે શું છે કે તેને આજે યાદ કરવું પડે? અહીં એટલું જ કહેવું પૂરતું થશે કે હૉકિંગ-એલિસે બ્લૅકહોલની કલ્પના કરી પોતાની અને અન્ય સંશોધકોની વાત પૂરી કરી, ત્યાંથી પંકજભાઇ અને સાથીઓએ તેમજ અન્ય સંશોધકોએ વાત ચાલુ કરી.

પણ આ બધું સમજતા પહેલાં આપણે પંકજભાઇનો આછેરો પરિચય કરી લઇએ.

આખું નામઃ ડૉ. પંકજ શાંતિલાલ જોશી. જન્મ ૧૯૫૪ના એપ્રિલની ૨૫મી તારીખના રોજ ભાવનગરની પાસે આવેલા શિહોરમાં. બાળપણના આઠેક વર્ષ દાદાજી (હવે સ્વ.) રામશંકર જોશી સાથે વિતાવેલાં. એટલે પંકજભાઇ ઉપર દાદાનો સાંસ્કારિક પ્રભાવ જોવા મળે છે. પિતાનું નામ શાંતિલાલ જોશી અને માતાનું અરુણાબહેન. સાદાગૃહિણી. પિતા ગાંધીવાદી અને સ્વાતંત્ર્યસેનાની હતા અને ભારત છોડો આંદોલનની લડતમાં જેલવાસ પણ ભોગવ્યો હતો. વ્યવસાયે ધારાશાસ્ત્રી. એટલે પુત્ર પણ તે જ વ્યવસાય અપનાવે તેવી તેમની ઇચ્છા હતી, પણ બાળક પંકજને તો આકાશમાં નિરખવાનું અને તેને લગતા હજારો સવાલોમાં ખોવાઇ જવાનો નાદ લાગ્યો હતો. પ્રકૃતિમાં જોવા મળતી વિવિધતા અને ઘરઆંગણે થતા ફૂલછોડમાં પણ તેને એટલો જ રસ પડતો. બાળમાનસમાં ઊઠતા આવા સવાલોને ઊકેલવા ઘરમાં એક નાનકડી પ્રયોગશાળા પણ તેણે બનાવી હતી. નાની બહેનનું નામ સોનલ. બંને ભાઇ-બહેન ગણિતમાં હોંશિયાર. સોનલબહેન હાલમાં પતિ સાથે દિલ્હીમાં રહે છે. તેમણે પણ ગણિતમાં પીએચ.ડી.કર્યું છે. ઇંગ્લન્ડમાં જઇને પણ કામ કર્યું છે.

અમદાવાદના 'સસ્તું સાહિત્ય પ્રકાશન' સંસ્થા દ્વારા પ્રસિદ્ધ થયેલું રામાયણ પણ આ જ અરસામાં તેમના વાંચવામાં આવતા પુરાણમાં તેમજ સાહિત્યમાં પણ રસ જાગ્યો. તેવામાં ગોંડલના માતાજીના ભક્ત નાથાલાલ જોશી, રાજુલાના સંસ્કૃતના મહાવિદ્વાન ધીરજરામ શાસ્ત્રી અને કવિ મકરન્દ દવેના પરિચયમાં આવવાનું થતાં આ બધા મહાનુભવોના પાસે પણ રંગાયા. પંકજભાઇ કહે છે કે આ ત્રણ વિદ્વાનો તેમની કિશોરાવસ્થાના ગુરુ.

હાઇ સ્કૂલ સુધીનું શિક્ષણ ભાવનગરની જાણીતી સંસ્થાઓમાં, તે પછીનું શિક્ષણ વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં, વળી પાછા ભાવનગરની સર પી.પી. ઇન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સમાં અને ત્યાંની સંશોધન સંસ્થા સેન્ટ્રલ સોલ્ટ રીસર્ચમાં એક રીસર્ચ પ્રોજેક્ટ પણ કર્યો. તે પછી ભાવનગરમાંથી બી.એસ.સી. અને ત્યાંથી જ ગણિતશાસ્ત્રમાં એમ.એસસી. કર્યું. આ અરસામાં હૉકિંગ-એલિસનું પુસ્તક વાંચવામાં આવતા તે વિષયમાં રસ પડતા તેમાં આગળ જવાનું નક્કી કર્યું અને ભાવનગરમાં ડૉ. ક્રિશ્રા રાવના હાથ નીચે કામ આરંભ્યું અને આવા અઘરા વિષયની યોગ્ય માવજત કરી શકાય તે માટે તાતા ઇન્સ્ટિટ્યૂટના જયંત નારળીકરનું માર્ગદર્શન મેળવવા મુંબઇ પણ જવા માંડ્યું. આ રીતે ડૉ. રાવ અને પ્રો. નારળીકરના માર્દર્શન હેઠળ તેમણે 'બ્રહ્માંડમાં કાર્ય-કારણનો સિદ્ધાંત' વિષય પર પીએચ.ડી. કર્યું. આ રીતે આઇન્સ્ટાઇનના ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતમાં પીએચડી. કર્યા પછી મુંબઇની 'તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ'માં સંશોધનકાર્ય કરી ૧૯૮૧માં બે વર્ષ માટે અમેરિકાની પિટ્સબર્ગ યુનિવર્સિટીમાં વિશેષ અભ્યાસ માટે ગયા. તે વખતે હૉકિંગે પણ તેમને એક વર્ષની ફેલોશિપ માટે આમંત્રણ આપેલું. પણ તે વખતે તેમણે પિટ્સબર્ગ યુનિવર્સિટીમાં પ્રવેશ લઇ લીધો હોવાથી તે શક્ય ન હતું, પરંતુ પાછા ફરતા ત્રણેક મહિના હૉકિંગ સાથે કામ કર્યું. ભારત આવી ૧૯૮૩ માં તે તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચના ખગોળશાસ્ત્ર વિભાગમાં ફરીથી જોડાયા અને હાલ તે જ સંસ્થામાં ખગોળશાસ્ત્ર અને ખગોળભૌતિકી (ઍસ્ટ્રૉનોમી અને ઍસ્ટ્રોફિઝીક્સ) વિભાગમાં પ્રૉફેસર તરીકે સંશોધન કરે છે.

તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચમાં જોડાયા તેની પાછળ આપણા પ્રસિદ્ધ સૈદ્ધાંતિક ખગોળશાસ્ત્રી જયંત નારળીકરની પ્રેરણા રહી છે. થયું હતું એવું કે નારળીકર ભાવનગર આવેલા. તે વખતે નારળીકર તાતા ઇન્સ્ટિટ્યૂટમાં પ્રાધ્યાપક હતા. પંકજભાઇએ પોતાના પીએચ.ડી.ના સંશોધનકાર્યનો તેમને પરિચય આપ્યો. દુનિયાભરમાં ગણ્યાગાંઠ્યા સંશોધકો જ જે વિષય પર કાર્ય કરતા હતા તેમાં તેમનું પ્રભાવશાળી કાર્ય જોઇ નારળીકરે તેમને આ કાર્યમાં માર્ગદર્શ આપવાની તત્પરતા દાખવી, એટલું જ નહિ, પીએચ.ડી. પૂરું કરીને પોતાની સંસ્થામાં જોડાવવા માટે પંકજભાઇના પિતાને મનાવી પણ

લીધા. તે પછી પંકજભાઇએ સંશોધનનો રાહ અપનાવ્યો.

આમ તો બ્લૅકહોલનું નામ હવે સાવ અજાણ્યું પણ નથી રહ્યું, તેમ છતાંય, તેને લગતી જરૂરી માહિતી મેળવી લઇએ, જેથી પંકજભાઇના સંશોધનને સમજવામાં સરળતા રહે.

જન્મ, બાળપણ, યૌવનકાળ, વાર્ધક્ય અને પછી મૃત્યુ આ જીવનની ઘટમાળ બધા માટે નિર્મિત છે. આકાશમાંના તારા પણ આમાંથી બાકાત નથી. તેમનું બધું જ પરમાણુ બળતણ વપરાઇ જાય છે ત્યારે તારાનો યૌવનકાળ પૂરો થઇને જૈફ અવસ્થા ચાલુ થાય છે. આ તબક્કામાં ગુરુત્વાકર્ષણની અસર હેઠળ તારો ઝપાટાબંધ સંકોચાવા લાગે છે. પણ એ સંકોચનમાંથી આખરે શું નીપજશે, તે તારાના દળ અથવા કહો કે વજન ઉપર આધાર રાખે છે. અને દળ માટે સૂર્ય, કે જે પોતે પણ એક તારો છે, તેને આધાર બનાવવામાં આવ્યો છે. આ મુજબ, જો તારાનું દળ સૂર્ય કરતાં દોઢ ગણું કે તેથી ઓછું હોય તો ગુરુત્વીય ભીંસ નીચે તેમાનાં ઇલેક્ટ્રોન્સ એટલે કે ઋણ વીજાણુઓ છૂટી જતાં આ વિજાણુ એક વિશિષ્ઠ બળ પેદા કરે છે, જે વિજાણુ-વિકૃતિ દબાણ (electron-degeneracy pressure) કહેવાય છે. આ બળ ગુરુત્વીય ભીંસને રોકી રાખે છે અને તારો સ્થિર રૂપ ધારણ કરે છે. આ અવસ્થામાં જ તે ધીરે ધીરે ઝાંખો પડતો જઇને આખરે મૃત્યુ પામે છે. તારાના આ સ્વરૂપને સફેદ વામન તારા (White Dwarf) કહેવાય છે. આવા ઘણાં સફેદ વામન તારાઓ આકાશમાં અવલોકાયા છે.

પરંતુ જે તારાનું દ્રવ્યમાન (દળ) સૂર્ય દળ કરતા દોઢું કે તેથી વધુ હોય અને જો તે તારો જરા અવસ્થાએ પહોંચ્યો હોય તો તેમાં ઉત્પન્ન થતું વિજાણુ-વિકૃતિ બળ ગુરત્વીય ભીંસને રોકી રાખવા માટે સમર્થ નથી હોતું. આવો તારો સ્થિર વામન સ્વરૂપ ધારણ કરવાને બદલે વધુ ને વધુ ભીંસાતો જાય છે. આવા સંકોચનને કારણે તેનું કદ એટલું તો ઘટી જાય છે કે તેની ત્રિજ્યા કે જે અગાઉ લાખો કિલોમીટર હતી, તે ઘટીને ૨૫થી ૩૦ કિલોમીટર થઇ જાય છે! જરા વિચારો કે જે તારાની ત્રિજ્યા આટલી બધી સંકોચાઇ જાય તો તેમાંના દ્રવ્યનું પણ સંકોચન થાય અને તો તે તારાનું વજન કેટલું થાય? અંદાજો એ પરથી આવશે કે જો આવા તારાનું માત્ર એક લિટર દ્રવ્ય લઇએ તો તેનું વજન વીસ કરોડ કિલોગ્રામ થાય! આ ભંયકર ભીસમાં તારાના દ્રવ્યના પરમાણુમાંના વિજાણુ અને નાભિ પણ છૂટા પડી જાય છે. આ ઓછું હોય તેમ, આ બંને એકમેકની એટલા તો નજીક આવી જાય છે કે ઋણભારિત ઇલેક્ટ્રોન અને ધનભારિત નાભિ એકમેકની અસરમાં આવીને તેમના વીજભાર ગુમાવી દે છે અને દ્રવ્ય એકરસ થઇને વિજભારવગરના ન્યુટ્રૉન કણોમાં રૂપાંતરિત થઇ જાય છે. હવે આ રીતે પેદા થયેલા ન્યુટ્રૉન કણોનું પણ એક બળ, ન્યુટ્રૉન-વિકૃતિ બળ ઊભું થાય છે. આ બળ તારાની ગુરુત્વીય ભીંસને રોકી દે છે. આમ થવાથી સંકોચન અટકી જાય છે અને તારો સ્થિર અવસ્થા ધારણ કરે છે. આ રીતે બનતા તારાને ન્યુટ્રૉન તારા (Neutron stars) કહેવાય છે. આ છે તારાઓની ઉત્ક્રાંતિના અંતિમ તબક્કાના તારા. સન ૧૯૬૭ માં રેડિયો-તરંગો છોડતા પલ્સાર (ધબકતા તારા) શોધાયા પછી ન્યુટ્રૉન તારાઓની કલ્પનાને અવલોકનનું સમર્થન પ્રાપ્ત થયું છે, કારણ કે પલ્સાર આવા ન્યુટ્રોન તારાઓ હોવાનું સ્વીકારાયું છે.

અહીં મૂળ ભારતના પણ પાછળથી અમેરિકા જઇ વસેલા ડૉ. સુબ્રહ્મણ્યન ચંદ્રશેખર (૧૯૧૦-૧૯૯૫)ની વાત કરવી જોઇએ. વીસ વર્ષની ઉંમરે તેમણે સફેદ વામન (વ્હાઇટ ડ્વાર્ફ) તારાઓની આંતરિક રચના ઉપર મહત્વનું સંશોધન કર્યું હતું, જેને તે વખતે તેમના ગુરુ ઇંગ્લન્ડના સર આર્થર એડિંગ્ટને (૧૮૮૨-૧૯૪૪) જાહેરમાં અર્થવગરનું કહીને હાંસીપાત્ર ઠેરવેલું. પરંતુ પાછળથી ૭૩ વર્ષની વયે ચંદ્રશેખરને આ જ સંશોધન માટે નોબેલ પારિતોષિક આપવામાં આવેલું! આ વાત તો જાહેર છે, પરંતુ તેમની આ શોધ એવું કહેતી હતી કે બ્રહ્માંડના જે જે તારાઓનું દ્રવ્યમાન સૂર્ય-દ્રવ્યમાન કરતાં આશરે દોઢું (૧.૪૪ ગણું) હોય કે તેથી ઓછું હોય તો તે બધા તારાઓ આવા શ્વેત વામનમાં પરિવર્તિત થશે. આપણો સૂરજ પણ બળતણ ખલાસ થતાં પહેલા રાતો વિરાટ (રેડ જાયન્ટ) તારક બનીને આખરે તો આ જ અવસ્થા પ્રાપ્ત કરવાનો છે. આ રીતે ચંદ્રશેખરની ગણતરી પ્રમાણે સફેદ વામન તારાઓ બનવા માટે મર્યાદા છે, જે 'ચંદ્રશેખર મર્યાદા' (ચંદ્રશેખર લિમિટ) કહેવાય છે. આ મર્યાદા મુજબ વામન તારાઓનું દ્રવ્ય સૂરજ કરતાં દોઢ ગણાથી વધુ હોઇ શકે નહિ. પણ પછી સવાલ એ થયો કે આવી કોઇ મર્યાદા ન્યુટ્રૉન તારાઓ માટે છે ખરી? બીજા શબ્દોમાં કહીએ તો જે તારાનું દ્રવ્યમાન સૂરજના દ્રવ્યમાન કરતા દોઢથી પણ વધારે હોય તો તેનું શું થાય? અને આવા તો અસંખ્ય તારાઓ છે. આ પ્રશ્ન જરા પેચીદો હતો કારણ કે ન્યુટ્રૉન તારાઓની આંતરિક રચના માટેનું ગણિત સહેલું નથી. તેમ છતાંય, એ દિશામાં પ્રયત્નો ચાલુ થયા અને એવું ગણી કાઢવામાં આવ્યું કે જો તારાનું દ્રવ્યમાન સૂર્યદળ કરતાં પાંચ ગણું કે તેથી વધુ હોય તો તેમાં ઉદ્ભવતો ન્યુટ્રૉન-વિકૃતિ દાબ ગુરુત્વીય ભીંસને રોકવા માટે સફળ થશે નહિ, અને આવો તારો સંકોચાતો જ જશે. પણ જો આવું અંતવિહીન સંકોચન ચાલ્યા જ કરે તો છેવટે તારાનું બધું જ દ્રવ્ય એક જ બિન્દુમાં સમાઇ જાય. પણ શું આવું બને ખરું?

આ સંબંધે જે વૈજ્ઞાનિકો કાર્યરત્ હતા તેમાંના એક હતા અમેરિકાના ભૌતિકશાસ્ત્રી, પરમાણુ બૉમ્બના જનકોમાંના એક, રૉબર્ટ ઓપનહાઇમર (૧૯૦૪-૧૯૬૭). તેમણે અને તેમના શિષ્ય હાર્ટલૅન્ડ સ્નાઇડર (Hartland Snyder) તથા બીજા કેટલાંક શિષ્યોએ આ પ્રશ્નનો જવાબ આઇન્સ્ટાઇનના ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતમાંથી મળી શકે તેવું સૂચવ્યું. આ તદ્દન નવી વિચારસરણી હતી. આ અંગેનો તેમનો સંશોધન લેખ પહેલી સપ્ટેમ્બર ૧૯૩૯ ના "ફિઝિકલ રિવ્યૂ"માં

છપાયો. આ જ અંકમાં ડેન્માર્કના નીલ્સ બોર અને અમેરિકાના જ્હોન વ્હીલર (Jhon Wheeler) નામના બે પ્રખ્યાત ભૌતિકશાસ્ત્રીઓએ પણ સંયુક્તપણે લખેલો લેખ છપાયો હતો જે નાભિકીય વિખંડન (nuclear fission) ઉપર હતો (પરમાણુ બૉમ્બમાં આ જ પ્રક્રિયાનો ઉપયોગ થાય છે). આ પૈકી ૧૯૧૧માં જન્મેલા વ્હીલરનું નામ યાદ રાખવાનું ખાસ કારણ કેમ છે તે આગળ જોઇશું.

તે પછી આ ક્ષેત્રે ઘણાં સંશોધકોએ કામ કર્યું. તે મુજબ આઇન્સ્ટાઇનના ગુરુત્વાકર્ષણના નિયમના ગણિતનો ઉપયોગ કરીને એવું તારણ નીકળ્યું કે ગુરુત્વીય સંકોચન પામતા જતા તારાઓનાં ઘટતાં જતાં કદને પણ 'મર્યાદા' છે. આ મુજબ જ્યારે સંકોચન પામતા જતા આવા તારાઓની ત્રિજ્યા ન્યૂનતમ બને એટલે કે તે આવી નિશ્ચિત મર્યાદા ધારણ કરે કે તરત જ તે એક અત્યંત વિચિત્ર અવસ્થામાં રૂપાંતરિત થઇ જાય. આવા આ પિંડ કે અત્યંત સંકોચાયેલા તારાની સપાટીએ પ્રકાશનો વેગ શૂન્યથી પણ ઘટી જાય, મતલબ કે ઋણ થઇ જાય. આ રીતે પ્રકાશનો વેગ ઋણ થઇ જતાં તે તારામાંથી બહાર નીકળવાને બદલે અંદર ચૂસાઇ જાય! આથી વિપરીત, બહારથી પ્રકાશનાં કિરણ જો તેના ઉપર પડે તો તેના ગુરુત્વાકર્ષણની અસર હેઠળ તે કિરણ પણ આવા તારાની સપાટીની અંદર ચૂસાઇ જાય! અને જો પ્રકાશ ચૂસાઇ જતો હોય તો તેની આસપાસના દ્રવ્યની પણ એજ હાલત થાય! આવા પિંડનું પ્રચંડ ગુરુત્વાકર્ષણ આ માટે કારણભૂત છે. એમાંથી કશું બહાર છટકી શકે નહીં, બહારથી કશું પ્રવેશી શકે નહીં. અને તેની એક ચોક્કસ હદમાં દ્રવ્ય કે પછી કાંઇ પણ પ્રવેશે કે તે તેમાં ગરક થઇ જાય! આમ, આ સ્વરૂપ 'જ્યોતિપુંજ' ન હોવાથી અને 'અવકાશી કૂવા' જેવું હોવાથી તેને 'બ્લૅકહોલ' નામ આપવામાં આવ્યું. આપણે તેને 'શ્યામવેહ' યા 'શ્યામગર્ત' કહી શકીએ. આ માટે બીજાં પણ નામ સૂચવાયેલાં. પરંતુ આખરે ૧૯૬૭માં ઉપર જેનો ઉલ્લેખ કર્યો તે જ્હોન વ્હીલર દ્વારા સૂચવવામાં આવેલું બ્લૅકહોલ નામ આજે સર્વસ્વીકૃત બન્યું છે.

ટૂંકમા કહીએ તો જે તારાઓનું દ્રવ્યમાન સૂરજના દળ કરતાં પાંચગણું કે તેથી વધારે હોય તેવા તારા આધેડ વયના થતાં આખરે બ્લૅકહોલ રૂપે અંતિમ અવસ્થાને પામશે. બ્લૅકહોલ રચાવા માટેની આ થઇ ગાણિતિક રીત. કોઇને લાગે કે બ્લૅકહોલ એ નવા જમાનાની ઉપજ હશે. પણ એવું નથી. જેમાંથી પ્રકાશ પણ બહાર આવી ન શકે તેવા આકાશી પિંડોની કલ્પના આજથી ૨૨૦ વર્ષ પહેલાં, ૧૭૮૪માં જ્હૉન માઇકલ (Jhon Michell) નામના એક અંગ્રેજ પાદરીએ કરી હતી. પ્રકાશ ઉપર ગુરુત્વાકર્ષણની અસર શું થાય તે દિશામાં વિચારીને તેણે સૂચવ્યું હતું કે કેટલાંક અત્યંત મોટા તારામાંથી પ્રકાશ છટકી શકે નહિ. તે પછી સન ૧૭૯૮માં પિયર-સિમાં લાપ્લાસ નામના ફ્રાન્સના ગણિતશાસ્ત્રીએ પણ આ જ વાત દોહરાવી હતી. આ બંનેની વિચારણાના પાયામાં આઇઝેક ન્યૂટને સન ૧૬૮૭માં શોધેલા ગુરુત્વાકર્ષણના નિયમની શોધ રહેલી હતી.

પણ આટલી ચર્ચા પછી સવાલ એ ઊઠે છે કે આકાશમાં જેમ સફેદ વામન અવલોકાયા, ન્યૂટ્રૉન તારા પણ પલ્સારના રૂપે શોધી કઢાયા તેવી રીતે શું બ્લૅકહોલ અવલોકાયા છે ખરા? જેમાંથી પ્રકાશ કે પછી રેડિયો તરંગો કે અન્ય વિકિરણ બહાર આવી શકતું ન હોય તેને કેવી રીતે અવલોકાય? આ બધા અંગે- એટલે કે બ્લૅકહોલ છે કે નહિ, હોય તો તેના અંગ-ઉપાંગો કેવા હોય, અને જો હોય તો તેમને શોધવા કેવી રીતે- વગેરે અંગે પુષ્કળ સંશોધનો થયાં છે. આમાં ઉલ્લેખનીય છે ઇંગ્લન્ડના રોજર પેનરોઝ (Roger Penrose. જન્મ:૧૯૩૧) અને સ્ટીફન હૉકિંગ, અમેરિકાના ચંદ્રશેખર અને કિપ થોર્ન (Kip Thorne.જન્મ:૧૯૪૦). બીજા પણ અનેક નામાંકિત વૈજ્ઞાનિકોએ આમાં ઝંપલાવ્યું છે અને આ ધારણા સમજવા માટે ગણિતીય સિદ્ધાંત તથા આઇન્સ્ટાઇનના ગુરુત્વાકર્ષણ સિદ્ધાંતની મદદથી પ્રયત્નો કર્યા છે. આ બધા જ કાર્ય તથા પ્રયત્નોને પરિણામે વીસમી સદીના સાતમા દાયકા સુધી સામાન્ય માન્યતા એવી રહી છે કે આવા ગુરુત્વીય ભંગાણની પ્રક્રિયામાંથી એક એવું બ્લૅકહોલ રચાય છે કે જેમાંથી કોઇ પદાર્થ દૂર જઇ શકે નહિ, એટલું જ નહિ; પ્રકાશનું એક કિરણ પણ બહાર છટકી શકે નહિ. ગુરુત્વીય ભંગાણને કારણે રચાતા આવા મહાકાય ઉષ્ણતામાન તથા ઘનતાવાળા પ્રદેશો તે સમયાવકાશમાં રચાતી અપૂર્વતાઓ છે અને તે હંમેશા આવા બ્લૅકહોલમાં છૂપાઇ રહે છે એવી 'કૉસ્મિક સેન્સરશિપ' (Cosmic censorship) -એક જાતના વૈશ્વિક નિયંત્રણની કલ્પના આ વૈજ્ઞાનિકોના કામ પરથી અસ્તિત્ત્વમાં આવી. આ કલ્પનાને સાચી માનીને બ્લૅકહોલ ઉપર એક આખું નવું ભૌતિકશાસ્ત્ર-Black hole physics- રચાયું અને આ ક્ષેત્રમાં છેલ્લાં ત્રણ દાયકામાં હજારો સંશોધન લેખો અને ઢગલાબંધ પુસ્તકો પણ લખાયાં!

પેનરોઝે જેવાએ તો કહ્યું કે આવી ઘટના (બ્લૅકહોલ) હંમેશને માટે એક આવરણ નીચે ઢંકાઇ જાય છે અને તે દૂરના નિરીક્ષકને કદી દેખાય નહિ. આમ તેમના મતે વિશ્વની તમામ આવી ઘટના ક્ષિતિજ દ્વારા ઢંકાયેલી હોવાથી કદી દેખી શકાય નહીં. બ્લૅકહોલની થિયરીના મુખ્ય પ્રણેતા એવા ડૉ. સ્ટીફન હૉકિંગ અને એવા જ બીજા ખગોળભૌતિકશાસ્ત્રીઓ તો આગળ વધીને એમ પણ કહેતા હતા કે આવી રીતે બનેલું બ્લૅકહોલ આસપાસની બધી જ વસ્તુ કે દ્રવ્યને પોતાના કેન્દ્રમાં ખેંચી લે, જેનો અંતે નાશ થાય. વળી આ તમામ નાશ પામેલા પદાર્થો સાથે એ બ્લૅકહોલ કોઇ બીજા 'બેબી યુનિવર્સ' એટલે કે આપણાથી તદ્દન જુદા એવા નાના બ્રહ્માંડમાં જતા રહે. આના પરથી તો વિજ્ઞાનલેખકોએ ઘણી બધી વિજ્ઞાનકથાઓ લખી અને હૉલીવૂડે ફિલ્મો કરીને ધૂમ કમાણી પણ કરી! કાર્લ સગાનની 'Con-

tact' નામની પ્રખ્યાત વિજ્ઞાન-નવલકથામાં આકાશના પ્રચંડ અંતરો ઘટાડતી -અંતરિક્ષના શૉર્ટકટની કલ્પનાના મૂળમાં તેના મિત્ર કિપ થોર્ને સૂચવેલી 'વર્મહોલ' ની આવી કલ્પના જ હતી જેને પાછળથી થિયરીનો ઓપ આપવામાં આવેલો.

પરંતુ ત્રણ દાયકા પછી પણ બ્લૅકહોલની આ કલ્પના કેવળ કલ્પના જ રહી છે અને ગુરુત્વીય ભંગાણને અંતે કેવળ બ્લૅકહોલ જ બને છે તેવું આ કલ્પનાનું વિધાન આઇન્સ્ટાઇનની થીઅરિ પ્રમાણે સત્ય છે, તેવું પુરવાર થઇ શક્યું નથી! મતલબ કે ખાતરીથી કહી શકાય તેવો એક પણ બ્લૅકહોલ આજ સુધી મળ્યો નથી. હા, હંસ તારામંડળમાં આવેલા 'સિગ્નસ-એક્સ-૧' જેવા કેટલાક ઉમેદવાર છે ખરા. પરંતુ માત્ર સૈદ્ધાંતિકરૂપે, મતલબ કે તેમનું અસ્તિત્વ કાગળ ઉપર જ છે. આ રીતે બ્લૅકહોલ બનવાના વાદે ભૌતિકશાસ્ત્રમાં મુશ્કેલ સવાલો અને ગંભીર વિરોધાભાસો પેદા કર્યા છે. પહેલી વાત તો એ કે બ્લૅકહોલના મધ્યમાં અનંત ઘનતાનું વિચિત્ર લક્ષણ હોવાની શરત છે. આને 'infinite density singularity' કહેવાય. આવી વ્યવસ્થા તેના પાયામાં જ અસ્થિરતા સૂચક છે. મતલબ કે આવી રચના લાંબા સમય સુધી સ્થિર રહી શકે નહિ. ૧૯૪૦ અને ૧૯૫૦ ના અરસામાં ગુરુત્વાકર્ષણ સિદ્ધાંતકારો માટે આ એક મોટી સમસ્યા હતી. આ ઉપરાંત, સંશોધકો માટે બ્લૅકહોલે 'માહિતી વિરોધાભાસ' (Information Paradox) તરીકે ઓળખાતી એક વધારાની સમસ્યા પણ ઊભી કરી હતી. આવા કેટલાક અસંગતકથનોએ ભૌતિકવિજ્ઞાનમાં બ્લૅકહોલની વિચારણા સામે વિરોધ ઊઠવો સ્વાભાવિક હતો.

પરંતુ છેલ્લા દોઢ દાયકામાં સાપેક્ષવાદે એક નવી જ શક્યતા પણ આપી છે. મૃત્યુ પામતા વજનદાર તારાનું અનંત ગુરુત્વીય સંકોચન થતાં તેનું શું પરિણામ આવે તે જાણવા માટે પણ આઇન્સ્ટાઇનનો ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત વાપરતા બ્લૅકહોલની શક્યતા ઉપરાંત એક વધારાની, અથવા કહો કે એક તદ્દન નવી જ શક્યતા સામે આવે છે. આવી કોઇ સંભાવના હોઇ શકે તે તરફ આ અગાઉ વૈજ્ઞાનિકોનું ધ્યાન ગયું જ ન હતું! આ સંભાવના કહે છે કે આવા તારાનું મૃત્યુ થતાં એક અતિશય તેજસ્વી અગ્નિગોળો (ફાયર બૉલ) રચાય છે. આ વિસ્ફોટક પુંજ અથવા અગ્નિગોળામાંથી વિપુલ માત્રામાં શક્તિ તથા પ્રકાશનો ધોધ વછૂટે છે. યાદ રહે કે આ કાંઇ તારાનો ધડાકો થઇને ફાટી પડવાની ઘટના- સુપરનોવા (તારાનો મહાસ્ફોટ) જેવી ઘટનાની વાત નથી. તેમાં તો તારાનાં બહારનાં પડોની જ વાત આવે. આપણે જેની વાત કરીએ છીએ તે, અગ્નિગોળામાં તો સંકોચન પામતા તારાના ગર્ભનો જ પ્રચંડ વિસ્ફોટ થવાની વાત છે. આવા પ્રચંડ વિસ્ફોટથી અનેકગણી વધુ ગરમી અને શક્તિનું ઉત્સર્જન થાય છે. આ પ્રકારનાં સંશોધનોમાં મુંબઇના તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ, પૂણેના ઇન્ટર-યુનિવર્સિટી સેન્ટર ફૉર ઍસ્ટ્રોનોમી એન્ડ ઍસ્ટ્રોફિઝીક્સ (IUCAA), જાપાનના યુકાવા ઇન્સ્ટિટ્યૂટ ઉપરાંત યુરોપના અને અમેરિકાના ઘણાં બધા સંશોધન કેન્દ્રોમાં કામ થયું છે. અને આમાં પંકજભાઇનો ફાળો નોંધપાત્ર છે. તેમના જે પુસ્તકની આપણે વાત કરી, તે આ જ બધી બાબતને વિશદતાથી ચર્ચે છે.

જરા સામાન્ય બોલીમાં કહીએ તો, છેલ્લાં થોડાંક વર્ષોથી ખગોળભૌતિકવિજ્ઞાનીઓમાં બે ભાગ પડી ગયા હતા. ડૉ. સ્ટીફન હૉકિંગ વગેરે એવું માનતા હતા કે ઉપરોક્ત જેની ચર્ચા કરી છે તેવી પરિસ્થિતિમાં, એટલે કે તારાનું સંકોચન થઇને બ્લૅકહોલ થઇ જાય પછી કશું ન બને. કોઇ દ્રવ્ય બહાર ન આવી શકે. બધું સ્વાહા થઇ જાય. જ્યારે પંકજભાઇ તથા અન્ય સંશોધકોના મતે આવી પરિસ્થિતિમાં તારાનું સંકોચન થઇને અગ્નિગોળો (Fireball) થાય. જેને ખગોળશાસ્ત્રીઓની ભાષામાં 'અનાવૃત વિશિષ્ટતા' કે 'નગ્ન વિચિત્રતા' (Naked Singularity) કહેવાય. આમ શાબ્દિક અર્થ જોવા જઇએ તો' સિંગ્યુલૅરિટી' એટલે અનંતબિંદુતા અથવા વિચિત્ર બિંદુ સ્થિતિ, જેની ઘનતા અનંત અને ત્રિજ્યા શૂન્ય હોય. જેમાં ભૌતિકવિજ્ઞાનના બધા જ્ઞાત નિયમોનું ઉલ્લંઘન થાય તેવું ગણિતીય બિંદુ. બ્લૅકહોલના કેન્દ્રમાં તે હોવાનું માની શકાય. અને 'ઇવેન્ટ હોરાઇઝન' એટલે બ્લૅકહોલની ધાર, જે તેની કાલ્પનિક સપાટીની પરિસીમા છે, અને જ્યાં પલાયન વેગ પ્રકાશની ઝડપ જેટલો થાય છે અને તેથી અંદરથી કશું છટકી શકે નહીં. હા, તેમાં પડતું કશું પણ અટકાવી શકાય નહિ. સરળતા ખાતર કહેવું હોય તો એવું કહેવાય કે 'ઇવેન્ટ હોરાઇઝન' એટલે બ્લૅકહોલની અદૃશ્ય એવી સજ્જડ વાડ, જેની અંદર શું ચાલે છે તે દેખાય નહિ.

થોડા ઊંડા ઊતરીએ તો એવું કહેવાય કે તારાનું અંતવિહીન સંકોચન થતાં 'નૅકેડ સિંગ્યુલૅરિટી' સર્જાય, જે 'ઇવેન્ટ હોરાઇઝન' થી આચ્છાદિત ન હોય. મતલબ કે તેમાં કોઇ આડશ કે પડદો ન હોય. એટલે બાહ્ય નિરીક્ષક તેને જોઇ શકે. તેમાં સંકેતો (સિગ્નલ્સ) પ્રવેશી પણ શકે અને બહાર પણ નીકળી શકે. એટલે કે જો આવી 'નૅકેડ સિંગ્યુલૅરિટી' એટલે કે અગ્નિગોળો બનવાનો હોય તો બ્લૅકહોલની અવસ્થા ન થાય. પંકજભાઇની ગણતરીઓ કે વાદ પ્રમાણે હૉકિંગની વાતમાં ઘણાં વિરોધાભાસ ઉત્પન્ન થાય છે. જો તેના વાદ પ્રમાણે બ્લૅકહોલ અંતે તેની અંદરની તમામ વસ્તુઓ કે દ્રવ્યનો તથા માહિતીઓનો નાશ કરતું હોય તેવું માની લઇએ તો તે ક્વૉન્ટમ સિદ્ધાંત (Quantum Theory)ના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ છે. તેમ છતાંય, આ દિશામાં ભાગ્યે જ કાંઇ વિચારાયું હતું.

પણ તે પછી, ડબ્લિન, આયરલૅન્ડ ખાતે આ વર્ષે જ, અર્થાત્ ૨૦૦૪માં ૧૮થી ૨૩ જુલાઇ દરમિયાન ભરાયેલી 'જનરલ રિલેટિવિટી ઍન્ડ ગ્રેવિટેશન' કે જે ટૂંકમા 'GR-૧૭' કહેવાય છે, એટલે કે સાપેક્ષતાનો સામાન્ય (વ્યાપક) વાદ અને ગુરુત્વાકર્ષણની આંતરરાષ્ટ્રિય

પરિષદમાં, ૪૮ દેશોમાંથી આવેલા લગભગ ૬૦૦ જેટલા વૈજ્ઞાનિકો સમક્ષ સ્ટીફન હૉકિંગે સ્વીકાર્યું કે તારાનું મૃત્યુ માત્ર બ્લૅક હોલમાં જ પરિણમે એ મારી માન્યતા ખામી ભરેલી છે. પોતાના સંભાષણમાં તેમણે કહ્યું કે ક્વૉન્ટમ ફિઝિક્સના નિયમોને ધ્યાનમાં લેતાં માત્ર બ્લૅકહોલ જ બનશે એવું ખાતરીથી કહી શકાય નહિ. જાગ્યા ત્યાંથી સવાર! વળી હૉકિંગની પેલા 'બેબી યુનિવર્સ'ની વાત તો આમ પણ જરા વધુ કાલ્પનિક લાગતી હતી અને હવે તો તેમણે પણ પોતાની આ વાતને રદિયો આપ્યો છે. આપણે જોયું કે આ જ વાત પંજકભાઇ જોશીએ ૧૧ વર્ષ પહેલાં, ૧૯૯૩માં પ્રસિદ્ધ થયેલા પોતાના પુસ્તકમાં કરેલી! આ રીતે ઘણાં વર્ષોથી ચાલતી સૈદ્ધાંતિક ચર્ચાનો નિવેડો આવ્યો. જો કે પંકજભાઇની સંભાવના જ સ્વીકારી હોવા છતાં પોતાની કબૂલાતમાં હૉકિંગે ડૉ. પંકજભાઇનું નામ આપ્યું નથી. અથવા કહો કે તેમને જશ આપ્યો નથી. તેમ છતાંય, આ ૧૧ વર્ષ દરમિયાન તેમના પુસ્તકને વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિકોએ પોતપોતાની રીતે વધાવ્યું તો છે જ. તેની નકલો પણ બેસ્ટ-સેલર પુસ્તકમાં મૂકી શકાય તેમ ચપોચપ ઊપડી ગઇ છે. એક બીજી વાત એ છે કે પંકજભાઇના આ પુસ્તકથી પ્રેરાઇને ભારતની જુદી જુદી યુનિવર્સિટીમાંથી આજ સુધીમાં આશરે ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ પીએચ.ડી. કર્યું છે.

અહીં એક વાતનો ઉલ્લેખ કરવો જોઇએ. પંકજભાઇની વાતમાં ચંદ્રશેખરના તારાના દળ સંબંધિત સંશોધનની, એટલે કે 'ચંદ્રશેખર લિમિટ' અને 'વ્હાઇટ ડ્વાર્ફ'ની વાત ક્યાંય આડી આવતી નથી. ચંદ્રશેખરની આ શોધ મૂળભૂત છે, પાયાની છે. તેની સાથે પંકજભાઇના સંશોધનને કોઇ નિસબત નથી. તેમનું સંશોધન ચંદ્રશેખરના તારા કરતા ક્યાંય વધુ વજનદાર તારાના મૃત્યુ પછીની થનાર શક્યતાનું બયાન કરે છે. બીજી વાત એ છે કે અમુક પ્રચાર માધ્યમોએ પંકજભાઇની શોધથી બ્લૅકહોલ જેવું કઇં છે જ નહીં અને તે હવે ભૂતકાળની વાત બની ગઇ તેમ લખ્યું છે તે પણ બરાબર નથી.

હૉકિંગની જાહેરાત અંગે પંકજભાઇને પૂછતા તે કહે છે કે મારું કામ તો સંશોધન કરવાનું છે. આપણા દેશની આ કમનસીબી છે કે આપણે ત્યાં થયેલા કાર્યને યોગ્ય પ્લૅટફૉર્મ મળતાં વાર લાગે છે. વળી તે કહે છે કે તેમણે હૉકિંગને આ પુસ્તક પ્રસિદ્ધ થયા પછી તરત જ મોકલી આપ્યું હતું અને તે મળ્યાની પહોંચ પણ હૉકિંગે મોકલી આપી હતી. વળી, પંકજભાઇ જ્યારે હૉકિંગને રૂબરૂ મળ્યા ત્યારે પણ તેમની સાથે આ અંગે વિસ્તારપૂર્વક ચર્ચા પણ કરી હતી. તે પછી છેક ૧૯૯૭માં અમેરિકાના કિપ થોર્ન અને જૉન પ્રેસ્કિલ (Jhon Preskill) નામના સૈદ્ધાંતિક ખગોળભૌતિકશાસ્ત્રીઓએ ડૉ. પંકજભાઇની વાતનું જ પુનરાવર્તન કર્યું ત્યારે અમેરિકન યુનિવર્સિટીએ એને દુનિયા સમક્ષ મૂકી. આ બાબતની નોંધ હૉકિંગે લીધી તો ખરી, પરંતુ એ પોતાની માત્ર બ્લૅકહોલ થવાની શક્યતાવાળી વાતને જ વળગી રહ્યા. પણ હવે જ્યારે આવી કક્ષાના વૈજ્ઞાનિક સામે ઊઠીને પોતાની વાતનું જ સમર્થન કરે છે ત્યારે પંકજભાઇ નમ્રપણે કહે છે કે મને યાદ કરવામાં આવ્યો છે કે નહીં, તે મહત્વનું નથી. મહત્વનું હોય તો તે એ જ છે કે મારા સંશોધનને દુનિયા સ્વીકારે છે. વિશ્વના વૈજ્ઞાનિકોએ પોતાના સંશોધનકાર્યને આધારે પુસ્તકો લખ્યાં કે સંશોધનપત્રો રજૂ કર્યા ત્યારે ત્યારે તે લોકોએ મારા પુસ્તકને ટાંકીને યોગ્ય નોંધ લીધી જ છે. બાકી તો ભલે કોઇ ગમે તેટલા દાવા કરે, છેક ૧૯૯૩માં પ્રસિદ્ધ થયેલું તેમનું આ પુસ્તક જ તેમના સંશોધનનો બિનવિવાદાસ્પદ રેકૉર્ડ છે.

આ લાંબી ચર્ચાનો સારાંશ આટલો: એક મોટા ફુગ્ગામાંથી હવા નીકળતાં તે નાનો થતો જાય તેમ તારો પણ ગુરુત્વાકર્ષણ દ્વારા સંકોચાતો જાય છે. આવા સંકોચનને 'ગુરુત્વીય સંકોચન' (ગ્રૅવિટેશનલ કૉલેપ્સ) કહેવાય. આવી રીતે સંકોચાતા તારાની અંતિમ અવસ્થા કઇ થશે તે સમજવા માટે આઇન્સ્ટાઇનનો ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત ઉપયોગી થાય છે. તેમાં યૂક્લિડની ભૂમિતિ કે જે આજે સ્કૂલોમાં ભણાવાય છે તે નહિ, પણ બર્નહાર્ડ રિમાન્ન (Bernhard Riemann) નામના ગણિતજ્ઞે રચેલી ભૂમિતિનો ઉપયોગ ઉપરાંત ૧૯૬૫ અને ૧૯૭૫ના ગાળામાં બ્રિટનના રોજર પેનરોઝ, હૉકિંગ વગેરે વૈજ્ઞાનિકો આગળ આવ્યા અને તેમણે ગુરુત્વાકર્ષણનો અભ્યાસ 'ટૅપોલૉજી' જેવી ગણિતની એક શાખાની સહાયથી વૈશ્વિક સ્તરે કરવાનું સુચવ્યું. આ વિચારણામાંથી આગળ જતાં આઇન્સ્ટાઇનના સિદ્ધાંતો સાંકળીને બ્રહ્માંડમાં બ્લૅકહોલ જેવા વિચિત્ર પ્રદેશો પણ છે તેવું સૈદ્ધાંતિક રીતે સાબિત થયું. હૉકિંગ-એલિસ સહિત અન્ય સંશોધકો આટલે આવી અટકી ગયા. મહાકાય તારાઓમાં આવું અનંત ગુરુત્વીય ભંગાણ થાય ત્યારે એક બ્લૅકહોલ બને જેમાંથી ખુદ પ્રકાશ પણ બહાર આવી ન શકે. તે પછી ગણિતશાસ્ત્રી રોજર પેનરોઝે ૧૯૬૫માં એવું સાબિત કર્યું કે દરેક બ્લૅકહોલ સિંગ્યુલૅરિટી ધરાવે છે. જે દેખી ન શકાય. આના પરથી એક બીજા પ્રકારની સિંગ્યુલૅરિટ, અર્થાત્, દેખી શકાય તેવી એટલે કે 'નૅકેડ સિંગ્યુલૅરિટી'ની વાત પણ થવા લાગી. પરંતુ આવી કપડાં વગરની નૅકેડ સિંગ્યુલૅરિટીની ધારણા તે સ્વીકારી શક્યા નહિ. એટલે આની સામે ઢાલરૂપે તેમણે વૈશ્વિક નિયંત્રણ (cosmic censor)ની પરિકલ્પના રજૂ કરી અને તેને ઇવેન્ટ હોરાઇઝનરૂપી વાઘા (કપડાં) પહેરાવ્યાં. તેમના મતે કૉસ્મિક સેંસર નૅકેડ સિંગ્યુલૅરિટીને થતી રોકી રાખે છે. પરંતુ અનેક પ્રયત્નો પછી પણ આવા વૈશ્વિક નિયંત્રણ હોવાનું તે સાબિત કરી શક્યા નહિ. આની સામે ઘણાં વૈજ્ઞાનિકો નૅકેડ સિંગ્યુલૅરિટીનું અસ્તિત્વ- પછી ભલે ક્ષણિક હોય, તો પણ આવી પરિકલ્પનાને સ્વીકારતા હતા. અને જો તે હોવાનું સાબિત થાય તો તેનું મહત્વ પણ સ્વીકારતા હતા. એટલે જ ખગોળશાસ્ત્રને લોકભોગ્ય કરતા સંખ્યાબંધ પુસ્તકો લખનાર પૅટ્રિક મૂર (Patrick Moore) અને ઇયાન નિકોલસને (Iain Nicolson) "બ્લૅક હોલ્સ ઇન સ્પેસ"

(પેપરબૅક આવૃત્તિ:૧૯૭૯) નામના પોતાના પુસ્તકમાં આવું ભાખ્યું છે: " If naked singularities are ever found they will provide a tremendous stimulus to theoreticians, just as the possible detection of Black Holes is doing today". પરંતુ રોજર પેનરોઝના પગલે એ સમયે મોટા ભાગના સૈદ્ધાંતિક ખગોળવિદો આવી 'નૅકેડ સિંગ્યુલૅરિટી' માં માનતા ન હતા. બલકે એમ કહેવાય કે આવી કોઇ વાતથી જ ભડકતા હતા. પણ હવે સ્થિતિ બદલાઇ છે. તાજેતરના, અને ખાસ તો પંકજભાઇ વગેરે જેવા વૈજ્ઞાનિકોના કેટલાંક વર્ષોના સંશોધનો પછી એવું નિર્ધારિત થયું કે આઇન્સ્ટાઇનના જ ગુરુત્વવાદના સિદ્ધાંત પ્રમાણે, આવા તારાનું મૃત્યુ થતાં જ્યારે બ્લૅકહોલ ન રચાય ત્યારે એક એવા અગ્નિગોળા (ફાયર બૉલ) એટલે કે 'એક્સપ્લોઝિવ નૅકેડ સિંગ્યુલૅરિટી' (explosive naked singularity)ની રચના થાય કે જેમાંથી મોટા પ્રમાણમાં પ્રકાશ તથા શક્તિ એક પ્રચંડ વિસ્ફોટના રૂપમાં બાહ્ય આકાશમાં ફંગોળાય. તારાનું મૃત્યુ થતાં બ્લૅકહોલ બનશે કે પછી વિસ્ફોટક અગ્નિગોળો, તેનો આધાર તારાનું કુલ વજન, તેનું કેવી રીતે અને કેવા વેગથી ગુરુત્વીય સંકોચન થાય છે તે તથા એના જેવા કેટલાંક અન્ય ઘટકો પરથી નક્કી થાય છે. આ અંગેનું સંશોધન ભારત સહિત અન્ય દેશોમાં ચાલી રહ્યું છે. પરંતુ આઇન્સટાઇનના વાદ મુજબ સૈદ્ધાંતિક રીતે બ્લૅકહોલ અને ફાયર બૉલ એમ બંને બને તો ખરા, પરંતુ બ્લૅકહોલના અસ્તિત્વે કેટલાંક વિરોધાભાસ પણ ઊભા કર્યા છે, જેના વિકલ્પે અગ્નિગોળાનું અસ્તિત્વ સ્વીકારવું કદાચ વધુ સ્વાભાવિક કહેવાય.

પરંતુ આ બ્લૅકહોલ અને અગ્નિગોળાની શક્યતાઓમાં દુનિયાભરના ખગોળવિદોને આટલો રસ પડવાનું કારણ શું? આ પ્રશ્નનો અમુકઅંશે જવાબ તો પેટ્રીક મૂર અને નિકોલસનના ઉપરોક્ત પુસ્તકમાં તેમણે કરેલા વિધાનમાં આવી જાય છે. પણ આજના સંદર્ભે બીજાં પણ કારણો છે. વિજ્ઞાન અને ટેકનૉલૉજીમાં થયેલા વિકાસને કારણે વધુ સારા ઉપકરણો અને નવી પદ્ધતિઓ વિકસતા ખગોળશાસ્ત્રીઓ ઘણાં નવા નવા પદાર્થો શોધવા લાગ્યા છે. જેમ કે, ક્વેસાર્સનું ઉદાહરણ લઇએ. આ પિંડોનું કદ તો સામાન્ય તારા જેટલું જ છે, તેમછતાંય તે આપણા ૧૦૦૦ અબજ સૂરજો જેટલી ઊર્જા ઉત્સર્જિત કરે છે. તેવી જ રીતે આકાશમાં ક્ષ-કિરણો તથા ગામા-કિરણોના ધબકતા પ્રચંડ સ્ફોટ (burst) મળી આવ્યા છે. ગામા કિરણોના આવા એકાદ સ્ફોટ દરમિયાન માત્ર ૧૦ સેકંડમાં જ ફેંકાતી ઊર્જા એટલી બધી હોય છે કે આપણા સૂરજે પોતાની કરોડો વર્ષોની જિંદગીમાં પણ પેદા ન કરી હોય! આટલી બધી ઊર્જા કેવી રીતે પેદા થતી હશે? આવા શક્તિસ્રોતનો ઉદ્‌ગમ શો હશે? આના પાયામાં કદાચ ગુરુત્વાકર્ષણનું બળ રહેલું છે. કારણ કે સામાન્ય પરમાણુ પ્રક્રિયાઓ દ્વારા કે કોઇ જાણીતા સિદ્ધાંતો દ્વારા આજ સુધી આ બધું સમજી શકાયું નથી. આજના ખગોળવિજ્ઞાનમાં આ અને આવા ઘણ બધા વણઉકલ્યા પ્રશ્નો છે. આ બધાનો જવાબ કદાચ બ્લૅકહોલ, અથવ સહેજ આગળ વધીને કહીએ તો, માત્ર અગ્નિગોળાઓના વિજ્ઞાન પાસે છે. આવા શક્તિસ્રોતને સમજવા માટે નવાજ ઉદ્‌ગમની જરૂર હતી, જે કદાચ મળી આવ્યો છે તેમ હવે કહી શકાય. આ ઉપરાંત આવા વિસ્ફોટક પુંજ અથવા અગ્નિગોળામાંથી ગામા કિરણો વિપુલ માત્રામાં નીકળે છે. આ ગામા કિરણોને કોઇ પણ રીતે ઉપયોગમાં લઇ શકીએ તો આપણી ઊર્જાની મહામોટી સમસ્યા હલ થઇ જાય. આવા એક જ વિસ્ફોટમાં સૂરજ એની આખી જિંદગીમાં પ્રકાશ, ગરમી અને શક્તિ આપે તેનાથી ક્યાંય વધુ શક્તિ મળે છે. જો આને કોઇ રીતે ઝીલી લઇએ કે સંગ્રહ કરી શકીએ તો શું થાય તે વિચારી જુઓ!

આવા અગ્નિગોળા અંગે એક નવી જ ચર્ચા જગાડનાર અને તે માટે ગણિતીય સમીકરણો દ્વારા ઉકેલ લાવીને કેટલાંક નવા મૉડેલો રજૂ કરનાર પંકજભાઇને એક ભારતીય તરીકે અને વિશેષ તો એક ગુજરાતી તરીકે પોંખીએ. આવા સંશોધનકાર્યમાં રચ્યાપચ્યા રહેતા પંકજભાઇ ઘણીવાર તો સવારે ૩-૪ વાગે ઇન્સ્ટીટ્યૂટમાં પહોંચી ગયા હોય! પત્ની દિવ્યાબહેન (લગ્ન:૧૯૮૧) અને દીકરી નૂપુરની પણ આમાં સાથ આપવા બદલ પીઠ થાબડી લઇએ. યોગ અને સંગીતના રસિયા પંકજભાઇ એક મળવા જેવી વ્યક્તિ છે. વિદ્વતતાનો કે પદનો ક્યાંય આડંબર નહીં. આ ક્ષેત્રે પાયાનું કામ કરનાર હૉકિંગ માટે હજુ પણ તેમને એટલું જ માન છે. કહે છે કે તેમને આજે પણ હું ગુરુ સમાન ગણું છું. આ ક્ષેત્રે આગળ વધવાની પ્રેરણા માટે તે હૉકિંગના સંશોધનો તથા તેમનાં પુસ્તકોને જશ આપે છે. કહે છે કે કોઇ માન્યતાને આધારે સંશોધન કરતાં એમાં ફેરવિચારણા કરવી પડે કે એનાથી તદ્દન વિપરીત થીઅરિ સામે આવે તો એને સર્વોપરિતા ગણવી ભૂલ છે. એવું કહેવાય કે તે કાળ પૂરતું તે બરાબર હતું. પોતાની મહેનત એળે નથી ગઇ એ ખરું, પણ તેથી કરીને હૉકિંગના યોગદાનનું મૂલ્ય ઓછું આંકવું તે ઠીક નથી.

અત્યાર સુધી હૉકિંગ છાતી ઠોકીને એવું કહેતા હતા કે 'નૅકેડ સિંગ્યુલૅરિટી' જેવું સંભવી શકે જ નહિ. જ્યારે સામે પક્ષે અમેરિકાના કિપ થોર્ન અને પ્રેસ્કિલ એવું કહેતા હતા કે જો યોગ્ય પરિસ્થિતિ હોય તો આવું થવાની શક્યતા નકારી શકાય નહિ. તેમની વચ્ચે આ માટે શરત લાગી હતી. હૉકિંગ હવે આ શરત હારી ગયા છે. પણ જ્યારે ઉચ્ચ કોટિના આ વૈજ્ઞાનિકો આવી ચર્ચામાં મશગૂલ હતા, ત્યારે તેમને એ વાતની ખબર ન હતી કે ભારતના પંકજ એસ. જોશી નામના એક યુવાને તો આ પ્રશ્ન ૧૯૯૩માં પ્રસિદ્ધ થયેલા પોતાના પુસ્તકમાં ક્યારનો ઉકેલી દીધો હતો! અને આવી ઘટના વિજ્ઞાનમાં પહેલી જ વાર બની હોય તેવું પણ નથી. ચંદ્રશેખર અને એડિંગ્ટનના કિસ્સાથી આપણે પરિચિત છીએ. આગળ તેનો ઉલ્લેખ કરેલો છે. કાંઇક આવું પુનરાવર્તન

પછીથી ચંદ્રશેખર અને જયંત નારળીકરના પિતા (સ્વ) પ્રૉ.વી.વી.નારળીકર વચ્ચે પણ થયું હતું તેની ઘણાંને ખબર નહીં હોય. વાત એમ છે કે ચંદ્રશેખર અને નારળીકર બંને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં સાથે હતા. ચંદ્રશેખરે ન્યૂટનના સિદ્ધાંત વાપરીને તારાઓની અંદરની રચનાનું શાસ્ત્ર રચ્યું હતું. પછી તે અમેરિકા ગયા અને ત્યાં પ્રોફેસર થયા. નારળીકર આઇન્સ્ટાઇનના ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતો શીખીને બનારસ આવ્યા. ''કુમાર''માં 'પસ્તીનાં પાનાં' નામની લેખમાળાના લેખક, પ્રખ્યાત ગણિતવિદ્ પ્ર.ચુ.વૈદ્ય તે કાળે (૧૯૪૨માં) નારળીકર પાસે ભણતા હતા ત્યારે નારળીકરે આઇન્સ્ટાઇનના નિયમોને આધારે તારાઓની અંદરની રચનાનાં સમીકરણો મેળવી ચંદ્રશેખરને મોકલ્યાં. ચંદ્રશેખરનો જવાબ આવ્યો કે હાલમાં તારાઓનાં જે અવલોકનો થયાં છે તે બધાં જ ન્યૂટનના સરળ નિયમો ઉપરથી સમજી શકાય છે, તો પછી આઇન્સ્ટાઇનનો અઘરો નિયમ શા માટે પ્રયોજવો? આ વાત હતી ૧૯૪૨ની. પણ પછી ૧૯૬૫માં ચંદ્રશેખરના પત્ની લખે છે કે એક દિવસ સાંજે પ્રૉફેસરસાહેબ ઘેર આવ્યા ત્યારે ઢગલાબંધ રિલેટીવિટીનાં પુસ્તકો લેતા આવ્યા ત્યારે મેં પૂછ્યું કે આમ કેમ? તો ચંદ્રશેખર કહે કે ખગોળમાં એવાં અવલોકનો થયાં છે કે તે સમજવા માટે આઇન્સ્ટાઇનના નિયમો વાપરવા જરૂરી છે!

પંકજભાઇના આ સૈદ્ધાંતિક સંશોધનને દુન્યવી સ્વીકૃતિ મળી તે પહેલાં પણ મારે તેમની સાથે વાતો થતી. તે કાળે શું કે આજે પણ, જ્યારે તેમનું નામ આંતરરાષ્ટ્રીય ફલક પર મૂકાયું છે ત્યારના પંકજભાઇમાં મને તો કોઇ ફેર દેખાતો નથી. વળી દરેક વિજ્ઞાની સારો લેખક હોય તેવું બનતું નથી. પરંતુ પંકજભાઇ આમાં અપવાદ છે. તે સારું લખી પણ શકે છે એ તેમના ગુજરાતીમાં પ્રસિદ્ધ થયેલા લોકભોગ્ય વિજ્ઞાન લેખો અને કેટલીક પુસ્તિકાઓ વાંચતા ખ્યાલ આવે છે. તેમના બે-ત્રણ પુસ્તકો પણ પ્રસિદ્ધ થયા છે. તેમના આજ સુધીમાં આશરે ૧૦૦ જેટલા સંશોધન લેખો દુનિયાના પ્રતિષ્ઠિત વિજ્ઞાન સામયિકોમાં પ્રસિદ્ધ થઇ ચૂક્યા છે. તેમના લેખનના તેમજ વ્યાખ્યાનોના વિષયો મુખ્યત્વે ખગોળવિજ્ઞાન તથા વિશ્વની ઉત્પત્તિ સંબંધિત હોય છે. ભારત તેમ જ વિશ્વના ઘણા દેશોની યુનિવર્સિટીઓમાં તે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે જાય છે. તેમણે ઘણા આંતરરાષ્ટ્રિય પરિસંવાદોમાં પોતાના શોધ-નિબંધો પણ રજૂ કર્યા છે.

નોંધ: આ લેખ લખવામાં પંકજભાઇએ પોતાના પુસ્તકની પ્રસ્તાવનામાં જેમનો ખાસ આભાર માન્યો છે અને આ ક્ષેત્રે મહત્વનું સંશોધન કરી આંતરરાષ્ટ્રિય સન્માન મેળવ્યું છે તેવા અને પોતાની જાતને મજાકમાં 'રિલેટિવિટીવાળા' તરીકે ઓળખાવતા અને ''કુમાર''ના લેખક પ્રૉ. પ્ર.ચુ. વૈદ્ય સાહેબ સાથે કરેલી ચર્ચા અને તેમના લખાણોનો તથા એકકાળે પંકજભાઇને ભાવનગર સાયન્સ કૉલેજમાં ગણિત ભણાવતા અને હાલમાં અમેરિકામાં રહીને ગણિતશિક્ષણમાં સક્રિય તેવા ડૉ.યુ.ડી.વ્યાસના એક લેખની મદદ લીધી છે. વળી પંકજભાઇની આ શોધની કવરસ્ટોરી બનાવીને સરસરીતે રજૂ કરનાર અઠવાડિક ''ચિત્રલેખા'' (૩૦ ઑગસ્ટ, ૨૦૦૪)ની સામગ્રીનો પણ ઉપયોગ કર્યો છે. આવા વિષય ઉપર ગુજરાતીમાં લખાય અને તે કવર ઉપર આવે તે પણ એક ઘટના છે. ❐

લઘુકથા

# રૉંગનંબર

મહેશ 'સ્પર્શ'

તાજેતરમાં જ પોતાના જીવનમાં ઘટેલી ઘટનામાંથી કથાવસ્તુ લઈને તેણે વાર્તાનો નાટ્યાત્મક આરંભ કર્યો હતો. વાર્તા સુરેખ ગતિથી સ-રસ આગળ વધી રહી હતી. મધ્યભાગ તો અત્યંત રસદાર રચાયો. વાર્તા અંતની નજીકમાં હતી. પણ ત્યાંજ તેની સર્જકકલાની કપરી કસોટી થવા લાગી. બંધબેસતો અંત આવતો નહોતો. તે ખૂબ મૂંઝાયો. 'શું કરું? અહીં સુધી તો એકે એક શબ્દ સર્વોત્તમ રીતે પ્રયોજાયો છે. પણ હવે અંતનુ શું?'

ખાસ્સી વાર સુધી મગજ કસ્યા બાદ તેણે ૨૨૩૦૪૪ નંબર ડાયલ કર્યો

'હલ્લો હું....'

'રૉંગ નંબર.'

તે પોતાની વાત શરૂ કરે એ પહેલાં જ સામેથી પરિચિત અવાજમાં જવાબ મળી ગયો એ સાથે જ તેને વાર્તાનો અંત નહીં યોગ્ય શીર્ષક પણ મળી ગયું. ❐

# સ્વામી વિવેકાનંદનું ગુજરાતમાં પરિભ્રમણ

દુષ્યન્ત પંડ્યા

શ્રી રામકૃષ્ણ પરમહંસે કોઈ શિષ્યને વિધિવત્ સંન્યાસ આપ્યો ન હતો તેમજ, પોતાના મઠની પણ સ્થાપના કરી ન હતી.સને ૧૮૮૬ની ૧૫મી ઑગસ્ટની મધરાતે એમણે મહાસમાધિ લીધી અને કલકત્તાના કાશીપુર વિસ્તારના જે ઉદ્યાનગૃહમાં એ નિવસતા હતા તેનું ભાડાખત પણ ૩૧મી ઑગસ્ટે પૂરું થતું હતું. શ્રી રામકૃષ્ણના યુવાત શિષ્યોનો મોટો ભાગ વિદ્યાર્થીઓનો હતા પણ તેમને હવે વિદ્યાભ્યાસમાં રસ રહ્યો ન હતો. સૌને સંન્યાસની રઢ લાગી હતી. પણ તેમને હવે સંન્યાસ લઈને જવું ક્યાં ? દેશમાં ઠેર ઠેર ભટકતાં દંડકમંડળ ધારી સન્યાંસીની જેમ ભટકવા નીકળી પડવું ? શું કરવું ?

શ્રી રામકૃષ્ણ જ એ શિષ્યોની સહાયે આવ્યા.- પોતાના જે ગૃહસ્થ ભક્તને ત્યાં નરેન્દ્રનાથ દત્ત નામના અઢાર વરસના જુવાનને પહેલી વાર એ મળ્યા હતા અને જે પળે એમની અંતિમ માંદગી દરમ્યાન કાશીપુરના ઉદ્યાનગૃહ અંગેના ખર્ચની સારી એવી જવાબદારી ઉઠાવી હતી તે ગૃહસ્થ ભક્ત સુરેન્દ્ર મિત્રને સ્વપ્નમાં દર્શન આપી કહ્યું : ' મારા આ બધા દીકરાઓ સંન્યાસી જીવન ગાળવા માગે છે. તું એ માટેની જવાબદારી ઉપાડ.' એ પ્રમાણે સુરેન્દ્ર મિત્રે એ જવાબદારી ઉપાડી. અંતે કલકત્તામાં વરાહનગર વિસ્તારમાંનું એક જૂનું ખંડેર જેવું મકાન એ માટે એમણે ભાડે લીધું. સાપ, વીછીં, ગરોળી, કાચીંડાની મોટી વસતિવાળો એ 'ભૂતિયો બંગલો' રામકૃષ્ણ મઠનો પ્રથમ આવાસ બન્યો.



રાખાલ, રાશી, યરન, કાલી, ગંગાધર, તારક, શારદાપ્રસન્ન, નિરંજન, હરિ વગેરેમાંથી ત્યાં રહેવા તરત દોડી ગયા પણ, કુટુંબીજનોએ ખાંડેલા મકાન અંગેના દાવાને લઈને તથા બીજી કેટલીક કૌટુંબિક ઉપાધિઓને લઈને નરેન્દ્રનાથ ત્યાં આખો વખત રહેવા જઈ શક્યા નહીં અને અઠવાડિયે બે-ત્રણ વાર એ મઠમાં આવતાજતા રહેતા. કોર્ટનો ચુકાદો પોતાની તરફેણમાં આવ્યા પછી એ મઠવાસી બની શક્યા હતા.

પણ એ મઠ આરંભથી જ આર્થિક ભીંસ અનુભવતો. આ ઉપરાંત 'સાધુ તો ચલતા ભલા' એ બજા કારણે તથા, શાંત, રમ્ય સ્થળે જપ-ધ્યાન કરવાના હેતુથી સ્વામીજીના કેટલાક ગુરુભાઈઓ તીર્થાટને નીકળી પડ્યા. તિબ્બતને વિદેશ કહીએ તો સ્વામી વિવેકાનંદ પૂર્વે વિદેશગમન કરનાર હતા એમના ગુરુભાઈ ગંગાધર, સ્વામી અખંડાનંદ. કોર્ટનો ચુકાદો પોતાની તરફેણમાં આવ્યા પછી એક મોટી ઉપાધિમાંથી કુટુંબ ઊગરી જતા નરેન્દ્રનાથ પૂરા મઠવાસી બની ગયા. મઠમાં ધ્યાન-ભજન થતાં, વિવિધ શાસ્ત્રોમાંથી વાચન થતું, શ્રી રામકૃષ્ણ પરમહંસની છબીની આરતી થતી. પરંતુ વિવેકાનંદને આટલેથી સંતોષ ન હતો. 'તું માનું મોટું કામ કરવા આવ્યો છો,' આ શબ્દો ગુરુએ નરેન્દ્રનાથને કહ્યા હતા. 'એ ધરણી ધ્રુજાવશે, એમ પણ એમણે ઉચ્ચાર્યું હતું . મઠમાંના રુટિન કાર્યક્રમ દરમિયાન મઠના મકાન આસપાસના બાગમાંનાં વૃક્ષોમાં પાન પણ ધ્રૂજતાં ન હતાં. - ધ્રૂજતું હતું વિવેકાનંદનું અંતઃકરણ, સ્પષ્ટ ધ્યેયના જ્ઞાનને અભાવે, દિશાદોરને અભાવે.

દિશાદોર ક્યાં શોધવો ? ધ્યેય ક્યાં સાંપડવાનું ? એની ખોજમાંથી નીકળવું જ રહ્યું. મઠમાં સ્થિર થયાં પછી બે વાર આ હેતુથી વિવેકાનંદ બહાર નીકળ્યા. હિમાલય જવું, કોઈ ગિરિકંદરામાં બેસી તપ કરવું, સિદ્ધિ એમને પ્રામ કરવી- આ હેતુ હતો. પરંતુ, એક યા બીજા કારણસર બેઉ વેળા એમને પાછા કલકત્તા આવવું પડ્યું હતું. પરંતુ એમની ભીતરમાં જે તુમુલ સંઘર્ષ ચાલી રહ્યો હતો તે એમને પગ વાળીને બેસવા દે એમ ન હતો. બેઉ વાર પાછા આવવાનું કારણ પોતાની સાથે આવેલા ગુરુભાઈની પસંદગી કે એવું કંઈ હતું. આ ૧૯૯૦માં કલકત્તા છોડતી વેળા એમને સૌને સ્વામીજીએ સ્પષ્ટ સંભળાવી દીધું : 'ખબરદાર છે, કોઈએ મારી સાથે કે મારી પાછળ આવવાનું નથી. હું ખોવાઈ જવા માગું છું આ ભારતના મહામાનવ સાગરમાં. પછી સ્વામીજી ગય'

સંઘમાનાં પૂજ્ય શારદામા પાસે. પ્રણામ કરી સ્વામીજીએ કહ્યું : 'મા'હું જાઉં છું ધ્યેયપ્રાપ્તિ માટે. એ સિદ્ધ નહીં થાય તો પાછો નહીં આવું.' આશીર્વાદ આપતાં મા બોલ્યાં: 'નરેન, એવું બોલ મા, તું તારું ધ્યેય પ્રાપ્ત કરીને પાછો આવવાનો જ છો.' પછી શારદામાએ પૂછયું, ' નરેન, તારી માના પાસે તું જઈ આવ્યો છે ને ?' 'તમે જ મા છો, પછી મારે બીજે ક્યાંય જવાની જરૂર જ શી છે?' આવો ત્યાગભર્યો ઉત્તર આપી એમણે વાયવ્ય દિશા પકડી. પાસે પૈસા નહીં, સાવ અકિંચન. હાથમાં દંડ, કમંડળ અને બે પુસ્તકો.

કલકત્તાથી ૧૮૯૦ના જુલાઈમાં નીકળેલા સ્વામીજી બિહાર, ઉત્તર પ્રદેશ, હિમાલય, રાજસ્થાન એમ વિવિધ પ્રદેશોમાં પરિભ્રમણ કરતા રહ્યા. એ અલવરના અને ખેતડીના મહારાજાના અતિથિ બને, રાંક ઝૂંપડીમાં રહેતી કોઈ ડોશીમાએ ઘડી આપેલો રોટલો પ્રેમથી આરોગે, ભિક્ષા ન મળે તો ભૂખ્યા પણ રહે, કોઈ ટિકિટ કઢાવી આપે તો રેલગાડીમાં નહીં તો પગપાળા પ્રવાસ કરતાં, ૧૮૯૧ના નવેંબરમાં સ્વામીજી ગુજરાતના પાટનગર અમદાવાદમાં આવ્યા. અમદાવાદ આવતાં પહેલાં અજમેરમાં સ્વામીજીએ બે મહાનુભાવો સાથે પખવાડિયું ગાળ્યું હતું. એમાંના એક હતા પ્રખ્યાત દેશભક્ત શ્યામજી કૃષ્ણવર્મા અને બીજા હતા હરવિલાસ સારડા - પાંત્રીસેક વર્ષો પછી દીલ્હીથી લેજિસ્લેટિવ અસેમ્બલીમાં એ સમાજસુધારાનો એક મહાન કાયદો પસાર કરાવ્યો હતો તે એ કે ચૌદ વર્ષથી નીચેની વયની છોકરીનું લગ્ન થઈ શકે નહીં. અજમેરથી કોઈએ સ્વામીજીને અમદાવાદની ટિકિટ કઢાવી આપી હશે એટલે અજમેરથી સ્વામીજી સીધા અમદાવાદ આવ્યા.

સ્વામીજીને માટે ભિક્ષાટન સહજ હતું એટલે રોટલો મળી રહેતો. અને 'શય્યા ભૂમિતલં'ને ટેવાયેલા સ્વામીજીને કોઈ ઓટલો પણ મળી રહેતો. સ્વામીજીનો પહેલો ગુજરાતી પરખંદો હતા લાલશંકર ઉમિયાશંકર ત્રવાડી. એ વિદ્વાન ગુજરાતી બ્રાહ્મણ સરકારી અમલદાર હતા અને એમણે લખેલા અંકગણિતના પાઠ્યપુસ્તકની સહાયથી ગુજરાતની અનેક પેઢીઓએ પોતાના અંકગણિતને પાકું કર્યું છે. એ સબજજ અમદાવાદના રેલવે સ્ટેશનની બહાર નીકળી રહ્યા હતા ત્યારે, એમની દૃષ્ટિએ પીપળાના ઝાડ નીચે બેઠેલા આ યુવાન તેજસ્વી સંન્યાસી પડ્યા. દ્વારકામાં સુદામાને મળેલા વૃદ્ધ યાદવની જેમ આ ત્રવાડીજીએ પણ 'સાધુની દૃષ્ટિ' બરાબર ઓળખી. ઘોડાગાડીમાં બેસતાં પહેલાં એ સીધા ગયા એ ત્યાગમૂર્તિ પાસે અને જે થોડી વાતો એમની સાથે કરી તે પરથી ત્રવાડીજી ભાવિત થઈ ગયા. એ અમદાવાદી નાગર બ્રાહ્મણ પણ વેદવેદાન્તનો જાણકાર હતો એટલે સ્વામીજી જેવા હીરાને પારખતા એમને વાર શાની લાગે ? પૂરા આદરમાન સાથે ત્રવાડી સ્વામીજીને ઘોડાગાડીમાં પોતાને ઘેર લઈ આવ્યા, ખાડિયામાં અમૃતલાલની પોળમાં આવેલા ૩૬ નંબરને ઘેર, અમદાવાદની પોળોમાંનાં એ જૂનાં ઘર મોટાં હતાં, સલામતીની દૃષ્ટિએ સારાં હતાં પરંતુ પૂરતાં હવાઉજાશ વગરનાં હતાં. વળી, એ પોળોની ગીચ વસતિને લઈને પોતાના જપધ્યાનસ્વાધ્યાય માટે એ ઘોંઘાટિયું પણ જણાયું હોય. આ જાણતાં નદીની સામે પાર આજના ટાઉન હૉલની પાછળ અને ગુજરાત કૉલેજની સામેના ભાગમાં આવેલાં પોતાના બીજા મકાનમાં લાલશંકરે સ્વામીજીને માટે રહેવાની સગવડ કરી.

જગતભરના કલાવિદોનું ધ્યાન આકર્ષતાં મુસ્લિમકાલીન સ્થાપત્યો - મસ્જિદો અને રોજાઓ - સ્વામીજીએ જોયાં. લોકોએ સ્વામીજીના સત્સંગનો લાભ લીધો તેમ સ્વામીજીએ જૈન દેરાસરોની અને ઉપાશ્રયોની મુલાકત લઈ, વિદ્વાન જૈન મુનિમહારાજો પાસેથી જૈન ધર્મ વિશે જાણકારી મેળવી. અગિયાર દિવસ ત્યાં રોકાઈ, કદાચ પ્રવાસીએ જ કઢાવી આપેલી ટિકિટને સહાયે, સ્વામીજી વઢવાણ-સુરેન્દ્રનગર પહોંચ્યા. ત્યાં થોડા દિવસ ગાળી સ્વામીજી ચાલતાં ચાલતાં લીંબડી ગયા. પૂરું આઠ ગાઉનું અંતર.

સાંજ પડી ગઈ હતી. આખા દહાડાનો ચાલવાનો થાક હતો અને રસ્તે ભિક્ષા મળી હોય કે ન યે મળી હોય, એટલે, ગામની ભાગોળે પહેલા નજરે પડેલા મહાદેવના મંદિરમાં રાતવાસા માટે સ્વામીજી ગયા. કોઈ વૃદ્ધ બાવાજી મંદિરની પૂજા અને દેખભાળ કરતા હશે. મંદિરમાં જગ્યા નહીં હોય તેથી કે બીજા કોઈ કારણે એણે સ્વામીજીને ઉતારાની ના પાડી અને કહ્યું : ' અહીં બાજુમાં સાધુઓના અખાડા જેવું છે ને ત્યાં સાધુઓને ઉતારો આપવામાં આવે છે. ત્યાં પધારો !

સ્વામીજી ત્યાં ગયા. ત્યાનાં સાધુઓ સ્વામીજીને જોઈને પ્રસન્ન થઈ ગયા. એમણે સ્વામીજીને ભોજન આપ્યું અને સ્વામીજી માટે રહેવાની વ્યવસ્થા કરી આપી. પરંતુ જમી-પરવારી, સૂવા જતાં પહેલા એ સાધુઓની રહનસહન જોઈને તથા એમાંના કોઈને કોઈની સાથે થોડી વાતચીત કરીને સ્વામીજી જાણી ગયા કે, 'પોતે વામમાર્ગી સાધુઓના અડ્ડામાં આવી ભરાયા છે. અહીંથી ભાગી છૂટવું જ જોઈએ ને તે જેમ બને તેમ જલદી. આમ એ વિચારી રહ્યા હતા . પણ પેલા વામમાર્ગીઓ પોતાની વિચિત્ર સાધના માટે સ્વામીજીનો ઉપયોગ કરવા માગતા હતા એટલે તકેદારી વાપરી એમણે સ્વામીજીની ઓરડીના બારણાની સાંકળ વાસી દીધી. સ્વામીજી એ વામમાર્ગીઓના બંદી બની ગયા.

એ વામમાર્ગી સાધુઓને સ્વામીજીની શી જરૂર હતી ? એ અખાડાના મહંતે સ્વામીજીને ફોડ પાડ્યો : ' તમે સાધુ છો મહા પ્રભાવશાળી છો, તમે અખંડ બ્રહ્મચર્યનું પાલન કરો છો. તમારી સિદ્ધિના અનુષ્ટાન માટે તમારા બ્રહ્મચર્યનો ભંગ અમારે કરાવવો પડશે. એ દ્વારા અમને ફલાણી ફલાણી સિદ્ધિઓ પ્રાપ્ત થશે.'

આ સાંભળી સ્વામીજી ભડકી ગયા. પણ પોતાની ભડકને પોતાના ચહેરા પર પ્રગટ થવા ન દીધી. બળથી નહીં, પણ કળથી જ કામ લેવાશે તેમ તેમને લાગ્યું. રાતે એ બંધ કોટડીમાં સૂતા. સવાર થતાં એમણે એ કેદખાનાની બારીમાંથી જોયું તો એ અહ્વામાં દૂધ દેવા માટે કોઈ છોકરો આવી રહ્યો હતો. એ છોકરાને પાસે બોલાવી, પોતાની બંગાળીમિશ્રિત હિંદીમાં એમણે એ છોકરા સાથે દોસ્તી બાંધી. બારીની બહાર ક્યાંક કોઈ તૂટેલી માટલીનો એક જરા મોટો કટકો પડ્યો હશે તે તથા કોલસાનો કટકો એ છોકરા પાસે માગી લઈ એ કટકા ઉપર સ્વામીજીએ માત્ર ત્રણ શબ્દો લખ્યાં : 'સાધુ ભયમેં હૈ'. અને પોતાનો એ અદ્વિતીય પત્ર લીમડીના ઠાકોરસાહેબને તત્કાળ પહોંચાડવા તે છોકરાને સ્વામીજીએ વિનંતી કરી.

આવા પ્રભાવશાળી મહાત્માનો સંદેશ એ પહોંચાડવાનો પાછો રાજાજીને. અને સંદેશ પાછો ઠીકરી ઉપર લખાયેલો. એ છોકરો દોડતો ગયો રાજમહેલે. પણ આવા લઘરવઘર છોકરાને કોણ રાજમહેલમાં દાખલ થવા દે? દોડતો ગયેલો એ છોકરો હાંફતો હાંફતો વીનવતો હતો પણ એની વીનવણી દરવાનોને બહેરે કાને અથડાઈ પાછી પડતી હતી. એ છોકરાને - અને વિશેષ તો સ્વામીજીને - સદ્ભાગ્યે એ સમયે ઠાકોરસાહેબ મહેલના ઝરુખામાં કે મહેલની છત ઉપર ટહેલી રહ્યા હતા. છોકરાની વીનવણીના અને દરવાનોના એને તડકાવવાના શોર ઠાકોરસાહેબે સાંભળ્યા. ' ઈ છોરા ને ઉપર મોકલો,' એમણે દરવાનને આજ્ઞા કરી. કોઈ અજાણ્યા રખડતા ભટકતા બાવાનો ઠીકરી પરનો એ સંદેશો ઠાકોરસાહેબના હૃદયમાં વસી ગયો અને એમણે તરત જ હુકમ મોકલી સ્વામીજીને મુક્ત કરાવ્યા, અને પોતાની પાસે જ તેમને લાવવાની આજ્ઞા તેમણે પોતાના સીપાઈઓને આપી.

સ્વામીજી રાજમહેલના જ અતિથિ બન્યા. આ અગાઉ એ અલવર અને ખેતડીના રાજમહેલોમાં અતિથિ બની ચૂક્યા હતા. ઠાકોરસાહેબ યશવંતસિંહજીના જન્મ (૧૮૫૯)ના બે વર્ષ પહેલાં ભારતમાં બ્રિટનની રાણીનું રાજ્ય સ્થપાઈ ચૂક્યું હતું. અને ભારતમાં નાનાંમોટાં તમામ રજવાડાંઓએ બ્રિટનના આધિપત્યનો સ્વીકાર કરવો પડતો. ભારતનાં રજવાડાંઓ રાજકુમારોની નવી પેઢીને પૂરી પરિવર્તિત કરવાના હેતુથી રાજકોટમાં અને બીજે રાજકુમાર કૉલેજો સ્થપાઈ ચૂકી હતી. ને ત્યાં અંગ્રેજ શિક્ષકો પાસે ભણ્યા પછી એ રાજકુમારોમાંથી મોટા ભાગનાઓએ ઈંગ્લન્ડ ઉચ્ચ અભ્યાસ માટે મોકલામાં આવતા. યશવંતસિંહજી પણ એ રીતે ઈંગ્લન્ડ ભણી આવેલા હતા. સ્વામીજીથી પ્રભાવિત થઈને ઠાકોરસાહેબે સ્વામીજીને પણ વિદેશ જઈ દિગ્વિજય કરવા સૂચન કર્યું. આ વિચારબીજનું પોષણ થતું ગયું, અને એ અમેરિકામાં શિકાગોની વિશ્વધર્મ પરિષદમાંના સ્વામીજીના સ્ફોટક પ્રાગટ્યમાં પરિણમ્યું હતું.

લીંબડીઠાકોર સાથે એવી તો સ્નેહગાંઠથી બંધાઈ ગયા હતા કે, ગુજરાતમાંથી નીસરી, મુંબઈ-પુણે થઈ, ૧૮૯૨ના મેમાં સ્વામીજી મહાબળેશ્વર ગયા તો ત્યાં અણધાર્યા ઠાકોરસાહેબ મળી જતાં એમની સાથે લગભગ દોઢ માસ રહ્યા હતા. મહાબળેશ્વરથી નીચે ઊતરી પુણે આવ્યા પછી પુણેમાં પણ ઠાકોરસાહેબ સ્વામીજીના સાંનિધ્યમાં થોડા દહાડા રહ્યા હતા. એવી તો મોહિની એમને લાગી ગઈ હતી કે,'સ્વામીજી મારી સાથે લીંબડી પધારો અને આપ આજીવન ત્યાં જ રહો' એવી વિનંતી તેમણે સ્વામીજીને કરી હતી. 'હમણાં નહીં, મહારાજ! હજી મારે ઘણાં કાર્યો કરવાનાં બાકી છે. પછી ક્યારેક જીવનમાં નિવૃત્તિનો સમય આવશે તો જરૂર લીંબડી આવીશ ને આપની સાથે રહીશ.' પણ, એક વખત ગુજરાત છોડ્યા પછી સ્વામીજીને લીંબડી તો શું ગુજરાતમાં આવવાનું પણ બન્યું નહીં અને દસ-અગિયાર વર્ષોને અંતે પોતાની જીવનલીલા એમણે સમેટી લીધી હતી.

ઠાકોરસાહેબ પાસેથી પરિચયપત્રો લઈ સ્વામીજી આગળ ચાલ્યા. ભાવનગર થઈ એ શિહોર અને ત્યાં, ગોતમેશ્વરના શિવમંદિરમાં સ્વામીજી ધ્યાનમાં બેઠાં હોવાનું કહેવાય છે. ૧૮૫૭ના વિપ્લવમાં હાર પામ્યા પછી અંગ્રેજોના પંજામાંથી છટકી જઈ,નાનાસાહેબ પેશ્વા સંન્યાસી બની આ મંદિરમાં રહ્યા હોવાનું કહેવાય છે. ભાવનગરમાં સ્વામીજી કેટલો સમય અને ક્યાં રહ્યા હતા તે વિશે કશી ચોક્કસ માહિતી પ્રાપ્ય નથી પરંતુ, 'ભાવનગર દરબાર' પાસેથી 'કોલ્હાપુર દરબાર' પરનો ભલામણ-પત્ર એમણે મેળવ્યો હતો તે દર્શાવે છે કે, ભાવનગરના રાજવી તખ્તસિંહજી ગોહિલને સ્વામીજી અવશ્ય મળ્યા હશે, ત્યાંથી સ્વામીજી જૂનાગઢ આવ્યા.

જૂનાગઢના દીવાન હરિદાસ વિહારીદાસ દેસાઈ વિચક્ષણ અને વિલક્ષણ માનવ હતા. લીંબડી-ઠાકોરની ભલામણ સાથે સ્વામીજી એમને મળવા ગયા હશે ત્યારે, કોઈ એવું તો મંગળ ચોઘડિયું હશે કે, નડિયાદના એ દેસાઈ અને કલકત્તાના આ બંગાળી યુવાન સાધુ વચ્ચે અનન્ય ગાંઠ બંધાઈ ગઈ.

સ્વામીજીના લખાણોના સંગ્રહ Complete Works of Swami Vivekananda ના આઠમા વૉલ્યૂમમાં આ દેસાઈજી પરના ૧૩ પત્રો પ્રગટ થયા છે. પરંતુ, બીજા કેટલાક અપ્રગટ પત્રો પણ હોવાનો પૂરો સંભવ છે. ઉ.ત. એ સંગ્રહમાં, સ્વામી નિખિલેશ્વરાનંદે ટાંકેલો, ગિરનારથી લખેલો સ્વામીજીનો પત્ર સ્થાન પામ્યો નથી.

દેસાઈજી ચરોતરના પાટીદાર હતા. ઈ.સ. ૧૮૪૦ના જુલાઈની ૨૯મીએ નડિયાદમાં તેમનો જન્મ થયો હતો. દેશમાં અંગ્રેજી શિક્ષણનો પગપેસારો થઈ ચૂક્યો હતો અને દેસાઈજીએ એનો લાભ લીધો જ હશે. મુંબઈ યુનિવર્સિટી ૧૮૫૭માં સ્થપાઈ પણ એ અરસામાં જ હરિદાસની બાહોશીને લઈને એ સરકારમાં નોકરીએ લાગી ગયા હશે. એમની વહીવટી કુશળતા કેવી હશે તેનો ખયાલ, વઢવાણ, વાંકાનેર અને ઈડરમાં દેશી રાજ્યોને દીવાનપદે રહી એ રાજ્યોને સંગીન સ્થિતિમાં એમણે મૂકી દીધાં હતાં તે જોઈ જૂનાગઢના નવાબે તેમની સેવાની માગણી બ્રિટિશ સરકાર પાસે કરતાં એ જૂનાઢના દીવાનપદે આરૂઢ થયા હતા તેના પરથી આવે છે. આ રજવાડાઓમાં એમણે જે વહીવટી શક્તિ દાખવી એથી મુંબઈ ઈલાકાની સરકાર જ નહીં, કલકત્તા-સ્થિત અખિલ ભારતીય બ્રિટિશ સરકાર પણ તેથી પ્રભાવિત થઈ ગઈ અને માત્ર ૩૪ વર્ષની વયના દેસાઈજીને, ૧૮૭૪માં ફાઈનેન્સ કમિટીના સભ્યપદે નિયુક્ત કર્યા હતા. ઓગણીસમી સદીમાં અફીણના વેપાર દ્વારા ભારતની અંગ્રેજ સરકારે ખૂબ નાણાં મેળવ્યા હતાં. અને બ્રિટનની પાર્લમેંટમાં એ અંગે ખૂબ ઊહાપોહ થતાં, સને ૧૮૯૩માં, વાઈસરૉયે રૉયલ ઓપિયમ કમિશનની નિમણૂક કરી હતી તેના સભ્યપદે પણ આ દેસાઈજીની નિમણૂક કરવામાં આવી હતી. 'જેટલાં પાઘડીમાં આંટા એટલા પેટમાં આંટા' - એ પ્રકારના મુત્સદ્દી એ ન હતા પણ સાચા કુનેહવાળા, ઝડપી નિર્ણયશક્તિવાળા અને પૂરા ચોખ્ખા વહીવટદાર અને મુત્સદ્દી એ હતા. પોતાની ન્યાયબુદ્ધિથી અને ઊંડી સમજણશક્તિથી, પટરાણીઓના હંગામાના પ્રકરણનું સંતોષકારક નિવારણ આણવા બદલ નવાબસાહેબે ખુશ થઈ જઈ તેમને રૂપિયા એક લાખની બક્ષિસ આપવા ઈચ્છા વ્યક્ત કરી. પણ,'આ કામ કરીને મેં મારી ફરજ જ બજાવી છે તેનો મને રાજ્યપગાર આપે છે.' આમ કહી દેસાઈજીએ એ રકમનો આદરપૂર્વક અસ્વીકાર કર્યો. નવાબસાહેબની સેવા કરતા, ૧૮૯૫માં અવસાન પામતા,નવાબસાહેબે તેમના વંશજોને માસિક રૂપિયા ૨,૪૦૦/-નું પેન્શન બાંધી આપ્યું હતું. એમના અવસાનથી સ્વામીજીને આઘાત લાગ્યો હતો એ, ૧૮૯૬ના માર્ચની બીજી તારીખે ન્યૂ યૉર્કથી દેસાઈજીના ભત્રીજાને લખેલા પત્ર પરથી જોઈ શકાય છે.દેસાઈજી સાથેનો સ્વામીજીનો સંબંધ સ્વામીજીના હૃદયનું માર્દવ નિર્દેશે છે તેટલો જ એ દેસાઈજીનું ઔદાર્ય નિર્દેશે છે. અઠ્ઠાવીસ વર્ષના સ્વામીજીને એકાવન વર્ષના દેસાઈજીમાં પિતા મૂર્તિનાં દર્શન થયાં હતાં. દેસાઈજી પરના સાંપડેલા સ્વામીજીના તેરેય પત્રોમાં સ્વામીજીનો પ્રેમાદાર શબ્દે શબ્દે પ્રગટ થાય છે. સ્વામીજી પ્રત્યેની આ મીઠી લાગણી, કલકત્તે ગયેલા દીવાનજીને સ્વામીજીને ઘેર પણ લઈ ગઈ હતી અને ભુવનેશ્વરીદેવીની અને એમના કુટુંબની કરુણ અવસ્થા જોઈ સ્વામીજીના ગૃહત્યાગ વિશે સ્વામીજીને પત્ર લખ્યો હશે તેનો અત્યંત માર્મિક ઉત્તર સ્વામીજીએ ૧૮૯૪ના જાન્યુઆરીની ૨૯મીએ અમેરિકાથી લખેલા પત્રમાં આપ્યો હતો. આવું દ્રવીભૂત થાય એવું હૈયું દેસાઈજીનું હતું.

આ દેસાઈજી ઉપરાંત, 'સરસ્વતીચંદ્ર'ના લેખક ગોવર્ધનરાય ત્રિપાઠીના કાકા મનસુખરામ ત્રિપાઠી નવાબસાહેબના અંગત સચિવ તરીકે કામ કરતા હતા તેમને તથા, ગોવર્ધનરામના ભાણેજ અને 'કાદંબરી'ના અનુવાદક છગનલાલ હરિલાલ પંડ્યાને પણ મળ્યા હતા. (રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક હતા. તે ઉપેન્દ્રભાઈ પંડ્યાના આ છગનલાલ પંડ્યા વડીલ હતા) એમને ત્યાં સ્વામીજી ચોદુંગ્સા પણ હતા.

સ્વામીજી ગિરનારનું આરોહણ કર્યા વિના રહી શકે જ શી રીતે ? ગિરનારની કોઈ ગુફામાં એમણે ધ્યાન પણ કર્યું હતું. ઈતિહાસપુરાણમાં ઊંડા અભ્યાસી એવા સ્વામીજી ગિરનારના પ્રાચીન નામ રૈવતકને સાંભળી કૃષ્ણબળરામની સ્મૃતિમાં ખોવાઈ ગયા હશે, ભર્તૃહરિની ગુફા જોઈ સ્વામીજીને એનું સ્મરણ થયું હશે અને તળેટીએ અશોક અને રુદ્રદામનના શિલાલેખોને પ્રાચીન ઐતિહાસિક ભારતના ગૌરવની યાદ સ્વામીજીને અપાવી હશે. એ ગૌરવની પુનઃ સ્થાપના તો સ્વામીજીનું જીવનકાર્ય હતું. હિંદુ ધર્મના વિવિધ સંપ્રદાયો બૌદ્ધ અને જૈન ધર્મો તથા ઈસ્લામની મિલનભૂમિ ગિરનાર પાસેથી સ્વામીજી પ્રેરણા પામ્યા હશે.

જૂનાગઢથી સ્વામીજીનું સોમનાથ જવું સ્વાભાવિક હતું. એ પુરાણા મંદિરના અનેક વારના ખંડનમંડનની કથાની અને, એ પ્રાચીન મંદિરના સમુદ્રતટ પરના ખંડેરથી સ્વામીજીના ચિત્તમાં શી લાગણીઓ ઊઠી હશે? પૂરાં હજાર વર્ષોથી કાયરતા, બંધિયાર બનીને રહેવાની દશા, અંદરઅંદરનો કુસંપ, જ્ઞાનવિજ્ઞાનની પ્રગતિ આડે બાંધી દેવાયેલી તોંતિંગ દીવાલ વગેરે એમનાં માનસચક્ષુ સમક્ષ ઊપસી આવેલ હશે ? છએક દાયકા પછી થનારું એનું પુનઃ નિર્માણ એમને દેખાયું હશે? ત્યાં સામે ઊભા કરેલા નાના મંદિરોમાં પાછળથી અહલ્યાબાઈની

શ્રદ્ધાનું દર્શન એમને થયું હશે? કેવળ એ મંદિર જ નહીં, સમગ્ર હિંદુ ધર્મ જીર્ણોદ્ધાર માગી લે છે તેમ સ્વામીજીને લાગ્યું હશે?

સોમનાથ પાટણમાં સ્વામીજીને કચ્છના રાવ ખેંગારજીની મુલાકાત થઈ. ખેંગારજી જીવ્યા ત્યાં સુધી કચ્છમાં 'આધુનિકતા'ને એમણે પ્રવેશવા દીધી ન હતી. ત્યાં ચલણ કોડીનું હતું અને સોંઘારત ખૂબ હતી. કચ્છી માડુ સાહસિક હતો. કુશળ ખેંગારજીએ સ્વામીજીનું હીર બરાબર પારખી લીધું હતું અને સ્વામીજીએ ભૂજમાં પણ રાવ ખેંગારજીની મુલાકાત લીધી હતી; પણ એ વાત પછીથી.

દરિયાવાટ પકડવાને બદલે સ્વામીજી સોમનાથથી પાછા જૂનાગઢ આવ્યા અને ત્યાંથી રેલવેરસ્તે પોરબંદર જઈ, સીધા દ્વારકા ગયા એ થોડું નવાઈ જેવું છે. પણ એમ કરવા માટે સ્વામીજી પાસે કંઇ કારણ હશે. પોરબંદરથી એમની આ પહેલી મુલાકાત ટૂંકી જણાય છે. ત્યાંથી તરત સ્વામીજી દ્વારકા ગયા. દરિયામાર્ગે જતાં વાવડો અનુકૂળ હોય તો વધારેમાં વધારે બે કલાકમાં વહાણ પોરબંદરથી દ્વારકા પહોંચાડી દે. જમીનમાર્ગે જતાં મિયાણી પાસેની ખાડી ઓળંગી સ્વામીજીએ હરસિદ્ધિ માતાનાં દર્શન કર્યાં હશે.? ત્યાંથી ભાટિયા થઈને ગયા હશે કે કંઠાળ કેડો પકડ્યો હશે?

શું સોમનાથના મંદિરને અડીને કે શું દ્વારકાના જગત મંદિરને અડીને બેસીએ તો સામે અફાટ વિસ્તારનો સાગર જ નજરે પડે. સોમનાથનું સાગરદર્શન, કદાચ સ્વામીજીનું પ્રથમ દર્શન હતું. સાગરની ભવ્યતા સ્વામીજી માટે પ્રેરક બની હશે. એ સાગરમાં ઊછળતા લોઢ જેવા લોઢ સ્વામીજીના હૈયાના સાગરમાં પણ ઊઠતા હતા અને એ લોઢને આ સાગર પરથી વાતો શીતળ સમીર શમાવી શકતો ન હતો. આ સ્થાનોની ભૂતકાળની ભવ્યતાને પડછે એમની અને દેશ આખાની સાર્વત્રિક કંગાલિયત સ્વામીજીના અંતરને કોરી ખાતી હતી. એ આર્ષદ્રષ્ટાને સ્વતંત્ર ભારતનું દર્શન પણ થયું હોય. એ જગતમંદિરના એક ખૂણામાં આદિ શંકરાચાર્યે સ્થાપેલા ચારમાંના પશ્ચિમના મઠમાં સ્વામીજીએ આશ્રય લીધો. સ્વામીજીને આશ્રય આપનારને કલ્પના ન હતી કે, એ આદિ શંકરના દિગ્વિજય જેવો જ દિગ્વિજય કરનાર યુવાન સંન્યાસીનું આતિથ્ય કરી રહેલ છે.

દ્વારકાથી બેટ થઈ સ્વામીજી કચ્છના મુખ્ય શહેર ભૂજ ગયા. દ્વારકાથી કે બેટથી માંડવી વહાણમાં બેસી ગયા હોવાનો પૂરો સંભવ છે. ત્યારે લખપત, માંડવી, મુંદ્રા અને તુણા બંદરો હજી ધમધમતાં હતાં. આગબોટોનાં આક્રમણોએ દેશી વહાણવટાનો સર્વનાશ કરી નાખ્યો ન હતો. કચ્છના કોટિયાઓ અરબસ્તાનની અને આફ્રિકાની, લંકાની અને રંગુતની ખેપ કરતા. કચ્છના તે કાળના દીવાન મોતી મહેતો જૂનાગઢના દીવાન હરિદાસ દેસાઈના બાળગોઠિયા હતા અને સોમનાથમાં સ્વામીજી રાબાવાને પોતાને પણ મળ્યા હતા.

જૂનાગઢથી સ્વામીજી સીધા ભૂજ ગયા તો કયા માર્ગે નવલખીથી, જોડિયાથી, જામનગરથી, ક્યાંક સ્વામીજી વહાણે ચડ્યા હતા. અને તૂણા, મુંદ્રા, ક્યાં ઊતર્યા હતા, કંડલા બંદરનો વિકાસ ત્યારે થયો ન હતો. જે ખેંગારજીને સ્વામીજી મળ્યા હતા તેમણે એ બંદર પોતાની યુવાવસ્થામાં, સને ૧૯૩૧માં ખુલ્લું મૂક્યું હતું. નવલખી અને જોડિયાની તો ખબર નથી પણ, જામનગરના રોઝી બંદરેથી તુણા, મુંદ્રા અને માંડવી નિયમિત વહાણો જતાં. જો કે સ્વામીજી પોરબંદર-દ્વારકા થઈ ભૂજ ગયાનો સ્પષ્ટ ઉલ્લેખ સ્વામીજીના ગુરુભાઈ સ્વામી અખંડાનંદે પોતાના પુસ્તક 'સ્મૃતિકથા' (અંગ્રેજી અનુવાદ From Holy Wandings to The Service of Man)માં જણાવ્યું છે કે સ્વામીજી પોરબંદર-દ્વારકા-બેટ માર્ગે કચ્છ ગયા હતા અને પોતે- અખંડાનંદે-એ માર્ગને અનુસરી આખરે કચ્છમાં સ્વામીજીની સાથે ભેટ કરી હતી. સ્વામી અખંડાનંદના આ લખાણને સ્વીકારવામાં કશી હરકત નથી. એને પ્રમાણભૂત જ માનવું જોઈએ.

આ ગુરુભાઈ સ્વામી અખંડાનંદને પોતાના મોટાભાઈ સમા વિવેકાનંદ પ્રત્યે અત્યંત આદર અને પ્રેમ હતા અને અગાઉ એક વાર એ બંને હિમાલયમાં પણ સાથે ગયા હતા. પોતાના આદરણીય માર્ગદર્શક વિવેકાનંદથી જુદા પડવું અખંડાનંદને ગમતું ન હતું. પોતાની પાછળ પાછળ આવવાની મનાઈ કરી હોવા છતાં, અખંડાનંદ સ્વામીજીનું પગેરું કાઢતાં કચ્છ ગયા તો ત્યાં પણ સ્વામીજી એમને તરત હાથ આવ્યા ન હતા.

નળિયા-અબડાસા થઈને સ્વામીજી કચ્છને વાયવ્ય ખૂણે આવેલા કોટેશ્વર નીચે ગયા હોય. કોરીનાળને દક્ષિણ કાંઠે, પશ્ચિમતમ છેડે ઊભેલું એ તીર્થ કર્કવૃત્તની સાવ નિકટ આવેલું છે. એની પડખેથી વહેતી કોરીનાળ સને ૧૮૧૯ સિંધુની નારનદીની એક શાખા હતી. ૧૮૧૯માં થયેલાં મહાવિનાશક ભૂકંપે કરેલા ભૂસ્તરીય પરિવર્તનને કારણે મીઠાં પાણીનો એ પ્રવાહ બંધ થઈ ગયો. કોટેશ્વર પાસે જ નારાયણ સરોવર આવેલું છે. ૧૮૧૯નાં ધરતીકંપ પૂર્વે એનો વિસ્તાર વધારે હોય પણ ખરો. ત્યાંથી સ્વામીજીએ માંડવીની દક્ષિણની વાટ નહીં પકડી પણ પૂર્વ તરફ માતાના મઢેએ ગયા. કચ્છના રા જાડેજા કુળના છે. અને એમનાં કુળદેવી તે આશાપુરા છે. આ મઠ એ દેવીનું પવિત્ર તીર્થસ્થાન છે. ત્યાંથી નખત્રાણા થઈ ભૂજ જવાને બદલે સ્વામીજી પાછા માંડવી આવ્યા અને ત્યાંથી ભૂજ ગયા. સીદી ભાઈના ડાબા કાન જેવો લાંબેરો માર્ગ પસંદ કરવા માટે

સ્વામીજી પાસે કોઈ કારણ હશે જ .

સ્વામીજીના પગલાની ગંધે ગંધે તેમના સગડ મેળવતા સ્વામી અખંડાનંદે આખરે તેમને માંડવીમાં પકડી પાડ્યા. પાંડવી બંદર ત્યારે પડી ભાંગ્યું ન હતું. બસરા-મસ્કત સાથે અને દારેસલા ઝાંઝીબાર સાથે તેમજ મુંબઈ, બૅંગ્લોર, કાલીકટ વગેરે બંદરો સાથે માંડવીનો ધીકતો વેપાર હતો. આવો વેપાર ખેડવા એક ભાટિયા વેપારીયા સ્વામીજી અતિથિ બન્યા હતા. સ્વામીજીને ગોતતા અખંડાઆનંદ સ્વામીજીને ઉતારે પહોંચ્યા ત્યારે સ્વામીજીના પ્રભાવક તેજથી એ અંજાઈ ગયા. અમદાવાદથી વઢવાણ ને ત્યાંથી લીંબડી-જૂનાગઢ-સોમનાથ-દ્વારકા-માંડવી-નારાયણ સરોવર સુધી સ્વામીજીને પગલે પગલે પોતે કેવા ભટક્યા હતા અને આખરે માંડવીમાં પોતાના વડીલ ગુરુભાઈને પોતે કેવા પકડી પાડ્યા હતા તે કથા અખંડાનંદ પાસેથી સાંભળી સ્વામીજી ચોંકી ગયા. સ્વામીજીને ડર પેઠો કે,'આ ગંગાધર હવે કેડો નહીં મૂકે! પોતાને એકલવિહાર જ કરવો હતો- એ માટે તો એ સ્થળે સ્થળે પાતાનું જુદું નામ આપતા હતા - અને આ ગંગાધર એમાં આડખીલી બનશે એમ માની સ્વામીજીએ અખંડાનંદને સ્પષ્ટપણે કહ્યું :' જો ગંગાધર, મેં એક મનસૂબો કર્યો છે : તું કે બીજા કોઈ પણ ગુરુભાઈ સાથે હશે તો એ પાર નહીં પડે.' અખંડાનંદે એ વાત કાને જ ન ધરી. એટલે સ્વામીજી કહે, 'ગંગાધર, મારો સંગ મૂકી દે. હું જ બગડી ગયો છું !' 'તમે ગમે તેવા હો હું તમને ચાહું છું ને ચાહતો જ રહીશ. તમને મળવા માટે મારા હૈયામાં વલોપાત ઊપડ્યો હતો તે તમને મળીને શમી ગયો છે. હવે તમારા માર્ગ આડો નહીં ઊતરું !' આમ, ગંગાધરે કહ્યું ત્યારે સ્વામીજીને શાંતિ થઈ.

બીજે જ દહાડે સ્વામીજી ભૂજ ગયા. એમની સાથે નહીં ગયેલા અખંડાનંદ એમની પછી એકાદ દિવસે ઊપડી ભૂજમાં સ્વામીજીને મળ્યા. ત્યાં રાબાવાનું અને દીવાન મોતી મહેતાનું પ્રેમાળ આતિથ્ય બંનેએ માણ્યું તથા બંને મહોલાતમાં કે મહોલાતની નજીક આવેલા હમીર તળાવના કાંઠા પરના મોતી મહેતાના વિશાળ મકાનમાં સ્વામીજી રહ્યા હશે. 'આપણને મળતાં માનપાન જોઈને કેટલાંક લોકોની આંખમાં કણાની માફક આપણે ખૂંચીશું માટે જલદી ભાગો' એમ કહી બંને યુવાન સંન્યાસીઓ પાછા માંડવી આવ્યા. અને ત્યાં પખવાડિયું સાથે રહ્યા પછી સ્વામીજી પોરબંદર ગયા. છૂટા પડી જવાનું કહ્યાં છતાં અખંડાનંદ પણ પોરબંદર ગયા. પોતાની સ્મૃતિકથા'માં એમણે જણાવ્યું છે કે ત્યારે પણ સ્વામીજી શંકર ડિતના જ અતિથિ હતા. પરંતુ બંને ત્યાંથી છૂટા પડી ગયા. ખંડાનંદ જેતપુર, ગોંડળ, રાજકોટ થઈ જામનગર ગયા અને ામીજી જૂનાગઢ ગયા હતા.

જૂનાગઢના દીવાન દેસાઈજી સાથેનો સંબંધ એ બંને મહાનુભાવોમાં નિહિત પ્રેમનિર્ઝરનું દર્શન કરાવે છે તો પોરબંદર-સ્થિત મરાઠી વિદ્વાન પંડિત અટકળો પૂરી સાર્થક કરનાર, આ શંકર પાંડુરંગ પંડિત સાથેનો સંબંધ પણ સ્વામીજીના જીવનમાં કેન્દ્ર પરિવર્તનકારક બન્યો હતો તે દર્શાવે છે.

આ શંકર પંડિત, ટિળક અને ગોખલેની માફક કોંકણસ્થ બ્રાહ્મણ હતા. ૧૮૪૦માં જન્મ્યા હશે. મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં અભ્યાસ કરી. ૧૮૬૫માં એમ.એ. થયા હતા. પાંચ- છ વર્ષ પુણેની ડેક્કન કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે કાર્ય કર્યા પછી એ સનંદી સેવામાં જોડાયા અને સુરતમાં ડેપ્યુટી કલેક્ટરને હોદ્દે નીમાયા હતા. તે કે તે પછીને ચોમાસે અતિવૃષ્ટિ થતાં સૂરતની ઉત્તરે આવેલા કોસંબા ગામના રહેવાસીઓની તેમણે ઉત્તમ સેવા કરી હતી. તેથી પ્રભાવિત થઈ કોસંબાવાસીઓએ ગામનું નામ 'શંકર પેઠ' કરી નાખ્યું હતું ત્યારની સરકાર બ્રિટિશ હતી. અને એને સંસ્કૃત ભાષા પ્રત્યે આદર ન હોય તો આપણને દુઃખ લગાડવાનું હોય નહીં પરંતુ, એ વિદેશી સરકારે આ દેશી પંડિતને ઇન્ટરનૅશનલ ઑરિએન્ટલ કૉન્ફરન્સમાં ભાગ લેવા ઈંગ્લન્ડ મોકલ્યા હતા. અનેક - ઓગણીસ ભાષાઓ-ના એ જાણકારને સરકારે ઑરિએન્ટલ ટ્રાન્સ્લેટરને હોદ્દે નિયુક્ત કર્યા હતા. ત્યાંથી મુંબઈ સરકારે તેમની બદલી કરી, સને ૧૮૮૯માં મુંબઈની હાઈકોર્ટના રજિસ્ટ્રારને પદે નીમ્યા હતા. ત્યાંથી પોરબંદર રાજ્યના ઍડમિનિસ્ટ્રેટર તરીકે એ આવ્યા હતા.

આ શંકરરાવ પંડિત સંસ્કૃતના પ્રકાંડ પંડિત અને પ્રખર પ્રેમી હતા. એમણે કરેલા સંસ્કૃત ગ્રંથોનાં સંપાદનોને સંસ્કૃતના વિખ્યાત વિદ્વાન મૅક્સમૂલરે પણ સન્માન્યા હતા. મહાકવિ કાલિદાસના 'રંઘુવંશ' અને 'માલવિકાગ્નિમિત્ર'નાં સંપાદનો ઉપરાંત કઠિન ગણાતા અથર્વવેદનું સંપાદન પણ તેમણે કર્યું હતું. મરાઠી સંત કવિ તુકારામના અભંગોનું સંપાદન પણ તેમણે કર્યું હતું. સંસ્કૃતગ્રંથોના ખાસ અથર્વવેદના, સંપાદનમાં સ્વામીજીની વિદ્વતાનો લાભ તેમને મળ્યો હતો. ૧૮૮૮માં પહેલી વાર મઠમાંથી સ્વામીજી બહાર પડ્યા ત્યારે કાશીમાં પ્રખ્યાત સંસ્કૃતજ્ઞ પ્રમદાદાસ મિત્રના સંપર્કમાં એ આવ્યા હતા અને પોતાની કેટલીયે શંકાઓનું સમાધાન એ પ્રકાંડ પંડિત પાસેથી સ્વામીજીએ મેળવ્યું હતું. પાણિનિ વ્યાકરણ ઉપર સ્વામીજીએ પ્રભુત્વ પ્રાપ્ત કરી લીધું હતું. એટલે અથર્વવેદના મંત્રોના અર્થઘટનમાં શંકર પંડિતને સ્વામીજી સારી રીતે સહાયરૂપ બન્યા હતા. પંડિત મિશ્રના ઘરમાં મેનાપોપટ પણ સંસ્કૃત બોલતાં તેમ આ પંડિતનું ઘર પણ સંસ્કૃતની એટલું

પ્રભાવિત હતું કે એમની દીકરી ક્ષમા રાવ પણ સંસ્કૃતની એવી વિદુષી હતા કે પિતાની જીવનકથા 'શંકરજીવન આખ્યાત' નામે એણે સંસ્કૃતમાં લખી હતી. આ પંડિતને ઘેર સ્વામીજી ત્રણેક મહિના રહે એમાં આશ્ચર્ય નથી.

લાભ ઉભય પક્ષે હતો. સ્વામીજીનું વાચન વિશાળ હતું અને એ વાચનનું પાચન ઊંડું હતું. એ બહુશ્રુત હતા, અસાધારણ સ્મરણશક્તિવાળા અને તેજસ્વી મેધાવાળા હતા. હિમાચલ, આબુ કે ગિરનારની ગુફાઓમાં ગંગાતટે કે સરયૂતટે જ્યાં જ્યાં એ ધ્યાનમાં બેઠા હતા, ત્યાં ત્યાં ઊંડા મનનચિંતન દ્વારા આ વેદમંત્રોના અર્થોનું એમણે સ્પષ્ટ દર્શન કર્યું હતું પોતાના અજ્ઞાનનો લાભ એમણે શંકર પંડિતને આપ્યો તો પાણિનીના મહાભાષા ઉપર એમણે અહીં પૂરું પ્રભુત્વ પ્રાપ્ત કર્યું, પંડિતજીના સૂચનથી પોતે ફ્રેંચ ભાષા પણ શીખ્યા અને ગુરુભાઈઓને કલકત્તે ફ્રેંચમાં પત્ર લખી ચમકાવ્યા પણ ખરા. પણ આ સર્વેથી વિશેષ વાત એ હતી કે સ્વામીજીનું હીર પારખી પંડિત સ્વામીપુત્રે અનુરોધ કર્યો: સ્વામીજી આપની કદર અહીં નહીં થાય પશ્ચિમના દેશોમાં પ્રવાસ કરો, વાવાઝોડાની માફક આપ પશ્ચિમ પર છવાઈ જશો અને ત્યાંનાં લોકોને વશ કરી શકશો ત્યાં પ્રભાવ પસરાવ્યા પછી ભારત આપને ચરણે આળોટશે.'

પરદેશ જવાનું અને ત્યાં દિગ્વિજય કરવાનું પંડિતજીનું સૂચન સ્વામીજીને બરાબર સ્પર્શી ગયું. 'નરેન જગતને ધ્રુજાવશે' એ પોતાના ગુરુદેવના શબ્દો સાથે આ પંડિતવચનોનો મેળ પડતો હતો. જગતના મંચ ઉપર પોતે જાય તો જ 'જગત ધ્રુજાવી' શકાય. સ્વામીજીના મનમાંનો ધૂંધવાટ દૂર થતો હોય તેમ તેમને લાગવા માંડ્યું પરંતુ હજી બધું ધુમાયિત હતું. સ્વામીજીની પ્રતિભાના નિરીક્ષણથી પંડિતને લાગ્યું હશે કે વિદેશોમાં ભારતની પ્રતિષ્ઠાનો પારો સાવ નીચે ઊતરી ગયો છે. તેને સ્વામીજી જેવી ઓજસ્વી વ્યક્તિ પાછો ઊંચે ચડાવી શકશે અને સનાતન હિંદુ ધર્મની વિશિષ્ટતાને સ્વામીજી જ પ્રકાશમાં લાવી શકશે.

પોરબંદરમાં જ અચાનક આવી ચડેલા પોતાના ગુરુભાઈ સ્વામી ત્રિગુણાતીતાનંદને સ્વામીજીએ કહ્યું હતું,' ભાઈ શારદા (ત્રિગુણાતીતાનંદનું પૂર્વાશ્રમનું નામ શારદા પ્રસન્ન હતું) ઠાકુર મારે વિશે જે કંઈ કહેતા એ હું હવે થોડું થોડું સમજવા લાગ્યો છું, આ સમસ્ત જગતમાં ઊથલપાથલ મચાવી શકું એવી શક્તિ મારામાં છે એમ મને હવે લાગવા માંડ્યું છે.'

પોરબંદરના પ્રલંબ પણ, ખૂબ ઉપયોગી અને દીર્ઘ પરિણામી નિવાસ પછી સ્વામીજી પાલીતાણા ગયા. શત્રુંજય પહાડ અને તેની ઉપરના જૈન તીર્થંકરોનાં દેરાંઓએ સ્વામીજીને આકર્ષ્યા જ હશે. ત્યાંથી પાછા હરિદાસભાઈ પાસે જૂનાગઢ આવી, ત્યાંથી દીવાનજીને ગામ નડિયાદ સ્વામીજી ગયા. ત્યાં દેસાઈજીના ભાઈના અતિથિ બન્યા હતા. ગુજરાતના પંડિતયુગના પ્રસિદ્ધ સાક્ષર અને વેદાંતના ઊંડા અભ્યાસી મણિલાલ નાથુભાઈ દ્વિવેદીને મળી સ્વામીજી આનંદ પામ્યા હતા. શિકાગોની વિશ્વધર્મ પરિષદ વિશે સ્વામીજીએ એમની પાસેથી સાંભળ્યું હોવાનો સંભવ છે; કારણ એ પરિષદમાં વંચાવા માટે એમણે બે નિબંધો મોકલ્યા હતા. જરા ટૂંકાવીને એ નિબંધો ત્યાં વંચાયા હતા એમ સ્વામીજીએ પોતાના એક પત્રમાં જણાવ્યું છે.

નડિયાદથી સ્વામીજી વડોદરા ગયા. ત્યાંના દીવાન મણિભાઈ જશભાઈ મહેતા પણ હરિદાસ દેસાઈના મિત્ર હતા. દેસાઈજીએ મણિભાઈ પર ભલામણ-પત્ર લખી આપ્યો હતો પણ મણિભઆઈ એટલા બધા વ્યસ્ત હતા કે સ્વામીજીને મળવા માટે થોડી મિનિટ ફાળવી શક્યા ન હતા. અલબત્ત, સ્વામીજીના આતિથ્યની બાબતમાં એમણે કશી ઊણપ રહેવા દીધી ન હતી. વડોદરાના મહારાજા નામદાર સયાજીરાવના પણ સ્વામીજી પ્રશંસક હતા.

વડોદરાથી સ્વામીજી મધ્યપ્રદેશમાં ખંડવા ગયા. શ્રી હરિદાસ ચૅટરજી નામના બંગાળી ગૃહસ્થ ત્યાંના આગેવાન વકીલ હતા. સ્વામીજી એમના અતિથિ બન્યા અને લગભગ વીસેક દહાડા એમને ત્યાં રહ્યા. ગુજરાતમાં પોરબંદરમાં પરદેશગમનના વિચારનું બીજ રોપાયું હતું. ત્યાં પંડિતજી પાસેથી શિકાગોમાં મળનારી વિશ્વધર્મપરિષદનો ઉલ્લેખ સ્વામીજીએ સાંભળ્યો હોય અને નડિયાદમાં શ્રી મણિલાલ દ્વિવેદીને મળ્યા પછી એ પરિષદ વિશેનું ચિત્ર વિશેષ સ્પષ્ટ થયું હોય એવો સંભવ છે. શિકાગો જવાના નિર્ધારનું બીજ અહીં ખંડવામાં રોપાયું હતું.

ભારતના કોઈ પણ પ્રાંતમાં સ્વામીજી ચારેક માસ જેટલો લાંબો સમય રહ્યા ન હતા. વળી, એમના વિદેશગમનના વિચાર સાથે પણ ગુજરાત સંકળાયું છે. બાલશંકર ત્રિપાઠીથી માંડી મણિલાલ જશભાઈ સુધીની જે જે વ્યક્તિઓના પરિચયમાં સ્વામીજી આવ્યા હતા ને બધીની છાપ ગુજરાત પર ચિરકાળ માટે અંકિત રહે તેવી હતી. એ વ્યક્તિઓને એમનાં કુટુંબીઓને અને ગુજરાતની ધરણી સૌને સ્વામીજી આમ ધન્ય કરી ગયા હતા.

નોંધ : આ લેખ તૈયાર કરવામાં સ્વામીજીના જીવનચરિત્ર ઉપરાંત, સ્વામી અખંડાનંદના નિર્દિષ્ટ પુસ્તકની સહાય લીધી છે પરંતુ 'રામકૃષ્ણ જ્યોતિ'નાં ૧૯૯૨ના વિશેષાંકમાંના સ્વામી નિખિલેશ્વરાનંદજીના અભ્યાસપૂર્ણ લેખની ખૂબ સહાય લીધી છે.

એકાંકી

# ઘેટાંની ખાલ

પ્રવીણ પંડ્યા

**પાત્રસૂચિ**

(૧) ધ્રુવ : પચીસેક વર્ષનો યુવાન. (૨) અર્જુન : ધ્રુવનો મિત્ર. (૩) માસી : હિજડો (૪) જયસુખલાલ : સમાજિક-રાજકીય આગેવાન. (૫) ચંદા (૬)તારા : જયસુખલાલની યુવાન પુત્રીઓ (૭)શકુંતલા : જયસુખલાલની યુવાન પત્ની (૮) અભય : અસામાજિક તત્ત્વ (૯) લાલુ : અભયનો સાથીદાર (૧૦)યુવતી (૧૧)પટેલ સાહેબ : સંદર્ભ પાત્ર (૧૨) ટોળાંનાં દૃશ્ય

ચ મંચની મધ્યમાં એક પલંગ, બે ખુરશી અને ટિપોઈ મૂકી ધ્રુવના ફ્લૅટનો ડ્રૉઈંગરૂમ બનાવાયો છે. ડાબી તરફ બારી છે જેની સામે જયસુખલાલના ફ્લેટની બાલ્કની દર્શાવાઈ છે. મંચની આગળના ભાગે સડક છે. અંધકારમાં સંગીત સાથે પડદો ખૂલે છે. સ્વાતંત્ર્ય દેવી જેવી વેશભૂષામાં એક નટી હાથમાં મશાલ સાથે આવે છે.

નટી : મનુષ્ય તરીકે આપણું મસ્તક શરમથી ઝૂકી જાય એવી અનેક ઘટનાઓ રોજેરોજ આપણી આંખ સામે બને છે, પણ આપણે ધ્યાન નથી આપતા, જેમ ઘેટાં ઊંધું ઘાલીને ચાલ્યે રાખે એમ આપણે ગાડરિયા પ્રવાહમાં ચાલી રહ્યાં છીએ. ક્યારેક કોઈક માણસ, ઘેટાની ખાલમાંથી બહાર આવવાનો પ્રયત્ન કરે છે, અને ત્યારે...ત્યારે...ત્યારે...

નટી મશાલ લઈને અંધકારમાં ચાલી જાય છે. ડ્રૉઈંગરૂમમાં પ્રકાશ. ધ્રુવ ચડ્ડી અને બાંય વિનાની બનિયાનમાં હાથમાં ચાના બે કપ સાથે પ્રવેશે છે.

ધ્રુવ : ઓહોહોહો, બ્રશ કરતાં આટલી વાર ? એ અર્જુન, બ્રશ પતાવને યાર.

અર્જુન : (નૅપ્કિનથી મોઢું લૂછતો પ્રવેશે છે.) એ ચડ્ડી, બૂમાબૂમ શેનો કરે છે ? (ચાનો કપ લઈ બારી તરફ જાય છે.) રજા છે, શનિ-રવિ.

ધ્રુવ : એટલે જ તને નવ વાગ્યા સુધી ઊંઘવા દીધો, કાલે તું પાછો જઈશ.

અર્જુન : (બારીમાંથી બહાર જોતાં) એ બચુ ખેંખલી, સિગરેટ ઓછી કર, ઓછી,(ધ્રુવને) તારી સાથે અહીં રહેવાની મજા પડતી હતી, આ તો નોકરી મળ્યો એટલે બહાર ગયો. ધ્રુવ, તારા મોઢા પરથી લાગે છે જાણે તું રાતે ઊંઘ્યો નથી.

ધ્રુવ : એક વાગે ઊંઘ ઊડી ગઈ.

અર્જુન : (ઉત્સુક્તાથી) સપનું આવ્યું ?

ધ્રુવ : હા, એનું એ જ સપનું.

અર્જુન : ઘેટાંનું !

ધ્રુવ : હા.

અર્જુન : આ વખતે શું થયું ?

ધ્રુવ : ઘેટાંનું ધણ ઘરમાં ઘૂસી આવ્યું.

અર્જુન : ઘરમાં ! આ ઘરમાં !

ધ્રુવ : હા, બધાં ઘેટાંનાં માથાં પર નાનાં નાનાં અણીદાર શીંગડાં હતાં, એમની આંખોમાં ખુન્નસ હતું. એમણે મને ઘેરી લીધેલો અર્જુન. માથાં ઉછાળી, આગળના બે પગ હાથની જેમ લંબાવી ઊંચા ઊંચા અવાજે શ્લોક બોલતાં હતાં.

અર્જુન : ઘેટાં શ્લોક બોલતાં હતાં !

ધ્રુવ : હા, એમણે મારી સામે ખાલ ફેંકી.

અર્જુન : ખાલ !

ધ્રુવ : ઘેટાની ખાલ, અને આદેશ આપ્યો કે આ ખાલ પ્હેરી લે. મેં ના પાડી, મેં કહ્યું : હું માણસ છું, ઘેટાંની ખાલ શા માટે પહેરું ? હું ઘેટાની ખાલ નહીં પહેરું, અને ...

અર્જુન : અને શું, ધ્રુવ ?

ધ્રુવ : એમણે એકીસાથે મારી પર હુમલો કર્યો, અણીદાર શીંગડાં મારી છાતીમાં મારવા લાગ્યાં, હું...હું બચાવો બચાવોની ચીસો પાડતો રહ્યો, તું પણ ત્યાં જ હતો અર્જુન. મને હતું કે તું આવીશ, પણ તું ન આવ્યો.

અર્જુન : અને પછી તું જાગી ગયો, ધ્રુવ, મને લાગે છે કે આપણે કોઈક સાઈકિયાટ્રિસ્ટને...

ધ્રુવ : તું કહેવા શું માંગે છે ? શું હું... અર્જુન, તું જાણે છે, હું એક સ્વસ્થ માનસિક્તા ધરાવતો માણસ છું.

અર્જુન : તો પછી તને આવાં સપનાં કેમ આવે છે ? મારાં જેવાં સપનાં કેમ નથી આવતાં !

ધ્રુવ : તું અને તારાં સપનાં બેઉ વાહિયાત.

અર્જુન : હું અને મારાં સપનાં વાહિયાત ! ઊભો રહે તું... (મારવા દોડે છે. દોડા દોડી કરતા બેઉ સામસામા ઊભા રહી જાય છે.)

અર્જુન : કબબડ્ડી કબબડ્ડી કબબડ્ડી કબબડ્ડી....

(ધ્રુવ એનો પગ પકડે છે અથવા આખો ઊંચકીને દબાવે છે. અર્જુન 'એ ચડ્ડી, છોડ' એવી બૂમો પાડે છે.)

ધ્રુવ : બોલ, ચડ્ડી કહીશ ?

અર્જુન : ના.

(ધ્રુવ એને છોડે છે.)

અર્જુન : એ ચકી, વાહિયાત એટલે ?

ધ્રુવ : વાહિયાત નહીં તો બીજું શું ! તારાં સપનાંમાં માત્ર ભવ્ય બંગલા અને સુંદર છોકરીઓ જ હોય છે.

અર્જુન : બાબુ મૉશાય, એ સિવાય આ દુનિયામાં બીજું છે ય શું?

ધ્રુવ : એ સિવાય બીજું કાંઈ નથી ? આ કરોડો ભૂખ્યાં માણસો, વાંરવાર થતાં યુદ્ધ, પશુથી પણ બદતર જિંદગી...

અર્જુન : છોડને એ બધી નક્કામી વાત, તારા કાલના ઈન્ટર્વ્યૂનું શું થયું ?

ધ્રુવ : આની પહેલાના અસંખ્ય ઈન્ટર્વ્યૂ જેવું જ,

અર્જુન : મેં તને કહેલું કે આપણે પટેલસાહેબને મળી લઈએ...

ધ્રુવ : શા માટે? ભલામણ માટે? આટઆટલી મેરિટ હોવાં છતાંય શું માત્ર ભલામણથી જ નોકરી મળે ?

અર્જુન : લાંચ કરતાં ભલામણ સારી નહીં ?

ધ્રુવ : બેઉ એકબીજાનાં પર્યાય છે.

અર્જુન : શું ધૂળ પર્યાય છે ! તારા ભેજામાં ભૂસું ભરાયું છે, ભૂંસું, કમળો થયો છે તને, લાંચ લેનારા ભ્રષ્ટ માણસો અને યોગ્ય માણસ માટે અડધી રાતે ભલામણ ચિઠ્ઠી લખી આપનારા પટેલસાહેબ વચ્ચે તને કોઈ ફર્ક નથી લાગતો?

ધ્રુવ : બેઉનું પરિણામ એક જ છે.

અર્જુન : એક જ એટલે ?

ધ્રુવ : વહી જતી નદીમાં તમે એંઠવાડ નાખો કે ફૂલ પધરાવો, નદી માટે તો બેઉનો અર્થ માત્ર ગંદકી જ છે.

અર્જુન : તને એંઠવાડ અને ફૂલ સરખાં લાગે છે ?

ધ્રુવ : નદી અને ગંદકીના સંદર્ભે, અને એ જ રીતે લાયક કે ગેરલાયકને, લાંચ કે ભલામણીથી નોકરી આપનારા અને અપાવનારા, બેઉ એકસરખા, નદીમાં ફેંકાયેલ એંઠવાડ અને ફૂલ જેવાં.

અર્જુન : જવા દે, તારા ઈન્ટર્વ્યૂનું શું થયું ?

ધ્રુવ : મને લાયકાત હોવાં છતાંય ન લેવાયો.

અર્જુન : પણ આ પોસ્ટ માટે તો તારાથી અનુભવી અને ક્વોલિફાઈડ કૅન્ડિડેટ હતો જ નહીં, કોણ લેવાયાં ?

ધ્રુવ : એ જ સંસ્થા સાથે સંકળાયેલાનાં દીકરા-દીકરી.

અર્જુન : ચારેચાર પોસ્ટ પર ! એમનું ક્વૉલિફિકેશન ?

ધ્રુવ : બિન-અનુભવ, સિમ્પલ ગ્રૅજ્યુએટ્સ.

અર્જુન : ઈન્ટર્વ્યૂ કમિટીમાં જરૂર ભ્રષ્ટ માણસો હશે !

ધ્રુવ : તારા આદરણીય પટેલસાહેબ હતા !

અર્જુન : તેં મને કહ્યું હોત તો આપણે એમને ..

ધ્રુવ : તો શું કરત તું ? એમની સામે મને દયામણો બનાવીને ઊભો રાખત કેમ ? એ દયા ખાઈને મારી ફેવર કરત, મારી લાયકાતને એમની મહાનતાથી ઢાંકી દેત કેમ?

અર્જુન : અરે ગાંડા, પણ તને નોકરી તો મળી જાત...

ધ્રુવ : નથી કરવી નોકરી, ટ્યુશન કરીશ, રિક્ષા ચલાવીશ, મજૂરી કરીશ. તું કહે અર્જુન, આવી રીતે મળતી નોકરીથી શું થવાનું હતું ? એક તરફ લાંચ લેનારા, પૈસા સામે મુજરો કરનારા લોકો છે, અને બીજી તરફ લાયક માણસને દયામણા બનાવી,, એમની ખુદ્દારી ખતમ કરી, જિંદગીભર પોતાના ગુલામ બનાવનારા પટેલસાહેબો છે. માણસની ક્ષમતાનો સ્વીકાર કેમ નથી થતો ? ક્ષમતાવાળા માણસો જાય તો ક્યાં જાય ?

અર્જુન : પટેલસાહેબ પાસે. મને પણ એમની ભલામણથી જ નોકરી મળી છે.

ધ્રુવ : ખબર નથી અર્જુન, પણ તને નોકરી અપાવવા માટે કોઈક એકલવ્યનો અંગૂઠો કપાયો હશે. શું આ ન્યાય છે

અર્જુન : ન્યાય એક આદર્શ છે, તને વિરોધ શેનો છે ? તું વાસ્તવિકતાને સમજવા પ્રયત્ન કેમ નથી કરતો ?

ધ્રુવ : વાસ્તવિક્તા શું છે?

અર્જુન : જે આપણી આસપાસ છે.

ધ્રુવ : આપણી આસપાસ શું છે?

અર્જુન : તારે તર્ક જ કરવા છે !

ધ્રુવ : ના, આપણે વાસ્તવિક્તાને સમજવાની પ્રક્રિયામાં છીએ, શું છે આપણી વાસ્તવિક્તા ?

અર્જુન : જો, આ આખી દુનિયા બે ભાગમાં વહેંચાયેલી છે : સજીવ અને નિર્જીવ. આ વ્યવસ્થા પણ બે ભાગમાં વહેંચાયેલી છે : પ્રકૃતિગત અને મનુષ્યગત.

ધ્રુવ : સમાજ શું છે ?

અર્જુન : માનવીએ રચેલી વ્યવસ્થા.

ધ્રુવ : એટલે કે એ પણ વાસ્તવ છે ?

અર્જુન : છે જ ને.

ધ્રુવ : શું આ સ્થિર વાસ્તવ છે?

અર્જુન : હે ભગવાન, આ સ્થિર-અસ્થિર પાછો ક્યાંથી લાવ્યો?

ધ્રુવ : અરે, મારા ભાઈ, હું બહુ સીધીસાદી વાત કરું છું. આપણી આસપાસ જે વાસ્તવ છે તે પ્રકૃતિગત અને મનુષ્યગત છે, બેઉ પરિવર્તનશીલ છે, બધું જ સતત બદલાયાં કરે છે. રાત પછી દિવસ, ઉનાળા પછી ચોમાસુ, પાનખર પછી વસંત, જીવન પછી મૃત્યુ.

અર્જુન : અને બાબુ મૉશાય, મૃત્યુ પછી જીવન.

ધ્રુવ : એ વાસ્તવ નથી. માન્યતા છે.

અર્જુન : પણ ગીતામાં છે.

ધ્રુવ : એટલે મારે માની લેવાનું !

અર્જુન : ન માનવાનો દુરાગ્રહ શા માટે?

ધ્રુવ : આ દુરાગ્રહ નથી, મારી સ્વતંત્રતા છે, મારે માનવું હોય તો પથ્થરને પણ ઈશ્વર માનું, અને ન માનવું હોય તો ન માનું, મારા પર જબરજસ્તી તો ન જ ચાલે.

અર્જુન : તું નાસ્તિક છે.

ધ્રુવ : હોઈશ. મારો આ સમાજ સાથે, સામાજિક વાસ્તવ સાથે એક જ મોટો પ્રોબ્લેમ છે, હું માણસના, વ્યક્તિના હકમાં આ વાસ્તવને બદલવા પ્રયત્ન કરું છું, જે માણસને કુંઠિત કરે છે, લાચાર બનાવે છે. માણસમાંથી પશુ બનાવે છે એવી વાસ્તવિકતામાં પરિવર્તન ચાહું છું. તું કહે અર્જુન, શું હું ખોટો છું ? શું તું નથી ઈચ્છતો કે આ સિસ્ટિમમાં ચેન્જ આવે ?

અર્જુન : ન ઈચ્છતો હોત તો તારી પાસે ન હોત !

ધ્રુવ : આપણે બધા જ ચેન્જ ઈચ્છીએ છીએ, પણ આપણે જાત કે સમાજ સાથે લડવા નથી ઈચ્છતા ! આપણે આપણાંમાં તો જરા જેટલું ય પરિવર્તન લાવી નથી શકતા અને સમાજ...

(તાબોટાના અવાજ સાથે માસી આવે છે. બારણા પાસે નાચે છે.)

માસી : મોતાજી તારા દીકરાને સો વરસનો કરે.

અર્જુન : (ધિક્કારથી) લો, આવી ગયાં !

ધ્રુવ : આવને માસી.

અર્જુન : ધ્રુવ !

ધ્રુવ : આવને માસી, અવાય.

(માસી ખચકાય છે. પછી ઘરમાં આવે છે.)

માસી : લે, આઈ જઈ, હા ન વળી, ઘર તો મજાનું છે ભૈ'નું!

ધ્રુવ : બેસ, માસી.

અર્જુન : તારું દિમાગ ફરી ગયું છે !

ધ્રુવ : તમારા નોના ભૈ લાગેસ, મોતાજી સો વરસના કરે. મને તો કોઈકે નેચેથી કીધું ક તમારે ત્યાં ભોણિયો ધાવણો થ્યોસ. તે રમાડવા આઈ જઈ.

અર્જુન : અહીં કોઈ ભાણિયો-બાણિયો નથી આવ્યો.

માસી : (ધ્રુવને) ભાભી, ગ્યો પિયર જ્યાસ ?

અર્જુન : તું જા અહીંથી. અમે બેઉ વાંઢા છીએ.

માસી : ભૈ'નું બહુ તપેલું રે'સ નૈ ઈ! ઝટ પૈણાઈ દો, ટોઢું થૈ જાશે.

ધ્રુવ : કોઈકે તારી મજાક કરી લાગે છે, માસી. હું ખરેખર કુંવારો છું .

અર્જુન : સાંભળ્યુંને, ચલ હવે હાલતીની થા.

માસી : હાય હાય ! આ તો મને બૈરીની જેમ ઘઘલાવે સ, મારા રોયા, આ રીતે પૈણેતર હારે બોલાય, માસી હારે નઈ, હમજ્યો.

ધ્રુવ : પાણી આપું, માસી ?

અર્જુન : ધ્રુવ !

ધ્રુવ : બેસને માસી, બેસાય.

(માસી ખુરશીમાં સંકોચ સાથે બેસે છે.)

માસી : તરસ તો લાગીસ, પોણી પીશ.

(ધ્રુવ પાણી લેવા અંદર જાય છે.)

માસી : (અર્જુનને) હાઅઅ તેં તમે શું કરોસ, ભૈ ?

અર્જુન : (ઠાઠથી) કૉલેજમાં ભણાવું છું.

માસી : ઠી...ક, મોસ્તરી કરોસ કીમ !

ધ્રુવ : (પાણીનો ગ્લાસ લઈ આવે છે.) લે માસી.

માસી : (પાણી પીએ છે.) મોતાજી તમારું ભલું કરે, હા અઅ તે ભૈ તમે શું કરો.

ધ્રુવ : છૂટક મજૂરી.

માસી : તે તમેય ઑમની જ્યમ મોસ્તર થઈ જાવને !

ધ્રુવ : નોકરી એમ નથી મળતી.

માસી : બેચરાજી મૉની બૉધા રાખો ભૈ, ઝટ નોકરી મલી જાશે, (અર્જુનને) ચ્યમ ભૈ ?

ધ્રુવ : (પૈસા આપતા)લે, આ અગિયાર રૂપિયા.

માસી : ચ્યમ પૈસા આલેસ ?

ધ્રુવ : તમે મારા ઘેર આવ્યાં એટલે !

માસી : એમ મારાથી પૈસા થોડા લેવાય?

ધ્રુવ : કેમ ?

માસી : અમે એમ ને એમ થોડા પૈસા લઈઅ, એ તો કોઈને ત્યાં પારણું બંધાયું હોય, કીં તો કોઈ પૈ'ણ્યું હોય, નવું ઘર બૉંધ્યું હોય, ત્યારે પૈસા લેવાય, બહુ બહુ તો હોળી-દીવાળીએ.

ધ્રુવ : ખુશ થઈને આપું છું.

માસી : ના હો ભૈ' ખોટી રીતે તો પૈસા ચ્યમના લેવાય ! તેં ઘરમોં બોલાઈ, ખુરશીમોં બેહોડી, પોણીય આલ્યું, ઘણુંય સ, મોતાજી તારું ભલું કરે.

(સંગીત વાગે છે. તાબોટા સાથે માસી જાય છે. ધ્રુવ જોઈ રહી છે.)

અર્જુન : મને ચીડવવા જ ઘરમાં બોલાવેલો ને !

ધ્રુવ : (અર્જુનની જેમ) એ બાબુ મૉશાય, બોલાવેલો નહીં, બોલાવેલી !

અર્જુન : આમ તો એ નાન્યેતર જાતિમાં આવે.

ધ્રુવ : માણસ કેવી રીતે નાન્યેતર જાતિમાં આવે ?

અર્જુન : હીજડા નપુંસકલિંગ છે.

ધ્રુવ : એ તો એમણે પોતાને નપુંસક ઘોષિત કર્યા છે એટલે.

અર્જુન : મતલબ ?

ધ્રુવ : આપણી વચ્ચે અઘોષિત નપુંસકો ક્યાં ઓછા છે ? અને તને હીજડા સાથે શું વાંધો છે ?

અર્જુન : હીજડા સાથે મારી શું નિસબત ? અને જો ધ્રુવ, આ લોકો માણસમાં નથી ગણાતા.

ધ્રુવ : હમણાં તેં મને નાસ્તિક કહેલોને ! મારાથી મોટો નાસ્તિક તો તું છે.

અર્જુન : હું નાસ્તિક છું ? રોજ સવારે સૂર્યને અર્ઘ્ય આપુ છું, પૂજા કરું છું, મંદિરે પણ જાઉં છું...

ધ્રુવ : પણ માણસને માણસ નથી ગણતો કેમ ?

(બહારથી બાળકનો અવાજ)

બાળક : સાહેબ, એ સાહેબ, બિસ્કિટ આલો ને.

અર્જુન : આ વળી કોણ ?

ધ્રુવ : ભાઈબંધ, એક ટેણકો છે, આપણી વાળવાવાળી ચંપા નહીં, એનો દીકરો. મારો બેટો રુસ્તમ જેવો છે. મારો જીવ એની સાથે હળી ગયો છે, એ જ્યારે એની મા સાથે આવે ત્યારે હું થોડી વાર એની સાથે વાતો કરું છું, પેન્સિલ-બિસ્કિટ એવું આપું છું, હું જરા એને ઍટેન્ડ કરી લઉં.

(ધ્રુવ જાય છે. અર્જુન છાપું ખોલે છે. જયસુખલાલની બાલ્કનીમાં પ્રકાશ. ચંદા-તારા ત્યાં આવે છે. અર્જુન એકાદ વખત એ તરફ જોઈ લે છે.)

તારા : એ ચંદાડી ચંદાડી ચંદાડી,

ચંદા : એ તારાડી તારાડી તારાડી, જો,

તારા : કોણ ? પેલો બચુ ખેંખલી.

ચંદા : ના, જો પેલો....

તારા : પેલો અભય.

ચંદા : ના, ધ્રુવ, પેલા છોકરાને રંગીન પેન્સિલ આપે છે.

તારા : એ છોકરો પેન્સિલથી શું કરશે ?

ચંદા : ખબર નહીં, કદાચ રંગીન સૂરજે ચીતરે.

તારા : ચંદાડી, આ ધ્રુવ તો છે ને.....

ચંદા : શું છે ને ?

તારા : કાલે મારા સપનામાં આવેલો.

ચંદા : હોય જ નહીં.

તારા : કેમ ન હોય ?

ચંદા : કાલે તો એ મારા સપનામાં હતો, પછી તારા સપનામાં કેવી રીતે આવે ?

જયસુખ : (પ્રવેશ) ચંદા, તારા, અહીં બાલ્કીનામાં ઊભી ઊભી શું ખિખિયારા કરો છો ? આ આપણને શોભે ? ચાલો, ઘરમાં જાવ.

(ચંદા-તારા જાય છે. જયસુખ ધ્રુવના ફ્લૅટ તરફ જોતાં.)

જયસુખ : કેમ, ધ્રુવ !

અર્જુન : જયસુખકાકા, નમસ્તે.

જયસુખ : નમસ્તે નમસ્તે, ક્યારે આવ્યો ?

અર્જુન : કાલે, આજે પાછો જઈશ. તમારી સહકારી પ્રવૃત્તિ કેમ ચાલે છે ?

જયસુખ : સરસ, હમણાં જ ગ્રામીણ મહિલા સહકારી બૅંકનું ઉદ્‌ઘાટન કર્યું.

અર્જુન : મેં છાપામાં ફોટો જોયો.

જયસુખ : આ વખતે ધારાસભામાં જવું છે.

અર્જુન : તમે તો કાકા સી.એમ. થવાને લાયક છો.

જયસુખ : પટેલસાહેબના શું ખબર છે ?

અર્જુન : એક નવી સંસ્થા ખોલવાના છે.

જયસુખ : હા, હા, વચ્ચે એમનો ડોનેશન માટે કાગળ હતો, કહેજે, ચેક મોકલી આપીશ.

અર્જુન : સારું.

(જયસુખલાલ જાય છે. બાલ્કની પરથી પ્રકાશ લુપ્ત થાય છે. ધ્રુવ પ્રવેશે છે.)

અર્જુન : આ જયસુખકાકાની ચંદા-તારા કોઈનાય આકાશમાં ગોઠવાતી નથી લાગતી.

ધ્રુવ : જયસુખકાકાએ છોકરીઓનું ગોઠવવાનાં બદલે પોતાનું ગોઠવી નાખ્યું.

અર્જુન : આ ઉંમરે બીજા લગ્ન...

ધ્રુવ : ભાઈ સમાજમાં પ્રતિષ્ઠિત માણસ છે, સહકારી ક્ષેત્રના આગેવાન, અને પોલિટિક્સમાંય છે.

(જયસુખલાલની બાલ્કની પર પ્રકાશ. શકુંતલા ગીત ગાતી ગાતી આવે છે અને સ્થિર થઈ બાલ્કનીમાંથી સામે જોઈ રહે છે.)

શકુંતલા : કાંટો સે ખીંચ કે યે આંચલ...તોડ કે બંધન બાંધી પાયલ.

અર્જુન : આ...

ધ્રુવ : શકુંતલાકાકી.

અર્જુન : મારું બેટું, જયસુખકાકાને તો ચેરાપુંજીની લૉટરી લાગી છે !

ધ્રુવ : કોઈક આદિવાસી વિસ્તારમાંથી પરણી લાવ્યા છે, પૈસા આપીને.

અર્જુન : પણ આ તો કન્યાવિક્રય...

ધ્રુવ : આ જ તો છે આપણો, સ્થિર સામાજિક વાસ્તવ.

(પ્રકાશ લુપ્ત થાય છે. ફરી પ્રકાશ થાય છે. ત્યારે ધ્રુવના ડ્રૉઈંગરૂમમાં બારી પાસે જયસુખલાલ )

જયસુખ : અર્જુન (બારી બહાર) એ ચંપલી તારો છોકરો રંગીન પેન્સિલથી મારી ગાડી બગાડે છે.

અર્જુન : (પ્રવેશ) આવો કાકા,

જયસુખ: હું છેલ્લા પંદર દિવસથી તારી રાહ જોતો હતો અર્જુન.

અર્જુન : કાંઈ કામ હતું કાકા ?

જયસુખ: વાત જાણે એમ છે ભાઈ, આ આખેઆખી સોસાયટી ધ્રુવથી ગળે છે.

અર્જુન : કેમ, ધ્રુવ શું કરે છે ?

જયસુખ: શું નથી કરતો એ કહોને, સોસાયટીમાં એવી રીતે રહે છે જાણે એને સોસાયટી સાથે કાંઈ લેવાદેવા જ ન હોય, છેલ્લાં બે ત્રણ વરસથી નથી નવરાત્રીનો ફાળો આપતો કે નથી ગણેશોત્સવનો, ઉપરથી પાછો કહે છે કે તમારે ભૂંગળાં વગાડી તાયફા જ કરવા હોય તો હું ફાળો નહીં આપું. હવે ફાળાની તો જાણે મા મૂઈ, પણ...

અર્જુન : પણ શું કાકા ?

જયસુખ: એ ઘરમાં વેંતભરની ચડ્ડી પહેરીને ફરે છે !

અર્જુન : કાકા, અમદાવાદમાં ગરમી કેટલી પડે છે?

જયસુખ: એટલે શું અડધા નાગાં ફરવાનું ? સામે મારા ફ્લૅટમાં બાલ્કની છે, મારા ઘરમાં ત્રણ ત્રણ યુવાન સ્ત્રીઓ છે, બે મારી દીકરી અને...તારી કાકી પણ.

અર્જુન : એમણે તમને ફરિયાદ કરી ?

જયસુખ: છોકરીઓ કે બાઈમાણસ થોડાં કાંઈ બોલે ? એ તો આપણે જ સમજવાનું ને! આ ધ્રુવને વેંતભરની ચડ્ડીમાં જોઈ સોસાયટીના સંસ્કાર ન બગડે ?

અર્જુન : ધ્રુવ ભણેલો-ગણેલો બુદ્ધિશાળી માણસ છે.

જયસુખ: આ શરીફોની સોસાયટી છે.

અર્જુન : તમે શું ઈચ્છો છો ?

જયસુખ: અમે બહું સહન કર્યું ભાઈ, અને સમજાવ કે સોસાયટી સાથે હળીમળીને રહે, અને ઘરમાં પણ કમસે કમ અડધો નાગો તો ન જ ફરે, એ સ્વતંત્ર મિજાજનો છે એ બરાબર, પણ સોસાયટી નામનીયે કોઈ ચીજ હોય છે, સમજાવજે એને, નહીંતર તું અભયને તો જાણે જ છે ને?

(જયસુખલાલની બાલ્કની પર પ્રકાશ. શકુંતલા 'કાંટો સે ખીંચ કે યે આંચલ' ગાતી આવે છે. સ્થિર થઈ બહાર જોયે રાખે છે.)

જયસુખ: એ નફ્ફટ ઘરમાં જા...

(શકુંતલા ઘુમટો તાણે છે. પ્રકાશ લુપ્ત થાય છે. ફરી પ્રકાશ થાય છે ત્યારે અર્જુન સામાન પેક કરી રહ્યો છે.)

ધ્રુવ : મારા ઘરનો હું ધણી, મારા ઘરમાં મારે કેમ રહેવું તે નક્કી કરવાનો અધિકાર સોસાયટીને નથી.

અર્જુન : તારા અધિકારને કોણ નકારે છે, પણ એમનાં ઘરમાં ત્રણ ત્રણ યુવાન સ્ત્રીઓ છે.

ધ્રુવ : તો હું શું કરું ?

અર્જુન : ઘરમાં ટૂંકી ચડ્ડી પહેરીને શું કામ ફરે છે ?

ધ્રુવ : હે ભગવાન, શું કરવુ઼ આ સોસાયટીનું ? સિનેમા હૉલના અંધારામાં અર્ધનગ્ન હીરૉઈનોને જોઈને લાળ ટપકાવે છે, અને અજવાળામાં નૈતિક્તાના ઝંડા ફરકાવે છે. બીજાનું તો ઠીક પણ પોતાની બહેન-દીકરીઓનું જીવવું ય હરામ કરી નાખે છે.

અર્જુન : એ લોકો રૂઢિચુસ્ત છે.

ધ્રુવ : તો શું મારે એમની જોહુકમી પ્રમાણે જીવવાનું ?

અર્જુન : પણ જે સોસાયટીમાં આપણે રહીએ, એ સોસાયટીના સભ્યો સાથે હળીમળીને રહેવાની આપણી ફરજ ખરી કે નહીં ?

ધ્રુવ : હું એમને ક્યાં નડું છું ?

અર્જુન : તું એમની સાથે ભળતોય નથીને !

ધ્રુવ : એમની સાથે ભળીને રહેવું એટલે શું એ તને ખબર છે? વેંતિયા જેવા વગદાર લોકોને નેતા તરીકે સ્વીકારી લેવા, રોજેરોજ ફાલતું મુદ્દે ચાલતાં આંદોલનોમાં ઝંડા ઉપાડવા, તોડફોડ કરવી, લોકશાહી ટોળાશાહીમાં બદલી નાખવી, અર્જુન, હું અરીસામાં દેખાતું એમનું પ્રતિબિંબ નથી કે એમના ચાળા પાડું, હું વ્યક્તિ છું, માણસ છું માણસ, સ્વતંત્ર માણસ.

અર્જુન : તે એની કોણ ના પાડે છે?

ધ્રુવ : આ ઘેટાં, વારંવાર મારી સામે ઘેટાંની ખાલ ફેંકે છે, મેં એમની આણ નથી સ્વીકારી એટલે એમણે...

અર્જુન : માત્ર એમનામાં જ ખામી છે ?

ધ્રુવ : મેં એમની ખામીઓની પરવા નથી કરી, હું તો મારી ખામી નિવારી રહ્યો છું.

અર્જુન : તારું ધ્યેય એમની સાથે બાખડવાનું છે ?

ધ્રુવ : ના,

અર્જુન : જો, આ સિસ્ટમમાં સારી રીતે જીવવું હોય ને તો સમાજની સાથે સમાજ જેવા થઈને રહો, એમની વચ્ચે એમના જેવા દેખાવ, શું તું એમ માને છે કે હું આ સિસ્ટમ સાથે સહમત છું ? જરા પણ નહીં, કૉલેજમાં મારી સાથેના અધ્યાપકોને જોઈને મને અધ્યાપક હોવા બદલ શરમ આવે છે. અમે દિવસમાં એક વખત પેન ઉઠાવીએ છીએ અને એ પણ મસ્ટરમાં સહી કરવા. શિક્ષણ અને વિદ્યાર્થીઓ જાય ભાડમાં. બધાને પગારપંચ અને નાનીમોટી રાજકીય ઉખાડ-પછાડમાં

જ રસ છે, સામે બેઠેલાં રાષ્ટ્રનાં ભાવિને તો સમજી નથી શકતા અને રાજકીય પક્ષોના ઈશારે ઈતિહાસ બદલવામાં રત હોય છે. શું તું એમ માને છે કે હું આ બધું નથી સમજતો ? બધું જ સમજું છું.

ધ્રુવ : જાનામિ ધર્મઃ નચમેવ પ્રવૃત્તિઃ
જાનામિ અધર્મમ્ નચમેવ નિવૃતિઃ
તું પણ દુર્યોધનની જેમ જ કરે છે ને ?

અર્જુન : એમ ન કરું તો ક્યાં જાઉં ? મારે જીવવું છે, મારે નોકરીની જરૂર છે, મારે વિકાસ કરવો છે, અને એટલે મારે સમાધાન કરવાના જ છે.

ધ્રુવ : જે વાતનો અંદર વિરોધ હોય એનું જ તમે ઉપર ઉપરથી સમર્થન કરતા હો ! આ તો મન મારીને જીવવાનું થયું ને ?

અર્જુન : અહીં બધા જ મન મારીને જીવે છે, અને આ આખેઆખી સિસ્ટમ એમ જ ચાલે છે.

ધ્રુવ : તને આ સિસ્ટમ ચાલતી દેખાય છે ?

અર્જુન : હા, અને એ આમ જ ચાલતી રહેશે. તારી જેમ જીવવું શક્ય નથી.

ધ્રુવ : પણ હું તો જીવું છું.

અર્જુન : એ જીવન જોઈ મને પીડા થાય છે.

ધ્રુવ : સૉરી યાર, મારા જીવવાથી તને પીડા થાય છે એ જાણીને મને અફસોસ થાય છે.

અર્જુન : તો પછી અવળચંડાઈ છોડ ને.

ધ્રુવ : મારામાં ક્યાં અવળચંડાઈ છે, જો, હું તો સીધોસટ છું!

અર્જુન : બીજાઓ સાથે સહમત થઈ જીવતા શીખ.

ધ્રુવ : દોસ્ત, આ સિસ્ટમને કોઈના સહમત થવાથી ક્યાં સંતોષ થાય છે ? એને તો સમર્પણ જોઈએ છે, સંપૂર્ણ સમર્પણ.

અર્જુન : ચાલ, હું નીકળું હવે.

ધ્રુવ : બે મિનિટ.
(ઝડપથી અંદર જાય છે. અર્જુન સામાન સમેટે છે. ધ્રુવ પેન્ટ-શર્ટમાં પ્રવેશે છે.)

ધ્રુવ : બસ, આજથી ઘરમાં પણ ચડ્ડી પહેરીને નહીં ફરું !

અર્જુન : આ થઈને સમજદારીની વાત, ચલ, આવજે.

ધ્રુવ : એ કાલે પાછું એક ઈન્ટર્વ્યૂ છે.

અર્જુન : તું કહેતો હો તો પટેલસાહેબને...

ધ્રુવ : ના દોસ્ત.

અર્જુન : અહીંની દરેકેદરેક કૉલેજ એમના હાથમાં છે.

ધ્રુવ : હશે, પણ મારે એમના હાથમાં નથી આવવું.
(અર્જુન જાય છે. જયસુખની બાલ્કનીમાં પ્રકાશ. શકુંતલા 'કાંટો સે ખીંચ કે યે આચલ' ગાતી ગાતી આવે છે. સ્થિર થઈ જોયા કરે છે.)

ધ્રુવ : હે ભગવાન, શું હું મારા ઘરમાં ય બુરખો પહેરીને ફરું? (પ્રકાશ લુપ્ત થાય છે. અંધકારમાં 'જયસુખલાલ ઝિંદાબાદ'ના નાર પોલીસ સાયરનનો ધ્વનિ. મંચના આગળના ભાગે પ્રકાશ. એક તરફની ફર્સ્ટ વિંગમાંથી એક નેતા હાથમાં ચારા સાથે આવે છે જેની પાછળ ઘેટાનું ટોળું કતારબધ્ધ ચાલી રહ્યું છે. વચ્ચે વચ્ચે ઘેટાં નારા બોલે છે. બીજી તરફની ફર્સ્ટ વિંગમા બધાં ચાલ્યા જાય છે ત્યાંથી જ હાથમાં મોબાઈલ સાથે એક યુવતી આવે છે.)

યુવતી : હા, મમ્મી, અહીં બંધનું એલાન છે અને તોફાનો પણ થાય છે. બસ અને રીક્ષા પણ બંધ છે. તું ચિંતા ન કરીશ, હા, મને ઘેર આવતા મોડું થશે. ઓ.કે. ચાલ, આવજે.
(યુવતી મોબાઈલ ઑફ કરે છે. પોલીસ સાયરન અને ફાયરીંગ ના ધ્વનિ. યુવતીની સામેની બાજુએથી અભય અને લાલુ આવે છે. યુવતીનો રસ્તો રોકે છે.)

યુવતી : તમારામાં શરાફત છે કે નહીં ?

અભય : આજે તો બંધનું એલાન છે !

યુવતી : હું બૂમાબૂમ કરીશ.

અભય : બંધ એટલે બંધ, સજ્જડ બંધ, કોણ સાંભળશે બૂમાબૂમ! બસો પર પથ્થર મારા થશે.

લાલુ : મકાનો સળગશે.

અભય : લાઠી અને ખંજરો ચાલશે.

યુવતી : (મોટેથી)પોલીસ, પોલીસ, (મોબાઈલ જોડે છે)

અભય : બંધ એટલે બંધ, સજ્જડ બંધ,
(લાલુ મોબાઈલ છીનવે છે. બન્ને બળજબરી કરે છે. યુવતી જે તરફથી આવી હતી તે વિંગમાં ભાગે છે. અભયના હાથમાં એનો દુપટ્ટો રહી જાય છે. બન્ને યુવતા પાછળ જઈ રહ્યા છે. ધ્રુવ અને યુવતી પાછા સ્ટેજ પર આવે છે. યુવતીને અભયે શાલ વીંટાળી છે.)

અભય : (ધ્રુવને) ચલ એય, ફૂટ અહીંથી.

ધ્રુવ : રસ્તામાંથી હટી જાવ.

અભય : તું અમારો રસ્તો રોકીશ ? લાલુ, આ ડોબાને સમજાવ.

લાલુ : ચલ, એય, ચાલતી પકડ.
(ધ્રુવને ક્રોધ આવે છે. લાલુને બે હાથથી આખેઆખો ઉઠાવે છે)

ધ્રુવ : પટકીને મારી નાખીશ, સમજો છો શું તમે બધા ? અહીં શું તમારું રાજ ચાલે છે ?
(પોલીસ સાઈરનનો અવાજ. પ્રકાશ લુપ્ત થાય છે. ફરી પ્રકાશ થાય છે ત્યારે ડ્રૉઈંગરૂમમાં ધ્રુવ અને અર્જુન.)

અર્જુન : શું જરૂર હતી ઉછીની આફત વહોરવાની ?

ધ્રુવ : તો શું હું જોયા કરું ?

અર્જુન : તું શું કૃષ્ણ છે કે ત્યાં ચીર પૂરવા ગયો હતો ?

ધ્રુવ : ના, પણ હું કુરુસભામાં બેઠેલો કોઈ મહારથી પણ નથી

કે ચૂપચાપ બધું જોયા કરું. આની સામે બોલવું તો પડેને!

અર્જુન : આ આપણું કામ નથી.

ધ્રુવ : તો કોનું છે ?

અર્જુન : પોલિટિકલ સિસ્ટમનું.

ધ્રુવ : તો પોલિટીકલ સિસ્ટમમાં ચેન્જ....

અર્જુન : ચેન્જ, ચેન્જ, ચેન્જ, તારા કે મારા બૂમ-બરાડાથી કે લોકોના કરૂણ આક્રંદથી થોડી પોલિટિકલ સિસ્ટમ બદલાય છે ? સત્તા ટકાવવા માટે પરિવર્તનની અનિવાર્યતા ઊભી થાય ત્યારે એ બદલાય છે. શું તારો સંઘર્ષ વ્યર્થ નથી ?

ધ્રુવ : ના, આ સમાજના બીબાં અને માણસની માટી વચ્ચેનો સંઘર્ષ છે. ઘણાં લોકો ઢાળામાં ઢળાતા નથી.

અર્જુન : અને એવા લોકોની આ વ્યવસ્થા મીટ્ટી પલિત કરી નાખે છે. ઠોકરે ચડાવે છે એમને. તારા જેવા લોકોનું સમાજની સ્થાપિત સત્તાઓ સામે કોઈ મહત્ત્વ નથી.

ધ્રુવ : સાવ એવું તો નથી દોસ્ત, અમે એ અરીસા છીએ જે ભ્રષ્ટ સત્તાને એનો કુરૂપ ચહેરો બતાવે છે.

અર્જુન : અને એટલે સત્તા એવા અરીસાને તોડી નાખે છે.

ધ્રુવ : આવો એક અરીસો તૂટે છે ત્યારે એમાંથી બીજા અસંખ્ય અરીસા બને છે.

અર્જુન : તું તારી જાત વિશે વિચાર ભાઈ.

ધ્રુવ : માત્ર જાત વિશે વિચારવું એ તો એકદંડિયા મહેલમાં પૂરાઈ રહેવા જેવું છે.

અર્જુન : આમ પણ તું એકદંડિયા મહેલમાં જ છે ને !

ધ્રુવ : સજા સ્વરૂપે મૂકાયો છું, પણ બારી-બારણાં ખુલ્લાં છે.

પો.ઈન્સ : (પ્રવેશ) ધ્રુવ અહીં રહે છે ?

ધ્રુવ : હું ધ્રુવ છું, આવોને ભાઈ, ઘરમાં આવો, અવાય.

પો.ઈન્સ : લ્યો તારે આવી ગયો, બાકી અમારાથી સમન્સ અને વોરંટ વિના કે સામેવાળાની મરજી વગર થોડું ઘરમાં અવાય! અમનેય કાયદો નડે છે. તમે કેટલાક રાજકીય લોકો સામે ફરિયાદ કરી છે ?

ધ્રુવ : કેમ ! રાજકીય લોકો સામે ફરિયાદ ન કરાય?

પો.ઈન્સ : કરાય. જુઓ, તમે સજ્જન માણસ છો, આ ચક્કરમાં શું કામ પડો છો ?

ધ્રુવ : એ લોકો છોકરીની ઈજ્જત લૂંટે અને...

પો.ઈન્સ : છોકરીના બાપે ફરિયાદ પાછી ખેંચાવી છે, તમે પણ...

ધ્રુવ : હું ફરિયાદ પાછી નહીં ખેચું.

પો.ઈન્સ:જુઓ, હું તમને સલાહ આપું છું. !..

ધ્રુવ : તમે મને સલાહ આપવાના બદલે દોષી છે એમની સામે કાર્યવાહી કરોને !

પો.ઈન્સ:નિર્દોષને બચાવવા એ મારી નૈતિક ફરજ છે.

ધ્રુવ : એ લોકો નિર્દોષ નથી.

પો.ઈન્સ:હું તમારી વાત કરું છું !

ધ્રુવ : તો પછી કાર્યવાહી કરોને.

પો.ઈન્સ:મારા હાથ બંધાયેલા છે.

ધ્રુવ : પોલીસ તો અપરાધીને બાંધે, અપરાધીની જેમ બંધાયેલી પોલીસ જોઈને આશ્ચર્ય થાય છે.

પો.ઈન્સ:અમારે અપરાધીને પિંજરામાં પૂરાવું પડે એવી સ્થિતિ તો રોજેરોજ ઊભી થાય છે. પણ અમને પોલીસમાંથી અપરાધી બનાવનારા જાદુગરો કોઈને ક્યાં દેખાય છે ? જે કોઈ પણ આ જાદુગરોની માયા ભેદે છે, એમના ચહેરા પરથી બુરખો હટાવવાનો પ્રયત્ન કરે છે, એ...

ધ્રુવ : એ સાહેબ, સત્ય બોલી નાખોને.

પો.ઈન્સ:એ બોલાતું નથી, એ તો રોજ અમારી સામે અજાણી લાશ બનીને ફેંકાય છે અને અમારે એનું પંચનામું કરવુ પડે છે. ચાલો ત્યારે....

(પોલીસ ઈન્સપેક્ટર જાય છે. પ્રકાશ લુપ્ત થાય છે. ફરી પ્રકાશ થાય છે ત્યારે ધ્રુવના ડ્રૉઈંગરૂમમાં જયસુખ અભય અને ધ્રુવ છે.)

અભય : ધ્રુવ,

ધ્રુવ : હવે શું આવ્યા છો ?

અભય : તારાથી સોસાયટી ત્રાસી ગઈ છે.

ધ્રુવ : અને તારાથી ખુશ છે કેમ ?

અભય : હું તો કાર્યકર છું.

ધ્રુવ : તારા કાર્યો હું જાણું છું.

અભય : બધાં જ જાણે છે, એટલે તો લોકો મને માન આપે છે.

ધ્રુવ : ડરે છે તારાથી.

જયસુખ: અને એ ડર રહેવો જ જોઈએ, જો, પેલી છોકરીનાં મા-બાપે અભય સામેની ફરિયાદ માફી માગીને પાછી ખેંચી લીધી છે.

અભય : કોર્ટના ચક્કરમાં પડી એ પોતાની છોકરીની આબરૂ વધારે ખલાસ કરવા નથી માગતા.

જયસુખ: તારે પણ ફરિયાદ પાછી ખેંચવાની છે.

ધ્રુવ : શા માટે ?

જયસુખ: એય, અમે કહીએ છીએ એટલે.

ધ્રુવ : તમે ! તમે છો કોણ ?

અભય : આ સોસાયટીના આગેવાનો.

ધ્રુવ : તમે મારા પર કશું લાદી ન શકો.

અભય: દોસ્ત, તને અમારી તાકાતનો અંદાજ નથી, અહીં અમારા ધાર્યા પ્રમાણે જ બધું થાય છે.

જયસુખ: સામેવાળા કસ્તુરભાઈની છોકરી ઈતરકોમના છોકરા સાથે ભાગી ગયેલી.

અભય: મહારાષ્ટ્રમાંથી બેઉને પકડીને પાછાં લાવેલાં, ભગાડી જનાર છોકરાને મારીમારીને ઘો જેવો કરી નાખેલો, બધું થાળે પડી ગયું, છોકરી પોતાની નાતમાં પરણી પણ ગઈ અને આજે ત્રણ છોકરાની માય બની ગઈ!

ધ્રુવ : તમે શું એમ માનો છો કે હું તમારા તાબે થઈશ ?

અભય: સોસાયટીમાં રહેવું હોય તો થવું પડશે.

જયસુખ: 'ડી' બ્લૉકવાળા પારસી યાદ છે ?

અભય: ડોસા-ડોસી ફ્લૅટ ઈતરકોમને વેચી દીકરા પાસે અમેરિકા જવાનાં હતાં. ત્રણ ત્રણ દિવસ સુધી રાતભર એના ફ્લૅટ પર પથ્થર વરસાવ્યા, સામાન ચૉકમાં લાવી સળગાવ્યો.

જયસુખ: એ પારસી હોઈકોટનો રિટાયર્ડ જજ હતો.

અભય: ફ્લૅટ ખંડેર જેવો પડ્યો છે. (ધ્રુવના ગાલે ટપલી મારતા) સમજાવું છું છોકરા, સમજી જા, ચાલો કાકા. (બન્ને જઈ રહ્યા છે)

ધ્રુવ : ઊભા રહો, હું ફરિયાદ પાછી નહી ખેંચુ.

જયસુખ: સામે રહેવા દીધો છે એ ઘણું છે, સામે ન પડ.

અભય: અમારી સામે પડવાની હિંમત છે તારામાં ?

ધ્રુવ : (જયસુખ પાસે જઈ) જોવી છે હિંમત ? તો જુઓ. (પ્રકાશ લુપ્ત થાય છે. સંગીત. જયસુખનો અવાજ 'એ નફ્ફટ મારા કપડાં આપી દે.' ફરી પ્રકાશ. મંચની આગળ એક પછી એક માણસો આવે છે.)

સ્ત્રી : એ જુઓ, જુઓ, જુઓ, જયસુખલાલ ભાગ્યો !

યુવાન : ધ્રુવે એનાં કપડાં કાઢી લીધાં !

સ્ત્રી : આ મૂવાઓ સાથે તો આવું જ થવું જોઈએ.

વૃધ્ધ : રાજનીતિમાં તો સ્વચ્છતાની જરૂર છે.

યુવતી : એમની જોહુકમી ફગાવવી જ પડશે.

કોરસ : હા હા, હવે તો આવું જ કરવું જોઈએ.
(વિંગમાંથી એક રાજનીતિજ્ઞ હાથમાં ચારા સાથે આવે છે. ટોળાને પૂચકારે છે. બધાં વાંકા વળી લાઈનસર ચારાની પાછળ પાછળ ઘેટાંની જેમ ચાલવા લાગે છે. પ્રકાશ લુપ્ત થાય છે. ધ્રુવના ડ્રૉઈંગરૂમમાં પ્રકાશ. અભય અને ધ્રુવ.)

અભય: આ તેં ખોટું કર્યું, આટલી બધી નાગડદાઈ ?

ધ્રુવ : નાગડદાઈ તો તમારી છે, આખી સોસાયટીને જોહુકમી તળે દબાવીને રાખી છે, આખેઆખી સિસ્ટમને તમારા રંગે રંગી નાખી છે, આતંક મચાવ્યો છે તમે, શું આ નાગડદાઈ નથી ?

અભય: છે, અને અમારે એ ટકાવી રાખવાની છે, ગમે તે ભોગે, સભ્યતાના નામે, સમાજના નામે, અમે કોઈ પણ હદે જઈ શકીએ છીએ, કોઈ પણ કાયદો અમને નડતો નથી. આ આખા સમાજનું અમને સમર્થન છે.

ધ્રુવ : હશે, પણ મારાં ઘરમાં મારા પર. તમારી સત્તાના ઝંડા ફરકાવવા ન આવતા, ગેટ આઉટ.
(પ્રકાશ ઝાંખો થાય છે. અભય જાય છે. બહારથી 'જીતેગા ભાઈ જીતેગા, અભય કુમાર જીતેગા' નો સૂત્રોચ્ચાર સંભળાય છે. ઘેટાંનો અવાજ કરતું ઘેટાંનું ધણ ઘરમાં પ્રવેશે છે. કતારબધ્ધ આવીને ધ્રુવને ઘેરે છે. ધ્રુવ બારણાં તરફ ભાગે છે. જયસુખ અને અભય સામા મળે છે. ધ્રુવ પાછો હટે છે. અભય એક કપડું ધ્રુવ તરફ ફેંકે છે.)

અભય: લે, આ પહેર.

ધ્રુવ : શું છે આ ?

અભય: ઘેટાંની ખાલ.

ધ્રુવ : હું માણસ છું.

અભય: શી...શ...શ, અહીં માણસ થવાની સખત મનાઈ છે. ખાલ પહેર અને ઘેટું થા, જો, જો, હું પણ ઘેટું છું ! (ઘેટાંની જેમ ચાલે છે માથું મારે છે.)

જયસુખ: (માથુંમારતા) હું પણ છું, તું પણ ખાલ પહેર.
(ઘેટાં માથાં મારે છે. આગલા બે પગ હાથની જેમ ધ્રુવને મારવા લાગે છે.)

ધ્રુવ : ના, ના, હું માણસ છું, માણસ, વ્યક્તિ, સ્વતંત્ર માણસ તમે મને આ રીતે ઘેટું ન બનાવી શકો, હું ઘેટાંની જેમ આ ગાડરિયાં પ્રવાહમાં એકધારી ચાલે નથી જીવવા માંગતો, મારે માણસની જેમ જીવવું છે, ગૌરવભેર, માથું ઉઠાવીને, હું તો ઈચ્છુ છું સહુ કોઈ એમ જીવે, દરેકે દરેક માણસ દરેક વ્યક્તિ, તમે, તમે, તમે પણ, (અર્જુન પ્રવેશે છે.) અને તમે પણ,
(ઘેટાં ધ્રુવના પગ ખેંચે છે. ધ્રુવ પડે છે, પડેલા ધ્રુવ પર ઘેટાં માથા મારી રહ્યાં છે. બે હાથથી જાણે એને ઊઝરડી રહ્યાં છે.)

અર્જુન : જાનામિ ધર્મમ્ નચમેવ પ્રવૃત્તિઃ
ધર્મ શું છે તે જાણું છું પણ એનું આચરણ કરી શકતો નથી.
જાનામિ અધર્મમ્ નચમેવ નિવૃતિઃ
અધર્મ શું છે તે જાણું છું પણ એનું આચરણ છોડી શકતો નથી.
(અર્જુન પણ આ બોલતા બોલતા ઘૂટણિયે પડે છે. ઘેટાંની જેમ ચાલતો ચાલતો ધ્રુવને ઘેરી વળેલાં ઘેટાં સાથે ભળી જાય છે. ઘેટાંના અવાજો સાથે પડદો બંધ થાય છે.)

❐

# 'ગણિત અઘરો વિષય નથી'

અરવિંદ ગજ્જર

'કવિઓ જન્મે છે, બનતા નથી'- આ વિધાન બિલકુલ સાચું છે. કવિઓમાં કુદરતી બક્ષિસરૂપ કાંઈક વિશેષ આગવી આવડત હોય છે જે પ્રયત્નથી બીજાને શીખવી શકાતી નથી.ગણિત શીખવા માટે કોઈ વિશેષ આવડતની જરૂર નથી. કોઈ પણ વ્યક્તિ ગણિત શીખી શકે છે, બીજાને શિખવાડી શકે છે. ગણિત શીખવા માટે મહેનત કરવી પડે છે તો બીજા વિષયો શીખવા માટે પણ એટલી જ મહેનત જરૂરી છે. એટલો ફરક છે કે આપણી અણ-આવડત અને અજ્ઞાન છુપાવીને જાતને અને બીજાઓને છેતરવાનું બીજા વિષયોમાં જેટલું સહેલું છે તેટલું સહેલું ગણિતમાં નથી. નિરપેક્ષ રીતે કોઈ વિષય અઘરો અથવા સહેલો નથી. કોઈ પણ વિષય કોઈએક વીદ્યાર્થીને અઘરો અથવા સહેલો લાગવાનાં કારણો વિષય સાથે નહિ, વિદ્યાર્થી સાથે સંકળાયેલા હોય છે. આ કારણો નિવારી શકાય તેવાં હોય છે. ક્રિકેટમાં જેમ ફેંકાતા દડાને અનુરૂપ પોતાની સ્થિતિ ગોઠવતાં (ફુટવર્ક કરતાં) બૅટ્સમૅનને આવડતું હોય તો કોઈ પણ દડાને રમવો અઘરું કામ નથી તેમ વિષયને અનુરૂપ તેને શીખવાની રીત ગોઠવતા આવડતી હોય તેમને માટે કોઈ વિષય અઘરો નથી. ગણિત વિષયનું સ્વરૂપ ભાષાના અને સામાજિક વિજ્ઞાનના વિષયોથી ઘણું જુદું પડે છે પરંતુ તેથી તેને અઘરો વિષય ન કહી શકાય.

મનોવૈજ્ઞાનિકોએ ગણિતમાં સરખી આવડતવાળા સો સો વિદ્યાર્થીઓનાં બે જૂથ બનાવી પહેલા જૂથને વીસ દાખલા ગણવા આપી કહ્યું કે,'દાખલા ઘણા સહેલા છે. તમને ગણતા ન આવડે તો આશ્ચર્ય ગણાશે.' જ્યારે બીજા જૂથને તે જ વીસ દાખલા ગણવાં આપી કહ્યું,'દાખલા ઘણા અઘરા છે પરંતુ તમે પ્રયત્ન કરો, દાખલા તમને આવડે તો સારું ગણાશે.' પરિણામમાં પહેલા જૂથને વીસમાંથી સરેરાશ પંદર દાખલા આવડ્યા જ્યારે બીજા જૂથને સરેરાશ દશ દાખલા પણ ન આવડ્યા. એટલે ગણિત શીખવા માટે સૌપ્રથમ 'ગણિત અઘરો વિષય છે', 'ગણિત આવડતું નથી'- આવા વિચારોનો નાશ કરવો જરૂરી છે. કોઈ પણ વ્યક્તિ ગણિત શીખી શકે છે તો સવાલ એ થાય કે એક વર્ગમાં એક વિદ્યાર્થીને સો માંથી સો ગુણ મેળવવાના પણ ફાંફાં પડે છે, એવડો મોટો તફાવત કેમ ?

વિષય પ્રત્યે રુચિ અથવા અરુચિ વિષયને સહેલો અથવા અઘરો બવાવવમાં મુખ્ય ભાગ ભજવે છે. રુચિ અથવા અરુચિ ચકરાવો સર્જે છે. કોઈ પણ વિષયમાં શરુઆતમાં કોઈ પણ કારણથી સહેજ રુચિ હોય તો આ રુચિને કારણે વિદ્યાર્થી પુરુષાર્થ કરે છે. પુરુષાર્થને કારણે સફળતા મળે છે. આ સફળતા રુચિમાં વધારો કરે છે. આ વૃદ્ધિ પામેલ રુચિ પુરુષાર્થમાં વધારો કરે છે. આમ, ઉત્તરોત્તર રુચિ, પુરુષાર્થ અને સફળતામાં વધારો થતો જ રહે છે. આથી ઊલટું વિષય શીખવાની શરૂઆતમાં સહેજ અરુચિ હોય અને બીજાં પ્રેરકબળોનો અભાવ અથવા નબળાઈ હોય તો અરુચિ, નિષ્ક્રિયતા અને નિષ્ફળતામાં ઉત્તરોત્તર વધારો થતો રહે છે. દરજીના સંચાને જેમ શરૂઆતમાં જે બાજુ ઠેલો વાગે તે બાજુએ અવળો અથવા સવળો તે ફરવા લાગે છે, તેમ રુચિ અથવા અરુચિના શરૂઆતના ઠેલાથી વિષય શીખવાની આવડતનું સવળું અથવા અવળું માળખું બંધાય છે. ઘણી વખત રુચિ હોય અને વિદ્યાર્થી મહેનત કરે છતાં ગણિત આવડતું નથી એવું બને છે. આમ થવાનાં કારણો સમજીએ.

ઈતિહાસમાં તમે મોગલયુગ વિશે કશું ન વાંચેલું હોય અને મરાઠાયુગ વિશે વાંચવાનું ચાલુ કરો તો વાંચવામાં આવતી વિગતો સમજીને યાદ રાખવામાં કશી તકલીફ થતી નથી. ભૂગોળમાં નાઈજીરિયા વિશે કશું જાણતાં ન હો અને સાઈબીરિયા વિશે વાંચવાનું ચાલુ કરો તો તેમ કરી શકાય છે. ભાષાના કોઈ પણ પુસ્તકના પ્રકરણનો અભ્યાસ બીજાં પ્રકરણોને બાજુએ રાખીને થઈ શકે છે જ્યારે ગણિતમાં કોઈ એક સિદ્ધાંત સમજવા માટે તે જેના પર આધારિત છે તે તર્કબદ્ધ વિગતોના માળખાને સમજીને પચાવ્યા વગર આગળ વધવું શક્ય નથી. બીજા વિષયોમાં ઈંટની બાજુમાં ઈંટ મુકાય છે જ્યારે ગણિતમાં ઈંટ ઉપર ઈંટ મુકાય ને ચણતર થાય છે એમ કહી શકાય. જેઓ ગણિત શીખી શકતા મથી તેમને પાછળનાં વર્ષોનું ગણિત આવડતું હોતું નથી.

ઈતિહાસમાં રાજપૂતોની પડતીનાં બધાં કારણોમાંથી જેટલાં આવડતાં હોય તેટલાં પરીક્ષામાં સવાલના જવાબ તરીકે લખી શકાય છે. જ્યારે ત્રણ સૂત્રોના ઉપયોગથી ગણી શકાતો દાખલો જો પહેલું સૂત્ર ન આવડતું હોય અને બાકીનાં બે આવડતાં હોય તો ગણી શકાતો નથી. એટલે ગણિતમાં સફળતા મેળવવા માટે જ્ઞાન જેટલું જ મુખપાટ હોવું જરૂરી છે તેટલું જ પૂર્ણ હોવું જરૂરી છે.

વિસ્મૃતિની પ્રક્રિયાને કારણે એક વખત શીખેલ વિગતો હંમેશ માટે યાદ રહેતી નથી. એટલે દરેક વખતે નવા વર્ષનું ગણિત શીખવાની શરૂઆત કરતાં પહેલાં, પહેલેથી શરૂ કરીને પાછળનાં બધા વર્ષોનાં ગણિતના અભ્યાસનું પુનરાવર્તન કરતા રહેવું જોઈએ.

ગણિતમાં વિગતો જાણવાથી અને સમજવાથી કામ પૂરું થઈ જતું નથી. વિગતો એકબીજી સાથે કેવી રીતે સંકળાયેલ હોય છે તે જાણી સમજીને યાદ રાખવું જરૂરી છે. પરંતુ આથી ગણિત વિષય અઘરો બનતો નથી, કારણ કે ગણિતના એક પ્રકરણમાં પાયારૂપ સિદ્ધાંત સ્વરૂપે સમાયેલ વેઢે ગણાય તેટલી જ વિગતો હોય છે. પાઈથાગોરસના સિદ્ધાંતના પ્રકરણમાં 'કાટકોણ ત્રિકોણમાં કાટખૂણો બનાવતી બાજુઓના માપના વર્ગનો સરવાળો કર્ણના માપના વર્ગ બરોબર હોય છે' આટલી

જ યાદ રાખવાયોગ્ય મુખ્ય વિગત હોય છે. બાકીનાં પૃષ્ઠો આ સિદ્ધાંતની સમજ, સાબિતી, ઉપયોગ તથા નમૂનાના દાખલાઓ અને સ્વાધ્યાયના દાખલાઓની રકમોથી ભરેલાં હોય છે. સરખામણીમાં બીજા વિષયોમાં દરેક પૃષ્ઠ પર યાદ રાખવી જરૂરી એવી પુષ્કળ વિગતો હોય છે. એકબીજાં સાથે તર્કથી સંકળાયેલ નથી એવા પાંચ મુખ્ય નદીઓનાં નામ કે જેના પરથી પ્રદેશનું નામ પંજાબ કહેવાય છે તે યાદ રાખવા કરતા તર્કથી સંકળાયેલ ગણિતમાં આવતી પાંચ કે તેથી વધુ વિગતો યાદ રાખવી સહેલું છે.

નાનું બાળક અભ્યાસની શરૂઆત કરે છે ત્યારે એકડો ઘૂંટીને શીખવાનું તેને જેટલું નીરસ લાગે છે તેટલું જ નીરસ કાર્ય મૂળાક્ષરો ઘૂંટીને શીખવાનું લાગે છે. પછીનાં વર્ષોમાં બીજા વિષયોમાં કથા તત્ત્વ ઉમેરાવાને કારણે સ્વભાવ સહજ રુચિ ઉત્પન્ન થાય છે અને જળવાય છે. ગણિતમાં કથા તત્ત્વ નથી. આ ઊણપને સમતોલ કરે એટલું જ નહિ પરંતુ ભુલાવી દે તેવી બાબત છે ગણિતની વ્યાપક ઉપયોગિતા. અભ્યાસમાં અને વ્યાવહારમાં વધારેમાં વધારે લોકોને વધારેમાં વધારે ઉપયોગી કોઈ વિષય હોય તો તે ગણિત છે. જે લોકો અશિક્ષિત છે તેમને પ્રસંગોપાત્ત ગણિત ન આવડવાના કારણે જેટલો અફસોસ થાય છે તેટલો અફસોસ ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન અથવા ભાષાના અજ્ઞાનને કારણે થતો નથી. ગણિતની ઉપયોગિતા અને મહત્ત્વ જો વિદ્યાર્થીના મનમાં વસે તો બીજા કોઈ વિષયમાં હોય તેના કરતાં અનેકગણી રુચિ ગણિત શીખવા માટે થાય. જ્યારે એવું લાગે છે કે વિદ્યાર્થી ગણિત શીખવામાં નિષ્ફળ ગયેલ છે ત્યારે ખરેખર તે ગણિતનું મહત્ત્વ અને ઉપયોગિતા સમજવામાં અને સ્વીકારવામાં નિષ્ફળ થયેલ હોય છે.

અભ્યાસનો મુખ્ય હેતુ માનસિક શક્તિઓનો વિકાસ સાધવાનો છે. શીખવાની અને કોયડાઓ ઉકેલવાની શક્તિને આપણે બુદ્ધિ કહેલ છે.(પૃષ્ઠ ૧૭૪ 'કુમાર' ૯૧૫ : માર્ચ ૨૦૦૪.) કોયડાઓ ઉકેલવાની તાલીમ ગણિત અને તેનો ઉપયોગ આવતો હોય એવા વિષયો સિવાયના વિષયોના અભ્યાસથી મેળવવાનું મુશ્કેલ છે. એટલે બુદ્ધિનો વિકાસ ગણિતના અભ્યાસથી જે સરળતાથી થાય છે તેટલી સરળતાથી બીજા વિષયોના અભ્યાસથી થતો નથી. ગણિતશાસ્ત્રીઓ, ઈજનેરો અને વૈજ્ઞાનિકો ઊંચો બુદ્ધિઆંક ધરાવતા માલૂમ પડે છે તેનું આ પણ એક કારણ હશે.

ગણિતના અભ્યાસથી તર્કબદ્ધ વિચારવાની અને સત્યોની અણીશુદ્ધ સાબિતી આપવાની શક્તિ કેળવાય છે. ગણિતમાં થોડી પૂર્વધારણા સિવાયની કોઈ વાત સાબિતી વગરની નથી હોતી એટલે ગણિતની તાલીમને કારણે વિચારને સ્વીકારતા પહેલાં જાણમાં હોય તે સ્થાપિત હકીકતોથી તેને ચકાસવાની ટેવ પડે છે. એક દાખલાની લાંબી ગણતરીમાં બધુ જ સાચું હોય, પરંતુ કોઈ એક જગ્યાએ નાની એવી ભૂલ થઈ જાય તો પણ જવાબ ખોટો આવે છે. એટલે ગણિતના અભ્યાસને કારણે વિદ્યાર્થીઓ કામની ચોકસાઈનું મૂલ્ય અને મહત્તા સમજતા થાય છે.

અભ્યાસના સમયે આંખો અક્ષરો પર ફરતી હોય અને મગજ બીજા વિચારો કરતું હોય તે બેધ્યાનની સ્થિતિ કહેવાય છે. બીજા કોઈ વિષય કરતાં ગણિતમાં બેધ્યાનની સ્થિતિ તરફ વહેલું ધ્યાન ખેંચાય છે. ઊંઘને અવરોધીને અભ્યાસ કરવાનો હોય ત્યારે દાખલાઓ ગણવાનું કાર્ય, વાચન કરવા કરતા સહેલું પડે છે. ગણિતમાં સૂત્રો અને બીજી યાદ રાખવાયોગ્ય વિગતોનો દાખલાઓ ગણવામાં વારંવાર ઉપયોગ થતો હોવાથી તેમને યાદ રાખવા માટે કોઈ વિશેષ પ્રયત્ન કરવો પડતો નથી. દાખલાઓ ગણવાની તાલીમથી જ્ઞાનનો ઉપયોગ કરવાની આવડત કેળવાય છે. 'ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર' આ વિધાન અર્ધસત્ય છે તે વાત ભાષાનો વિદ્યાર્થી સમજી શકશે, ગણિતના વિદ્યાર્થીને ગળે નહિ ઊતરે. અર્ધસત્યની કોઈ વાત ગણિતમાં આવતી નથી. ગણિતમાં સત્યો, સ્થળ, સંજોગ અને સમયથી પર હોય છે.ગણિતની જમાબાજુએ ખતવણી કરીએ છીએ ત્યારે બધા જ જાણે છે એવી એક વાત એ પણ કરી લઈએ કે પરીક્ષાઓના પરિણામમાં ગુણનો વરસાદ વરસાવવા માટે મહેનતુ વિદ્યાર્થીને ગણિત જેટલો ઉપયોગી બીજો કોઈ વિષય નથી.

અન્યને ઈર્ષા ઉપજાવે તેવું સાચું ગણિત શીખવા માટે સોનેરી નિયમ છે : તમારી મહેનત બચાવી આપે તેવી સઘળી સામગ્રીનો ઉપયોગ બંધ કરી, શિક્ષકનો પણ ઓછામાં ઓછો ઉપયોગ કરી જાતે પુસ્તક વાંચી, જાતમહેનતથી દાખલાઓ ગણી ગણિત શીખો.

સ્વપ્રયત્નોથી અભ્યાસ કરવાની વાત નવી નથી. વિખ્યાત મનોવૈજ્ઞાનિક સ્કિનરે વિષયવસ્તુને નાનાં પગલાંઓમાં વહેંચીને, સક્રિય પ્રતિચાર આપીને તરત પરિણામની જાણ મેળવીને, પોતાની ભૂલોને જાતે સુધારીને અને સાચી શીખેલ બાબતોનું દૃઢીકરણ કરીને કરાતાં અસરકારક અધ્યયનની રીત અને તેના ફાયદાઓ બતાવેલ છે. આ પ્રકારના અધ્યયનને અભિક્રમિત અધ્યયન (PROGRAMMED LEARNING) કહે છે.ગણિત અભિક્રમિત અધ્યયન માટે સૌથી અનુકૂળ વિષય છે.

કોઈનું શીખવ્યું આવડતું નથી તો જાતે વાંચવાથી કેવી રીતે આવડશે તે દહેશત ફગાવીને પાછળનાં બધાં વર્ષોના ગણિતના અભ્યાસનું પુનરાવર્તન કરીને ચાલુ વર્ષના ગણિતનું પાઠ્યપુસ્તક લઈને બેસી જાઓ. પ્રથમ પ્રકરણ વાંચો ન સમજાય તો ફરી વખત વાંચો. વાંચવાની સાથે અને વાંચ્યા પછી જાતે વિચાર કરો. હજી બરોબર મગજમાં બેસતું નથી ? ફરી વખત વાંચો. એક લીટી અને એક શબ્દ છૂટા પાડીને સમજવાની કોશિશ કરો. આ પછી વિચારોને જોડીને સમજવાનો પ્રયત્ન કરો. આ પ્રમાણે અનેક વખત કરવું પડે તો પણ ગભરાશો નહિ.

તમને અનુભવ થશે કે પહેલી વખતના વાચન દરમ્યાન ન સમજાતી વિગત, સમજવાના હેતુથી વારંવાર વાંચવાથી કોઈ એક તબક્કે આપોઆપ સમજા જાય છે. ન સમજાય તે સાચું માની સ્વીકારીને અથવા છોડી દઈને અભ્યાસમાં કદી આગળ વધશો નહિ.

ગણિતમાં જાતે દાખલાઓ ગણ્યા વગર બીજાં લોકોએ ગણેલા દાખલાઓ વાંચવાથી દાખલા ગણતા આવડી જશે તેવું માનનારાઓ મૂર્ખાઓના સ્વર્ગમાં વસે છે અને નિષ્ફળતા રૂપી અપ્સરાને પામે છે. વિદ્યાર્થીઓએ પ્રથમ પ્રયાસે દાખલાઓના સાચા જવાબો મેળવવાનું ધ્યેય રાખવું જોઈએ અને પ્રથમ પ્રયાસે સાચો જવાબ મેળવવાની આવડત આવે ત્યારે દાખલાઓ આવડ્યા તેમ સમજવું જોઈએ. ગણેલ દાખલાનો જવાબ પુસ્તકની પાછળ આપેલ સાચા જવાબ સાથે સરખાવતા ખોટો માલૂમ પડે એટલે બધી ગણતરીઓ ફરી વાર ચકાસીને ભૂલ શોધીને સુધારીને સાચો જવાબ તમે મેળવો તે આવડ્યું ન કહેવાય, કારણ કે વ્યાવહારમાં અને પરીક્ષાઓમાં કોયડાઓની સાથે સાચા જવાબો આપવામાં આવતા નથી.

સાચો જવાબ જ આવે એવું ગણિત શીખવું પણ અઘરું કાર્ય નથી. દરેક સ્વાધ્યાય એકથી વધારે વખત ગણવાનો પ્રયત્ન કરવો જોઈએ. શરૂઆતમાં ખોટા જવાબો આવે તેથી બિલકુલ નિરાશ થયા વગર ગણેલ દાખલાઓમાં શું ભૂલ છે તે શોધવા ઉપરાંત ક્યા પ્રકારની ભૂલો વારંવાર થાય છે તેનો અભ્યાસ કરવો જોઈએ. ફક્ત ભૂલ શોધીને સાચો જવાબ લાવવાથી સંતોષ માનવો ન જોઈએ. એક વાર જે પ્રકારની ભૂલ કરી તે પ્રકારની ભૂલ બીજા દાખલાઓમાં ન થાય તે માટે મનમાં રાખવો જોઈએ. ભૂલો ન થાય તે માટે તમારે તમારી પધ્ધતિ અને વર્તણુકમાં શા ફેરફારોની જરૂર છે તે વિચારીને શોધી કાઢવું જોઈએ. દાખલો ગણવા રકમ લઈને બેસો ત્યારે એટલી શાંતિ રાખો જાણે આ જગતમાં આ એક દાખલો ગણવા સિવાય બીજું કશું કામ તમારે છે જ નહિ. દાખલાની રકમને બરોબર વાંચી સમજીને તમે સાચું સમજ્યા છો તેની ખાતરી કરો. રકમમાં શું આપેલું છે અને શું શોધી કાઢવાનું છે તે બરોબર મગજમાં ઠસાવો. જરૂર લાગે ત્યાં રકમમાં આપેલ વિગતોની નોંધ દાખલો ગણવાના કાગળ પર ટપકાવો. દા.ત.

મુદ્દલ રૂા. ૨૪૦૦ = ૦૦ વ્યાજ મુદ્દલ રૂા. ૩૧૬૮ =૦૦

મુદ્દલ ૪ વર્ષ તો વ્યાજનો દર ?

દાખલાઓની ગણતરી દરમ્યાન જ્યાં જ્યાં સંખ્યાઓ લખવાની આવતી હોય ત્યાં તે રૂપિયા, પૈસા, ડઝન, નંગ, વર્ષ, મહિના વગેરેમાંથી શું દર્શાવે છે તે અવશ્ય લખવું જોઈએ. રકમમાં એક વર્તુળની ત્રિજ્યા સેન્ટિમીટરમાં અને કોઈ એક માપ મિલિમીટરમાં આપેલ હોય ત્યારે ગણતરી કરતાં પહેલાં આ માપોને સરખા એકમમાં ફેરવવા જરૂરી છે. ચાર ગાય અને પાંચ ભેંસનો સરવાળો કરી શકાય? સૂત્રોમાં આવતી સંજ્ઞા જે એકમમાં સ્વીકારેલ હોય તે જ એકમમાં તેની કિંમત મૂકવી જોઈએ.

દા.ત. હોર્સ પાવર H.P. = ૨ TT N T

અહીં N મિનિટના આંટા છે. ૩૩૦૦૦

T ફૂટ પાઉન્ડમાં ગણવાનો છે.

પાનાના અંતે આપેલ રકમ એ પછીના પાના પર સ્થાનાન્તર કરતી વખતે ભૂલ થાય છે. દા.ત. ૪૬૮૯૭૫ આ ક્રમ બીજા પાના પર ભૂલથી ૪૬૯૮૭૫ મૂજબ લખાઈ જાય છે. ઘણી વખત દશાંશ ચિહ્ન મૂકવાની ભૂલને કારણે જવાબ ખોટો થાય છે.

પૂરતા મહાવરા પછી દાખલાઓ ગણવામાં પરીક્ષાઓમાં ભૂલ થાય છે તે એકાગ્રતાના અભાવને કારણે થાય છે. એકાગ્રતાનો ભંગ આંતર અથવા બાહ્ય કારણોને લીધે થાય છે. પરીક્ષાઓમાં એકાગ્રતાભંગના પ્રસંગોએ વિચારોની શૃંખલા પછી બરોબર ન સંધાય ત્યાં સુધી આગળ વધવાની ઉતાવળ કરશો નહિ. ઉતાવળ આત્મવિશ્વાસનો અભાવ અથવા વધુ પડતો આત્મવિશ્વાસ આ માંથી કોઈક એકાગ્રતાભંગનાં આંતરિક કારણો નિપજાવવા માટે જવાબદાર હોય છે. ગણિતની કસોટીઓમાં ઝડપ રાખવી જરૂરી છે, પરંતુ તે ચોકસાઈના ભોગે ન હોવી જોઈએ. એકાગ્રતાને હાનિ પહોંચાડે તેવી ઉતાવળને રઘવાટ કહે છે. વિદ્યાર્થીને ખબર છે કે ૯ x ૬ = ૫૪ થાય છે છતાં પરીક્ષાની ગણતરીમાં તે ૪૫ લખીને આવે છે અને ઘેર આવ્યા પછી પણ તે એમ માને છે કે તેણે ૫૪ લખેલ છે. આવું રઘવાટને કારણે બને છે.

યોગ્ય કરતાં વધારે આત્મવિશ્વાસને આપણે ઘમંડ કહીએ છીએ. આ ઘમંડ એકાગ્રતાની તીવ્રતાને ઓછી કરીને ભૂલો કરાવે છે.ક્રિકેટમાં બૅટ્સમૅન શરૂઆતમાં ખૂબ જ સાવધાન હોય છે. તેને ફાવટ આવતી જાય છે ત્યારે દડાઓની સાથે છૂટછાટ લેવાનું વલણ વધતું જાય છે, જે આત્મઘાતક નીવડે છે. એટલે તો જગવિખ્યાત બૅટ્સમૅન સર ડોન બ્રૅડમૅને પોતાની અસાધારણ સફળતાનું રહસ્ય જણાવતાં કહ્યું છે,'ફેંકાતા દરેક દડાને હું મારી રમતનો પ્રથમ દડો જ સમજું છું.' ક્રિકેટની રમતની માફક ગણિતની કસોટીઓમાં જેમ જેમ દાખલાઓ આવડતા જાય છે તેમ તેમ વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ વધતો જાય છે, જેનો અતિરેક થાય તો તે આવડતને છાવરીને ભૂલો કરાવે છે.

કહેવાય છે કે લોકમાન્ય તિલકને એટલું સારું ગણિત આવડતું કે બારમાંથી આઠ દાખલાઓ ગણવાના હોય ત્યારે તેઓ બારેબાર દાખલાઓ સાચા ગણી આવતા. પ્રશ્નપત્રમાં પરીક્ષકે 'બારમાંથી ગમે તે આઠ ગણો' આવી સૂચના આપેલ હોય તેની સામે ઉત્તરપોથીમાં તિલકજી 'બારમાંથી ગમે તે આઠ તપાસો' આવી સૂચના લખી આવતા! ગણિત ગણવાની આવડત પર આવો કાબૂ તમે પણ પ્રાપ્ત કરો તેવી શુભેચ્છા સાથે ગણિત વિશેની વાત પૂરી કરીએ. ❒

# ઘર ફૂંકીને તીરથ કરનારા ભેખધારી

ડૉ. કેશુભાઈ દેસાઈ


ભાલચંદ્ર મોદી

ગાંધીજીએ બીતાં બીતાં વિદ્યાપીઠ શરૂ કરી હતી. એમની દૃઢ માન્યતા હતી કે વિદ્યાનું કારભારું વાણિયો ન સંભાળી શકે. પણ એમણે દુનિયાના સૌથી મોટા સ્વાતંત્ર્ય સંગ્રામનું સુકાન સંભાળ્યું ત્યારે લડવાનું કામ કેવળ ક્ષત્રિય કરી શકે, એ વાત જ ગાંધીજી વીસરી ગયેલા. એમની લડાઈ જરા જુદી ભાતની હતી. એમાં શસ્ત્રને નહીં, શાસ્ત્રને સ્થાન હતું. આઝાદીની લડાઈ કરતાં આપણી રાંક પ્રજાને દારૂના દૈત્યના જુલમમાંથી છોડાવવા માટેની લડાઈ એમને મન વધારે મહત્ત્વપૂર્ણ હતી. એમના આ કામને આગળ ધપાવવામાં કાર્યરત, તલોદનિવાસી ભાલચંદ્ર મોદી સાબરકાંઠાના અંતરિયાળ વિસ્તારમાં મૂંગા મૂંગા સાચા ક્ષત્રિયને છાજે એવી ખુમારીથી ઝઝૂમે છે. ગાંધીજીએ 'એક વણિકને ઋષિકાર્ય'ની છૂટ હોય તો વિદ્યાપીઠ સ્થાપીને એવું ઋષિકાર્ય કર્યાનો ઓડકાર ખાધો હતો. ભાલચંદ્ર મોદીએ નશાબંધીની મહત્ માનવમાંગલ્યની પ્રવૃત્તિ પ્રત્યે સમર્પિત થઈ અજાણતાં આવું જ અદકેરું ઋષિકાર્ય કર્યું છે. આખેઆખા પ્રદેશની કાયાપલટનું એ નિમિત્ત બની રહ્યા છે.

ભાલચંદ્ર મોદીનું મૂળ ગામ અણિયોડ. પ્રાંતિજ તાલુકાનું વિભાજન નહોતું થયું ત્યારે તલોદમાં તબીબી સેવાઓ આપતાં આપતાં અને એ પછી એક અદના સામાજિક કાર્યકર તરીકે લખનારનો આ વિસ્તાર સાથે ખૂબ નિકટનો નાતો બંધાયેલો. શાન્તાબહેન આ જ વિસ્તારમાંથી ચૂંટાઈને જિલ્લા પંચાયતનાં સદસ્ય થયેલાં. આ બક્ષીબહુલ વિસ્તાર સાબરકાંઠાના સૌથી વધુ પછાત અને બીકાળવા પંથક તરીકે ઓળખાતો હતો. મેશ્વોનાં કોતરોને મહીસાગરનાં કોતરો સાથે સરખાવી શકાય. અહીંની બળૂકી પ્રજા પણ ધારાળા અને પાટણવાડિયા કોમોની હરીફાઈ કરી શકે, કેટલીક બાબતોમાં તો એ લોકો કરતાંય આગળ નીકળી જાય એવી ખડતલ, વટનો કટકો. વાત વાતમાં વાંકુ પાડે. અને ઝઝણી ખાઈ જાય. ઝઘડો કરી બેસે. મારા મારી તો અહીં રોજિંદી બાબત બની ગઈ હતી. મહીકાંઠાને મળ્યા એવા મહારાજ આ પંથકને ન મળ્યા નહીંતર મેઘાણી જેવા કોક કલમના કસબીએ 'માણસાઈના દીવા' જેવી જ એકાદ માંગલિક કૃતિ સર્જી દીધી હોત. અણિયોડ-બડોદરા ભેગું બોલાય છે. એકવીસમી સદીના ગુજરાતમાં મધ્યયુગનો સામંતી પરિવેશ જોવો હોય એણે કુતૂહલ ખાતર પણ એકાદ વાર આ તરફ ઢૂકવા જેવું છે. અમદાવાદથી બહુ છેટે પણ નથી. દહેગામથી બાયડ જતા ધોરી રસ્તા પર તેનપુર નું પાટિયું આવે છે. ત્યાંથી ગ્રામીણ સડક પર માંડ દસ-પંદર કિલો મીટર ઓતરાદા ચાલીએ એટલે અણિયોડ-બડોદરાનો આ વિસ્તાર શરૂ થાય. તલોદ જેવા વેપારી સાથે રોજિંદો, હટાણાનો નાતો. તલોદના પોલીસ સ્ટેશનને ચોપડે અણિયોડના અઠંગ ખેલંદાઓની યાદી પણ ખરી. નાનોમોટો બનાવ બને કે તરત એ યાદી પોલીસ અધિકારીની નજર તળે નીકળતી રહે ! ચોરી, લૂંટ અને દારૂ ગાળવાના કિસ્સાઓ પૈકી ક્યાંક ક્યાંક ભાલચંદ્ર મોદીનું અણિયોડ હોય હોય ને હોય જ. નશાબંધી અંગેની કાગળ ઉપરની કામગીરી બતાવવાની હોય તો પણ થાણાના જમાદાર દોટ મૂકે અણિયોડ બડોદરાનાં વાંધાં ભણી. છાપેલાં કાટલાં જેવા મૂરતિયા પોલીસથાણે હાજરી ભરવા તૈયાર બેઠા હોય. બલકે એમને માટે તો તલોદનું પોલીસથાણું એટલે જાણે મામાનું ઘર.

તલોદના ટાવર નજીક મારું દવાખાનું. ટાવરના સ્ટૅન્ડે બધી બસો ઊભી રહે. અણિયોડવાળી બસ આવે ત્યારે અચૂક રામસંગ ભગત, ઈશ્વરભાઈ સરપંચ, નાનજી મુખી કે પરબતસંગ જેવા કોઈ ને કોઈ 'આગેવાન' ઊતરે. મોટે ભાગે એમને પોલીસ થાણાનું જ કામ હોય. બાકીનાં સામાન્ય લોકો કાં દવાખાને આવ્યાં હોય કે હટાણું કરવા આવ્યાં હોય. અણિયોડનું તલોદ ગામમાં ઘેરઘેર સગું. એટલે એ રીતની સામાજિક અવરજવર પણ ચાલુ ને ચાલું હોય.

ભાલચંદ્ર મોદીનો એક પગ અણિયોડમાં ને બીજો તલોદમાં રહ્યા કરતો. જાતના વાણિયા હોવા છતાં એમનો વહેવાર દરબારો અને ઠાકોરો સાથે. એમને ભદ્ર શહેરી સમુદાય વચ્ચે જવલ્લે જોયા હશે. ભાલચંદ્ર પર ગામનો વણલખ્યો અધિકાર. એમનું ઘર એટલે જાણે અણિયોડ ગામનું તલોદ ખાતેનું સચિવાલય. રાજકારણથી લઈ વિકાસકાર્યોની બ્લુપ્રિન્ટ ત્યાં જ તૈયાર થાય. ભાલચંદ્ર મોદી એ દિવસોમાં સાબરકાંઠાના સૌથી મોટા આગેવાન શાંતુભાઈ પટેલના 'પી.એ.' તરીકેની ઓળખ ધરાવતા હતા ! જ્યારે જુઓ ત્યારે એમની સેવામાં હાજર ને હાજર. શાતુંભાઈના નામના સિક્કા પડતા હોય ત્યારે એમના વગરપગારનાં પી.એ.નો પણ વટ તો પડે જ ને ! ભાલચંદ્ર પર શાંતુભાઈને આંધળો વિશ્વાસ હતો. ધાર્યું હોત તો ખરા-ખોટાં કામ કઢાવી લઈ ભાલચંદ્રે બંગલા બંધાવી દીધા હોત. પણ ભાલચંદ્રને એવું સપનેય સૂઝે જ નહીં. એમણે મોટા માણસો સાથેના પરિચયનો લાભ જરૂર લીધો, પણ ફક્ત વિકાસના કામો પૂરતો. અણિયોડમાં જે કંઈ સુવિધા ઊભી થાય પછી એ જિલ્લા પંચાયતની યોજના હેઠળ હોય કે

ધારાસભ્ય કે સાંસદની ગ્રાન્ટમાંથી કામો ગોઠવાઈ રહ્યાં હોય-એના પાયામાં ભાલચંદ્ર હશે. ગામમાં બે માણસ સાથે હોય અને એ સામેય હોય પરંતુ વિકાસની વાત આવે ત્યારે બધાને ક્યારેક તો ભાલચંદ્ર પાસે આવવું જ પડે. આખા પંથકના એ ગણપતિ છે. એમને આગળ કર્યા વગર કામ પાટે ન ચડે. શાન્તાબહેન જિલ્લા પંચાયતનાં સદસ્ય હતાં ત્યારે ભાલચંદ્ર સામે ચાલીને એમની પાસે આવતા. એમનાં ધર્મપત્ની સૂર્યાબહેને પણ જિલ્લા પંચાયતની ચૂંટણી લડવાની ઇચ્છા વ્યક્ત કરેલી. કોંગ્રેસે શાન્તાબહેનને પસંદ કર્યાં, છતાં ભાલચંદ્ર કે સૂર્યાબહેને રિસામણાં નહોતાં લીધાં. ગામમાં રસ્તાનો પ્રશ્ન હોય કે પશુદવાખાનું શરૂ કરાવવાનું હોય : ભાલચંદ્ર રજૂઆત કરવામાં સૌથી મોખરે હોય. પરિણામ લાવીને જંપે. ગ્રામ વિસ્તાર માટે આવી વ્યક્તિ આશીર્વાદરૂપ જ ગણાય.

ભાલચંદ્રની કુંડળીમાં સત્તાનો યોગ નહીં હોય કદાચ. બનવાજોગ છે કે ભેખધારી ભાલચંદ્ર ફક્ત સેવાનો યોગ લઈને અવતર્યા હોય. આટલો સક્રિય અને સન્નિષ્ઠ, ચોવીસે કલાક લોકસેવામાં ગળાડૂબ કાર્યકર્તા કોઈ ચૂંટણી ન લડે, કોઈ મહત્વના પદ સુધી ન પહોંચે - જીવનભર લોકોનાં કામ કરતો રહે, આગેવાનોના સહાયક તરીકેનો જ રોલ અદા કર્યા કરે, એ જોઈને મારા જેવા સંવેદનશીલ માણસનો જીવ બળે એમાં નવાઈ નથી. ભાલચંદ્ર એમના પંથકના લાયક પ્રતિનિધિ તરીકે જિલ્લા પંચાયત કે વિધાનસભામાં ચૂંટાયા હોત તો મને ઊંડો રાજીપો અનુભવાયો હોત. એમણે શાન્તુભાઈ જેવા ખમતીધર આગેવાનની સેવા કરી છે. લોકસેવા અને વિકાસનાં કાર્યોનો એમને બહોળો અનુભવ છે ; ઊંડી સૂઝ છે. એમને જિલ્લામાં અને રાજ્યમાં કારકુન-પટાવાળાથી લઈ પ્રધાન સુધીના લોકો ઓળખે છે. ગુજરાતમાં લોકસેવાનાં કામ લઈ જિલ્લા મથકના તે ગાંધીનગરના આંટાફેરા કરનારા લોકસેવકો કેટલા ? મોટાભાગના માણસો એમના અંગત કામો લઈને કાં તો સ્થાપિત હિતોના એજન્ટો તરીકે જિલ્લા પંચાયતો, કલેક્ટર કચેરીઓ કે સચિવાલયના ધક્કા ખાતા હોય છે. ભાલચંદ્રની જેમ ઘર ફૂંકીને તીરથ કરવા ભાગ્યે જ કોઈ નવરું હશે. આવા હીરાઓને શોધી શોધીને ઊંચી જગાઓ પર સુશોભિત કરે એ જ પ્રજા પ્રગતિ કરી શકે.

વાણિયા હોવા છતાં ભાલચંદ્ર વેપારી નથી. એ અણિયોડના ખેડૂત છે. એમના માતાપિતાએ આઝાદીની લડાઈમાં સક્રિય ભાગ લીધો હતો. પિતા ગોરધનદાસ તો જેલની હવા પણ ખાઈ આવ્યા હતા. બહુ નાની વયે અવસાન પામેલ એમના પિતાને ગાંધીજી, વિનોબા અને ચુનીકાકા જેવા એમના સમયના રાષ્ટ્રિય તેમજ સ્થાનિક લોકનેતાઓની સાથે કામ કરવાની તક મળી હતી. એમણે ગામને જ કાર્યક્ષેત્ર બનાવી ગામમાં શિક્ષણ, વાહનવ્યવહાર, ટપાલ, રસ્તા અને વીજળી જેવી પાયાની જરૂરિયાતો પરત્વે ધ્યાન આપી ટૂંકા ગાળામાં ઘણાં મહત્ત્વના કામો કર્યા હતા. આઝાદી પછી પંચાયતી રાજ આવતાં તેઓ ગામના પ્રથમ સરપંચ બન્યા હતા; જિલ્લા લોકલ બોર્ડના સભ્ય તરીકે નિયુક્ત થયા હતા. એમનાં પત્ની સમરથબહેન પણ પતિના પગલે આઝાદીના જંગમાં જોડાયાં હતાં. એ સમયમાં જ્યારે સ્ત્રીશિક્ષણ નહીવત્ હતું ત્યારે એ ભણ્યાં હતાં. છાપાં વાંચીને દેશ-વિદેશની ઘટનાઓથી વાકેફ રહેતાં હતાં ને અણિયોડ જેવા અંતરિયાળ ગામડામાં મહાત્મા ગાંધીના આદર્શોને અનુરૂપ, સાદું, કરકસરભર્યું નમૂનારૂપ જીવન જીવતાં હતાં. પતિના અકાળ અવસાનથી એમના માથે આભ તૂટી પડ્યું હતું પરંતુ હિંમત રાખીને એમણે ચારે દીકરા અને એક દીકરીને ભણાવી ગણાવી સમાજમાં આગવી હરોળનાં અધિકારી બનાવ્યાં. માતા પિતાના ઉમદા સંસ્કાર ભાલચંદ્ર મોદી માટે જરા ચીલો ચાતરીને જિંદગીને નોખા નકશામાં ઢાળવા માટેનું મૂલ્યવાન ભાથું સાબિત થયા. માણસને પૂર્વજોની પ્રેરણા ક્યારેક આડકતરી રીતેય ખપ લાગે છે. ભાલચંદ્રના દાદા મોતીચંદ ગોવિંદજીએ છપ્પનિયા દુકાળ વખતે કોઠાર ખુલ્લા મૂકી દીધા હતા. અણિયોડ પંથકની પ્રજા આજે પણ એ સખી દાતાની દિલાવરીનાં ગુણગાન કરે છે. કાળક્રમે કસોટીના દિવસોમાં જીવવું પડ્યું ત્યારે પણ ભાલચંદ્રની નસોમાં વહેતી પૂર્વજોની ઉદારતા અકબંધ રહી એથી આર્થિક રીતે નહીં તો સેવાની રીતે પણ પોતાની પ્રજાને મદદરૂપ બની ભાલચંદ્રે પ્રતાપી પિતામહની પરંપરા ચાલુ રાખી. સેવા કરનારા મેવા જમતા હોય છે, પરંતુ ભાલચંદ્ર તો ગાંધીનગર આવે ત્યારે આખો દહાડો ફક્ત ચણા ફાકીને પસાર કરી દેતા હોય છે. એમને વૈભવી જીવન પ્રત્યે આકર્ષણ જાગ્યું જ નહીં, એ એમની સિદ્ધિ છે. નહીંતર આટલી લાંબી ઓળખાણો ધરાવનારો વાણિયાનો દીકરો જિલ્લા કે તાલુકા મથકે નાની મોટી એજન્સી લઈને બેઠો હોય તોય લાખોમાં આળોટતો હોત. ભાલચંદ્રને ક્યારેય એવો લોભ જાગ્યો ન નહીં. એમણે છાંયડે, ગાદી-તકિયા પર બેસી વેપાર ધંધો કે નાનો મોટો ઉદ્યોગ શરૂ કરવાને બદલે ગાંધીવાદી પિતાના આત્માનું તર્પણ કરતાં હોય એમ નશાબંધીના પડકારરૂપ ક્ષેત્રમાં ઝુકાવ્યું ૧૯૭૦માં શાંતુભાઈએ એમને હિંમતનગર ખાતે જિલ્લા કોંગ્રેસના ઑફિસ સેક્રેટરી તરીકેની મહત્વની કામગીરી સોંપી હતી. એ જગા માટે ભાલચંદ્ર મોદી લાયક પણ હતા. પરંતુ એક તરફ અણિયોડનાં ઘર-ખેતર

સંભાળવાં ને બીજી તરફ જિલ્લા મથકે જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યાલયનું સંચાલન કરવું : આ બેઉ કામ એક સાથે સંભાળવાનું અઘરું હતું. હિંમતનગર દૂર પડતું હતું ! (એ જમાનામાં આજના જેવો ઝડપી વાહન વ્યવહાર ક્યાં હતો ?) એટલે શાન્તુભાઈએ ભાલચંદ્રને અનુકૂળ પડે એવું તાલુકા નશાબંધી નિયોજકનું કામ સોંપ્યું. બસ, એ પછી ભાલચંદ્રે પાછું વળીને જોયું નથી. ગાંધીવાદી ગોરધનદાસના દીકરાને ક્યાંક ઠેકાણે પાડવાની શુભદાનતની આ ફલશ્રુતિ હતી. શાંતુભાઈ ભાલચંદ્રની વફાદારી અને નિષ્ઠાથી પ્રભાવિત હતા. એ જીવ્યા ત્યાં સુધી ભાલચંદ્ર એમના હનુમાન થઈને એમની પડખે રહ્યા. ઊંઘમાંથી ઉઠાડીને પૂછો તો ભાલચંદ્રના હોઠે પિતૃતુલ્ય શાંતુભાઈ જ નામ હોય ! એમની કાર્યક્ષમતા અને નિષ્ઠાની કદર થતી ગઈ. કામ બોલતું રહ્યું.એમને જિલ્લાભરમાં વ્યાપક ઓળખાણો હતી. એમની કામગીરી ગુણવત્તાની રૂએ ઘણી ઉત્તમ અને સંતોષકારક હતી. તાલુકાના નાના ફલકનો અનુભવ લઈ એ જિલ્લા સ્તરે વિસ્તર્યા. એમની એ કામગીરીનો રાજ્ય સ્તરે પુરસ્કાર થયો. આજે એમને પ્રતિષ્ઠિત પ્રભુદાસ પટવારી અવૉર્ડથી નવાજવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં કેડ બાંધીને નશાબંધીના મિશનને વરેલા જે આંગળીને વેઢે ગણાય એટલા સમર્પિત કાર્યકર્તાઓ પ્રતિકૂળતાઓ વચ્ચે પણ ગાંધીમાર્ગે ચાલી રહ્યા છે એમાં ભાલચંદ્ર મોદીનો કદાચ મોખરાના માણસ કરતાં સવિશેષ પાયાના કાર્યકર તરીકે ઉલ્લેખ કરવો વધુ ઉચિત લેખાશે.

ભાલચંદ્ર મોદી અણિયોડ મથકના સર્વહારા ગરીબ માટે શીળો વિસામો છે. નશાબંધી નિયોજક તરીકે કામગીરી કરતાં કરતાં એમણે જરૂરિયાતવાળાં કુટુંબોને સરકારી યોજનાઓના વિવિધ લાભો ઘેર બેઠાં પહોંચડ્યાં છે. એમને લોનો અપાવી છે. વીજળીનાં જોડાણ અપાવ્યાં છે. ગામમાં પોતાનાં ખેતરો સાચવીને એક પ્રગતિશીલ ખેડૂત તરીકેની છાપ ઊભી કરી છે. વયોવૃદ્ધ આગેવાન પરબતસંગ અને નાનસંગ મુખી ક્યારેક ભાલચંદ્રને ચાંપો વણિયો કહી બિરદાવે છે.'સો ક્ષત્રિય ભાંગીને એક વાણિયો બનાવ્યો છે ઉપરવાળાએ !' ભાલચંદ્રે જન્મે વણિક હોવા છતાં કર્મે કિસાન છે. સ્વભાવે ઠાકોરના ઠાકોર. કોઈને ખોટી બાબતમાં નમતું એટલે ન જ આપે. નશાબંધીના કાર્ય પાછળ જીવન હોમી દઈ એમણે સમાજને ગાંધીમૂલ્યો ભણી અગ્રેસર કરવાનું ખૂબ જ મહત્વનું કામ કર્યું છે. પરંતુ સૈદ્ધાંતિક સ્તરે અટકી નહીં જતાં એ ગામ અને તાલુકા-જિલ્લાની રચનાત્મક અને સહકારી પ્રવૃત્તિ સાથે પણ જોડાયેલા રહ્યા છે. ગુજરાત રાજ્ય નશાબંધી મંડળના કર્મચારીઓના સંગઠનના પ્રમુખ તરીકે એમની લાંબી સેવાઓ નોંધપાત્ર રહી છે. કર્મચારીઓના અનેક પ્રશ્નોનું સુલેહભર્યું નિરાકરણ લાવવામાં એમનો સિંહફાળો રહ્યો છે. તલોદ ખાતે જે હાઉસિંગ સોસાયટીમાં રહે છે એ - 'શ્રી વલ્લભકુંજ સોસાયટી'ના કાર્યવાહક મંડળના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે. તલોદ કેળવણી મંડળની કારોબારીના સભ્ય તરીકે અને તલોદ કૉલેજ સંચાલક મંડળના સભ્ય તરીકેય એ સેવાઓ આપી રહ્યા છે. વતનનાં વિસ્તારમાં પ્રાથમિક શાળાના ઓરડા મંજૂર કરવવા ઉપરાંત અગાઉ નોંધ્યું એમ અનેકવિધ રચનાત્મક કામો કરતા રહ્યા છે.

ભાલચંદ્ર મોદી એકલ પંડે આટલા સક્રિય રહે છે ત્યારે એમને સૌથી મોટી ખોટ સાલતી હોય તો એક શાંતુભાઈની અને બીજી શાંતાબહેનની. શાંતુભાઈ હતા ત્યાં સુધી જિલ્લામાં એક ખાસ પ્રકારનું સાત્ત્વિક વાતાવરણ પ્રવર્તતું હતું. તમામ નાના મોટા કાર્યકરોને માથે એમની વડલા જેવી છાંય હતી. એમની તમામ વિદાયથી ઊભો થયેલો અવકાશ હજી સુધી ભરી શકાયો નથી. શાંતાબહેનની ખોટ જરા જુદા સંદર્ભે સાલે છે. એમણે અણિયોડ-બડોદરા પંથકના જિલ્લાપંચાયતના પ્રતિનિધિ તરીકે મોટી આશાઓ જગાડી હતી. વિસ્તારને એક કુશળ, વહાલપના માંડવા સમું નવું નેતૃત્વ પ્રાપ્ત થયું હતું. એમણે તલોદ-પ્રાંતિજ છોડીને ગાંધીનગરમાં રહેવાનું શરૂ કર્યું એથી એ વિસ્તારના વિકાસની ગતિ ધીમી પડી ગઈ છે. ભાલચંદ્ર આવે છે ત્યારે શાંતાબહેનમાં સંગોપાઈને પડેલું નેતૃત્વ વખત પૂરતું સળવળી ઊઠે છે. એમને સાબરકાંઠાનો એ સોનેરી જમાનો સાંભરી આવે છે. ભાલચંદ્ર મોદીનાં પત્ની સૂર્યાબહેને એમના વિસ્તારનું પૂરાં પાંચ વરસ માટે તાલુકા પંચાયતમાં પ્રતિનિધિત્વ કર્યું છે. એમણે એક તરફ ભેખધારી ભરથારને સાચવી લીધા અને બીજી તરફ બાળકોને. ભાલચંદ્રભાઈ અને સૂર્યાબહેનના બેઉ દીકરાઓએ આધુનિક જમાનાને અનુરૂપ કમ્પ્યૂટર ઍન્જિનીઅરિંગ અને ઈલેક્ટ્રિકલ ઍન્જિનીઅરિંગનું ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે. દીકરીએ માઈક્રોબાયોલૉજીમાં સ્નાતક પદવી મેળવી છે. ભાલચંદ્ર એસ.એસ.સી. પછી આણંદ ખેતીવાડી કૉલેજમાં દાખલ થયા હતાં. ઘર-ખેતરની જવાબદારી એમના શિરે ઝીંકાઈ એથી ભણતર અધૂરું મેલી અણિયોડ પાછા આવી ગયેલા. પોતે ન ભણી શક્યા એટલે બાળકોને ભણાવવા પાછળ પૂરતું ધ્યાન આપ્યું. સાટું વાળી દીધું! મોદી દંપતીને એમની લોકસેવા ફળી છે. અજાણતાં જ કોઈ ગરીબની આંતરડી ઠરી હશે, એનું જ આ સુભગ ફળ હશે ને !

# દેવનો દીધેલ

પન્ના ત્રિવેદી

ઓરડામાં અંધારું હતું. પહેલાં પહેલાં નહોતું ગમતું; પણ હમણાં હમણાંથી ગમવા લાગ્યું છે. અંધકાર એના બે હાથ ફેલાવીને કોણ જાણે કેવી અલાયદી દુનિયામાં લઈ જાય છે ! એ દુનિયા જ અદ્‌ભુત ! જે જોવું હોય તે, જ્યાં જવું હોય ત્યાં, જેમ કરવું હોય તેમ...બસ, તમે જ તમે ! થયું કે આવું જ અંધારું ઠેઠ સુધી રહ્યું હોત તો કેવું સારું !

લાઈટ થઈ ત્યારે ખબર પડી રામુકાકા હતા. એકાએક થયેલા પ્રકાશથી અંજાઈ જવાયું. એ ગભરાયો. મોં પરની તંગ રેખા સીધી કરવાનો નિષ્ફળ પ્રયાસ થયો. આંખો મીંચાઈ. રોશનીની પીડી આવી વેધક હોઈ શકે એનુંય પહેલી જ વાર ભાન થયું. રામુકાકા ઉપર એવો ગુસ્સો આવ્યો છે. અબઘડી બે ઝીંકી દે. પણ આવા વિચિત્ર વિચારથી એને એની ઉપર પણ એવો જ ગુસ્સો આવ્યો. જાણે હજી હમણાં જ તો એમની પીઠ પર બેસીને 'ઘોડાગાડી'માં ફરતો હતો ! એ બુઝુર્ગ રામુકાકાને ઝીંકી દેવાનો બેહૂદો વિચાર એનામાં ક્યાંથી પ્રવેશ્યો ?

-'કેમ બેટા, આજે ભૂખ હડતાળ પાડવાનો વિચાર છે કે શું ? આમ એકલો એકલો અંધારામાં....'

-'ઈરાદો તો કંઈક એવો જ હતો; પણ તમે તો હદ કરી જ્યાં જુઓ ત્યાં પાછળ પાછળ ટપકી જ પડશે. તમારે શું ? હું જ્યાં બેસું ત્યાં...!' મનને કેટલુય કાબૂમાં રાખવાનો પ્રયાસ કર્યો પણ તોય આવો શબ્દ પ્રહાર એમની પીઠ પર થઈ જ ગયો! કોઈએ એકાએક હંટર ફટકાર્યું હોય એમ ઘોડા હણહણી ઊઠ્યા. એકાએક લગામ ખેંચાઈ અને પેલી ઘોડાગાડી ઊભી રહી ગઈ!

રસોડામાંથી વાસણના અવાજો આવતા હતા. પહેલાં માણસોના ય આવતા હતા. દરેક રસોડાને એનું આગવું સંગીત હોય છે. અહીં તો હંમેશા ગુંજન ચાલું જ રહેતું. પણ હવે ફક્ત વાસણના એ જ કર્કશ અને કાન પાકી જાય એવા અવાજો...એણે કુસુમ તરફ જોયું. પહેલાં આ કામ રામુકાકા જ કરતાં પણ હવે એ જ કરે છે. પોતે કામમાં ખૂબ રોકાયેલી હોય એવો ડોળ કરવા. ડોળ જ સ્તો! ધારત તો એક સેકંડમાં એ પકડી પાડી શક્યો હોત. પણ ખરી રીતે જોવા જાવ તો એની જ હિંમત નહોતી કુસુમ સામે જોવાની.

એ બોલ્યે જતી હતી-'હવે નહીં ચાલે હોં! આટલો મોટો થયો. બધા શાકભાજીના ભાવે એ તો ના જ ચલાવી લેવાય. ઠીક છે એકાદ બે. પણ અહીં તો અવળી ગંગા ! એકાદ બે ભાવે એ તો ચાલતું હોય ? મને થાય કે નવી નવી નોકરી. બિચારાને અઘરું પડે. વહેલી ઊઠી ઊઠીને ટિફિન તૈયાર કરું. થાય કે તું ભૂખ્યો ના રહે. પણ સાંજે ખોલું તો હરામ જો અડ્યો હોય ! કેવો ગુસ્સો આવે ? કોઈના ઘરે જઈએ... જવા દે, આપણા ઘર સિવાય કોઈનાય ઘેર જવાનું તને ક્યાં ગમે છે ? લે, કાલે ઊઠીને સગપણ થશે ને સાસરે જમવા જઈશ...તો સાંભળવાનું તો મારે જ ને ? કહેશે કે એની માએ ખાતાંય નથી શીખવ્યું.' એ ખડખડાટ હસી પડી. એના ખોખલા હાસ્યમાં પપ્પાએ સૂર પુરાવ્યો. ને વળી પાછું કુસુમે ચાલુ કર્યુ-'...તો રોહનકુમાર, આજે તો તમારે રીંગણનું શાક ખાવું જ રહયું. ને પ્લીઝ, મને બીજું શાક કરવાનું તો કહેશો જ નહીં...'

આ તો રોજિંદુ ! છતાં એ જેટલા ઉત્સાહથી કહેતી હતી એટલી જ બમણી શાંતિથી એણે કહ્યું;

-'ચાલશે.'

એણે ચૂપચાપ જમવાનું શરૂ કર્યુ- પપ્પા તો સાવ સ્તબ્ધ.એ રોહનના ચહેરા સામું એકધારું તાકી રહયા. જાણે આ બેઠેલો એ બીજો રોહન જ ન હોય ! પણ પાછળ ઊભેલી મમ્મી ?કદાચ પાછળ 'ઊભી' હશે કે કેમ? આંખે અંધારા આવ્યા હશે....કદાચ મોં દાબી રડી પડી હશે.. કે એમ જ મૂઢ, સ્તબ્ધ, થાંભલો ખોડ્યો હોય એમ બસ અવાચક બની ઊભી જ રહી ગઈ હશે ? આજે એણે પહેલી જ વાર શબ્દ સાંભળ્યો-'ચાલશે' અને કદાચ એટલે જ હવે તેની જિંદગીનું ચાલકબળ તૂટી રહ્યું હતું.

ત્યારેય તો એને કેટલુંય દુઃખ થયું હતું જ્યારે એ કહ્યાગરા દીકરાની જેમ બજાર જઈ ચીજવસ્તુઓ લઈ આવ્યો હતો ! એનેય મનમાં થયું - ' ન જાય તો સારું !' પણ કહેતાની વારમાં જ એ તો ફટ દઈને ઊભો થઈ ગયેલો. પહેલાં એવું ક્યારેય નહોતું બન્યું. એ હંમેશા કંટાળો બતાવતો. મોં બગડી જતું. મમ્મી કેટલાં કાલાવાલા કરતી. ફોસલાવતી. ખિસ્સાખર્ચ વધારી આપવાની લાલચ આપતી. પછી એની પર ઉપકાર કરતો હોય એમ એ કહેતો, 'લાય, તારા જેવું કોણ થાય?' ને હમણાં હમણાં ઘરમાં એવું ઘણું ઘણું બનતું જે પહેલાં ક્યારેય નહોતું બન્યું.

'ઘર' 'ઘર' જેવું જ હતું આમ તો. કુસુમ આખો દિવસ ચેમાસું ના હોય તો ય મોરલાની જેમ ટહુક્યા કરતી. ઘર ગાતું. આનંદનું મેઘધનુષ્ય રચાતું. ઉમંગની છોળો ઊડતી. જાણે જિંદગી વરસી પડતી !... ને હવે રાખમાંથી બેઠાં થવાનો પ્રયાસ કરતી હતી.

કોણ જાણે આજે રહી રહીને રોહનને પાડોશની પેલી સરવરીનો ચહેરો જ યાદ આવતો હતો. જાણે ડિંગો બતાવીને કહેતી હતી-'અમે તો તારી સાથે ઈક્કા કરી છે....તું એકલો....એકલો...એકલો... હું તો ભાર્ગવ સાથે રમીશ. તારી

સાથે કોઈ ને બોલતું...તું કોની સાથે રમીશ?...' ત્યારે સરવરીના નાનાભાઈ ભાર્ગવને પોતાના પક્ષમાં ઢસડી લાવવા કેટલું મથ્યો હતો. ! પણ એ ય આખરે તો સરવરીનો જ ભાઈ ને ? એ કેટલું રડેલો...પગ પછાડીને ઘેર આવ્યો. આવતાવેંત જ પૂછેલું ;' મારે નાનો ભાઈ કે બહેન નૈ ?' ત્યારે કુસુમે સાતેય કામ પડતા મૂકીને એને બાથમાં ભરી લીધો હતો. વહાલથી માથે હાથ ફેરવતાં કહેલું ;'મારે તો તું જ ખોટનો ત્યાં...' અને હીબકે ચડી ગઈ. કશું સમજાયું નહીં, એણે મનમાં નક્કી તો કરી જ લીધેલું - હવે આવું કદી નહીં પૂછું.

તે દિવસે એ કેટલો પરેશાન થઈ ગયેલો. જ્યારે એ સ્કૂલેથી છૂટીને સીધો રાહુલના ઘેર ગયેલો. રાહુલના ઘેર એના સાવ નાનો હતા ત્યારના ફોટા હતા. પોતે તો ક્યારેય જોયું જ નહીં કે સાવ નાનો હતો ત્યારે કેવો હતો ! ને એણે મમ્મીનો પાલવ ખેંચી ખેંચીને ફોટા માટે કેટલી હઠ કરી હતી. પપ્પા બિચારા રાજી કરવા આકાશ પાતાળ એક કરતા હતા. કેટલા બધા ફોટા બતાવેલા, પણ એ તો પોપટની જેમ એક જ વાક્ય રટતો રહેલો-'આ નહીં...એકદમ નાનો બાબો હોંઉ તેવા....' ત્યારે મમ્મીના ગળે ડૂમો બાઝી ગયેલો. એણે ધીમેથી કહેલું ; ' તને તો ભગવાને અમને થોડો મોટો જ આપી દીધો. તું કેવો નસીબદાર કે તને તો વળી ભગવાનેય મોટો કર્યો ! પછી તારા એટલા નાના ફોટા મારી પાસે કેવી રીતે હોય ? કહે તો !'

અને એનો પરેશાન ચહેરો ખુશીથી નાચી ઊઠ્યો. પછીના વરસો એમ જ વીત્યા.

પહેલાં જ્યારે કીકીફોઈ આવતા ત્યારે કેટલું બધું લઈ આવતા. કોઈ દોસ્તાર પાસે ના હોય એવી અફલાતૂન વસ્તુઓ, એને ગમતી ગઝલની કેસેટો, અત્તરની શીશીઓ...કંઈ કેટલુંય. પણ આ વખતે જાણે વીજળી ત્રાટકવાની હોય એમ ત્રાટકવા જ આવેલા ! નહીં જેવો તાવ હતો ને તો ય મમ્મી તો રઘવાઈ રઘવાઈ જ કીકીફોઈ આવ્યા ત્યારે માથે પોતાં મુકાતા હતા. એની આંખો બંધ હતી. બધાને એમ કે ઊંઘે જ છે એ- તો સાચે જ અત્યાર સુધી એ ઊંઘતો જ હતો !

ફોઈ કહેતી હતી;

'જોતજોતાંમાં તો કેટલો મોટો થઈ ગયો ! એકાદ બે વરસ પછી તો તારે ઘેરેય પ્રસંગ આવશે. પણ એક વાત કહું? હવે તારે થોડું ધ્યાન રાખવાનું. સાવ બાઘા રહીએ એ ના ચાલે. ક્યારેક તો થાય છે કે બા સાચું જ કહેતી હતી. તારી તો બુદ્ધિ જ. બહેર મારી ગઈ છે કંઈ ! વાંચતી નથી પેપરમાં કેવા કેવા કિસ્સા આવે છે ? અરે, આજકાલ તો સગાં દીકરાય હડસેલાં મારી બ્હાર કાઢે છે, ને આ તો પારકાનો જણ્યો....દત્તક...! એ તો તારી ઉદાસી અને ભાઈના આગ્રહને લીધે જ બાએ કચવાતા મને હા પાડેલી. પણ તું તો સાવ ઘેલી જ થઈ ગઈ ને ! ના આગળ કંઈ વિચાર્યું ના પાછળ ! આ તો ચેતવું છું તને કે મિલકત તો એના નામે કરવી જ નહીં. પારકાનો શો ભરોસો ? નાત જાતેય શી ખબર ? બાકી તો કરવી હોય તો હજીય સંસ્થામાં જઈને તપાસ કરાય. એને અનાથઆશ્રમના મંદિરના ઓટલે કોણ મૂકી ગયેલું. કહે પણ ખરા. સાવ ખબર ના હોય એવું તો ના જ બને. અને....'

વચ્ચેથી જ કુસુમે કીકીફોઈના મોંએ હાથ મૂક્યો. ચહેરો પડી ગયેલો. અવાજ રુંધાયો છતાં તાડૂકીને બોલી :

'ખબરદાર. પારકો પારકો શું કર્યા કરો છો ? આજે આ બોલ્યા તે બોલ્યા. જોજો, બીજી વાર બોલતાં ! મારો જ દીકરો છે. મારો જ અંશ...ને નાત-જાતની વાત કરો છો? આ તો દેવનો દીધેલ !' અને એ રોહન પર ઝૂકી. કપાળ ચૂમ્યું. એના હાથને પોતાના હાથમાં લઈ દબાવ્યો; પણ એ તો પેલાં ઘંટીના પડ જેવા વજનદાર શબ્દોથી દબાઈ ગયો હતો. એક સામટી હજારો સોયો ભોંકાઈ. શરીરમાં દોડતું લોહી જુસ્સાભેર બહાર આવતું ગયું. શરીર ખાલી થતું ગયું ને પેલાં વજનદાર શબ્દો ભરાતા ગયા.

મા ? એની સગી મા ? કોણ હશે ? ક્યાં હશે ? એ કેવી લાગતી હશે ? હશે કે કેમ ? આ સ્ત્રીનો પાલવ ભરાઈ ગયો ને ત્યાં તેનો પાલવ ખાલીખમ થઈ ગયો હશે.... ત્યારે એ કેટલું રડી હશે..... એનું એ રુદન કોઈએ સાંભળ્યું હશે કે નહીં ? નહીં જ સાંભળ્યું હોય, નહીં તો એ અહીં આવી સ્થિતિ ઊભી થવા જ ન પામી હોય ને ? એણે મારી નાનકડી આંખોમાં જોયુંય નહીં હોય ! મને અનાથ કહેવડાવનાર એણે એક વાર પણ મારા માથે હાથ નહીં ફેરવ્યો હોય ! શું થયું હશે એની સાથે? કોઈ મજબૂરી જ હશે...પણ માની સૌથી મોટી કમજોરી જ બાળક.... પછી બીજી કેવી મજબૂરી ? કોઈએ ધુત્કારી હશે ? કોઈએ તરછોડી હશે ? બાપનું રૂંવાડું નહીં ફરક્યું હોય ? બસ, એકવાર માનો ચહેરો જોવં છે. જેણે નવ મહિના પોતાના અસ્તિત્વ સાથે જોડી રાખ્યો ને પછી એમ જ એના અસ્તિત્વના અંશને ફેંકી આવી ? કોઈ નકામી વસ્તુની જેમ...શું ગુનો હતો મારો ? શા માટે આ કૃત્ય કર્યું એણે ?

ને આ સ્ત્રી જે મારી મા થઈને ફરે છે એ કેવળ એક દંભ જ છે ? નરી છેતરામણી ?-

એના માથે જાણે આભ ફાટી પડ્યું.

હવે તો બધું જ અહીં 'ઉપકાર'ની પરિભાષા જ લાગત


(અનુસંધાન પૃ.૭૮૭ પર)

# વારસાના વૈભવને વિમાસીએ

ડૉ. રસેશ જમીનદાર

ભૂમિકા : આપણા રાષ્ટ્રને વર્તમાને જરૂર છે સામાજિક અને સાંસ્કૃતિક ક્રાન્તિની. એથી વિશેષ તકાજો છે સમગ્ર સમાજ તરીકે વાણી-વર્તન-વ્યવહારમાં પરિવર્તનનો. ધ્યાનાર્હ બાબત એ છે કે સામાજિક સંરચના કેવળ હું અને તમે-થી નિર્માણ પામતી નથી. એ માટે જરૂર છે સ્વમાંથી સર્વમાં જવાની, સ્વાર્થમાંથી પરમાર્થી બનવાની. આપણા સમાજનો મોટો વર્ગ સામાજિક દૃષ્ટિએ જવાબદાર નથી. સમાજના-સત્તાના-રાજવહીવટના અગ્રવર્ગની દૃઢતા શિથિલ જણાય છે. કહેવાતો બુદ્ધિમાન વર્ગ કૂર્મપીઠમાં પુરાયેલો છે. સરવાળો સમગ્ર સમાજ આપણા વારસાગત વૈભવથી ખવાઈ રહ્યો છે. સાંસ્કૃતિક વિરાસત વિશે કાં તો નિસબત નથી, કાં તો સમજણ નથી, કાં તો સહેતુક અવગણના કરે છે. ભૂતકાળ પાસે આપણને આપવા જેવું કશું નથી એથી દૃઢ ગર્વભાવના ગળથૂથીમાંથી અંકે કરી હોય તેવા ખયાલથી સમાજસમસ્ત શ્વસી રહ્યો છે. ત્યારે ભૂતકાળની ભાતીગળ વિરાસત અને તેના વૈભવ વિશેની વિભાવના પરત્વે ધ્યાન આકૃષ્ટ કરવાની કોને પડી છે.

ઘરેલુ પ્રવાસન જરૂરી : આમેય આપણા દેશમાં ઘરેલું પ્રવાસન (ડૉમેસ્ટિક ટૂરિઝમ) વિષે સમાજે ધરાર ઉપેક્ષા કરી છે. એથી વિશેષ તો આપણી માનસિકતા એવી અંકુરાઈ છે કે જાણે ઐતિહાસિક સ્મારકોથી દારિદ્ર ફીટવાનું છે ! પણ એ હકીકત ભુલાઈ ગઈ છે કે આર્થિક દૃષ્ટિએ ઘરેલુ પ્રવાસન ઘણું યોગદાન આપી શકે છે એટલું જ નહીં, લોકોને તેમની વિરાસત પ્રતિ જાગરુક કરે છે. વૈષ્ણોદેવી આ બાબતનો લાક્ષણિક નમૂનો છે. જરૂર છે સંસ્કૃતિ પરત્વે પારદર્શક દૃષ્ટિ કેળવવાની, વિશુદ્ધ નાગરિક જીવનને પલોટવાની અને પ્રવાસનના લાભાલાભ પ્રસારિત કરવાની. આ ત્રણેય એકીકૃત કરવાની તાતી જરૂર છે. રાજ્ય આ બાબતે કાનૂન કરી શકે છે પણ સમાજની આ પરત્વેની પ્રતિબદ્ધતા જાદૂઈ કાર્ય કરી શકે છે. ઈતિહાસની હકીકતોને પરિણામી અને પરિમાણી બનાવવાની સક્રિય જરૂર છે. દા.ત. લાલ કિલ્લો અને અજન્તામાં આવાં પરિણામ હાંસલ કરી શક્યાં છે. આ બન્ને ઐતિહાસિક-સાંસ્કૃતિક સ્થળ પ્રવાસન તરીકે તો ઊભરી રહ્યાં છે. જરૂર છે આવા પ્રયાસના ગુણાકારની. આપણા પૂર્વમંત્રી જગમોહને સાચું જ કહ્યું છે કે Heritage matters very much in our country now. કેન્દ્ર સરકારે આ બાબતે વિશિષ્ટ નીતિવિષયક કાર્યપદ્ધતિ તૈયાર કરી છે. પરિણામે મોઢેરા અને ધોળાવીરા તેમ જ ઉપરકોટ (જૂનાગઢ) પ્રવાસન કેન્દ્ર તરીકે વિકાસના નકશામાં ઉમેરાઈ ગયાં છે. જો આપણી ઐતિહાસિક-સાંસ્કૃતિક વિરાસતને આપણે યોગ્ય પરિપ્રેક્ષ્યમાં પ્રજાપ્રત્યક્ષ કરીશું તો આપણા રાષ્ટ્રની આપણા રાજ્યની અને આપણાં રાજ્યોની પ્રતિમા અને પ્રતિભા વિશ્વમાં મૂઠી ઊંચેરું સ્થાન ખસૂસ પામશે. વિશેષ તો આર્થિક સંપ્રાપ્તિ વધશે, રાષ્ટ્રિય એક્તાની ભાવના ઊભરશે અને સાંસ્કૃતિક પુનરુદ્ધાર થશે. આ બાબતે સરકારી નીતિનાં અમલીકરણ જેટલાં જરૂરી છે તેટલી લોકોની જાગરુકતા મહત્ત્વની છે. એવું નથી કે લોકોમાં વારસાની જાળવણી પ્રત્યે ઝમી રહી નથી. કેન્દ્ર સરકારે તાજેતરનાં વર્ષોમાં દેશભરમાં જે અભિયાન આદર્યું હતું. તે દ્વારા સંસ્કૃતિનાં તત્ત્વો પરત્વે લોકોના દૃષ્ટિકોણમાં ચહલપહલ ઉદ્‌ભવી રહી છે. તે સાથે માનવજીવનમાં પ્રવાસનું શું મહત્ત્વ છે તે સ્પષ્ટ રીતે પ્રસારિત કરવાની જરૂર છે. પ્રવાસન એક રીતે તો બિનઔપચારિક મહત્ત્વ ધરાવતી મહાશાળા છે, જીવનશિક્ષણ આપતું ખુલ્લું કેન્દ્ર છે. આમેય આપણા દેશમાં ધાર્મિક યાત્રાઓ માનવજીવનના એક અંગ તરીકે સદીઓથી મહત્ત્વ પામેલી જ છે અને એના લાભાલાભથી આપણે અનભિજ્ઞ નથી જ. આવી રીતે સંસ્કૃતિયાત્રાનો અભિગમ લોકોમાં ઝરતો-ઝમતો થાય એવા પ્રયાસો સરકાર સિવાયની સંસ્થાઓએ, કેળવણીની સંસ્થાઓએ અને વિશ્વવિદ્યાલયોએ સત્વરે હાથ ધરવા જરૂરી છે. અમદાવાદ-સ્થિત વિકસાના અંગરૂપ સંસ્થા સેન્ટર ફૉર કૉમ્યુનિટી એજ્યુકેશન તરફથી આ નગરના શાળા અને મહાશાળાના વિદ્યાર્થીઓ વાસ્તે પર્યાવરણના અટામણ સાથે 'કલ્ચરલ ટ્રેઈલ -- નો યૉર સિટી' નામના કાર્યક્રમથી ગઈ સદીના






મુરડા બગલા




લખતરના કિલ્લાની દીવાલ

અંતિમ ચરણ દરમિયાન સફળ પ્રયાસ હાથ ધરાયો હતો અને આ લેખક એ કાર્યક્રમમાં સંલગ્ન રહેલા. વડોદરાસ્થિત સ્થપતિ કરણ ગ્રોવરના વડપણ હેઠળ 'હેરિટેજ ટ્રસ્ટ' નામની સંસ્થા આ બાબતે સક્રિય છે. ઉપર્યુક્ત સંસ્થાઓએ ઈતિહાસની જાળવણી અને સંસ્કૃતિની સુરક્ષાના કાર્યક્રમ તેમ જ વારસાના વૈભવનાં જતન અગ્રતાક્રમે હાથ ધરવાં જોઈશે. આથી, ઊગતી પેઢીનાં જીવનની ગુણવત્તા વધારી શકાશે અને સાથોસાથ આપણી વિરાસત પણ જાળવી શકાશે.

ચાલો, ઓળખીએ આપણા વારસાને : ખબર નહીં કે આપણે એથી અવગત છીએ કે છેલ્લી આઠેક સહસ્રાશાબ્દીકથી આપણાં ઈતિહાસ અને સંસ્કૃતિનાં પદચિહ્નો ખસૂસ લાક્ષણિક છે. બૌદ્ધિક વિરાસત, સાંસ્કૃતિક વિરાસત, સ્મારકીય વિરાસત,પુરાવસ્તુકીય વિરાસત વગેરે. આપણા પૂર્વાચાર્યોનાં, આપણા પૂર્વજોનાં તલસ્પર્શી મન બાબતે આપણે શું અભિજ્ઞ છીએ ? એ તો આપણા સંસ્કૃત સાહિત્યને ફંફોસીએ તો આ બાબતનો પાર પમાય. આપણા રાષ્ટ્રની સંસ્કૃતિ કેટલી સુદૃઢ હતી અને આપણા સંસ્કાર કેટલા સક્ષમ હતા એની આપણને કેટલી ખબર છે? દા.ત. આપણી પ્રાગૈતિહાસિક સંસ્કૃતિ જેણે નગર સંસ્કૃતિની પરંપરા સર્જી છે. આપણી વૈદિક સંસ્કૃતિ જેણે બૌદ્ધિક સંસ્કૃતિની ધરોહર આપણને પ્રદત્ત કરી છે. આજેય આપણને આશ્ચર્ય થાય છે કે આપણે આવા શાશ્વત વિચારો સંપ્રાપ્ત કરનાર કેવા સૌભાગ્યવન્તાં છીએ. તાજમહાલ એ તો પાષાણમાં કંડારેલી અદ્‌ભુત કવિતા છે. મહાબલીપુરમનાં સામુદ્રીય મંદિરો જગતની અજાયબી છે. શ્રવણબેલગોલામાં સ્થિત એકપાષાણનિર્મિત બાહુબલિની વિશાળકાય પ્રતિમાનો જોટો જડવો મુશ્કેલ છે. જૂનાગઢના પ્રાંગણમાં અશોકના ધર્મશાસ્ત્રથી વિખ્યાત શૈલ ઉપરનાં ત્રણ વિભિન્ન રાજવંશોના ત્રણ શાસકોએ ઉત્કીર્ણ કરેલાં લખાણ, એ લખાણનું નિમિત કારણ,એક જસ્થળે બ્રાહ્મી લિપિ અને સંસ્કૃત ભાષાના વિકાસને અવલોકવા માટેની સુવિધા અને સૌથી ધ્યાનાર્હ તેમ જ એકમેવ એવી ઘટના તે દફતરની વિભાવનાનો અદ્વિતીય આભિલેખિક નમૂનો સંભવ છે કે વિશ્વના કોઈ ખૂણામાં શોધવો-જડવો શક્ય નથી જ. હમ્પીનાં મંદિરો કે દક્ષિણનાં મંદિરોના વિમાન-રથ કે દ્વારકાનગરીનું સામુદ્રીય ઉત્ખનન કે ચાંપાનેરના ઈસ્લામી સમયનાં સ્મારકો આપણા વારસાના વૈભવનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. આ બાબતના ગુણાકાર સહજ થઈ શકે છે. હા, આ બધાં ઐતિહાસિક સ્મારકો જો વિદેશમાં ક્યાંક હોત તો સંભવ છે કે ત્યાંની સરકારોએ મિલ્યન્સ પાઉન્ડ કે મિલ્યન્સ ડૉલર ખર્ચ કર્યો હોત. દા.ત. પૉમ્પાઈનાં જતન-જાળવણી. જો હમ્પીનાં સ્મારકો ઈટલીમાં અસ્તિત્વ ધરાવતાં હોત તો સંભવ છે કે કરોડોના ખર્ચે તેમાં જતન-જાળવણી-સરંક્ષણ--સંભાળ તો થયાં જ હોત પણ ત્યાં પહોંચવા સુધીની સરળ સુવિધા અને વ્યવસ્થા હાથવગાં હોત જ. આપણે આવાં કામોમાં માત્ર આરંભે જ શૂરા અને ઉદ્‌ઘાટન કરીને ઈતિથી હરખાઈ જઈએ. પણ જરૂરી માળખાકીય સગવડો પ્રસ્થાપવાથી દૂર રહીએ છીએ અને પરિણામે 'પાશેરામાં પહેલી પૂણી'ને અથેતિ સમજી લઈએ છીએ.



માણેક બુરજ

કેન્દ્ર સરકારની જાગરૂકતા : હા, એકવીસમી સદીના આરંભનાં વરર્ષોમાં કેન્દ્ર સરકારે આ પરત્વે સંનિષ્ઠ સક્રિય પ્રયાસો દેશમાં ઘણાં સ્થળોએ કર્યા છે. દા.ત. દિલ્હીનો લાલ કિલ્લો, રાજસ્થાનમાં ચિતોડ અને જેસલમેર તેમજ પુષ્કરતીર્થ વગેરે. ખાસ તો, સંસ્કૃતિ સત્ત્વ, વિશુધ નગરીય જીવન અને પ્રવાસનના ત્રિકોણનું સુંદર સંયોજન અત્યંત જરૂરી છે અને ગુજરાતમાં મોઢેરા અને ઉપરકોટ આનાં સુંદર દૃષ્ટાંત છે. સવાલ અહીં જે ઉપસ્થિત થાય છે તે તો છે પ્રાવૃતિક સાતત્યનો, માળખાગત


ક્રિકો મિલની ચીમની

સુવિધાઓ સંપડાવી આપવાનો અને પ્રવાસી ચાહીને આવવા પ્રેરાય તેવા માહોલના નિર્માણનો. દા.ત. યાત્રીઓ ઐતિહાસિક સ્થાને સહજ રીતે પહોંચી શકે તેવી વાહન-સંદેશા-વ્યવહારની સગવડ ઉપલબ્ધ કરી આપવાનો. રસ્તાઓ સારા હોવા જોઈએ. વૃક્ષોથી આચ્છાદિત રહેવા જોઈએ. માર્ગમાં જરૂરી વસ્તુઓની ઉપલબ્ધિ હોવી જોઈએ. સ્થળ ઉપર નિવાસની સુંદર સુવિધા હોવી જોઈએ. જે તે સ્થળનો પરિચય આપતી પુસ્તિકા, ફોટોગ્રાફ્સ, ફોટોકાર્ડ્ઝ, શક્ય હોય તો દશ્યશ્રાવ્ય અંકિત કસેટ્સ જેવી સગવડો તેમ જ કૅમેરા અને રોલના વેચાણ કે ભાડે આપવાની સુવિધા પણ પ્રસ્થાપવી જોઈએ. સ્વચ્છતાનો અભિગમ સર્વત્ર પ્રસરેલો હોવો જોઈએ.આ બાબતે વિદેશો અગ્રેસર છે. દા.ત.. રોમ. સ્થાનિક લોકોને આ બાબતે જાગૃત કરવા, શિક્ષિત અને દિક્ષિત કરવાનો દષ્ટિકોણ પણ અમલી બનવો જોઈએ. જો સ્થાનિક લોકો ઉદાસીન હશે અને સરકારી પ્રયત્નો માત્ર કાગળ ઉપર હશે તો ગમે તેવું ઐતિહાસ સ્મારક એનું મહત્ત્વ અચૂક ગુમાવશે. સ્થાનિક સંસ્થાઓ અને ઐતિહાસિક સ્થળના પરિસરની શાળા-મહાશાળાઓને પણ આ કાર્યમાં સાંકળવા જોઈએ. સહુનો સહકાર એનું મુખ્ય સૂત્ર હોવું જોઈએ. હા, રાજકારણના વાસુકિઓથી આવાં સ્થળોનું સરંક્ષણ પ્રાથમિક જરૂરિયાત રહેવી જોઈએ. પુરાવસ્તુવિદ્યા, કલાવિદ્યા, ઈતિહાસવિદ્યા, નૃવંશવિદ્યા જેવી વિદ્યાઓના નિષ્ણાતોનો લાભ આ બાબતે અવશ્ય લેવો જોઈએ, જેઓ અવારનવાર સ્થળપરીક્ષણ અને સ્થાનિક જિજ્ઞાસુઓને-રસિકોને માર્ગદર્શન આપતા રહે તે ખાસ જરૂરી છે.

આપણી માનસિક્તા બદલીએ : આપણે એ ભ્રમણામાંથી સવેળા મુક્ત થવું જોઈશે કે ઐતિહાસિક સ્મારકોનાં સરંક્ષણથી દેશને કોઈ ઉપલબ્ધિ થવાની નથી. હકીકતે ડોમેસ્ટિક ટૂરિઝમ આજની તાતી જરૂરિયાત છે અને એ વિભાવનાની અવગણના દેશના સાંસ્કૃતિક વારસાના વૈભવ વાસ્તે ખતરનાક પુરવાર થશે. બલકે, આથી તો આર્થિક વિકાસમાં ઘણો ફાયદો થશે, તો લોકોમાં વારસાનાં વૈભવ પરત્વે જાગૃતિ વધશે. અહીં એ બાબત ધ્યાનમાં લેવાવી જોઈએ કે સ્મારકોની દીવાલો ઉપર લોકો લખાણ કોતરે છે, અને જે આપણી રાષ્ટ્રિય નબળાઈ છે, તેનાથી દૂર રાખવા માટેના પ્રયાસો કરવા જોઈએ. અનુભવ તો એવું કહે છે ઈરાનનાં સ્મારકોની ભીંતો ઉપર ભારતીયો એ કોતરેલાં લખાણ જોવાં એ મળે છે. આથી વધારે નીચાજોણું આપણા રાષ્ટ્રિય ચારિત્ર્ય અંગે બીજું શું હોઈ શકે. જરૂર છે આમજનતાને આ બાબતે શિક્ષિત અને દીક્ષિત કરવાની. જરૂર છે સામાજિક અને સાંસ્કૃતિક ક્રાન્તિની. જરૂર છે લોકોની માનસિકતાના બદલાવની. કેવળ સરકારના પ્રયાસો ઊણા ઊતરવાના. શક્ય હોય તો પ્રત્યેક જિલ્લામાં હેરિટેજ ટ્રસ્ટની રચના થવી જોઈએ અને સમાજે તેને



પોળનું દશ્ય

પોષવું જોઈએ. સામાજિક જવાબદારી અને ખુલાસાની જરૂરિયાતનો અભાવ આપણી પ્રજામાં જે ઘર કરી ગયો છે અને રાજકારણીઓ તથા સરકારમાં માનસિક નિર્બળતા-શિથિલતા છે તે સત્વરે દૂર થવી જોઈએ. હરિયાણામાં કેન્દ્ર સરકારે આ પરત્વે ઠીક સિદ્ધિ હાંસલ કરી છે. જરૂર છે એવા ખયાલને વહેતો કરવાની કે ભૂતકાળ પાસે આપણને આપવા જેવું ઘણુંબધું છે; 'the past is soething to be proud of.' વધારે ધ્યાનાર્થ બાબત એ છે કે આપણી નોકરશાહી જ પ્રશ્નોના ઉકેલને સ્થાને ગુણાકાર કરે છે. આ અમારું છે અને આ તમારું છે એવો અભિગમ નોકરશાહીમાં ઘર કરી ગયો છે. નોકરશાહીની માનસિક્તા બદલ્યા વિના આ બધું નિરર્થક છે. 'Be it pride in the past' એવું સૂત્ર અમલદારશાહીની કોટે લટકાવવું ખૂબ જ જરૂરી છે. પ્રજાસમસ્ત પોતાના ભૂતકાળનું મૂલ્ય નહીં સમજે ત્યાં સુધી તેઓ ક્યારેય વારસાના વૈભવનું મૂલ્ય નહીં સમજે. 'ઊઠો, જાગો અને કાર્યાન્વિત થાવ' એવો વિવેકાનંદી અભિગમ જ આની બુનિયાદ બની રહેવી જોઈએ. અત્યાર સુધીની સૈદ્ધાન્તિક બાબતોના ઉપલક્ષ્યમાં કેટલાંક ઉદાહરણો અવલોકીએ.

'હેરિટેજ વિલેજ' તરીકે તેરા ગામ : કચ્છ જિલ્લામાં અબડાસા તાલુકામાં તેરા નામનું ગામ છે. આમ તો તે પાંચસો વર્ષ પુરાણું ગામ છે, ઐતિહાસિક છે પણ લોકોનાં ધ્યાનબહાર છે. પરંતુ તાજેતરમાં કેન્દ્ર સરકારે આ ગામને 'હેરિટેજ વિલેજ' તરીકે જાહેર કર્યું, સન્માન્યું. સાચે જ આ ગર્વ અને ગૌરવ લેવા જેવી ઘટના ગણાય. આ સદીના આરંભના વર્ષના આરંભના મહિનામાં ગુજરાતે અનુભવેલા વિનાશક ભૂકંપ વેળાએ આ ગામને ખરાબ અસર થયેલી, પણ ગુજરાતનું આ પહેલપ્રથમ ગામ છે જેને 'હેરિટેજ વિલેજ'નું બહુમાન સાંપડ્યું થયું. કારણ ખબર છે ? આ ગામમાં આશરે વીસ જેટલાં પુરાણાં દેવાલય અને દેરાસર છે, ૪૫૦ વર્ષ પુરાણી હવેલીઓ, કિલ્લા અને ત્રણ જળાશય છે. આમ

આ ગામ ઈતિહાસ અને સંસ્કૃતિના કેન્દ્ર સમું છે. સંરક્ષણને વરેલી વિવિધ સંસ્થાઓના નિષ્ણાતોએ ગામનો પુનરુદ્ધાર કર્યો છે. ત્રણ હજારની વસતી ધરાવતા તેરા ગામનું તોરણ કચ્છના શાહી પરિવારના ભાયાતોએ બાંધ્યું હોવાનું કહેવાય છે. અહીંનાં જૈન મંદિર 'નાની પંચતીર્થ' તરીકે જૈનોમાં સુખ્યાત છે. ઉપરાંત મોઢેશ્વરી અને આશાપુરા દેવીઓનાં મંદિર પણ વિખ્યાત છે. એવું કહેવાય છે કે આશરે સાઠ હજાર જૈન અનુયાયીઓ-યાત્રીઓ તેરાની મુલાકાતે આવે છે. 'હેરિટેજ વિલેજ' તરીકે તેરાનો સર્વગ્રાહી વિકાસ પ્રવાસન કેન્દ્ર તરીકે આ વિસ્તારનો અભ્યુદય તો થશે જ સાથોસાથ આર્થિક પ્રગતિનો લાભ પણ આ વિસ્તારને પ્રાપ્ત થશે. પણ સહુથી વિશેષ તો સંસ્કૃતિની વિરાસતનાં જતન થશે તે છે અને લોકોમાં વારસા અંગે સભાનતા પ્રગટશે. નિષ્ણાતોની ટુકડી તેરા ગામમાં બાવીસ જેટલાં પુનઃનિર્માણ કાર્ય હાથ ધરશે, જેમાં દરબારગઢનો કિલ્લો, શામળાજી પાર્શ્વનાથજી જૈન દેરાસર (આશરે ૩૦૦ વર્ષ પુરાણું), વાવ(૪૫૦ વર્ષ જૂની), સમાધિ ઉપરની કોતરણી, હવેલીઓ અને તેનાં પ્રવેશદ્વાર જેવાં સ્મારકોનો સમાવેશ થાય છે. તેરાના રાજમહેલની દીવાલો ઉપર ભગવાન રામના જીવનને આલેખતાં ચિત્રોનું પુનર્નિર્માણકાર્ય પણ હાથ ધરાશે. પુનરુદ્ધાર કાર્ય ઉપરાંત અભયારણ્ય, ગ્રામબજાર, ગંદાં પાણીના નિકાલની યોજના અને કલાવિથિકા જેવાં અભિનવ કાર્યો પણ શોભામાં અભિવૃદ્ધિ કરશે.

મૅક મુર્ડોવ બંગલાની જાળવણી : કચ્છ જિલ્લામાં આવેલું અંજાર એટલે અગાઉ ભૂકંપનો ભયાનક અનુભવ કરેલું ગામ.આ પણ ઐતિહાસિક ગામ અને બંદર અહીંના સૂડીકામ, બાંધણીકામ માટે વખણાય છે. વિ.સં. ૧૮૯૬માં નિર્માણ પામેલું માધવરાયજીનું વૈષ્ણવ મંદિર જાણીતું છે. અહીંનું સ્વામિનારાયણનું મંદિર પણ નોંધપાત્ર છે. આ ગામમાં શિખ અને ખ્રિસ્તી સંપ્રદાયનાં દેવાલયો છે. જેસલ-તોરણની સમાધિથી તો અંજાર વિશેષ ખ્યાત છે. પરંતુ અહીં એક 'ભૂતિયો મહેલ' આવેલો છે જે અસલ Mac Murdowનો બંગલો છે. એના છાપરાનું



હોપ બ્રિજ

અસ્તિત્વ નથી. દીવાલો ખવાઈ ગઈ છે. કેટલાંક બારી-બારણાં તૂટેલાં છે. બાહ્ય દેખાવથી એને ઉપનામ મળ્યું 'ભૂતિયો મહેલ નું'. પણ હિંમત કરીને જો આપણે મકાનની અંદર પદાર્પણ કરીએ તો અચંબામાં આપણે ગરકાવ થઈ જઈશું; કેમકે આ મહેલની અંદરની દીવાલો સુંદર અને મનોહર ચિત્રોથી શોભી રહેલી જોવા મળશે. આશરે સવાસો વર્ષ પૂર્વેનાં આ ભીંતચિત્રો પ્રેક્ષકનું મન ભરી દે છે. ૨૦૦૧ના ભૂકંપે આને પણ અસર કરેલી. બાહ્ય વાતાવરણથી ભીંતચિત્રો નુકસાન પામી રહ્યાં હતાં. પરંતુ રાજ્ય પુરાતત્ત્વ વિભાગે આ ચિત્રોને નવજીવન બક્ષ્યું તેમ જ મહેલનાં જતન-જાળવણીનાં કાર્ય હાથ ધર્યાં. બે મજલાના આ મહેલના ભૂમિમાળના એક ખંડમાં દોરેલાં ભીંતચિત્રો ઈ. ૧૮૭૦નાં છે. આ ચિત્રોનું મહત્ત્વ એના સ્થાનિકપણામાં છે. આ પ્રદેશની પરંપરાનાં દ્યોતક એવાં આ ચિત્રો છે. કહી શકાય કે ચિત્રકળાની કચ્છીશૈલીનાં લક્ષણ એમાં અવલોકાય છે. રાજ્ય પુરાતત્ત્વ ખાતાએ આ મહેલને રક્ષિત જાહેર કર્યો છે. ખાતાના નિયામક યદુવીરસિંહ રાવતના જણાવ્યા મુજબ આ મહેલના પુનર્નિર્માણનું કાર્ય જુલાઈના અંત સુધીમાં શરૂ થશે. રામાયણ અને મહાભારતનાં કેટલાંક દૃશ્ય આ ચિત્રોમાં આલેખિત થયાં છે. જો કે મુર્ડોઉ એ કચ્છ રાજ્યનો બ્રિટિશ પોલિટિકલ એજન્ટ હતો.

લખતરના કિલ્લા ઉપર માનવીય અવ ચંડાઈ : આપણે ભૂમિકામાં નોંધ્યું છે કે સ્મારકોની દીવાલો ઉપર નામ કોતરવાં એ રાષ્ટ્રિય રોગ છે. હમણાં દેશની વરિષ્ટ અદાલતે સ્મારકો અને શૈલખંડો ઉપરની જાહેરાતો વિરુદ્ધ નિર્ણય જાહેર કર્યો છે. પણ માનવકૃત સહેતુક અવળચંડાઈ આપણને કોઠી પડી ગઈ છે. સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના મુખ્ય મથક લખતરમાં દરબારગઢ નામની સો વર્ષ જૂની એક હવેલી આવેલી છે. એને ફરતો કિલ્લો પૂર્વ રાજવી કરણસિંહજીએ બંધાવ્યો હતો. ધ્રાંગધ્રાના પીળાશ પડતા રંગના પથ્થરોના વિનિયોગથી નિર્માયેલો ત્રણ કિલોમીટર લંબાઈ ધરાવતો આ કિલ્લો અદ્યાપિ યથાવત્ સુરક્ષિત રહ્યો છે. પરંતુ ઈતિહાસના જ્ઞાનથી અને એના મહત્ત્વથી અવગત નહીં થયેલાં સ્વાર્થી લોકોએ કિલ્લાની દીવાલનો ઉપયોગ જાહેરાત ચોંટાડવાના પાટિયા તરીકે કર્યો છે. ચિત્રિત જાહેરાત ઉપરાંત જાહેરાત દર્શાવતાં હોર્ડિંગ્સ પણ ચીપકાવેલાં જોવાં છે; અને તે વાસ્તે કિલ્લાની દીવાલમાં ખીલા ઠોકાયા છે અને ક્લૅમ્પ લગાવાયા છે. લખતરના રાજવી બલભદ્રસિંહજી આથી વ્યથિત છે. એમણે દેશની અને રાજ્યની પુરાવસ્તુકીય સર્વેક્ષણ સંસ્થાઓનું લિખિતમાં ધ્યાન પણ આકૃષ્ટ કર્યું છે. પણ એ વિનંતી બહેરા કાને અથડાઈ છે. રસપ્રદ બાબત તો એ છે કે ચા-નાસ્તા-પાનના લારીગલ્લાવાળા, જેઓ આ દીવાલની સંનિધિમાં કાર્યરત છે, આ બાબતે અભાન છે છતાં કિલ્લો વિકૃત ના થાય તેની તકેદારી રાખે

છે. સવાલ તો ત્યારે એ છે કે ધનપતિઓ અને બુદ્ધિમાનો તેમજ વેપારીઓને આ વિષે જાગૃત કરવા કેવી રીતે ? એમણે તો અબુધ રોજી-રોટી કમાતા નિર્ધનો પાસેથી બોધપાઠ લેવો જોઈશે. ૧૯૭૦માં જ્યારે મોતીસર જળાશય ભારે વરસાદથી બેહદ બન્યું ત્યારે આ કિલ્લાએ અમારાં ઘર પૂરથી રક્ષેલાં તે ઘટના અમે કેમ ભૂલીએ એવી જાગૃતિ આ મહેનતકશ લોકોની છે. એમને આ કિલ્લાનું મહત્ત્વ સમજાયું છે અને અમે ઠાકોરસાહેબને માન આપીએ છીએ કે જેમણે આ કિલ્લો બંધાવ્યો હતો. વેલજીભાઈ ઠાકોર અને મણિભાઈ પરમાર આમ કહે છે, અને જાહેરાતો ચિતરનારને અમે હાજર હોઈએ તો અટકાવીએ પણ છીએ. પણ કિલ્લાની લંબાઈને ધ્યાનમાં લેતાં બધી વખત આ શક્ય બનતું નથી. શિક્ષિતોએ, ધનપતિઓએ, વેપારીઓએ અને સ્થાનિક સ્વરાજની સંસ્થા શું આમાંથી કશોક બોધ ગ્રહણ કરશે ?

વિશ્વ વિરાસતના ખોળે ચાંપાનેર : જિલ્લા સ્તરે હેરિટેજ ટ્રસ્ટની સ્થાપનાની જરૂરિયાત પરત્વે આપણે અગાઉ અંગુલિનિર્દેશ કર્યો છે તે સબબ એની ઉપયોગિતા અને મહત્ત્વનાં શાં પરિણામો અને પરિમાણ હાથવગાં થાય છે તેનું ઉત્તમ દૃષ્ટાંત છે ચાંપાનેરને વિશ્વ વિરાસતના નકશામાં અમૂલ્ય સ્થાન પ્રાપ્ત થયું તે. વડોદરામાં ત્યાંના સ્થપતિ અને ઈતિહાસ-અભ્યાસુ કરણ ગ્રોવર હેરિટેજ ટ્રસ્ટ ચલાવી રહ્યા છે, ૧૯૮૪થી વડોદરા હેરિટેજ ટ્રસ્ટ ચાંપાનેર-પાવાગઢને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજના નકશામાં સ્થાન પ્રાપ્ત કરાવી આપે તે વાસ્તે બે દાયકાથી સતત પ્રવૃત્તિશીલ હતા અને અંતે ચીનના બેજિંગ શહેરમાં પહેલી જુલાઈ બે હજાર ચારના રોજ યુનેસ્કોની અઠ્ઠાવીસમી પરિષદમાં પાવાગઢ-ચાંપાનેરને વિશ્વવારસાની યાદીમાં સમ્માનભર્યું સ્થાન પ્રાપ્ત થયું. કાલિકા માતાના સ્થાનકડુંગર પાવાગઢની તળેટીમાં છ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં સુષુપ્ત નગરી ચાંપાનેરમાં વેરવિખેર પથરાયેલ સંખ્યાતીત અવશેષો સફાળા જાગી ઊઠ્યા અને વિશ્વયાત્રાએ પહોંચી ગયા. આ ઐતિહાસિક નગરીને ગુજરાતના તત્કાલીન સુલતાન મહેમૂદ બેગડાએ પાટનગરનો દરજ્જો સંપડાવી આપ્યો પંદરમી સદીના છેલ્લા ચરણમાં ૨૧મી નવેમ્બર, ૧૪૮૪માં તો વીસમી સદીમાં આ નગરીના સુષુપ્ત અવશેષોને પ્રજાપ્રત્યક્ષ કરવાનું ભાગીરથી કાર્ય રાષ્ટ્રના ખ્યાતનામ પુરાવિદ ડૉ. રમણલાલ નાગરજી મહેતાએ કર્યું, ગઈ સદીના સિત્તેરના દાયકા દરમિયાન આડી સપાટીએ ઉત્ખનન કાર્ય કરીને. એમના અમૂલ્ય પુરુષાર્થી પ્રયાસોનાં પરિણામો 'ચાંપાનેર એક અધ્યયન'(૧૯૭૯)ગ્રંથમાં શબ્દબદ્ધ થયાં છે. તો તે પછી ત્રણ દાયકાના સક્રિય પ્રયત્નો પછી કરણ ગ્રોવર અને એમના ટ્રસ્ટસાથીઓએ ચાંપાનેર-પાવાગઢને વિશ્વવારસાના આંગણામાં પ્રતિનિધિક સ્થાન સંપડાવી આપ્યું. આ જાહેરાત વખતે કરણ ગ્રોવર બેજિંગમાં સાક્ષાત્ ઉપસ્થિત હતા.

સામાન્યતઃ પુરાવસ્તુકીય ઉત્ખનનકાર્ય ઊભી સપાટીએ થતાં હોય છે. પ્રાધ્યાપક ૨.ના. મહેતાએ પહેલપ્રથમ આડી સપાટીએ ખોદકામ કરીને ઈતિહાસ સર્જ્યો છે એમ ચોક્કસ કહી શકાય. અહીંથી પ્રાગૈતિહાસિકયુગના અવશેષો હાથ લાગ્યા છે. તે પૂર્વે મધ્યાશ્મયુગ અને અન્ત્યાશ્મયુગની કેટલીક કડી સંપ્રાપ્ત થઈ હતી. હેન્રી કઝિન્સ, જેમ્સ બર્જેસ, હર્મન ગોએત્સ સરીખા ખ્યાતનામ અધ્યેતાઓએ ચાંપાનેર વિશે ગ્રંથો આપણને સુલભ કરી આપ્યા છે. ગૂજરાતનાં નગરોના વસાહતી નિર્માણ સંદર્ભે 'ગૂજરાત વિદ્યાપીઠ' આ લેખકના પ્રયાસથી ડૉ. મહેતાની બે પુસ્તિકા'સેટલમેન્ટ્સ ઑવ ગુજરાત : એન આર્કિયોલૉજિકલ ઈન્કવાયરી' (૧૯૯૦) અને 'ગુજરાતનાં નગરો' (૧૯૯૧) પ્રગટ કરી છે.

ચાંપાનેરમાંથી પ્રાપ્ત એક શિલાલેખમાં 'મહેમદાબાદ ઑફ ચાંપાનેર' એવું આ નગરનું નામકરણ જોવા મળે છે. જમીનના રંગ ઉપરથી સ્થળનામ પાડવાની પ્રક્રિયા જાણીતી છે. રાયોલાઈટ પથ્થર, જે અહીં ઉપલબ્ધ છે, ચંપકવર્ણ છે. તેથી આ રંગના પહાડ ઉપરનું નગર કે એ પથ્થરોથી નિર્માયેલાં મકાનોવાળું નગર તે ચંપકનગર અથવા ચાંપાનેર. ડૉ. મહેતાને આ સ્થળેથી વિવિધ પ્રકારની ઐતિહાસિક સામગ્રી પ્રાપ્ત થઈ છે. શક્તિપીઠ પાવાગઢના આંગણામાં સુષુપ્ત રહેલા અને હવે વિશ્વસ્તરે સ્થાનાધિકાર પામેલાં ચાંપાનેરનાં કલા-અવશેષ, સ્મારકો, ઈમારતો ભવ્ય અને રમ્ય છે. ઈસ્લામી સુલતાને વસાવેલા આ નગરમાં જૈનોની વસ્તી મહદંશે હતી. ચાતુર્માસ માટે મુનિઓ આવતા. આથી અંતે જૈનાશ્રિત ચિત્રકલાનું અસ્તિત્વ સહજ ગણાય. શૈવો અને શાક્ત અનુયાયીઓ પણ અહીં હતા. મહેમૂદે વાસવેલું આ નગર 'શહેરે મુકર્રમ મહેમદાબાદ'થી ઓળખાતું હતું. 'ગંગાદાસ પ્રતાપ વિલાસ'નામના નાટકમાં આ નગર 'ચંપકનગર'થી ઓળખાવાયું છે.

ધ્યાનાર્હ બાબત તો એ છે કે વડોદરા હેરિટેજ ટ્રસ્ટે અહીંથી વિસ્થાપિત લોકોના કલ્યાણાર્થે અને નગરનાં સ્મારકોના જતન-જાળવણી વાસ્તે આઠ કરોડ રૂપિયાનું ભંડોળ પ્રસ્થાપવાનું બીડું ઝડપ્યું છે. આમ, આ ટ્રસ્ટે કાઈકારણની વિભાવનાને ચરિતાર્થ કરવાની અલૌકિક હામ ભીડી છે. અહીં એક્સો ચૌદ જેટલાં મૉન્યુમેન્ટ્સ સંરક્ષણની રાહ જોઈ રહ્યાં છે. કરણ ગ્રોવરના કહેવા મુજબ ભંડોળમાંથી જે કાર્યો સંપન્ન થશે તેમાં, વ્યક્તિગત ઐતિહાસિક સ્થળની ઓળખ કરવી, પ્રતિવર્ષ ચાંપાનેર-મેળાનું આયોજન કરવું, આ નગરની ઓળખ આપતા નકશા અને સચિત્ર પત્રિકાઓ પ્રકાશિત કરવી, બધાં સ્થળોને પરસ્પર સંલગ્ન કરવાં-સાંકળવાં, ઓળખનિર્દેશક પાટિયાં મૂકવાં, સ્વચ્છતા અભિયાન ચલાવવું જેવાં કાર્યોનો સમાવેશ થશે.

**માણેકબુરજની પૂર્વવત્ પુનસ્થાપના :** અહમદાબાદ એ ગુજરાતનાં ઈતિહાસ અને સંસ્કૃતિને ઉજાગર કરતું અપ્રતિમ કેન્દ્ર છે. કહો કે અહમદાબાદ એ ઐતિહાસિક અને સાંસ્કૃતિક નગરી છે. ઘણાંબધાં નગરોની જેમ આ નગર પણ વિવિધ વિદ્યાશાખાના વિવિધ રસ ધરાવતા વિદ્વાનોને આકર્ષે છે તો છે જ પણ તે સિવાય યાત્રિકોને, વેપારીઓને, વિદેશીઓને, સહેલાણીઓને, ધાર્મિકોને એમ સહુને આવકારે છે - આકર્ષે છે. ઈ. ૧૪૧૩ના ફેબ્રુઆરી માસની ચોથી તારીખને શનિવારે તેમજ વિક્રમ સંવત ૧૪૬૯ના ફાલ્ગુન શુક્લ ચતુર્થીએ અને હીજરી સંવત ૮૧૫ના જીલ્કાદ ૩ ના રોજ અહમદાબાદની સ્થાપના સુલતાન અહમદશાહે કરી હતી તે પૂર્વે આજનું અમદાવાદ આશાપલ્લીથી રાજકીય અને સાંસ્કૃતિક દૃષ્ટિએ સુખ્યાત હતું ; કહો કે આશાપલ્લી કે આસાવલ આજના અમદાવાદની પૂર્વાવૃત્તિ હતી. આ બે વચ્ચે કર્ણાવતીનું કોઈ સ્થાન ન હતું. કર્ણાવતી માત્ર લશ્કરી છાવણીનું નગર હતું અને તે કામચલાઉ વસાહતી હતી. સોલંકી રાજા કર્ણદેવે દક્ષિણમાંથી થતા અને થનાર રજકીય હુમલાઓને ખાળવા કાજે તે નિર્મેલી હતી, પરંતુ સિદ્ધ રાજ જયસિંહને આ લશ્કરી છાવણી જરૂર જણાઈ ન હતી અને તેથી નામશેષ થઈ. આ આજના અમદાવાદને ફરતા કિલ્લામાં એક માણેક બુરજ હતો, જે એક કાળે એલિસપુલથી અને હવે વિવેકાનંદપુલથી ખ્યાત પુલની પૂર્વદિશાએ આવેલો હતો.માણેકબાવાથી ઓળખાતા હિન્દુ રહસ્યવાદીના નામથી આ બુરજ ઓળખાય છે. વર્તમાને આ પુલને પહોળો કરવા મિષે ઈ. ૨૦૦૦માં માણેકબુરજનો કેટલોક ભાગ જમીનદોસ્ત કરી દીધો હતો. પરંતુ પ્રજામાંથી ઊઠેલી માંગના સંદર્ભે અમદાવાદ મહાનગરપાલિકાના વિરાસત એકમને બુરજને યથાવત્ સ્થિતિમાં અને દેખાવમાં લાવવાના પ્રયાસો હાથ ધરવા પડ્યા તથા પરિણામે પુનરુદ્ધારનો પ્રથમ તબક્કો પૂરો થયો. પ્રજા જો જાગૃત હોય તો સરકારને નમવું પડે છે.

**દિવ્ય ભૂતકાળનું પ્રતીક કૅલિકોની ચિમની :** એક વખત માન્ચેસ્ટરનું નામાંકન પામેલું આજનું અમદાવાદ હવે કાપડ-ઉદ્યોગના નકશામાંથી વિલીન થઈ ગયું છે એમ કહેવાય. આમ તો ગઈ કાલના અમદાવાદમાં કહેવાય છે કે સોથી વધારે મીલ ચિમનીઓ પ્રાતઃકાલના પ્રહરી તરીકે કાર્યરત હતી. પરંતુ બધી મિલોમાં કૅલિકો મિલ્સ અન્યથા આગવા સ્થાનની અધિકારી હતી; કેમ કે તેના પરિસરમાં કાપડ-ઉદ્યોગના ઈતિહાસને ઉજાગર કરતું નકશીદાર કાપડને અલૌકિક સંગ્રહાલય હતું. હવે તે ત્યાં નથી. તે અત્યારે શાહીબાગમાં ખસેડાયું છે. કૅલિકોએ પોતાનું ગૌરવ ગુમાવ્યું હોય છતાંય એની ચિમની એના અને ઉદ્યોગક્ષેત્રના ભવ્ય ભૂતકાળને વાગોળતી અડીખમ ઊભી છે. મિલની ઘણીખરી ઈમારતો જ્યારે જમીનદોસ્ત થઈ રહી છે ત્યારે નગરના અગ્રણી નાગરિકોએ, અમદાવાદ મહાનગરપાલિકાએ અને ઔડાએ કૅલિકોની ચિમનીને 'હેરિટેજ સાઈટ' તરીકે જાળવી રાખવા સમયસરની રજૂઆત કરી છે. મિલમાલિક આનંદ સારાભાઈ પણ આ બાબતે સહમત છે. અમનપા અને ઔડા પણ આ પરત્વે સક્રિય સહયોગ આપવા તત્પર છે. આશરે સવાસો વર્ષનું આયુ ધરાવતી આ મિલ અમદાવાદની સંસ્કૃતિના અંગભૂત છે. કાપડ ઉદ્યોગની ક્રાન્તિમાં અન્ય મિલો સાથે કૅલિકો મિલ અગ્રેસર રહી છે. આથી એક સ્મારક તરીકે એનાં જતન-જાળવણી સમયનો તકાજો છે. આ ભૂંગળું આશરે ત્રીસ મીટર ઊંચું છે. આ મિલ્સ ૧૮૮૦ના નવેમ્બરમાં સ્થપાઈ હતી. પ્રજાએ અને ખાસ તો અમદાવાદી નાગરિકોએ અને વારસાના વૈભવના અભ્યાસુઓએ કેલિકોની ચીમની વિરાસતના પ્રતીક તરીકે સચવાઈ રહે એવો ઊહાપોહ કરવાની તાતી જરૂર છે. રાજ્યની વડી અદાલતે પોતાના હુકમના સંદર્ભ સબબ ચીમનીની જાળવણી બાબતે સ્પષ્ટ સૂચના આપવી જરૂરી છે. કહો તે આ બાબતને કાનૂની પ્રક્રિયાનો સહારો આવશ્યક છે.

**હોપબ્રિજ બચાવવા સુરતીઓની હાકલ :** સુરત ગુજરાતનાં ઈતિહાસ અને સંસ્કૃતિનાં અગ્રેસર કેન્દ્રોમાંનું એક છે. આઝાદીની લડત દરમિયાન મુંબઈ અને અમદાવાદ વચ્ચેનું તે એક અગ્રેસર સંઘર્ષકેન્દ્ર હતું. બ્રિટિશ સરકાર સામે સંઘર્ષની મશાલ પકડનાર સુરત હતું.૧૮૪૪માં મીઠાવિરોધી પ્રજોત્થાન, ૧૮૪૮માં નવા તોલમાપનો વિરોધ. આ બંને ઘટનાઓ દ્વારા ગુજરાતની પ્રજાએ પહેલપ્રથમ રાજકીય વિજય હાંસલ કર્યો, પહેલપ્રથમ લોકક્રાન્તિની મશાલ સળગાવી, સામૂહિક શાંત સત્યાગ્રહ અને સભાસરઘસના કાર્યક્રમ મારફતે સરકારને નમાવી. આમ તો આ બંને ઘટનાઓ૧૮૫૭ના સંગ્રામ પૂર્વેની. એટલે એનું અદકેરું મહત્ત્વ છે. તે પછી ૧૮૬૦માં આવકવેરા વિરોધી તોફાનો, ૧૮૭૮માં પરવાના સંદર્ભે આંદોલન પણ સુરતમાં.

હવે આ સુરતીઓએ પ્રજાતંત્ર વહીવટ સામે માથું ઊંચક્યું છે, અહીંના વિરાસત-પ્રેમીઓએ સુરત મહાનગરપાલિકા સામે. કારણ સુમપાની ખડી સમિતિએ તાપીકાંઠે આવેલા એકસો અઠ્ઠાવીસ વર્ષ પૂર્વેના હોપબ્રિજને જમીનદોસ્ત કરવા કાજે કરેલો ઠરાવ. સંઘર્ષનો ઝંડો પકડ્યો સ્વૈચ્છિક સંસ્થા'લોક સમસ્યા નિદાન કેન્દ્ર'એ. વહીવટીતંત્રની અને પ્રજાપ્રતિનિધિઓની આ બાબતે દલીલ એ છે કે આ પુલ હવે સક્ષમ નથી. કેન્દ્રની દલીલ એ છે કે મનપાએ ભંડોળ કરી પુલનું સમારકામ કરવું અને પગે ચાલીને જનારાઓને એનો ઉપયોગ કરવા દેવો. દમણમા પુલની કરુણ ઘટના વાંસોવાંસ સુરત મનપાએ આવો ઠરાવ-નિર્ણય કર્યો છે. ઈતિહાસી હકીકત એ છે કે ૧૮૬૪માં તત્કાલીન જિલ્લા કલેક્ટર અને મૅજિસ્ટ્રેટ થીઓડોર હોપે સુરતના આ સહુથી વરિષ્ઠ પુલનો પાયો નાખ્યો હતો. આ પુલ ચોકબજાર અને રાંદેર વિસ્તારને સાંકળે છે. આ

પુલનાં નિર્માણકાર્ય વાસ્તે બારેક વર્ષ લાગ્યાં હતાં અને ૧-૫-૧૮૭૭ના રોજ હોપે એને ખુલ્લો મૂક્યો હતો. કેવી વિરલ ઘટના ! પાયો નાખનાર અને ઉદ્‌ઘાટન કરનાર એક જ વ્યક્તિ અને તેથી આ પુલ એમના નામથી સુખ્યાત છે.

હા,૧૯૬૬માં નેહરુપુલ, ૧૯૯૨માં સરદારપુલ, ૧૯૯૬માં વિવેકાનંદપુલનાં નિર્માણ પછી હોપ પુલ ઉપરનું ભારણ જરૂર ઘટ્યું છે. પછી એને જમીનદોસ્ત કરવાનું કોઈ કારણ તર્કબદ્ધ જણાતું નથી. હોપપુલ ઉપર ૧૯૯૯થી ટ્રાફિકની અવરજવર બંધ છે જ. આ નગરના વરિષ્ઠ નાગરિક અને આઝાદીના લડવૈયા પ્રો.ફે. હકૂમત દેસાઈ પણ સુરત મનપાના આવા નિર્ણયને વિચારહીન ગણાવે છે.

અમદાવાદની પોળની પળોજણ : ગુજરાતમાં પોળનું વસાહતી મહત્ત્વ લાક્ષણિક છે અને એમાંય અમદાવાદમાંની પોળો વિશ્વવિખ્યાત છે. પોળનું સ્થાપત્યકીય બંધારણ અલૌકિક છે. આ કારણે અમદાવાદ મનપાએ ૧૯૯૬-૯૭માં પોળના પ્રવેશદ્વાર, ખાસ તો ખાડિયા અને કાલુપુરની પોળના સંદર્ભે, નામનિર્દેશક પાટિયાં મૂક્યાં અને સાથોસાથ જે તે પોળનો સંક્ષિપ્ત ઈતિહાસ પણ આપવો એવો નિર્ણય કરેલો. દા.ત. પોળનું નામકરણ, ત્યાંના મહાનુભાવો, તેના અસ્તિત્વની સમયાવધિ, પુરાણાં મકાનો, મકાનમાલિકો જેવી વિગત નિર્દેશવી. ફ્રાંસના નિષ્ણાંતો જ્યારે પોળના સ્થાપત્યને જાળવવા પ્રયત્નશીલ છે ત્યારે મનપાના વહીવટદારો ખોની રમત રમી રહ્યા છે કેટલીક પોળના રહીશો આ બાબતે જાગ્રત છે. ૧૯૯૭ના પ્રારંભે ખાડિયાની દેસાઈની પોળના નિવાસીઓએ સંક્ષિપ્ત ઇતિહાસ આલેખતું એક પાટિયું પણ મૂકેલું. નાણાંકીય સાધનોના અભાવે કરીને આ કાર્યક્રમ સ્થગિત થઈ ગયો.

મનપાનું હેરિટેજ એકમ કિલ્લા અંતર્ગત પોતાનાં જતનજાળવણી અંગે સચિંત છે. પરંતુ ઘણાંબધાં મકાનોની માલિકીનો પ્રશ્ન તેમને મૂંઝવે છે. થોડાંક એવાં મકાન છે જેનાં મૂળ માલિકના પુત્ર-પૌત્રના તાબે છે પણ તેઓ પાસે માલિકીહક્ક નથી. જ્યારે એવાં મકાન પણ છે, જેના દસ્તાવેજો કલેક્ટરની કચેરીમાં પડી રહેલા છે. સોળ ટકા મકાન ખાલી છે, કોઈ રહીશ નથી. આથી, માલિકીપણાના વણઉકલ્યા પ્રશ્નને લીધે જાળવણી-સરંક્ષણનાં કાર્ય અટકી ગયાં છે. પરંતુ સમગ્ર બાબત પૅન્ડોરા બૉક્સ જેવી છે. કાં તો કલેક્ટરે, કાં તો મનપાએ, કાં તો સ્થાનિક રહીશો કે પછી ત્રણેય ભેગા મળીને પોળના સરંક્ષણના પ્રશ્ને સક્રિય થવાની જરૂર છે. જો કે સરકાર કે સાર્વજનિક સંસ્થાઓ આ બાબતે સક્રિય બને કે ના બને, જે તે પોળનાં વર્તમાન રહીશોએ અને પોળમાંથી અન્યત્ર સ્થળાંતર થયેલાંઓએ પોળની પ્રતિભા અને પ્રતિષ્ઠા સંદર્ભે સવેળા જાગરૂક થવું એ સમયનો અને ઈતિહાસનો તકાજો છે.


રાયપુરનું દ્વારકાધીશનું મંદિર : આપણે હમણાં જ નોંધ્યું કે પ્રજાએ સક્રિયતા દાખવવી સમયની માગ છે. એનું શ્રેષ્ઠ દૃષ્ટાંત છે રાયપુર વિસ્તારમાં આવેલા ચાર સદી પુરાણા દ્વારકાધીશને મંદિરને નષ્ટપ્રાય થતું અટકાવવાનો પ્રયાસ. જગતમાં વિનાશના આરે ઊભેલાં સો જેટલાં સ્મારકોની એક યાદી 'વિશ્વ સ્મારક તપાસ' (વર્લ્ડ મૉન્યુમેન્ટ વૉચ) નામની સંસ્થાએ ૨૦૦૨માં તૈયાર કરી જેમાં એક નામ છે આપણા દ્વારકાધીશ મંદિરનું. એ યાદીને પરિણામે વર્લ્ડ મૉન્યુમેન્ટ ફંડ સંસ્થાની મારફતે રૉબર્ટ વિલ્સન ટ્રસ્ટે રૂપિયા પંદર લાખ જેવી માતબર રકમ ના મંદિરનાં જતન-જાળવણી માટે મંજૂર કરી. 'વમોફ' એ અમેરિકાના ન્યૂ યૉર્ક નગરમાં સ્થિત બિનનફાકારક મંડળ છે જે વિશ્વસમસ્તમાં ક્ષેત્રકાર્ય કરીને, નિસબત દર્શાવીને, અનુદાન આપીને, લોકોને તે બાબતે શિક્ષિત-દીક્ષિત કરીને, તાલીમ આપીને તેમ જ કોઈની ભલામણને આવકારીને ઐતિહાસિક સ્મારકોનાં જતન-જાળવણીને વરેણ્ય સમજીને સમર્પિત થયેલી છે.

આથી વમોવૉ તરફથી દ્વારકાધીશ મંદિરનું નામાંકન થતાં અમદાવાદે વામોફંને અનુદાન વાસ્તે અરજ ગુજારી અને હમણાં જૂન ૧૫,૨૦૦૪ના રોજ 'અનુરૂપ અનુદાન'(મૅચિંગ ગ્રાંટ) પુનરદ્ધાર કાર્ય કાજે ફાળવ્યું તેથી વિશેષ પ્રજાકીય નિસબત બીજી કઈ હોઈ શકે ? શું આપણા પોતીકા શ્રેષ્ઠીજનો આમાંથી કોઈ પ્રેરણાબોધ ના લઈ શકે ?હા, ઇચ્છાશક્તિ હોવી જરૂરી છે. છ મહિનામાં આ કાર્ય પૂર્ણ થવાની તાકીદ પણ કરી છે અને જીર્ણોદ્ધાર કાર્ય આરંભાયું પણ છે. વામોફંએ આ અનુદાન 'નેહરુ ફાઉન્ડેશન ફૉર ડેવલપમેન્ટ' મારફતે આપણને હાથવગું કરાવ્યું છે.

પુષ્ટિમાર્ગી વૈષ્ણવ સમાજના સહયોગથી આ કાષ્ઠહવેલી સંભવતઃ નજીકના ભવિષ્યમાં લગભગ મૂળસ્વરૂપે લોકાર્પણ થશે એવી આશા છે. આ મંદિર સંભવતઃ રાષ્ટ્રમાં પૂર્વકાલીન મંદિર સંકુલ હોવાનું સૂચવાય છે. એક તો સમયના સથવારે અને ૨૦૦૧ ભૂકંપને કારણે આ હવેલીને ઘણું નુકસાન પહોંચ્યું હતું. આમ તો આ વર્તમાન હવેલીને ખરીદવામાં આવી હતી, જ્યારે દ્વારકાધીશની મૂર્તિને આ નગર મધ્યે લાવવામાં આવી હતી. હવેલીના માલિકની ભાળ હાથવગી થઈ નથી.

ફ્રાંસ સરકારનો સહયોગ : આપણા પૂર્વજોએ આપણને સંપડાવી આપેલી વિરાસતના વારસાઈ વૈભવ પરત્વે લોકોની ઉદાસીનતા આપણા રાષ્ટ્ર વાસ્તે ખસૂસ ચિંતાનો વિષય બની રહે છે. વિશ્વના ઘણાંખરાં રાષ્ટ્રની પ્રજા અને સરકાર ઉભય આ બાબતે સજાગ અને સક્રિય છે ત્યારે આપણી નિષ્ક્રિયતા અને બેદરકારી સાચે જ ચિંત્ય છે. આને ઉજાગર કરે એવી એક, વિરાસતને સાચવી લેવાની, પ્રક્રિયા તરફ અંગુલિનિર્દેશ પૂરતો છે.

અમદાવાદના કાલુપુર વિસ્તારમાં લાંબેશ્વરની પોળ આવેલી છે. લાંબેશ્વર મહાદેવના દેવાલયને કારણે પોળનું આ નામ




એ.એમ.સી. અને ફ્રાન્સ સરકારનો સહયોગ

અસ્તિત્વ ધરાવે છે. આ પોળમાં સો વર્ષથી વધારે પુરાણું એક મકાન જમીનદોસ્ત થવાની તૈયારીમાં હતું ત્યારે અ.મ્યુ.કૉ.ના વિરાસત એકમ અને ફ્રાંસ સરકારના ત્વરિત આર્થિક અનુદાનથી પ્રસ્તુત મકાન વારસાના નકશામાં અંકિત થઈ ગયું. જીર્ણોદ્ધારને પરિણામે મકાન મનહર બન્યું છે. ત્યારના અને આજના મકાનનાં ચિત્રો આની સાહેદી છે.

વરસાદનાં પાણીથી ભીંતો ખવાઈ રહી હતી, તિરાડો દેખાઈ રહી હતી અને કાષ્ટકોતરણીનો ચળકાટ ઝંખવાઈ રહ્યો હતો. ત્યારે ફ્રાંસની સરકાર વહારે દોડી આવી અને જીર્ણોદ્ધારની પ્રક્રિયાથી સમગ્ર ઈમારતને બહારથી અને અંદરથી નયનરમ્ય બનાવાયું. ભીંતોને નવેસરથી પ્લાસ્ટર કરી રંગરોગાન કરાવાયું. જૂનાં, કહો કે અસલી અમદાવાદનાં આવાં મકાનોમાંથી જે થોડાંનાં પુનરુદ્ધાર થયો તેમાંનું આ એક છે. આ સદીના આરંભે ગુજરાતે અનુભવેલા ભયાનક ભૂકંપની ધ્રુજારીનો લાભ આ મકાનને સાંપડેલો. સમગ્ર મકાન તળેઉપર નવીનીકરણને હવે વૈભવી અદાથી રસિકોને આવકારે છે. દલપતરામ ચોકની સામે સ્થિત આ મકાનની વાંસોવાંસ ખીજડાની શેરી, ઢાલની પોળ અને વસ્તાઘેલજીની પોળમાં આવેલાં આવાં હેરિટેજ મકાનો પણ જીર્ણોદ્ધાર પામ્યાં છે.

અમદાવાદ મહાનગર પાલિકાનું હેરિટેજ યૂનિટ અત્યારે કાલુપુર, શાહપુર, રાયખડ અને અન્યત્ર આવાં દશ મહાનોને સાચવી લેવાના કાર્યમાં સક્રિય છે. ફ્રાંસની સરકારની વિરાસત બચાવો નિષ્ણાત ટુકડીના સભ્યો છેલ્લા એક વર્ષથી અહીં પડાવ નાખીને પલાંઠી વાળીને કાર્યરત છે. લાંબેશ્વરની પોળના મકાન માટે માલિકે સેવા બૅંકમાંથી પંદર હજારની લોન મળવી છે, અને મહિને ૩૬૦નો હપ્તો ભરે છે. મકાનના જીર્ણોદ્ધારનો ખર્ચ એક લાખ પાંસઠ હજારનો થયો તેમાં મકાનમાલિકે માત્ર પચીસ હજાર આપ્યા. શેષ રકમ ફ્રાંસથી આવી. અમદાવાદમાં આશરે પંદર હજાર ઈમારતો આ દશામાંથી મુક્ત થવા સાદ દે છે. શું દાનેશ્વરી અમદાવાદ પારોઠનાં પગલાં ભરશે કે માત્ર વિદેશી અનુદાન ઉપર નભશે ? ગુજરાતનાં અન્ય ગામનગરોમાં પણ આવાં વિરાસત જેવાં મકાનોની જાણવણી-સમારકામ હાથ ધરાવાં જોઈએ.

ઉપસંહાર : સારનો સાર, કહો કે કહેવાનું તાત્પર્ય એ છે કે અહીં નિર્દિષ્ટ અને નથી નિર્દેશ થયાં એવાં સંખ્યાતીત સ્મારકો એ આપણા સુકજ્ઞ પૂર્વજોએ આપણને અર્પણ કરેલી ઐતિહાસિક અને સાંસ્કૃતિક મૂડી છે, વિરાસત છે,વારસો છે, જેના વૈભવને આપણે જાનથી પણ અધિક રીતે જાળવવો આપણી અદકેરી ફરજ છે. આ લેખનો હેતુ પણ પ્રજાને આપણને સંપ્રાપ્ત થયેલાં સ્મારકો પરત્વે ઉજાગર કરવાનો છે. ટીપેટીપે સરોવર ભરાય એ ઉમદા વિભાવનાના પગલે-પગલે આપણે સહુ એક જવાબદાર પ્રજા તરીકે અને આપણને આપણા પૂર્વજોએ સંપડાવી આપેલા વારસાને આપણે આપણી પછીની પેઢીને યથાવત્‌રૂપે વારસામાં આપવાનો વરેણ્ય ખયાલ અંકે કરીએ તો આ લખાણ યથાર્થ બની રહેશે એવી શુભભાવના. ❐

## 'કુમાર ટ્રસ્ટ'નાં પ્રકાશનો

**આવો શીખીએ અંગ્રેજી** : ધનુભાઈ મહેતા-લિખિત આ પુસ્તક અંગ્રેજી વ્યાકરણથી સુપેરે માહિતગાર કરાવે છે. અંગ્રેજી શીખવા ઇચ્છુક દરેકે વસાવવાયોગ્ય આ પુસ્તકની મૂળ કિંમત ૧૬૦ રૂ. છે, પરંતુ હાલ તેની ઘટાડેલી કિંમત ૧૦૦ રૂ. છે. પોસ્ટથી મંગાવનારે ૩૫ રૂ. વધુ મોકલવા.

**ચયનગ્રંથ સંપુટ–૨** : 'કુમાર'ના ત્રીજા દશકમાંથી ચયન કરેલ વાર્તાઓ, કાવ્યો અને જીવનચરિત્રોના આ ત્રણ ગ્રંથોની મૂળ કિંમત ૧૬૦ રૂ. છે, હાલ તેની ઘટાડેલી કિંમત ૧૨૫ રૂ. છે. પોસ્ટથી મંગાવનારે ૨૫ રૂ. વધુ મોકલવા.

**યોગાસનો** : દામુભાઈ શુક્લ-લિખિત આ પુસ્તકમાં યોગાસનોની સચિત્ર વાચનસામગ્રી આલેખાઈ છે. યોગાસનોના અનેકાનેક લાભ વર્ણવતા આ પુસ્તકની આ ૮મી આવૃત્તિ છે. મૂળ કિંમત ૨૦ રૂ. છે. પૉસ્ટથી મંગાવનારે ૪ રૂ. વધુ મોકલવા.

**કાવ્યો** : 'કુમાર'ના 'અમૃતપર્વ' નિમિત્તે બૃહદ્-બુધ-કવિ સંમેલનમાં ૨૧ કવિઓ દ્વારા પઠિત કાવ્યોના આ સંચયની મૂળ કિંમત ૨૫ રૂ. છે. પોસ્ટથી મગાવનારે ૪ રૂ. વધુ મોકલવા.

**પ્રસંગપરાગ** : 'કુમાર'ના છેલ્લા પાના પર આવેલા પ્રેરક પ્રસંગોની આ પાકા પૂંઠાની ચયનિકાની મૂળ કિંમત ૧૫ રૂ. છે. પોસ્ટથી મગાવનારે ૪ રૂ. વધુ મોકલવા.

**આરોગ્યસૂત્ર** : 'કુમાર'ના છેલ્લા પાના પર આરોગ્યને ઉપકારક દેશી ઉપાયોના નુસખા પ્રકટ થતા રહ્યા છે. આ નુસખાઓ સમાવતા 'આરોગ્યસૂત્ર'ની મૂળ કિંમત ૧૦ રૂ. છે. પોસ્ટથી મગાવનારે ૪ રૂ. વધુ મોકલવા.

નોંધ : ૧. ઘટાડેલી કિંમત સીધા 'કુમાર ટ્રસ્ટ'માંથી પુસ્તકો મગાવનાર માટે જ છે.

૨. ચેક/ડ્રાફ્ટ 'કુમાર ટ્રસ્ટ'ના નામનો જ લખવો. બહારગામની બૅન્કનો ચેક હોય તો બૅન્ક કમિશનના ૨૫ રૂ. ઉમેરીને મોકલવા.

# 'શું એ...હતો?'

વ્રજેશ આર. વાળંદ

'વાહ, રાકેશ વાહ ! ખૂબ ખૂબ અભિનંદન ! હારમોનિયમ પર ગજબનો કાબૂ છે ! ગળું પણ ખૂબ સરસ છે !' 'થૅંક યૂ, સર ! હું ઍકોર્ડિયન અને ગિટાર પણ વગાડું છું !' 'કીપ અપ માઈ સન ! તારું ભવિષ્ય ખરે જ ખૂબ ઉજ્જવળ છે ! બાઈ ધ વે, તારા પિતાજી શું કરે છે ?' 'પપ્પા નથી, સર !' એ સહેજ ઝંખવાયો. મને ય મારા પ્રશ્ન બદલ દુઃખ થયું 'મમ્મી નાનકડી વીશી ચલાવે છે. હું એમને બનતી સહાય કરું છું. રાત્રે સંગીતશાળામાં જાઉં છું. સંગીત સંગીત વિશારદના છેલ્લા વર્ષમાં છું.' 'ખૂબ સરસ ! ઍનિ વે, કાંઈ કામ હોય તો બેશક જણાવજે.' 'સર, શક્ય હોય તો બે-ત્રણ ટ્યુશન અપાવજો. કાર્યક્રમ કરવાનો હોય તો પણ કહેજો !' 'જરૂર, જરૂર. મારાથી બનતું બધું જ કરીશ. તુ તારી કલા-સાધનાને ખંડિત ન થવા દેતો. તારી પાસે મને ઘણી અપેક્ષાઓ છે !' 'થૅંક યૂ, સર.' કહી એણે મારી રજા લીધી.

રાકેશ મારો એસ.વાય.બી.એ.નો વિદ્યાર્થી. હું સંસ્કૃતનો વ્યાખ્યાતા. સંગીતનો ભારે અનુરાગી. કોઈ જૂનાં ફિલ્મી ગીતની મધુર તરજ સાંભળતાં પગ ધરતી પર ખોડાઈ જાય. યુવાનીમાં મને ય ગાયક-સંગીતકાર થવાનું ઘેલું લાગેલું પણ મારી દરિદ્રતાએ મારા શૉખને વજ્ર-શૃંખલાઓથી જાણે જકડી લીધો હતો. પ્રથમ સત્રના પ્રારંભટાણેની સંગીત સંધ્યાએ રાકેશના વાદ્યપ્રભુત્વને અને કંઠમાધુર્યે મને મંત્રમુગ્ધ કરી દીધો હતો. અને કોઈ પણ પ્રકારની આર્થિક વિટંબણા ન નડે એની હું પૂરી કાળજી રાખવા લાગ્યો. એને સતત હું પ્રોત્સાહિત કરતો રહ્યો. એનામાં જાણે રમમાણ થઈ ગયો. એક વિદ્યાર્થી તરીકે પણ રાકેશ પ્રતિભાશાળી હતો. એ પ્રથમ વર્ગ સાથે પાસ થયો.

પણ આગામી વર્ષે મારે મારી આ આર્ટ્સ કૉલેજ આકસ્મિક રીતે છોડવી પડી. સત્રના પ્રારંભ પહેલાં જ અમદાવાદની એક સુવિખ્યાત કૉલેજમાં અધ્યાપકના સ્થાન માટે મારી પસંદગી થઈ. મારી ભાવિ કારકિર્દીના નિર્માણ માટે આ તક ગુમાવવી મને પાલવે એમ ન હતું. રાકેશને હૃદયપૂર્વક શુભેચ્છા પાઠવી મેં મહાનગરની વાટ પકડી.'કામ હોય તો અડધી રાતે ચાલ્યો આવજે !'નો સધિયારો પણ આપ્યો. ખરે જ મને એના પ્રત્યે લઘુ-ભ્રાતા જેવું હેત હતું.

અમદાવાદની મારી કાર્યવ્યસ્તતાએ મને જાણે રાકેશને વિસ્મૃત કરવાની ફરજ પાડી. હા, ક્યારેક વિદ્યુત્-ચમકારની જેમ એની સ્મૃતિ ઝબૂકી જતી. કોઈ સંગીતજલસામાં જવાનું થાય ત્યારે એ અચૂક યાદ આવી જતો. પરંતુ ક્રમશઃ એ સ્મૃતિમાંથી લોપાતો ગયો.

એક વાર મારી એ મૂળ આર્ટ્સ કૉલેજના મારા સહકર્મી વ્યાખ્યાતા મિત્ર શ્રી અમૃતે ભાષા તજ્જ્ઞોની પરિષદમાં જામનગર ભેટી ગયા. પ્રારંભિક ઔપચારિકતા પતાવ્યા બાદ તરત જ હું પૂછી બેઠો : 'રાકેશ શું કરે છે ?' ને એ ગંભીર થઈ ગયા. એમના ચહેરા ઉપર ગમગીનીની આભા પથરાઈ ગઈ. એમના ચહેરા ઉપરથી સ્પષ્ટ વર્તાઈ રહ્યું હતું કે તે ઉત્તર આપવા માગતા ન હતા. પણ મારી આખોમાંથી છલકતી જિજ્ઞાસા અને ઉત્સુકત્તાએ એમને વિવશ કર્યા. 'રાકેશ સાથે ભારે અનહોની થઈ છે. નિયતિએ એની ક્રૂર વંચના કરી છે !' ને એમનો સાદ ભરાઈ આવ્યો.' એના મમ્મી રસોઈ બનાવતા સખત દાઝી ગયાં હતાં. વાર્ષિક પરીક્ષા ટાણે જ આ ઘટના ઘટી. એમના નિધને રાકેશને છિન્નભિન્ન કરી નાખ્યો. એની સૂધ હરાઈ ગઈ. પરીક્ષામાં સ્કવૉડના હાથે નકલ કરતાં એ ઝડપાઈ ગયો. અમે સૌ સ્ટાફમિત્રોએ અને પ્રિન્સિપાલ સાહેબે એને બચાવવા ખૂબ પ્રયત્નો કર્યા, પણ વ્યર્થ. સ્કવૉડના અધિકારીઓએ એને ત્રણ વર્ષ માટે પરીક્ષામાં બેસવા ગેરલાયક ઠેરવ્યો. હતાશ થઈ એ વડોદરા આવ્યો. ત્યાંના મ્યૂઝિકલ ગ્રૂપમાં જોડવા પ્રયત્ન કર્યો. પણ ત્યાંના મોટા ભાગના જાણીતા ગ્રૂપ્સ પરપ્રાંતીય આયોજકોની ઈજારાશાહી હતી. વર્ષોથી જામી પડેલા કલાકારોને પોતાનું સિંહાસન ડોલતું લાગ્યું. આ પાંગરતી પ્રતિભાને તક આપવાનું જોખમ લેવા તેઓ હરગિજ તૈયાર ન હતા. એમની વહાલાંદવલાંની ઈર્ષાળું મથરાવટીએ એને ફાવવા ન દીધો. ત્યાર પછી એ ક્યાં ગયો એના કોઈ વાવડ નથી.' ને એ મૌન થઈ ગયા. મારું મન બહેર મારી ગયું. એ પાંગરતી પ્રતિભાનું શું થયું હશે એ ચિંતા હૈયું કોરી રહી. થોડા દિવસ રાકેશની સ્મૃતિઓએ મને ચેન ન પડવા દીધું. પેલી કહેવત છે ને કે 'ઔર ભી ગમ હૈ જમાને મેં...!'

વર્ષો બાદ વલસાડ પાસેના એક નાના કસબામાં એક સ્નેહીની પુત્રીના લગ્નમાં જવાનું થયું. મારા કેશને હવે રજતપાસ લાગી ચૂક્યો હતો. મંડપના એક ખૂણામાંથી કોઈ સસ્તું બૅન્ડ લાઉડસ્પીકર પર બેસૂરું અને ઘોંઘાટિયું સંગીત વગાડી રહ્યું હતું. નાનાં ટાબરિયાં કુતૂહલવશ ત્યાં ટોળે વળ્યાં હતાં. ચાના કપ અને નાસ્તાની પ્લેટો ફરી રહી હતી. ભારે ચહલપહલ હતી. ને ત્યાં અચાનક 'કી બૉર્ડ' પર ઍકૉર્ડિયન ગૂંજી ઊઠ્યું 'આવારા હૂં' ગીતનું શરૂઆતનું સંગીત રેલાવા લાગ્યું. મારું આ અતિ પ્રિય ગીત છે. ગરમાગરમ જલેબીનો ટુકડો હાથમાં જ રહી ગયો. કાન ફાડી નાખતો બેસૂરા ઘોંઘાટનું સ્થાન કર્ણપ્રિય સંગીતે લીધું.જોતજોતામાં આખો માહોલ ફરી ગયો. કેટલાયના પગ તાલ દેતા થઈ ગયા. ખરે જ કોઈ શિખાઉ આ રીતે ન વગાડી શકે. કોઈ સિદ્ધહસ્ત કલાકારની પારંગત આંગળીઓ નિર્જીવ કી બૉર્ડને ગલીપચી કરી જાણે હસાવી રહી

હતી. 'કૉર્ઈઝ','સિમ્ફની', 'ઈન્ટર્લ્યૂડ મ્યૂઝિક' વગેરેનું અદ્‌ભુત સાયુજ્ય સધાયું હતું. હું સ્વસ્થાનેથી ઊઠવા વિવશ બન્યો. નાસ્તાની પ્લેટ બાજુ પર હડસેલી હું બૅન્ડ પાસે પહોંચી ગયો. ડ્રમ-સેટ અને રિધમ આર્ટિસ્ટ સિવાયના ગણવેશધારીઓ ચાની ચૂસકી લેવામાં અને હાહાહીહી કરવામાં ગળાડૂબ હતા. બૅન્ડનો એક ગણવેશધારી યુવાન હાથલારી પાસે ઊભો રહી એમા ગોઠવેલું કીબોર્ડ બંને હાથે, તન્મયતાપૂર્વક વગાડી રહ્યો હતો. એના ચહેરા અને આંખો પરથી સ્પષ્ટ જણાઈ આવતું હતું કે એ આ દુનિયાને વિસારે પાડી કોઈ અલૌકિક વિશ્વમાં રાચી રહ્યો હતો. ગીતના અંતરાના 'ઈન્ટર્લ્યૂડ ટ્યૂન'નો આરંભ કરતી વેળા એણે ઊંચુ જોયું. અનાયાસ મારી અને એની નજર એક થઈ. મારી નજરમાં રહેલો કદરદાનીનો ભાવ એની આંખો પારખી ગઈ. એણે સ્મિતસહ મારી એ કદરદાની આવકારી અને સ્વીકારી. હું એ દાઢીધારી યુવાન પર વારી ગયો.

મારાં આ વર્ષો જૂનાં પ્રિય ગીતે મારા અંગેઅંગમાં જાણે ચેતનાનો ધોધ વહાવ્યો. ધૂન સાથે હું ગીતના શબ્દો ગણગણવા લાગ્યો. હું ભાવવિભોર થઈ ગયો. ભાવાવેશમાં ઊમટી આવેલા અશ્રુપ્રવાહને ખાળવા આંખ પરથી રંગીન ચશ્મા દૂર કર્યા ને આંખો લૂછી. 'આબાદ નહીં, બરબાદ નહીં, ગાતા હું ખુશી કે ગીત મગર' પંક્તિ સંગીત દ્વારા જીવંત થઈ ઊઠી. મારી દાદ મેળવવા સ્મિતભરી નજરે ફરી એણે મારી સામે જોયું. સોની કડકડતી નોટ મારા હાથમાં ફરકી રહી હતી. અમારી વચ્ચે અપલક-તારક-મૈત્રી રચાઈ. એ મને અનન્ય ભાવે વિલોકી રહ્યો હતો. પણ પછી અચાનક એને શું સૂઝ્યું કે ગરદનને એક જોરદાર ઝાટકો મારીને એણે મારી સામેથી નજર ફેરવી લીધી. મારી ચશ્માવિહોણી આંખોએ ભયંકર ઉલ્કાપાત સર્જ્યો હોય એમ એ ખળભળી ઊઠ્યો હતો. અદૃશ્ય વીજપાત થયો હોય એમ ચોંકી ઊઠ્યો હતો. એના ચહેરા પર વ્યગ્રતા અને શરમિંદગીનું પોત ફરી વળ્યું હતું. પુનઃ ભયત્રસ્ત આંખે એણે મારી સામે જોયું. પણ પળવારમાં એ નત-મસ્તક થઈ ગયો. એનું આ વિચિત્ર વર્તન મને ન સમજાયું. જેમ તેમ ગીત પૂરું કરી મારા હાથમાં ફરકી રહેલી સોની નોટ તરફ નજર સરખીય કર્યા વિના એ ભીડમાં અદૃશ્ય થઈ ગયો. હું મનોમન ઘેરી ચિંતામાં પડી ગયો. પળ-બે-પળ શૂન્યમનસ્ક થઈ ગયો. માંડ માંડ સ્વસ્થતા પ્રાપ્ત કરી એને શોધવા મેં ચારે તરફ નજર ઘુમાવી. પણ વ્યર્થ ! એ ક્યાંય ન દેખાયો. 'ક્યાં ગયો એ ? શું ધરતી ગળી ગઈ ? આસમાન ભરખી ગયું ?' હું મનોમન વિચારી રહ્યો....ને ત્યાં જ સ્મૃતિના સાતેય પડ વીંધીને એક શંકા પ્રશ્ન બનીને અજ્ઞાત હથોડાના જોરદાર પ્રવાહની જેમ મારા મન-મસ્તિષ્ક પર ઝીંકાઈ : 'શું એ રાકેશ હતો ! ઓહ, નો !' મંડપનો એક થાંભલો પકડી માંડ મેં જાત સંભાળી. ❐

અનુસંધાન) દેવનો દીધેલ (પૃ. ૭૭૬થી

એક શબ્દ માત્રથી આ ઘર હવે પારકું લાગવા માંડ્યું. જાણે એ તો મહેમાન જ. સાથે આ ચહેરાઓ જે એની સાથે કેટલાં અતૂટ બંધનોથી બંધાયેલા હતા ! એ બંધન સાવ કાચું નીકળ્યું. એમાં એનો શો દોષ ? દોષ તો હતો જ કે એના ખાલી પાલવને ફૂલ જેવા કોમળ શિશુથી મહેકાવ્યો હતો....ક્યાં ખામી હતી એની મમતામાં ? ન ખબર પડી હોત તો ? - તોય એને કશુંક ચુભ્યું.

કુસુમને થતુંય ખરું કે લાવ, સીધું જ પૂછી લે. કેમ આમ મૂગોમંતર બેસી રહે છે ?... પણ કદાચ પેલો જ જવાબ આપી દે તો ? ને પૂછી બેસે ;'તું તો મારી મા નહીં જ ને ?' જાણે અજાણી દિશામાંથી ઓચિંતો જ કપાળમાં એક પથ્થર વાગ્યો. કોણે ફેંક્યો હતો એ ?

એ પણ કોઈ ગભરાયેલી હરણીની જેમ ઘરમાં દોડતી રહેતી. પેલાં શિકારીના તીર જેવો પ્રશ્ન સતત એનો જ પીછો કરી રહ્યો હતો !

એ પોતાની જ સાથે છલના કરી રહી હતી. એ બધું જ રૂટીનમાં કરવા જતી ; પણ કશું રૂટીનમાં હતું ! શાકમાં બે વાર મીઠું નખાઈ જતું અથવા તો સાવ ભુલાઈ જતું, ચા ઉકળી ઊકળીને બળી જતી.... ધોયેલાં વાસણ એંઠાં વાસણમાં મુકાઈ જતાં....પંખો કરવા જતાં લાઈટ થઈ જતી. બટન આડા અવળા ટંકાતા... ઉપવાસ વધતા જતા, સાથે એસિડિટી પણ ! રામાયણનું પાનું કલાકો સુધી ફરતું નહીં. ઓરડામાં લેવા આવેલી ચીજવસ્તુઓ પણ ભુલાઈ જતી ને એમ જ પછી આવીને પૂછતી; 'શું લેવા આવી હતી હું ?'

ઘરમાં મૌનની કરવત ફરી વળી. હાસ્યની છોળો અને ગુંજતા અવાજો કપાઈ ગયા; પણ ભીતર ઉઠતા સંવેદનો અને અવાજો કેમ નથી કપાતા ?

એની કેટલીય રાતો ઊંઘ્યા વગર જ પસાર થઈ ગઈ. અને દિવસેય પેલા શબ્દોનો હુમલો તો ચાલુ જ રહ્યો. એનો પ્રતિકાર કરવા મથતો હોય તેટલા બળથી હાથ વીઝ્યા. ટેબલ પરની કિંમતી ફૂલદાની પડીને તૂટી ગઈ. કેટલી ગમતી હતી એને ! મનમાં કશુંક તૂટ્યું કુસુમ દોડતી આવી ; ' તને વાગ્યું તો નથી ને કંઈ !' ને ટુકડા સમેટીને ચાલી ગઈ. હવે ત્યાં ટુકડાઓ નહોતા.

બીજા દિવસે ટેબલ પર એ જ ફૂલદાની ! રોહન ટગર ટગર તાકી રહ્યો. કુસુમ ચા લઈને આવી. ચા આપતા બોલી; 'તને બહુ ગમતી હતી ને !'

એને થયું કે એ તો નથી, પણ છે તો એના જેવી જ ને ! અને એણે ચા પીવા માંડી !!! ❐

(આથમતાં અજવાળાં - ૨૯)

# ઘરાકવટી

ભગીરથ બ્રહ્મભટ્ટ

આજે ગામડે જાઉં છું. મોડું થાય તો ક્યારેક રાતે રોકાઈ પણ જાઉં છું. હું રોકાઉં એટલે મારાં ઘરડાં બાને મન જાણે દિવાળી ! સવારે ઊઠી દાઢી પર હાથ જાય છે ને મને જીવો રાત સાંભરે છે. હું બાને પૂછું છું - 'જીવો રાત ?' બા નિસાસો નાખીને કહે છે -

'બે બધું બદલાઈ ગયું. જીવો રાત તો મરી ગયો, ઈમનો મોટો આલોય મરી ગયો... અને હવે તો બે ગોમના પોયરોએ ઘરાકવટી મેલી દીધી. વહવાયાંના દા'ડા પૂરા થૈ ગયા.'

હું જીવા રાતને સંભારું છું. જીવો રાત અમારા વાંળદ. હાથમાં એક કપડાંની કોથળી લઈને એમના ઘરાકોમાં એ ફરતા જ હોય. અમારું ઘર એમનું ઘરાક. ઓલા આવે. ચા પણ અમારે ત્યાં પીએ. હાથ પસવારી પસવારીને દાઢી બનાવે. વધુ કરે ત્યારે પણ મશીન મારે અને હાથ ધ્રૂજે છતાંય લોહીય વાગવા ન દે. એમની કોથળી જાદુઈ. એમાં નખ કાપવાનું નયણું હોય, ત્રણ-ચાર અસ્ત્રા હોય, ફટકડીનો ફટકો હોય, અસ્ત્રો ઘસવાનો પથરો પણ હોય. કોક ઘરાકે આપેલું શાક પણ એ થેલીમાં જ હોય. એ જીવો રાત અમારા ઘરમાંય રસ લે, એમની વાતોમાંય આનંદ આવે...પણ એ હવે તો કોઈ વાળંદ પોતાનાં ઘરાક સાચવવા રાજી નથી. ઘરાકવટું છોડી દીધું છે. વાળંદ તો સહેજ સરખું ઉચ્ચારણ પણ ગામલોકો તેને ગાયજા તરીકે ઓળખે. એનોય વિરોધ નહિ. પરંપરાને નિભાવે.

વાળંદ, કુંભાર, લુહાર, સુથાર, મોચી, દરજી જેવા વ્યવસાયીઓને ગામવાળાંએ વસાવેલા. એમના પોષણ માટે ગામની તળજમીનમાંથી થોડો થોડો હિસ્સો પણ આપેલો, જેને પસાયતું કહેવામાં આવે છે. વ્યવસાય અને વસાવવું એ બંને શબ્દોની છાયા 'વસવાયા'માં છે. મૂળે તો વ્યવસાય ઉપરથી 'વસવાયાં' શબ્દ આવ્યો છે, બોલીમાં એ 'વહવાયાં' તરીકે ઉચ્ચારાય છે. દરેક વસવાયાંએ પોતપોતાના ઘરાકો વહેંચી લીધેલાં. એમ અમારું ઘર જીવા રાતનું ઘરાક ગણાય. એટલે મુકરર થયેલા વસવાયા સિવાય કોઈ તમારું કામ ન કરે. તમે કરગરો તોય જીવારાતની રજા સિવાય બીજો કોઈ વાળંદ તમારું વતુંય ન કરે, કે દાઢીયા ન કરે. આઝાદી પછી, ઔદ્યોગિકીકરણ પછી, શહેર તરફ લોકો દોડ્યાં અને ગામડાં તૂટ્યાં. એમ ગામમાંથી વસવાયાંએ ઘરાકવટી પણ છોડી દીધી છે. એનાં કારણોમાં જઈએ તો એ ઘરાકવટીમાં એનું પોષણ થતું નથી. ઘરાકો પણ ઉદાર થઈ શકતા નથી. બધાં જ વસવાયાં જાણે સંપી ગયાં હોય એમ ઘરાકવટી છોડતાં જાય છે.

હજામ વ્યવસાય પ્રમાણે હજામત કરે એને બદલામાં વરસે માથાદીઠ-ઘરદીઠ દાણા (અનાજ મણ-બેમણ) અપાય. દિવાળીએ બોણી અપાય. લગ્નપ્રસંગે સાડી-ધોતિયું અપાય. દિવાસાના માળપુંઆ અપાય. એમ તો ટાણે ટાણે એને સાચવવો પડે. હજામ હજામત ઉપરાંતની કામગીરી પણ કરે. કંકોત્રીઓ વહેંચે, કન્યા જોવા જાય, બાટલી લઈને જાય, ગોદડાં ભેગાં કરે, રસોઈ બનાવવાનાં વાસણો લાવે, માંજે, નોતરાં દેવા જાય, પીઠી વખતે હાજર રહેવું પડે..મશાલો ઉપાડે...જાન આવે ત્યારે સામૈયામાં હાજર રહેવું પડે, જાનૈયાઓને ગોળનું પાણી પિવડાવવું પડે, જાનૈયાઓને સાચવવા પડે, ગરમ પાણી કરી નવરાવવાનું કામ કરવું પડે, કસુંબા વખતે હુક્કાય ભરી આપવા પડે, ગરમીની ઋતુ હોય તો જાનને પવન નાખવાનું કામ - એવાં તો કંઈ કેટકેટલાં કામો વાળંદને શિરે રહેતાં એ કામો કરતાં ક્યાંય કશી ભૂલ થઈ જાય તો સૌથી સસ્તું નામ વાળંદનું રહેતું. સૌથી પ્રથમ ધમકી એને મળે. લગ્ન સિવાય શ્રાદ્ધ, વરસી, માસિયા, બારમા-તેરમા, કાણ-મોકાણ, સુવાણાં વખતે પણ હજામની હાજરી અનિવાર્ય ગણાતી. આમ, હજામ એના ઘરાકના હાથ-પગ ગણાતો. એની સેવાના બદલામાં એને વળતર ઓછું મળવા લાગ્યું એટલે આઝાદી પછીના દિવસોમાં એણે ઘરાકો સાથેનો છેડો ફાડ્યો છે. આજે ગામડાંમાં કેવળ નામના જ નાયી, સુથાર, દરજી, લુહાર રહ્યા છે. અલબત્ત, એ સૌએ પોતપોતાની આજીવિકા માટેના નવા માર્ગો શોધી લીધા છે. કોક ભણ્યાય છે, કોક વ્યવસાય બદલ્યો છે, કોક એના એ વ્યવસાયને નવું રૂપ આપ્યું છે. પણ ગામની બાંધેલી ઘરાકવટીમાંથી એ મુક્ત થઈ ગયો છે. ગામમાં રહીને ઘરાકવટી છોડી કોકે સલૂન પણ ઊભું કર્યું છે. ત્યાં પણ શહેરની જેમ જ વાળ કપાવાય છે. દાઢી બનાવરાવાય છે. ગામના વસવાયા ગણો, વ્યવસાય-ધારકો કહો, કારીગર માનો કે કામદાર સમજો પણ તેમણે તો સમાજમાં તેમને ફાળે આવેલું કામ નિષ્ઠાથી કર્યું છે. ગ્રામજનોએ એને ભરપેટ ભાંડ્યો છે તો પણ તેણે ફરિયાદ નથી કરી. મને કમને ઘરાકોમાં બધાં જ ટાણાં એણે સાચવ્યાં છે. કોક અડિયલ ઘરાકની બાકી નીકળતી હોય તો પણ શું કે ચાં બોલ્યો નથી. માથાભારે તત્ત્વોએ તેને બિવડાવ્યો છે. - ગામમાં મેલીવિદ્યાઓના સકંજામાં એ ફસાયો છે, હલકો ગણાયો છે, મુશ્કેલીઓ વેઠી છે, ઘરાકોનું એઠુંજૂઠું ઝીલી લીધું છે, કોઈને વાંકે એ દોષિત ઠર્યો છે, મુશ્કેલીઓ વેઠી છે, સંકડાશ વેઠી છે, પૈસાટકાની તકલીફ રહી છે, સાજે-માંદે એકલો પડી ગયો છે, સામાજિક વ્યવહારોમાં ધોવાઈ ગયો છે,

વાદાર બની ગયો છે.

ઉપરની તમામ સમસ્યાઓ હોવા છતાં એણે ગામમાં ઐક્ય જાળવ્યું છે. ઘરાકોનો માન-મોભો-મરતબો સાચવ્યાં છે. બહાર જઈ પોતાના ઘરાકનું એ ભૂંડું બોલ્યો નથી. ટાણે એ ઊભો રહ્યો છે. હજામ શું કે કુંભાર શું, સુથાર શું કે લુહાર શું ! સૌ વસવાયાંએ પોતપોતાની જવાબદારી નિભાવી છે. અને ગ્રામજનોએ એમને સાચવ્યાં છે ક્યારેક એ આ પ્રક્રિયામાં એને અન્યાય થાય તો એ રિસાય છે. એ જ્યારે રિસાય છે ત્યારે તો ખલાસ...મોટો મુખી હોય કે મસમોટો પોલીસપટેલ હોય તો પણ તેનું કામ રખડી જ પડે. એ વંકાય પછી તો વાત વણસી જાય છે. એ વસવાયો વંકાય તો પછી ખલાસ !

વસવાયાને પણ સ્વમાન હોય છે એનો પરિચય એવે ટાણે થતો હોય છે. વાળંદની જેમ સુથારનો પણ મહિમા મોટો. વિશ્વકર્માનો વંશ જ ગણાય. દાતરડાથી શરૂ કરી, પાવડો, કુહાડી, કોદાળી, ખાટલો, ગાડું, હળ, સાલ... એથી આગળ વધી ઘરનો મોભ, બારીબારણાં, એનાં ચોકઠાં....કેટકેટલું એ તૈયાર કરી આપે ! લોઢાનું ભાગ્યે જ કોઈ ઓજાર હશે કે જેમાં સુથારી કામનો ઉપયોગ ન થતો હોય. વલોણાના રવૈયાથી શરૂ કરી દીવો મેલવાના ચાડા સુધીનો વિસ્તાર સુથારની કારીગરીનો. એને વાળંદની જેમ અપમાન કરીને બોલાવવાનો રિવાજ નહિ, માનપાન અપાય. જે તે વ્યક્તિવાચક નામની પાછળ 'ભાઈ' શબ્દ લગાડાય. ચા-પાણી કરાવાય. એ ખેડૂતવર્ગને ખૂબ સહાયક બને. ખેડૂની વાવણીની તક વખતે એના ભાવ બોલાય. કોકકોક વાર ભાઈસાબ બાપા કરાવે, કરગરાવે. સાધારણ દાતરડાના હાથા માટે ય ત્યાં જ જવું પડે. બદલામાં નક્કી કરેલા દાણા, ગૉળ વગેરે આપવાનું થાય એ આપવું જ પડે. ગામનો ગરબોય એ બનાવે અને ગામનું મજિયારું સુથારી કામ પણ ભેગા મળીને એ બધા કરે. એમાં જે કારીગરી વધારે હોંશિયાર ગણાયો એ ધીરે ધીરે શહેરમાં જતો થયો અને જેમનામાં ઓછી આવડત અને ઉંમર ખાસી થઈ હોય એવો વર્ગ ગામડામાં રોકાયો. સુથારે પણ લગભગ ઘરાકવટું છોડી દીધું છે.ગાયજાનાં પ્રમાણમાં સુથારના મકાનો ગામમાં ઓછાં હોય. સુથારની વાત લઈએ તો એણે ગામમાં ઘણાં મકાનો બનાવ્યાં છે. પણ હજુ એના મકાનમાં કબાટ બનાવવાનો એને વખત મળ્યો નથી કે એવી ક્ષમતા ઊભી થઈ નથી !

વાળંદ-સુથારની જેમ કુંભાર પણ વસવાયો છે. ચાકડો એનો આદાર એ ચાકડો એને વારસામાં મળ્યો છે. જરૂર પડે તો માટી ખેંચવા ગધેડા રાખે. એ ગધેડાંના કારણે એને કરમે ગામલોકોની ગાળો પણ લખાણી છે. સૂંડલા, ગોળા, ગોળી, માટલાં, કોડિયાં, છાશ ભરવાની દોણી, રોટલા ઘડવાની કલેડીઓ, દાણા ભરવાની કોઠીઓ, દીવાલ ચણવાની ઈંટો, છાંપરા ઢાંકવાની નાળો - કેટકેટલી માટીની ચીજો એ ઘડે છે ! એનાં બાવડામાં બળ છે, દિલનો ચોખ્ખો છે, વ્યવહારનો શરાફ છે. મહેનતુ છે. સાદગી એને ગમે. એનાં નામો પણ સાદગીપૂર્ણ - ભલાભા, ખોડાભા વગેરે. બધી જ વસવાયા કોમોમાં કુંભાર જ પરિવારને સાથે રાખીને મહેનતમજૂરી કરે છે.

ગામમાં લગ્નપ્રસંગે દરજી બેસાડાય તો... આખા પરિવારના કપડાં એ બનાવે. આખો દિવસ સંચે બેસે. બીડીઓ પીએ. ગળાનું, ખભાનું, છાતીનું, કમરનું માપ એ કંઈ ફૂટપટ્ટીથી લેતો નહિ અને એ તો આશરે જ બનાવે, ન કોઈની રાવ, ન કોઈની ફરિયાદ. એના શરીર ઉપર ખમીશ ન હોય પણ એ બધાનાં ખમીશ સીવે.

દરજી બધાંનાં કપડાં સીવે. ઢેડ-ભંગીનાં કપડાંય સીવે. કપડું પાણી છાંટીને લઈ લે, પછી સીવીને પાછું આપે. માપ તો લેવાનું હોય જ નહિ. સ્ત્રીઓ કબજા બનાવરાવે ત્યારે પણ કપડું જ આપે એ તો દરજીની નજર જ માપ કાઢે સૌને વાયદા જ કરે. કોઈનેય સાચો વાયદો ન આપે. બહાનાં બનાવતાંય આવડે. નવી ફૅશનથી એ ગામડાનો દરજી લોભાય નહિ. એ તો એને ફાવ્યે ગયેલા માપે જ કપડાં સીવે રાખે. એમાંય કુશળ કારીગરો ગામ છોડી શહેરમાં ચાલ્યા ગયા. અણઆવડતવાળા દરજીઓ જ જૂનો સંચો લઈ ગામમાં બેઠાબેઠા ખોંસ્યા કરે છે અને ગાજબટન કર્યા કરે છે. જેવું વાળંદ, સુથાર, દરજીનું એવું લુહારનું, લુહાર પણ ધમણ ચલાવે, દાંતરડાની ધાર કાઢે, કુહાડીઓ બનાવે, સાંધા કરે. એ પણ ગ્રામજનોને થકવે. ધક્કો ખવરાવે. કારીગરમાત્રનો સ્વભાવ જ એવો.

વસવાયા ને ગામલોકોએ વસાવેલાં હોઈ, ખેડૂતો સિઝનમાં એ ખુશ રહે એટલા દાણા આપે. એ દાણા એ એમનું મહેનતાણું. જરૂરિયાતો ઓછી હતી અને વિકાસ થયો નહોતો. ત્યારે એ દાણાથી એ કારીગરીવર્ગને સંતોષ હતો પણ ગામડાં તૂટ્યાં એમ કારીગરો પણ રોજી માટે શહેરમાં ચાલ્યા ગયા. ગામની ઘરાકવટી તૂટવા માંડી. હું કોણ - તું કોણનો વ્યવહાર શરૂ થયો. બાકી ગામડાનો ખેડૂતવર્ગ એ વસવાયાંને સાચવતો અને વસવાયાં ખેડૂતની જરૂરિયાતોને પૂરી કરી આપતા. આમ કારીગર નભતો. એનુંય ચાલતું અને ગ્રામજનોનું ય ચાલતું. ક્યાંક એ ચડસમાં આવી જઈ ગ્રામજનોને પજવતો પણ ખરો. પણ ગામવાળઆઓ કંઈ ઓછા નહોતા. એમણેય એનું થાય એટલું શોષણ કર્યું જ છે. આજે હું જીવા રાતનો ઘરનો ઘરાક છું એટલું જ યાદ છે. જીવા રાતનો વસ્તારેય ગામને ભૂલી ગયો છે, ઘરાકોને તો ક્યાંથી યાદ રાખે ? ને મારા જેવા ઘણાં લોકો એ ગામના કારીગરોને ઓળખતાં જ નથી. આજે ગામ જવાનું થાય છે. રાત રોકાઉં છું. દાઢી ઉપર હાથ જાય છે. જીવો રાત સાંભરે છે, પણ જીવો રાત તો ગામનો જ નહિ, સદીનો, જીવનનો ભૂતકાળ થઈ ગયો છે ! ❐

# ઍન ફ્રૅન્કની રોજનીશી



*અનુવાદ*
**હિના ગોખલે**

શનિવાર ૧૩મી મે ૧૯૪૪
મારી પ્રિયતમ કિટી,

ગઈ કાલે પપ્પાનો જન્મદિવસ હતો, મમ્મી-પપ્પાની ઓગણીસમી લગ્નતીથિ હતી, સફાઈકામદાર બાઈ રજા પર હતા....અને ૧૯૪૪ના વર્ષમાં ક્યારેય નહોતો ખિલ્યો એવો સરસ ખુલ્લો તડકો નીકળ્યો હતો. અમારું ચેસ્ટનટનું ઝાડ ફાલી ઊઠ્યું છે. કૂંપળોથી આખું ઝાડ છવાઈ ગયું છે. અને ગઈ સાલ કરતાં પણ સુંદર દેખાય છે.

શ્રી ક્લાઈમને પપ્પાને લિનોસનું જીવનચરિત્ર, શ્રી કુગ્લરે નિસર્ગ પરનું એક પુસ્તક, ડસેલે 'આમસ્ટરર્ડમની નેહરો' નામનું પુસ્તક અને વૅનડાન કુટુંબે એક મોટુંમસ ખોખું (અનુભવીએ કર્યું હોય એવું સુંદર સજાવેલું) ભેટ આપ્યાં. એ ખોખામાં ત્રણ ઈંડાં, એક બિયરની બાટલી, દહીંનો ગાડવો અને લીલા રંગની ટાઈ હતા. આ બધાંની સામે અમારી ગોળની કાકવીની બરણ ફીક્કી લાગતી હતી. મીપ અને બૅપનાં લાલ રંગનાં કાર્નેશનની સરખામણીમાં મારાં લાલ ગુલાબ મઘમઘતાં હતાં. આજે તો બધાએ પપ્પાને ખૂબ લડાવ્યા. સાયમનની બેકરીમાંથી પચાસ petits foar (નાની ચા સાથે ખાવાની ભરપૂર ક્રીમ લગાડેલી ક્રીમ) મંગાવી હતી. એકદમ સ્વાદિષ્ટ હતી! પપ્પા તરફથી અમને સ્પાઈસ કેક, પુરુષોને બિયર અને બહેનોને મીઠ્ઠા દહીંની મિજબાની મળી. બધું જ સ્વાદિષ્ટ હતું!
લિ. ઍન. મે. ફ્રૅંક

*

મંગળવાર ૧૯મી મે ૧૯૪૪
મારી પ્રિયતમ કિટી,

આજે જરા વિષયાંતર કરીએ. (જે વિષય પર આપણે ઘણા વખતથી વાત નથી કરી એ) શ્રી તથા શ્રીમતી વૅનડાન વચ્ચે થયેલી ચર્ચા વિશે લખું.

શ્રીમતી વૅનડાન : 'આટલાંટિક મોરચાને પાડી નાખવા જર્મનોને વખત ઘણો મળ્યો છે. એ લોકો તો બધા પ્રયત્નો કરીને બ્રિટિશ સૈન્યને આગળ વધતું અટકાવશે. જર્મનોનું સામર્થ્ય આશ્ચર્યજનક છે.'

શ્રી વૅનડાન : ' શુ' બોલ્યા, સામર્થ્ય ?'

શ્રીમતી વૅનડાન : 'તે છે જ !'

શ્રી વૅનડાન : 'એટલા સમર્થ કે જીતી જાય એમ ?'

શ્રીમતી વૅનડાન : 'તે જીતેય ખરા. મને હજી વિશ્વાસ નથી કે એ લોકો નહિ જીતે.'

શ્રી વૅનડાન : 'તો પછી મારે આ વિષય પર વધુ વાત પણ નથી કરવી.'

શ્રીમતી વૅનડાન : 'તમે બોલ્યા વિના નહિ રહેવાના. દરવખતે છેવટે તમે બોલો જ છો.'

શ્રી. વૅનડાન : 'એવું નથી જ. હંમેશાં હું મારી વાત ટૂંકમાં જ પતાવું છું.'

શ્રીમતી વૅનડાન : 'પણ તમે બોલો જ છો અને એ હંમેશાં સાચું જ હોય ! પણ તમને ખબર છે કે તમારા અનુમાનો ભાગ્યે જ સાચા પડે છે !'

શ્રી. વૅનડાન : 'અત્યાર સુધી તો સાચાં પડ્યાં છે.'

શ્રીમતી વૅનડાન : 'ના, નથી પડ્યાં. તમારા કહેવા પ્રમાણે તો રીતસરની ચડાઈ ગયા વર્ષે જ થવાની હતી, ને અત્યાર સુધીમાં ફિનલૅન્ડ યુદ્ધમાંથી બહાર પડવાનું હતું ને ગયા શિયાળે ઈટાલિયન મોરચો પૂરો થવો જોઈતો હતો અને રશિયનોએ લૅમ્બર્ગ કબજે કરી લેવું જોઈતું હતું ના રે ના, તમારાં અનુમાનો પર મને ખાસ વિશ્વાસ નથી.

શ્રી વૅનડાન : (કૂદીને ઊભા થતા) : 'કોક વાર તમારું મોઢું બંધ રાખતા હો તો ? કોણ સાચું પડે છે એ હું તમને બતાવી આપીશ. કોઈ વાર તો આમ વાંકુ બોલવાનું બંધ કરો. તમારી આ કટકટ મારી સહનશક્તિની બહાર છે. પણ થોડી રાહ જો જો, તમારા જ શબ્દો પાછા ન ખેંચવા પડે !' (પ્રવેશ પહેલો સમાપ્ત)

ખરેખર હું હસવું રોકી શકતી નહોતી.મમ્મીનું પણ એવું જ હતું. પીટર હસવું રોકવા હોઠ કરડતો હતો. અરે, મૂરખ લોકો અમ બાળકોની ટીકા કરવા કરતાં પોતે જ શીખે તો !

ગયા શુક્રવારથી ફરી એક વાર રાતે અમે બારીઓ ખુલ્લી રાખીએ છીએ.
લિ. ઍન. મે. ફ્રૅંક

(અનુસંધાન પૃ. ૭૯૯ પર)

પ્રસંગચિત્ર

# ...અને લાડુ મળ્યા

નટુ મિસ્ત્રી 'ચેતક'

સરખેસરખા મિત્રો એકઠા થાય ત્યારે... એકબીજાની ઠઠ્ઠા- મશ્કરી કર્યા વગર ન રહે. એમાં ક્યારેક ઉંમરનો બાધ નથી આવતો કે વ્યવસાયનો બાધ પણ નથી નડતો. અમે પાંચ મિત્રો ઈડર લૅન્ડસ્કેપ કરવા ઊપડ્યા ત્યારે આવું જ વાતાવરણ હતું. અમારા જૂથમાં કલાકાર નટુ પરીખ ૭૦ વર્ષની ઉંમરના હતા. પણ બધા પ્રેમથી એમની ઠઠ્ઠામશ્કરી કરી શકતા અને તેઓ એને માણી પણ શકતા...

ઈડર જતા રસ્તામાં નટુભાઈને બાથરૂમ લાગી. ગાડી ઊભી રખાવી. બધા મિત્રો નીચે ઊતરી બાથરૂમવિધિ કરવા દોડ્યા. પણ નટુ પરીખે તો બાથરૂમ પતાવી ગાડીમાં આવી, ફરી પાછો કામ કરવાનો થેલો ઉપાડી એ તો લૅન્ડસ્કેપ કરવા ગોઠવાઈ ગયા. બીજા મિત્રોને બૂમ પાડી કે તમે બધા કુદરતી હાજતે જઈ આવો. એટલામાં હું આ સામેની બાવળીઓ ચીતરી કાઢું અને ખરેખર તેમણે ૨૦ મિનિટમાં જ એક લૅન્ડસ્કેપ એમના શબ્દો પ્રમાણે 'ઘસડી' કાઢ્યો.

અમારી મંડળી ઈડર પહોંચી જુદા જુદા સ્પૉટ જોઈ કામે લાગી ગઈ. જગા સારી હતી એટલે ત્રણથી ચાર દિવસ કામ કરવાનું નક્કી કર્યું. બે દિવસ ઈડર ગામ તરફ કામ કરી ત્રીજા દિવસે અમારી મંડળીએ સવારના પહોરમાં ઈડરના પર્વતની આથમણી દિશાયે વીરેશ્વર મહાદેવ તરફ પ્રયાણ કર્યું. જગા સુંદર હતી. પર્વતની તળેટી તૂટક તૂટક પગથિયાં ઉપર એકાદવે શિવાલય, બાજુમાં જૂની પડાળીઓ, પડાળીથી દૂર નાની નાની દેરીઓ, એમાંથી ડોકાતાં ઝાડવાં, થોડે થોડે અંતરે ભાંગેલીતૂટેલી ઓરડીઓ, અને આ બધાનું લેવલ ઊંચુનીચું એટલે એના ઉપર પડતો પ્રકાશ કલાકારો માટે મનભાવન હતો. બધાએ ત્યાં જ બેસી ચિત્રકામ કરવાનું વિચાર્યું. એટલામાં એ શિવાલયમાંથી એકાદ પતંગ ચઢતો દેખાયો. નટુભાઈ પરીખને કંઈક યાદ આવતાં તાળી પાડી બોલ્યા. 'અલ્યા, એ આજ તો મારો જન્મદિવસ છે. હું તો ભૂલી જ ગયેલો પણ પંતગ જોતાં યાદ આવ્યું કે આજે ઉત્તરાયણ છે. અને ઉત્તરાયણ મારો જન્મ-દિવસ ગણાય છે. બધાએ અભિનંદન આપ્યા. પંણ અમારા જૂથના મનુભાઈ મેવાડાની સૂચના મળી કે આજે નટુભાઈનો જન્મદિવસ હોઈ પ્રથમ બધા શિવાલય જઈ ભગવાનના આશીર્વાદ લઈએ અને પછી જ કામ શરૂ કરીએ.

બધા પગથિયાં ચઢી ટેકરા પરના શિવાલયમાં આવ્યા. ભગવાન શિવના દર્શન કરી નટુભાઈ માટે દુઆઓ માગી. મંદિરમાં પૂજારી તથા કારભારી અને એક બે જણનો સ્ટાફ નજરે પડ્યો. અમારા મનુભાઈ જરા ખાવાપીવાના શોખીન. તેમણે પૂજારીજીને પૂછ્યું કે 'અહીં જમવાનું મળશે ખરું?' પૂજારીજીના કહેવા પ્રમાણે રસોઈયાની સગવડ નહોતી. ફક્ત દાળભાત રોટલી શાક જ મળી શકે. બીજી કોઈ સગવડ ન થાય.પણ એટલામાં નટુભાઈ પરીખ બોલ્યા, આજ તો મારે તમને લાડુ જમાડવાના હતા. મારાં શ્રીમતીએ તમારા બધા માટે ચોખ્ખા ઘીના લાડુ બનાવી સાથે આપ્યા છે. કડક સૂચના હતી કે ઉત્તરાયણના દિવસે બપોરે બધાને લાડુ તમારા જન્મ નિમિત્તે જમાડેજો. પણ શું થાય. લાડું તો બાર કિલોમીટર દૂર હોટલની રૂમ પર જ રહી ગયા. સાદા ભોજનનો ભાવ કરાવી અમે કામે લાગ્યા.

અમે તો બધા મિત્રો સાદુ જમવાનો ઑર્ડર આપી. ગમતી જગા શોધી લૅન્ડસ્કેપ કરવા લાગી ગયા. બપોરના એક વાગતા સુધીમાં તો બબ્બે ચિત્રો પતાવી કાઢ્યાં. બધા પાંચેય મિત્રો શિવાલય આવ્યા. હાથપગ-મોં ધોયાં. પૂજારીજી ધીરે ધીરે મલકાતા હતા. અમને વહેમ પડ્યો કે કદાચ જમવાનું નહિ થયું હોય. પણ તેમણે તરત જ સૂચના આપી. 'ચાલો, મહેમાનો; તમે જમવા બેસો. તમારા જમ્યા પછી જ અમે બધા જમીશું. અમે તો પડાળીની ભોજનશાળામાં પ્રવેશ્યા તો અમારા આશ્ચર્યની વચ્ચે પાંચ પાટલા પર મોટી થાળીઓમાં દાળભાત લાડુ - શાક - ભજિયાં-પાપડ વગેરેનું ભાણું હાજર હતું. અમે તો દંગ જ થઈ ગયા. પણ પૂજારીજીએ ખુલાસો કર્યો કે તમે બધા લાડુની વાત કરતા હતા તે મેં સાંભળી હતી. પણ લાડું બનાવવા રસોઈયો જોઈએ જે શક્ય નહોતું. છતાં તમારા ગયા પછી ગામના નગરશેઠના ઘરે જમણવાર હોઈ અમને બધાને મંદિરના કાર્યકર્તાઓને જમવાનું નિમંત્રણ આપ્યું. અમે સહર્ષ સ્વીકાર્યું પણ વિનંતી કરી કે અહીં મહાદેવમાં પાંચ વિશિષ્ટ મહેમાનો આવ્યા હોઈ અમે જમવા નહિ આવી શકીએ. એમને મહેમાનો ને લઈ આવવા નિમંત્રણ આપ્યું. અમે સમજાવ્યું કે એ બધા કલાકારો છે. આજુબાજુનાં દશ્યો ચીતરે છે એટલે દૂર દૂર છે. એક-દોઢ વાગે જમવા આવશે. એટલે અમે રસ્તો કાઢ્યો કે આપણા બધા માટેની રસોઈના ટિફિનો એમણે અહીં મોકલી આપ્યાં. અને તમારી લાડુ ખાવાની ઈચ્છા પૂરી થઈ.

અમે નટુભાઈના જન્મદિવસના લાડુ તો ખાધા પણ એમ સસ્તામાં તો ઓછા નટુભાઈને છોડાય? બધા મિત્રોએ નટુભાઈ પરીખ પાસે સવસો રૂપિયા મંદિરમાં ધર્માદો કરાવી એમના જન્મ દિવસનું પુણ્ય કાર્ય કર્યું.

# ફિલ્માકાશ-૪૫

## 'દેવદાસ ઉપર ચાર વર્ષ 'આદમી'નો અટૅક

— રજનીકુમાર પંડ્યા —

કાનનદેવીના આ ફિલ્મ 'સપેરા'ના સાહસપૂર્ણ અને એમને પોતાને ધ્રુજારી વછૂટી જાય તેવા અભિનયની સાથોસાથ એમનાં મધમીઠાં ગીતો પણ હતાં. પુરુષસ્વરમાં એમના જે ગીતો હતાં તે મોટે ભાગે પહાડી સન્યાલનાં ગાયેલાં હતા અને ચાર જેટલાં ગીતો કાનનદેવીનાં, અને કાનનદેવી ઉપર જ ફિલ્માવાયલાં હતાં. એમાં 'સપનો મેં કોઈ આતા હૈ, કુછ ચૂપકે સે કહે જાતા હૈ' ગીત વિશેષ મધુર હતું. કાનનદેવીનો મંજુલ સ્વર એમાં ખૂબ ખીલ્યો હતો. ૧૯૫૪ની ફિલ્મીસ્તાનની 'નાગિન' ફિલ્મમાં સંગીતકાર હેમંતકુમારે પૂંગી નામના વાદ્ય ઉપર ગુજરાતી વાદક કલ્યાણજીભાઈ પાસે મોરલીવાદનની અસર પેદા કરી હતી. જ્યારે 'સપેરા'માં અસલ મોરલીનો પ્રયોગ કરવામાં આવ્યો હતો, જેમાં વચ્ચે વચ્ચે શ્વાસ લેવાના કારણે સ્વર તૂટતો અથવા ફાટતો હતો. છતાં સંગીતકાર બોસલે એવી જગ્યાએ અશ્વવાદ્યોનો સ્વર તીવ્ર કરીને એ ખામીને ઢાંકી દીધી હતી. આ ખૂબી સામાન્ય દર્શકના ખયાલમાં ના આવે. પણ સંગીતકાર માસ્ટર વસંતે મને તે સમજાવ્યું હતું.

ગીતો રાબેતા મુજબ કેદાર શર્માનાં હતાં. પણ આ અટપટી, વિચિત્ર અને કંઈક અંશે માનવમનનાં ગૂઢ રહસ્યોને એક ખેલની જેમ રજૂ કરતી ફિલ્મનું સફળતાનું શ્રેય વધુ તો દેવકી બોઝના દિગ્દર્શનને જ દેવું પડે. અને તેમની સફળતાનું રહસ્ય તેમની મૂળ ધાતુ એક સાહિત્યકારની હતી. તે હતું ૧૮૯૮ના નવેમ્બરની ૨૫મીએ અકાલપોશ ગામમાં જન્મેલા દેવકીકુમાર બર્દવાનના એક જમીનદારના પુત્ર હતા. ત્રણ ભાઈઓમાં સહુથી નાના એવા લાડકા દેવકીબાબુએ ૧૯૧૧માં મૅટ્રિક્યુલેશન કર્યુ હતું અને તેથી કલકત્તાની વિદ્યાસાગર કૉલેજમાં આગળના અભ્યાસ માટે દાખલ થયા હતા. શરૂઆતથી જ તેમને કાવ્યો લખવાનો અને વાંચવાનો શોખ હતો. તેમની કૃતિઓ સામયિકોમાં પ્રગટ પણ થતી હતી. વિદ્યાસાગર કૉલેજના અંગ્રેજીના પ્રોફેસર અને પછી જે મોટા નાટ્યકાર બન્યા તે શિશિરકુમાર ભાદુરીનું ધ્યાન આ તેજસ્વી વિદ્યાર્થી ભણી આકર્ષાયું અને તે ઘટનાએ એમની જિંદગીમાં બહુ મોટો વળાંક આપ્યો ને તેમણે સાહિત્ય અને નાટકની દુનિયામાં જ કારકિર્દી બનાવવાનું નક્કી કર્યુ. અલબત્ત, ૧૯૪૨માં ગાંધીજીની 'હિંદ છોડો'ની ચળવળે એમના ઉપર બહુ મોટી અસર કરી અને તેમણે અભ્યાસ છોડીને બર્દવાન પાછા ફરીને લંડનમાં ઝંપલાવ્યું, એટલું જ નહીં, પણ 'શક્તિ' નામના સામયિકનું સંપાદન પણ કર્યુ હતું. જેનો હેતુ જ દેશભક્તિની ભાવનાને પ્રજવલિત કરવાનો હતો. આ 'શક્તિ'ના સંપાદન દરમિયાન જ તેઓ બ્રિટિશ ડોમિનિઅન ફિલ્મ કંપનીના સંસ્થાપક ધીરેન ગાંગુલીના સંપર્કમાં આવ્યા. ગાંગુલીબાબુ ત્રીસ વર્ષના આ યુવાનની સાહિત્યિક સૂઝ-બૂઝ, શક્તિ જોઈને એટલા પ્રભાવિત થયા કે તેમણે તેમને ફિલ્મની વાર્તા લખવાનો આગ્રહ કર્યો પરિણામે ૧૯૩૦માં દેવકીબાબુની વાતો ઉપરથી મૂક બંગાળી ફિલ્મ 'ફ્લેમ્સ ઑફ ફ્લૅશ' સર્જાઈ - એમાં ધીરેન ગાંગુલી ઉપરાંત દેવકીબાબુએ અભિનય પણ આપ્યો. તેમની આવી બહુમુખી પ્રતિભા જોઈને ૧૯૩૦થી જ બીજી મૂક ફિલ્મ 'પંચસર'માં ધીરેન બાબુએ તેમની વાર્તા તો લીધી જ પણ દિગ્દર્શન પણ સોપ્યું. આ ફિલ્મ અત્યંત સફળ નીવડી. ને એ ફિલ્મના ફોટોગ્રાફર કૃષ્ણગોપાલ તેમને લખનઊ લઈ ગયા, જ્યાં તેમની યુનાઈટેડ પિક્ચર્સ કેવાજ રેશન માટે દેવકી બાબુએ 'ધ શેડોઝ ઑફ ડેડ' ફિલ્મ બનાવી ફિલ્મ સાચી હતી પણ કંપની બંધ થઈ ગઈ અને દેવકીબાબુ કલકત્તા પાછા ફર્યા.

એ દિવસોમાં પી.સી. બરુઆએ પોતાની ફિલ્મનિર્માણ સંસ્થા સ્થાપી હતી, જેનું નામ હતું બરુઆ પિક્ચર્સ-ની પહેલી મૂકફિલ્મ 'અપરાધી' હતી- એમાં વાર્તા અને દિગ્દર્શન બન્ને દેવકીબાબુનાં હતાં અને મુખ્યપાત્રમાં બરુઆ ખુદ હતા. દેવકીબાબુ પ્રયોગશીલ હતા. ભારતીય ફિલ્મઉદ્યોગમાં પહેલી જ વાર આ ફિલ્મમાં તેમણે કૃત્રિમ પ્રકાશનો ઉપયોગ ઈન્ડોર શૂટિંગમાં કર્યો હતો. (વર્ષો પછી ન્યૂ થીએટર્સની 'ચંડીદાસ' ૧૯૩૪માં તેમણે પહેલી જ વાર પાર્શ્વસંગીત વાપરવાનો પ્રારંભ કર્યો હતો.) દેવકીબાબુ એ પછી બરુઆની સાથે જ ૧૯૩૨ની આસપાસ ન્યૂ થીએટર્સમાં જોડાયા અને તે પછી તો એમની યશસ્વી કારકિર્દી એ જાણીતી બાબત છે. પૂરણભક્ત (૧૯૩૩), .



શાંતારામે પોતે રિહર્સલ કરી બતાવેલું ફિલ્મ 'આદમી'નું દૃશ્ય

ચંડીદાસ (૧૯૩૪), સીતા (૧૯૩૪), વિદ્યાપતિ (૧૯૩૭) અને આ ફિલ્મ 'સપેરા'(૧૯૩૯) પછી આગળ ઉપર ૧૯૪૦માં 'નર્તકી' એમની લાંબી કારકિર્દીના આલેખ માટે તો એમાં એક અલગ લેખ થાય. ૧૯૫૯ની એમની 'સાગરસંગમે' ફિલ્મ કે જેમાં વર્ણભેદની સમસ્યાને બહુ કલાત્મક રીતે વ્યક્ત કરવામાં આવી હતી તેને માટે તો એમને રાષ્ટ્રપતિ સુવર્ણપદક એનાયત થયો હતો. છેવટે તેમણે ટાગોરની વાર્તા 'અર્ધ્ય' ઉપરથી સુંદર બંગાળી ફિલ્મ બનાવી હતી. એમને સાહિત્ય અકાદશીનો અવૉર્ડ પણ મળ્યો અને ૧૯૬૫માં નવેમ્બરની સત્તરમીએ તેઓને તોતેરમું વર્ષ પૂરું કરવાને માત્ર આઠ જ દિવસની વાર હતી ત્યારે તેમણે છેલ્લા શ્વાસ લીધા. પણ દેવકીબાબુએ ન્યૂ થીએટર્સ આપેલી શ્રેષ્ઠ પ્રતિભાઓમાંના એક અણમોલ રત્ન સમા હતા.

૧૯૩૯માં એક તરફ જ્યારે ન્યૂ થીએટર્સ દ્વારા બંગાળી, સંવેદનાનુંકાર્ય, કોમળભાવોની કલાકીય અભિવ્યક્તિવાળી ચાર સુંદર ફિલ્મો આપણને મળી ત્યારે થોડી જાડી, થોડી સ્થૂળ, ઘેરા રંગવાળી ગણાય તેવી મરાઠી ધારા તરફથી ઉત્તમ ફિલ્મો મળી. તેમાં પ્રભાત ફિલ્મ કુળની દ્વારા વહી શાંતારામે આપેલ દિગ્દર્શિત કરેલી ફિલ્મ 'આદમી'નું નામ સૌથી પહેલું લેવું પડે. શાંતારામની વિચારધારા બંગાળી ધારા કરતા વિભિન્ન હતી એ તો સૌ જાણતા હતા. પરંતુ એ આટલા જુદા હશે તેની સૌને આ ફિલ્મથી જ જાણ થઈ. એક રીતે આ ફિલ્મ ન્યૂ થીએટર્સની ૧૯૩૫ની ફિલ્મ 'દેવદાસ'ની ભાવસૃષ્ટિ ઉપર સીધો જ પ્રહાર હતો. સાહિત્યકીય કે કલાકીય રીતે અને ફિલ્મ ગમે તેટલી ઉત્કૃષ્ટ હોય તો પણ ઐક્યથી નીતરતી. રોતલ, માંદલી, નિષ્ક્રિયતાનો બોધ વેરતી, આત્મઘાતી મનોદશાવાળી વિચારધારા માનવજાત માટે બહુ હાનિકારક છે એમ શાંતારામ માનતા હતા. તેમની આત્મકથા 'શાંતારામાં' (પ્રકાશક - શાંતારામ ચલચિત્ર શાસ્ત્રીય અનુસંધાન, રાજકમલ કલામંદિર, પરેલ, મુંબઈ - ૪૦૦ ૦૧૨, રૂમ નં. બસોપચાસ) ની અંદર તેમના જ શબ્દો જોઈએ :

'એ દિવસોમાં નિરાશાવાદને આલેખનારી ફિલ્મ 'દેવદાસ' લોકોને બહુ પ્રભાવિત કરી રહી હતી.... ફિલ્મના રૂપે તો એ બહુ ઉત્કૃષ્ટ કોટિનું હતી એનું એક ગીત 'દુ:ખ કે અબ દિન બીતત નાહીં' અત્યંત સુંદર હતું એ ગીત મને આજ પણ પસંદ છે. પણ આ ફિલ્મ દેશની યુવાપેઢીના માનસમાં એક જાતની હતાશાનું નિર્માણ કરતી હતી - દેવદાસ - મુખ્યપાત્ર - શરાબનો વ્યસની બની જાય છે. વેશ્યાગમન કરવા માંડે છે. અને છેવટે પ્રેમને ખાતર જાતને શરાબમાં ડુબાડી દે છે. અને ખુદ જ પોતાનો વિનાશ નોતરે છે. - સાચા પ્રેમને ખાતર મરી જવું જોઈએ યા આત્મહત્યા કરી લેવી જોઈએ, આવો ખોટો આદર્શ યુવાનોના ચિત્તમાં દૃઢ થવા માંડ્યો હતો, પરંતુ આપણા વર્તમાન સમાજને આવા હતાશ, અને નિષ્ક્રિય તરુણોની જરૂર નથી. એને તો એવા વીરોની આવશ્યક્તા છે કે જે ગમે તેવી આપત્તિમાંથી રસ્તો કાઢી શકે અને જીવનની કાંટા ભરેલી પગદંડી ઉપર પણ ઉમંગ-ઉત્સાહથી હિંમતથી આગેકૂચ કરતા રહે - પ્રેમની નિષ્ફળતાને ખાતર, દુ:ખથી ભાંગી પડીને મરી જવાનું નામ જીવન નથી. જીવન તો એને કહેવાય કે જેમાં પોતાના પ્રણયની યાદન મનમાં ઢબૂરી રાખીને પોતાના કર્તવ્યનું પાલન આજીવન કરવામાં આવે. આથી જ મેં જુવાનોને આવા આશાવાદનો સંદેશો આપતી ફિલ્મ બનાવવાનો દૃઢ નિર્ધાર કર્યો 'દેવદાસ' ને કારણે નિરાશાવાદનું એક જબરું મોજું દેશમાં ફરી વળ્યું હતું અને તેને ખતમ કરવાનું સમાજના કલ્યાણને માટે એકદમ જરૂરી હતું.'

શાંતારામે પોતાનો દૃષ્ટિકોણ ઉપરના તેમના જ શબ્દોમાં સાવ સ્પષ્ટ કરી દીધો છે. દેખીતું જ છે કે તેઓ 'દેવદાસ'માં વ્યક્ત થયેલી સૂક્ષ્મ સંવેદનાઓને સમજતા હતા. એક કલાકૃતિ તરીકે એની કદર કરતા હતા. અને એટલે જ તો એ 'દેવદાસ'ને 'ઉત્કૃષ્ટ' પણ કહેતા હતા. પણ તેઓ માનતા હતા કે જો કલાકૃતિ વ્યાપક છતાં જનસમૂહ સુધી પહોંચવાની હોય તો તેમાંથી કોઈ એવો છૂપો સંદેશ વ્યક્ત ના થવો જોઈએ કે જે સમાજસમગ્રને માટે હાનિકારક હોય. શાંતારામના પક્ષે અને વિપક્ષી, એમ બન્ને રીતે દલીલો થઈ શકે, પણ એ અહીં પ્રસ્તુત નથી. અહીં જે તથ્ય પ્રકટ થાય છે તે એ કે આજથી વર્ષો અગાઉ ૧૯૩૯માં ચિત્રનિર્માણ એ માત્ર વ્યાવસાયિક નજરે જ કરવામાં આવતી પ્રવૃતિ નહોતી- 'કલા ખાતર કલા' કે 'ભલા ખાતર કલા' જેવા બે સામસામેના છેડાનાં મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો હેતુ પણ નિર્માતાઓ ધરાવતા હતા. આવી તંદુરસ્ત અને ખરા અર્થમાં 'મૂલ્ય'વાન સ્પર્ધાથી પ્રેક્ષકોને જ લાભ થતો હતો. અને 'દેવદાસ' પણ મળતું હતું અને એની વિચારધારા ઉપર પ્રહાર કરતું 'આદમી' પણ મળતું હતું. જિંદગીના બન્ને આયામો નજર સામે આવતા હતા. ખેર, શાંતારામે આવા સ્પષ્ટ સુરેખ વિચારને અનુરૂપ વાર્તા તૈયાર કરવાને માટે લેખકે ભાસ્કરરાવ અમેમ્બલને કહ્યું પણ એ પહેલાં એમના દિમાગમાં જે એક અનોખી વાર્તાત્મક કલ્પના આવી હતી. તે એ હતી કે આ ફિલ્મનો નાયક સર્વગુણ સંપન્ન એવો 'હિંદી ફિલ્મનો હિરો' ન હોવો જોઈએ, બલકે એક સામાન્યમાં સામાન્ય, નાના નાના સુખદુ:ખવાળો અને સાદો હોવો જોઈએ. એટલે કે એક 'માણસ જેવો માણસ' હોવો જોઈએ. આ માણસ શબ્દ ઉપરથી જ મરાઠીમાં 'માણુસ' અને હિંદીમાં 'આદમી' શબ્દ તેમને સૂઝી

આવ્યો. આમ અનાયાસ જ ફિલ્મનું નામ નક્કી થઈ ગયું પણ આ તો નાયકની વાત થઈ. પણ વાર્તાનું શું ? શાંતારામ સર્જક મિજાજના નિર્માતા હતા. તેમના મનમાં એક નવી જ કલ્પના ઊપસી આવી : નાયક સામાન્ય પોલીસ કૉન્સ્ટેબલ હોય અને ગુન્હાઈત પ્રવૃતિઓ ઉપર છાપો મારતી વખતે એને એ જ સીલસીલામાં એક વેશ્યાનો મુકાબલો થાય. સંભવતઃ આ કલ્પના શાંતારામને 'દેવદાસ'ની ચંદ્રમુખીના પાત્ર પરથી આવી હોય. પણ દેવદાસની ચંદ્રમુખી એ વેશ્યા નહીં તવાયફ હતી. એટલે એના પાત્રને એક ગરિમા પ્રાપ્ત થતી હતી. જ્યારે શાંતારામ સાવ સામાન્ય થોડી પ્રૌઢવયની ગરિમાહિન વેશ્યાનું જ ચિત્રણ કરવાનો ઈરાદો રાખતા હતા. એમની માનીતી અભિનેત્રી સુંદર, યુવાન, શાંતા આપ્ટેની ઈચ્છા હતી કે આ પાત્ર પોતાને મળે, કારણ કે તેમાં અભિનયની તાકાત બતાવવાનો અનેક પરિમાણી અવકાશ હતો. જ્યારે શાંતારામ એને કોચવીને પણ આ પાત્ર શાંતા હૂબલીકરને આપવા માગતા હતા. અને તેમ જ કર્યું.

વેશ્યાઓની રહેણી-કરણી, બોલ-ચાલ, લઢણ, ગ્રાહકોને આકર્ષવાના નખરા-નુસખા, ચહેરાના બનાવટી ભાવોની રંગલીલા, વિશિષ્ટ શબ્દભંડોળ, અને તે ઉપરાંત તેમના અંગત જીવનની વણકથી હોનારતો, દુઃખ-સુખ, ખુશી-ગમ, સ્વભાવનાં છૂપાં યા પ્રગટ, વકરેલાં કે દબાયેલાં લક્ષણો- આ બધાનો વિગતે અભ્યાસ કરીને તેને જ પડદા ઉપર સાકાર કરવાની તેમની ઈચ્છા હતી અને આથી તેમણે વેશ્યાબજારની સ્વયં મુલાકાત ઉપર મુલાકાત, એક સમાજસેવક નામે દત્તારામની મદદ લઈને લીધી. દત્તારામ આવી વેશ્યાઓના જીવનમાં સુધાર લાવવાના ક્ષેત્રમાં જાહેર કાર્યકર હતો. અને એને આ આખા ચકલા-બજારની જાણકારી હતી. શાંતારામ અને એમના મિત્રો પહેલાં નિમ્ન સ્તરની અને પછી જરાં ઉંચા થરની વેશ્યાઓની મુલાકાતે ગયા અને ત્યાં તેમને કેવી કેવી વિટંબણાઓ પડી યા રમૂજો થઈ યા કસોટી, સ્થિતિમાં મુકાવાનું બન્યું તેનું વિગતે વર્ણન શાંતારામના આત્મકથાના પુસ્તકમાં છે. જેનું પુનરાવર્તન અહીં અપ્રસ્તુત છે.

પણ અહીં એ લખવું જરૂરી સમજું છું કે એ દિવસોમાં આવા નિર્માતાઓ માટે માત્ર એ નાણાં કમાવાનો વ્યવસાય કે ઉદ્યોગ નહોતો. એ એક પ્રતિબદ્ધતાભર્યો, પૂરી આત્મસાતતા માગી લેતો સંશોધનના તત્ત્વથી સભર એવો ઉપક્રમ હતો.

અનેક અનુભવોમાંથી પસાર થયા પછી શાંતારામે લેખક ભાસ્કરરાવને જે વિચારો આપ્યા તેના આધારે એમણે ચુસ્ત વાર્તા બનાવી કાઢી. તેની પટકથા, સંવાદો અને ગીતો મુનશી અજીઝે લખ્યાં - અલબત્ત એમ પણ કહેવામાં આવે છે કે આ ફિલ્મનું કથાનક ૧૯૩૧ની હોલીવુડની ફિલ્મ 'વૉટર લૂ બ્રિજ' પરથી લેવામાં આવ્યું હતું. ગમે તેમ પણ એનો કથાપ્રવાહ નાટકીય હતો. ઉપર જણાવ્યું તેમ કૉન્સ્ટેબલ (શાહુ મોડક) અને વેશ્યા (શાંતા હૂબલીકર)ની આકસ્મિક મુલાકાત પછી એ બન્ને વચ્ચે પ્રેમના અંકુર ફૂટે છે. અને એકબીજાં માટે ઝુરાપો પણ અનુભવાતો દેખાડાય છે. પરંતુ 'દેવદાસ'થી વિપરીત કૉન્સ્ટેબલની ફરજ પરત્વે વર્તાતી સભાનતા અને નાયિકાની એનો કોઈ અહેસાન ન સ્વીકારવાની ખુમારી આ બન્ને પોતપોતાની જગ્યાએ કાયમ રહે છે. નથી એ બન્ને પરણી શકતાં કે નથી બેમાંથી એક પાત્ર આપઘાત કરતું અને બન્ને પોતાની રીતે જિંદગી જીવતાં રહે છે. - આવી વાર્તા હોવાને કારણે ફિલ્મનું અંગ્રેજી નામ 'લાઈફ ઈઝી ફોર ધ લિવિંગ' રાખવામાં આવ્યું હતું.

આ ફિલ્મનું મોટાભાગનું બલકે નવ્વાણું ટકા શૂટિંગ વેશ્યાબજાર, ગલીઓ, ગલ્લા, સ્ટ્રીટ, ફૂટપાથો જેવા સ્થળોના ઊભા કરવામાં આવેલાં સ્ટૂડિઓ સેટ ઉપર કરવામાં આવતું હતું - જોવાની મઝા એ પણ છે કે બેચાર દૃશ્યમાં તો બૉમ્બે ટૉકિઝની લઢણ પણ વર્તાઈ આવતી હતી. શાંતારામ લાંબા સંભાષણો સંવાદો અને શબ્દજાળના વિરોધી હતા, જ્યારે અમુક ઘટનાસ્થિતિ (સિચ્યુએશન)માં તો અનિવાર્ય હોય છે. આ ફિલ્મમાં પણ એવું જ બન્યું હતું. નાયિકા પોતાના બદમાશ મામાની હત્યાના આરોપમાં ગિરફતાર થાય છે. પછી જ્યારે તેના ઉપર કોર્ટમાં મુકદ્દમો ચાલે છે ત્યારે સંવાદો - સંભાષણો - દલીલો લાવ્યાં વગર છૂટકો નહોતો માટે શાંતારામે તદ્દન નવી અને મૌલિક તરકીબ અજમાવી. એમણે અદાલતનાં કાચનાં બારી-બારણાંની બહાર કૅમરા ગોઠવ્યો અને કોર્ટની કાર્યવાહીનું શૂટિંગ ઝડપ્યું - પરિણામે ડાયલોગબાજીને નિવારી શકાય અને દૃશ્ય મૂક ફિલ્મોના જમાના જેવું મૂંગુ બની રહે. પણ એમાં પાછો બીજો ડર હતો. લાંબા સમય સુધી એ દૃશ્ય દેખાય પણ સંવાદ ના સંભળાય તો દર્શકો એમ સમજે કે થીએટરની સાઉન્ડ સિસ્ટમમાં કંઈક ખરાબી ઊભી થઈ છે. સ્વાભાવિક જ છે કે તેનાથી થીએટરમાં બૂમાબૂમ મચી જાય. આનો રસ્તો શાંતારામે એ મૂગા દૃશ્યની પછવાડે તીવ્ર પાર્શ્વસંગીત મૂકીને કાઢ્યો. અને આમ એક કલાત્મક દૃશ્યખંડનું અનાયાસે જ નિર્માણ થયું.

આ ચિત્ર રજૂ થયું ત્યારે બૉમ્બે ટૉકિઝના હિમાંશુ રાયને તેમના મૅનેજર રાયબહાદુર ચૂનિલાલે અગાઉથી કહી રાખેલું કે આ 'આદમી' ચિત્ર સાવ બકવાસ છે પણ જ્યારે હિમાંશુ રાયે ફિલ્મ જોઈ અને એમને એ 'માસ્ટરપીસ' લાગી ત્યારે રાયબહાદુર ત્યાંથી ગાયબ થઈ ગયા હતા. એ પછી કેવી સ્થિતિનું નિર્માણ થયું તેની વાત આવતા પ્રકરણમાં. (ક્રમશઃ)

સ્મૃતિકથા

# શૈશવથી સંધ્યા સુધી

કમલા પરીખ


૧૯૮૪ના એપ્રિલ માસની ૨૩મી તારીખે હું લંડન અને અમેરિકાના પ્રવાસે નીકળી. મારાં મોટાબહેન જયાબહેન લંડનમાં રહેતાં હતાં અને લંડનમાં હું ૨૩ દિવસ રોકાઈ. અહીં મારે મારા પ્રવાસની વાત નથી કરવી પણ લંડનમાં જે જાણીતાં સ્થળોની મુલાકાત લીધી તેમાંનાં મુખ્ય હતાં બ્રિટિશ મ્યૂઝિયમ, ટ્રફાલ્ગર, સ્કવેર, બકીંગહામ પૅલેસ, ત્યાં થતી ક્વીન ગાર્ડ પરેડ, વેસ્ટ કવિતા -upon the west-minsr bridge' ત્યારે મને Wordsworth યાદ આવી ગયા. મિન્સર બ્રીજ, વેસ્ટ મિન્સ્ટર બ્રિજ (ત્યારે મને વર્ડ્ઝવર્થ યાદ આવી ગયા) વેસ્ટ મિન્સ્ટર ઍબી, રિજન્ટ પાર્ક, હાઈડ પાર્ક, લંડનની લીલીછમ ધરતી, પુષ્પોથી લચેલાં વૃક્ષો, કૅમ્બ્રિજ યુનિવર્સિટી, માદામ તુશાદ મ્યૂઝીઅમ વગેરે. મ્યૂઝીઅમમાં જુદાં જુદાં ક્ષેત્રની જાણીતી વ્યક્તિઓની મીણની પ્રતિમાઓ જોવાનો આનંદ મળ્યો, તેમાં ચાર્લ્સ ડિકન્સ, બ્રૉન્ટ સીસ્ટર્સ, મહાત્મા ગાંધી, અબ્રાહમ લિંકન, ઈંગ્લિશ રૉયલ ફૅમિલી, આગાથા ક્રિસ્ટી, હિટલર, ઈંદીરા ગાંધી, પાબ્લો પિકાસો વગેરે ઉલ્લેખપાત્ર છે. આ બધું જોવાનો આનંદ તો હતો જ પણ મારું મન શેક્સપીઅરની જન્મભૂમિના દર્શન કરવા અધીરું બન્યું હતું કારણ કે મારા અધ્યાપનકાળ દરમિયાન શેક્સપીઅરનાં વિવિધ નાટકો તથા કાવ્યો મારે ભણાવવામાં આવતાં હતાં, તેથી લંડન પહોંચી ત્રીજા જ દિવસે હું તે જોવા માટે નીકળી પડી.


તેમનું જન્મસ્થળ સ્ટ્રૅટફર્ડ અપૉન-ઍવન જે લંડનથી ૯૦ માઈલના અંતરે આવેલું છે. લંડનથી ત્યાં જવા માટે કોચ સર્વિસની સગવડ છે. તેમાં બેસી હું ત્યાં પહોંચી. ત્યાં શેક્સપીઅરનું ઘર જોયું, તેની માતાનું ઘર જોયું, તેનું જન્મસ્થળ જોયું, તેણે તેનાં છેલ્લાં વર્ષો વિતાવ્યાં હતાં અને જ્યાં તેનું અવસાન થયું હતું તે ઘર પણ જોયું. ઍવન નદીના તટ પર આવેલ 'સ્ટ્રૅટફર્ડ-અપૉન-એવન નામના નાના ગામમાં તેનું ઘર આવેલું છે. શેક્સપીઅર જે ખુરશી પર બેસી લખતા હતા તે ખુરશી અને ટેબલ તેમના રૂમમાં સાચવીને રાખવામાં આવ્યા છે. તે ઓરડો નાનો છે અને બારણું નીચું હોવાથી માથું નમાવી મારે પ્રવેશ કરવો પડ્યો. એક રીતે તો આ સારું કહેવાય કે મેં માથું નમાવી મારા પ્રિય નાટ્યકારને જાણે વંદન કર્યાં હોય તેમ લાગ્યું. તે વાપરતા હતા તે ઘોડાગાડી મૂકવાનું કહેલું પણ જોયું. ઍવન નદી ખૂબ સુંદર છે. તેની બીજી બાજુ જવા માટે પુલ બાંધી વ્યવસ્થા કરવામાં આવી છે. આ નદીના તીરે પંખીઓના સમૂહને જોવાની મજા પડી.



શેક્સપીઅર

આ બધું તો મેં જોયું હતું અને તેના વિષે વિસ્તારથી લખી શકાય. પરંતુ મારે તો જુદી જ વાત કરવી છે. શેક્સપીઅરના કેટલાંક નાટકો ભણાવવાનો યોગ મને સાંપડ્યો હતો, તેમાંથી ખાસ કરીને હું હવે 'મર્ચન્ટ ઑફ વેનિસ' નાટક વિષે વાત કરવા માંગુ છું. આ નાટકનો પ્રકાર રૉમેન્ટિક કૉમેડી છે. આમાં વાત એક યહુદી વેપારીની છે. જેનું નામ શાયલોક છે તે વેનીસનો વતની છે અતિ લોભી, લુચ્ચો અને બદલો લેવાની વૃત્તિવાળો છે. એ ધીરધારનો ધંધો કરે છે. આ ધંધો કરતાં એક વાર તે મહામુશ્કેલીમાં મુકાઈ જાય છે.

વૅનિસમાં ઍન્ટોનિયો નામનો બીજો એક બહુ પ્રખ્યાત ખ્રિસ્તી વેપારી છે, જે તેની મિલ્કત અને ઉદારતા માટે જાણીતો છે. એના તે વગર વ્યાજે પૈસા ધીરતો હોય છે. એનાં વ્યાપારી વહાણો ધંધા અર્થે સમગ્ર દુનિયામાં ફરતાં હોય છે. આ વેપારીનો મિત્ર નામે બસાનિયો જે યુવાન અને રોમૅન્ટિક સ્વભાવનો છે. તે ઘણી વાર ઍન્ટોનિયો પાસેથી ઉધાર પૈસા લેતો હોય છે. પણ તે પૈસા યુવાનીની મોજમઝામાં ઉડાવી દેતો હોય છે. આ બસાનિયો બેલમોન્ટ શહેરની ધનવાનની દીકરી પોર્શિયાના પ્રેમમાં પડે છે. પોર્શિયાનું સંવનન કરવા તે બોલમૉન્ટ જવા ઈચ્છે છે પણ તેની પાસે પૈસા નથી તેથી તેના મિત્ર ઑન્ટોનિયો પાસે તે પૈસા લેવા જાય છે. તે સમયે ઍન્ટોનિયોની મૂડી તેના વેપારમાં રોકાઈ ગઈ હોય છે.


શેક્સપીઅરનું જન્મસ્થળ



પત્ની ઍન હાથવેની કુટિર


માતા મૅરિ આર્ડનનું ઘર

બેસાનિયોને ૩૦૦૦ ડ્યુટેકસની જરૂર છે જે એન્ટોનિયોને હાથવગા નથી એટલે તે ધીરનારનો ધંધો કરતો શાયલૉક જે તેનો હરીફ છે તેની પાસેથી બેસાનિયા માટે પૈસા લેવાનો વિચાર કરે છે. ઍન્ટોનીયો શાયલૉકનો હરીફ છે તેથી શાયલૉક ઍન્ટોનિયોને ધીક્કારતો હોય છે. તદુપરાંત ઍન્ટોનિયો વગર વ્યાજે અન્યને પૈસા ધીરતો હોય છે, યહુદીની ઠેકડી ઉડાવતો હોય છે. અને શાયલૉકને દુષ્ટ સ્વભાવવાળો પણ કહેતો હોય છે. આ રીતે તે અવારનવાર શાયલૉકનું અપમાન કરતો હોય છે. આ બધી વાતો શાયલૉકને યાદ આવી જાય છે. તેથી વેરનો બદલો લેવાની આવી તક તે ગુમાવવા ઈચ્છતો નથી. તે એક યુક્તિ શોધી કાઢે છે અને ઍન્ટોનિયોને વગર વ્યાજે પૈસા ધીરવાની તૈયારી બતાવે છે, પણ સાથે સાથે એક શરત મૂકે છે કે જો ધીરેલા પૈસા નક્કી કરેલી ત્રણ મહિનાની મુદતમાં પરત કરવામાં ના આવે તો તે એન્ટોનિયોના શરીરના ગમે તે ભાગમાંથી શેર માંસ કાપી લેશે. શાયલૉકની આ શરત ઍન્ટોનિયો માન્ય રાખે છે. શાયલૉક કરારપત્ર પર એન્ટોનિયોની સહી લઈ લે છે. ઍન્ટોનિયોને વિશ્વાસ છે કે તે સમયસર શાયલૉકને ૩૦૦૦ ડ્યુટેકસ પરત કરી શકશે. આમ, ગણતરીબાજ શાયલૉક તેને ૩૦૦૦ ડ્યુટેકસ વગર વ્યાજે આપી દે છે. ઍન્ટોનિયો ૩૦૦૦ ડ્યુકેટસ બેસાનિયોને આપી દે છે.

પૈસા મળતાં બસાનિયો જહાજમાં બેસી બેલમૉન્ટ ઊપડી જાય છે. તે જ રાત્રે શાયલૉકની દીકરી જેસીકા એન્ટોનિયોના મિત્ર લૉરેન્ઝા જે ખ્રિસ્તી હતો તેની સાથે સારા એવા પૈસા તથા જર-ઝવેરાત લઈને ભાગી જાય છે. લોભી શાયલૉક દીકરી અને પૈસા બન્ને ગુમાવતા આકુળવ્યાકુળ થઈ જાય છે. તેનો ગુસ્સો આ બનાવથી સાતમા આસમાને પહોંચી જાય છે. ખ્રિસ્તી પ્રત્યેનો તેનો ધિક્કાર અને વેર બેવડાઈ જાય છે. પરિણામે તે બદલો લેવા માટે કરારપત્રની મુદત પૂરી થવાની રાહ જુએ છે.

બેસાનિયો બેલમૉન્ટ પહોંચી જાય છે. પણ તેને પોર્શિયા સહેલાઈથી મળે તેમ નથી કારણ કે પોર્શિયાના સદ્‌ગત પિતાએ વસિયતનામામાં ત્રણ પેટીની શરત મૂકી હતી. આમાં એક પેટી



માતા મૅરિના ઘર-આંગણે જિપ્સી કૅરેવાન

સુવર્ણની, એક પેટી રજતની અને એક પેટી સીસાની છે. આ ત્રણ પેટીમાંથી એકમાં પોર્શિયાની તસ્વીર મૂકેલી છે. જે એ તસવીરવાળી પેટી પસંદ કરે તે પોર્શિયાને વરી શકે. આ શરત પ્રમાણે કેટલાયે હરીફો આવી ગયા પણ સફળ થયા નહીં.

બેસાનિયોનું તકદીર પ્રબળ હોવાથી તેણે જે પેટી પસંદ કરી તેમાંથી પોર્શિયાની તસવીર નીકળી. આમ, બેસાનિયો પોર્શિયાને પામવાની પોતાની ઈચ્છામાં સફળ થાય છે.

હવે વાર્તામાં એક જુદો જ વળાંક આવે છે. બેસાનિયો તો માનવાંછિત પોર્શિયાને પામીને રાજીના રેડ થઈ જાય છે. પણ ઍન્ટાનિયો બેહાલ થઈ જાય છે. તેનાં વ્યાપારી વહાણો દરિયામાં ક્યાંક ખેંચાઈ જાય છે. બરાબર તે જ સમયે શાયલૉકના કરારપત્રની અવધિ પણ પૂરી થાય છે, પરિણામે ઍન્ટોનિયો શાયલૉક પાસેથી ઉધાર લીધેલા ૩૦૦૦ડ્યુકેટ્સ પરત કરી શકતો નથી. આમ તેના પર સંકટનાં વાદળો ઘેરાય છે, આ સમાચાર બેસનિયોને મળે છે. તે ધનવાન પત્ની પોર્શિયો પાસેથી ત્રણગણા ડ્યુકેટ્સ લઈ જલદીથી ઍન્ટોનિયો પાસે વેનીસ પહોંચી જાય છે. પણ શાયલૉક હવે કોઈ પણ રકમ સ્વીકારવા તૈયાર થતો નથી. હવે તે કરાર મુજબ ઍન્ટોનિયોના શરીરમાંથી એક શેર માંસ કાપી લેવા મક્કમ બન્યો છે.

હવે નાટકનું મહત્ત્વનું કોર્ટનું દૃશ્ય આવે છે. આ કેસ લડવા માટે ડ્યુકે બલારિયો નામના વકીલને નિમંત્રણ આપે છે. પણ તે અન્ય કામમાં વ્યસ્ત હોઈ આવી શકતો નથી તેથી બીજા વકીલની વ્યવસ્થા કેસ લડવા થાય છે. સૌપ્રથમ નેરીસા વકીલના કલાર્કના સ્વાંગમાં કોર્ટમાં પ્રવેશ કરે છે.અને બલારિયોએ સૂચવેલા વકીલને આ કેસ લડવા માટેનો પત્ર ડ્યુકને આપે છે. ડ્યુક આ વાતનો સ્વીકાર કરે છે. ત્યાર બાદ પોર્શિયા વકીલના સ્વાંગમા કોર્ટમાં પ્રવેશ કરે છે. ડ્યુક તેને આવકારે છે. અને કેસની કાર્યવાહી શરૂ થાય છે. કોર્ટમા વકીલની તર્કિક દલીલો દ્વારા કેસ શાયલૉકની વિરુદ્ધમાં જાય છે. અને ઍન્ટોનિયો કેસ જીતી જાય છે. શાયલૉકની મિલકત જપ્ત કરવામાં આવે છે અને શરત મૂકવામાં આવે છે કે જો તે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરે તો તેને ક્ષમા બક્ષવામાં આવે. કેસ પૂરો થતાં વકીલ કેસ લડવાની કોઈ ફી લેતો નથી, પણ બેસાનિયાના આગ્રહને વશ થઈને વકીલ બેસાનિયોએ આંગળીએ પહેરેલી વીંટી સ્મૃતિરૂપે માંગે છે. બસાનિયો વીંટી આપવા માટે આનાકાની કરે છે કારણ કે તેની પત્ની પોર્શિયાએ તેને લગ્નનિમિત્તે એ વીંટીની ભેટ આપી હતી. આ વીંટી કરતાં પણ મોંઘી વીંટી વેનીસના બજારમાંથી ખરીદી તે વકીલને આપવાની તૈયારી બતાવે છે. અને માફી માગે છે. વકીલ તેને કહે છે કે તમે ઉદારતા તો બતાવી પણ વીંટી માંગતા તે આપી

શકતાં નથી ત્યારે બેસાનિયો તેને જણાવે છે કે તેની પત્ની પોર્શિયાએ તેને એ વીંટી આપી સોગંદ લેવડાવ્યા છે કે આ વીંટી તે કોઈને આપશે નહીં, વેચશે નહીં અને ગુમાવશે નહીં - છેવટે ઍન્ટોનિયોની સમજાવટથી પેલી વીંટી વકીલને આપી દે છે.

આ નાટકમાં કોર્ટનું દૃશ્ય અદ્‌ભુત છે. તે કોર્ટમા બેલારિયોને બદલે વકીલના વેશમાં આવેલી પોર્શિયો તાર્કિક દલીલોથી સમગ્ર નાટકનો અંત બદલી નાંખે છે. તો ચાલો આપણે કોર્ટના આ દૃશ્યને નિહાળીયે. પોર્શિયા પોતાની સાથે નેરીસાને પણ કલાર્કના વેશમાં સાથે લઈ ગઈ છે. પોર્શિયો શાયલૉકને કહે છે કે તારો કેસ વિચિત્ર છે પણ વેનીસનો કાયદો તે બદલી શકે તેમ નથી. તે એન્ટોનિયોને પૂછે છે કે આ કરાર તેને કબૂલ છે ? ઍન્ટોનિયો તેનો જવાબ હકારમાં આપે છે. પોર્શિયા પેલા યહુદીને દયા દાખવવા જણાવે છે પણ શાયલૉક કહે છે કે તેને દયા દાખવવાની શા માટે ફરજ પાડવાનો આગ્રહ રાખવામાં આવે છે? આનો ઉત્તર પોર્શિયાના શબ્દોમાં નાટ્યકારે સુંદર રીતે પ્રદર્શિત કર્યો છે.

'The quality of mercy is not strained
It droppeth as the gentle rain from heaven
upon the place beneath it: it is twice blest,
It blesseth him that gives, and him that takes,
'Tis mightiest in the mightiest, it becomes
The throned monarch better than his crown'

પોર્શિયા શાયલૉકને આમ દયા દાખવવા સમજાવે છે. પણ શાયલૉક ટસનો મસ થતો નથી. પોર્શિયા શાયલૉકને પૂછે છે કે ઍન્ટોનિયોએ તેની પાસેથી લીધેલા પૈસા પરત કરવા માટે સમર્થ નથી? ત્યાં વચ્ચે બેસાનિયો કોર્ટમાં જણાવે છે કે ઍન્ટાનિયોએ લીધેલા પૈસા બે ગણા કરીને પોતે આપવા તૈયાર છે. આટલી રકમથી ન ધરાતા આવેશમાં આવી જઈ બેસાનિયો પોતે દશગણા પૈસા આપવાની તૈયારી બતાવે છે. પણ શાયલૉકને આવી કોઈ વાત મંજૂર નથી. બેસાનિયો કહે છે કે શબ્દોને આ રીતે વળગી રહેવાની શાયલૉકની આ રીત તેના મનની મેલી મુરાદ પ્રગટ કરે છે. તે વકીલને વીનવે છે કે તેણે સત્તાની રૂએ આવા ક્રૂર કાયદાને બદલવો જોઈએ પણ વકીલ (પોર્શિયાન) કહે છે કે વકીલને વેનીસના કાયદાને બદલવાનો કોઈ અધિકાર નથી. આ સાંભળતાં જ શાયલૉક આનંદથી બોલી ઊઠે છે :

'O wise young judge how I do honour thee !'

પોર્શિયા હવે કરારપત્ર જોવા માગે છે. તે શાયલૉકને કહે છે કે તેણે ધીરેલા પૈસા કરતાં ત્રણ ગણા પૈસા આપવા માટે સામો પક્ષ તૈયાર નથી તો હવે તે શાનો વિચાર કરે છે ? શાયલૉકનો જવાબ સાંભળવા જેવો છે. તે કહે છે કે મેં પ્રભુ સમક્ષ આ કરારપત્રમાં લખ્યા મુજબ જે સોગંદ લીધા છે તે સોગંદ તોડીને પાપમાં પડવા માંગતો નથી. સમગ્ર વેનિસના બદલામાં પણ તે આવું કરવા તૈયાર નથી. આ સાંભળી પોર્શિયા જણાવે છે કે કાયદાની રૂએ શાયલૉક ઍન્ટોનિયોના હૃદયની નજીકથી એક રતલ માંસ કાંપી લેવા હકદાર બને છે. છતાં હજી પણ ત્રણ ગણા પૈસા સ્વીકારી લઈ શાયલૉકને દયા દાખવવાની વિનંતી કરે છે. પોર્શિયા કરે છે, પણ શાયલૉક એના નિર્ણયમાં અડગ છે. આ સંવાદ સાંભળી એન્ટોનિયો કોર્ટને ન્યાય તોળવા માટે વિનંતી પોર્શિયો તેને કહે છે કે જો આ વાત તેને કબૂલ હોય તો શાયલૉકની છરીનો ઘા ઝીલવા તૈયાર થાય. આ સાંભળી શાયલૉક આનંદવિભોર થઈ બોલી ઊઠે છે,

'O noble judge ! o excellent young man !'

પોર્શિયા જણાવે છે કે કરારપત્ર પ્રમાણે શાયલૉક ન્યાય મેળવવાનો અધિકારી બને છે. આ સાંભળી શાયલૉક હર્ષઘેલો થઈ જાય છે અને પોર્શિયાના વખાણ કરવામાં કાંઈ જ બાકી રાખતો નથી. તેના શબ્દો સાંભળીએ :

'Tis very trun o wise and upright judge.
How much more elder art thou than thy looks !'

માંસ કાપવા માટે અધીરા બનેલા શાયલૉકને પોર્શિયા પૂછે છે કે એક રતલ માંસ કાપીને જોખવા માટે તે ત્રાજવું લાવ્યો છે ? શાયલૉકે તરત જ જવાબ આપ્યો કે તે ત્રાજવું સાથે જ લાવ્યો છે. ફરીથી પોર્શિયો તેને દલીલમાં ફસાવે છે કે ઍન્ટેનિયોનું માંસ કાપતી વખતે લોહી વહી જવાથી કદાચ જો મૃત્યુ થાય તો તે (શાયલૉક) પોતાના ખર્ચે સર્જનને સાથે લાવ્યો છે?

હવે શાયલૉક મૂંઝાઈ જાય છે. પણ તરત જ જવાબ આપે છે કે કરારપત્રમાં આ બાબતનો કોઈ જ ઉલ્લેખ નથી. પોર્શિયા ઍન્ટોનિયોને પૂછે છે કે તેને કાંઈ કહેવું છે ? ઍન્ટોનિયો પ્રત્યુત્તર આપે છે કે કરારપત્રમાં લખ્યા પ્રમાણે તેનો અમલ થાય તે માટે તે તૈયાર છે. પોર્શિયા શાયલૉકને ઍન્ટોનિયોની છાતીમાંથી માંસ કાપી લેવાનો અધિકાર આપે છે. ખુશખુશાલ શાયલૉક માંસ કાપવાની તૈયારી કરે છે. તે આ ચતુરાઈભરી દલીલો સમજી શકતો નથી, અને વકીલની પ્રશંસા કરતો હરખાઈને બોલી ઊઠે છે.'Most rightful judge'. પણ પોર્શિયા તેને બોલતો અટકાવી કહે છે કે :

'Tarry a little, there is something else
This bond doth give thee here no jot of blood.
The worlds expressly are ' a pound of flesh'
Take then thy bond, take thou thy pound of flesh,
But in the chtting it, if thou dost shed
One drop of crristian blood, thy lands and goods

Are (by the laws of venice) confiscate'
Unto the state of venice'

આમ, પોર્શિયાએ તેના કરારપત્રના શબ્દેશબ્દને અનુસરીને જણાવ્યું કે ' One pound of flesh' લઈ શકે પણ ' Not a drop of blood' હવે શાયલૉક બરાબર ફસાય છે વકીલની દલીલોથી. ખુશ થયેલો શાયલૉક તેનાં વખાણ કરતાં થાકતો નહોતો તેનો ચહેરાનો રંગ ઊડી જાય છે, અને બચાવ કરવા માટે ત્રણ ગણા પૈસાની માંગણી સ્વીકારવા તૈયાર થાય છે. વધારામાં તેને શબ્દોની જાળમાં ફસાવવા પોર્શિયા જણાવે છે કે તે માંસ કાપી શકે છે પણ એક શેર કરતાં ઓછું નહીં અને એક શેર કરતાં વધારે પણ નહીં. કરારપત્ર પ્રમાણે ફક્ત એક શેર જ માંસ કાપવાનો તેનો અધિકાર છે. શાયલૉક ગભરાય છે. પોતે પાથરેલી જાળમાં ફસાયેલો તે ધીરેલી રકમ લેવા છેવટે તૈયાર થાય છે. બેસાનિયો તેને શાયલૉક પાસેથી ઍન્ટોનિયોએ લીધેલી રકમ પોતાની સાથે લાવ્યો હતો તે શાયલૉકને આપવા તૈયાર ઊભો છે. પણ પોર્શિયા તેને અટકાવીને કહે છે કે શાયલૉકને જ્યારે આ પૈસા કોર્ટમાં લઈ લેવા માટે કહ્યું હતું ત્યારે શરૂઆતમાં તેણે સાફ ના પાડી હતી. એણે તો ન્યાય અને દંડ માટે આગ્રહ રાખ્યો હતો. શાયલૉક પોતે ધીરેલી રકમ લેવા તૈયાર થાય છે પણ પોર્શિયો તે માનતી નથી. તેથી શાયલૉક કોઈ પણ ચર્ચા અને પૈસા લીધા વગર કોર્ટ છોડી જવા તૈયાર થાય છે. પરંતુ પોર્શિયા તેને રોકીને કહે છે કે વેનીસના કાયદા પ્રમાણે કોઈ પરદેશી પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે તેના નાગરિકના જીવનને ભયગ્રસ્ત પરિસ્થિતિમાં મૂકવાનો પ્રયત્ન કરે તો તેને માટે સજા એ છે કે આવી પરિસ્થિતિમાં તેણે મૂકવા માટે કરેલા પ્રયત્ન બદલ વેનીસના નાગરિકને અડધી મિલકત મેળવવાનો અધિકાર મળે છે. અને બાકીની અડધી મિલકત રાજ્યની તિજોરીમાં આપવી પડે છે. તેથી તારે અડધી મિલકત ઍન્ટોનિયોને અને બાકીની અડધી મિલકત રાજ્યની તિજોરીમાં જમા કરાવવી પડશે. કંજૂસ શાયલૉક વેરની આગને બુઝાવવા જે પ્રયત્ન કરી રહ્યો હતો તેમાં નિષ્ફળ જાય છે અને બધી મૂડી ગુમાવે છે. પોર્શિયોના કહેવાથી તેને પોતાની આ ચાલબાજી માટે માફી માંગવી પડે છે. ડ્યુક તેને માફી બક્ષે છે. આમ, અડધી મિલકતનો હક્કદાર ઍન્ટોનિયો બને છે અને અડધી મિલકત રાજ્યની તિજોરીમાં જમા થાય છે. પોર્શિયા ઍન્ટોનિયોને પૂછે છે કે આ બાબતમાં તે કોઈ દયા દાખવવા માગે છે કે નહીં, જેના જવાબમાં ઍન્ટોનિયો કહે છે કે પોતાને મળતી અડધી મિલકત પર તેનો હક્ક નથી રાખતો પણ તે ટ્રસ્ટીની ફરજ બજાવશે. યહુદીના મૃત્યુ બાદ તેની દીકરી જેસીકાએ ભાગી જઈ લગ્ન કર્યા છે તેને એ મૂડી આપી દેશે તદુપરાંત શાયલૉકે તાત્કાલિક ધર્મ છોડી ખ્રિસ્તી બનવું પડશે અને કોર્ટની હાજરીમાં અડધી મિલકત તેની દીકરી અને જમાઈને ઈનામમાં આપી છે તેવું (deed) વસિયતનામું કરવું પડશે. ડ્યુક આ પ્રસ્તાવ કબૂલ કરે છે. શાયલૉક પણ આ વાતને કબૂલાતની મહોર મારે છે અને પોતાની તબિયત સારી નથી તેથી કોર્ટમાંથી જવાની રજા માગે છે અને (deed) તેને ઘેર મોકલી આપવા વિનંતી કરે છે કે તે (deed) પર જરૂરથી સહી કરી આપશે Trial Scene સમાપ્ત થાય છે ત્યારે બેસાનિયો પોર્શિયાને કેસ લડવાના વળતર રૂપે ફી આપવા તૈયાર થાય છે. પણ તે ના પાડે છે. છેવટે તે બેસાનિયોની વીંટી ફીના પ્રતીક તરીકે લઈ લે છે. બેસાનિયો તે આપવા તૈયાર નહોતો કારણ કે બેસાનિયોને પોર્શિયાએ લગ્નની ભેટ તે તરીકે આપી હતી. તે વકીલના વેશમાં આવેલી પર્શિયોને કહે છે કે આ વીંટી તેને તેની પત્નીએ તેની આંગળીયે પહેરાવી હતી અને સોગંદ લેવડાવ્યા હતા કે એ વીંટી બેશાનિયો વેચશે નહીં, કોઈને આપશે નહીં અને ખોઈ નાખશે નહીં. છેવટે આવી કીંમતી વીંટી કેસ લડવાની ફી તરીકે પોર્શિયોને આપી દે છે. આ વિધિ પત્યા બાદ ઍન્ટોનિયો અને બેસાનિયો બીજે દિવસે બેલમૉન્ટ પહોંચી જાય છે. પોતાનું આ કામ પતાવી પોર્શિયા અને નેરીશા પણ બેલમૉન્ટ પહોંચી જાય છે. પણ ત્યાં એક વિચિત્ર પરિસ્થિતિ સર્જાઈ. નેરીસાએ ગ્રેશિયાનોને લગ્નભેટ તરીકે વીંટી આપી હતી તે વીંટી ગ્રેશિયાનોની આંગળીયે ન જોતાં તે બેબાકળી બની જાય છે અને વીંટી સંબંધી પૂછપરછ કરે છે. ગ્રેશિયાનોએ તેને સાચી હકીકત જણાવી કે કોર્ટમાં વકીલના કારકુનને ખુશ થઈ તેણે ભેટમાં વીંટી આપી દીધી છે; પોર્શિયા પણ નેરીસાને પક્ષ લઈ ગ્રેસિયાનોને ઠપકો આપવા લાગી. તેણે કહ્યું કે મારો પતિ બેસાનિયો મારી આપેલી વીંટી કોઈપણ સંજોગોમાં કોઈને આપે જ નહીં એવી મારી દૃઢ શ્રદ્ધા છે. આ સાંભળતા જ ગ્રેસિયાનો તરત જ બોલી ઊઠ્યો કે તેના પતિ બૅસાનિયોએ પણ પોતાની વીંટી ફી પેટે વકીલને આપી હતી. તે પોર્શિયોને સમજાવે છે પણ પોર્શિયા તેની કોઈ વાત સાંભળવા તૈયાર થતી નથી. ઍન્ટોનિયો પોર્શિયાને સમજાવે છે કે તેનો પતિ ફરીથી આવી ભૂલ નહીં કરે માટે માફ કરો. આ સાંભળતાં પોર્શિયા મલકાય છે અને પોતાની આંગળી પરથી વીંટી કાઢી ઍન્ટોનિયોને કહે છે કે તમારા મિત્ર બેસાનિયોને આપો અને બીજા કોઈને ફરીથી આ વીંટી આપો નહીં તેવી શિખામણ પણ આપી. તેના કહેવા પ્રમાણે ઍન્ટોનિયોએ બેસાનિયોને વીંટી આપી. વીંટી જોતાં બેસાનિયો આશ્ચર્યચકિત થઈ જાય છે અને બોલી ઊઠે છે કે આ વીંટી તો કેસ લડનાર વકીલને આપી હતી.

આમ, ઘટસ્ફોટ થતાં પોર્શિયા જોરજોરથી હસી પડે છે. અને બસાનિયોના મનમાં વિદ્યુત ચમકાર થયો તેમ બોલી ઊઠ્યો કે 'તું પોતે જ વકીલ બનીને આવી હતી અને હું તને ઓળખી પણ ના શક્યો!' પોર્શિયા આમ બાજી જીતી જાય છે. અને પોતાના બુદ્ધિચાતુર્યથી કોર્ટમાં પણ સમગ્ર કેસને પલટાવી દે છે.

આમ, દુરિત પર સદ્દનો વિજય થાય છે. આ વીંટીના દૃશ્યને નાટકમાં દાખલ કરીને શેક્સ્પીઅરે કોર્ટના દૃશ્યમાં સર્જાયેલા અસહ્ય તનાવને હળવો કરી નાખ્યો છે. અને નાટક એક રોમૅન્ટિક કૉમેડિ બની જાય છે. (ક્રમશઃ)

## સરદાર પટેલ વિષયક સંશોધન પત્રો

ગુજરાતના પ્રધ્યાપકો માટે 'સરદાર પટેલ ચૅઅર'ના ઉપક્રમે સરદાર પટેલ વિષયક સંશોધનપત્રો લખાવી પ્રગટ કરવાનું આયોજન કરેલ છે. આ માટેના પસંદ કરેલ વિષયો નીચે મુજબ છે.

(૧) પુત્રનાં લક્ષણ પારણામાંથી : સરદારના સંદર્ભમાં

(૨) સરદાર પટેલની મૂલ્ય નિષ્ઠા

(૩) સરદાર પટેલ, ગુજરાત અને ગુજરાતીઓ

(૪) સરદાર પટેલ અને ભારતની વદેશ નીતિ

(૫) સરદાર પટેલ એક કુશળ વહીવટદાર.

જે તે વિષયનું સંશોધનપત્ર મુખ્યત્વે મૂળસ્રોત (Original Document) આધારિત હોવું જોઈએ, આ માટે સરદારશ્રીનાં પત્રો, સરદારસીના ભાષણો, અધિકૃત જીવનચરિત્ર વગેરેનો આધાર લઈ શકાય. આવાં અભ્યાસપૂર્ણ સંશોધનપત્રો યુવાનો અને વિદ્યાર્થીમિત્રોને રસ પડે તેવી સરળ ભાષામાં લખી શકાય તે વધુ સારું પ્રત્યેક સ્વીકૃત્ત સંશોધનપત્ર દીઠ રૂા. ૧૦૦૦/-નો પુરસ્કાર આપવામાં આવશે. સ્વીકાર-અસ્વીકારનો નિર્ણય તજજ્ઞોની સમિતિ કરશે. સંદર્ભગ્રંથો અને પાદટીપ સહિતનું તૈયાર કરેલ સંશોધનપત્ર મોડામાં મોડું તારીખ : ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૪ સુધીમાં ડૉ. હરબન્સ પટેલ, માનદ્ નિયામક (ચેર પર્સન), સરદાર પટેલ ચૅઅર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરને સરનામે પોતાની સંસ્થાના વડા મારફતે મોકલી આપવા વિનંતી.

અનુસંધાન) ઍન ફ્રેન્કની રોજનીશી (પૃ. ૭૯૦થી

ગુપ્તનિવાસના કુટુંબના રસના વિષયો

(કોર્સ અને વાચન સામગ્રીનું પદ્ધતિસર સર્વેક્ષણ)

શ્રી. વૅનડાન : 'કોઈ જ કોર્સ કરતા નથી. ઘણી બાબત માટે નોરનો વિશ્વકોશ અને શબ્દકોશ વાપરે છે. જાસૂસી કથા, વૈદ્યકીય ચોપડીઓ, રોમાંચક કે સાદીસીધી પ્રેમકથાઓ વાંચવાનું પસંદ કરે છે.

શ્રીમતી વૅનડાન : પત્રવ્યવહાર દ્વારા અંગ્રેજી ભણે છે. જીવનચરિત્ર પર આધારિત નવલકથાઓ અને કોઈક વાર અન્ય નવલકથા વાંચવી પસંદ કરે છે.

શ્રી ફ્રૅંક : અંગ્રેજી (કોણ માને ?) અને થોડું લૅટિન શીખે છે. ક્યાર્ય નવલકથા કે વાર્તા વાંચતા નથી. પણ જરા ગંભીર, અરસિકમાં જ ખપે એવું વ્યક્તિનું વર્ણન કે જગ્યાઓનું વર્ણન વાંચવું પસંદ કરે છે.

શ્રીમતી ફ્રૅંક : પત્રવ્યવહારથી અંગ્રેજી ભણે છે અને એક જાસૂસી કથા સિવાય બધું જ વાંચવું પસંદ કરે છે.


શ્રી. ડસેલ : અંગ્રેજી, સ્પૅનિશ અને ડચ શીખે છે પણ કશામાં જ ખાસ પ્રગતિ કરી નથી. બધું જ વાંચવું ગમે છે અને હંમેશાં બહુમતના પક્ષમાં રહે છે. પીટર વૅનડાન : અંગ્રેજી ને ફ્રૅંચ ભણે છે (પત્રવ્યવહારથી). ડચ અંગ્રેજી અને જર્મનમાં શૉર્ટહૅન્ડ શીખે છે. અંગ્રેજીમાં વ્યાવસાયિક પત્રવ્યવહાર, સુથારીકામ, અર્થશાસ્ત્ર ને કોઈ વાર ગણિતનો અભ્યાસ કરે છે. ભાગ્યે જ વાચન કરે છે. ને ક્યારેક ભૂગોળ વાંચે છે.

માર્ગટ ફ્રૅંક : પત્રવ્યવહાર દ્વારા અંગ્રેજી, ફ્રૅંચ અને લૅટિન, અંગ્રેજી, જર્મન ને ડચમાં શૉર્ટહૅન્ડ, ત્રિકોણમિતિ, ઘનભૂમિતિ, મિકૅનિક્સ, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બીજગણિત, ભૂમિતિ, અંગ્રેજી સાહિત્ય, ફ્રૅંચ સાહિત્ય, જર્મન સાહિત્ય, ડચ સાહિત્ય, હિસાબ, ભૂગોળ, આધુનિક ઈતિહાસ, જીવશાસ્ત્ર, અર્થશાસ્ત્રનો અભ્યાસ કરે છે. બધાં જ પ્રકારનું વાચન કરે છે પણ ધાર્મિક તથા વૈદ્યકીય વધુ પસંદ છે.

ઍન ફ્રૅંક : ફ્રૅંચ, અંગ્રેજી, જર્મન, અને ડચમાં શોર્ટહૅન્ડ,- ભૂમિતિ, બીજગણિત, ઈતિહાસ, ભૂગોળ, કલા-ઈતિહાસ, પૌરાણિક-શાસ્ત્ર, જીવશાસ્ત્ર, બાઈબલ, ઈતિહાસ, ડચ સાહિત્ય ભણે છે. જીવનચરિત્રો (રસિક કે અરસિક), ઈતિહાસ (ને ક્યારેક નવલકથા ને હળવી વાર્તાઓ) વાંચવાનું પસંદ કરે છે. (ક્રમશઃ)

## ચેસ-કૉર્નર : કોયડો- ૪૪

કાળું



સફેદ

સફેદ મહેરાંની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : Kg1, Qg7, Ra4, Ra3,
Na4, Ne6, Bg2,
P-f3, e5, b5

કાળા : Kr5, Rc8, Nb7, N1, Pg3

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે એ રીતે લેખિકાના સરનામે અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ એપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઈટ, અમદાવાદ ૩૮૦૦૧૫. (e-mail-parag@vakharia.net) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. કોયડાની ચર્ચા આવકાર્ય છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ ડિસેમ્બર ૨૦૦૪ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

'કુમાર' ના ઑગસ્ટ ૨૦૦૪ના અંકમાં આવેલ ૪૨મા કોયડાનો ઉકેલ :

Key move Qh3!!! (waiting).

ચાવીરૂપ ઉપરની ચાલ પછી રાજા સિવાય કોઈ મહોરું ચાલી શકવાની સ્થિતિમાં નથી. રાજા પાસે પણ માત્ર ત્રણ ચાલો KxN, Ka4 અને Kc4 છે.

(૧).........., KxN (૨) Qf1 #
(૧).........., Ka4 (૨) Bc6 #
(૧).........., Kc4 (૨) Be2 #


વાચકોને કોયડો અઘરો લાગ્યો છે. કોયડાનો ઉકેલ નીચેના માત્ર ૫ વાચકો તરફથી મળેલો છે. બધાના જવાબો ખરા (૧)ઝેડ. એલ.ઝાલાવાડિયા (૨) ડૉ. દિલીપ અહલવરા (અમદાવાદ) (૩) એક વાચક (મુંબઈ) (૪) કલ્યાણભાઈ મુલિયા (સુરેન્દ્રનગર) (૫) દિનેશ દવે (આણંદ)

મુંબઈથી 'એક વાચક' જણાવે છે કે Be2 ની ચાલ પછી,કાળા રાજાની આજુ-બાજુના આઠે-આઠ ખાનાં મહોરા-વિહોણા એટલે કે ખુલ્લા છે, તેથી Be2 ને mirror mag કહી શકાય. રાજા અને પ્યાદા સિવાયના બધાં મહોરાં ઉકેલમાં ભાગ ભજવતાં હોય તે ઉકેલને economical mate કહેવાય છે.

આ કોયડામાં Qf1 અને Bc6 economical mate છે. ઉકેલમાં વજીર જાણે કે રણ મેદાન છોડી ભાગી જતો હોય તેવા Keg move છે. ઉપરથી કાળાં રાજાને સફેદ ઘોડો મારી નાખવાની તક પૂરી પાડી, એક વધારે ખાનું ખુલ્લું કરે છે. કોયડાનો આવો ઉકેલ જલદી સૂઝે તેવો નથી. છેલ્લા બે વર્ષમાં આવેલ કોયડાઓમાં આ કોયડો સૌથી વધુ મજેદાર લાગ્યો. ડૉ. દિલીપ અહલપરા જણાવે છે કે જે સફેદના Keg move પછી કાળઓ રાજા જે સ્થિતિમાં મૂકાઈ ગયો છે તેને IUGIWANG સ્થિતિ કહેવાય છે. કારણ કે કાળો રાજા જે કાંઈ ચાલ ચાલે તે બધી પરાજય આપનારી જ નિવડે છે. આણંદના દિનેશ દવે જણાવે છે કે ગુજરાતી કરતાં મહારાષ્ટ્ર, તમિલનાડુ, કર્ણાટક, કેરાલા ઉપરાંત છત્તીસગઢ અને ઉત્તરાંચલ જેવાં નવાં રાજ્યોના ખેલાડીઓ પણ આ રમતમાં આગળ છે. ગુજરાતમાં આંગળીને વેઢે ગણાય તેટલાં જ ખેલાડીઓ જોવા મળે છે. ગુજરાતમાં વધુ લોકોને રસ લેતા કરવા માટે દૈનિકોમાં આવા કોયડાની દૈનિક ધારણે શ્રેણી પ્રગટ કરવી જરૂરી છે.

End Game વિષે થોડું આગળ :

(૧) બોર્ડ ઉપર રાજા ઉપરાંત ખાલી ઘોડો અને ઊંટ (minor pieces) બચ્યાં હોય તો તેનાથી રાજા મહાત થઈ શકે નહિ. આવી પરિસ્થિતિમાં આગળ રમત ચલાવ્યે રાખવી અર્થહીન છે. આવી સ્થિતિ ડ્રૉમાં જ પરિણમે. જો કે અમુક ચોક્કસ પરિસ્થિતિ અપવાદરૂપ બની શકે. દા. ત. બાજુમાં દર્શાવેલ પરિસ્થિતિ હોય ત્યારે એકલો ઘોડો પણ રાજાને મહાત કરી શકે છે. ખૂબીની વાત એ છે કે કાળાનું પોતાનું પ્યાદુ કાળાને હરકતરૂપ થાય છે. નીચે પ્રમાણે રમવાથી કાળો રાજા મહાત થાય છે.



| | સફેદ | કાળુ |
|---|---|---|
| ૧. | Ng4 + | Kh1 |
| ૨. | Kf1 ! | h2 |
| ૩. | Nf2 # | |

ઉપર સફેદની બીજા નંબરની ચાલ, કાળાને પ્યાદુ રમવા મજબૂર કરે છે અને તેથી કાળો રાજા ખૂણામાં ફસાઈ જાય છે અને પછી ઘોડાની શેહથી મહાત થાય છે.

(૨) રાજા અને પ્યાદા સામે રાજા બાજુમાં દર્શાવેલ પરિસ્થિતિમાં સફેદ પાસે એક પ્યાદાનું મહોરું જ વધારે છે. રમતની મધ્યમાં પ્યાદાની મેળવેલી બઢત અંત ભાગમાં બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. મધ્ય રમતમાં જે ખેલાડી એક પ્યાદાની બઢત મેળવે છે તે, એક વ્યૂહરચનાના ભાગરૂપે, ધીરે ધીરે એક પછી એક બધાં મહોરાં exchange કરીને સામસામા મારી નાખે છે. છેલ્લે એક વધારાનો પ્યાદાનો તેને લાભ મળે છે. આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે મોટે ભાગે રાજા + પ્યાદા સામે રાજા રહે છે. આ પરિસ્થિતિમાં કાળાનો રાજા ઘણો દૂર હોવાથી પ્યાદુ વજીર બની શકે છે. જો કાળાની ચાલ હોય તો K g 6, K g 7 કે K g 8 રમી સફેદ પ્યાદાને મારવા પહોંચી શકે છે. જો સફેદની ચાલ હોય તો b4 રમવાથી, કાળો રાજા પ્યાદાની પહોંચ બહાર હોવાથી, પ્યાદુ વજીર બની શકે છે અને જીતી શકે છે.




- અર્પી શાહ

# અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

## રૉબર્ટ બ્રાઉનિંગ (ચાલુ)

બ્રાઉનિંગે એના ડ્રામેટિક મૉનૉલોગ્ઝ દ્વારા, રંગભૂમિ સાથે છેડો ફાડીને અંગ્રેજી સાહિત્ય સ્વરૂપોમાં એક નવી જ કેડી પાડી. એનાં આ પ્રકારનાં કાવ્યોથી તે સારાય ઈંગ્લન્ડમાં એક પ્રતિષ્ઠિત કવિ તરીકે સન્માન પામ્યો. અલબત્ત એનાં ઘણાં બધાં સર્જનોનું પરિબળ ઈટલી હતું એની એની પત્ની ઈલિઝાબેથ બૅરેટ(Elizabeth Barret)સાથે ઈટલીમાં તેનો સહવાસ એના અત્યંત આનંદ અને સર્જનનો કાળ હતો એના 'બેલ્સ ઍન્ડ પોમેગ્રેનેટ્સ' (Bells and Pomegranates),'મૅન એન્ડ વીમૅન' (Men and Women), 'ક્રિસ્મસ આઈ' (Christms Eye), અને 'ડ્રામેટિક પર્સન' (Dramatic Parsonoe)એ એના



ઈટાલીના સહવાસમાં વસંત ખીલવી દીધી. ટેનિસને એકોક્તિઓનો જે રીતે ઉપયોગ કર્તા હતો - વાતાવરણ રચવા માટે, વિષાદ માટે, સૌંદર્ય નિષ્પન્ન કરવા માટે- એ રીતે બ્રાઉનિંગે એકોક્તિઓનો ઉપયોગ કર્યો નથી. એની એકોક્તિઓ એની લાક્ષણિક પ્રતિભામાંથી ઉદ્‌ભવેલી છે. એ કોઈ વિશિષ્ટ પ્રકારની પ્રતિભાને પ્રત્યક્ષ કરાવવા માટે અથવા તો એની કોઈ અનોખી પ્રકૃતિગત લાક્ષણિક્તા દર્શાવવા માટે અગર તો જીવનને નીરખવાની કોઈક પદ્ધતિ દર્શાવવા માટે કે પછી ઈતિહાસની કોઈક અનોખી ક્ષણ પાત્રની કેફિયત દ્વારા કે આત્મકથન દ્વારા પ્રગટ કરવા માટે પ્રયોજે છે. એની આ પદ્ધતિ નથી impressonistic કે નથી symlogic, એના એકપાત્રીય ઉદ્‌ગારો દ્વારા, અમુક ખાસ પરિસ્થિતિનું આયોજન કરીને, એના અંતરંગ વાચકને પૂરા સ્પષ્ટ થાય એ રીતે એ પાત્રને સુરેખ રીતે રજૂ કરે છે.

બ્રાઉનિંગ એના 'ડ્રામેટિક મૉનૉલોગ્ઝ'માં જે પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ રજૂ કરે છે તે ઐતિહાસિક જ હોય એવું એને કશું અભિપ્રેત નથી. કેટલીય વાર એ ઐતિહાસિક પાત્ર પોતાનું કલ્પિત સર્જન હોય એ રીતે પોતાના વિચાર કે ભાવપ્રદેશનું ઉદ્‌ઘાટન કરવા માટે યોજે છે. દાખલા તરીકે સ્પેનના ટોલેડો (Toled)ગામમાં મધ્યયુગમાં જન્મેલા મહાન પ્રતિભાસંપન્ન અબ્રાહમ ઈબ્ન એઝરા (Abraham Ibn Ezra)નું વાક્ચાતુર્ય, એની નીડરતા, વિદ્વત્તા, એનો અજંપો, એનો વિદ્રોહ - એ સર્વ બ્રાઉનિંગ માટે આકર્ષક તત્ત્વો હતાં. એણે એ ઐતિહાસિક પાત્ર પરથી પોતાની લાક્ષણિક પ્રતિભાશક્તિથી રબ્બી બેન એઝરા (Rabbi Ben Ezra)નું પાત્ર ખડું કર્યું. પણ ખૂબ આશાવાદ બ્રાઉનિંગે પોતાના પાત્રમાં પ્રગટાવ્યો છે તેને મૂળ ઐતિહાસિક અબ્રાહમ ઈબ્ન એઝરાનાં મંતવ્યો સાથે સીધી કશી નિસબત નથી.

બ્રાઉનિંગને હંમેશાં ઈટલીનો પુનરુત્થાનનો કાળ (Renaisanee)આકર્ષતો રહ્યો છે. અને એમાંથી તેને ઘણી ઘટનાઓ અને સારાં એવાં પાત્રો મળી રહ્યાં છે. અલબત્ત, બ્રાઉનિંગના જે વિસ્તૃત અને ભપકાદાર મૉનૉલોગ્ઝ છે તેમાં તેની કળા કથળતી જણાય છે. દાખલા તરીકે 'સૉલ' (Saul)માં જે વક્તવ્ય છે તે છેવટે બ્રાઉનિંગની શ્રદ્ધાનું માત્ર નિવેદન જ બની રહે છે. એમાં ભલે નાટકનો આડંબર લાગે પણ નાટ્યની અસર તેમાં વિલુપ્ત થઈ જાય છે. બ્રાઉનિંગના 'મેન ઍન્ડ વીમેન' (Men and Women),ની કેટલાકે અનહદ પ્રશંસા કરી છે. એના સુખી દામ્પત્યની એક તવારીખ કલા રૂપે પ્રગટ થઈ હોવાનું તેઓ માને છે. બંને દંપતી ઈટલીમાં જીવનની વસંત માણતાં હતાં તે સમયની આકૃતિ છે. એ સંગ્રહના મોટાભાગના મૉનૉલોગ્ઝમાં બ્રાઉનિંગે સ્ત્રી અને પુરુષ વચ્ચેના સંબંધનાં અનેક પાસાં દર્શાવ્યાં છે. અને એમાં કવિનો ખુદનો અંગત અનુભવ ડોકાતો હોવાથી તે વિશેષ ધ્યાનાર્હ બન્યા છે. કેટલીક ઐતિહાસિક ઘટનાઓ દ્વારા જ્યારે એનો પત્નીપ્રેમ પ્રકાશિત થાય છે ત્યારે ઉત્તમ મૉનૉલોગ્ઝ ભાવકોને મળ્યા છે. બ્રાઉનિંગે એના મૉનૉલોગ્ઝને જે નાટ્યરંગ આપ્યો છે તે કોઈ મહોરું નથી. એ દ્વારા તેણે પોતાના લાગણીસભર પ્રેમસંબંધો કાવ્યાત્મક રીતે પ્રકાશિત કર્યા છે 'મૅન ઍન્ડ વીમેન'માં એક મહત્ત્વનું આકર્ષણ તેમાં રજૂ થયેલી વૈવિધ્યસભર ઘટનાઓ છે. એનો શૈલી પ્રત્યેનો અનહદ પ્રેમ આ સંગ્રહના એક કાગળ 'મેમરે બિલિઆ' (memora bilia)માં વ્યક્ત થયો છે. કાવ્યના આ લૅટિન શીર્ષકમાં memorable things અથવા તો things by remembered એ અર્થ અભિપ્રેત છે. ઉપર્યુક્ત સંગ્રહ ખરેખર તો નાનકડાં ઊર્મિકો - રોમાંચોનુ સંકલન છે - ડ્રામેટિક રોમાન્સિઝ, અને ડ્રામેટિક લિરિક્સમાં છે તે રીતનું. પણ અહીં 'મૅન ઍન્ડ વીમેન'માં તેની સિદ્ધિ પરિસીમાએ પહોંચી છે. વિવિધ મનોરમ ચિત્રોની જાણે ગૅલરિ - અને તેમાંય ચિત્રો વ્યક્તિનાં નહિ, આત્માનાં અહીં પ્રત્યક્ષ થઈ છે. એમાં કલાકારો, સંગીતકારો,

તત્ત્વચિંતકોના આત્માની છબી તો ખરી જ. પણ ખાસ ધ્યાન પાત્ર તો તેમાં પ્રેમીજનો છે. એ બધાં જાણે સહજ રીતે ઉત્તેજનાસભર મૉનૉલોગ્ઝ દ્વારા દુનિયા સમક્ષ પોતાની પ્રતિભા ઉદ્‌ઘાટિત કરે છે. બ્રાઉનિંગને માટે કલા, સંગીત, તત્ત્વજ્ઞાન સર્વનો અત્યંત મહિમા હોવા છતાં પ્રેમ એ તેના સંગ્રહમાં વિશિષ્ટ વિષમ બની રહ્યો છે. પ્રેમ એને મન એક પવિત્ર ભાવ છે. એમાં બે જાતિ વચ્ચેના દૈહિક આકર્ષણની બાબત નથી. પ્રેમ એ સ્વનું ઊર્ધ્વીકરણ કરનારો પાવક અને સાંસ્કૃતિક અસર પ્રગટાવનારો છે. જીવનનું ઉન્નત દર્શન પ્રેમ દ્વારા સિદ્ધ થાય છે. બે આત્માનું મિલન એ બ્રાઉનિંગ માટે જીવનની મહાન સિદ્ધિ છે. અરે, પ્રેમનો ઈન્કાર એ પણ એક અનોખું આશ્વાસન છે.એ અનુભવ પોતે જ એક સાંસ્કૃતિક મૂલ્ય ધરાવે છે. 'ધ લાસ્ટ રાઈડ ટુગેધર' (The Last Ride To gether) માં આ વિચાર વ્યક્ત થયો છે. એક પ્રેમીનો પ્રેમપ્રસ્તાવ યુવતી ઈન્કારે છે ત્યારે પ્રેમી તેની સાથે માત્ર એક સફર (Ride)ની યાચના કરે છે. અને એ સફર દરમિયાન પોતાનો ઉત્કટ પ્રેમભાવ વ્યક્ત કરે છે. અને એટલી ઘટના પણ પ્રેમીને સંતોષપ્રદ બની રહે છે. 'ઈવલીન હોપ' (Evelyn Hopi), 'બાઈ ધ ફાયરસાઈડ' (By the Fireside), અને 'વન વર્ડ મોર' (One Word More)માં પણ પ્રેમજન્ય પરિસ્થિતિનાં સમર્થ આલેખનો છે. મિ.શાર્પ (Mr. Sharp)આ સંદર્ભમાં નોંધે છે કે પ્રેમના ઉદ્રેકની વિવિધ પરિસ્થિતિઓમાં પ્રત્યેક પરિસ્થિતિ અલાયદી છે. કોઈ બે પરિસ્થિતિમાં સામ્ય નથી 'No two situations and alifu in these raried poems of pure onv-rapturu' 'ડ્રામેટિક લિરિક્સ' અને 'ડ્રામેટિક રોમાન્સ'માંનાં પ્રેમકાવ્યોમાં પણ બ્રાઉનિંગનું આ જ શ્વસન છે (beathe the same spirit) 'ફ્રા લિપ્પો લિપ્પી'મા (Fra Lippo Lippi) પણ પ્રેમગીતનો જ પ્રભાવ રજૂ થયો છે. બ્રાઉનિંગને જીવનમાં પ્રેમ, શ્રધ્ધા વિશે જે તત્ત્વ લાધ્યું તે એનાં ઘણાંબધાં કાવ્યોમાં નજરે પડ્યા વિના રહેશે નહિ. એનું મુખ્ય પ્રયોજન આત્માની શોધ, માનસચિકિત્સા અને પ્રેમના ઊર્ધ્વીકરણની બાબતો બ્રાઉનિંગની 'મેન એન્ડ વીમેન' તો સારી પેઠે પ્રશંસા પામી તો તેની એક વિલક્ષણ કૃતિ 'ધ રિંગ ઍન્ડ ધ બુક' (The Ring and the Book ) તો કેટલાકે સર્વોચ્ચ (Master piece) ગણી છે. બ્રાઉનિંગના કાવ્યકલાના એક ઉત્તમ નમૂના તરીકે તેને ઓળખવાઈ છે. અલબત્ત એ પદ્યનવલ (Verse Novel) છે. ઈ.૧૮૬૮-૬૯નાં વર્ષોમાં તે પ્રકાશિત થઈ ત્યારે તો તેની સર્જક તરીકેની ગતિ ઉચ્ચ શિખર સર કરી બેઠી હતી. ચારેક ગ્રંથોમાં એ કૃતિ વિભાજિત થઈ છે. આમ તો એ એક ખૂનના કિસ્સા ઉપર રચાયેલી કથા છે પણ કોઈ મહાકાવ્યનું ગૌરવ પ્રાપ્ત કરે તેવી મિરાત તેમાં છે. અંગ્રેજી સાહિત્યના ઈતિહાસકાર ઍન્ડ્રુ સેન્ડસે (Andreu Sandeas)આ સંદર્ભમાં નોંધ્યું છે તેમ ડ્રામેટિક મૉનૉલૉગ્ઝ દ્વારા બ્રાઉનિંગ જે કાવ્યને અનુલક્ષીને પ્રયોગ કરી રહ્યો હતો. તેની પરિસીમા 'ધ રીંગ ઍન્ડ ધ બુક'માં જોવા મળે છે. ને તે સાથે 'સત્ય'ની એવું 'સત્ય કે જે પરલક્ષી તેમજ આત્મલક્ષી' પણ હોય - સ્થાપના માટે એનામાં જે રોમાંચ હતો તેનું દર્શન પણ આ કૃતિમાં થાય છે. The 'Ring and the Book' is the culmination of his long poetic experiment with the dramatic monologue and of his faseination with the establishment of 'truth', a truth that can be of objictive and subjective, external and experimental.

ઈ. ૧૮૬૦માં બ્રાઉનિંગને તેની આ સુપ્રસિદ્ધ કૃતિ માટેનો સ્રોત (source) અચાનક મળી ગયો હતો. ઈટલીમાં ફ્લૉરેન્ટાઈન (Florentine) ના એક બુકસ્ટૉલ પર એ પુસ્તકો ફેંદતો હતો ત્યાં તેને કોઈ સનસનાટીભર્યા રોમનના ખૂનની ટ્રાયલનો એક સુબદ્ધ પૃષ્ઠોનો જથ્થો મળી ગયો. એ ખૂન કેસની ઘટના ઈ.૧૬૯૮ની હતી. બ્રાઉનિંગે તેના પર નજર નાખતા તેના આનંદનો પાર રહ્યો નહિ. એમાં હત્યારાઓ, પાપીઓની કેફિયતો, તેમની સ્વબચાવ માટેની જુબાનીઓ વગેરેમાંથી માનવચિત્તના અગોચર પ્રદેશમાં પ્રવેશ કરી શકાય તેમ હતું. એમાં એક પછી એક અવાજો દ્વારા કથાનક બંધાતું વિકસતું જાય છે. બ્રાઉનિંગની બૌદ્ધિક શક્તિને સહેજે ઉત્તેજિત કરે તેવી બધી સામગ્રી તેમાં હતી. લાંબા નાટ્યાત્મક એકપાત્રીય ઉદ્‌ગારો - ડ્રામેટિક મૉનૉલૉગ્ઝ શ્રેણીબદ્ધ રીતે અહીં રજૂ થયા છે. અલબત્ત, કથાવસ્તુ રજૂ કરવાની તેની આ પદ્ધતિ રોચક નથી નીવડી. બ્રાઉનિંગ ઈટલીમાં એની પત્ની સાથે હતો તે દરમિયાન તેણે તેને મળેલા સ્ત્રોત પરથી પદ્યનવલ રચવાનું આયોજન કર્યું હતું અને જેમ જેમ તેનો તેણે વિગતે અભ્યાસ કરવા માંડ્યો તેમ તેમ તેને પોતે એક મહત્ત્વાકાંક્ષી કૃતિ આ સ્રોત પરથી રચી શકવાનો અંદાજ આવ્યો.

આ કૃતિમાં એક અનોખી - વિશિષ્ટતા જી. કે. ચેસ્ટરટને (G.K. Chesterton)જોઈ છે. એણે 'રૉબર્ટ બ્રાઉનિંગ' (Robert Browning) નામના એના પુસ્તકમાં નોંધ્યું છે કે 'ધ રિંગ ઍન્ડ ધ બુક'માં જે નૈતિક સમસ્યા વ્યક્ત થઈ છે તેનું સામ્ય બ્રાઉનિંગના જીવનમાં કેન્દ્રસ્થાને નૈતિક સમસ્યા આવી તેની સાથે છે. (ક્રમશઃ)

# હું અને મારી નિશાળ

## પ્રફુલ્લ રાવલ

મારા મહોલ્લામાંથી બહાર નીકળીને જમણી બાજુ વળું તો પચાસ ડગલે મોટો ડેલો આવે, લાકડાનો દરવાજો. સુખી સંપન્ન લોકો ત્યાં રહેતા. ત્યાંથી પચાસ પગલે જમણી બાજુએ ઊભેલું લાંબું મેડીદાર મકાન તે મારી ત્રણ નંબરની નિશાળ. સામે ખુલ્લી જગ્યા. ત્યાં એક પીપળાનું વૃક્ષ હતું. રિસેષમાં એની ડાળીને પકડવા ઘણું કૂદ્યો છું. ભાગ્યે જ પકડાતી. પણ પ્રયત્ન જરૂર કર્યો છે. સહેજ આગળ વૈષ્ણવની હવેલી. પાંચે સમાસમાનાં દર્શન કરવા વૈષ્ણવો આવતા અને રમતું કોઈ છોકરું અડી ન જાય તેની દરકાર રાખતા. ત્યાં અષ્ટભુજાજી બિરાજે. એની કૂખમાં ગોવર્ધનનાથજીનું મંદિર. હવેલી આગળ ચોક. ત્યાં શિયાળાની રાતે રામલીલા રમાતી. નિશાળ સાંભળતી રહેતી સંવાદો. ભર્તૃહરિના, પિંગળાના, શેઠ શામળશાના અને સાંભળતી રહેતી હવેલી સંગીત. આ નિશાળમાં હું પાંચ વર્ષની વયે એકડિયામાં દાખલ થયો હતો. કપડાંની થેલીમાં પાટી હતી, માટીની પેન હતી. હાથમાં નાળિયેર હતું. કપાળે તિલક કર્યું હતું બાએ. નિશાળમાં દાખલ થતાં જમણી બાજુ લાકડાનો દાદર હતો. મારો હાથ બાપાએ ઝાલ્યો હતો તે છોડાવીને હું ઝડપથી દાદરો ચડી ગયો હતો. હેડમાસ્તર ઉપર બેસતાં હતા. બાપા મારી પાછળ દાખલ થયેલા. હેડમાસ્તર બાપાને 'આવો દાસ' કહીને ખુરશી આપેલી. બાપાએ નાળિયેર ઉપર આખો રૂપિયો મૂક્યો અને એમના કહેવાથી એ નાળિયેર અને આખો રૂપિયો હેડમાસ્તરને આપીને હું નીચે વળીને પગે લાગ્યો. બાપાએ પતાસાં આપ્યા. વર્ગના છોકરાઓને વહેંચાયા. થેલીમાંથી પેન-પાટી કાઢી. હેડમાસ્તરે મોટો એકડો પાટીમાં લખીને મને ઘૂંટવા કહ્યું. મેં એકવાર ઘૂંટ્યો. પછી તરત જ નીચે જાતે એકડો લખ્યો. હેડમાસ્તર ખુશ થઈ ગયા ! બાએ નિશાળે બેસાડતાં પહેલાં જ એકડો શીખવાડી દીધો હતો. ઘણું શીખવાડ્યું છે બાએ. કેટલું બધું ભૂલાવી દીધું મેં !

મને વર્ગમાં અન્ય છોકરાઓ જોડે પહેલી હારમાં બેસાડ્યો અને બાપા એક નજર નાખીને ગયા. હું રડ્યો નહોતો. એકલા પડી ગયાનો અફસોસ પણ નહોતો થયો. કલાક પછી બેબી-મારી મોટી બહેન મને લેવા આવી હતી. પણ હું એની સાથે નહોતો ગયો. પહેલાં જ દિવસે પૂરો સમય નિશાળમાં રહ્યો. નિશાળ છોડીને પછી ક્યારેય જવાનું મન થયું નહોતું. બાએ તાવમાં જવાની ના પાડી તો ય ગયો છું અને રસ્તા વચ્ચે ચક્કર આવવાથી પડ્યો તોય જિદ તો નિશાળે જવાની જ કરી છે. બાપાની અર્થની સંકડાશમાં ચોપડી-નોટ વગર ગયો છું. તાપમાં વગર ચંપલે ગયો છું. ટાઢમાં થરથર ધ્રૂજતો ધ્રૂજતો ગયો છું. ધોધમાર વરસાદમાં વગર છત્રીએ પલળતો ગયો છું. ભાગ્યે જ ભાગ લેવા માટે કાણિયો પૈસો બાપા આપતા. ત્યારે સખીને વટથી બતાવતો. બાકી તો હોય ખાલી ખિસ્સું અને જોઉં આકાશ. તે ય લાગતું ખાલી ખાલી. એ ત્રણ નંબરની નિશાળ પાસેથી આજે પસાર થાઉં છું તો જાણે એ મારા પર હાથ પસવારી રહી હોય તેવું અનુભવું છું. નર્યું વાત્સલ્ય ! એણે જ સાચવી રાખી છે મારા કૈશોર્યની કથા. મારી કુતૂહલતાની એ સાક્ષી છે. મારું તોફાન અને મારી અવળચંડાઈ એની અતીતપોથીમાં સાપની કાંચળી સાથે ગોઠવાઈને બેઠા છે. હું ભણ્યો માત્ર ચાર વર્ષ પરંતુ મારી પાસે ચારસો સ્મરણોની ગઠરી સચવાઈને પડી છે. બરાબર બાંધી રાખી છે.

મહોલ્લાની બહાર નીકળવાનું બન્યું તે નિશાળે જવા માટે જ. નિશાળ તો તદ્દન નજીક. મારી નિશાળનું રૂપ મને બરાબર યાદ છે. કોઈ સુખીસંપન્ન માણસનું ઘર હતું એ. નિર્વંશ હોવાથી દાન કરી દીધું હતું એ મકાનનું. પહેલું ધોરણ તો ક્યાં પસાર થયું તે યાદ જ ન રહ્યું. એ નિશાળ, એનું વાતાવરણ, સમૂહપ્રાર્થના ને સમૂહ કવાયત ! એ ઓરડા સાથે ભણતા છોકરા-છોકરીઓ. રવલો, સાતતાલીમાં પાવરધો ભીખલો, તોતડું બોલતાં જુગલો. નાકમાંથી બોલતી બુધલી. દરરોજ અવનવાં કપડાં પહેરીને આવતી ભામિની. પેસી પલ્લવી અને ભૂલ્યો સદાની સંગાથી સખી. પલાખા ગોખાવતા માસ્તર. પાણી પાતી ડોશી. એક અંધારિયો ઓરડો હતો. એ ક્યારેક ખુલતો. જ્યારે ખુલતો ત્યારે અમે ડોકિયું કરતાં. ત્યાં દેખાતી સુતરની આંટીઓ, રેંટિયાનો થપ્પો, વાસ મારતાં કાગળો, જામેલી ધૂળ. કુતૂહલતામાં વૃદ્ધિ થતી જતી હતી. સ્વાતંત્ર્ય પછીનો કાળ. તકલી અને રેંટિયો. હેડમાસ્તરના ખંડમાં લટકતી તિલકની તસવીર. જોડે ગાંધી-નહેરુની છવિઓ. સ્મરણોની આખી વણજાર જોઉં છું અત્યારે. આવી રહી છે લયબદ્ધ. ધીમે ધીમે. એ ચૂનીલાલ માસ્તર. વારતા કહેતા ગાંડાલાલ માસ્તર ને ગાંધીની ગાથા ગાતા નાગરદાસ. ગુરુનું મહાત્મ્ય સમજાવતાં હરિભાઈ માસ્તર. છેલ્લે આવ્યા ભુદરભાઈ માસ્તર. પુરી અદબથી, પુરા ભાવથી એમની ગતિવિધિ જોઈ છે મેં. એવા શિક્ષક થવાની ઉમેદ સેવી હતી ત્યારે. નિશાળનો એ ઘંટ ! મંદિરનો ઘંટારવ મને ગમતો જરૂર પણ નિશાળનો ઘંટ સાંભળતાં જ સ્ફૂર્તિ આવી જતી. પગલાંમાં જે ગતિનો સંચાર થતો, તે યાત્રા તો અશબ્દ જ રહેવાની.

પહેલું ધોરણ પાસ થયો અને બીજા ધોરણાં આવ્યો ત્યારે મેડીએથી નીચે આવવાનું થયું કેવી ગતિ ! કેવી પ્રગતિ ! પણ આ નિશાળ ત્યારે મારા માટે અદ્‌ભુત સ્થળ હતું. ભવ્ય હતું.

(અનુસંધાન પૃ. ૮૧૫ પર)

# યોગાસનો : પરિચય, મહત્ત્વ અને નિયમો

ડૉ. પી. ડી. શર્મા

ભારતવર્ષમાં અત્યંત પ્રાચીન કાળથી યોગવ્યાયામ કરવાની પદ્ધતિ પ્રચલિત છે. યોગ શબ્દ 'યુજ' ધાતુ ઉપરથી બન્યો છે, જેનો અર્થ જોડાણ કે સંધાન થાય છે. યોગ દ્વારા આત્મા અને પરમાત્માનું જોડાણ થાય છે. આપણા ઋષિમુનિઓએ શરીર, મન અને પ્રાણની શુદ્ધિ તેમજ પરમાત્માની પ્રાપ્તિ માટે યોગનાં આઠ અંગો સૂચવ્યાં છે. આ આઠ અંગો છે : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. આસન એટલે 'स्थिरसुखमासनम्' અર્થાત્ શરીર સ્થિર રહે અને મનને સુખ પ્રાપ્ત થાય એ જાતની શરીરની સ્થિતિને 'આસન' કહેવામાં આવે છે. યોગાસનો શરીરના આંતર-બાહ્ય ભાગોને સ્વસ્થ રાખવાની ક્રિયાઓ છે. જ્યાં સુધી શરીરના આંતર-બાહ્ય ભાગો સ્વસ્થ ન હોય ત્યાં સુધી કોઈ પણ કાર્ય સારી રીતે કરી શકાતું નથી. શરીર અને મનનો એકબીજા સાથે ગાઢ સંબંધ છે. એકની અવગણના કરીને બીજાને સાચવી ન શકાય, એટલા માટે જ આજથી હજારો વર્ષ પહેલાં ગ્રીક લોકો 'સ્વસ્થ શરીરમાં સ્વસ્થ મન હોય છે.' (**A sound mind in a sound body**)ના સિદ્ધાંતમાં માનતા હતા. તેમની કેળવણીની સમગ્ર પદ્ધતિ આ સિદ્ધાંત પર જ આધારિત હતી.

દરરોજની શારીરિક ક્રિયાઓને લીધે તેમજ ભોજન લેવાથી શરીરમાં જે મળમૂત્ર અને વિકૃતિઓ ઉત્પન્ન થાય છે તે સાત માર્ગો દ્વારા શરીરમાંથી બહાર નીકળે છે : (૧) ડાબાં-જમણા નસકોરાં દ્વારા, (૨) ડાબાં-જમણાં નેત્રો દ્વારા, (૩) ડાબા-જમણાં કર્ણો દ્વારા, (૪) મુખ દ્વારા, (૫) ગુદા દ્વારા, (૬) જનનેન્દ્રિય દ્વારા અને (૭) ચામડી દ્વારા. જો આ સાત માર્ગો દ્વારા શરીરની મળમૂત્ર વગેરે વિકૃતિઓ પૂરતા પ્રમાણમાં અને નિયમિત રીતે શરીરની બહાર ન નીકળે તો મોટા ભાગના રોગો થાય છે. યોગાસનપદ્ધતિ દ્વારા મળમૂત્ર વગેરે વિકૃતિઓ ઉપરના સાત માર્ગો દ્વારા પૂરતા પ્રમાણમાં અને સરળતાથી શરીરની બહાર નીકળતી રહે છે. તેને લીધે શરીર સંપૂર્ણપણે નીરોગી રહે છે.

## યોગાસનોનું મહત્ત્વ

યોગાસનપદ્ધતિ વ્યાયામ કરવાની અન્ય પદ્ધતિઓના મુકાબલે વધારે મહત્ત્વની છે. તેનાં કારણો નીચે મુજબ છે :

(૧) બીજી પદ્ધતિઓમાં શરીરનાં આંતરિક અંગોને યોગ્ય કસરત મળતી નથી, જ્યારે યોગાસન પદ્ધતિથી શરીરનાં આંતરિક અંગોને પૂરતા પ્રમાણમાં કસરત મળી રહે છે. પરિણામે યોગાસન પદ્ધતિથી વ્યક્તિ વધારે સમય સુધી સ્વસ્થ રીતે જીવી શકે છે.

(૨) યોગાસન માટે ખૂબ જ ઓછી જગ્યા અને ઓછાં સાધનોની જરૂર પડે છે.


(૩) બીજી રમતોમાં સાથી ખેલાડીઓની જરૂર પડે છે, જ્યારે યોગાસનો વ્યક્તિ પોતે એકલી કરી શકે છે.

(૪) વ્યાયામની બીજી પદ્ધતિઓ કરતાં યોગાસનની અસર મન અને ઇન્દ્રિયો ઉપર વધારે પડે છે. તેને કારણે મન અને ઇન્દ્રિયોને વશમાં કરવાની વ્યક્તિની આંતરિક તન-મનની શક્તિનો વિકાસ થાય છે.

(૫) યોગાસનમાં વધારે ખોરાકની જરૂર પડતી નથી, તેથી વિશેષ ખર્ચ કરવો પડતો નથી.

(૬) યોગાસનો દ્વારા મળ અને અન્ય વિકૃતિઓ સારી રીતે બહાર નીકળી શકે છે, જેને કારણે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે અને શરીર રોગમુક્ત બને છે.

(૭) યોગાસનોથી શરીર લચીલું બને છે. આથી શરીરમાં



બદ્ધ પદ્માસન

વૃશ્ચિકાસન

સ્ફૂર્તિ આવે છે, કામ કરવાની શક્તિ વધે છે. વ્યક્તિ યુવાન લાગે છે અને તેનું આયુષ્ય વધે છે.

(૮) જુદાં જુદાં આસનો દ્વારા શરીરની જુદી જુદી કેશવાહિનીઓનું રક્ત ઝડપથી શુદ્ધ કરી શકાય છે.

(૯) યોગાસનો અને પ્રાણાયામથી ફેફસાંની સંકોચન અને પ્રસરણની શક્તિ વધે છે. તેને કારણે રુધિર વધારે પ્રમાણમાં શુદ્ધ થાય છે.

(૧૦) આયુષ્ય, યૌવન અને સ્વસ્થતા કરોડરજ્જુની સુનમ્યતા ઉપર આધારિત હોય છે. આસનો દ્વારા કરોડરજ્જુને સુનમ્ય રાખી શકાય છે.

(૧૧) આસનો કરતી વખતે ખૂબ જ ઓછી શક્તિનો વ્યય થાય છે. પરિણામે ઓછો થાક લાગે છે. એટલા માટે જ યોગાસનોને 'અહિંસક ક્રિયાઓ' કહેવામાં આવે છે.

(૧૨) યોગાસન વ્યક્તિને સચ્ચરિત્રવાન બનાવે છે.

(૧૩) યોગાસનોથી મન શાંતિ અનુભવે છે. તેને કારણે માનસિક શક્તિ વધે છે અને બુદ્ધિનો વિકાસ થાય છે.

(૧૪) યોગાસનોથી શરીરની જુદી જુદી ગ્રંથિઓને જાગ્રત કરી શકાય છે, જેનાથી તેમનામાં યોગ્ય પ્રમાણમાં રસ ઉત્પન્ન થાય છે. આ રસ રુધિરમાં ભળીને શરીરનો સંતુલિત વિકાસ કરે છે.

(૧૫) યોગાસનો અને પ્રાણાયામથી કબજિયાત, ગૅસ, મધુપ્રમેહ, બ્લડપ્રેશર, હર્નિયા, માથાનો દુખાવો વગેરે રોગો મટાડી શકાય છે.

(૧૬) યોગાસનો દ્વારા શારીરિક અને માનસિક વિકાસની સાથે સાથે બૌદ્ધિક અને આત્મિક વિકાસ પણ શક્ય બને છે.

(૧૭) મોટી ઉંમરનાં ભાઈબહેનો પણ યોગાસન કરી શકે છે. આ સંપૂર્ણ રીતે ભારતીય વ્યાયામ પદ્ધતિ છે.

## નિયમોનું પાલન

યોગાસનોથી પૂરેપૂરો લાભ મેળવવા માટે નીચેના નિયમોનું પાલન કરવું હિતાવહ છે :

(૧) યોગાસનો પ્રાતઃકાલે શૌચક્રિયા કર્યા પછી કરવાં જોઈએ. જો સ્નાન કરીને યોગાસનો કરવામાં આવે તો વધારે સારું, કારણ કે સ્નાનથી શરીર હલકું અને સ્ફૂર્તિવાળું બને છે તેમજ આસનો સરળતાથી કરી શકાય છે. યોગાસનો બાદ સ્નાન કરવું હોય તો ઠંડું પાણી ન વાપરતાં ઉષ્ણ પાણી વાપરવું જોઈએ. સંધ્યાકાળે જમ્યા પહેલાં પણ આસનો કરી શકાય છે.

(૨) આસનો કરવાની જગ્યા સમતલ, સ્વચ્છ અને શાંત હોવી જોઈએ. જમીન ઉપર શેતરંજી કે આસન પાથરીને યોગાસનો કરવાં.

(૩) ઋતુ અનુસાર પોશાક પહેરવો જોઈએ. પુરુષો માટે લંગોટ અથવા જાંગિયો અને ચડ્ડી તથા સ્ત્રીઓ માટે પંજાબી ડ્રેસ અથવા સ્લૅક્સ વધુ અનુકૂળ રહે છે.

(૪) આસનો કરતી વખતે વાતચીત કરવી નહિ. આસન કરનારનું ધ્યાન શ્વાસ ઉપર તેમજ શરીરનાં જે અંગો ઉપર જોર પડતું હોય તે અંગો ઉપર રહેવું જોઈએ. એકાગ્રતાથી આસન કરવામાં આવે તો શારીરિક અને માનસિક લાભ વધુ થાય છે.

(૫) આસનો શરૂ કરતાં પહેલાં શવાસન કરીને શ્વાસ, શરીર અને મનને શાંત કરવાં જોઈએ.

(૬) યોગાસન અહિંસક ક્રિયા છે; એટલે ઝટકા સાથે અથવા બળ કરીને કોઈ પણ આસન ન કરવું.

(૭) યોગાસનનો અભ્યાસ ધીમે ધીમે વધારવો જોઈએ. આમ કરવાથી શરીરમાં સુનમ્યતા પેદા થશે અને થોડા જ સમયમાં સરળતાથી આસનની પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરી શકાશે.

(૮) યોગાસન એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. તેનો સંબંધ શરીરના આંતર-બાહ્ય ભાગો સાથે છે. એટલે આસનો કોઈ જાણકાર વ્યક્તિ પાસેથી વિધિપૂર્વક શીખ્યા પછી જ કરવાં.

(૯) આસન કરનારે શક્ય હોય ત્યાં સુધી હલકો ખોરાક લેવો, જેથી શરીર હલકું રહે.

(૧૦) જટિલ રોગોમાં કે ભારે તાવમાં આસનો ન કરવાં. સ્ત્રીઓએ ગર્ભધારણના ચાર મહિના બાદ, પ્રસૂતિ પછી ત્રણ મહિના સુધી અને માસિક ધર્મ વખતે આસનો ન કરવા. હાથના સ્નાયુઓ પર આખા શરીરનો ભાર ઉપાડવાનાં આસનો સ્ત્રીસાધકે બનતા સુધી અભ્યાસ વગર કરવા નહિ.

(૧૧) કોઈ પણ આસનની પ્રારંભિક સ્થિતિમાંથી અંતિમ સ્થિતિમાં અને અંતિમ સ્થિતિમાંથી પ્રારંભિક સ્થિતિમાં આવતી વખતે જરાય ઉતાવળ ન કરવી.

(૧૨) યોગાસનો કર્યા પછી થોડા સમય માટે શવાસન કરવું. શવાસન એક સંપૂર્ણ આસન છે. તેનાથી શરીરનો થાક ઝડપથી ઊતરી જાય છે અને શરીરમાં શક્તિઓનો સંચાર થાય છે.


(૧૩) આસનો કર્યા પછી થાક ન લાગે, શરીર હલકું રહે અને કાર્ય કરવાની શક્તિ વધતી રહે તો સમજવું કે યોગાસનો સારી અને લાભપ્રદ રીતે કરવામાં આવી રહ્યાં છે.

આ રીતે યોગાસનપદ્ધતિ સંપૂર્ણપણે ભારતીય તથા વૈજ્ઞાનિક પદ્ધતિ છે અને જો નિયમિત રીતે યોગાસનો કરવામાં આવે તો વ્યક્તિ લાંબા સમય સુધી નીરોગી રહી શકે છે એટલું જ નહિ, પણ યોગાસનોનો નિરંતર કરાતો અભ્યાસ આધ્યાત્મિક શક્તિ જગાડે છે અને તે આત્મિક આનંદ, આત્મપ્રકાશ અને માનસિક શાન્તિ આપે છે.

# ઓરિસ્સાના મંદિરો

ડૉ. પ્રિયબાળા શાહ

ઉત્તર ભારતના મંદિર-સ્થાપત્યને સમજવા અને તેનો વિકાસ જોવો હોય તો ઓરિસ્સા શૈલીના પથ્થરનાં મંદિરોમાં સ્પષ્ટ દેખાય છે. તેનાં મુખ્ય કેન્દ્રો ભુવનેશ્વર, પુરી અને કોણાર્ક. - આ તમામ ઓરિસ્સાના પુરી જિલ્લામાં આવેલાં છે. આ શૈલી આઠમા સૈકાથી શરૂ થઈ. તેનું મુખ્ય મંદિર પરશુરામેશ્વર છે, જે ભુવનેશ્વરમાં આવેલું છે. આ મંદિરમાં સુવિખ્યાત શિલ્પાંકનમાં સંગીતજ્ઞોની આકૃતિઓ જણાય છે, જે ગુપ્ત-કાલીનો પડઘો પાડે છે. આની પરાકાષ્ઠા કોણાર્કના સૂર્યમંદિરમાં જોઈ શકાય છે. શરૂઆતનાં ઓરિસ્સાનાં મંદિરો મુખ્યત્વે ગર્ભગૃહ અને તેના ઉપર વર્તુળાકાર શિખર અને સમચોરસ મંડપ કે જેને ઓરિસ્સામાં જગમોહન કહેવામાં આવે તેવાં છે. ધીરે ધીરે તેમાં બે વિભાગ ઉમેરવામાં આવ્યા જે નટમંડપ અને ભોગમંડપના નામે ઓળખાય છે. આ ઓરડાઓ-વિભાગો ઊંચા ઓટલા ઉપર એક જ માળના કરવામાં આવતા. તેને બે ભાગમાં બતાવી શકાય છે. નીચેનો ભાગ ખાલી ઘનાકાર જેવો સાદો અને ઉપરનો બીજો ભાગ પિરામિડ જેવો હોય છે (અર્થાત્ નીચે પહોળો ભાગ અને ઉપર જતાં સાંકડો બની જતો.) શિખર પણ તેવી જ રીતે ઊંચાઈએ જતાં સાંકડો, પરંતુ તેમાં મોટા મોટા વર્તુળાકાર વિભાગો અને તેના ઉપર આમલક અને તેના ઉપર કળશ સુંદર રીતે શોભતો હોય છે. તે જાણે મંદિરનો શ્રેષ્ઠ મુગટ જેવો જણાય છે. ઓરિસ્સાનાં મંદિરની શૈલી સામાન્ય રીતે અંદરની બાજુએ સાદી અને બહારની બાજુનો ખૂબ ભપકાબંધ વિપુલ પ્રમાણમાં કોતરકામ કરીને અલંકૃત કરેલી. ભુવનેશ્વરમાં લગભગ ૫૫ મંદિરો શ્રેષ્ઠ છે. આ મંદિરોની વિપુલતતાથી જાણી શકાય છે કે ઓરિસ્સા શૈલીનું મુખ્ય કેન્દ્ર ભુવનેશ્વર હતું. ઓરિસ્સાનું સૌથી જૂનું મંદિર પરશુરામેશ્વર મંદિર (આઠમો સૈકો) પ્રારંભિક કક્ષાનું છે છતાં મૌલિક છે. તેનાં શિખર પણ સૂક્ષ્મ છે. તેનો જગમોહન લંબચોરસ અને નીચો છે.



લિંગરાજ મંદિર, ભુવનેશ્વર આશરે ઈ.સ. ૧૦૦૦

તેને બે છત (છાપરું) હોય તેમ જણાય છે અર્થાત્ આ મંદિર પ્રારંભિક કક્ષાનું ગણી શકાય. છતની વચમાં ગુફાના જેવા ગણી શકાય તેવા મોટા મોટા ભાગ છે. આના પછી તરત જ બંધાયેલું મંદિર વૈતાલ દેવલ છે. તેમાં પણ તેની છતમાં બે છાપરાં જોઈ શકાય છે અને તેની છતમાં પ્રકાશ માટેનાં બાકોરાં નજરે પડે છે. તેનો સામાન્ય દેખાવ દક્ષિણની શૈલી જેવો અને કોણમાંનાં શિખરો ઉત્તરની શૈલી જેવાં જણાય છે. તેનું શિખર બે ભૂમિકાનું છે. તેમાં નળાકાર છત અને ત્રિકોણાકાર છે. મુક્તેશ્વર મંદિર (ઈ.સ. ૯૭૫)માં આ શૈલી સૌપ્રથમ પરિપક્વ થયેલી જણાય છે. આ મંદિરનું નોંધપાત્ર પાસું તેનું તોરણદ્વાર છે. વળી ધ્યાન ખેંચે તેવી પંચતંત્રની કથાઓ શિલ્પમાં કોરેલી જણાય છે. આ રીતે મંદિરો પણ લોકોને જ્ઞાન અને સમજ આપવાનું અર્થાત્ ઉપદેશ આપવાનું લોકશિક્ષણનું કાર્ય કરતાં. પંચતંત્રની જાણીતી કથા વાનર અને મગરની છે. નદીકિનારે એક જાંબુનું વૃક્ષ. તેના ઉપર વાનરરાજનું રહેઠાણ અને નીચે નદીમાં મગર રહે. વાનર રોજ જાંબુ ખાઈને તેના ઠળિયા નીચે નાખે. મગરને ઠળિયાનો સ્વાદ પણ અદ્ભુત લાગવા માંડ્યો. વાનર અને મગર ધીરે ધીરે મિત્રો થઈ ગયાં. મગર વિચારે છે કે આ જાંબુ ખાઈ ખાઈને વાનરનું કાળજું પણ મીઠું મધ જેવું થઈ ગયું હશે. આ લોભી મગરે વાનરનું કાળજું ખાવાનો વિચાર કર્યો પણ તે કાંઈ સહેલી વાત નહોતી. એક દિવસે મગરે પોતાની મિત્રતાના દાવે વાનરને કહ્યું 'તમે મારી પીઠ ઉપર બેસો અને હું તમને નદીની સહેલ કરવા લઈ જાઉં.' વાનરભાઈ ખુશ ખુશ થઈ ગયા. મગરની પીઠ પર બેઠા ને નદીમાં સહેલગાહે ઊપડ્યા. બરાબર નદીની વચમાં આવ્યા એટલે મગરે કહ્યું, 'હવે તમે અહીં જ રહી જજો. હું તમારું કાળજું ખાઈ જઈશ.' ચતુર વાંદરો બોલ્યો, 'મિત્ર, તેં મને પહેલાં કેમ ના કહ્યું ? મારું કાળજું તો ઝાડ ઉપર રહી ગયું છે. તે લેવા પાછા જવું પડશે.' બંને પાછા આવ્યા. વાનર ઝાડ ઉપર ચઢી ગયો અને મગરને આવજો, કહીને તેની મિત્રતા તોડી નાંખી. સમગ્ર કથા ખૂબ સુંદર રીતે આ મંદિરમાં કોતરેલી છે. તેના જેવી બીજી પણ કેટલીક કથા શિલ્પાંકનના અદ્ભુત નમૂના જેવી છે. આ રીતે જાળીમાં છિદ્રો બનાવીને વાર્તાઓ કંડારેલી છે. બીજી એક નોંધપાત્ર અધીરી નાયિકા વાસકસજ્જાની છે. તે બારણાની ઓઠે

ઊભી રહીને તેના પતિની રાહ જોઈ રહી છે. તે પોતાના પાળેલા પોપટને (ગૃહશુકને) તેના પતિના આગમન વિશે પૃચ્છા કરી રહી છે. કેટલીક નાગિણીઓ જુદી જુદી દેહાવસ્થામાં ગંધ, માળા, ધૂપ, શંખ, મુકુટ વગેરે અર્પણ કરે છે. આવી કાંઈક સુરસુન્દરી જુદી જુદી દેહાવસ્થામાં શિલ્પીઓએ પોતાની સ્વપ્નમય સુંદરીઓને પથ્થરમાં કંડારેલી છે.

ભુવનેશ્વરના ઉત્તરકાલીન નોંધનીય મંદિરોમાં રાજરાણી અને અનન્તવાસુદેવનાં મંદિરો છે. રાજરાણી મંદિર તેના શિખરથી વધુ આકર્ષક લાગે છે. આ શિખર તેની પ્રતિકૃતિ જેવા બીજાં નાનાં નાનાં શિખરોથી યુક્ત છે તેથી તે વધુ રમણીય લાગે છે. રાજરાણી મંદિરમાં પણ કેટલાંક ખૂબ જ આકર્ષક શિલ્પો છે. સુંદર આકૃતિમાં વરુણ તેના પાશ સાથે ઉપરાંત અગ્નિ, યમ, નિઋતિ અને બીજાં દિક્પાલો છે. ઉપરાંત બીજી આકૃતિઓમાં ધ્યાન ખેંચે તેવી સુર-સુંદરી અને નાગિણીઓ છે. બીજાં અનેક શિલ્પમાં એક યુવતી કરતાલ-ઝાંઝરથી મોરને નૃત્ય કરાવે છે. ત્યારે કવિ કાલિદાસની યાદ અપાવે છે. બીજી યુવતીમાં મંજિરા અર્થાત્ ઘૂઘરા તેના પગમાંથી કાઢીને વસન્તસેનાની યાદ અપાવે છે. આવો જ પ્રસંગ 'મૃચ્છકટિક'માં પણ છે.


ઓરિસ્સાનાં મંદિરોમાં સૌથી ઉચ્ચ કોટિનું અને ભવ્ય ભુવનેશ્વરનું લિંગરાજ મંદિર છે. આ મંદિર ઈ.સ. ૧૦૦૦માં બંધાયેલું છે. આ મંદિરમાં શરૂઆતમાં માત્ર વિમાન (ગર્ભગૃહ અને તેના ઉપર શિખર) અને જગમોહન હતાં. પરંતુ પાછળથી તેમાં નટ અને ભોગમંડપ ઉમેરવામાં આવ્યા. આ મંદિરના સૌથી ઊંચા શિખરમાં ઊભી રેખાઓ કોરી છે. તેની દરેક બાજુએ શિખરની પ્રતિકૃતિ જેવા આકારોથી આ શિખરની શોભામાં અભિવૃદ્ધિ થાય છે. આ મંદિરની ઉત્કૃષ્ટ કોટિની રચના સપ્રમાણ મંદિરના જરૂરી વિભાગો, વર્તુલાકાર ભવ્ય શિખર, શિલ્પાકૃતિનું સુશોભન અને સ્થાપત્યશૈલી વગેરેને કારણે આ મંદિર ભારતીય સ્થાપત્યની સર્વશ્રેષ્ઠ કૃતિઓમાં અગ્રસ્થાને છે. આ મંદિરની ઊંચાઈ ૧૨૦ ફૂટ કરતાં પણ વધુ છે. આ મંદિરની ભવ્યતામાં વધારો કરે તેવા એક જ પથ્થરમાંથી કંડારેલા ગણેશ, દેવી અને બીજી પણ શિલ્પાકૃતિઓ શ્રેષ્ઠ નમૂનાઓમાં ગણાવી શકાય. જેમ કે કેટલીક નૃત્યાંગનાઓ, મંદિરના થર ઉપરની મિથુનની આકૃતિઓ વગેરે. તેમાંની એક સ્ત્રી તૈયાર થઈ પોતાના પ્રેમીને આવવામાં વિલંબ થવાથી અધીરાઈથી પોતાની દાસીને વારંવાર પૃચ્છા કરે છે.

પત્રલેખા (અગિયારમાં સૈકા)નું અદ્‌ભુત શિલ્પ આપણને તે સમયના સમાજનો ખયાલ આપે છે. જ્યાં જાહેરમાં સ્ત્રી લેખનકાર્ય કરતી હોય તે સમાજ ઘણો વિદ્વત્તાભર્યો હોવો જોઈએ.


વૈતાલ દેવાલ મંદિરમાં પણ કેટલાંક શિલ્પો ખૂબ નાજુક અને સૂક્ષ્મ કલાકૃતિઓથી મંદિરને મહત્ત્વનું સ્થાન અપાવે છે. પુરીનું જગવિખ્યાત જગન્નાથ મંદિર અગિયારમા સૈકાનું છે. આ મંદિરની રચના લિંગરાજ મંદિરના જેવી સુવ્યવસ્થિત છે. જો કે તે લિંગરાજ મંદિર કરતાં વધારે ઊંચું અને ભવ્ય છે. આ મંદિરનો સ્તંભયુક્ત નટમંડપ વધુ ભવ્ય અને નોંધપાત્ર છે. આ મંદિર ઓરિસ્સાના શિલ્પના અભ્યાસ માટે ઘણું અગત્યનું છે તેમાં કેટલીક માતૃકાઓનાં શિલ્પો ઓરિસ્સાની કલા માટે ઉત્તમ ઉદાહરણો છે.

તેરમા સૈકાનું કોણાર્કનું મંદિર તે સમયના શિલ્પીની પરાકાષ્ટાએ પહોંચેલી કલા ગણાવી શકાય. આ સર્વોત્તમ સિદ્ધિ એટલે સૂર્યમંદિર. આ મંદિર દેખાવે, પૈડાંવાળા રથ જેવું છે અને તે સાત ઘોડાથી ખેંચાય છે.

આખું મંદિર શિલ્પમય પૈડાંવાળા રથ અને સાત ઘોડાથી ખેંચાતું કરેલું છે. જાણે સૂર્યનારાયણનો રથ પૃથ્વી ઉપર વિહાર



પરશુરામેશ્વર મંદિર : ભુવનેશ્વર ઈ.સ. ૭૫૦



મંડપ (જગમોહન) કોણાર્ક

કરવા આવ્યો ન હોય! આ મંદિર સૌપ્રથમ ઊંચા વિમાન (લગભગ ૨૨૫ ફટ)ને ત્રણ ઓરડા જોડેલું કરવામાં આવ્યું હતું. તેનો સૌથી મોટો સમચોરસ જગમોહન (૧૦૦ X૧૦૦ ફુટ ઊંચાઈ) અને તેની છત ઉપર પિરામિડ અને તેનાથી અલગ નટમંડપ. પરંતુ કાળક્રમે ઘણુંબધું નાશ પામી ગયું છે. હાલમાં તેના વિશાળ પટાંગણમાં માત્ર જગમોહન અસ્તિત્વ ધરાવે છે. આ મંદિર તેનાં આયોજન અને રચનામાં સૌથી વધારે સમતુલાવાળું અને ભવ્ય છે. આથી તે ઓરિસ્સાના સ્થાપત્યમાં કલગીરૂપ છે. આ મંદિર તેના ગંજાવર કદથી ભવ્ય લાગે છે, તે જ પ્રમાણે ઉત્તમ કોટિના વિપુલ શિલ્પનાં સુશોભનોથી વિભૂષિત થયેલું જણાય છે. અહીંનાં શિલ્પોમાં મુખ્યત્વે કામુક શિલ્પો વધુ પડતાં છે.

આ તેરમા સૈકાનું કોણાર્કનું મંદિર પૂર્વના ગંગશિલ્પીનું શ્રેષ્ઠ સર્જન છે. આ ભવ્ય ઈમારત તેની મહાન સિદ્ધિ છે. ચોળ રાજકુમારી રાજસુંદરીનો વારસદાર નરસિંહ રથની ડિઝાઇન ચોળ મંદિરો દારાસુરમ્ અને ચિદમ્બરમ્‌માંથી સૂર્યના પથ્થરનો રથ સાત ઘોડાથી ખેંચાતો બનાવતા હતા. જો કે આ બધી શિલ્પાકૃતિઓ નાજુક કોતરકામવાળી હતી. સમગ્ર મંદિરમાં જરા પણ ભાગ કોતરકામ વગરનો જણાતો નથી. શિલ્પાંકનોમાં ભવ્ય અને વિસ્તૃત કલાકૃતિઓ છે. તેમાંની કેટલીક શિલ્પાકૃતિઓ વિષયની વિપુલતા અને કદાચ અજોડ અપ્રિતમ છે. આ ઈમારતનાં કેટલાંક શિલ્પો તો કદાવર છે. જગમોહનની ઉપરના સંગીતજ્ઞોની આકૃતિઓ ખૂબ વિખ્યાત છે. આ બધી આકૃતિઓ ગુલાબી રંગના રેતિયા પથ્થરની બનાવેલી છે. જો કે ક્યાંક ક્યાંક નરમ અને લીલા રંગના પથ્થરમાંથી બનાવેલી નાજુક આકૃતિઓ કારીગરોનું કલાકૌશલ્ય વ્યક્ત કરે છે. સૂર્યની મુખ્ય પ્રતિમા પણ આ જ પ્રકારની નકશીથી તૈયાર કરેલી છે. નરસિંહના જીવનના પ્રસંગોને પણ આ રીતે તૈયાર કરેલા છે. એક તકતીમાં તેને મહાન બાણાવાળી તરીકે રજૂ કરેલો છે.



સૂર્યદેવળ : કોલાર્ણ રથનું પૈડું
તેરમો સૈકો

બીજામાં તેનો વિશ્વાસ અને સહિષ્ણુતા વગેરે શિવ જગન્નાથ અને દુર્ગાની સન્મુખ નમ્રતાથી રજૂ કરેલાં છે. આ શિલ્પ ઓરિસ્સાના ઇતિહાસમાં લિંગરાજનું ભુવનેશ્વરનું મંદિર, પુરીમાંના જગન્નાથ અને જયપુરમાં દુર્ગાનાં મંદિરો તેના બાપદાદાઓએ બનાવેલાં હતાં. તેથી તેને મૂર્તિ સ્વરૂપે



પત્રલેખા : ભુવનેશ્વર અગિયારમો સૈકો

રજૂ કરેલાં છે. નરસિંહ પોતે કોણાર્કના પથ્થરના મંદિરના નિર્માતા હતા. બીજામાં તેણે (નરસિંહને) કવિઓને એકત્ર કરીને સાહિત્યની પ્રશંસા કરતા બતાવ્યા છે, જે રાજશેખરની કાવ્યમીમાંસાની યાદ અપાવે છે. બીજામાં તેનું સુખી ગૃહજીવન બતાવ્યું છે, જેમાં તે તેના જનાનખાનામાં આનંદથી ઘૂમે છે. આ શિલ્પાંકનમાં તે પરદેશી એલચીઓને આવકારે છે અને પડોશી દેશમાંથી તેને ભાવભર્યું જિરાફ ભેટ તરીકે આપે છે તેનો તે સ્વીકાર કરે છે. આવી કૈંક રજૂઆત તેના જીવનની બતાવેલી છે. કદાચ કોણાર્ક અને તેનું સમૃદ્ધ શિલ્પ તેરમા સૈકાનું ઓરિસ્સાની સંસ્કૃતિનો તે વિપુલ ભંડાર હોય તેમ જણાય છે. ભુવનેશ્વર અને પુરીની જેમ નિજપુર પણ ઓરિસ્સાના શિલ્પના અભ્યાસ માટે અગત્યનું છે. ઓરિસ્સાની કલાના પ્રારંભિક તબક્કાની કેટલીક સુંદર માતૃકાની મૂર્તિઓ અદ્ભુત છે.

ઓરિસ્સાની કલાનો હેવાલ સંપૂર્ણ ન કહેવાય જ્યાં સુધી મયૂરભંજની કલાશાખાઓનો ખાસ અભ્યાસ ન થાય ત્યાં સુધી. અહીંનાં મંદિરો નવથી દસમા સૈકાનાં છે. તેમાં નાજુક કલાકારીગીરીનાં શિલ્પો મહત્ત્વનાં છે. ભંજના લોકોએ આ ઓરિસ્સાની કલાની નાની શાળાઓને ખૂબ ઉત્તેજન આપ્યું છે. તેમાંના કેટલાંક નમૂના કિચિંગના મ્યૂઝીઅમમાં સંગ્રહાયેલા છે.

# ગુજરાતનું સંગીત – ૧

ડૉ. હસુ યાજ્ઞિક

ગુજરાતના સાંગતિક મહત્ત્વનાં બધાં જ પાસાંઓનો સાદ્યંત પરિચય આપવો હોય ત્યારે 'ગુજરાત' અને 'સંગીત' બન્નેની આરંભમાં જ સ્પષ્ટતા કરવી આવશ્યક છે. અહીં 'ગુજરાત' એટલે ભારતીય સંઘનું રાજ્ય, જેમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર-મધ્ય-દક્ષિણ ગુજરાતના બધાં જ પ્રાદેશિક એકમો અને તેની સાંસ્કૃતિક પરંપરાઓ સમાવિષ્ટ છે. રાજ્યપ્રદેશ તરીકે દીવ-દમણ કેન્દ્રશાસિત છે, છતાં ભાષા-કલા-સંસ્કૃતિની દૃષ્ટિએ તેને ગુજરાત સાથે જ સબંધ છે. આમ અહીં ગુજરાત એટલે ૨૧.૧° થી ૨૪.૭° ના ઉત્તરીય અક્ષાંશ અને ૬૮.૪° થી ૭૪.૪° પૂર્વના રેખાંશ, એમ કુલ ચાર અક્ષાંશ અને ચૌદ રેખાંશ વચ્ચેનો ભૂમિપ્રદેશ. વિદભાષી રાજ્ય સુધી એને હાલના મહારાષ્ટ્રના મુંબઈ સાથે પણ પ્રત્યક્ષ અનુબંધ રહ્યો છે. અને 'સંગીત' એટલે આ પ્રદેશમાં પ્રચલિત સ્વર અને તાલનો આધાર લેતી બધી જ સશબ્દ અને શબ્દરહિત એવી અભિવ્યક્તિ. એટલે કે ગાયન અને વાદન. એમાં શાસ્ત્રીય સંગીત, લોકસંગીત અને સુગમ કે હળવું સંગીત એ ત્રણે મુખ્ય પ્રકારોનો પણ સમાવેશ થાય છે. એ સાથે જ આ પ્રદેશની ગાનશૈલીઓ, પ્રકારો, હેતુઓ, વાદ્યો, શાસ્ત્રો અને શિક્ષણ. એ બધા જ મહત્ત્વના ઘટકો પણ અહીં દૃષ્ટિમાં છે.

કોઈ પણ ભૂમિભાગ કે પ્રદેશના સંગીતનાં મૂળ બોલી કે ભાષા કરતાં પણ પ્રાચીન છે. આદિમ કાળમાં માણસે વિકસિત એવી આગવી બોલી સિદ્ધ કરી એ પહેલાં સંગીત અને નૃત્ય સિદ્ધ કર્યાં હતાં. સાંગિતિક ધ્વનિ-આધારિત અભિવ્યક્તિઓએ, sound snd musical motij દ્વારા માનવે પોતાની અન્ય પ્રાણીઓને મુકાબલે વિશેષ અર્થવાહક અને સાધક બોલીનો વિકાસ કર્યો.[1] આથી કોઈ પણ પ્રદેશના સંગીતમાં આરંભનો ઈતિહાસ, એ પ્રદેશમાં થયેલા માનવસમુદાયના વસવાટથી ગણાય. નૃવંશીય આધારોથી સિદ્ધ થયું છે કે સત્તરથી બાવીસ લાખ પહેલા ગુજરાતમાં પૂર્વ આફ્રિકાનો નિગ્રો કે નિગ્રિરો જાતિના માનવોનો વસવાટ હતો. શક્ય છે કે આ ગાળામાં હજુ કદાચ હિમાલયનું પણ સર્જન નહોતું થયું અને ઈરાન, આફ્રિકા, શ્રીલંકા, ઈન્ડોનેશિયા ને પૃથ્વીના છેક દક્ષિણ છેડે ફેંકાયેલા ઓસ્ટ્રેલિયા જુદા નહોતા પડ્યા અને એક જ ભૂમિભાગરૂપે જોડાયેલા હોય ![2] પૃથ્વી પરના પડમાં બહુ મોટી ઊથલપાથલ થઈ અને વિશાળ ભૂખંડની ભૂમિના વિવિધ ટુકડા થયા અને વચ્ચે સમુદ્ર થયા. 'નવખંડ' ધરતીના કલ્પનમાં તથા આ બધા જ દેશોમાં પૃથ્વી પરના જલપ્રલયની સમાનતા ધરાવતી વિવિધ પુરા કથાઓમાં એનો નિર્દેશ છે. એશિયન લાયન વિશ્વભરમાં કેવળ ગીર અને આફ્રિકામાં જ છે, તે પ્રાચીનકાળે સંલગ્ન હતા, તે સિદ્ધ કરે છે. આફ્રિકાની વૂડુ મેજિકની વિધિ અને સર્પપૂજા અને ભારતની દ્રવિડમૂળની સર્પપૂજામાં પણ જે પાયાનું સામ્ય છે, તેના મૂળમાં પણ સૌરાષ્ટ્ર સમેતનો ભારતનો દક્ષિણકાંઠો આજના આફ્રિકા સાથે જોડાયેલો હતો, એ છે.[3] શામણધારામાં ભૂવાના શરીરમાં કોઈ તત્ત્વનો પ્રવેશ થયેલો મનાય છે અને તે ધૂણે છે ત્યારે જે મંત્રો અને સ્તોત્રનાં પાઠ અને ગાન થાય છે, તેના સ્વરો આંદોલિત હોય છે. આવું ગાન અને એની સાથેનું ચર્મવાદ્યનું વાદન વિશિષ્ટ પ્રકારની મનોશારીરિક અસર ઊભી કરે છે અને શરીર ધ્રુજવા લાગે છે. આ તત્ત્વ છેક આજ સુધી ગુજરાતનાં આરણ્યું, સરજુ અને રેગડીનાં ગાનમાં છે. આમ, લાખો વર્ષ પહેલાના આ શંતી પ્રદેશના સંગીતનો પૂરો ખયાલ આપે એવા પ્રમાણભૂત સાધનો આપણી પાસે નથી, પરંતુ આવાં પરોક્ષ ઈંગિતો આદિમકાળના મૂળના સંગીતનો અણસાર આપે છે.

વેદ, ઉપનિષદ,રામાયણ,મહાભારત અને અન્ય પુરાણોનો આધાર લઈને ભારતીય સંગીતના ઈતિહાસ પર કેટલોક પ્રકાશ પડે છે. અને એમાં ગુજરાતના સંગીતની ગતિવિધિના પણ કેટલાક નિર્દેશ મળે છે.[4] વેદમાં સંહિતાનું રૂપ પામેલાં સૂક્તો અને મંત્રો તો ઈસવીસન પૂર્વેના દશહજાર વર્ષની પરંપરાના છે. આજે લુપ્ત થયેલી સરસ્વતી નદીના કાંઠે જ સપ્તસિંધુના આર્યોએ વેદનું સંહિતારૂપ સંપાદિત કર્યું એ પહેલાં પણ મોહન-જો -દડોની બિનઆર્યસભ્યતા સંસ્કૃતિ વિકસી ચૂકી હતી અને એના સમકાલીન અવશેષ કચ્છના ધોળાવીરા અને સૌરાષ્ટ્રના રંગપુર-લોથલમાંથી મળ્યા છે. વિવિધ-પ્રકારનાં પાત્રો, ધાતુસંયોજનો અને નગર નિર્માણનો વિકાસ એ કાળે પણ થઈ ચૂક્યો હતો, એથી સંગીતકલા અને કાળના ગુજરાતમાં પણ પોતાનું નિજી સ્વરૂપ વેદકાળ પહેલાં પણ બાંધી મૂકી હતી અને વિવિધ જાતિઓના આગમન તથા વસવાટ પણ થઈ ચૂક્યાં હતાં. ને તેમાંથી જ ગુજરાતના સંગીતનું પોતાની અલગ ઓળખ આપે એવું સ્વરૂપ બંધાઈ ચૂક્યું હતું, તેવી સંભાવના નકારી ન શકાય. વેદકાલીન સંગીતની ગુજરાત પર અસર પડી તે ગુજરાતના સંગીતનો વિકાસ અને સ્થિત્યંતરનો બીજો તબક્કો. આભીર કે આહીરી અસર અને શ્રીકૃષ્ણની અને શ્રીકૃષ્ણ દ્વારા જે અસર પડી અને ગુજરાતનાં નૃત્ય અને સંગીતમાં આગવાં તત્ત્વો પ્રવેશ્યા તો ત્રીજો તબક્કો. આ પછીનો ઈતિહાસનો ગાળો અંધકારમાં છે, પરંતુ ઈ.સ.પૂ. ૩૨૨થી આરંભનો મોર્યયુગ અને તે પછીના

ઈ.૪૦૦થી ૪૭૦ના મૈત્રકકાળ અને અનુગામી રાજપૂતકાળ, સોલંકીકાળ, સલ્તનતકાળ વગેરેનો ઈતિહાસ સ્પષ્ટ છે અને શિલ્પસ્થાપત્ય, ચિત્ર, શિલાલેખ-અભિલેખ,તામ્રપત્રાદિ અને વિવિધ કાળે રચાયેલી સાહિત્યકૃતિઓની હસ્તપ્રત દ્વારા ગુજરાતના સંગીત વિશે પણ કેટલીક મહત્ત્વપૂર્ણ વિગતો મળે છે.

વેદકાળ પહેલાના ગુજરાતને જાણવાની સામગ્રીમાં પ્રાચીનતમ નગરોના અવશેષ અને એમાં જળવાયેલી કેટલીક પાત્રાદિ વસ્તુઓ છે. મૂળ દ્વારિકા કયાં, એ સંદર્ભે વિશેષ સૂઝ અને સામગ્રી સાથેનાં ઉત્ખલન અને અભ્યાસ થયાં છે. ઉપગ્રહ દ્વારા લેવાયેલી તસવીર દ્વારા લુપ્ત સરસ્વતીનાં વહેંણનો માર્ગ પણ દૃષ્ટિમાં આવ્યો છે. પરંતુ આજની સ્થિતિએ, આવાં-આટલાં ટાચા સાધનોથી ગુજરાતના સંગીત વિશે સાધાર સ્થાપનાની સ્થિતિ નથી. આથી આજે પણ બધી જ પરંપરાઓનાં મૂળનું પ્રાચીનતમ બિંદુ તો વેદ અને વેદાનુષંગી બ્રાહ્મણગ્રંથ, આરણ્યક, ઉપનિષદનું લિખિત સાહિત્ય જ છે.

સર્વસ્વીકૃત માન્યતા પ્રમાણે ઈ.પૂ. ૧૫૦૦માં વેદોનું સંહિતારૂપ બંધાઈ ચૂક્યું હતું. આ ગાળાને ઈ.પૂ.૧૫૦૦થી ઈ.પૂ.૨૦૦નો ગણતાં એમાં વેદકાળ, બ્રાહ્મણગ્રંથકાળ, ઉપનિષદકાળ અને સૂત્રકાળ એવા મુખ્ય ચાર વિભાગો છે. ઋગ્વેદ મુખ્ય સ્તુતિમંત્રોની સંહિતા છે ને એની જ ગેય ઋચા-સૂક્તા-મંત્રાદિ સામવેદમાં છે. કુલ૧૮૧૦ ઋચાઓ માંહેની ૧૫૪૯ તો ઋગ્વેદમાં છે જ.'સામ'નો અર્થ જ સમમ્ કૃત એટલે કે સ્વરમાં અને લયમાં ઢાકેલું. સંગીતશાસ્ત્રોએ ગીતના જે મુખ્ય દશ લક્ષણો આપેલાં છે, તેમાં 'સમમ્' એક છે. એનો અર્થ ગીતના શબ્દો-અક્ષરોને સ્વર અને લયમાં ઢાળવા. સ્વરને લયમાં લેતાં માત્રાની સંખ્યા નિયત-નિશ્ચિત બને તો ગાનને નિબદ્ધ કહેવામાં આવે છે. તાલના બંધનવગર લયથી ઉચ્ચારાય તે પાઠ્ય અને ગવાય ગેય. ઋચાઓનાં પઠન અને ગાન છંદમાં પણ થતા અને સામવેદમાં જેને ગ્રામગેય અને અરણ્યગેય એવા બે પ્રકારો દર્શાવ્યા છે, તેમાં ગવાતા. આવા ગ્રામગેય ઢાળમાં ગુજરાતી મૂળના પણ ઢાળ હશે જ કેમ કે ગુજરાતમાં નાગરોમાં કૌથુમ શાખા છે અને શ્રીમાળી બ્રાહ્મણો સામવેદી છે. અથર્વવેદના ઘડતરમાં, આથવર્ણ પરંપરામાં તો દક્ષિણ ગુજરાતના નર્મદાકાંઠાનું યોગદાન છે. પહેલા આર્મિક વિભાગની ૫૮૫ ઋચાઓમાં છંદગાન છે. કોઈ એક નિશ્ચિત છંદ તેના પરંપરાગત નિશ્ચિત ઢાળમાં ગવાય છે તેમ એક જ છંદની રચના એથી ભિન્ન એવા રાગના ઢાળમાં પણ ગાઈ શકાય. બીજા વિભાગમાં ઉત્તરાર્મિકમાં ત્રણ પદની એક ઋચા હોય છે, આવાં ૪૦૦ ઉત્તરાર્મિકપદોનાં યજ્ઞનિમિત્તે ગાન થતાં. રાજપૂતયુગ વાઘેલા અને સોલંકી રાજવીઓ સુધી ગુજરાતમાં યજ્ઞ,મહાયજ્ઞ,યજ્ઞસત્ર તથાં હતાં. મૂળરાજ સોલંકીએ તો આ માટે જ ઉત્તર ભારતમાંથી એક હજાર બ્રાહ્મણ કુટુંબોને બોલાવી, જમીન-જાગીર આપીને વસાવ્યા. આથી વેદોત્તર કાળમાં, છેક મધ્યકાળ સુધી વૈદિકગાન ગુજરાતના સંગીતનું મહત્ત્વનું અંગ હતું. સામવેદની ઋચાઓ એના ગાનમાં પ્રયુક્ત સ્વરની સંખ્યાને આધારે સંવાદિત થઈ. આર્મિક એટલે એક સ્વરમાં, ગાથિક એટલે બે, સામિક એટલે ત્રણ, સ્વરાંતર એટલે ચાર, ઓડવ એટલે પાંચ, ષાડવ એટલે છ અને સંપૂર્ણ એટલે સાત સ્વરોમાં ગવાતી રચના.[૫]

પં. નારાયણ મોરેશ્વરે ખરેએ દર્શાવેલી વીગતો પ્રમાણે વેદકાળે તત્, વિતત્, સુષિર અને ઘનવાદ્યો-ચર્મવાદ્યોનો વેદકાળે વિકાસ થઈ ચૂક્યો હતો. આ સમયે વેણુ અને વાણ એટલે કે વીણા બન્નેનો ગાનમાં ઉપયોગ થતો હતો. તેના વિવિધ પ્રકારોનો નિર્દેશ વેદમાં છે. સ્વરના મંદ,મધ્ય અને તાર ત્રણે સપ્તકના સ્વરોનો ઉપયોગ થતો હતો. ગાન સામાન્ય રીતે ઉપરના સ્વરેથી આરંભ પામી નીચે ઊતરે છે. આથી અવરોહ ગાનનું લક્ષણ છે. એમાંથી જ વેણુમાં ૫ મ ગ રે સા નિ એવો ક્રમ સિદ્ધ થયો છે,તેવો પં. માણિકબુવા ઠાકુરદાસનો અભિપ્રાય છે.[૭] ગુજરાતનું લોકગીત આદિવાસીઓનાં ગીત પણ ઉપરના સ્વરેથી નીચેના સ્વરે ઊતરવાનું જ લક્ષણ ધરાવે છે.

વેદોત્તર બ્રાહ્મણ,આરણ્યક, ઉપનિષદ અને સૂત્રસાહિત્યનો રચનાકાળ ઈ.પૂ. ૮૦૦ થી ૪૦૦ સુધીનો છે.અહીં વીણાના વિવિધ પ્રકાર, મૂર્છના, ગ્રામ, જાતિ, વાદ્યો અને તેનાં વાદનની વિશેષ વિગતો મળે છે. યજ્ઞ સમયે એક બ્રાહ્મણ અને એક ક્ષત્રિયનું યુગ્મ વીણાવાદન કરતી હોય એવી નિશ્ચિત પરિપાટીનો સંદર્ભ પણ મળે છે. 'છાંદોગ્યોયનિષદ'માં આરંભના જ અધ્યાયમાં સામગાનનું વર્ણન છે. 'ગર્ભોપનિષદ' આરંભે ષડજાદિ સાત સ્વરોનાં નામ અને 'હંસોપનિષદ' વાદ્યોનાં નામ આપે છે. શાંખાયન શ્રોતસૂત્ર ૧૭.૧.૩માં શાંતતંત્રી વીણાના નિર્માણની વિગત છે. લાટધ્યાયન શ્રોત્રસૂત્ર ૪.૨.૧થી ૧૦ માં અલાબુવીણાનો પ્રકાર વીગતે દર્શાવે છે. આ સૂત્રમાં શતતંત્રી વીણાનું પણ વર્ણન છે.

વેદ અને યજ્ઞ સંસ્કૃતિનું પ્રવર્તન ગુજરાતમાં હતું જ, એને દૃષ્ટિમાં લેતાં સંગીતના આ વેદકાલીન સ્વરૂપના જ લક્ષણો ગુજરાતના સંગીતમાં હતા, એમ કહેવામાં અત્યુક્તિ નથી. વેદ પહેલાં અને પછી ગુજરાતમાં ભારત અને વિદેશોમાંથી વિવિધ જાતિસમૂહોનાં આગમન-વસવાટ થયાં તેની જ અસર ગુજરાતમાં ભાષા, સાહિત્ય, સંગીતાદિ કલાઓ, ખાનપાન, વસ્ત્રાભૂષણ વગેરે પર પડી અને ગુજરાતનાં સંસ્કૃતિ અને લોકજીવન ભાતીગળ બન્યાં. પુરાણકાળે શર્યાતો, હૈહયો,

યાદવો, આભીરાંએ ગુજરાતને કાયમી નિવાસ સ્થળ બનાવ્યું. એ ઉપરાંત ગુપ્તકાળ, મૈત્રકકાળ, અનુમૈત્રકકાળ, સોલંકીકાળ, સલ્તનતકાળ, મોગલકાલ, મરાઠા અને બ્રિટીશકાળ સુધીમાં ઈરાની, મિડિયમ, આફ્રિકન જાતિઓ, હૂણ, ખઝર કે ગુર્જર એમ અનેક જાતિઓ આવી ગુજરાતમાં વસવાટ કરતી થઈ. દશમી સદી સુધી આવાં અનેક જાતિ સમૂહોનાં આગમન થયાં. એની જ અસર ગુજરાતના સંગીત પર પડી અને એમાં વૈવિધ્ય આવ્યું.

રામાયણ, મહાભારત, હરિવંશ અને અન્ય પુરાણો, બૌદ્ધ જાતક, જૈન આગમો અને પ્રાકૃત ભાષાના 'ઉપદેશપદ'અને 'વસુદેવહિંડી' જેવા કથાના આકાર ગ્રંથો, સંસ્કૃત કથા સરિતસાગર, વિપુલસંખ્યાના ચરિત્રગ્રંથો, રાસાઓ અને સ્વતંત્રરૂપની કથાની કૃતિઓમાં ભારતીય સંગીતના કેટલાક સ્પષ્ટ અને પ્રગટ નિર્દેશ મળે છે, તેમાં ગુજરાતનો પણ સંદર્ભ મળે છે. 'હરિવંશ'થી માંડીને તે હેમચંદ્રાચાર્યના 'કાવ્યાનુશાસનમ્'ના નાટ્યમીમાંસાના સાતમા અને આઠમા અધ્યાયમાં નાટક જેવી રજુઆતથી કલાના પ્રકારો ગુજરાત રાસગાન અને સંગીત પર પ્રકાશ પાડે છે. 'હરિવંશ'ના વિષ્ણુ પર્વના અધ્યાય ૨૦.૨૫માં હલ્લીશક્રીડ પંક્તિમાં થતું વર્ણવ્યું છે, મંડલમાં નહીં. આજે પણ ઝાલાવાડના ભરવાડોમાં હૂડો પંક્તિમાં લેવાય છે. નૃત્ય અને નૃત જેમ જુદાં છે તેમ આવા નૃત્ય સહચારી સંગીતના સ્વરૂપ પણ જુદાં છે. કેટલાક જાતિગત પંડિતનૃત્યમાં કોઈ રચના ગવાતી નથી, પણ અંગચેષ્ટાના હલન-ચલનમાં ઢોલ વાગે છે. ત્યાં સંગીતમાં જેને પ્રાણભુત માની છે તે સ્વરાભિવ્યક્તિ નથી, છતાં રવ અને લય અને તાલ જેવા સંગીતનો બીજો ઘટક તો છે જ. સસ્વર શબ્દગાનનું સ્વરૂપ તે છાલિક્ય-ગાન હરિવંશ અધ્યાય ૮૯ અને શ્લોક ૬૮ પ્રમાણે તે સશબ્દ, સસ્વર અને વાદ્ય સાથેના નૃત્યગાનનો પ્રકાર છે. એમાં સ્વરોના ષડજાદિ ગ્રામ અને વીણાના વાદનનો વિનિયોગ થાય છે. ભોજકૃત 'સરસ્વતી કંઠાભરણ'માં શૃંગારવીરરસપ્રધાન અર્થાત કથાત્મક, રાસડા- Ballad પ્રકારના કથાગીતની નૃત્યપ્રધાન ગેયરૂપની અભિવ્યક્તિ ધરાવતું દર્શાવ્યું છે. છેક ૧૦ થી ૧૨ મી સદી સુધી હલ્લીશક્રીડ અને છાલિક્યગાનના પ્રકારો અસ્તિત્વ ધરાવતા હતા અને તેમાં કેટલા સ્ત્રી-પુરુષ યુગ્મો ભઆગ લેતાં તેની વીગત પણ પ્રાચીન ગ્રંથોમાં મળે છે. તાળીરાસ, લકુટારાસમાંથી જ ગોફ જેવા વિવિધ પ્રકારો આવ્યાં છે અને તે બધા આજની પરંપરામાં છે. આ પ્રકારની રચનાઓમાં ગવાતાં ગીતોના ઢાળ તે ગુજરાતી સંગીતની મૂળભુત સંપદા છે.

રામાયણ-મહાભારત કાળે ગુજરાતમાં નૃત્ય અને સંગીતના લોકોત્સવોની પરંપરા હતી. મહાભારત આદિપર્વમાં ઉલ્લેખ છે કે અર્જુન ગુપ્તવાસ દરમિયાન સૌરાષ્ટ્રમાં આવ્યો ત્યારે શ્રીકૃષ્ણે રૈવતક પર્વતની તળેટીમાં સંગીત-નૃત્યનો ઉત્સવ ઉજવ્યો, તે આ વાતને પુષ્ટ કરે છે.

સ્વ.શ્રી.જયમલ્લભાઈ પરમારે સૌરાષ્ટ્રના સંગીતની જે રૂપરેખા આપી છે, તે ગુજરાત સમગ્રના સંગીતના ઈતિહાસની દષ્ટિએ પણ ઉપયોગી છે.[૯] તદનુસાર મૈત્રકકાળ પહેલાં મંદિર અને રાજ-દરબારમાં સંગીત ધબકતું હતું. સોમનાથમાં ૩૦૦ જેટલી દેવદાસીઓ નૃત્ય કરતી. ચોથીથી આઠમી સદીમાં વલ્લભીની વિદ્યાપીઠોમાં સંગીતનું શિક્ષણ આપવામાં આવતું હતું. નવમી સદીના રાજશેખરમાં દાંડિયારાસ રમતા, એવો ઉલ્લેખ મળે છે. ૧૧મી સદીનો રા'કવાટ - ગ્રહરિપુ વીણાવાદક હતો. દામોદરકુંડના શિલાલેખ પ્રમાણે જૂનાગઢનો ત્રીજો ખેંગાર નાદવેદમાં પ્રવીણ હતો. ઈ.૧૩૮૧ના સમયના સુત્રાપાડામાંથી મળેલા અભિલેખમાં હસુ અને જાસુ નામની નૃત્ય પ્રવીણ કન્યાઓનો ઉલ્લેખ છે. આ અરસાના મહુવા પાસેની વાવના શિલાલેખ પ્રમાણે વાવ બાંધનાર બ્રાહ્મણનો પુત્ર સુરાજિત ગાંધર્વવેદ - નાટ્યશાસ્ત્રમાં પારંગત હતો. પં. નારાયણ મોરેશ્વર ખરે ગુજરાતની લોકજીવનગત કુળગત સંગીતના વિગતો આપીને ઈ.સ.૧૯૦૫ પછીની રાષ્ટ્રીય ચળવળના ગાળાની ગુજરાતની સાંગિતિક પ્રવૃત્તિનો નિર્દેશ કરે છે અને પ્રો. ગણપતરાવ બર્વે, હરદાસી કથાકાર દાદ મહારાજ, માણભટ્ટ વલ્લભ વ્યાસ અને લલ્લુ વ્યાસ, વડોદરાના મૌલાબક્ષ, ફૈયાઝખાં, ધરમપુરન મહારાજા અને એમના નાનાભાઈ મહારાણા પ્રતાપ દેવજી, ઓંકારનાથ ઠાકુર, માસ્ટર વસંત અમૃત વગેરેની સેવા બિરદાવે છે અને તેમના સમયગાળામાં રચાયેલા ગુજરાતમાં લખાયેલી ૧૬ પ્રકાશિત ગ્રંથોની પણ યાદી આપે છે. ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રગટ થયેલી બે પુસ્તિકાઓ - અંક 'ગુજરાતનું સંગીત અને સંગીતકારો' હરકાન્ત શુક્લ, ઈ.૧૯૭૮ અને બીજી 'ગુજરાતના લડિવાદ્યો' શ્રી. ઈન્દ્રશંકર રાવલ. આ પછી પ્રો. લાભશંકર પુરોહિતે ગુજરાતના સુગમ-સંગીત અને પુષ્ટિમાર્ગીય કીર્તન પર સુદીર્ઘ અભ્યાસનિબંધ આપ્યા. જામનગરના આદિત્યરામ વ્યાસનાં જીવનકાર્યની વિસ્તૃત માહિતી એમના દ્વારા જ પ્રકાશમાં આવી.

આ બધા પ્રયત્નો ગુજરાતના સંગીતના ઈતિહાસની આછી રૂપરેખા બાંધી આપે છે, પરંતુ એનું યુગવાર સ્પષ્ટ ચિત્ર મળતું નથી. સંસ્કૃત, ગુજરાતી, વ્રજ, ચારણી, ઊર્દૂ વગેરે ભાષાઓમાં લખાયેલી અનેક હસ્તપ્રતો છે, પરંતુ તેનું મુદ્રિત સંપાદિત પ્રકાશન થયું નથી. વેદ, પુરાણ, ચરિત, પ્રબંધ

આદિના મહત્વના ગ્રંથો પ્રકાશિત થયા છે, પરંતુ તેને આધારે જેટલા સાહિત્યદૃષ્ટિના અભ્યાસ-સંશોધન થયા એવા એટલા સાંગિતિક દૃષ્ટિએ થયાં નથી.

કેટલીક દંતકથાઓમાં ગુજરાતના સંગીતના કેટલાક પદચિહ્નો છે. નરસિંહ મહેતાએ કેદાર રાગને ગીરવે મૂક્યો, એમનાં પદગાનથી પ્રસન્ન શ્રીકૃષ્ણે રા'મંડળિકની રાજસભામાં હાર પહેરાવ્યો અને વેવાણે ન્હાવા આપેલાં ઊનાં ફફળતાં પાણીને મલ્હારરાગ ગાઈને ન્હાઈ શકાય એવું હુંફાળું બનાવ્યું. આવી સંતચરિતના પરચા પ્રકારની દંતકથાઓ સંગીતનાં ગુજરાતનાં સ્થાન, પ્રતિષ્ઠા અને પ્રભાવની પરિચાયક છે. મીરાં અને નરસિંહ એમના યુગનાં ઉત્તમ ગાયકો હતાં. એમની રચનાઓ રાગાશ્રયી ઢાળોમાં ગવાતી હતી. અને ગુજરાતમાં સારંગ, દેશ, ખમાજ, કેદાર, જય જયવંતી, માંડ, ઝિંઝોટી, વીલૂ, વસંત, મલ્હાર અને એવા બીજા રાગો ગવાતા હતા તે દર્શાવે છે. પ્રેમાનંદાદિ કવિઓની આખ્યાનની રચનાઓના ઢાળ પણ શાસ્ત્રીય રાગ આધારિત દેશીઓમાં ગવાતા હતા. રાગ દીપક ગાવાથી શરીરમાં અસંખ્ય ઉષ્ણતા અનુભવતા તાનસેનને તાના-રીરી નામની બે વડનગરની કન્યાઓએ રાગ મલ્હાર ગાઈ, વરસાદ વરસાવી, શાતા પહોંચાડી એવી દંતકથા પણ ગુજરાતમાં શાસ્ત્રીય-સંગીતની ગાનધારા વહેતી હોવાનું દર્શાવે છે.

ગુજરાતમાં નાયકની કક્ષાના, અર્થાત્ ગાયન-વાદન-પાંડિત્ય-શિક્ષણ એ બધા અંગોમાં નિષ્ણાત સંગીત અને નાટકની કલામાં સોલંકીકાળ પછી પણ હતા, એવું ભવાઈના પિતા અસાઈત નાયક વિશેની દંતકથા સંસિધ્ધ કરે છે. કણબીની પુત્રીને એમણે, અપહરણ કરનાર મુસ્લિમ સરદારને ગાનથી ખુશ કરીને, પોતાની જ પુત્રી છે એવું પુરવાર કરવા એક ભાણે જમીને મુક્ત કરાવી એવી કથા છે. ઔદીચ્ય બ્રાહ્મણોએ અસાઈતને જ્ઞાતિ બહાર મૂક્યા તેથી એમણે 'ભવાઈ' જેવું લોકનાટ્યના મનોરંજક સ્વરૂપ સિધ્ધ કર્યું અને તેમના જ પરિવારના ત્રણ ઘરોમાંથી ત્રિંધરા-તરગાળા એટલે કે ભવાયા એવી કલાકાર જાતિજ્ઞાતિ અસ્તિત્વમાં આવી. ભારતીય કલા અને વિદ્યાઓના વિકાસ માટે મુળરાજ, ભીમદેવ, અને સિદ્ધરાજ જયસિંહ જેવા સોલંકી રાજાઓએ ગુજરાતની અસ્મિતાની જાગૃતિ અને પ્રાપ્તિ માટે જે પ્રયત્નો કર્યા તેનો ઈતિહાસ જાણીતો છે. વેદ,યોગ,શાસ્ત્ર,આયુર્વેદ,સંગીત વેગેરેના વિદ્વાન એક હજાર બ્રાહ્મણોને મૂળરાજ સોલંકીએ ગામ-જમીન જાગીર આપી ઉત્તર ગુજરાતમાં વસાવ્યા. એનું જ પરિણામ અસાઈત ઠાકર. ભીમદેવે ગુજરાતમાં કાષ્ઠમંદિરોને સ્થાને દક્ષિણ ભારતના ચૌલુક્યોના આદર્શે પથ્થરનાં સ્થાપત્યો બંધાવ્યાં. સોમનાથ અને મોઢેરામાં મહાદેવ અને સૂર્યનાં મંદિરોમાં ત્યાર પછી જ નૃત્ય અને સંગીત જેવી કલાઓનો ઉત્કર્ષ થયો. લુપ્ત થતી પરંપરાઓને જીવનદાન મળ્યું. સિધ્ધરાજે માળવા જીતી ગ્રંથાગાર લૂંટ્યા અને વિદ્યાના ઉત્તમ ગ્રંથોની હસ્તપ્રતો ઉતરાવી, ગુજરાતના ગામે ગામ પહોંચાડી લુપ્ત થતા વિદ્યાભ્યાસનાં ગુજરાતમાં નવાં મૂળ બાંધ્યાં. સિધ્ધરાજ જયસિંહના મૃત્યુ પછી, એમના તરફના દ્વેષને કારણે કેટલાક પ્રબંધો અને કથાઓએ ઈતિહાસને ખાસ હેતુએ વિકૃત કર્યો છે, એથી, પછીના લિખિત દસ્તાવેજોને જ આધાર માનીને ચાલવાથી, આઠમીથી બારમી સદી સુદીમાં ગુજરાતમાં વિદ્યાઓ અને કલાઓનો જે વિકાસ થયો, તેવું વાસ્તવિક ચિત્ર મળી શક્યું નથી. પરંતુ કનોડા જેવા પાટણના નાનકડા ગામડાંમાથી પણ વિશ્વનાથ જાની જેવા કવિ અને જૈનધર્મના યશોવિજયજી જેવા યોગશાસ્ત્રના ઉત્તમ મેધાવી પંડિત મળ્યા અને ઊંઝા જેવા ગામમાંથી 'હંસાઉલી' જેવી પદ્યકથા અને સંગીતાત્મક લોકનાટ્ય ભવાઈના સ્થાપક અસાઈત ઠાકર મળ્યા, તે જ દર્શાવે છે કે સોલંકી રાજવીઓએ પુષ્ટ કરેલાં ગુજરાતનાં વિદ્યા-કલાદિનાં મૂળ કેટલાં વિકસિત બન્યાં ! કાલિદાસસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય અને વસ્તુપાલ-તેજપાલના વિદ્યામંડળના પંડિતો અને સર્જકોથી અભ્યાસીઓ જેટલા પરિચિત છે એટલા દંતકથામાં દબાયેલા સર્જકો, પંડિતો, કલાકારોથી પરિચિત નથી. મુસ્લિમ અને મુગલકાળમાં સંગીતના ગ્રંથો રચાયા તેમાં હિંદુ ગાયકો-વાદકો વિશે મૌન સેવાયું એવો જ ઘાટ સિધ્ધરાજ પછીના સમયગાળાના પ્રબંધો અને ચરિતોમાં થયો હોવાની સંભાવના તપાસવા જેવી છે. ગુજરાતની સંગીતકલા માટે સોલંકીયુગ સુવર્ણકાળ જેવો હતો. (ક્રમશઃ)

ટીપનોંધ

૧. લોકવિદ્યા વિજ્ઞાન, ડૉ. હસુ યાજ્ઞિક, યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ, અમદાવાદ ઈ. ૨૦૦૦, પ્રકરણઃ લોકસંગીતનો આરંભનો ભાગ

૨. ગુજરાતની લોકવિદ્યા, ડૉ. હસુ યાજ્ઞિક, નેશનલ બુક ટ્રસ્ટ ન્યૂ દિલ્હી, ઈ. ૨૦૦૦ પૃ. ૨.

૩. વિશ્વના પ્રાચીન ધર્મો ગુપ્ત સાધના, ડૉ. હસુ યાજ્ઞિક, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૪, પ્રકરણ : સર્પપૂજા.

૪. ગુજરાતમાં સંગીતનું પુનઃર્જીવન, પં. નારાયણ મોરેશ્વર ખરે, સંપાદક : પુરુષોત્તમ ના. ગાંધી નવજીવન, અમદાવાદ, ૧૯૩૯, પૃ. ૧૫૮-૨૦૩

૫. ભારતીય સંગીતનો વિકાસ, અમુભાઈ દોશી, યુનિ. ગ્ર. નિ. બોર્ડ, અમદાવાદ, ઈ. ૧૯૭૫ પૃ. ૧૩.

૬. ક્રમાંક ૪નું પુસ્તક

૭. રાગદર્શન, ભાગ-૧, પં. માણિકબુવા ઠાકુરદાસ, કૃષ્ણા બ્રધર્સ, અજમેર, ઈ. ૧૯૮૭, પૃ. ૫-૧૪

૮. લોકસાહિત્યઃ તત્ત્વ દર્શન અને મૂલ્યાંકન, જયમલ્લ પરમાર, સં. બળવંત જાની, ગુજ. સા.અ. ગાંધીનગર, ઈ. ૧૯૯૧, પૃ. ૬૫૧-૬૫૭.

## અડકો દડકો

# એક હતી ઝીલીમીલી

યોસેફ મૅકવાન

સવારનો સમય હતો.

વનવગડામાં હલકે હલકે હેલ્લારા મારતી હવા વહી રહી હતી. મેદાનમાં લીલમ્ લીલું ઘાસ ફરફરતું હતું. તેમાં વચ્ચે એક નાનકડી કેડી હતી. એ કેડી પર ખિસકોલીનું એક બચ્ચું ચાલ્યું જતું હતું. એનું નામ ઝીલીમીલી. ઝીલીમીલી ખૂબ આનંદમાં હતી. એ કૂદતી- ઠેકતી મસ્તીથી ગીત લલકારતી હતી.

સૂરજ સોનાનો
વગડા માથે ઝૂલે રે...
ચાંદો રૂપાનો
વગડા માથે ઝૂલે રે...
ચારે બાજુ ફૂલે ફૂલે રે
પતંગિયાં કૈં ઝૂલે રે ....મારે આંગણિયે...

આમ ગાતી - ઠેકતી કૂદતી જતી ઝીલીમીલીએ એક ઝાડ પર મેના-પોપટને જોયાં. બોલી, 'ગુડ મૉર્નિંગ !'

'ગુડ મોર્નિંગ ઝીલીમીલી !' બોલતાં મેનાપોપટ ફર્ર્ર્ર્ કરતાં ઝીલીમીલી પાસે ઊતરી આવ્યાં.

ઝીલીમીલીએ પૂછ્યું, 'આજે કયો વાર થયો ?'

'રવિવાર....બીજી ઑક્ટોબર !' મેના-પોપટ સાથે બોલ્યાં.

'યાદ છે ને આ દિવસ ?' ઝીલીમીલી હસીને બોલી.

મેના-પોપટ એકબીજાંની સામે જોઈ બોલ્યાં, 'આજે ? આ દિવસ ? ખ્યાલ નથી આવતો કંઈ ! ઝીલીમીલી, તું જ કહેને....'

'યાદ કરો ...યાદ આવશે...' કહેતાં ઝીલીમીલી ત્યાંથી આગળ ચાલી ને ગીત લલકારવા લાગી...

સૂરજ સોનાનો
વગડા માથે ઝૂલે રે...
ચાંદો રૂપાનો
વગડા માથે ઝૂલે રે...

એટલામાં ચીં ચીં ઉંદરડી ઝીલીમીલીને મળી. બોલી, 'હેલો ઝીલીમીલી ! ગુડ મૉર્નિંગ !'

ઝીલીમીલી છેક તેની પાસે પહોંચી, બોલી, 'ગુડ મૉર્નિંગ ચીં ચીં.'

ચીં ચીં ઉંદરડી બોલી, 'કેમ છે ખલુ આન્ટિ,...મજામાં છે ને ?'

'હાં..હાં....મમ્મી તો પેલા ઝરણાં બાજુ ગઈ છે..' ઝીલીમીલીએ જવાબ આપ્યો. પછી ચીં ચીં ઉંદરડીને પૂછ્યું, 'આજે શો વાર થયો ?'

ચીં ચીં ઉંદરડી ફટ્ બોલી, 'રવિવાર...બીજી ઑક્ટોબર !'

ઝીલીમીલી તરત બોલી, 'યાદ છે ને આજે શું છે તે ?'

'હાં..હાં.. પેલા મહાત્મા ગાંધીજીનો જન્મ દિવસ. લુખ્ખાની જેમ બધા ઊજવશે.. કોઈ પાર્ટી બાર્ટી જ નહીં. કશું સારું ખાવા ન મળે !' ચીં ચીં ઉંદરડી રોષમાં બોલી ગઈ.

ઝીલીમીલી ખિસકોલી ગુસ્સે ભરાઈ. મોં ચડાવી બબડતી બબડતી આગળ ચાલી.

આગળ રસ્તામાં તેને પછી તો કાળુ કાગડો-કાગડી, કીટી કોયલ મળ્યાં. હૂપ હૂપ કરતો મણુ માકડો મળ્યો, સોનુ સસલો સસલી મળ્યાં. બધાંએ એક જ જવાબ આપ્યો : ગાંધી માત્માનો જન્મ દિવસ.

મનમાં ને મનમાં બોલી : કેવા છે બધાં ? ગયે વરસે મેં અને મારી મા ખલુએ કેવો સરસ રીતે ઊજવ્યો હતો મારો આ જન્મ દિવસ ! ત્યારે બધા કેતા'તા - ઝીલીમીલી આવતે વરસેય આપણે તારો જન્મદિન આનાથી સરસ રીતે ઊજવીશું હં ! તું નવી નવી જાતની ચોકલેટો લાવજે સફરજન આકારનું મોટું કેક બનાવડાવજે અને કેળાના આકારની બોટલમાં શરબત...આજે આપ્યું એવું જ હં ... અરેરેરે...! આ બધાં એ ભૂલી ગયા આજે મારો જન્મદિવસ છે એ કોઈનેય યાદ ના રહ્યું ! ત્યારે તો બધાએ સાથે મળી કેવું ગાયું હતું -

હૅપ્પી...હૅપ્પી
બર્થ.....બર્થ
ડે.....ડે...ઝીલીમીલીને..

ખૂબ ખૂબ શુભેચ્છાઓ હો જો ઝીલીમીલીને...

-ત્યારે કેવી મજા પડી હતી એ દિવસે ! આજે આ બધાને એમાનું કશું યાદ નથી.

ઝીલીમીલી ઉદાસ થઈ ગઈ. ખલુએ પણ સવારે યાદ ના કર્યું. બપોરે ઘેર ગઈ... કંઈ નહીં અને એ ઊંઘી ગઈ.

સાંજ પડી.

ઝીલીમીલી ઊંઘતી હતી ત્યાં ગલુ ગલુડિયું આવ્યું. છેક ઝીલીમીલીના કાન પાસે મોં રાખી ...ઉ ઉ ઉ....કર્યું.

ઝીલીમીલી ઝબકીને જાગી ગઈ. બોલી, 'ગલિયા...આવું કરાય..? હું તો બી જ ગઈ !'

ગલુ બોલ્યો, ' હેપી બર્થ ડે ઝીલીમીલી..!'

ઝીલીમીલીને ખૂબ ગમ્યું. તે દરમાં ગઈ અને એક ચૉકલેટ લાવી.

ગલુને આપી પછી બોલી, 'બોલ ગલુ... મારો જન્મદિવસ કોઈનેય યાદ નથી. બધા મળ્યા પણ કોઈએ મને-

'જવા દેને ઝીલીમીલી..ચલ મારી સાથે આપણે દૂર પેલા ઝરણા પાસે રમીએ...!' ગલુ ગલુડિયાએ કહ્યું.

'પણ પાછા ફરીશું તો અંધારું થઈ જશે. એના કરતા અહીં જ રહેને.હું બીજી ચોકલેટ આપું!' ઝીલીમીલી ઉત્સાહમાં બોલી.

'ના ચાલ ઝરણા પાસે..' કહી ગલુ એને મોંમા પકડી ઝરણાં તરફ ભાગ્યું. છેક ઝરણા પાસે આવ્યાં, ત્યારે એને મૂકી દીધી ઝીલીમીલી કહે 'ગલુ કેવું એકલું એકલું લાગે છે અહીં ચારે બાજુ સૂનકાર છે.' થોડીવાર થઈ ત્યાં ચારેબાજુ સળવળાટ થયો. ઝીલીમીલીએ જોયું તો...મેના-પોપટ, સોનું સસલો-સસલી, ચીં ચીં ઉંદરડી અને તેની ચીમી મા ચીમુ બાપા, કીટી કોયલ, મણુ માકડો..વગેરે. નાચતાં..ઊડતાં...કૂદતાં ગાતાં આવ્યાં...

હેપ્પી...હેપ્પી

બર્થ.....બર્થ

ડે.....ડે...ઝીલીમીલી..

રહે તંદુરસ્તી સદા ખીલી ખીલી...

પછી તો ઝરણાં પાસેના ઝાડ પર લાઈટો ઝળહળી ઊઠી. પથ્થર પર સફરજન આકારનું મોટું કેક જોઈ ઝીલીમીલીની આંખમાં હરખના આંસુ આવ્યાં. મા ખલુએ કહ્યું. 'બેટા ઝીલીમીલી..અમે બધાંએ નક્કી કર્યુ હતું કે તને સરપ્રાઈઝ પાર્ટી આપવી...આવ કેક કાપ..'

ઝીલીમીલીએ કેક કાપ્યું. બધાંએ ખાધું અને ગીતો ગાયા...નાંચ્યા...કૂદ્યાં...

ઝીલીમીલી મનમાં ને મનમાં પોતાને કહેવા લાગી : હું મૂરખી લોકોનાં પ્રેમને જોઈ જ ના શકી...આ લોકો મને કેવું ચાહે છે...થાય છે વરસગાંઠે કોઈની પાસે પ્રેમ સિવાય કંઈ આશા ન રાખવી...

ઝાડ પરની લાઈટોનું ઝરણુંય મલકી રહ્યું.

*

# રંગ દે...રંગ દે...?

અંજના ભગવતી

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. બ્રહ્માએ પૃથ્વીનું સર્જન કર્યું. પૃથ્વી પર પહાડ, નદી, દરિયો અને ઝરણાં બનાવ્યાં. પૃથ્વી પર વૃક્ષ, વેલ, છોડ, અને ઘાસ બનાવ્યાં. તેમાં પશુ, પક્ષી, જીવજંતુનું પણ સર્જન કર્યું. બ્રહ્મા સર્જનમાં મશગુલ. જાતજાતનાં વૃક્ષો અને જાતજાતનાં ફૂલ, ફળ અને પાન બનાવ્યાં. જાતજાતનાં જંતુ, માછલી અને પક્ષીઓ પણ બનાવ્યાં. ખૂબ વિવિધતા પણ તોય કાંઇક ખૂટતું લાગે. બ્રહ્મા વિચારે કે આ મારા સર્જનમાં શું ખૂટે છે ? વસ્તુ, પશુ, પક્ષી, ઘાસ, વૃક્ષ બધાં જ રંગ વગરનાં. બ્રહ્માએ વિચાર્યું કે રંગ વિનાની પૃથ્વીમાં મજા નથી. આ કામ હું કોઈને સોંપી દઉં અને પૃથ્વીને રંગબેરંગી કરાવી દઉં.

આ કામ માટે બ્રહ્માએ પરીઓને બોલાવી. બ્રહ્માનો આદેશ થયો એટલે બધી પરીઓ હાજર થઈ ગઈ. બ્રહ્માએ પરીઓને કહ્યું કે પૃથ્વી પરની દરેક વસ્તુ અને જીવમાં તમારે રંગ પૂરવાનો છે. રંગ વગરની પૃથ્વી નીરસ લાગે છે એટલે તમે તમારી કલ્પના પ્રમાણે પૃથ્વીને રંગોથી ભરી દો. પરીઓ આ વાત સાંભળીને રાજી રાજી થઈ ગઈ. બ્રહ્માએ આટલું સુંદર અને મહત્ત્વનું કામ તેઓને સોંપ્યું તેથી તેમને કામ કરવાનો ઉત્સાહ આવી ગયો. બ્રહ્માએ પ્રાણીજગતને રંગો પૂરવા માટે ખાસ સૂચના આપી. પ્રાણીમાં રંગો પૂરો ત્યારે આટલી વસ્તુનો ખ્યાલ રાખીને રંગની પસંદગી કરજો કે પ્રાણી રંગને લીધે આકર્ષક લાગે અથવા રંગને લીધે પરિસરમાં ભળી જાય તેથી તેનું રક્ષણ થાય અથવા ઝેરી પ્રાણીઓની બીજાં પ્રાણીઓને ચેતવણી મળે. આમ, આવા ઉદ્દેશ સાથે રંગ પૂરજો. આ એક આદેશથી બ્રહ્માએ પરીઓનું રંગપૂરણીનું કામ ખૂબ વિચાર માગે તેવું અઘરું કરી દીધું. પરીઓ કહે, 'સારું, અમને આશીર્વાદ આપો કે અમે અમારું કામ સારી રીતે, સંતોષકારક રીતે પાર પાડી શકીએ.' બ્રહ્માએ કહ્યું, 'તથાસ્તુ. મારા આશીર્વાદ તમારી સાથે જ છે. હું આકાશમાં મેઘધનુષ રચી દઉં છું. તેમાંથી તમારે જોઈતા જાતજાતના રંગો તમને મળી રહેશે.'

પરીઓ તો પૃથ્વી પર ઊતરી આવી. સૌપ્રથમ પૃથ્વી પરના પહાડ, પથ્થર, નદી, દરિયો અને ઝરણાંમાં રંગ પૂર્યા. ત્યાર બાદ ઝાડપાનમાં રંગ પૂર્યા. પાંદડાં લીલાં, થડમાં કથ્થઈ અને ફળ-ફૂલ આકર્ષક વિવિધ રંગોમાં રંગ્યાં. બ્રહ્માની કૃપાથી વડના એક ઝાડમાં રંગ પૂરે અને પૃથ્વી પરના બધા વડમાં એવા રંગો પુરાઈ જાય અને કામ સહેલું થઈ જાય. આ રીતે વૃક્ષ, વેલા, છોડ, ઘાસ સર્વ વનસ્પતિમાં રંગો પૂરી દીધા.

હવે વારો આવ્યો પ્રાણીસૃષ્ટિનો જ ખરે -- અઘરું કામ હવે આવ્યું. ઘણાં પ્રાણીઓને આકર્ષક બનાવવા રંગ પૂરવાના. ઘણાં પ્રાણીઓને તેમના પરિસરમાં ભળી જાય તેવા રંગ પૂરવાના, જેથી તે ભક્ષક પ્રાણીની નજરે જલદીથી ચડી ન જાય. ઘણાં ઝેરી પ્રાણીઓ જેવા કે અમુક સાપ, જંતુ વગેરેને બીજાં પ્રાણીઓને ચેતવણી મળી જાય તેવા રંગવાનાં, જેથી તેમના પરિસરમાં તરત દેખાઈ જાય.

પરીઓએ પ્રાણીસૃષ્ટિમાં સૂચના મોકલી : કાલે સવારે તમે બધાં વારાફરતી આવી જજો એટલે અમે તમને રંગી કાઢીશું.

બીજે દિવસે સવારના વહેલા મોર તથા કૂકડો પરી પાસે જઈ પહોંચ્યા. પરીઓએ મોરમાં સુંદર રંગ પૂર્યો. પીંછાંમાં, કલગીમાં, પાંખોમાં, ડોકમાં સુંદર રંગોથી મોરને શણગાર્યો. મોર તો ખુશ થઈને ઠુમક ઠુમક નાચવા લાગ્યો. પરીઓ પણ મોરનું નૃત્ય જોઈને ખુશ થઈ ગઈ. પછી કૂકડાનો વારો આવ્યો. પરી કહે, કૂકડાભાઈ તમે સૌને રોજ સવારે કૂકડે કૂક કરીને ઉઠાડો છો એટલે તમને પણ અમે સુંદર શણગારીશું, જેથી સવારના પહોરમાં તમને જોઈને બધાંની સુંદર શરૂઆત થાય. કૂકડો આ સાંભળી રાજી થઈ ગયો. પરીઓએ તેનાં પીંછાંમાં જાતજાતના રંગો ભર્યા. કલગી, પાંખો, ચાંચ વગેરે પણ સુંદર બનાવ્યાં. કૂકડો તો પોતાના રંગો જોઈને રાજી થઈ કૂકડે કૂક કૂકડે કૂક બોલવા લાગ્યો. પછી તો જાતજાતનાં પક્ષીઓ આવ્યાં, લક્કડખોદ, કલકલિયો અને પતંગિયાંને વિવિધ આકર્ષક રંગોથી રંગ્યાં. પછી કોનો વારો આવ્યો ખબર છે? બતક, હંસ, ફ્લૅમિંગો, બગલાં વગેરે. તે બધાંને સફેદ રંગથી રંગ્યાં. પરીઓએ સફેદ રંગ કેમ પસંદ કર્યો હશે ? આ બધાં પક્ષીઓ શિયાળામાં લાંબી સફર ખેડીને ઠંડા પ્રદેશમાંથી ગરમ પ્રદેશમાં આવે છે. આથી સફેદ રંગને લીધે કદાચ આકાશમાં અને વાદળમાં ભળી જાય તે કારણ હશે ?

પછી વારો આવ્યો પતંગિયાંનો. પતંગિયાં તો ફૂલોમાં રહે એટલે એમને પણ ફૂલો જેવાં જ રંગબેરંગી બનાવ્યાં, જેથી ફૂલો જેવાં જ લાગે. ત્યાર બાદ પાણીમાં રહેતી માછલીઓનો વારો આવ્યો. પરીએ માછલીને પણ વિવિધ રંગોથી આકર્ષક બનાવી.

હવે ચોપગાં પ્રાણીનો વારો આવ્યો. સૌ પ્રથમ હરણ આવ્યાં. હરણને સૂકાં ઘાસના રંગમાં ભળી જાય તેવા સોનેરી રંગે રંગ્યાં. વાઘને જંગલની હરિયાળીમાં છુપાવા માટે શરીરે કાળા પટ્ટા કર્યાં, જેથી લપાઈ-છુપાઈને તે બીજાં પ્રાણીનો શિકાર કરી શકે. સિંહને સૂકા ઘાસ જેવો રંગ તો ઊંટને રણની રેતમાં ભળી જાય તેવો રંગ. ગાય, બકરી, કૂતરા, બિલાડી, ઘોડા, ઘેટાં વગેરે પાલતુ પ્રાણીઓને વિવિધ રંગે રંગ્યાં. એટલે જ આપણે કાળી, ધોળી, રાતી ગાય જોઈએ છીએ.આખો દિવસ આમ પૂરો થવા આવ્યો. ઝેરી જંતુઓ તથા ઝેરી સાપને એકદમ દેખાઈ આવે તેવા રંગથી રંગ્યાં, જેથી તેમના પરિસરમાં એકદમ દેખાઈ આવે અને બીજાં પ્રાણીઓ ચેતીને દૂર ભાગી જાય.

આમ, બધું કામ પૂરું થયું. હવે પરીઓ પણ થાકી ગઈ. બધા વધેલા રંગો નાખ્યા એક ખાબોચિયામાં અને પીંછીઓ બધી ધોઈ કાઢી. પરીઓ હાશ કરીને બેઠી. ત્યાં તો ભેંસ, હિપ્પો, હાથી, ગેંડો વગેરે પ્રાણીઓ આવ્યાં. આ બધાંને જોઈને પરીઓને મનમાં ફાળ પડી. અરે, તમે કેમ રહી ગયાં ? સમયસર આવ્યાં નહીં. હવે શું કરીશું ? આ પ્રાણીઓ પણ નિરાશ થઈ ગયાં. એક પરીને ઉપાય સૂઝ્યો, 'ચાલો તમે બધાં પ્રાણીઓ આ ખાબોચિયામાં ઊતરી જાઓ. તમને બધાંને ભૂખરો રંગ લાગી જશે.' વાહ ભાઈ વાહ; આ તો ખૂબ મજા. બધાં પ્રાણી પાણીના ખાબોચિયામાં પડ્યાં અને ભૂખરા રંગે રંગાઈ ગયાં.

જુઓ બાળદોસ્તો ; હવે તમે પણ તમારી આસપાસ નજર કરો ત્યારે વિચારજો કે પરીએ કેમ આ પશુઓ, પક્ષીઓ ને જીવજંતુમાં આવા રંગો કર્યા હશે ? ❐

અનુસંધાન) મારી નિશાળ (પૃ. ૮૦૩થી સર્વસ હતું. એ માત્ર સ્થળ નહોતું. કશુંક વિશેષ હતું. જ્યાં જવા મન તલપતું રહેતું. મોડા નિશાળે જવાનું મને ગમતું નહોતું. જમું નહીં પણ નિશાળે તો સમયસર જ પહોંચી જાઉં. મોડું થાય ત્યારે રડવું આવી જાય. સમૂહપ્રાર્થના મને ખૂબ ગમતી. બંધ આંખે મોટેથી ગાવાનું - 'અસત્યોમાંથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.' સત્ય શું ? અસત્ય શું ? ક્યાં ખબર હતી ત્યારે. પણ 'અમૃત સમીપે લઈ જા' એ વાત ખૂબ ગમતી. 'અમૃત' એ કશુંક અદ્‌ભુત છે એટલી ખબર પડતી. એટલું જ્ઞાન હતું. એની નજીક જવાની વાત હતી. સમુદ્રમંથનમાંથી અમૃત નીકળ્યું હતું એ બાએ કહેલી વાર્તા યાદ આવી જતી. પ્રાર્થનામાં હારબંધ શિક્ષકો બેસતા. કેવા હતા એ શિક્ષકો ! બધા જ ધોતિયું પહેરતા. માથે ટોપી હોય. ટોપી વગરનો શિક્ષક... જાણે ઝાડનું ઠૂંઠું ! નિશાળ બહાર પણ એ શિક્ષક મળે તોપણ મસ્તક એમ જ નમી જતું. ક્યાં ગયા એવા શિક્ષકો ? ક્યાં ગઈ એ નિશાળ ? મકાન તો આજે ય ઊભું છે. વૃદ્ધ થઈને. મેડી ઊતરી ગઈ છે ! સમયે મને પણ ક્યાં કિશોર રહેવા દીધો છે !

ચાર ધોરણ ભણીને તાલુકાશાળાએ ભણવા ગયો. જૂનું પુરાણું મકાન, વિશાળ ક્રીડાંગણ. અલગ ઉદ્યોગખંડ, આંબલીના વૃક્ષોથી ઘેરાયેલી એ શાળા. માત્ર એક વર્ષ ભણ્યો પણ ભૂલ્યો નથી એ શાળાને. પરંતુ મારી નિશાળ તો ત્રણ નંબરની જ. જાણે મારું સંસ્કારપારણું ! જાણે મારું ઘર ! સુવિધા નામે ત્યાં શૂન્ય. પણ એ હતી ભણતરની ભાવભૂમિ. સંસ્કારની શ્રીભૂમિ. મારી એ ત્રણ નંબરની નિશાળ કેવી નજરે જુએ છે મને ! ક્યારેક હરખાય છે. ક્યારેક ધીમા અવાજે રાવ કરે છે. ક્યારે ખબરઅંતર પૂછે છે. ક્યારેક લાલ આંખ કરીને ઠારે છે મને. અને હું બંધ આંખ કરીને પ્રણમી રહું છું મારી નિશાળને. ❐

## કંકાવટી

### દેશની એક માત્ર મહિલા ટ્રેન-ડ્રાઈવર

**સુરેખા યાદવ**

મુંબઈ મહાનગરીના શ્વાસ કે નાડી સમી ત્યાંની લોકલ ગાડી આ મહાનગરને એક છેડેથી બીજા છેડા સુધી જોડવાનું કામ કરે છે. નવ ડબ્બા અને બાર કંપાર્ટમેન્ટમાં તેની ક્ષમતા કરતાં ચારથી પાંચ ગણાં વધારે લોકો ભરાતાં હોય છે. લગભગ એક સાથે ૨૦-૨૫ હજાર લોકો ગાડીઓમાં હોય છે એ જાણીને નવાઈ લાગશે, પણ આ તમામ લોકોની જવાબદારી દેશની એકમાત્ર મહિલા ટ્રેન-ડ્રાઈવર તરીકે સુરેખા યાદવ સંભાળે છે!

સુરેખાને જોતાં તમે માની પણ ન શકો કે આ મહિલા એકમાત્ર સ્ત્રી મોટરમૅન તરીકે આટલી ઉત્તમ સેવાઓ આપી રહી છે!

મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં મધ્યમવર્ગીય ખેડૂત પરિવારમાં જન્મ. નામ સુરેખા. ભણવામાં શરૂઆતથી જ સારી હતી. તેનો ટેક્નિકલ અને મિકૅનિકલ વસ્તુઓના રિપૅરિંગમાં રસ જોતાં તેના પિતાએ તેને પોલિટેક્નિકલ કૉલેજમાં અભ્યાસ માટે મોકલી. ત્યાં તે એકમાત્ર વિદ્યાર્થિની તરીકે ઈલેક્ટ્રિક એન્જિનિઅરીંગની બૅચમાં હતી. ત્યાર બાદ તેણે રેલવે બોર્ડની ભરતીમાં આસિસ્ટન્ટ-ડ્રાઈવરની પોસ્ટ માટે અરજી કરી. સુરેખા એ માટેની લેખિત પરીક્ષા, ઈન્ટર્વ્યૂ તેમ જ મેડિકલ ટેસ્ટમાં પણ ઉત્તીર્ણ થઈ. ૧૯૮૯માં તેને ભારતીય રેલવેમાં આસિસ્ટન્ટ ડ્રાઈવરની પોસ્ટ મળી. ત્યાર પછીના તાલીમના સમયગાળા દરમિયાન એન્જિન, સિગ્નલ, ગુડ્સ, ટ્રેન ચલાવવી, તેના પાર્ટ્સની માહિતી તેમ જ સમારકામ વગેરેની જાણકારી મેળવવી એ કોઈ સરળ કામ ન હતું. આવી સખત કસોટીમાં તે સતત આગળ વધતી રહી અને સૌપ્રથમ તેને માલગાડીમાં આસિસ્ટન્ટ ડ્રાઈવર તરીકેનો કાર્યભાર સોંપાયો. ગુડ્સ ટ્રેનમાંથી લોકલ ટ્રેનમાં ડ્રાઈવર બનવું પણ કોઈ આસાન કામ નથી. તેથી તેમાં પણ બે વર્ષ જેટલો સ્વાભાવિક જ સમય લાગ્યો. આ એક પડકારરૂપ કામ હતું. આજે છેલ્લાં બાર વર્ષથી તે સેન્ટ્રલ રેલવેમાં મોટરમૅન છે.

સાત કલાકની ફરજમાં તેને પૂરેપૂરું સિગ્નલ પર ધ્યાન આપવું પડે છે. તેને સીએસટીથી બદલાપુર કે સીએસટી-ઘાટકોપાર બે રાઉન્ડ લગાવવા પડે છે. તેના કામમાં લાપરવાહીને લેશમાત્ર અવકાશ નથી, કારણ કે હજારો લોકોનાં જીવન તેના હાથમાં હોય છે. આ ક્ષેત્રમાં એક સ્ત્રી તીરકેનો કોઈ ફાયદો તેને મળ્યો નથી કે તેણે તે મેળવવાની આશા પણ કદી રાખી નથી.

ઘણી વાર મુંબઈ ઉપરનગરની ગાડીઓ ટેક્નિકલ ખરાબીને કારણે મોડી ચાલે છે, આવે વખતે ભીડ બેકાબૂ થઈ જતી હોય છે. ઘણી વાર તો લોકો મોટર ડ્રાઈવર પર જ પથ્થરમારો કરતા હોય છે કે હુમલો પણ કરે છે. સુરેખા જણાવે છે કે આવા સમયે લોકો તેના પર પથ્થરમારો કે હુમલો કરવાને બદલે સન્માનથી જુએ છે. કદાચ સ્ત્રી હોવાનો માત્ર આ એક જ ફાયદો છે. ઘણી વાર સિગ્નલ બગડવાને કારણે સૂમસામ જગ્યાએ પણ ગાડી ઊભી રહી જાય છે, પણ સુરેખાએ ક્યારેય કોઈ ડર અનુભવ્યો જ નથી. તે પોતે મુંબઈને સ્ત્રીઓ માટે બીજાં શહેરોની સરખામણીએ સૌથી સુરક્ષિત શહેર માને છે.

('સંદેશ'માંથી સાભાર)

પ્રિય ગ્રાહક,

કાગળ, મુદ્રણ અને અન્ય સામગ્રીના ભાવમાં થયેલ અસહ્ય વધારાને લીધે તેમજ સેલ્સટૅક્ષ અને અન્ય આર્થિક કારણોસર આપના પ્રિય 'કુમાર' માસિકના લવાજમમાં માત્ર રૂ.૫૦નો નજીવો વધારો કરવામાં આવે છે.

ગ્રાહકોને સારું વાચન વાજબી કિંમતે મળી રહે એવું 'કુમાર ટ્રસ્ટ' ઇચ્છે છે અને તે માટે વચનબદ્ધ છે, પરંતુ સંજોગોવશાત્ કરવામાં આવેલો આ નજીવો લવાજમવધારો 'કુમાર'નાં સુજ્ઞ વાચકો નિભાવી લેશે તેવી અમારી નમ્ર વિનંતી છે. તંત્રી- ધીરુ પરીખ

**જાન્યુઆરી ૨૦૦૫થી લવાજમના નવા દર**

| | |
|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. ૨૦૦ |
| ત્રિવાર્ષિક લવાજમ | રૂ. ૫૦૦ |
| પંચવાર્ષિક લવાજમ | રૂ. ૮૦૦ |

પરદેશમાં વાર્ષિક લવાજમ હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫, અથવા રૂ. ૧૦૦૦

- ૩૧ ડિસેમ્બર ૨૦૦૪ સુધી ગ્રાહક બનનાર માટે લવાજમ જૂના દર પ્રમાણે જ સ્વીકારાશે.
- જાન્યુઆરી ૨૦૦૫થી લવાજમના ઉપરોક્ત દર અમલમાં આવશે તેની સૌ ગ્રાહકોએ નોંધ લેવી.
- ચેક કે ડ્રાફ્ટથી રકમ મોકલતી વખતે 'કુમાર ટ્રસ્ટ'ના નામનો જ તે લખવો. બહારગામની બૅન્ક પરનો ચેક હોય તો રૂ. ૨૫ ઉમેરી મોકલશો. મનિઑર્ડરથી રકમ મોકલતી વખતે આપનું નામ, સરનામું અને ગ્રાહકનંબર સુવાચ્ય અક્ષરે લખશો.
- લવાજમ માટેની રકમ 'કુમાર ટ્રસ્ટ' ૧૪૫૪, રાયપુર ચકલા, બઉવાની પોળ સામે, અમદાવાદ - ૩૮૦૦૦૧ સરનામે સત્વરે મોકલી આપશો.

## ગઝલના છંદવિચાર વિષે

**મૌન બલોલી**

બૃહત્પિંગળમાં અરબી છંદો સમજાવવાનો પ્રશંસનીય પ્રયાસ રામાનારાયણ પાઠકે કર્યો છે. પરંતુ છંદનું સ્વરૂપ ધ્વનિમેળ હોવાથી એ સાચી રીતે સમજાવી શક્યા નથી. એનો એમણે એકરાર પણ કર્યો છે. સંસ્કૃત જાતિ-છંદોના આધારે એમણે ગઝલના છંદોનો મેળ બેસાડ્યો હોવાથી સાચો મેળ મેળવી શક્યા નથી.

ગઝલના પહેલા સાત છંદ-ગણ વિષે એ જણાવે છે કે :'આ બધા છંદો આવૃત્ત સંધિ છે. તેમનો મેળ સંધિના આવર્તનોનો છે. એ સ્પષ્ટ છે. અને ફારસી પિંગળમાં આ અર્કાન મુખ્ય છે. એ જોતાં આટલા ઉપરથી ગઝલનો મેળ માત્રમેળી છે એવું કહેવામાં કશુ સાહસ નથી. પણ આ સિવાયના ફારસી છંદો પણ માત્રામેળના ધોરણે જ વિસ્તાર પામે છે. એના પણ પુષ્કળ દાખલા મળી રહે છે.'

'ગઝલનો મેળ માત્રામેળી છે.' એવી માન્યતા એમની ભૂર ભરેલી છે. કારણે કે સંધિના આવર્તનોનો મેળ એટલે કે જે સાંભળીએ છીએ તે ધ્વનિરૂપે સાંભળીએ છીએ. ગઝલના છંદમાં 'વઝન'ને મહત્ત્વનું અંગ ન ગણ્યું હોત તો ગઝલનો છંદ માત્રામેળી કે અક્ષરમેળી ગણાત. 'વઝન'ને લીધે જ એ ધ્વનિમેળ ગણાય છે.

એમની ભૂલભરેલી માન્યતા એમના ઉદાહરણના આધારે સમજી શકાય એમ છે. એમણે મુતકારિબ ૧૦ અક્ષરી છંદનો નમૂનો, એનું છંદ ગણ અને તેનું લગાત્મક રૂપ ઉદાહરણરૂપે આપેલું છે. એ નીચે પ્રમાણે છે :

ફઅ્લુન ફઊલુન ફઅ્લુન ફઊલુન
ગાગા લગાગા ગાગા લગાગા
તુજ્ નામની હું માળઆ જપૂં છું,
પાપો થકી હૂં તૌબા કરૂં છું.

હૂં , જપૂં, અને કરૂં આ શબ્દોમાં ઉકારાંત હ્રસ્વ છે, પણ દીર્ઘરૂપે મૂક્યો છે અને 'જ' પણ ખોડો બતાવ્યો છે. આમ માત્ર મેળવવા કર્યું છે. આ રીતે આ પંક્તિઓ ગુજરાતી હોવા છતાં 'વઝન' આપવાથી સ્પષ્ટ અને છંદોબદ્ધ પઠન થઈ શકે છે. આ છંદનો મેળ નીચે પ્રમાણે એ સમજાવે છે :

પઠન કરતાં માલૂમ પડશે કે અહીં 'ગાગાલ'નાં આવર્તનો છે. અને બીજા અને ચોથા સંધિમાં બંનેની એકેક માત્રા ખંડિત થયેલી છે. ગાગાલ ગાગા-ગાગાલ ગાગા-

સંસ્કૃત છંદ વિધ્વંકમાલા કે ગ્રાહી અને એમાં આટલો જ ફેર છે કે ગ્રાહીમાં માત્ર ચોથા સંધિની એક જ માત્રા ખંડિત થયેલી છે. અને તેનો બીજો સંધિ અખંડ છે.

ગ્રાહી : ગાગાલ ગાગાલ ગાગાલ ગાગા-

કદાચ અહીં શંકા થાય કે મૂળ સંધિ લગાગાને સ્થાને બીજા જ સંધિ ગાગાલ મૂકીને છંદનો મેળ દર્શાવવો એ પ્રમાણિક છે (ખરું)? ખરું પ્રમાણ તો પઠન છે. અને પઠનમાં જે થતું હોય તે દર્શાવવું તે અપ્રમાણિક હોઈ શકે નહીં. પણ ખાસ તો એ કહેવાનું છે કે ફારસી પિંગળની પરિભાષામાં એક જ નામના છંદમાં એ રીતે આખો સંધિ ફરી જવાનાં ઘણાં દૃષ્ટાંતો છે.

આ પછીનો મુતકારિબ છંદ ૧૪ અક્ષરી એવો છે.

ફઅ્લુન ફાઅફઊલુન્ ફઅ્લુન ફાઅફઊલુન્
ગાગા ગાલલગાગા ગાગા ગાલલગાગા

આમાં સ્પષ્ટ રીતે ચતુષ્કલ સંધિના ગાગા અને ગાલલ રૂપનાં કુલ છ આવર્તનો છે. આથી જ કોઈ પણ એક શબ્દને આપણે સંધિ ગણી શકતા નથી. શબ્દો ગોઠવાતા પઠનમાંથી કોઈ જુદો જ સંધિ નીકળી આવે છે. આમાં પણ ફઊલુન આવે એટલે તેને મુતકારિબ કહ્યો છે. પણ છંદનો મેળ પંચકલ ફઊલુનને અવલંબતો નથી. એટલે કોઈ અમુક શબ્દના નામનો છંદ એ જ શબ્દના પિંગલસંધિનાં આવર્તનોનો છે, એમ કહી શકાશે નહી. અને માટે જ આપણે માટે બધાં ફારસી નામો જાણવાની હું અગત્ય જોતો નથી. અંદરનો મેળ જોઈ લઈએ એટલે બસ.'

ગઝલના છંદોના નામોની અગત્યતા નહીં ગણવાની વાત સાચી છે, કારણ કે ગઝલના છંદોના દસ ચોક્કસ છંદગણ છે તેને ગમે તેમ લયબદ્ધ ગોઠવવાથી છંદ બનતો હોય તો તે નવો છંદ પણ બની શકે છે. એટલે એ બાબતે રા. વિ. પાઠક સાચા છે. પણ સંધિ અને સંધિસંયોજનને લીધે પેદા થતા ધ્વનિને જાણવો જરૂરી છે. એમણે સંધિ ફરી જતાં છંદ ફરી જાય છે તે બાબત પણ દર્શાવી છે એ પણ સાચું છે, પણ સંધિ કે ગણના બે ભાગ, સ્વરવિરામ, યતિ કે પ્લુતને લીધે થાય તો પણ છંદ ફરી જતો હોય છે. પરંતુ માત્રા અને અક્ષર દ્વારા જ મેળ મેળવવાની રીત આપણે જાણીએ છીએ એટલે ધ્વનિ-રહસ્યથી અજાણ રહ્યા છીએ. 'ગાલલ' ને બદલે 'ગાગા' એટલે અક્ષરમેળને બદલે માત્રા મેળ થઈ જાય. વળી 'ગાલલગાગા'ને બદલે 'ગાલલ ગાગા'કે 'ગાલ લગાગા' થાય તો પણ છંદ ફરી જાય છે. અરબી હોય, ફારસી હોય કે ગુજરાતી હોય, કોઈપણ ભાષામાં લય-રવનો ફરક પડે એટલે કે પઠનમાં ફરક પડે એટલે ધ્વનિફરક પડે એ કારણે છંદ બદલાય છે જ.

મુતકારિબ ૧૪ અક્ષરીમાં ચતુષ્કલ સંધિનાં 'ગાગા' અને 'ગાલલ' એમ છ આવર્તન ગણીએ તો મુતકારિબ રહેતો નથી, પણ ચતુષ્કલ અને અષ્ટકલ સંધિ એટલે કે 'ગાગા' અને 'ગાલલગાગા' એમ બે આવર્તનો તેમજ એ રીતે બીજા બે આવર્તનો મળીને ચાર આવર્તન થાય એટલે મુતકારિબ ૧૪ અક્ષરી બને. પણ જો એમાં, 'ગાલલ' ને બદલે 'ગાગા' થાય તો. માત્રા મળે પણ ૧૨ અક્ષરી બને. એટલે કે છંદનું સ્વરૂપ ફરી જાય છે. અક્ષરમેળને બદલે માત્રા મેળ થઈ જાય છે. એ સિવાય પણ આ છંદનો બે રીતે મેળ મેળવી શકાય છે. ઉપરના સાત અક્ષર અને બાર માત્રા એમ બે ભાગ સિવાય 'ગાગાગાલ લગાગા ગાગામાલ લગાગા' એમ ચાર સંધિ પણ એટલા જ આવર્તન વાળો મફઊલોન (ગાગાગાલ) ફઊલુન (લગાગા) એમ મિશ્રરૂપનો 'સરીઅ્ મુક્તઝબ' છંદ બને છે. તેમજ ફાઅલિયાન (ગાલલગાલ) ફઊલુન (લગાગા) ફાઅલિયાન (ગાલલગાગા) ફઊલુન (લગાગા) એમ ચાર આવર્તનવાળો એટલી જ માત્રાનો પણ ૧૬ અક્ષરી મિશ્રરૂપનો છંદ બની શકે છે. આમાં ફઊલુન છે એટલે એ મુતકારિબ કહેવાય એ માન્યતા ઠીક નથી.

સરખી માત્રા હોય પણ છંદગણનો ફરક પડે કે સંધિ ફરક થાય તો પણ છંદ ફરી જાય છે એનો અર્થધ્વનિ ફરી જતાં છંદ ફરી જાય છે. આમ ગઝલના છંદોમાં 'વઝન'નું મહત્ત્વ હોવાથી એ અક્ષરમેળ કે માત્રામેળ નહીં રહેતાં ધ્વનિમેળ રહે છે. એ ધ્વનિમેળ છે. એટલે છંદગણો અને મિશ્ર સંધિરૂપો જેટલાં બનાવવાં હોટ તેટલા બનાવી શકાય એવું સ્થિતિસ્થાપક રૂપ હોવાથી અસંખ્ય છંદો બની શકે એથી છંદનું નામ પાડવાને બદલે છંદના ધ્વનિ કે લયને યાદ રાખવો જરૂરી છે. સંસ્કૃત છંદોમાં આ રીતે નથી. સંસ્કૃત છંદો અક્ષરમેળ હોય કે માત્રામેળ હોય કારણ કે છંદરૂપ આખી પંક્તિ છે.

૧૦ અક્ષરી મુતકારિબ છંદનો મેળ એમણે માત્રા ખંડિત કરીને દર્શાવેલો છે. તે રીતે પણ બરાબર નથી. પઠન કરતાં એ ગાગાલગાગા ગાગાલગાગા એમ બે આવર્તનવાળો છંદ છે એવું જણાય છે. એ પદમાં અક્ષર એના ચોક્કસ વર્ણ અને ચોક્કસ માત્રા ધરાવે છે. તેમજ બંને પદનો યતિ ચોક્કસ સ્થાને છે એટલે ૧૦ અક્ષરી મુતકારિબ રહે છે. જો યતિ સ્થાન બદલાય તો પણ છંદ બદલાય. દા.ત. ગાગા લગાગા ગાગા લગાગા અથવા ગાગાલ ગાગા આ પ્રકારનાં સંધિ હોય તો પણ એ ૧૦ અક્ષરી એટલી જ માત્રાનો છંદ બને છે પણ યતિ સ્થાન બદલાવાથી છંદ બદલાઈ જાય છે. આમ હોવાથી આપણે કહી શકીએ કે ગઝલના છંદો અક્ષરમેળ કે માત્રામેળ નથી પણ ધ્વનિમેળ છે.

'ગઝલનું શિલ્પ અને સર્જન'માં જયંત વ્યાસ જણાવે છે : કે 'ગઝલ જે બહરોમાં રચાય છે તે અરબી ઈલ્મે -અરૂઝ (પિંગળ) મુજબ છે. આ બહરોમાં વઝનની તકતીઅ (તોલમાપ પરિપાટી) છે. અરબી અને ફારસી તેમજ તેમાંથી હિંદી સાથે મિશ્રણ થઈ જન્મેલી હિન્દુસ્તાની-ઉર્દૂમાં 'વઝન'નો સિદ્ધાંત જળવાઈ રહ્યો છે. પણ ગુજરાતીમાં એ શક્ય નથી. કેમ કે 'વઝન' એ ઉચ્ચાર વિશેષનું માપ છે. તેને અક્ષરમેળ, માત્રામેળ કે શ્રુતિમેળ સુદ્ધાં કહી શકાય તેમ નથી. શ્રી નસીમે 'ધૂપદાન'ની પ્રસ્તાવનામાં જે લેખનો ઉલ્લેખ કર્યો છે તેમાં જણાવ્યું છે :

'અરબી પિંગળ એ ધ્વનિમેળ છે....માત્રાઓ તેને સહાયક છે. તેમાં ધ્વનિ જ પ્રધાન છે. સમાન્ય રીતે જે સ્વર કે વ્યંજન ખોડો, લઘુ, ગુરુ અથવા પ્લુત હોય તેમાં તક્તીઅની પરિપાટી મુજબ કાવ્યબદ્ધ થાય ત્યારે પા, અર્ધો કે આખો અક્ષર કે માત્રા ઊડી જાય, લઘુ ગુરુના સ્થાનમાં ફરક પણ પડે છે, છતાં સમસ્ત પધ્ધતિ કે ધ્વનિમાં ફેર પડતો નથી. તેને આપણે વૈજ્ઞાનિક ધ્વનિ તરીકે ઓળખાવી શકીએ..ગઝલ 'પિંગળ'માં કેટલીકવાર અખંડ ગુરુ શબ્દોનો ધ્વનિ લઘુ જેવો ગણાય છે. આ ઉપરથી ધ્વનિનું ઉચ્ચારણ સ્પષ્ટ થઈ જાય છે. છતાં સ્વર, વ્યંજન, શ્રુતિ, ભાષા, પિંગળ અને અન્ય વિચારણાથી ફરક ન પડે તે માટે અરબી પિંગળને 'ધ્વનિમેળ' કહેવાનું સુરક્ષિત છે'

આ લાંબુ અવતરણ અરબી અરૂઝ કરતાં ગુજરાતીની ભાષાપ્રકૃતિ કેટલી ભિન્ન છે, તેનો પૂરો ક્યાસ આપવા ઊતાર્યું છે. ગુજરાતીના પ્રત્યેક ઉચ્ચારણમાં સ્વર સાર્વભૌમ છે. વ્યંજનમાં સ્વર ભળીને પૂર્ણ વર્ણ બને છે. જેમ કે ક્+અ = ક તો અરબીમાં અક્ષરો ગતિશીલ (હરકત ઉપરથી મુતહર્રિક) અને સાકિન (સ્થિર) એવા બે પ્રકારના છે. બંનેના સંયોજનથી જે ઉચ્ચાર થાય તેને 'ઉસૂલ' કહેવાય આવા મૂળ દસ 'ઉસૂલ' ખલીલ અહમદ બસરીએ હીજરીના પહેલા સૈકામાં 'ઈલ્મેઅરૂઝ'માં આપ્યા છે. આ દસ બહેરો 'ઉસૂલેઅશરા' (મૂળ છંદગણ) ગણાય છે.

આટલી વિગતવાર વાત પછી એ અંગે કહેવાનું એ જ પ્રાપ્ત થાય છે કે ગુજરાતી ગઝલ 'વઝન' મુજબ રચાતી નથી. ન જ રચી શકાય. કેમ કે ભાષાપ્રકૃતિમાં 'વઝન' એ બહારી અંગ છે. તો તેનું સૌથી નજીકનું અંગ માત્રા છે. શ્રી જમિયત પંડ્યા તો રણપિંગળકારોને અનુસરીને ગઝલને શ્રુતિમેળ કહે છે. પરંતુ વાસ્તવમાં રા.વિ.પાઠકનું નિરીક્ષણ જ સાચું લાગે છે કે 'ગુજરાતીના કવિઓએ તેને માત્રામેળ બનાવી તે યોગ્ય કર્યું છે.'

ગુજરાતીના કવિઓએ ગઝલને માત્રામેળ બનાવી તેને રા.વિ.પાઠક યોગ્ય ગણે છે. અને જયંત વ્યાસ પણ અંતે તેમને જ અનુસરે છે. આ નિર્ણય મને યોગ્ય લાગતો નથી. એક

ગઝલકારના નાતે મારેય મારો અભિપ્રાય જણાવવો જરૂરી લાગે છે. કારણ કે માનવી જે શબ્દ કે વર્ણસમૂહને ઉચ્ચારે છે તે સ્વરરહિત વ્યંજન કે સ્વરરહિત વ્યંજન હોય છે. આપણા પૂર્વાચાર્યોએ જે સ્વર કે વ્યંજનને ઉચ્ચારતાં ઓછા સમય લાગે તો તેને હ્રસ્વ કે લઘુ ગણ્યો છે અને એનો સંકેત 'લ' ગણ્યો છે. જે સ્વર કે વ્યંજનને ઉચ્ચારતાં વધારે સમય લાગે તેને દીર્ઘ કે ગુરુ ગણ્યો છે અને એનો સંકેત 'ગા' ગણ્યો છે. ઉચ્ચારનું સ્વરૂપ ધ્વનિ છે એ સુવિદિત છે. વળી કાવ્યના શાસ્ત્રમાં 'ધ્વનિ'ના સિદ્ધાંતને મુખ્ય ગણ્યો છે, છતાં માત્ર સંદર્ભે વર્ણોને લઘુ અને ગુરુ એમ બે પ્રકાર વહેંચેલા છે તે હકીકતમાં ધ્વનિનો જ આકાર છે. છતાં કયો વર્ણસમૂહ ઉચ્ચારતાં કેટલો સમય લાગે છે એનું ચોક્કસ માપની વિગતમાં છંદશાસ્ત્ર વેળા તે બાબત ઊંડા ઊતરેલા નથી. વ્યક્તિગત વર્ણનો ધ્વનિ કેટલો સમય લે છે તેની વિગતમાં ઊતર્યા છે. એટલે એ જણાવી શક્યા છે કે ય,ર,લ,વ ને અર્ધસ્વર ગણાવેલા છે. પણ વર્ણસમૂહોમાં સંયોજનોમાં પંક્તિમાં જોડાક્ષરરૂપે કેવા પ્રકારનાં ધ્વનિ પેદા થાય છે. અને કેટલો સમય લે છે તેનું માપ કાઢ્યું હોત ,તો સંસ્કૃત કે ગુજરાતી પિંગળમાં 'વઝન' જેવું અંગ શોધી શક્યા હોત. ધ્વનિ અને સમય વચ્ચે સંબંધનો મેળ બધા જ પ્રકારનો મેળવી શક્યા હોત. એ મેળની ઉણપને લીધે ગુજરાતી ભાષા પ્રકૃતિ ઊર્દૂ, અરબી કરતાં ભિન્ન લાગે છે.

દરેક ભાષાને એની આગવી પ્રકૃતિ ન હોઈ શકે કારણકે વર્ણ એ ધ્વનિનો આકાર છે. ભાષાની પ્રકૃતિ ઉચ્ચારણ સાથે જોડાયેલી છે એ પ્રક્રિયા દરેક ભાષામાં સરખી છે. એટલે ભાષા-પ્રકૃતિના ભેદ અંગેની દલીલ વ્યવહારૂ કે ન્યાયી લાગતી નથી. હકીકતમાં માનવીના ધ્વનિતંત્ર કે ઉચ્ચારણ પર પોતાના ભૂમિખંડનું વાતાવરણ અને પર્યાવરણનો પ્રભાવ મહત્ત્વનો ભાગ ભજવે છે. વળી ગળું કેળવાયેલું ન હોય તો પણ ઉચ્ચારણ ખામીવાળું રહે છે. એ વિષે આપણે વિચાર્યું છે કારણ કે 'બાર ગાઉએ બોલી બદલાય છે' તેવું વિધાન ગુજરાતી ભાષામાં મળે છે. આ વાત ઉદાહરણ દ્વારા સમજીશું તો સમજી શકાય એમ છે.

અરબી કે ઈસ્લામિક પ્રજા 'અહમદાબાદ' ઉચ્ચારી શકે છે. ઈંગ્લંડથી આવનારા તેમ ઉચ્ચારવા ગયા પણ 'અહમેડાબાદ' જ ઉચ્ચાર થયો. ગુજરાતી પ્રજાએ 'અમદાવાદ' ઉચ્ચાર્યું અને ઉત્તરગુજરાતના પ્રજાજનો આજ પણ 'અમદાદ' જ કહે છે. તે જ રીતે વડોદરા,-બરોડા,-બડૌદા, મુંબઈ-બમ્બઈ-બોમ્બે વગેરે હાલ પણ અસ્તિત્વ ધરાવે છે.

ધ્વનિની માત્રા સમય પ્રમાણે નક્કી કરી શકાય તેમ છે. દા.ત. સસ્તી-વસ્તી-પસ્તી વગેરે શબ્દોમાં લગાત્મક રૂપ 'ગાગા' થઈ શકે છે.પણ દોસ્તી, વાસ્તુ જેવા શબ્દોમાં લગાત્મક રૂપ 'ગાગા' રાખીએ તો છંદકોષ થાય જ. એ જરીતે 'બાષ્પ' અને 'બાપ' એમ સરખા રૂપ ધરાવતા શબ્દોમાં પણ ઉચ્ચારણભેદમાં માત્રાભેદ જણાય જ છે. 'બાપ' શબ્દ કરતાં 'બાષ્પ' શબ્દ વધારે સમય લે છે, છતાં સંસ્કૃત છંદોને લીધે આપણે બંનેનું લગાત્મક રૂપ 'ગાગા' જ ગણીએ છીએ. આમ ગુજરાતી ગઝલને પણ 'વઝન' જેવી તોલમાપા પરિપાટી વડે મેળવવાનો પ્રયત્ન કરીએ તો ગુજરાતી ગઝલ પણ ધ્વનિમેળ બની શકે છે.

આ બાબત હજી સરળ રીતે સંગીત અને ગાયકીને આધારે સાચી રીતે સમજી શકાય તેમ છે. કારણકે સંગીત અને ગાયકી એટલે કે વાદન અને ગાયનને ધ્વનિ (અવાજ) અને શ્રુતિ સાથે સીધો સંબંધ છે. એ લયમાં લીન રહીએ તો શબ્દના અર્થ બાજુ પર રહી પણ જાય- રાગમાં જે લય છે તે માત્રા રૂપે સમય જ છે. જે લયના પ્રત્યયક્રમો રૂપે અસ્તિત્વ ધરાવે છે. અમુક નિશ્ચિત પ્રત્યયક્રમ વિરામ કરવાથી લય-રવ જળવાતો હોય છે. લયના પ્રત્યયક્રમોની ચોક્કસ સંખ્યાથી સ્વર બન્યો છે. ચોક્કસ સ્વરના લયપ્રત્યયક્રમોની ચોક્કસ સંખ્યાથી સૂર બન્યો છે. આમ અક્ષરરૂપ વર્ણ ધ્વનિ, શબ્દરૂપ વર્ણધ્વનિનો સમૂહ અને વર્ણધ્વનિના સમૂહગણોથી પદ બને છે. તે રાગ કે છંદ રૂપ હોય છે. એટલે કે સરખા સમય કે કાલના પ્રત્યયક્રમો ધરાવતા ધ્વનિવિરામ કે યતિ ચોક્કસ માત્રાએ જળવાય તો જ કાવ્યનો છંદ કે રાગ એક સરખો છે એમ કહી શકાય.

વર્ણધ્વનિના પ્રત્યયક્રમો સરખા હોય, પણ ધ્વનિવિરામ કે યતિનું સ્થાન દરેક પંક્તિમાં સરખું હોય તો રાગ કે છંદ જુદો પડી જતો હોય છે. છતાં આપણે માત્રા કે વર્ણના આધારે છંદને નક્કી કરવાની પ્રથા પાડેલી છે એટલે આપણે છંદને જુદો ગણતા નથી. વળી માનવપ્રકૃતિ હંમેશા સરળતા અપનાવતી રહી છે એટલે વર્ણન ધ્વનિ, આકારો અને ઉચ્ચારણોમાં પરિવર્તન થતું રહ્યું છે પણ ચિંતિત થતો નથી. એટલે ધ્વનિમેળ પણ માત્રામેળ બનતા ગયા છે. આમ આપણી પરંપરા અને પ્રથાને લીધે આજે જે છંદસ્વરૂપ છે તે માનવપ્રકૃતિને લીધે બન્યું છે. ભાષા-પ્રકૃતિનો ભેદ જણાય છે તેમાં આપણા નિરીક્ષણની ખામી છે. જેમ બોલીને ઘાટ આપવાથી ભાષા બને છે તેમ આપણે આપણા ધ્વનિતંત્રને કેળવીએ તો ઉચ્ચારણ ભેદો ટાળી શકીએ. તત્સમ અને તદ્‌ભવના ભેદ પણ નિવારી શકીએ. બીજા અસંખ્ય પ્રાદેશિક ભેદો ટાળી પ્રદેશવારના ગણિત પ્રમાણે સમજવા પડે, પણ અંગ્રેજ અમદાવાદમાં વસતો થઈ જાય તો એ સારી રીતે અમદાવાદ બોલી શકે. ❐

# અવલોકન

## વિષય, વસ્તુ અને પાત્રોના વૈવિધ્યથી રસપ્રદ અને ચોટદાર નવલિકાઓ : 'તુલસીનો છોડ'



'ટૂંકી વાર્તા એટલે અનુભૂતિકણ'. ટૂંકી વાર્તાના સ્વરૂપ માટેનું શ્રી ઉમાશંકર જોષીનું મંતવ્ય તેના હાર્દને પ્રગટ કરે છે. ટૂંકી વાર્તામાં કોઈ એક માર્મિક અનુભવ શબ્દબદ્ધ બનીને પાણીદાર મોતીની જેમ એકત્વ ધારણ કરે છે. એમાં નવલકથા રૂપી હીરા જેટલો ઝગમગાટ નથી પણ એના ઘૂંટાયેલા અનુભવથી સહૃદયના મનમાં વાર્તા વાંચી એક તૃપ્તિનો ભાવ જન્મે છે. તેથી તે ક્યારેક નવલકથાકાર કરતાં પણ વિશેષ ગુંજાસ વાર્તાકાર પાસે માગી લે છે. સિદ્ધહસ્ત વાર્તાકારની વાર્તામાં આવા માર્મિક અનુભવ સ્વાભાવિક હોય છે. જેમ કે ધૂમકેતુ, રા.વિ.પાઠક, સુન્દરમ્, ચુનીલાલ મડિયા, પન્નાલાલ, ઈશ્વર પેટલીકર અને બીજા ઘણા વાર્તાકારોની વાર્તાઓમાં.

'તુલસીનો છોડ' વાર્તાસંગ્રહની ૧૮ વાર્તાઓના વિષયવસ્તુમાં વૈવિધ્ય છે. આ વાર્તાસંગ્રહની વાર્તાઓની પશ્ચાદ્ભૂમિ ભારત તથા કૅનૅડા-અમેરિકા છે. ટૂંકી વાર્તામાં કથાનક, પાત્રાલેખન, વર્ણન, સંવાદ, અને ભાવનિરૂપણ બધાંને એક સરખો જ અવકાશ છે. કેમ કે આગળ જણાવ્યું તેમ તેનો ફલક નાનકડો અને સીમિત છે.આ સંગ્રહના લેખક શ્રી જય ગજ્જર પોતાના જીવનનાં શરૂઆતનાં વર્ષો ભારતમાં અને પછીનાં વર્ષો કૅનૅડામાં પસાર કરી રહ્યા છે. તેથી ભારતીય સમાજ-સંસ્કૃતિ તથા પાશ્ચાત્ય સમાજ-સંસ્કૃતિ એમ બન્નેના અનુભવો આ વાર્તાઓમાં કામે લગાડ્યા છે. એટલે જ આ સંગ્રહની ઘણી વાર્તાઓ બંને ભૂમિનાં સમાજ-સંસ્કૃતિને જોડે છે.

આ સંગ્રહની બધી જ વાર્તાઓનાં વિષયવસ્તુ કથાનક અલગ અલગ છે. બહુધા બધી જ વાર્તાઓ સામાજિક પ્રકારની છે. તેમાં કુટુંબપ્રેમ, નર અને નારી વચ્ચેનો પ્રેમ-પ્રેમભંગ, વેપાર, તેની સફળતા-નિષ્ફળતા,તેમાંથી જન્મતી સાહ્યબી, સંતાનો દ્વારા અવગણાયેલ માવતરની દુર્દશાની વાર્તાઓ જોવા મળે છે. અહીં 'તુલસીનો છોડ', 'અપેક્ષા', 'ગળફો', 'પડછાયો', અને 'સથવારો'માં ભારતીય વાતાવરણ, 'બ્લૅકજૅક', 'ધાડપાડુ', 'અંજળપાણી', 'દિલાવર દિલ', અને 'ધન્ય ઘડી'માં પાશ્ચાત્ય સંસ્કૃતિનું વાતાવરણ રજૂ થયું છે. 'અનોખી ભેટ' અને 'અનામત'માં બંને સંસ્કૃતિનાંવાતાવરણ ભળી ગયાં છે. તો 'બનવાકાળ' માં ભારતના કસ્ટમવાળાઓની હેરાનગતિ અને ઍરપોર્ટનું વાતાવરણ આલેખાયું છે. આમ, સંગ્રહમાં વાતાવરણ પણ બહુવિધ હોવાથી તે વાચકોને જકડી રાખે છે.

મારી દૃષ્ટિએ આ સંગ્રહનું સમૃદ્ધ પાસું તેનું પાત્રાલેખન છે. એકએક પાત્રની રેખાઓ અલગ અલગ આલેખી છે. મોટા ભાગનાં પાત્રો જીવંત બન્યાં છે -- જેમકે 'અલ્લડ છોકરી'માં દામિનીનું પાત્ર, 'એ મહાકાળી હતી એને સતાવવી એ વાઘણની બોડમાં માથું નાખવા બરાબર હતું.' વીજળી જેવી ચમકતી અને દઝાડતી આલેખી છે. 'તુલસીનો છોડ'માં પત્ની કોકિલાને કાળ ભરખી જતાં દર્દ પામતા અને દીકરીનું જીવતર રોળાઈ ન જાય એ ડરે કાળજું કઠણ કરતા અવિનાશ, પુત્રી નેહા અને નીલમ પણ માનવસહજ પાત્રો છે. 'અનોખી ભેટ'ના ડૉ. પંકજ , નવનીતલાલ અને સારિકાજે વર્ષો પછી મળે છે તે મિલન પણ સ્વાભાવિક ક્રમે ગોઠવાયું છે. જ્યારે 'અપેક્ષા' વાર્તાના સતીષભાઈ જે પોતાના ભાંડુઓને વડલાની જેમ છાયા આપે છે અને જે કર્ણ જેવા ઉદાર છે છતાં તેમના જ કુટુંબીજનોનું નગુણાપણું વાચકોને હચમચાવી જાય છે. આ વાર્તા ભારતીય કુટુંબવ્યવસ્થાના પાયા કેવા હચમચી ગયા છે તેનું પ્રતિબિંબ પાડે છે. 'બ્લૅકજૅક'નો અજય જ્યારે એની સારી છાપ હતી ત્યારે ક્લબના માલિક અને નોકર 'પીવો અજયબાબુ પીવો...પૈસા કાલે આપજો...' એમ કહેતા અને જ્યારે એનાં ખિસ્સાં ખાલી થયાં ત્યારે નસીબની બલિહારીથી મળેલો મિત્ર મલય મિત્રતાની મિસાલ કાયમ રાખે છે. 'ધાડપાડુ'ના કેશવલાલ વેપારી સહજ ડરપોક માનસ ધરાવે છે, પણ વાણિયા છે એટલે વદન પરની શોકની છાયા છુપાવી, દુકાન સંભાળે છે. ધાડપાડુ પીટરને લોટરીની ટિકિટ પર ઈનામ લાગ્યું ત્યારે તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં અને ધાડપાડુમાંથી તે મહેનતકશ અને ધગશવાળો માનવી બન્યો. તે વખતે કેશવલાલ તેને 'વાલિયામાંથી વાલ્મીકિ બની ગયો' એમ કહી અભિનંદન આપે છે તે દૃશ્ય તાદૃશ બન્યું છે. 'ધન્ય ઘડી' વાર્તાના ચાલી અને જૂલી, જેણે પુત્રી ગુમાવી છે છતાં પુત્ર પામ્યાનો આનંદ એના વદન પર વરતાતાં, જીવનની ધન્ય ઘડીનો અનુભવ તે કરે છે. 'અંજળપાણી'માં બાલુ અને રોના, આમ તો બંને એકલાં પડી ગયેલાં હતાં પણ મૈત્રીની હૂંફ.... માનવ માનવ પ્રત્યેની હૂંફ તેમને મળી અને તેમનું જીવન મહોરવા લાગ્યું. ક્યારેક અસાધારણ માનવતા ધરાવતાં પાત્રો આલેખાયાં છે, જેને જોઈને એમ થાય કે આજની દુનિયામાં આવા માણસો ખરેખર હશે? દા.ત. 'ખેલાડી' વાર્તાની પુત્રવધૂ તરુબેન જે પોતાના

સસરા માટે પોતાની એક કિડનીનું દાન આપે છે. 'ભાગેડુ' વાર્તાના દરિયાવ દિલ હરિલાલ જે પારકી નિશાને દીકરી બનાવી ઘરમાં રાખે છે.

આ સંગ્રહની વાર્તાઓમાં સામાન્ય આરંભ માં ટૂંકા વર્ણનો છે. જેનાથી ક્યારેક પરિસ્થિતિ તો ક્યારેક વાતાવરણ કે ક્યારેક પાત્રના માનસ પર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. દા.ત. 'દિલાવર દિલ'માં રાજન અને પાર્કમાંની પ્રવૃત્તિઓનાં વર્ણનો છે. 'પડછાયો'માં રીખવચંદ શેઠ, તેમનો બંગલો, તેમની સાહ્યબી, અને શેઠ અને સમરથનાં વ્યક્તિ તરીકેનાં વર્ણનો સારાં છે. તો 'અંજળપાણી','ત્યાગ', 'ભાગેડુ' જેવી ઘણી વાર્તાઓમાં વર્ણનો ટૂંકાં અને મુદ્દાસરનાં છે. આ સંગ્રહની વાર્તાઓમાં સંવાદો ટૂંકા અને માર્મિક છે. બિનજરૂરી વર્ણન ક્યાંય નથી, જેમકે 'ધાડપાડુ'માં 'માનવી ખરાબ નથી, સંજોગો એને ખરાબ બનાવે છે.', 'અંજળપાણી'માં 'એક ભૂખ એવી છે કે માણસ નાત-જાત, કાળી-ધોળી, બધું જ ભૂલી જાય છે...' 'અલ્લડ છોકરી'માં 'એ એક મહામાયા છે. પુરુષ જાતને ધિક્કારે છે.' આવા અનેક દાખલા આપી શકાય. ગજ્જરની ભાષા સંસ્કારી છે. પાત્રની નબળાઈ આલેખવામાં પણ થોડાક શબ્દોમાં સૂચન કરી દે છે. ભાષામાં ક્યાંય સુરુચિભંગ થતો નથી.

ટૂંકી વાર્તામાં આરંભ, મધ્ય અને અંત એમ ત્રિવિધ એકતા હોય છે. આ દૃષ્ટિએ પણ ઘણી વાર્તાઓ વિવિધ એકતાને જાળવી રાખે છે. ઘણી વાર્તાઓનો આરંભ જિજ્ઞાસા પ્રેરે, મધ્ય પ્રસ્તુત કથનને વિકસાવે અને અંત ચોટદાર બની રહે છે. દા.ત. 'તુલસીનો છોડ', 'દિલાવર દિલ', 'બ્લૅક જૅક', 'અંજળપાણી', 'અનોખી ભેટ', 'અલ્લડ છોકરી', 'ત્યાગ' અને 'ખેલાડી' ના અંત નોંધપાત્ર છે. બહુધા બધી જ વાર્તાઓના અંતે ચમત્કૃતિ સધાય છે, એ ગજ્જરની વાર્તાઓની સફળતા અને સિદ્ધિ છે.

છેલ્લે, 'એક અજબ ઘટમાળ' મારી દૃષ્ટિએ થોડીક નબળી વાર્તા છે. કોઈને કોઈ પાત્રોના સંવાદ રૂપે ભૂતકાળ જ વાગોળાય છે. વાર્તામાં કંઈક ઘટના બનવી જોઈએ, તે આરંભબિન્દુથી આગળ વધવી જોઈએ તેવું અહીં બનતું નથી. આ દૃષ્ટિએ અન્ય વાર્તા જેવી ઘાટીલી બની શકી નથી. અલબત્ત, અભય અને મિલાનનાં પાત્રો ઠીક ઠીક ઊપસ્યાં છે.

ટૂંકમાં, શ્રી ગજ્જરની નવલિકાઓ વિષય, વસ્તુ અને પાત્રોના વૈવિધ્યથી રસપ્રદ અને ચોટદાર બની રહી છે. શ્રી ગજ્જર ભવિષ્યમાં આવા અનેક વાર્તાસંગ્રહો ગુજરાતી ભાષા સાહિત્યને અર્પી તેને સમૃદ્ધ બનાવે એ જ મનોકામનાં.

ડૉ. પૂર્ણિમા ભટ્ટ

[તુલસીનો છોડ (ટૂંકી વાર્તાઓ) : લે. જય ગજ્જર, ક્રાઉન સાઇઝ, પાકું પૂંઠું, પ્ર. રન્નાદે પ્રકાશન, પૃ. ૨૧૬, કિં. રૂ. ૧૧૫]

## વસાવવા યોગ્ય આરોગ્ય-પુસ્તક



મોટા ભાગના વ્યવસાયીઓની સામાન્ય છાપ બને તેટલા ઝડપથી ધન કમાઈ લેવાની હોય છે. તે માટે તેમના સંપર્કમાં આવતા લોકો ગ્રાહકોની ચિંતા કર્યા વિના તેમને કેમ ચૂસવા તેવો તેમને પ્રયાસ હોય છે. તેમાં ક્યારેક 'પ્રોફેશનાલીઝમ'નો ભાગ લેવાય છે અને 'કોમર્શીયાલીઝમ' જીતે છે.

એવા વ્યવસાયોમાં મેડિકલ-ડૉક્ટરોનો વ્યવસાય એક ગણાય છે. દિન-પ્રતિદિન વૈદકીય સારવાર ખૂબ મોંઘી થતી જાય છે. માંદા પડવું એ હવે માત્ર શારીરિક તકલીફ જ નથી રહી. પરંતુ આર્થિક બેહાલી પણ બનવા લાગી છે. દર્દી દવાખાનામાં પ્રવેશે કે, ઘણી વાર તો નાની નાની બાબતો માટે. તેની પુષ્કળ ટેસ્ટ કરાવાય અને તેમાં જ તે બેહાલ બની જાય છે. કદાચ માંદગી ઘટે પણ આર્થિક તાણ તો તે ભોગવે જ છે ! લોકો આજે ડૉક્ટરો પાસે જતાં ગભરાય છે અને છતાં ત્યાં જવું ફરજિયાત છે.

આવા સમયમાં સામાન્ય માણસ પોતાનાં સ્વાસ્થ્યની જાતે સંભાળ લઈ શકે, પોતાનાં સ્વાસ્થ્ય વિશે જાગૃત થઈ શકે, આધુનિક વૈદક વિશે જાણી શકે તે માટે ખુદ ડૉક્ટરો દ્વારા એક પુસ્તક પ્રકટ કરવામાં આવ્યું છે.

ઇન્ડિયન મેડિકલ એસોસિયેશન મોરબી દ્વારા ડૉ. સતીષ પટેલના માર્ગદર્શન અને અગિયાર સંપાદકો દ્વારા 'આરોગ્યની આસપાસ' પુસ્તક પ્રકટ કરવામાં આવ્યું છે. આ પુસ્તકનો હેતુ છે સહુને તંદુરસ્તી પ્રાપ્ત થાવ. ડૉ. પટેલ ખુદ કહે છે, 'સામાજિક સ્વાસ્થ્યની વૃદ્ધિની ભાવના અને લગનીથી પ્રેરાઈને એસોસિયેશન આ પુસ્તક પ્રકટ કરે છે.' આ પુસ્તક સ્વાસ્થ્યજાગૃતિ અભિયાનરૂપે પ્રકટ કરાયું છે.

પુસ્તકની અનુક્રમણિકા જોતાં જ પુસ્તકના વ્યાપ અને મહત્ત્વનો ખયાલ આવી જાય છે. સોળ વિભાગોમાં ૧૧૪ વિષયો પર વિસ્તૃત માહિતી પીરસવામાં આવી છે. ડૉક્ટર વિષેની સમજથી શરુ થઈ પ્રાથમિક સારવારની માહિતી પૂરી પાડી શરીર જાણકારી સ્ત્રી તથા બાળ આરોગ્ય, રક્ત રોગ, જનરલ મેડિસીન, માનસિક આરોગ્ય, સર્જરી, ચામડી-આંખ-દાંત-નાક-ગળું વગેરેની ચિકિત્સા, આહાર અને વ્યાયામ, વગેરે વિશે ઉત્તમોત્તમ માહિતી પૂરી પાડવામાં આવી છે. તબીબી ઉપકરણો વિશે પણ માહિતી છે. મેડિકલ પરિભાષા પણ સમજાવી છે. ૪૯૪ પાનામાં વૈદકીય માહિતીનો મહાસાગર લહેરાય છે. પાછી આ માહિતી શુષ્ક રીતે ન રજૂ કરતાં રસાળ ભાષામાં અને જરૂર પડે ત્યાં,

સચિત્ર રજૂ કરી છે.

આ લેખ લખ્યા હોવાના પરિણામે સમગ્ર પુસ્તક સો ટકા પ્રમાણભૂત બન્યું છે. અને તેનું સૌથી ઉત્તમ પાસું છે કે આ પુસ્તક વધુમાં વધુ લોકોના હાથમાં પહોંચે અને લોકો આરોગ્ય માહિતી બાબતે સ્વાવલંબી બને માટે તેની કિંમત માત્ર રૂ. ૩૦ જ રખાઈ છે. પરિણામે એક જ વર્ષમાં તેની લગભગ ૧૫૦૦૦ નકલો ખપી ગઈ છે. હાલ ભાવનગરમાં 'અનુભૂતિ ટ્રસ્ટ', 'નિરાંત', તળાજા રોડ, ભાવનગર તેને ગુજરાતના ખૂણે ખૂણામાં પહોંચાડવાનો ભગીરથ પ્રયાસ આદર્યો છે.

સ્વાસ્થ્ય જાગૃતિ ધરાવનારા દરેક વ્યક્તિના ઘરમાં આ પુસ્તક હોવું જરૂરી છે. તે સંદર્ભ ગ્રંથની ઉત્તમ ગરજ સારે છે. સામાજિક સંસ્થાઓ, સામાજિક કાર્યકરો, શાળાઓ માટે તો 'રેડી રેફરન્શ' જ છે. થોડાં વર્ષો પહેલાં 'જ્યાં ડૉક્ટર નથી' પુસ્તક પ્રકટ થયેલ અને તેને સારો આવકાર મળેલ.- હરેશ ધોળકિયા

['આરોગ્યની આસપાસ, પ્ર. ઇન્ડિયન મેડિકલ એસોસિએશન, મોરબી, પ્રચાર કાર્ય : અનુભૂતિ ટ્રસ્ટ 'નિરાંત' ૨૨૨૨/સી, તળાજા રોડ, ભાવનગર, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૪૯૪, કિં. રૂ.૩૦.]

## "ધૂમકેતુ નવલિકા પુરસ્કાર"

ધૂમકેતુ શતાબ્દી પ્રસંગે ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અને ધૂમકેતુ પરિવારે શ્રેષ્ઠ મૌલિક નવલિકા (ટૂંકી વાર્તાસંગ્રહ) માટે 'ધૂમકેતુ નવલિકા પુરસ્કાર' આપવાનો સંકલ્પ કર્યો છે. આ અંગેનો ૧૨મો (બારમો) પરસ્કાર ૨૦૦૪માં અર્પણ કરવામાં આવશે. એમાં પાછલા ત્રણ વર્ષમાં તા. ૦૧-૦૧-૨૦૦૧ થી તા. ૩૧-૧૨-૨૦૦૩ સુધીમાં પ્રકાશિત થયેલા મૌલિક નવલિકા સંગ્રહને (પ્રથમ આવૃત્તિ લક્ષમાં લેવામાં આવશે. આ માટે લેખકો, પ્રકાશકોને સાહિત્ય રસિકો પાસેથી લેખક, પ્રકાશક અને પ્રકાશન વર્ષ સાથે નવલિકા સંગ્રહનાં નામોના સૂચન મંગાવવામાં આવે છે. તા. ૩૧-૧૦-૨૦૦૪ સુધીમાં વિગતો મળી જાય તે રીતે નીચેના સરનામે મોકલવા નમ્ર વિનંતી છે.

સંયોજક
'ધૂમકેતુ નવલિકા પુરસ્કાર'
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૧

# શબ્દકથા : સાહસ

હસમુખ વ્યાસ

કેટલાક શબ્દોના પ્રારંભનો અર્થ ક્રમશઃ ફેરફાર થતો જઈ વર્તમાન સુધી આવતાં-આવતાં લગભગ બદલાઈ જતો હોય છે. આવો જ એક શબ્દ છે - સાહસ.

'સાર્થ જોડણી કોશ' સાહસનો અર્થ આ પ્રમાણે નોંધે છે : સાહસ ન. (સં.) જોખમ ભરેલું કામ, (૨) અવિચારી કામ, (૩) જોખમ હોવા છતાં હામ ભીડી ઝંપલાવવું તે. (આવૃત્તિ ૫, ઈ.સ. ૧૯૬૭, પૃ. ૮૫૧)

પરંતુ મનુ (મનુસ્મૃતિ ૮.૩૨૨), નારદ (નારદસ્મૃતિ ૧૭.૧), યાજ્ઞાવલ્ક્ય (યા. સ્મૃતિ ૨.૨૩૦) અને કૌટિલ્ય (અર્થશાસ્ત્ર ૩.૧૭) સાહસને એક એવું કર્મ માને છે કે જે કર્મચારીઓ, રક્ષકો કે અન્ય લોકોની ઉપસ્થિતિમાં પણ બળપૂર્વક કરવામાં આવે. સાહસ શબ્દ 'સાહસ' અર્થાત્ બળ (નારદ ૧૭.૧)માંથી ઉત્પન્ન થાય છે. આમાં બળ અને હિંસાનો પ્રયોગ નિહિત છે. સાહસના ચાર પ્રકાર ગણાવાયા છે : મનુષ્ય મારણ, ચૌર્ય, પરદારાભિમર્શન (અન્યની સ્ત્રી લઈ લેવી) અને પારુષ્ય. સાહસ કરનારને ચોરોથી પણ વધુ ખરાબ માન્યા છે. (મનુ ૮.૩૪૫) આવા લોકોને રાજાઓ છોડવા ન જોઈએ ને તેને સખત દંડ-શિક્ષા કરવી-થવી જોઈએ એવો જનમત હતો. સાહસ સંબંધિત કેટલાક અપરાધોનું નીતિશાસ્ત્ર વર્ણન કરે છે અને તદ્નુસાર દંડ-શિક્ષા થવાથી પણ દર્શાવે છે (સાજ્ઞ ૨.૨૩૨-૪૨) : બંધ મકાનમાં પ્રવેશ કરવો, પડોશીઓને પરેશાન કરવા, માતા-પિતા-પુત્રો, ભાઈ-બહેનોનો ત્યાગ કરવો, વિધવા સાથે વ્યાભિચાર કરવો, નકલી સિક્કા બનાવવા વગે. ભુવો, ડૉ. કાણે, પી.વી., ધર્મશાસ્ત્રકા ઈતિહાસ' ભાગ-૨, પૃ.૮૨૭). પરંતુ બધું ઝડપથી સામાન્ય રીતે શબ્દના અર્થની ગતિ ધીમી હોય છે - તે તદ્દન જુદા જ અર્થમાં પ્રયોજવા લાગ્યો. શુદ્રકના 'મૃચ્છકટિક' નાટકમાં તે આ રીતે પ્રયોજાયેલ મળે છે. साहसे श्रीः प्रतियसति। (૪થો અંક, શર્વિલક્ષ્મી ઉક્તિ) આમ, અહીં તે સારા - પ્રશસ્ય અર્થમાં વપરાયેલ છે. અને અહીંથી તેમાં વર્તમાન અર્થનો મુળ સંદર્ભ જોઈ શકાય છે. પ્રસિદ્ધ કહેવત 'સાહસ વિના સિદ્ધિ નહિ'માં પણ કંઈક આવો જ અર્થ સંકેત છે.

# કલા-અવલોકન

## આંતરરાષ્ટ્રિય છવિકવિ અશ્વિન મહેતાની દૃષ્ટિએ

'વિજ્ઞાપિત નગર ફલકો' !
સુસજ્જ મીણપ્રતિમાઓ
રાહદારીઓ સાથે જાણે સ્પર્ધામાં અવતરી છે,
તો રાહદારીઓ એમની વિચ્છિન્ન છવિઓની
સ્પર્ધામાં ઊતર્યાં છે - દુકાનોના ચળકતા કાચમાં
પરદા ખૂલ્યા છે આકાશની અનંત ખીણો પર
નજરના પલકારામાં
મકાનો ઝૂકી નમ્યાં છે
મીણપૂતળાં ઊડી રહ્યાં છે...
સાકાર અને નિરાકાર અમૂર્તતા
બહુવિધ રંગોના મૌનને અહીં
રણઝણાવી રહી છે
પણ આખરે તો તિરછી રીતે
મનુજ હયતિની હાજરીની જ
બોલબાલા છે
પદાર્થ, પ્રતિબિંબ, સંકેતના
સંયોજનોમાં...

આવું બધું અને આટલું ઘણું, અશ્વિનભાઈની હમણાં જ પ્રકટ થયેલી બહુરંગી તસવીરો સાથેની પોથી 'ઇન્ટિમેટ સિટીસ્કેપ્સ'માં વૈભવી અદાથી મૂર્ત થયું છે.

સ્પેનથી કવિ લૉર્કા અમેરિકા ગયેલો ત્યારે 'ન્યૂ યૉર્ક' પર અનોખી કવિતા રચેલી. અશ્નિન કવિ છે ને તેઓએ, ઑસ્ટ્રેલિયા, કૅનૅડા, ફ્રાન્સ, જર્મની, ભારત-સિંગાપોર, દક્ષિણ આફ્રિકા, સ્વિત્ઝર્લેન્ડ, થાઇલૅન્ડ, ઈંગ્લન્ડ અને અમેરિકા એમ અગિયાર જેટલા સ્વદેશ-વિદેશોમાં વિચરી અગણ્યોસિત્તેર જેટલી તસવીરો પાડી સિદ્ધ કર્યું છે કે છવિકળા પણ ચિત્રકળા-આકૃતિઓની જોડે થઈ જઈ હોડમાં ઊતરી શકે ખરી ! (આપણા 'છંદોલય'ના સર્જક, કવિ નિરંજન ભગત પણ મુંબઈ, પૅરિસના કલાસંસ્કારો ઝીલી કવિતા કરતા રહ્યા છે.) રમણીય અને આત્મીયનો અહીં કૅમરાનેત્રથી ઝડપાયેલો જાણે કે રંગ-ઉત્સવ ખીલ્યો છે અને વિવિધ દેશોનાં ભિન્ન ભિન્ન નગરોનાં ફલકો ખૂલ્યાં છે.

નાન્સી અડાજણિયા જેવાં કળા-વિવેચકે છબીપોથીનો વસ્તુલક્ષી આસ્વાદલેખ વિસ્તૃતપણે કર્યો છે, જેનું શીર્ષક સૂચક છે : 'રેનુમ ટિયર્સ ઇન ધ મૅટ્રિક્સ' (ભાવાર્થ : ગર્ભકેન્દ્રમાં સ્વૈર અશ્રુબિંદુઓ...) કોનાં? તો ઉત્તર - છવિકળાકારનાં.

અશ્વિનભાઈ ક્યાં જાય તેવા છે? પોતાનાં 'ગુરુજન'ને ગ્રંથ અર્પણ કરી કેફિયત જેવા કાવ્યાલેખનું મથાળું બાંધ્યું. 'બ્રેકિંગ ઓપન ધ શેલ ઑવ ટાઇમ.' (મારું તારણ : કાળ - કવચનો ઉદ્દ્‌ઘાટક વિસ્ફોટ !) મહેતાનું અંગ્રેજી હર્ષ-ઈર્ષાપ્રેરક છે. લેખના




છેડા પર ઊતરેલું એમનું સંવેદિત વિધાન અંગ્રેજીમાં જ રમતું મેલવાનું પ્રલોભન થાય તેવું છે :

My search had been for such still moments. about to break open the hard shell of time and take off in my inner sky. The intimate city never dies. It lives in the heart, like a colorful coral reet deep below the equational waters.

કોણ ના પાડી શકે કે અશ્વિન કૅમરા ઉપરાંત તત્ત્વપ્રધાન શબ્દકળાના કવિ નથી ? એમની શોધનો રસ્તો, સમયના કઠણ કોચલાને તોડી નિજી ચૈતન્યઘન ચિદાકાશ સુધી વિકસી વિસ્તર્યો ભાસે. છતાં વિજ્ઞાપિત નગરને નકાર નથી. એ ક્યાં કેવું શ્વસી રહ્યું છે? વિષુવવૃત્તનાં ધસમસતાં વારિમાંના પ્રવાલપાષાણની પેઠે તે હૃદયસ્થ છે ! (મહેતાજી અછાંદસ પણ, કવિતા લખતા રહેતા કેમ નથી, એવો પ્રશ્ન અહીં કળારસિકોને થવો ઘટે.)

પ્રસ્તુત લેખ નીચેની નોંધ, નોંધપાત્ર છે. બધી તસ્વીરો આદિમ કૅમરા-કલ્પનો છે. ડાર્કરૂમ, કમ્પ્યૂટર ટૅકૂનિક્સ કે ડબલ ઍક્સપોઝરની રીતિવિધિઓ અને જુક્તિઓથી તદ્દન મુક્ત છે. ૧૯૮૪ થી ૧૯૯૯ પંદર પંદર વર્ષો સુધી આ 'ઇમેજીઝ'ને (કળાગર્ભની જેમ) જાળવી છે. વિયાતણની વેણતો આવા સર્જકો જ વેંઢારી શકેને...

છવિકવિતાપોથીના ત્રણ ખંડ છે. પ્રથમ વિભાગમાં છે સર્જકનું ઉપર્યુક્ત આત્મલક્ષી આવેદન, સ્વજીવનકથન અને નગરરાગ નિવેદન બીજામાં નાન્સીનો દીર્ઘ રસપ્રદર્શક લેખ, જેમાં છવિકારના અધ્યાત્મ-અત્તરનો પરિમલ અનુભવાય. ત્રીજામાં ઑક્તોવિયો પાઝની કાવ્યકંડિકા અને 'અર્પણ'-પંક્તિઓ.

સર્વની સાથે નાસર મનજીનું પ્રારમ્ભે પ્રસ્તુત અવતરણ પણ ઘણું ગમ્યું. તેમણે સિટીસ્કેપ્સની છવિલીલામાં અત્યંત ગતિમાન જગતમાં સંસ્થિર કેન્દ્રબિન્દુ ન્યાળ્યું છે. નગરસભ્યતાનો અર્ક અશ્વિનભાઈએ કો'ક ઉસ્તાદની ચોકસાઈથી કાળઘડીમાં ઝીલ્યો હોવાનું નિરીક્ષણ સાર્થક છે.

સિટીસ્કેપ્સ ઉપરથી જિરાલ્ડ મેન્લી હૉપકિન્સની ખોજ

સમી બે સંજ્ઞાઓ સાંભરે. ઇનસ્કેપ ઍન્ડ ઇનસ્ટ્રેસ: આંતર-ફલક અને આંતરબલ. પદાર્થ જેને આધારે ટકે છે એના ટકે આંતરિક ફલક નિશ્ચિત થાય છે તેને હૉપકિન્સ આંતરબલ માને છે. સિટીસ્કેપ્સની વિજ્ઞાપિત તસવીરોમાં આંતર-આકાશ અને આંતરિક બળનો સુઝો અનુભવ કરી શકે.

પોથીના પ્રચ્છદપટને જ જુઓ તો નિરાવરણ નરનારીનાં બે અતિ સ્વચ્છ 'મૅનિક્વિન', શુભ્રશુક્લ મીણપૂતળાં એક મોટર કૅરિયરના ધાબા ઉપર દોરડાથી બાંધી ઉડાવી લઈ જવાયાં છે. ઉભય ઊર્ધ્વબાહુ હોવાથી ઊડતાં હોવાનો આભાસ-પરિબદ્ધ હોવા છતાં - દૃશ્યને એક પ્રકારના કૉન્ટ્રાસ્ટનું પરિમાણ પૂરું પાડે છે. પ્રતિમાદ્રય પદાર્થ છે પણ એ ટકેલ છે. કૅમરાની પાછળ રહેલ છવિકારના આંતરફલક અને આંતરબળના આધારે, ચિદાકાશમાં સ્થિત કળાદૃષ્ટિના આધારે.

વસ્ત્રાલંકારસજ્જ મીણપ્રતિમાઓ પોથીમાં પ્રવર્તતો 'રિકરિંગ રીધમ' છે. અવારનવાર ઝબકી જતો સર્જકલય છે, લીલા છે. (અત્રે પસંદગીની થોડીક છબીઓના ઉલ્લેખ જ શક્ય છે. વિપુલતા અને વ્યાપકતા, વિવિધતા અને વિભિન્નતાનો અહીં એટલો મોટો રંગમેળો છે કે સામાજિક ભાવકને મૂંઝવતો પ્રશ્ન થાય કયું ફૂલ લઉં, કઈ ઝૂલ લઉં ? અપની અપની પસંદ...)

૪૬મી છબી કેટલી તો સૂચક છે. જડ મીણપૂતમાં સાથે 'સંવાદ' સ્થાપવા એક જીવંત સન્નારી બેઠેલી દર્શાવી છે ! (અર્થ--ઘટનકારોનું આવી અનેક તસવીરો-સ્વર્ગ છે !)

તસવીર ઉપમાં બે મીણપૂતળાં, બે ગગનગામી વિરાટ નારીચરણો આસપાસ મધ્યે સંકડાઈ ફસાયેલા છે.

મને પ્રિય છવિ ૯ ક્રમાંકમાં ઉપસ્થિત છે. ત્યાં રાહદારીઓને અને ફુવારાને ન્યાળતું મીણપૂતળું જાણે કે અનંત કાળથી ખડું છે ! કળાધરના માનવીય સ્પર્શનાં સ્પન્દનો પ્રેક્ષકમાં સંપ્રેષણ પામે એવાં છે.

૬ઠ્ઠી તસવીરમાં ઊંચી મીણનારીમૂર્તિને કૅમરાના કસબે અભ્રઆચ્છાદિત અવસ્થામાં અજબ ફ્રેમ કરી છે !

કાફકાના કૅસલની સ્મૃતિ ઝંકૃત કરતા કૃષ્ણદુર્ગની નીચે મઢેલી મીણનારીપ્રતિમાઓ પણ દર્શનીય છે !

આ થઈ પોથીની પ્રધાન થીમ, મૅનિક્વિન્સ અંગેની વાત. પણ મહેતાનો કૅમરા, દેવોના વૈદ્ય અશ્વિનીકુમારોની જેમ પદાર્થજગતને તેમજ જગતપદાર્થને કોઈ ગૂઢ સંજીવનીમંત્રથી પુનર્યૌવન પ્રદાન કરતો જ રહે છે. બાકીની બીજી પ્લેટ્સ જુઓ ત્યારે જ આ વિધાન સાચું ઠરે.

હવે દ્રાવિડી પ્રાણાયામ પેઠ, પોથીના પાછળના અતીત ક્રમાંક અનુસાર ટૂંકમાં જોઈ વળીએ.

બ્યુટિશ્યન્સ (૬૯), ઢોલ વગાડનારો (૬૩), ટોપમાં ઘર અને બોનેટમાં વૃક્ષનું પ્રતિબિંબન ! (૬૧) પરોઢિયે વારાણસીના અર્ધસુપ્ત વારાણસી ઘાટ (૬૦), ચિત્રખચિત ગલીમાં વરાહાવતારનાં અપભ્રંશો સમાં સૂવરો (૫૬), વ્હીલ ચૅઅરમાં દટાયેલો દર્દી ને વિજ્ઞાપનમાં દેખાતો કપાયેલો હાથ! (૫૩), શૉપિંગ મૉલમાં કાળા ઓ છા યા ઓ થી આવરાયેલું કાચકબાટ !


અભ્રઆચ્છાદિત અવસ્થામાં
મીણનારીમૂર્તિ

(૫૦) જળના ઝાબળામાં ઊંઘમૂંધ કાળાભમ્મર તરુવરની શીર્ષાસનીય પ્રતિછવિ (૩૬), કેસરિયાલાલ રંગમાં રહસ્યદાન પ્રતીકરૂપે પાર્કિંગ સંજ્ઞા (૩૭), ચાઈનાટાઉનમાં અધ્યાત્મગહન ચીની ખડકો (૩૫), ભીંત ઉપર લખાયેલ ફૅમિલી પ્લાનિંગ સૂત્ર વૃક્ષશાખાના પડછાયાથી પર્યાવૃત્ત (૩૦), પરબીડિયાપેઠ પડછાયાનો ઉઘાડ ! (૩૧) રેસ્તોરાંની બારીમાંથી દીઠેલું ચર્ચ કેવું હોય ? (૧૩), કળા કસબની પુરાતન ચીજવસ્તુઓ વેચતી દુકાનનું અવર્ણનીય ફ્રેમિંગ-ટેકિંગ (૩), અત્તરમહેકથી તરબતર સરૈયાની દુકાનના કાચમાં પ્રતિબિંબિત સેન્ટ્રલ રેલવે સ્ટેશન (૧)

સ્વદેશ-વિદેશોના, જુદી સભ્યતાના પારિવેશિક પ્રદેશોમાં ઘૂમી વળી અગણ્યોસિત્તેર તસવીરોની સમૃદ્ધ વાનગીઓ નીરખતાં સદ્ગત કવિ બાલમુકુન્દ દવેની પંક્તિઓ કર્ણરન્ધ્રમાં ગુંજવા માંડી, આપણે તે દેશ કેવા, આપણે વિદેશ કેવા, આપણે પ્રવાસી પારાવારના હોજીઇઇઇ... 'હિમાલય'થી 'હૅપનિંગ્ઝ' સુધીની યાત્રામાં મહેતા જેવા સર્જક-સાક્ષર, તસવીરગ્રંથમાં પ્રત્યેક છબી નીચે દાર્શનિક તેમજ કાવ્યમય કંડિકાવાર્તિકનો અક્ષરલાભ લગભગ આપે જ છે, પરંતુ અહીં માત્ર દૃશ્યોને જ બોલવા-ચાલવા-દોડવા દીધાં છે એય એક વિશેષ લાભપ્રદ ઘટના ગણાય. વળી, છવિઓમાં 'માસ્ટર સ્ટ્રોક' જોઈને માણવો હોય તો ૧૦ ક્રમાંકની વિગતશૂન્ય તસવીર જરૂર જોજો.ત્યાં જે બાવનબહારનું દૃશ્ય કચકડામાં અશ્વિનભાઈએ ઝડપી ઝળકાવ્યું છે તે માટે તેમને અભિનંદન સાથે ગુજરાતી સાહિત્ય -કળા-વિશ્વનો કોઈ પણ ચન્દ્રક અર્પી શકાય. -*રાધેશ્યામ શર્મા*

[ઇન્ટિમેટ સિટીસ્કૅપ્સ : અશ્વિન મહેતા : ૬૯ રંગીન ચિત્રો, પ્રકાશક : સ્વયં, મૂલ્યઃ રૂ. ૧૨૦૦]

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]







## અંગુલિનિર્દેશ

### યોગસાધના અને આરોગ્ય




પ્રાચીન સમયથી યોગ એ ભારતીય સંસ્કૃતિની એક આગવી લાક્ષણિકતા છે. યોગસાધના અને આરોગ્ય એકબીજાં સાથે સંબંધ ધરાવે છે, એ વિષે હવે પશ્ચિમી દેશોને પણ પ્રતીતિ થવા લાગી છે. પ્રસ્તુત પુસ્તકમાં ડૉ. કિશોર ગોપાલજી ઠક્કુર દ્વારા યોગ અને આસનો સાથે ધ્યાન અને એ સૌની આરોગ્ય પર થતી અસરની વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે. હૃદયરોગ અને અન્ય રોગોમાં પણ યોગ અકસીર નીવડે છે તેવા મુદ્દાઓ સાથે આયુર્વેદ વિષે અહીં વિગતે ચર્ચા જોવા મળે છે. [યોગસાધના અને આરોગ્ય : લે. ડૉ. કિશોર ગોપાલજી ઠક્કુર, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પ્ર. કુશલ આયુર્વેદિક ફાર્મસી, પૃ. ૧૩૬, રૂ.૫૦.]

### ભાવરંગ સંગીત મહોત્સવ - ૨૦૦૩ સ્મારિકા



મિત્રવર્તુળ ટ્રસ્ટની 'સ્પંદન' પ્રવૃત્તિ અંતર્ગત 'ભાવરંગ સંગીત મહોત્સવ-૨૦૦૩'નું આયોજન તા.૨૩,૨૪,૨૫ નવેમ્બર ૨૦૦૩ના દિવસોમાં ભાવનગરમાં કરવામાં આવેલું છે. તે પ્રસંગ નિમિત્તે આ સ્મારિકા પ્રકાશિત કરવામાં આવી છે. 'સ્મારિકા'માં સંગીત વિષયક વિવિધ લેખોને ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. પુસ્તકમાંના વિવિધ સંગીતકારોના ચિત્રો પણ ધ્યાનાર્ષક છે. લેખોમાંની ભાષાની વિવિધતા પણ નોંધનીય છે. વિખ્યાત સંતૂરવાદક અને પદ્મવિભૂષણથી સન્માનિત પં. શિવકુમાર શર્માએ આ સ્મારિકાનું લોકાર્પણ કર્યું હતું. ['ભાવરંગ સંગીત મહોત્સવ-૨૦૦૩ : સ્મારિકા' (સંગીત) સં: પીયૂષ પારાશર્ય, મધુકર ઉપાધ્યાય, પ્ર. મિત્રવર્તુળ ટ્રસ્ટ, ભાવનગર - ૩૬૪૦૦૨, ડબલક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૪, કિં.રૂ.૧૦૦. ]

# કલાવાર્તા

## *નાગજીભાઈ ચૌહાણ*



ગુજરાતની કલાનો પ્રવાહ હવે વેગવંતો છે. આઝાદી પછીનાં ૫૦ વર્ષમાં તો ચોથી પેઢી થઈ. ગુજરાતમાં મુ.રવિભાઈએ કલાપ્રવાહ ઊભો કર્યો. શ્રી બેન્દ્રેએ તેને સબળ કર્યો. તે વટવૃક્ષની શાખાપ્રશાખાઓ એટલે કહો કે આજની ગુજરાતની કલા.

શ્રી નાનજીભાઈ શ્રી રસિકલાલ પરીખ પાસે કલાદીક્ષા પામ્યા. અભ્યાસ કરી, આગળ જઈ સહકાર્યકર થયા. આજીવન શિક્ષણકાર્ય કર્યું અને શિક્ષણ-ક્ષેત્રે સન્માનિત થયા.

મૂળ જામનગરના. ૧૯૩૮ નવેમ્બરે જન્મેલા. જામનગરના શ્રી ચંદુભાઈ અને ગિરિનભાઈ બન્ને શિક્ષકો પાસેથી કલાનો આરંભ કર્યો. તેમણે ઉજ્જવળ ભાવિ માટે નાગજીભાઈને અમદાવાદ જવા સૂચવ્યું. પિતાએ રજા આપી. મદદ કરી. પિતાનું જીવન તો મજૂરીમય હતું. ઈંટો પાડવાનો વ્યવસાય, ઘરનાં સૌ ગારો ખૂંદે, માટી લાવે, ઘાટ ઘડે. આ ઘાટના સંસ્કારે નાગજીભાઈ કલાના સંસ્કારો પામ્યા. માટીનાં રમકડાં બનાવવાં સહજ હતાં. આજેય માટીનાં શિલ્પ નાગજીભાઈ માટે આવિષ્કારનું માધ્યમ છે. શ્રી અમિતભાઈ (ચિત્રકાર) કહે છે કે નાગજીભાઈના માટીકામમાં અંદરની વાત સરળતાથી બહાર આવે છે. તેમણે શિલ્પનો ડિપ્લોમા ૧૯૬૮માં લીધો. પેઈન્ટિંગ ડિપ્લોમા અને આર્ટ માસ્ટરની ઉપાધિ પણ રમતાં મેળવ્યાં. તેમને કળામાં અદ્યતન સ્પર્શ માટે વડોદરા જવું હતું. તેને માટે સ્કૉલરશિપ ન મળતાં અમદાવાદ જ અંતિમ બન્યું. તેમના શિક્ષણ સાથીદારો અને શકરાભાઈ પટેલ હતા.

કલાશિક્ષકના અભ્યાસક્રમમાં તેઓ જોડયા ત્યારથી સ્કેચિંગ કરવા માંડ્યું. તેમની પાસે સ્કેચીઝ અને ડ્રૉઈંગનો તો ભંડાર છે. તેમની રેખાશક્તિ અસાધારણ. પ્રવાસમાં સળંગ રોલ ચીતરે. કચ્છ, સૌરાષ્ટ્ર, અજંતા, ઈલોરા મહાબલીપુરમ્ વગેરે સ્થળો ભરપેટ ચીતર્યાં છે. પ્રણાલીગત શિલ્પોનાં રેખાંકનો ખૂબ સબળ. તે મેળે જાય, મહાલે અને ચીતરે. આદિવાસી વિસ્તાર ખૂબ ગમે ને આદિવાસીની જેમ જીવવું જ ગમે. બાળપણ ખૂબ ગરીબીમાં ગયું. આજેય તેમની જરૂરિયાતો સાવ ઓછી. આ આલેખનો જોઈ તેમને સિદ્ધહસ્ત ચિત્રકાર કહેવા પડે. ઘોડાનાં રેખાંકનો ખૂબ કર્યાં. તેને કોઈ પણ દિશામાંથી ચીતરી શકે. ઘોડાના શિલ્પમાં ને ગ્રાફિક્સમાં ઈનામો મળેલાં. પોર્ટ્રેટ પણ સારું કરે. અદ્યતન કલાના છાયાવાદથી સેઝાં સુધીન પ્રયોગો પણ કર્યા. પોર્ટ્રેટ સારું છતાં ધંધો ન કર્યો. ધંધાની રીતિનીતિ તેમને ફાવે જ નહિ.

શિક્ષણકાર્યનો આરંભ રવિભાઈના કહેવાથી વિદ્યાનગરથી કર્યો. પછી અમદાવાદ જ કર્મભૂમિ થઈ. શેઠ સી. એન કલામહાવિદ્યાલયમાં એક નિષ્ઠાવાન કલાશિક્ષક તરીકે સ્થાન ઊભું કર્યું. નિવૃત્ત થતાં તેમના વિદ્યાર્થીઓએ ગુરુવંદનાની સાથે પ્રદર્શનનો સ્મરણીય પ્રસંગ ઊભો કર્યો. ગાંધીશતાબ્દી વેળાએ ખૂબ મોટા કદનાં ચિત્રો કરવાની તક મળી.

૧૯૮૨ના ગુજરાત લલિતકલાના આબુની શિબિરમાં ગયા. પીરાજી સાગરા, અમિતભાઈ, શ્રી અશ્વિન મોદી, જી.ડી.







પરમાર અને અન્ય સાથીદારો સાથે કામ કરતાં કલાસૃષ્ટિ કસાઈ અને વિકસી.

૧૯૯૬-૯૭માં તેમના ગુરુવંદના કાર્યક્રમ પ્રસંગના પ્રદર્શનમાં ઘણી કૃતિઓ મૂકી. ઈડરના ખડકો પરના અગમ્ય પથ્થરનું ચિત્રોમાં આગવું મહત્ત્વ ઊભું થયું. પથ્થરોમાં માનવીય રૂપો દેખાયાં. આ મૌલિક અભિગમ રસપ્રદ રહ્યો.

પથ્થર ચીતરી આ પથ્થરિયો માનવી અગમ્ય સૃષ્ટિમાંથી ગમ્ય તરફ વળ્યો. અદ્યતન કલાના પ્રવાહોના વહેણ પછી ચિત્રમાંથી સ્ત્રી, રૂપ અને માનવ પાત્રો સર્જાયાં. ચિતરાયાં તોય પીકસોની અસરે વિકૃત રૂપે. વાસ્તવિક જગતનો લોપ વધ્યો. શ્રી નાગજીભાઈએ અગાઉ ધ વર્લ્ડ સીરીઝે ચીતરેલી તેમાં વિધવિધ પ્રવૃતિઓ હતી ડેકોરેટિવ સ્પર્શ હતો. હવે ૨૦૦૪ના પ્રદર્શનમાં માનવીની વિધવિધ વૃત્તિઓ પર ચિત્રો કર્યા. ૨૦૦૪માં એનું પ્રદર્શન થયું. પ્રેમ, વેર, ભય, સ્થળાંતર, આનંદ.. વગેરે મળી ૨૪ ચિત્રો કર્યાં.

આ ચિત્રો વેળા બધા વાદો બાજુએ રાખ્યા. માનવી, આદિમ માનવી, નિર્વસ્ત્ર માનવી, ટોળાનો માનવી, ભૂતકાળમાં જે રીતે રહેતો તેવો માનવી અને તેની વૃતિઓ ચીતરી.

માનવીને પૂર્ણ રૂપે ચીતર્યો હોય તો તે રેનેસાં સમયમાં માઈકલ ઍંજેલોએ. સિસ્ટાઈન ચૅપલમાં ચીતરેલ માનવી તેમનો આદર્શ રહ્યો. તેમનાં ચિત્રોમાં એ શૈલી અને માનવોનો સમૂહ હતો. પણ રચનાઓ સ્વાયત્ત રહી. રોંદા, માઈકલ અને ટર્નર તેમની પ્રેરણા રહ્યા. બસ, આમ ચીતરવાનું મન હતું ને ચીતર્યું.

આવાં ચિત્રો કરતાં પૂર્વે રેખાંકનો કરી એક (બ્રાઉન) રંગથી ચિત્રને પૂર્ણ રૂપ આપ્યું. ખૂબ સારાં રેખાંકનો હતાં. મિત્રોને થતું કે અહીં જ અટકે તો સારું; પરંતુ તેમણે ચિત્રોને રંગે મઢ્યાં. ઓલ્ડ માસ્ટરમી જેમ પૂરતું કામ કરી, આગવી રંગાવટ કરી - સંગીતમાં ઘરાનાની જેમ 'જ્યૂ વાઈન ઈન ઓલ્ડ બોટલ'. ઘણા સમય પછી લોકોને માનવ પાત્રોવાળાં વાસ્તવિક ચિત્રો જોવા મળ્યાં.

એકીનજરે કોઈ કહે કે તેમની શૈલીમાં માઈકલની અસર છે. જેમ નંદબાબુએ અજંતાની શૈલીની અસરે મહાભારત પર ઘણું સર્જન કર્યું અને કર્ણ, કુંતી, ભીષ્મ જેવાં પાત્રો આપ્યાં. અજંતામાં વરઘોડો છે યુદ્ધ નથી. નંદબાબુએ યુદ્ધ ચીતર્યું. શિવનું પાત્ર તો આગવું સર્જન બન્યું.

નાગજીભાઈનું નર્તન ચિત્ર કે સ્થળાંતર જોતાં લાગણી થયા વગર રહેતી નથી. વર્તનમાં બાળસહજ લાગણીવાળાં પાત્રો દેખાય છે. સ્થળાંતરમાં આદિમતા છે. તેનો વડો વડલા જેવો ખખડધજ છે. તેમનાં બધાં જ ચિત્રો ત્રિપરિમાણી છે. આજે તો સહુ દ્વિપારિમાણનો જ ઉપયોગ કરે છે.

કલાકાર ક્યારેક નિયમોને તોડે છે. તે વાસ્તવલક્ષી હોઈને પણ, ઘણું આપી શક્યા છે. સતત ત્રણ વર્ષ દિવસભર કામ કર્યું છે. આ ચિત્રોમાં માનવશરીર દ્વારા મનનો અભિગમ વ્યક્ત થાય છે. એકએક પાત્રનો ચહેરો કે હાથ પૂર્ણતાએ પહોંચાડવાનો સન્નિષ્ઠ પ્રયત્ન છે. એક અભ્યાસી સર્જકનું આ સર્જન છે.

-નટુ પરીખ

## *સુખ્યાત કલાકાર-તસવીરકાર*

જ્યોતિભાઈ ભટ્ટ



જ્યોતિભાઈનું નામ ગુજરાતના તથા ભારતના કલાક્ષેત્રે એક નોંધપાત્ર ચિત્રકાર, પ્રિન્ટમેકર તથા અગ્રગણ્ય તસવીરકાર તરીકે વર્ષોથી જાણીતું રહ્યું છે. વડોદરામાં તેમના અભ્યાસકાળનાં શરૂઆતનાં વર્ષોમાં તેમણે ફ્રૅસ્કો અને મ્યુરલ પેઈન્ટિંગની તાલીમ લીધી. ૧૯૬૧-૬૨માં તેમને નેપલ્સ ખાતેની ઇટલી સરકારની સ્કૉલરશિપ, ૧૯૬૪-૬૫માં, ન્યૂ યૉર્કની ફુલબ્રાઈટ સ્કૉલરશિપ, ૧૯૬૫-૬૬માં જ્હૉન ડી.રૉકફેલર ત્રીજો અવૉર્ડ, ન્યૂ યૉર્ક, પ્રાપ્ત કર્યા. ૧૯૬૭થી ૧૯૯૮ સુધી ફૅકલ્ટિ ઑફ ફાઈન આર્ટ, વડોદરામાં ચિત્રકલા વિભાગમાં રીડર તરીકે તેમની સેવાઓ આપતા રહ્યા. ભારતમાં તથા પરદેમાં તેમનાં પંદરેક વૈયક્તિક પ્રદર્શનો યોજાયાં. તેમણે ઘણાં જૂથપ્રદર્શનોમાં સમગ્ર વિશ્વમાં ભાગ લીધો. તેમની કૃતિઓ મ્યૂઝીઅમ ઑફ મૉડર્ન આર્ટ,ન્યૂ યૉર્ક, સ્મિથસોનિયન ઈન્સ્ટિટ્યૂટ, વૉશિંગ્ટન ડી.સી., નૅશનલ ગૅલેરિ ઑફ મૉડર્ન આર્ટ, ન્યૂ દિલ્હી, ધ વડોદરા મ્યૂઝીઅમ, રૂપંકર મ્યૂઝીઅમ, ભોપાલ અને રાજ્યોની લલિત કલા અકાદમીઓના સંગ્રહમાં સચવાઈ છે, પ્રદર્શિત થઈ છે.

૧૯૫૭માં જ્યોતિભાઈ ભટ્ટ રાષ્ટ્રપતિનો સુવર્ણચંદ્રક એનાયત થયો, ૧૯૬૩માં રાષ્ટ્રિય અવૉર્ડ મળ્યો, ૧૯૭૨માં ફ્લૉરેન્સ ખાતે ભરાયેલા તૃતીય આંતરરાષ્ટ્રિય બિનાલેનો અવૉર્ડ, ફોટોગ્રાફી સ્પર્ધા જપાનમાં કાંસ્યચંદ્રક



તથા કૉલોનમાં ભરાયેલી વિશ્વ ફોટો સ્પર્ધામાં મુખ્ય ઈનામ તેમને મળ્યાં તેમના સમગ્ર કલાસર્જન માટે ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ એક લાખનો રવિશંકર રાવળ અવૉર્ડ આપ્યો છે. તાજેતરમાં તેમને માનદ્ ડૉક્ટરેટની ઉપાધિ એનાયત કરી છે. અમેરિકાની પ્રાટ ઈન્સ્ટિટ્યૂટમાં તથા ઈટલીમાં તેમણે પ્રિન્ટમેકિંગની ઉત્તમ પ્રકારની તાલીમ લીધી હતી. અહીં એમણે ઈન્ટેલિયો પદ્ધતિમાં પ્રભુત્વ મેળવ્યું અને તેમાં નવતર પ્રયોગો કર્યા. તેમના મન પર સૌરાષ્ટ્રની તળભૂમિની લોકકલાઓનાં રૂપો છવાઈ ગયાં હતાં, જેના ફલસ્વરૂપે તે તેમની તત્કાલીન કૃતિઓમાં દૃશ્ય, સૌંદર્યશાસ્ત્રીય અને કલાત્મક સ્વરૂપે રચનાબદ્ધ થયાં. તેમની કૃતિઓ હંમેશાં આકૃતિપ્રધાન રહી છે. છતાં તેમનાં કેટલાંક ચિત્રોમાં અમૂર્તતાનાં તથા પ્રયોગાત્મક અભિગમનાં દર્શન થાય છે.

જ્યોતિભાઈનાં પ્રિન્ટમેકિંગનાં વર્ષો સુધીના સંબંધને કારણે જ તેઓ ફોટોગ્રાફી તરફ વળ્યા. તેમણે ઑલ્ફ્રેડ-સ્ટાઈગ્લિઝની ફોટો-ગ્રેવર પદ્ધતિથી શરૂઆત કરી, પરંતુ આ પદ્ધતિની જાણકારી તથા સામગ્રીના અભાવને કારણે તેમાં તેઓ આગળ જઈ શક્યા નહિ. તેથી પારંપરિક ફોટોગ્રાફિક ટેક્નિક અને સામગ્રીનો ઉપયોગ કરી ઉચ્ચ પ્રિન્ટ ગુણવત્તાવાળી ફોટો પ્રિન્ટો કાઢવા લાગ્યા. આજે તેમણે સાચા અર્થમાં આદિવાસી અને લોકકલાક્ષેત્રની ફોટોગ્રાફીના દસ્તાવેજીકરણના મહત્ત્વપૂર્ણ પ્રદાન માટે તથા તેના એક પ્રારંભકર્તા તસવીરકાર તરીકે એક આગવી અને ચિરકાલીન ઓળખ ઊભી કરી છે. તેમની કેટલીક તસવીરો કાવ્યાત્મક બની છે.

જ્યોતિભાઈની તસવીર-કલાકૃતિઓ ફોટોગ્રાફીની શ્રેષ્ઠ પરંપરાઓમાં મૂળિયાં નાખીને સર્જાયેલી છે. 'ઑબ્જેક્ટિવ કૅમરા' દ્વારા તેમણે વર્ષોથી સાંસ્કૃતિક દૃશ્યોને રેકૉર્ડ કર્યાં છે. ભારતની કેટકેટલીક લોક તથા આદિવાસી પરંપરાઓનો આપણને તેમણે આંતરિક તથા દૃશ્ય અનુભવ કરાવ્યો છે ! તેમણે તેમની તસવીરો દ્વારા કોઈ ગહન, દાર્શનિક અનુભવ કરાવવાનો દાવો કર્યો નથી. ખાસ તો તેમણે ઝડપથી બદલાતી અને અદૃશ્ય થઈ રહેલી ગ્રામ તથા આદિવાસી જીવનની પરંપરાઓનું દસ્તાવેજી દૃશ્યવિધાન તેમની તસવીરોમાં કર્યું છે. છતાં આવી સમાજશાસ્ત્રીય તપાસ માટેના તેમના પ્રયત્નોમાં પણ એક કલાકાર તરીકેની તેમની જવાબદારી તો તેમણે હંમેશાં નિભાવી છે. એક મિશનરીના ઉત્સાહથી તેઓ તેમના વિષયની પાસે જાય છે. આદિવાસી અને લોકજીવનમાં આવેલા પરિવર્તનથી તેઓ ચિંતિત તો છે જ, પણ સાથે નિરાશા પણ અનુભવે છે. મૂળમાં તેઓ અતિ સંવેદનશીલ, વિચારશીલ, જાગૃત કલાકાર-તસવીરકાર છે. તદુપરાંત તેમની વિદ્વત્તાને કારણે તેમણે કલાવિષયક લેખો પણ લખ્યા છે અને 'કુમાર' માસિકમાં અગાઉ તેમના કેટલાક લેખો પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. કલામાં આધુનિક્તા અને નવા પ્રવાહો અંગે વિશદ સમજૂતી આપી વાચકોને તે માટે સભાન કરવામાં તેમનો ફાળો નોંધપાત્ર અને અવિસ્મરણીય છે.

વિકાસ પામેલા સંસ્કૃત સાંપ્રત માનવીએ મહોરાંની એક સંકુલ જાળ પોતાની આજુબાજુ રચી છે અને તેના ઢોંગમાં રાચતો હોવાથી જ્યોતિભાઈના નિર્દંભ જીવનશૈલી અપનાવતા અને સાદગીયુક્ત જીવન જીવતા આદિવાસી તથા ગ્રામિણ લોકોના ફોટાઓ તેની સામે એક આદર્શ અરીસો ધરે છે. હવે તો વૈશ્વિકીકરણના ફેલાવાને કારણે આ સમસ્યા વધુ ચિંતાજનક બની છે. છતાં જ્યોતિભાઈએ આદિવાસી તથા લોકજીવનની કલાકારીગરીની મૌલિક વસ્તુઓને તેમની તસવીરો દ્વારા તેમના યોગ્ય સંદર્ભમાં, માહોલમાં મૂકી આપી છે તેથી તે સવિશેષ હેતુલક્ષી અને દસ્તાવેજી બની છે. ગામડાંના ગાર-લીંપણવાળાં મકાનો પરનાં સ્ત્રીઓએ દોરેલાં શૈલીગત પશુ, પક્ષી તથા આલંકારિક ભાતવાળાં ચિત્રોને ત્યાંના જ સુંદર, ખુલ્લા માહોલમાં દર્શાવી તેમણે તેમની તસવીરોમાં કાયમ માટે કેદ કર્યાં છે. વળી, તેમની ધાર્મિક અને કેટલીક વાર સામાજિક ક્રિયાઓને તેમણે તસવીરબદ્ધ કરી છે. તેમની સામે જે છે તેને તેમની કલાપ્રતિભા દ્વારા સાદી રીતે અને સહૃદયતાપૂર્વક રજૂ કર્યું છે.

-બંસીલાલ દલાલ

# કલાસ્મૃતિ

## માર્શલ આર્ટ-સ્ટાર બ્રુસ લી



જગતભરમાં સર્વત્ર મનુષ્યમાત્રને પોતાપણું સિદ્ધ કરતા રહેવાનું વળગણ પુરાણું અને જન્મજાત છે. મનુષ્યે તેને રજૂ કરવાના ઘણા રસ્તા શોધી કાઢ્યા છે -- જેમાં, કર્મબદ્ધ જીવનકાર્ય, લલિતકલાના વિવિધ આયામો, પ્રહાર, પ્રતિકાર કરવાની કલાઓ, સંસ્કાર અને જ્ઞાન લક્ષી કર્યક્રમો. આ બધું જે તે દેશ અને તેની પ્રજાના જીવનવ્યવહાર તેમજ ત્યાંના વાતાવરણને અનુકૂળ કે પ્રતિકૂળ હોય છે. પૂર્વના દેશોએ શરીરલક્ષી વિષયને ખૂબ જ મહત્ત્વનો સમજીને તેમાં ઘણું સંશોધનાત્મક કામ કરેલ છે, જેમાં શસ્ત્રના ઉપયોગ વગર, માત્ર શારીરિક શક્તિના વિકાસથી પ્રયોજી શકાય તેવી પ્રહાર અને પ્રતિકાર કરવાની શક્તિઓ પુરાણકાળથી વિકસાવી છે. તેને, કરાતે, જુડો, ફૂગ-ફૂ કે ગુંગ-ફૂ, માર્શલ આર્ટ, વગેરે નામોથી ઓળખવામાં આવે છે. આ ગુંગ-ફૂ માર્શલ આર્ટમાં, થોડાં વર્ષો પૂર્વે, એક ખૂબ જ પ્રસિદ્ધ વ્યક્તિત્વ જગમશહૂર થયું, તે પણ તેની એકમાત્ર ફિલ્મના પ્રકાશન દ્વારા. આ વ્યક્તિત્વનું નામ છે પ્રસિદ્ધ માર્શલ આર્ટ કલાકાર સ્વ. બ્રુસ લી. એક જાણીતી ઉક્તિ છે : 'જે તલવારથી જીતશે તે તલવારથી મરશે' તેમ આ કલાકાર સ્પર્ધા - દ્વેષને કારણે, ભર યુવાન વયે અકાળે મૃત્યુ પણ પામ્યો.

થોડાંક વર્ષો પૂર્વે દેશ-વિદેશમાં રજૂઆત પામેલ માર્શલ આર્ટ-ચિત્રપટ 'એન્ટર ધ ડ્રૅગન' અગણિત ફિલ્મરસિયાઓએ જોઈ હશે. ત્યાર બાદ ટેલિવિઝનની અંગ્રેજી ચૅનલો ઉપર લગભગ વર્ષ દરમિયાન ઘણી વાર દર્શાવવામાં આવે છે. આ ફિલ્મનો નાયક પોતાની ગુંગફૂ માર્શલ આર્ટના પ્રતિકાર-કૌશલ્ય દ્વારા સમગ્ર ચિત્રપટમાં છવાઈ જાય છે. સન-૧૯૭૦ના દાયકામાં બાળકો અને યુવાવર્ગમાં આ કલાકાર માટે લોકોને સખત ગાંડપણ જેવું હતું. લોકો પોતાનાં ઘરમાં વ્યવસાયના સ્થળે, રિક્ષાઓમાં, પહેરવાનાં ટી શર્ટ ઉપર, નોટબુકો ઉપર તેની છબી લગાડતા. એટલે સુધી કે બાળકો ઘરના રેફ્રિજરેટર ઉપર તેનાં સ્ટીકર્સ લગાડતાં. દેશભરમાં તે સમયે કરાતે અને માર્શલ આર્ટ-શિખવા-શીખવવાના વર્ગો શરૂ થયા હતા. વડીલો પોતાનાં બાળકોને આત્મરક્ષણ માટે આ કલા શીખવા માટે મોકલતાં હતાં. આ કલામાં ઉત્તીર્ણ થનારને 'બ્લૅક બેલ્ટ'નો ચંદ્રક આપવામાં આવતો હતો.

આ માર્શલ આર્ટના પ્રણેતાની જીવનયાત્રા ટૂંકી છે. અમેરિકાના લૉસ એન્જીલીસ શહેરના ચાઈના ટાઉન વિસ્તારમાં જન્મ. જીવનની શરૂઆત મધ્યમ ગરીબ કુટુંબમાં થઈ હતી. શાળાકીય પ્રાથમિક શિક્ષણ બાદ પોતાના શોખને કારણે તેણે 'ગુંગફૂ' કલાનો અભ્યાસ કર્યો, અને માત્ર ૨૨ વર્ષની ઉંમરે આ વિષેનું પુસ્તક લખ્યું.'ચાઈનીસ કુંગ-ફુંગ-ફું-ફિલૉસૉફિકલ આર્ટ ઑફ ડિફેન્સ.' આપણે જાણીએ છીએ તેમ અમેરિકામાં દરેક શહેરમાં અન્ય દેશમાંથી આવેલી પ્રજાના ખાસ વિસ્તારો અને નામો હોય છે. દરેક શહેરોમાં 'ચાઈના ટાઉન' વિસ્તાર જાણીતો હોય છે. આપણા કલકત્તા શહેરમાં પણ 'ચાઈના ટાઉન' જાણીતું છે. મુલાકાતીને એમ જ લાગે કે જાણે તે ચીન દેશમાં આવી ગયો છે. બ્રુસ લીની જીવનયાત્રા પોતાના શહેરના ચાઈના ટાઉનથી શરૂ થઈ. ગરીબી, સખત પરિશ્રમ, જીવનનિર્વાહની હાડમારી, જે મળે તે કરીને પ્રયત્નપૂર્વક આગળ વધવાનું, સખત સ્પર્ધાનો સામનો, શેરીઓમાં થતી નાનીમોટી લડાઈઓમાંથી બ્રુસ લીનું નામ એક સારા પ્રતિકાર શક્તિના જાણકાર યોદ્ધા તરીકે જાણીતું થવા માંડ્યું. આ સમય સન. ૧૯૫૦ આસપાસનો ગણાય છે. થોડા સમય બાદ તેમણે ચાઈના ટાઉનમાં-'ગુંગફૂ-માર્શલ આર્ટના અભ્યાસ-વર્ગ શરૂ કર્યા.અભ્યાસ સ્થળનો નંબર ૬૨૮ આસપાસના રહીશોને ખયાલપણ ના આવે કે અહીં માર્શલ આર્ટના વર્ગો ચાલે છે. સંસ્થાનું નામ 'જુન ફાન ગુંગ ફૂ ઈન્સ્ટિટ્યૂટ'.

જીવનમાં ઝડપથી આગળ આવવા, તેણે - ઍક્ટિંગ વ્યવસાયમાં ઝંપલાવ્યું. 'ચાર્લીચાન' નામની ટેલિવિઝન શ્રેણીમાં તેને,મી. ચાનના પુત્ર તરીકેની ભૂમિકા મળી. તેને ખ્યાતિ સાથે યોગ્ય પુરસ્કાર પણ મળ્યો. ઉપરાંત ફિલ્મરસિયાઓ તેમજ નિર્માતાઓએ તેની નોંધ લીધી. બ્રુસ લી. નો ગુંગફૂ - માર્શલ આર્ટ કલા માટેનો મંત્ર હતો કે, 'શારીરિક ક્ષમતા' સાથે કેળવાયેલ શરીર અને માનસિક ક્ષમતા ના હોય તેણે આ કલા શીખવાનો પ્રયત્ન ના કરવો.

સન ૧૯૬૦-૧૯૭૦નાં વર્ષોમાં, બ્રુસ લીની નાની મોટી જૂજ સંખ્યામાં ફિલ્મો બની, તેમાં ચાઈનીઝ પાર્શ્વ દૃષ્યો અને વાતાવરણનું નિરૂપણ થતું. પ્રેક્ષકો માત્ર વેસ્ટર્ન અને ગેંગવૉરની ફિલ્મો જોઈને કંટાળેલા તેમને આ નવા પ્રકારથી આનંદ થતો. પણ હૉંગકૉંગ શહેર, પાસેના ટાપુ ઉપર ના પુષ્પોની પૃષ્ઠભૂમિ અને વાતાવરણ માં સર્જાયેલાં 'એન્ટર ધ ડ્રેગન' ફિલ્મથી તે જગતભરમાં પ્રસિદ્ધિ પામી શક્યો. અને તેનું નામ એક 'લિજંડ'ની કક્ષમાં મુકાયું. જેમ દરેક ક્ષેત્રમાં બને છે. તેમ આ ક્ષેત્રના હરીફો ઈર્ષાને કારણે જંપીને બેસી ના શક્યા. યેન કેન પ્રકારેણ તેઓ બ્રુસ લીની પાછળ પડી ગયા. અને સફળતાના ઉચ્ચ શિખરે પામેલા એ સમયકાળમાં, આ જ ચાઈના ટાઉનમાં તેનું ખૂન થયું. આ સાથે માર્શલ આર્ટની એક ભવ્યાતિભવ્ય રજૂઆત કરનાર કલાકારના જીવનનો અંત આવ્યો. *-ગજેન્દ્ર શાહ*

## મસૂરી
### દેશાટન-૬૮




દહેરાનદૂનથી ૨૨ કિ.મી દૂર આવેલું મસૂરી ૨,૦૦૦ મીટરની ઊંચાઈએ અર્ધચન્દ્રકાર પહાડી પર વસેલું છે. અહીં સઘન વનરાજી અને ફળઝાડના બગીચા આવેલાં છે. મસૂરીથી હિમાલયનાં હિમાચ્છાદિત શિખરોનાં દર્શન થાય છે તેમજ એની આજુબાજુ વિસ્તરેલી રમણીય દૂન ઘાટીનું સૌંદર્ય દેખાય છે.

ગિરિમથક મસૂરીને આપવામાં આવેલું 'પર્વતોની રાણીનું' બિરુદ બિલકુલ યોગ્ય છે. સમુદ્રની સપાટીથી ૨૦૦૦ મીટરની ઊંચાઈએ આવેલું આ ગિરિમથક ૨૫ ચોરસ કિલોમીટરમાં વ્યાપેલું છે. મસૂરી પહોંચવા પહેલાં દહેરાદૂન જવું પડે છે. દહેરાદૂનથી મસૂરી જવા બસ અને ટેક્સી મળે છે.

આ ગિમથક છેક અઢારમી સદીથી હવા ખાવાના સ્થળ તરીકે જાણીતું છે. મસૂરીમાં ગનહિલ, કેમલ બૅક, સુરકંડા દેવીનું મંદર, કેમ્પ્ટી ફોલ, સહસ્રધારા સ્થળ પ્રવાસીઓ માટે વિશેષ આકર્ષણું કેન્દ્ર બની ચૂક્યાં છે. મસૂરીમાં રોપ-વૅનો આનંદ પણ માણી શકાય છે.



## આમ શું કહો

વારાફરતી વારામાંથી નીકળવું છે,
મારે આ જન્મારામાંથી નીકળવું છે.
કોઈ મમતના માળા બાજુ ખેંચ્યા ના કર,
મારે તારા-મારામાંથી નીકળવું છે.
અજવાળાના સ્વામી થોડો ટેકો કરજો,
ભીતરનાં અંધારમાંથી નીકળવું છે.

('એકરૂપમાંથી') -હરજીવન દાફડા

### *શોભા ગુર્તુનું નિધન*

'ઠુમરી ક્વીન' તરીકે સંગીત- વિશ્વમાં નામના મેળવનાર શોભા ગુર્તુનો જન્મ ૧૯૨૫માં બેલગામમાં થયો હતો. થોડાં વર્ષો અગાઉ 'પદ્મભૂષણ'નો ખિતાબ મેળવનાર આ બેમિસાલ ગાયિકાનું તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૦૪ના રોજ ૭૯ વર્ષની વયે હૃદય રોગના હુમલાને લીધે નિધન થયું.

શોભા ગુર્તુએ સંગીતની પ્રાથમિક તાલીમ તેમની માતા મેનકાબાઈ શિરોડકર પાસેથી મેળવી હતી. ત્યાર બાદ તેમણે ઉસ્તા નાથનખાન પાસે શાસ્ત્રીય સંગીતની સઘન તાલીમ મેળવી.

શોભા ગુર્તુને તેમના જીવનકાળ દરમિયાન ઘણા અવૉર્ડ મળ્યા હતા. ૧૯૧૯માં સંગીતનાટક અકાદમીનો અવૉર્ડ, લતા મંગેશકર પુરસ્કાર, શાહુ પુરસ્કાર, મહારાષ્ટ્ર ગૌરવ પુરસ્કાર, અને પદ્મભૂષણનો ખિતાબ તેમા મુખ્ય છે.

'ફાગુન', 'પાકિઝા', મેં તુલસી તેરે આંગન કી, 'પ્રહાર' ઈત્યાદિ ફિલ્મોમાં પણ તેમણે પોતાનો કંઠ આપ્યો હતો. ઠુમરી અને દાદરા પ્રત્યે લગાવ હોવાને લીધે તેમણે ઠુમરીને નવી ઊંચાઈઓ બક્ષી હતી, તેથી જ તેઓ 'ઠુમરી ક્વીન' તરીકે જાણીતાં થયાં.

### *મોતી કેવી રીતે બને*

મોતી એક પ્રકારનું જૈવિક ઉત્પાદન છે, તેને સંરક્ષણ માટે પ્રાકૃતિક રૂપમાં બનાવવામાં આવે છે. જ્યારે કોઈ બાહ્ય પિંડ (અથવા રેતીનો કણ) શુક્તિના શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે મોતી બનવાની શરૂઆત થાય છે. શુક્તિ બહારના પિંડ કે પદાર્થથી બચવા માટે તેના પર નેકરી નામના પદાર્થનું આવરણ ચઢાવે છે. આ આવરણ કૅલ્શયમ કાર્બોનેટનું બનેલું હોય છે. સમય જતાં આ આવરણો વધતાં જાય છે અને મોતીનો આકાર બંધાય છે. જ્યાં સુધી તેને બહાર કાઢવામાં ન આવે ત્યાં સુધી શુક્તિમાં કૃત્રિમ ક્ષોભકને ઉમેરવામાં આવે છે. ત્યાર બાદ શુક્તિઓને કાળજીપૂર્વક વિવિધ સ્તરોમાં રાખવામાં આવે છે. એક સાચા મોતીને સરખો ઘાટ-આકાર મળતાં ત્રણથી છ વર્ષનો સમય લાગે છે.

### *શરીરને આરામ આપવાની વિવિધ રીતો*

* આરામનો અર્થ પગ લાંબા કરી માત્ર ટીવી જોવું કે છાપું વાંચવું નહીં, પણ થોડો સમય પણ ચિંતામુક્ત રહેવું.

* દોડધામની જિંદગીમાં દરેક પળને આનંદથી માણો.
* તણાવ તો રહેવાનો જ પણ જો ખુશમિજાજ રહેશો તો તેની માત્રા જરૂર ઘટશે. 'હસે તેનું ઘર વસે' તે કહેવત આજના સમયમાં યથાર્થ પુરવાર થાય છે.
* સતત કામ કરતી વ્યક્તિઓએ થોડો સમય જગ્યા પરથી ઊઠીને આંટો મારીને પણ આરામ કરી લેવો જોઈએ કે ખુરશીને અંઢેલીને થોડી વાર બેસી રહેવું જોઈએ.
* આપની ચીલાચાલુ જિંદગીમાં તાજગી લાવવા માટે સંગીત, નૃત્ય, સિલાઈકામ, ભરતકામ, ચિત્ર કે આપની રુચિની કોઈ અન્ય પ્રવૃતિ કરો. જીવનમાં તાજગી સાથે સફળતા મળશે.
* નવરાશની પળોમાં ટીવી, રેડિયો, ઈન્ટરનેટને માણો કે સારાં પુસ્તકોનું વાચન કરો.
* આજની વ્યસ્ત જિંદગીમાં પિતાશ્રીને કુટુંબ સાથે રહેવાનો સમય નહીંવત્ જ હોય છે. મુંબઈ જેવા શહેરમાં તો અઠવાડિયે માંડ ગણતરીના કલાકો જ ! તો રાત્રે ઘરનાં બધાં જ સભ્યોએ શા માટે સમૂહભોજન ન કરવું? તેથી પ્રેમ અને કૌટુંબિક ભાવના વધશે.
* અઠવાડિયામાં એક વાર માનસિક બદલાવ માટે, તમારા ઘેર મિત્રોને બોલાવો કે અન્ય મિત્રોના ઘેર જાઓ કે બધા સાથે મળી નાની ઉજાણીનું આયોજન કરો.
* આજની દોડધામ તથા અસાત્ત્વિક ખોરાકને કારણે નિયમિત કસરત, યોગ, એરોબિક્સ પ્રત્યે ધ્યાન આપવું જરૂરી જ નહીં, અનિવાર્ય છે.
* આજે લોકોનો નાતો સિમેન્ટ--કોંક્રિટ સાથે વધી ગયો છે અને પ્રકૃતિથી દૂર થતો જાય છે. તો કુદરત સાથે તાદાત્મય વધારવા સવારે-સાંજે બગીચામાં ફરવા જવું જોઈએ. ઘરમાં પણ ફૂલછોડ વાવવા જોઈએ.
* આરોગ્ય-સ્વાસ્થ્યની દૃષ્ટિએ વ્યક્તિએ દરરોજ ઓછામાં ઓછી ૭ થી ૯ કલાકની ઊંઘ લેવી જોઈએ. તો જ તેને પર્યાપ્ત શારીરિક આરામ મળી શકે.

## બકરી પાળવાના ફાયદા

આયુર્વેદમાં બકરીના દૂધથી માંડી મૂત્ર અને લીંડીઓ સુદ્ધાંનો ઔષધ તરીકે ઉપયોગ કરવાનું વિધાન કરવામાં આવ્યું છે. બકરીની લીંડીનો ધુમાડો શ્વાસમાં જાય તો તેનાથી ફેફસાં મજબૂત થાય છે અને કદી અસ્થમા થતો નથી. આયુર્વેદમાં વિષમય વાતાવરણમાં ઉછેરવામાં આવતા છોડને બચાવવા માટે તેને બકરીની લીંડીઓનું ખાતર આપવાનું કહેવામાં આવ્યું છે. આયુર્વેદમાં ક્ષયને રાજરોગ કહ્યો છે અને તેની એકમાત્ર દવા તરીકે બકરીને વર્ણવવામાં આવી છે. આયુર્વેદમાં સ્પષ્ટ કહ્યું છે કે જે વ્યક્તિને ક્ષય થયો હોય તેને ખોરાકમાં માત્ર બકરીનું દૂધ આપવું અને જરૂર પડે બકરીનું મૂત્ર પણ આપવું. ક્ષયરોગના દર્દીઓએ સૂવા માટે બકરીનો વાડો જ પસંદ કરવો અને બકરીઓનાં ટોળાં વચ્ચે જ રહેવું. તેનું કારણ છે કે બકરીના પસીનામાં જે ગંધ છે તેના સેવનથી ક્ષયરોગીઓના શરીરમાં સંજીવની જેવી અસર થાય છે.

આયુર્વેદની દૃષ્ટિએ શરીરના કોઈ પણ અંગમાં ચાંદાં પડ્યાં હોય અથવા રક્તસ્ત્રાવ થતો હોય તો તેને અટકાવવા માટે અરડૂસી અને બકરીનું દૂધ શ્રેષ્ઠ ઔષધ છે. ક્ષયરોગના દર્દીનાં ફેફસાંમા પડી ગયેલાં ચાંદા બકરીના દૂધના સેવનથી રુઝાઈ જાય છે અને દર્દી પાછો તંદુરસ્ત બની જાય છે. હિમોફીલિયા નામના રોગમાં દર્દીના શરીરમાંથી વહેતું લોહી ગંઠાઈ જતું નથી અને વધુ પડતો રક્તસ્ત્રાવ થવાને કારણે ક્યારેક મરણ પણ થઈ જાય છે. આવા દર્દીઓ જો લાંબા સમય સુધી બકરીનું દૂધ પીવાનું રાખે તો તેમનો હિમોફીલિયો રોગ મટી શકે છે. બકરીનું દૂધ શીતવર્ય અને પુષ્ટિકારક છે. ભેંસનું દૂધ મેદ વધારનારું હોવાથી ભારે છે જ્યારે ગાયનું અને બકરીનું દૂધ હલકું હોવાથી તેનાથી વાયુનો પ્રકોપ થતો નથી.

બકરીનું દૂધ ગાયના અને ભેંસના દૂધ કરતાં વધુ ગુણકારી છે, કારણ કે બકરી લગભગ તમામ વનસ્પતિઓ ખાતી હોય છે. 'ઊંટ છોડે આકડો અને બકરી છોડે કાંકરો' એ કહેવત મુજબ બકરીઓ વગડામાં ઉગતી તમામ જડીબુટ્ટીઓ આરોગતી જોવા મળે છે. બકરીનો મુખ્ય ખોરક છે ખીજડો, બાવળ કે બોરડીના કાંટા. આ સિવાય વનવગડામાં થતી કેરડાથી માંડીને કંથેર અને અરડૂસીથી માંડીને આમળાં સુધીની બધી જ વનસ્પતિઓ બકરી આરોગે છે. એટલે જ બકરીના દૂધ અને મૂત્રમાં આ બધી જ વનસ્પતિઓનાં ગુણ જોવા મળે છે. બકરીની પાંદડાં ખાવાની પદ્ધતિ એટલી બધી ખૂબ ભરેલી છે કે તેમાં કાંટા હોય તો પણ મોંઢામાં કે પેટમાં ક્યારેય કાંટાને કારણે ઈજા થતી નથી.

(સમસ્ત મહાજન ફીચર્સમાંથી ટૂંકાવીને) -અપૂર્વ આશર

## મૂળાના લાભ

મૂળો પોતે પચવામાં ભારે હોવા છતાં તેના ખાસ ગુણોને કારણે તે અન્ય ભોજનને સરળતાથી પચાવી દે છે. જો ભોજન પછી ૧૦ ગ્રામ જેટલા ગોળનું સેવન કરવામાં આવે તો મૂળો સરળતાથી પચી જાય છે. આ સિવાય મૂળાના બીજા લાભ આ પ્રમાણે છે. : ૧. ઘીમાં શેકીને તૈયાર કરાયેલાં મૂળાનું સેવન કરવાથી વાત-પિત્ત અને કફનો નાશ થાય છે. આ સિવાય ઘી, તેલ અથવા તો ગોળમાં મૂળાનાં બી ભૂંજીને તેનું સેવન કરવાથી પણ લાભ થાય છે. ૨. યકૃતના દર્દીઓ જો પોતાના દૈનિક ભોજનમાં મૂળાનો સમાવેશ કરે તો તેમને લાંબા ગાળે ફાયદો થાય છે. ૩. પેટના વિકારોમાં પણ મૂળાનું સેવન ફાયદાકારક છે. ૪. માથાના દુઃખાવામાં મૂળાના રસમાં ચંદન સાથે કેસર

લગાવવાથી દુખાવામાં ફેર પડે છે. ૫. ગળાના સોજામાં મૂળાના પાણીમાં ૧૦ ગ્રામ જેટલું મીઠું નાખીને આ દ્રાવણ ગરમ કરીને તેના કોગળા કરવાથી સોજામાં રાહત મળે છે.

*

## કિડની અને પોટેશ્યમ

વિકાસ અને ઉત્ક્રાંતિ મોટા ગુરુ છે. છતાં ખોરાકની બાબતમાં આપણે આપણા પૂર્વજોને અનુસરવું જોઈએ. તેઓ પોતાના ખોરાકમાં ઓછા મળતા તત્ત્વ એવા સોડિયમનો સમાવેશ કરતા હતા અને ફળો-શાકભાજીમાંથી પૂરતા પ્રમાણમાં પોટેશ્યમ મળી રહે તેનું વિશેષ ધ્યાન રાખતા હતા. જો કે વધારાનું પોટેશ્યમ મળ દ્વારા બહાર નીકળી જાય છે.

પરંતુ આજના પશ્ચિમી વાયરામાં લોકો ફાસ્ટ ફુડના રવાડે ચઢી ગયા છે. જે સોડિયમથી ભરપૂર હોય છે અને પોટેશ્યમના અભાવવાળું હોય છે. 'નેશનલ ઍકેડેમી ઑફ સાયન્સીઝ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિસીન'ની મોજણી અનુસાર આધુનિક ખોરાક શરીરમાં ઍસિડ જ પેદા કરે છે. વળી, પ્રાણીઓના માંસવાળો ખોરાક શરીરમાં રહ્યાસહ્યા ખનિજતત્ત્વોને પણ ઘટાડે છે. રાષ્ટ્રિય સર્વેક્ષણ મુજબ પુરુષોએ ખોરાક દ્વારા લેવું જોઈએ તેના કરતાં ૨/૩ ભાગનું જ પોટેશિયમ પોતાના આહારમાં લે છે તો વળી સ્ત્રીઓની સ્થિતિ બદતર છે. સરેરાશ સ્ત્રીમાં આનું પ્રમાણ ખૂબ નીચું-૪૭૦૦ મિલિલિટરના અર્ધા જેટલું જ છે. વૈજ્ઞાનિક સંસ્થાઓના મતે અગાઉના લોકો ફળો અને શાકભાજીવાળા ખોરાક કોઈ મરીમસાલા વિના લેતાં હતાં અને તેથી જ તેમના શરીરને જરૂરી પોટેશ્યમ મળી રહેતું હતું અને કિડની દ્વારા વધારાના પોટેશ્યમનું ઉત્સર્ગ થઈ જતું હતું.

સામાન્ય રીતે તંદુરસ્ત કિડનીઓ વધારાના પોટેશ્યમનો સંગ્રહ કરી શકતી નથી. આથી જ્યારે ખોરાકમાં પોટેશ્યમનું પ્રમાણ ઘણું ઓછું હોય ત્યારે કિડનીની બીમારીઓ થવાની સંભાવના વધી જાય છે. પોટેશ્યમ અને સોડિયમ ક્લોરાઈડ સાથે મળી મજ્જાતંતુની અંદરની ત્વચામાં મજ્જાનું વહન કરે છે.

નિષ્ણાત ડૉક્ટરોને પણ ઘણી વાર પોટેશ્યમનું પ્રમાણ ઘટી જાય તો ખબર પડતી નથી. પરિણામે લોહીનું ઊંચું દબાણ, હૃદયરોગના હુમલા, કિડનીમાં પથરીઅને હાડકાંમા ખનિજ તત્ત્વોની ઊણપ જેવી બીમારીઓ થઈ શકે છે. ભોજનમાં ઓછું પોટેશ્યમ લેવાથી 'હાઈપરટેન્શન' થવાની સંભાવના છે. ઘણીવાર લોહીમાં ખનિજ તત્ત્વો પૂરતા પ્રમાણમાં હોવા છતાં માત્ર પોટેશ્યમની ઊણપના કારણે ઉપર દર્શાવેલ ગંભીર બીમારીઓ થઈ શકે છે.

પોટેશ્યમના પ્રમાણમાં આછોપાતળો ફેરફાર થાય તો પણ તેની અસર મજ્જાતંતુના વહન, સ્નાયુઓના સંકોચન અને રક્તવાહિનીઓના સ્વાસ્થ્ય પર પડે છે. નવાઈની વાત એ છે કે પોટેશ્યમની ઉણપ લોકોને સ્પષ્ટ અનુભવાતી નથી. તેઓને થોડો થાક કે નબળાઈ અનુભવાય છે અને તેમનો સ્વભાવ ચિડીયો થઈ જાય છે પણ કોઈ સ્પષ્ટ લક્ષણ વરતાતું નથી.

આથી વધુ ઍસિડ બને છે જે શરીરમાંના હાડકાંમા ઉપયોગી કેલ્શિયમમાં બેહદ ઘટાડો કરે છે. આહારમાં ફળો અને પોટેશિયમના પ્રમાણને હાડકાંના ખનિજપ્રમાણ સાથે સીધો સંબંધ છે. પોટેશિયમના પ્રમાણમાં જેટલું વધારે પ્રોટીન લેવાય તે પ્રમાણે નિતંબ અને કરોડરજ્જુના હાડકાંનું જોખમ વધારે !

('સંદેશ'માંથી સાભાર)

*

## અખરોટ

સંસ્કૃતમાં અક્ષેર, મરાઠીમાં અડરોડ, હિન્દીમાં અખરોટ, બંગાળીમાં આખરોટ, તેલુગુમાં ઉવ્વકાઈ, અંગ્રેજીમાં વાલનટ, લેટિનમાં એલ્યુરાઈટી ટાયલોબા થી ઓળખવામાં આવે છે.

અખરોટના ઝાડ હિમાલયની આસપાસ, ચીન, ઈરાન વગેરે દેશોમાં થાય છે. ઉત્તર ભારતમાં બહોળા પ્રમાણમાં વાવેતર કરવામાં આવે છે. ઝાડ ઉપર ફળો આવતા લગભગ ૩૦ વર્ષ લાગે છે. પાકેલા ફળો જમરૂખ જેવા હોય છે. ફળો કાંચાં અને કઠણ હોય છે. ત્યારે ત્યાંના લોકો તેને મીઠામાં આથે છે. ફળોમાંથી તેલ ખાવાનાં ઉપયોગમાં લેવામાં આવે છે.

અખરોટ મયુર, સ્નિગ્ધ, શીતળ, ધાતુ વૃધિકર, ઉષ્ણ, રૂચિપ્રદ, બલકર છે. અખરોટ વાત, પિત્ત, ક્ષય, વાયુ, રક્તદોષ અને દારનો નાશ કરે છે. અખરોટનો ઉપયોગ ઔષધોમાં થાય છે. એ એક મેવો છે. તેનો ઉપયોગ વિવિધ રોગો માટે થાય છે. *('વિજ્ઞાન જાગૃતિ'માંથી સાભાર)*

### કિરણદેવી સરાફ કાવ્ય-સ્પર્ધા

'કિરણદેવી સરાફ ટ્રસ્ટ' અને 'આનંદોત્સવ'ના ઉપક્રમે યોજનારા એક કાર્યક્રમ અંતર્ગત 'ઋતુઓ, પુષ્પો અને પંખીઓ' વિષય ઉપર એક કાવ્ય-સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ પારિતોષિકો 'શ્રી મહાવીરપ્રસાદ ધ. સરાફ' દ્વારા અનુક્રમે રૂ. ૧,૫૦૧, રૂ. ૧,૦૦૧ અને રૂ. ૫૦૧ રાખવામાં આવેલ છે. સ્પર્ધકોએ માત્ર એક કવિતાની બે નકલ નીચેના સરનામે ૩૦મી નવેમ્બર પહેલાં મોકલવાની રહેશે. ગીત, અછાંદસ, ગઝલ, સોનેટ કોઈ પણ સ્વરૂપે ચાલશે.

*સંપર્ક : આનંદોત્સવ C/o ડૉ. યશવંત ત્રિવેદી, ૩૦૧ લિબર્ટી એપાર્ટમેન્ટ્સ, સરોજિની રોડ, વિલે પાર્લે (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૬ ફોન નં. ૨૬૧૨૩૪૪૩*

સમજી જાજે સાનમાં, મન બાંધી લેજે તોલ,
હોય ઈશારા હેતના, એના ના કંઈ વગડે ઢોલ !

બાલમુકુન્દ દવે

ગાંધીજીના પિતા દીવાન એટલે ઘરે ઘોડાગાડી હતી. એક દિવસ તરુણ મોહન શાળાએ જવાની ઉતાવળ કરતો હતો ત્યારે ભાભીએ કહ્યું, 'મોના, ગરમ ગરમ રોટલી ખાઈને જા. 'મોહનદાસ કહે 'મારે મોડું થાય છે.' ભાભી કહે, 'ગાડી મૂકી જશે.' મોહનદાસે પોતાના બે પગ દેખાડતા કહ્યું, 'ભગવાને આ ગુડા-ગાડી આપી છે. હું જલદીથી પહોંચી જઈશ.'

*


સાશ્યા નામનો જર્મન પોતાના વાળની લટોથી ૧૪૦ રતલનું પીપ અને ૧૭૬ રતલ રેતી ભરેલા બે થેલા ઉપાડી શકતો હતો.

*

ફ્રાંસના રાજા ચૌદમાં લૂઈએ એક માણસની છીંક ખાવાની અદા પર ફિદા થઈને 'સરદાર'નો ઈલ્કાબ આપ્યો હતો.

*

દાહોદ જિલ્લાના એક અભયારણ્યમાં પહેલી વાર ઊડતી ગરોળી જોવા મળી, જેની લંબાઈ ૨૫ ઈંચ અને જાડાઈ ૧૫ ઈંચ છે. આ દુલર્ભ ગરોળીને




इह तुरगशतैः प्रयान्तु मूढा धनरहितास्तु बुधाः प्रयान्तु पद्भ्याम् ।
गिरिशिखरगतापि काकपंक्तिः पुलिनगतैर्न समत्वमेति हंसैः ॥

આ જગતમાં મૂરખાઓ સેંકડો ઘોડાઓ પર બેસીને ભલે જાય અને ધન વગરના ડાહ્યા માણસો ભલે પગે ચાલે. પર્વતની ટોચ પર બેઠેલી કાગડાઓની હાર, રેતાળ કાંઠે બેસતા હંસોની સાથે કદી તુલના ના પામી શકે.

સંરક્ષિત રાખવા અને વિશેષજ્ઞો તેનો અભ્યાસ કરી શકે તે માટે વનઅધિકારીઓ પ્રયત્નશીલ છે.

*

ડુંગળીનો રસ કાઢી તેનાં ત્રણ-ચાર ટીપાં નાકમાં નાખવાથી હેડકી શાંત થઈ શકે છે.

*

ગૂમડા ઉપર માખણ લગાડી રૂનો પાટો બાંધી રાખવાથી ગૂમડું ફૂટી જાય છે.

*

ફૂદીનાનો રસ અને આદુનો રસ કે ઉકાળો પીવાથી રોજ આવતા તાવમાં રાહત થાય છે.

*

મધ્ય અમેરિકાનું ૧૬મી સદીમાં નાશ પામેલું, જૂના શહેર માયાનું ઉત્ખન્ન કરતાં એવા અવશેષો મળ્યા કે ત્યાં ૧૪૫ મી.ની ઊંચાઈ ઉપર મહેલો અને અંતરિક્ષ વેધશાળાઓ હતી.

*

કાટ લાગેલા ચપ્પુ-છરી-કાતર પર કાંદાનો રસ લગાડવાથી કાટ દૂર થઈ જશે.

*

વાંદા વધુ હોય તેવી જગાએ કળીચૂનો રાખવાથી વાંદાઓ નાસી જાય છે.

*



ભાઈ, તને ભીક્ષામાં આપવા માટે મારી પાસે વચનો સિવાય બીજું કંઈ નથી?

શિક્ષક : મારા વર્ગમાં તારાથી સૂઈ નહિ શકાય ?

વિદ્યાર્થી : આટલું મોટેથી બોલો તો પછી કેવી રીતે સૂઈ શકાય ?

*

તબીબશાસ્ત્રની શરૂઆત થઈ તે પહેલાં યુરોપના ડૉક્ટરો રોગનું નિદાન નાકની તપાસ કરીને કરતા હતા.

*કલાકણિકા* : બ્રિટિશ મ્યૂઝીઅમમાં સચવાયેલો ચાંદીનો ઢોળ ચડાવેલી માંસદાની.

